# ĀYABINDU

MAKĪRTI

rmottara's Commentary )

Series No. 112

al Editors :
. C. Bhayani
. S. Betai

Translation, Notes and Introduction by
**Nitin R. Desai**
*Head of the Sanskrit Dept.*
Shree H. K. Arts College, Ahmedabad

**L. D. INSTITUTE OF INDOLOGY,**
**AHMEDABAD-380 009**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# YAYABINDU

## HARMAKĪRTI

Dharmottara's Commentary )

. Series No. 112

eral Editors :
H. C Bhayani
R. S. Betai

Translation, Notes and Introduction by,
**Nitin R. Desai**
*Head of the Sanskrit Dept.* :
Shree H. K Arts College, Ahmedabad

**L. D. INSTITUTE OF INDOLOGY,**
**AHMEDABAD-380 009**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*Published by* :
**Dr. R. S. Betai**
Hon. Prof.
and
Director-in-Charge :
L D. Institute of Indology,
Ahmedabad-380 009

**FIRST EDITION**
**June, 1991**

PRICE : RUPEES

Published with the financial assistance of the Gujarat Sāhitya Academy, Government of Gujarat, Gandhinagar

*Printed by*
**Tripura Type Setting**
27, Advani Market,
Outside Delhi Darvaja,
Ahmedabad-380 004

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મકીર્તિપ્રણીત

# ન્યાયબિન્દુ

[ધર્મોત્તરની ટીકા સાથે]

અનુવાદ, ટિપ્પણ, સમાલોચના :

**નીતીન ર. દેસાઈ**

અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ,
શ્રી. હ. કા. આર્ટ્સ કોલેજ, અમદાવાદ

પ્રકાશક :

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ–૩૮૦૦૦૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંપાદકીય

ઘણાં વર્ષો પૂર્વે આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ છપાવવાનો સંકલ્પ કર્યો હતો. કેટલાંક અનિવાર્ય કારણોસર આ કામ વચ્ચે બંધ પડી ગયું હતું. હવે આ અતિ મહત્ત્વપૂર્ણ ગ્રંથનો અનુવાદ પ્રગટ થાય છે તેથી આનંદ થાય છે.

ધર્મકીર્તિના આ અનુપમ ગ્રંથ અને તેના પરની ધર્મોત્તરની ટીકાનો સમન્વિત અનુવાદ આવશ્યક ટિપ્પણો અને સમાલોચના સાથે ભારે શ્રમપૂર્વક તૈયાર કરીને પ્રો. નીતીનભાઈ દેસાઈએ અત્રે પ્રસ્તુત કર્યો છે, અને તે છપાય તે દરમ્યાન તેનાં મૂફ જોવાની ખૂબ કાળજી લઈને પ્રેસને સતત માર્ગદર્શન આપ્યું છે તે બદલ સંસ્થા તેમની આભારી છે.

આ અત્યંત મૂલ્યવાન્ ગ્રંથ પ્રથમ વખત ગુજરાતીમાં પ્રગટ થાય છે તે પણ આનંદનો વિષય છે.

સંપાદકો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુવાદકની વીતક

જિજીવિષાનાં ઉચ્ચતર સ્વરૂપોમાં જીવનશોધનની ઇચ્છા પણ એક પ્રબળ વૃત્તિ તરીકે ઉદય પામે છે. એના ભાગરૂપે જ જીવન-પારગામી સત્પુરુષોના અનુભવો વિષે તીવ્ર જિજ્ઞાસા જાગે છે. તે ક્રમે જ તેવા પુરુષોનાં અનુભવબિંદુના સંચયરૂપ શાસ્ત્રગ્રંથો / કાવ્યગ્રંથો પણ ઉપાદેય બને છે. પોતાના પરિપ્રશ્નોને લઈને તેવા ગ્રંથોનું અનુસંધાન અને અનુશીલન તૃપ્તિદાયક બની રહે. તેમાંથી જ 'અનુ-વાદ' અર્થાત્ અન્ય જિજ્ઞાસુ માટે તે ગ્રંથના વસ્તુનું તેની ભાષામાં સુગમ પુનઃકથન સુભગ કર્તવ્યરૂપ બની રહે છે. એવો જ આ એક પ્રયાસ છે.

'ન્યાયબિંદુ'ના અનુવાદનો પ્રસ્તાવ તો લા. દ. વિદ્યામંદિર તરફથી મારા પરના તા. ૧૦-૪-'૭૬ના પત્રથી પ્રારંભિક રૂપે અને તા. ૭-૪-'૭૭ના પત્રથી સુનિશ્ચિતરૂપે કરાયેલો. '૭૮ સુધીમાં આટોપવાનું કામ શરીર-મનની મર્યાદા, પ્રવાહપ્રાપ્ત કાર્યોને આપેલું પ્રાધાન્ય અને કંઈક અંશે અનુશીલનની મથામણને લીધે આટલું લંબાયું – અનુવાદ, ટિપ્પણ, સમાલોચના એવા ત્રણ તબક્કે પૂરું થયું. આ વિલંબ બદલ સંસ્થાની ક્ષમા પ્રાર્થીને ગુણગ્રાહી વાચકની અનુમોદના વાંછું છું. આ ગાળા દરમિયાન ગ્રંથના હાર્દને કંઇક અંશે પામી શક્યો છું. શરીર-મન-પ્રજ્ઞા પરનાં જાળાં વધુ તેજ ગતિએ સાફ થાય તેવું ઝંખીને આનાથી અધિક ગુણવત્તાવાળા સ્વાધ્યાયો વડે ઋષિઋણ ફેડી શકું તેવું પરમ શક્તિને પ્રાર્થું છું.

આ વિષયની પરિપક્વ જિજ્ઞાસાવાળા વાચકને મારી ભલામણ છે કે મેં જેમ આ સ્વાધ્યાય અનુવાદ, ટિપ્પણ અને સમાલોચના – એ ક્રમે કર્યો છે તે જ ક્રમે અર્થાત્ વિશેષમાંથી સામાન્યના ક્રમે જ આ ગ્રંથનો ઉપયોગ કરવો ; ભલે છપાઈનો ક્રમ – ગતાનુગતિકતાથી – જુદો હોય.

સંસ્કૃત જાણનાર માટે, અનુવાદમાં ઉમેરેલા મહત્ત્વના શબ્દો કાટખૂણિયા કૌંસમાં આપ્યા છે. સંસ્કૃત ન સમજી શકનાર તે કૌંસની નિશાનીઓને અવગણી શકે છે. ગોળ કૌંસનો ઉપયોગ જરૂરી સમજૂતી માટે કરેલો છે. અનુવાદને બને તેટલો સ્વતંત્ર લખાણ જેવો સ્વાભાવિક બનાવવા કોશિશ કરી છે.

**વાચકને ખાસ ભલામણ છે કે ગ્રંથનો ઉપયોગ કરતાં પહેલાં જ શુદ્ધિવૃદ્ધિપત્રક પ્રમાણે જરૂરી સુધારણા કરી લેવી.**

આ અધ્યયનની ભૂમિકારૂપે હજી આને લગતા અન્ય મૂળ સંસ્કૃત ગ્રંથોનું અધ્યયન કરી શક્યો નથી. એથી આ ગ્રંથની જ સમજમાં વધુ ઊંડાણ સાધવા બાબત વિશેષ ધ્યાન આપ્યું છે. આમાં ગ્રંથકાર-ટીકાકાર બંનેએ જ્ઞાનપ્રક્રિયા-સંબંધી વિવિધ વાસ્તવિક સમસ્યાઓની માંડણી કરીને તેના સમાધાનની જે કોશિશ કરી છે તે મૌલિક અને રસપ્રદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન્યાયશાસ્ત્રના આવા મૌલિક ગ્રંથો કોઈ પણ વિષયનું યથાર્થ જ્ઞાન – વ્યવહારુ કે શાસ્ત્રીય – પામવા માટે જ્ઞાનનાં સાધનોની નિર્મળતા કેટલી બધી જરૂરી છે તે વાત પર સરસ ભાર મૂકી આપે છે. માનવ–ઇતિહાસ બતાવે છે કે હજી અનેક પ્રકારનાં પૂર્વગ્રહો અને મમતાઓ છોડીને એકંદરે વસ્તુલક્ષી અને સાચા અર્થમાં 'પ્રામાણિક' બનવાનું માણસ માટે બાકી જ છે. જ્ઞાનેંદ્રિયોને પૂરેપૂરી ચીવટથી વાપરતો રહેનાર મનુષ્ય જ સર્વ કલ્યાણનો યોગ સાધી શકે છે.

પ્રાચીન ભારતીય શીલ અને પ્રજ્ઞાના દસ્તાવેજી પુરાવારૂપ અનેક પ્રાચીન ગ્રંથોનાં દેશી ભાષામાં સરસ અનુવાદો, અવતરણોના પુરુષાર્થમાં હજી સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદનાં આટલાં વર્ષોમાં આપણે ઠીકઠીક પાછળ છીએ. એ માટે જવાબદાર એવા પૂર્વગ્રહો અને પ્રમાદ છોડી આ દિશાના સઘન પુરુષાર્થમાં નિરંતર પ્રવર્તવાની જરૂર છે. પૂ. ગાંધીજીએ 'ગૂજરાત વિદ્યાપીઠ'માં પુરાતત્ત્વ-મંદિર સ્થાપીને સ્વાતંત્ર્યની લડતના પ્રતિકૂળ સમયમાં પણ સ્વતંત્ર ભારતના એક મહત્ત્વના પુરુષાર્થની દિશા ચીંધી હતી. જગત્ સમક્ષ જે સાહિત્યના અનુવાદો, સ્વાધ્યાયો દોઢ–બે સદીથી મુકાતા આવ્યા છે તે સાહિત્યને સ્વદેશી પ્રજા સવિશેષ સમજી શકે તેમ છે તે દૃષ્ટિએ પણ આધુનિક ભારતીય ભાષાઓમાં વ્યાપક કામ જરૂરી છે.

આ આખા અધ્યયનનો ખૂણેખૂણો ઉલટપૂર્વક જોઈ જઈને રચનાત્મક સૂચનો, ટીકાઓ કરનાર લા. દ. વિદ્યામંદિરના નિવૃત્ત પ્રથમ નિયામક પૂ. પં. દલસુખભાઈ માલવણિયાનો સવિશેષ ઋણી છે.

અગાઉ નિર્દેશ્યા મુજબ આ કામ કરવાની મને તક આપનાર અને મારા વિલંબને નિભાવનાર લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના તંત્રવાહકોનો પણ આભારી છું.

આ ગ્રંથની સમાલોચના માટે અત્યંત ઉપયોગી એવા ડો. અમર સિંધના એક પુસ્તક તરફ ધ્યાન દોરવા બદલ અને મારા કાર્યમાં ઊંડો રસ દાખવવા બદલ ડો. લક્ષ્મેશ જોષીનો પણ આભારી છું.

મને ભારતીય દર્શનોના દ્વારરૂપ ન્યાયશાસ્ત્રમાં પ્રવેશવા પ્રેરનાર અને મારા ઘડતરમાં અનેક રીતે જવાબદાર એવા સદ્ગત પૂ. પં. સુખલાલજીનું પુણ્યસ્મરણ કરું છું. મને 'ન્યાયબિંદુ'નું ઊલટભર્યું અધ્યાપન કરનાર ડો. એસ્તેર સોલોમનનો પણ ઋણી છું. મારા વિદ્યાનુરાગી પિતા સ્વ. રતિલાલ દીપચંદ દેસાઈ (જેઓ વિદ્યામંદિરના પણ અનન્ય શુભેચ્છક હતા) મારા આ પ્રથમ જાહેર વિદ્યાયત્નથી પ્રસન્નતા અનુભવશે તેમ માની મારા આ ગ્રંથપુષ્પને તેમના ચરણમાં અર્પણ કરું છું.

આ ગ્રંથ તૈયાર કરવામાં જે જે ગ્રંથોનો ખાસ ઉપયોગ કર્યો છે તેની યાદી અન્યત્ર પ્રસ્તુત કરી છે. તે સૌ ગ્રંથકારો પ્રત્યેના ઋણનો સ્વીકાર કરું છું.

મારાં પત્ની ઉષાએ એક સામાન્ય વાચકની હેસિયતથી આ ગ્રંથની સમાલોચનાનો ખરડો પૂરેપૂરો એક બેઠકે વાંચ્યો એ ઘટના મને મહત્ત્વની લાગી છે, અને સામાન્યમાં સામાન્ય વાચક માટે આપણે વિવિધ કક્ષાના પ્રાચીન ગ્રંથોનું દોહન કરીએ તે જરૂરી છે તે વાત પુષ્ટ થતી લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ગ્રંથના પાંચેક મુદ્રકો પૈકી મોટા ભાગનું છાપકામ કરી આપનાર યુવાન મુદ્રક, ' ત્રિપુરા ' પ્રેસના રાહબર શ્રી કનુભાઇ પટેલનો તથા તેમના નાનામોટા સાથીઓનો આભાર ન માનું તો નગુણો ઠરું. તેમના વિનયભર્યા ધૈર્યને વંદું છું.

હું આ અધ્યયનમાં થોડેક સુધી પહોંચ્યો છું. તે દિશામાં હું વધુ તેજસ્વી યત્ન કરી શકું તેવાં સૂચનો, ક્ષતિદર્શનો, સામગ્રીનિર્દેશ ઇત્યાદિ માટે સુજ્ઞ વાચકોને વિનંતી કરું છું અને પરમ શક્તિને પ્રાર્થું છું :

"ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ, દૂર નજર છો ન જાય."


મહાવીર-જયંતી (સં. ૨૦૪૭)
તા. ૨૮-૩-'૯૧
૬, અમૂલ કો. હા. સો., શારદા સો. પાસે, પાલડી, અમદાવાદ- ૩૮૦૦૦૭

**નીતીન ર. દેસાઈ**
(અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ, શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ)


---

## વિષયાનુક્રમ : પૂર્તિ


સૂચિ પૃ૦ ૨૬૫
શુદ્ધિવૃદ્ધિપત્રક પૃ૦ ૨૭૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિષયનુક્રમ


| વિષય | પૃ૦ |
|---|---|
| **નિઃશબ્દ સમ્યગ્‌-દૃષ્ટિ** | ૧૯-૩૯ |
| (ગ્રંથની સમાલોચના) | |
| ૧. સર્વવિદ્યાપ્રદીપ આન્વીક્ષિકી | ૧૯ |
| ૨. ધર્મપંથો અને પ્રમાણવિચાર | ૨૦ |
| ૩. બૌદ્ધ ન્યાય | ૨૦ |
| ૪. ધર્મકીર્તિ | ૨૨ |
| ૫. ધર્મોત્તર | ૨૨ |
| ૬. ન્યાયબિંદુ : વિષયસમીક્ષા | (૨૩-૩૯) |
| (૧) ભૂમિકા | ૨૩ |
| (૨) શીર્ષક | ૨૪ |
| (૩) ગ્રંથકલેવર | ૨૪ |
| (૪) મનનીય બિંદુઓ (ટિપ્પણમાં નહિ સ્પર્શાયેલાં) : | (૨૫-૩૬) |
| – સમ્યગ્જ્ઞાનની પુરુષાર્થસિદ્ધિ માટે અનિવાર્યતા | ૨૫ |
| – પ્રત્યક્ષની નિર્વિકલ્પકતા | ૨૫ |
| – ઇન્દ્રિયાશ્રિત જ્ઞાન | ૨૬ |
| – સ્વસંવેદન-પ્રત્યક્ષ | ૨૬ |
| – સુખાદિની જ્ઞાનરૂપતા | ૨૬ |
| – યોગિપ્રત્યક્ષ | ૨૭ |
| – પરમાર્થસત્‌ સ્વલક્ષણ | ૨૮ |
| – કલ્પનાશ્રિત સામાન્ય | ૨૯ |
| – પ્રમાણ અને ફળનો અભેદ | ૩૦ |
| – શબ્દનું સ્વતંત્ર પ્રામાણ્ય નહિ | ૩૧ |
| – અનુમાનની મર્યાદા, છતાં ઉપાદેયતા | ૩૨ |
| – સાધ્યપ્રતિબંધસ્થાપક સંબંધો દ્વિવિધ જ અને લિંગો ત્રિવિધ જ | ૩૨ |
| – અભાવવ્યવહારયોગ્યતાની અનુમેયતા | ૩૩ |
| – પ્રતિપાદનયોગ્ય પ્રમેયો (પક્ષો) | ૩૪ |
| – 'વિરુદ્ધાવ્યભિચારી' હેત્વાભાસની પ્રમાણ-બાધતા | ૩૪ |
| – દૃષ્ટાન્તનો પરાર્થાનુમાનના સ્વતંત્ર અવયવ તરીકે અસ્વીકાર | ૩૫ |
| – દૂષિત અનુમાનોનાં લાક્ષણિક દૃષ્ટાંતો | ૩૫ |
| (૫) ધર્મકીર્તિને અભિમત બૌદ્ધ દાર્શનિક શાખા | ૩૬ |
| (૬) ધર્મોત્તરની ટીકાની લાક્ષણિકતાઓ | ૩૮ |
| (૭) ઉપસંહાર | ૩૮ |
| **સંદર્ભગ્રંથસૂચિ** | ૩૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ન્યાયબિંદુ (ધર્મોત્તરની ટીકા સાથે)

(પૃ૦ ૧થી ૨૦૦)


| વિષય | પૃ૦ |
|---|---|
| **પ્રથમ પરિચ્છેદ : પ્રત્યક્ષ** | **૧–૩૭** |
| ૧. ટીકાનું મંગલાચરણ | ૧ |
| ૨. ગ્રંથના વિષયવસ્તુનું પ્રયોજન | ૧–૨ |
| ૩. ગ્રંથનાં અભિધેય, પ્રયોજન, સંબંધ | ૨–૩ |
| ૪. ગ્રંથગત વિષયપ્રયોજનાદિના પૂર્વકથનની ઉપકારકતા | ૩–૪ |
| ૫. સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ | ૫ |
| ૬. અર્થાધિગમ જ પ્રમાણફળ | ૫ |
| ૭. પ્રત્યક્ષ-અનુમાનનો વ્યાપારભેદ | ૬ |
| ૮. અપ્રમાણરૂપ જ્ઞાનપ્રકારો | ૬ |
| ૯. સમ્યગ્જ્ઞાનની ઉપાદેયતા | ૭ |
| ૧૦. પ્રદર્શિત અને પ્રાપણીય અર્થની એકરૂપતા | ૭ |
| ૧૧. સમ્યગ્જ્ઞાન : પુરુષાર્થનું અવ્યવહિત કારણ | ૮ |
| ૧૨. સમ્યગ્જ્ઞાનના બે વિષયો : અર્થક્રિયા અને અર્થક્રિયાકારી વસ્તુ | ૮–૯ |
| ૧૩ પુરુષાર્થસિદ્ધિના પ્રભેદો | ૯ |
| ૧૪. પુરુષાર્થસિદ્ધિ માટે સમ્યગ્જ્ઞાનની અનિવાર્યતા | ૧૦–૧૧ |
| ૧૫. દ્વિવિધ સમ્યગ્જ્ઞાન | ૧૧–૧૨ |
| ૧૬. 'પ્રત્યક્ષ' શબ્દનો અર્થ | ૧૨–૧૩ |
| ૧૭. 'અનુમાન' શબ્દનો અર્થ | ૧૩ |
| ૧૮. 'પ્રત્યક્ષ'નું તાત્ત્વિક સ્વરૂપ | ૧૪–૧૫ |
| ૧૯. પ્રત્યક્ષલક્ષણમાં 'અભ્રાન્ત' પદની આવશ્યકતા | ૧૫ |
| ૨૦. 'અભ્રાન્ત' પદનો સાચો અર્થ | ૧૬ |
| ૨૧. 'કલ્પના'નું સ્વરૂપ | ૧૬–૧૭ |
| ૨૨. 'અભિલાપસંસર્ગયોગ્યતા'ની કસોટી | ૧૭-૧૮ |
| ૨૩. વાચ્ય કે વાચક એવા શબ્દનું પણ નિર્વિકલ્પત્વ શક્ય | ૧૯–૨૦ |
| ૨૪. યોગિજ્ઞાનની નિર્વિકલ્પકતા | ૨૦ |
| ૨૫. ઇન્દ્રિયવ્યાપારને વિકૃત કરતાં વિવિધ વિભ્રમકારણો | ૨૧ |
| ૨૬. પ્રત્યક્ષનું ચતુર્વિધત્વ | ૨૨ |
| ૨૭. ઇન્દ્રિયાશ્રિત પ્રત્યક્ષ | ૨૨ |
| ૨૮. મનોવિજ્ઞાન (= માનસપ્રત્યક્ષ) | ૨૨–૨૩ |
| ૨૯. 'સમનન્તરપ્રત્યય' | ૨૩ |
| ૩૦. મનોવિજ્ઞાન અંગે મીમાંસકકથિત વાંધાઓનું નિરસન | ૨૪ |
| ૩૧. મનોવિજ્ઞાનની પ્રવૃત્તિ ઇન્દ્રિયવ્યાપાર બાદ | ૨૪ |
| ૩૨. 'મનોવિજ્ઞાન'ના કલ્પનનો આધાર | ૨૫ |
| ૩૩. આત્મસંવેદન (=સ્વસંવેદન) રૂપ પ્રત્યક્ષ | ૨૫ |
| ૩૪. સુખદુઃખાદિનું પદાર્થધર્મત્વ સ્વીકારતા મતનું ખંડન | ૨૫–૨૬ |
| ૩૫. યોગિજ્ઞાનરૂપ પ્રત્યક્ષ | ૨૬–૨૭ |
| ૩૬. યોગિજ્ઞાનની નિર્વિકલ્પકતા | ૨૭–૨૮ |
| ૩૭. પ્રત્યક્ષના વિષયનું સ્વરૂપ | ૨૮ |
| ૩૮. પ્રત્યક્ષના 'ગ્રાહ્ય' અને 'પ્રાપણીય' વિષયની દૃષ્ટિએ પ્રત્યક્ષ–અનુમાનનો સ્વરૂપભેદ | ૨૮–૨૯ |
| ૩૯. 'સ્વલક્ષણ'નું સ્વરૂપ | ૨૯–૩૦ |
| ૪૦. અર્થક્રિયાસમર્થ જ પરમાર્થસત્ | ૩૦–૩૧ |
| ૪૧. અન્ય જ્ઞાનવિષય તે સામાન્યલક્ષણ | ૩૧–૩૨ |

| વિષય | પૃ૦ |
|---|---|
| ૪૨. અનુમાનનો વિષય સામાન્ય-લક્ષણ | ૩૨ |
| ૪૩. પ્રમાણ અને ફલની અભિન્નતા | ૩૩–૩૫ |
| ૪૪. પ્રમાણ અને તેના ફલ વચ્ચે વ્યવસ્થાપ્ય-વ્યવસ્થાપકભાવ | ૩૫–૩૭ |
| ૪૫. અધ્યવસાય પ્રત્યક્ષ-પ્રમાણથી બાહ્ય | ૩૭ |

**દ્વિતીય પરિચ્છેદ : સ્વાર્થાનુમાન ૩૮–૮૬**

| વિષય | પૃ૦ |
|---|---|
| ૪૬. અનુમાનની દ્વિવિધતા | ૩૮ |
| ૪૭. 'સ્વાર્થાનુમાન'નું સ્વરૂપ | ૩૯ |
| ૪૮. અનુમાનની પ્રમાણ–ફલ–વ્યવસ્થા | ૩૯–૪૦ |
| ૪૯. લિંગનું ત્રૈરૂપ્ય | ૪૦ |
| ૫૦. ત્રૈરૂપ્યકથનમાંથી ફલિત થતું હેત્વાભાસ–સ્વરૂપ | ૪૧–૪૩ |
| ૫૧. નિયમયુક્ત અન્વય–વ્યતિરેકની એકરૂપતા | ૪૩–૪૪ |
| ૫૨. 'અનુમેય' શબ્દનો સંદર્ભભેદે અર્થભેદ | ૪૪ |
| ૫૩. 'સપક્ષ'નું લક્ષણ | ૪૪–૪૫ |
| ૫૪. 'અસપક્ષ'નું લક્ષણ | ૪૫–૪૬ |
| ૫૫. ત્રિરૂપલિંગના પ્રકારો | ૪૬ |
| ૫૬. અનુપલબ્ધિ–લિંગનું ઉદાહરણ | ૪૭–૪૮ |
| ૫૭. અનુપલબ્ધિનિશ્ચય માટે પદાર્થાન્તરજ્ઞાનની આવશ્યકતા | ૪૮–૪૯ |
| ૫૮. 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તિ' એટલે ? | ૪૯–૫૧ |
| ૫૯. સ્વભાવહેતુ | ૫૧–૫૨ |
| ૬૦. કાર્યહેતુ | ૫૨–૫૩ |
| ૬૧. હેતુના ત્રણ પ્રકાર સાધ્યભેદને આધારે | ૫૩–૫૪ |
| ૬૨. હેતુત્વ માટે સાધ્ય પ્રત્યે સ્વભાવપ્રતિબંધની આવશ્યકતા | ૫૪–૫૬ |
| ૬૩. તાદાત્મ્ય કે તદુત્પત્તિથી જ સ્વભાવ-પ્રતિબંધ | ૫૬–૫૮ |
| ૬૪. સ્વભાવપ્રતિબંધની શક્યતાવાળાં લિંગ ત્રિવિધ જ | ૫૯ |
| ૬૫. અનુપલબ્ધિલક્ષણપ્રાપ્તની અનુપલબ્ધિ અભાવની અનિશ્ચાયક | ૬૦–૬૧ |
| ૬૬. ભૂત/વર્તમાનકાળની દશ્યાનુપલબ્ધિનું સાધ્ય તે અભાવવ્યવહાર | ૬૧–૬૪ |
| ૬૭. ત્રિવિધ અભાવવ્યવહાર | ૬૪ |
| ૬૮. અભાવ અને અભાવ–વ્યવહાર્યતાનાં ભિન્ન પ્રમાણ | ૬૪–૬૫ |
| ૬૯. ભવિષ્યની દશ્યાનુપલબ્ધિની સંદિગ્ધતા | ૬૬ |
| ૭૦. દશ્યાનુપલબ્ધિના અગિયાર પ્રયોગભેદો : | (૬૬–૭૮) |
| (૧) સ્વભાવાનુપલબ્ધિ | ૬૭ |
| (૨) કાર્યાનુપલબ્ધિ | ૬૭–૬૯ |
| (૩) વ્યાપકાનુપલબ્ધિ | ૬૯–૭૦ |
| (૪) સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ | ૭૦ |
| (૫) વિરુદ્ધકાર્યોપલબ્ધિ | ૭૦–૭૧ |
| (૬) વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ | ૭૧–૭૩ |
| (૭) કાર્યવિરુદ્ધોપલબ્ધિ | ૭૪ |
| (૮) વ્યાપકવિરુદ્ધોપલબ્ધિ | ૭૪–૭૫ |
| (૯) કારણાનુપલબ્ધિ | ૭૫–૭૬ |
| (૧૦) કારણવિરુદ્ધોપલબ્ધિ | ૭૬–૭૭ |
| (૧૧) કારણવિરુદ્ધકાર્યોપલબ્ધિ | ૭૭–૭૮ |
| ૭૧. સ્વભાવાનુપલબ્ધિમાં બાકીના દશ પ્રયોગોનો સમાવેશ | ૭૮–૮૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃ૦ |
|---|---|
| ૭૨. અનુપલબ્ધિના પ્રયોગભેદોના સ્વાર્થાનુમાનમાં કરેલા સમાવેશનું ઔચિત્ય | ૮૦ |
| ૭૩. અગિયારે ય અનુપલબ્ધિપ્રયોગોમાં ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તની જ ઉપલબ્ધિ કે અનુપલબ્ધિ | ૮૧–૮૨ |
| ૭૪. ઉપલબ્ધિ–અનુપલબ્ધિની યોગ્યતાવાળા ભાવો વચ્ચે જ વિરોધાદિ સંબંધની સિદ્ધિનો સંભવ | ૮૨–૮૫ |
| ૭૫. અદૃશ્યાનુપલબ્ધિની સંશયજનકતા | ૮૫ |
| ૭૬. પ્રમાણાભાવનું અર્થાભાવસિદ્ધિ માટેનું અસામર્થ્ય | ૮૫-૮૬ |
| **તૃતીય પરિચ્છેદ : પરાર્થાનુમાન** | **૮૭-૨૦૦** |
| ૭૭. પરાર્થાનુમાનની વચનાત્મકતા | ૮૭ |
| ૭૮. વચનને 'પરાર્થાનુમાન' કહેવાનું ઔચિત્ય | ૮૭–૮૮ |
| ૭૯. પરાર્થાનુમાનની પ્રયોગભેદે દ્વિવિધતા | ૮૮–૯૦ |
| ૮૦. બંને પ્રયોગો પાછળ અર્થની અભિન્નતા | ૯૦-૯૧ |
| ૮૧. સાધર્મ્યવાળો અનુપલબ્ધિ–હેતુનો પ્રયોગ | ૯૧–૯૩ |
| ૮૨. સાધર્મ્યવાળો સ્વભાવહેતુપ્રયોગ અને તેના ત્રણ પ્રભેદો : | (૯૩–૯૮) |
| (૧) શુદ્ધ–સ્વભાવહેતુપ્રયોગ | ૯૩–૯૪ |
| (૨) સ્વભાવભૂતધર્મભેદથી સ્વભાવહેતુપ્રયોગ | ૯૪–૯૫ |
| (૩) ઉપાધિભેદથી સ્વભાવ-હેતુપ્રયોગ | ૯૫–૯૮ |
| ૮૩. સાધ્યનો સાધનધર્મમાત્રાનુબંધ સિદ્ધ થયે જ ઉક્ત ત્રિવિધ સ્વભાવહેતુઓ | ૯૮–૧૦૦ |
| ૮૪. તે માટેનાં કારણો | ૧૦૦–૧૦૩ |
| ૮૫. સાધર્મ્યવાળો કાર્યહેતુનો પ્રયોગ | ૧૦૩–૧૦૪ |
| ૮૬. કાર્યકારણભાવસિદ્ધિપૂર્વક જ કાર્યહેતુત્વ | ૧૦૪ |
| ૮૭. વૈધર્મ્યવાળો અનુપલબ્ધિહેતુનો પ્રયોગ | ૧૦૪–૧૦૫ |
| ૮૮. વૈધર્મ્યવાળો સ્વભાવ–હેતુનો પ્રયોગ | ૧૦૫–૧૦૬ |
| ૮૯. વૈધર્મ્યવાળો કાર્ય–હેતુનો પ્રયોગ | ૧૦૬ |
| ૯૦. સાધર્મ્યવાળા પ્રયોગમાંથી જ વૈધર્મ્યવાળો પ્રયોગ ફલિત | ૧૦૬–૧૦૭ |
| ૯૧. વૈધર્મ્યવાળા પ્રયોગમાંથી જ અન્વય ( = સાધર્મ્યપ્રયોગ ) ફલિત | ૧૦૮–૧૦૯ |
| ૯૨. સ્વભાવપ્રતિબંધના બે પ્રકાર | ૧૦૯ |
| ૯૩. અન્વય અને વ્યતિરેક એ ઉભયના સાથે કથનની અનાવશ્યકતા | ૧૦૯–૧૧૧ |
| ૯૪. સાધર્મ્ય/વૈધર્મ્ય-પ્રયોગમાં પક્ષ–કથનની અનાવશ્યકતા | ૧૧૨–૧૧૩ |
| ૯૫. પક્ષસ્વરૂપચર્ચા (સોદાહરણ) | ૧૧૪–૧૨૧ |
| ૯૬. પ્રત્યક્ષનિરાકૃત પક્ષનું ઉદાહરણ | ૧૨૧–૧૨૨ |
| ૯૭. અનુમાનનિરાકૃત પક્ષનું ઉદાહરણ | ૧૨૨ |
| ૯૮. પ્રતીતિનિરાકૃત પક્ષનું ઉદાહરણ | ૧૨૨–૧૨૩ |
| ૯૯. સ્વવચનનિરાકૃત પક્ષનું ઉદાહરણ (ચર્ચા સાથે) | ૧૨૩–૧૨૬ |
| ૧૦૦. પક્ષલક્ષણ : ઉપસંહાર | ૧૨૬–૧૨૭ |
| ૧૦૧. હેત્વાભાસ : સ્વરૂપ | ૧૨૭-૧૨૮ |
| ૧૦૨. અસિદ્ધ હેત્વાભાસ : સ્વરૂપ | ૧૨૮–૧૨૯ |
| ૧૦૩. ઉભય(વાદિ)અસિદ્ધનું ઉદાહરણ | ૧૨૯ |
| ૧૦૪. પ્રતિવાદિ–અસિદ્ધનું ઉદાહરણ | ૧૨૯–૧૩૧ |
| ૧૦૫. વાદિ–અસિદ્ધનું ઉદાહરણ | ૧૩૧–૧૩૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃ૦ |
|---|---|
| ૧૦૬. સંદિગ્ધ હેતુવાળા અસિદ્ધનું ઉદાહરણ | ૧૩૩ |
| ૧૦૭. સંદિગ્ધ આશ્રયવાળા અસિદ્ધ હેતુનું ઉદાહરણ | ૧૩૩–૧૩૪ |
| ૧૦૮. અસિદ્ધધર્મી (આશ્રય)વાળા અસિદ્ધનું ઉદાહરણ | ૧૩૪–૧૩૫ |
| ૧૦૯. વિપક્ષે અસત્ત્વની અસિદ્ધિથી થતો અનૈકાન્તિક હેત્વાભાસ | ૧૩૫–૧૩૮ |
| ૧૧૦. વિપક્ષે અસત્ત્વના સંદેહથી થતા અનૈકાન્તિક હેત્વાભાસનું ઉદાહરણ (વક્તૃત્વથી અસર્વજ્ઞત્વાદિ સાધતું) | ૧૩૮–૧૩૯ |
| ૧૧૧. ઉક્ત ઉદાહરણ અંગે સ્પષ્ટીકરણો (આરંભ) (અનુસંધાન : નીચે મુદ્દો ૧૧૪) | ૧૩૯–૧૪૦ |
| ૧૧૨. વિરોધના બે પ્રકાર (પ્રાસંગિક ચર્ચા) : | ૧૪૦–૧૪૮ |
| – પ્રથમ પ્રકાર : સહાનવસ્થાન-લક્ષણ | ૧૪૧–૧૪૫ |
| – દ્વિતીય પ્રકાર : પરસ્પર-પરિહારલક્ષણ | ૧૪૫–૧૪૮ |
| ૧૧૩. ઉક્ત બંને વિરોધની તુલના | ૧૪૮ |
| ૧૧૪. ઉક્ત ઉદાહરણો અંગે સ્પષ્ટીકરણો (સમાપ્તિ) (અનુસંધાન : ઉપર મુદ્દો ૧૧૧) | ૧૪૯–૧૫૧ |
| ૧૧૫. વિરુદ્ધ હેત્વાભાસ | ૧૫૧–૧૫૩ |
| ૧૧૬. 'ઇષ્ટવિઘાતકૃત્'ને વિરુદ્ધ હેત્વાભાસનો વિશિષ્ટ પ્રકાર ઠેરવતો પૂર્વપક્ષ | ૧૫૪–૧૫૬ |
| ૧૧૭. 'ઇષ્ટવિઘાતકૃત્'ને વિરુદ્ધનો સામાન્ય પ્રકાર બતાવતો ઉત્તરપક્ષ | ૧૫૬–૧૫૭ |
| ૧૧૮. અસિદ્ધ વ્યતિરેક અને સંદિગ્ધ અન્વય ધરાવતો અનૈકાન્તિક હેત્વાભાસ | ૧૫૭–૧૫૯ |
| ૧૧૯. સંદિગ્ધ અન્વય-વ્યતિરેક-વાળો અનૈકાન્તિક હેત્વાભાસ : ઉદાહરણ | ૧૫૯-૧૬૧ |
| ૧૨૦. ઉક્ત ઉદાહરણમાંના પ્રાણાદિરૂપ હેતુનું સાત્મકતા-રૂપ સાધ્ય સિદ્ધ કરવામાં અસામર્થ્ય (સર્વાંગી ચર્ચા) | ૧૬૧-૧૬૮ |
| ૧૨૧. ઉક્ત બીજા પ્રકારના અનૈકાન્તિક હેત્વાભાસની અનૈકાન્તિકતાનું કારણ | ૧૬૮ |
| ૧૨૨. હેત્વાભાસચર્ચાનો ઉપસંહાર | ૧૬૮–૧૬૯ |
| ૧૨૩. દિઙ્નાગે કહેલો 'વિરુદ્ધાવ્યભિચારી' હેત્વાભાસ | ૧૬૯ |
| ૧૨૪. 'વિરુદ્ધાવ્યભિચારી' હેત્વાભાસના અનુમાનમાં અસંભવનું પ્રતિપાદન | ૧૬૯–૧૭૧, ૧૭ |
| ૧૨૫. દિઙ્નાગ દ્વારા ઉક્ત પ્રકારના ઉલ્લેખ પાછળની ભૂમિકાનું સ્પષ્ટીકરણ | ૧૭૧–૧૭૩ |
| ૧૨૬. 'વિરુદ્ધાવ્યભિચારી'નું ઉદાહરણ (વૈશેષિક-સંમત 'સામાન્ય' પદાર્થ અંગે વિરુદ્ધસાધક હેતુઓ) | ૧૭૩–૧૭૮ |
| ૧૨૭. દૃષ્ટાન્ત અને તેના આભાસોની જુદી ચર્ચા ન કરવા પાછળનું કારણ | ૧૭૮–૧૮૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃ૦ |
|---|---|
| ૧૨૮. હેતુસ્વરૂપચર્ચામાં દૃષ્ટાન્તના સ્વરૂપની ચર્ચાના અંતર્ભાવનું સમર્થન | ૧૮૦–૧૮૪ |
| ૧૨૯. દૃષ્ટાન્તાભાસોનાં ઉદાહરણો. | (૧૮૫–૧૯૮) |
| – સાધર્મ્યથી નવ પ્રકારનાં ઉદાહરણો | ૧૮૫–૧૯૦ |
| – વૈધર્મ્યથી નવ પ્રકારનાં ઉદાહરણો | ૧૯૦–૧૯૮ |
| ૧૩૦. દૃષ્ટાન્તભાસતાનું કારણ | ૧૯૮–૧૯૯ |
| ૧૩૧. દૂષણનું સ્વરૂપ | ૧૯૯–૨૦૦ |
| ૧૩૨. જાત્યુત્તરો | ૨૦૦ |
| ૧૩૩. ટીકાકારકૃત સમાપ્તિમંગલ | ૨૦૦ |


## ન્યાયબિંદુ : ટિપ્પણ

(પૃ૦ ૨૦૧થી ૨૬૪)

(પૃષ્ઠક્રમાંક સાથે જે-તે પૃષ્ઠ પરના ફકરાનો ક્રમાંક કૌંસમાં લખ્યો છે. ચાલુ ફકરાને પણ ગણતરીમાં લેવો.)

### પ્રથમ પરિચ્છેદ : પ્રત્યક્ષ પૃ. ૨૦૧–૨૧૧


| વિષય | પૃ૦ |
|---|---|
| ૧. અનુબંધકથન : મહત્ત્વ | ૨૦૧(૨) |
| ૨. સમ્યગ્જ્ઞાનનું મતદ્વય-સંગ્રાહક લક્ષણ | ૨૦૧(૪) |
| ૩. પરીક્ષ્ય-અપરીક્ષ્ય જ્ઞાન | ૨૦૧(૬)થી ૨૦૨(૧) |
| ૪. મિથ્યાજ્ઞાનથી પુરુષાર્થ-સિદ્ધિની અશક્યતા | ૨૦૨(૫) |
| ૫ સમ્યગ્જ્ઞાનના સામાન્ય લક્ષણની અશક્યતા ? | ૨૦૨(૬) |
| ૬. 'પ્રત્યક્ષ' : શબ્દાર્થ | ૨૦૨(૭)થી ૨૦૩(૧) |
| ૭. સૂત્રગત પ્રત્યક્ષલક્ષણનો ઉદ્દેશ્ય | ૨૦૩(૨) |
| ૮. 'કલ્પનાપોઢત્વ'નો અર્થ | ૨૦૩(૩) |
| ૯. પરમાર્થસત્ પરમાણુનું અગ્રાહક જ્ઞાન પ્રત્યક્ષ ? | ૨૦૩(૪) |
| ૧૦. મિથ્યાજ્ઞાનથી અર્થપ્રાપ્તિના આભાસનો ખુલાસો | ૨૦૩(૫) |
| ૧૧. પ્રત્યક્ષના અભ્રાન્તત્વનું સ્વરૂપ | ૨૦૩(૬)થી ૨૦૪(૧) |
| ૧૨. અનુમાનની ભ્રાંતતા | ૨૦૪(૨) |
| ૧૨ક. બૌદ્ધોમાં કલ્પનાવિચાર | ૨૦૪(૩,૪) |
| ૧૨ખ. વાચ્ય/વાચકગ્રાહી જ્ઞાન કલ્પના ? | ૨૦૪(૫)થી ૨૦૫(૧) |
| ૧૩. પ્રત્યક્ષપ્રકારો સંબંધી વિવિધ મંતવ્યો | ૨૦૫(૩) |
| ૧૪. 'ઇન્દ્રિયજ્ઞાન' શબ્દનો સાચો અર્થ | ૨૦૫(૪) |
| ૧૫. મનોવિજ્ઞાનલક્ષણમાં 'समनन्तरप्रत्यय' શબ્દનું મહત્ત્વ | ૨૦૫(૫) |
| ૧૬. समनन्तरप्रत्यय | ૨૦૬(૧) |
| ૧૭. आलम्बनप्रत्यय | ૨૦૬(૨) |
| ૧૮. 'મનોવિજ્ઞાન' પાંચે ય ઇન્દ્રિયવિજ્ઞાનોનું | ૨૦૬(૩) |
| ૧૯. 'ચિત્ત' અને 'ચૈત્ત' | ૨૦૬(૪) |
| ૨૦. યોગિજ્ઞાનની 'ભાવના-પ્રકર્ષજન્યતા' | ૨૦૬(૬)થી ૨૦૮(૨) |
| ૨૧. યોગિજ્ઞાનનાં વિવિધ પાસાં | ૨૦૮(૩) |
| ૨૨. 'ભાવના' અને 'યોગિ-જ્ઞાન'નો ભેદ | ૨૦૮(૪) |
| ૨૩. જ્ઞાનના ગ્રાહ્ય અને અધ્ય-વસેય વિષયની ભિન્નતા | ૨૦૮(૫) |
| ૨૪. 'સ્વલક્ષણ'ની વ્યાખ્યામાં ઉપયુક્ત 'सन्निधान' અને 'असन्निधान' પદોના અર્થ | ૨૦૮(૬)થી ૨૦૯(૧) |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃ૦ |
|---|---|
| ૨૫. પ્રમાણ અને તેના ફળની અભિન્નતાનો વિશિષ્ટ બૌદ્ધ મત | [ ૨૦૯(૩)થી ૨૧૧(૧) ] |
| –આ વાદના પાયામાં રહેલાં અન્ય બૌદ્ધ ગૃહીતો | ૨૦૯(૪) |
| – 'પ્રમાણ'–'પ્રમા' એમ બે પગથિયાં માનવામાં દોષ | ૨૧૦(૨,૩) |
| – બૌદ્ધ મતે જ્ઞાન–જ્ઞાતાની અભિન્નતા | ૨૧૦(૪) |
| – બૌદ્ધ અનાત્મવાદ | ૨૧૦(૫)થી ૨૧૧(૧) |
| ૨૬. પ્રમાણજનિત વ્યવહાર માટે ઉત્તરક્ષણના વિકલ્પની અનિવાર્યતા અને વિકલ્પનું અસત્–ગ્રાહીપણું | ૨૧૧(૪,૫) |
| **દ્વિતીય પરિચ્છેદ : સ્વાર્થાનુમાન** | **૨૧૨–૨૨૬** |
| ૨૭. સ્વાર્થ–પરાર્થ અનુમાનની અત્યંત વિલક્ષણતા | ૨૧૨(૧) |
| ૨૮. લિંગસ્વરૂપ અંગેના અન્ય મતોનું ખંડન | ૨૧૨(૨) |
| ૨૯. 'અનુમેય' કે 'સાધ્ય' શબ્દના વિભિન્ન અર્થો | ૨૧૨(૪)થી ૨૧૩(૨) |
| ૩૦. 'સપક્ષ' શબ્દની વ્યુત્પત્તિ | ૨૧૩(૩) |
| ૩૧. અસપક્ષના ત્રણ પ્રકાર ? | ૨૧૩(૪)થી ૨૧૪(૪) |
| ૩૨. 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત' પદનો અર્થ | ૨૧૪(૫) |
| ૩૩. 'સ્વભાવવિશેષ' શબ્દનો સાચો અર્થ | ૨૧૫(૨,૩) |
| ૩૪. 'સ્વભાવપ્રતિબંધ' શબ્દનો અર્થ | ૨૧૫(૪) |
| ૩૫. 'અનુપલંભ'–હેતુ તે પ્રકારાન્તરે સ્વભાવહેતુ જ | ૨૧૬(૧) |
| ૩૬. ધર્મોત્તરકૃત એક અનુચિત શબ્દાર્થઘટન | ૨૧૬(૪)થી૨૧૭(૧) |
| ૩૭. 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તિ'નાં બે પાસાં | ૨૧૭(૨) |
| ૩૮. દેશકાળવ્યવધાન અને સ્વભાવવ્યવધાનની અભિન્નતા ? | ૨૧૭(૩)થી ૨૧૮(૧) |
| ૩૯. 'પ્રત્યક્ષ' : બે અર્થો | ૨૧૮(૨) |
| ૪૦. અભાવનિશ્ચય માટે ભાવપદાર્થનું ગ્રહણ અનિવાર્ય | ૨૧૮(૪) |
| ૪૧. અભાવવ્યવહાર્યતા માટે અનુમાનપ્રમાણની આવશ્યકતા | ૨૧૯(૨) |
| ૪૨. અભાવનિશ્ચયમાં પ્રત્યક્ષ અને અનુમાન ઉભયનો સહયોગ | ૨૨૦ (૨,૩,૪) |
| ૪૨ક. 'સ્વભાવ' : અર્થવિશેષ | ૨૨૦(૫) |
| ૪૩. આકાશનું સ્વરૂપ | ૨૨૦(૬)થી ૨૨૧(૧) |
| ૪૪. પક્ષ અંશભેદે દૃશ્યાદૃશ્ય સંભવે ? | ૨૨૧(૨) |
| ૪૫. 'સ્વભાવવિરુદ્ધ' પદનો અર્થ | ૨૨૧(૫) |
| ૪૬. એકાધિક અનુમાનોના મિશ્રણવાળો સંકુલ અનુપલબ્ધિપ્રયોગ | ૨૨૨(૧) |
| ૪૭. 'સહાનવસ્થાન'–વિરોધનું સાધક પ્રમાણ | ૨૨૨(૪)થી ૨૨૩(૧) |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃ૦ |
|---|---|
| ૪૮. 'વ્યાપકવિરુદ્ધોપલબ્ધિ'-ના ઉદાહરણની યોગ્યાયોગ્યતા | ૨૨૩(૨) |
| ૪૯. બૌદ્ધદષ્ટિએ અગ્નિ એ ઉષ્ણસ્પર્શથી અભિન્ન | ૨૨૩(૩) |
| ૫૦. અનુપલબ્ધિ-પ્રયોગોની સંખ્યા | ૨૨૩(૫)થી ૨૨૪(૧) |
| ૫૧. પ્રયોગભેદના મૂળમાં મનોવ્યાપારભેદ | ૨૨૪(૨થી ૬) |
| ૫૨. સ્વાર્થ-પરાર્થ અનુમાનનાં ભિન્ન ક્ષેત્રો | ૨૨૫(૧) |
| ૫૩. અભાવની સિદ્ધિમાં અભાવવ્યવહારની સિદ્ધિનો અંતર્ભાવ | ૨૨૫(૨) |
| ૫૪. કાર્યકારણભાવમાં વ્યાપ્ય-વ્યાપકભાવનો અંતર્ભાવ | ૨૨૫(૪) |
| ૫૫. સંશયોત્પત્તિમાં 'સ્વભાવ-વિપ્રકર્ષ'નું મહત્ત્વ | ૨૨૬(૧,૨) |
| ૫૬. પ્રમાણાભાવથી પ્રમેયાભાવની સિદ્ધિ ન સ્વીકારવા પાછળ ગૂઢવાદની પ્રેરણા | ૨૨૬(૩) |
| **તૃતીય પરિચ્છેદ : પરાર્થાનુમાન** | **૨૨૭-૨૬૪** |
| ૫૭. પરાર્થાનુમાનના અવયવો : ક્રમ અને સંખ્યા | ૨૨૭(૧)થી ૨૨૮(૨) |
| ૫૮. ત્રિવિધ લિંગમાં વ્યાપ્ય-વ્યાપકભાવ | ૨૨૮(૩) |
| ૫૯. વ્યાપ્તિસિદ્ધિની પ્રક્રિયા | ૨૨૮(૪,૫) |
| ૬૦. સ્વભાવહેતુની ત્રૈવિધ્ય-કલ્પના પાછળનો આશય | ૨૨૯(૧થી ૩) |
| ૬૧. સ્વભાવહેતુથી અપૃથક્ અન્ય ધર્મની કલ્પિત પૃથક્તા દર્શાવતા બે નિર્દેશપ્રકારો | ૨૩૦(૧થી ૩) |
| ૬૨. 'ઉપાધિ'શબ્દનો અર્થ | ૨૩૧(૩થી૫) |
| ૬૩. સ્વભાવહેતુના સવિશેષણ પ્રકારો પણ તત્ત્વતઃ શુદ્ધ સ્વભાવહેતુ | ૨૩૨(૧,૨) |
| ૬૪. શબ્દની અનિત્યતાની સિદ્ધિ માટેના હેતુઓ | ૨૩૨(૩)થી ૨૩૩(૧) |
| ૬૫. સાધ્યપ્રતિબંધ સિદ્ધ કરનારાં પ્રમાણોના બહુત્વનું કારણ | ૨૩૩(૨,૩) |
| ૬૬. વ્યાપ્તિસાધક પ્રમાણો | ૨૩૩(૪)થી ૨૩૪(૨) |
| ૬૭. પ્રમેયસિદ્ધિમાં બાધક-પ્રમાણાભાવનું મહત્ત્વ | ૨૩૪(૩,૪) |
| ૬૮. પરાર્થાનુમાનના પક્ષધર્મોપદર્શનરૂપ અવયવમાં સ્મરણનો સહયોગ | ૨૩૪(૫) |
| ૬૯. સાધનની સ્વભાવ પ્રત્યે જ હેતુતા | ૨૩૫(૨, ૩) |
| ૭૦. સાધ્ય-સાધન અન્યોન્યના સ્વભાવ ? | ૨૩૫(૪) |
| ૭૧. હેતુત્વનિશ્ચયમાં બાધક પ્રમાણની નિર્ણાયકતા | ૨૩૬(૧) |
| ૭૨. સ્વાર્થ-પરાર્થ અનુમાનના વિષયભેદની સાપેક્ષતા | ૨૩૬(૨) |
| ૭૩. વૈધર્મ્યવત્-સાધર્મ્યવત્-પ્રયોગના સાધ્યની અભિન્નતા | ૨૩૬(૩) |
| ૭૪. વૈધર્મ્યવત્-પ્રયોગમાં વૈધર્મ્ય કોની વચ્ચે ? | ૨૩૬(૪) |
| ૭૫. અન્વયવ્યાપ્તિમાંથી વ્યતિરેકવ્યાપ્તિસાધક | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| विषय | पृ० |
|---|---|
| स्वभावहेतुजन्य अनुमान | २३७(१) |
| ७६. 'पक्षनिर्देश' એટલે ન્યાયદર્શનમાંની 'પ્રતિજ્ઞા' | २३८(२) |
| ७७. 'પક્ષ'શબ્દનો અર્થ-વિકાસ | २३८ (३,४) |
| ७८. પક્ષનિર્દેશની અનાવશ્યકતા | २३८(५)થી २३९(१) |
| ७९. પક્ષ કિંવા મંતવ્યનાં વિભિન્ન પાસાં | २३९(२,३) |
| ८०. 'પક્ષ'નાં ભ્રાંત લક્ષણો | २३९(४) |
| ८१. સાધનની પ્રાસંગિક સાધ્યતા પ્રતિવાદીની દૃષ્ટિએ | २३९(५) |
| ८२. 'स्वयम्' શબ્દનો અર્થ | २४०(१) |
| ८३. પક્ષસ્વીકારમાં શાસ્ત્રની અબાધકતા | २४०(२) |
| ८४. પરાર્થાનુમાનમાં પક્ષ-નિર્દેશની છૂટ ખરી? | २४०(३) |
| ८५. વિજ્ઞાનની સંઘાતરૂપતા | २४०(४)થી २४१(१) |
| ८६. દૃષ્ટાન્ત પોતે પ્રમાણ નહિ | २४१(२) |
| ८७. 'अङ्ग' શબ્દનો અર્થ | २४१(३) |
| ८८. अश्रावणत्व – પ્રત્યક્ષ કે અનુમેય? | २४१(४) |
| ८९. પક્ષની આગમવિરુદ્ધતા અદોષ | २४२(१) |
| ९०. પ્રતીતિનિરાકૃત પક્ષનું સ્વરૂપ | २४२(३, ४) |
| ९१. પક્ષચર્ચાનો પરાર્થાનુમાન સાથે સંબંધ | २४३(१, २) |
| ९२. સ્વવચનનિરાકૃત પક્ષની વિલક્ષણતા | २४३(३) |
| ९३. અનુમાન–અપ્રમાણ્યવાદી પરંપરાઓ અને તેમની મર્યાદા | २४३(४,થી २४४(१) |
| ९४. શબ્દપ્રમાણ એ અનુમાનવિશેષ | २४४(२) |
| ९५. સ્વવચનનિરાકૃત પક્ષની અનુમાનનિરાકૃત પક્ષથી ભિન્નતા | २४४(३) |
| ९६. અનુમાનદૂષક પક્ષની સ્વવચનનિરાકૃતતા કઈ રીતે? – મતાંતરો અંગે ચર્ચા | [२४४(४)થી२४७(१)] |
| –વિનીતદેવનો ખુલાસો | २४४(५) |
| –'અન્ય વાદી' કયા? | २४४(६) |
| –'अभिप्राय' શબ્દના અર્થ અંગે દુર્વેક, ધર્મોત્તરના મત | २४५(१) |
| –એ અર્થ મુજબ પૂર્વપક્ષના ખુલાસાનો ભાવ | २४५(२) |
| –તેનું ધર્મોત્તરકૃત ખંડન | २४५(३)થી २४६(१,२) |
| –'अभिप्राय' શબ્દના અન્ય સંભવિત અર્થો | २४६(३)થી २४७(१) |
| ९७. 'साधनाभास' શબ્દની સમજૂતી | २४७(२) |
| ९८. વક્તાનો દોષ પણ સાધનદોષ | २४७(३) |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃ० |
|---|---|
| ૯૯. 'અસિદ્ધ' હેત્વાભાસ-નું અપ્રતિપત્તિરૂપ ફળ | ૨૪૭(૪) |
| ૧૦૦. અસિદ્ધના અન્ય પ્રકારો | ૨૪૮(૧) |
| ૧૦૧. 'दिगम्बर' શબ્દનો અર્થ | ૨૪૮(૨) |
| ૧૦૨. 'आगम' શબ્દનો બૌદ્ધ અર્થ | ૨૪૮(૩) |
| ૧૦૩. 'रूपादि' શબ્દનો અર્થ | ૨૪૮(૪) |
| ૧૦૪. સત્કાર્યવાદ અને ક્ષણભંગવાદની પરસ્પરવિરુદ્ધતા | ૨૪૮(૫) |
| ૧૦૫ 'आश्रयण' શબ્દનો અર્થ | ૨૪૯(૧થી ૩) |
| ૧૦૬. 'निकुञ्ज' શબ્દનો અર્થ | ૨૪૯(૫) |
| ૧૦૭ દ્વિવિધ વિરોધનો પરસ્પર ભેદ | ૨૪૯(૭)થી ૨૫૦(૨) |
| ૧૦૮. સહાનવસ્થાન-વિરોધ તે વિશિષ્ટ જન્યજનક-ભાવ | ૨૫૦(૩) |
| ૧૦૯. બૌદ્ધ 'ત્રિક્ષણપરિણામ-વાદ' મુજબ સહાન-વસ્થાનવિરોધની પ્રક્રિયા | ૨૫૦(૪)થી ૨૫૧(૧) |
| ૧૧૦. પ્રકાશ દ્વારા અંધકાર-નિવર્તનની કાલિક-દૈશિક પ્રક્રિયા | ૨૫૧(૨)થી ૨૫૩(૧) |
| ૧૧૧. પ્રકાશની પ્રવૃત્તિમર્યાદા | ૨૫૩(૨) |
| ૧૧૨. સહાનવસ્થાન-વિરોધમાં વિરોધિતા વાસ્તવિક ? | ૨૫૩ (૩થી૬) |
| ૧૧૩. 'नियताकार' એ સમાસનો અર્થ | ૨૫૪(૨) |
| ૧૧૪. ક્ષણિકત્વની સર્વત્ર અનુસ્યૂતતા | ૨૫૪(૩)થી ૨૫૫(૧) |
| ૧૧૫. નિત્યત્વનું આગમ-સિદ્ધ સ્વરૂપ | ૨૫૫(૩) |
| ૧૧૬. લાક્ષણિક વિરોધની અપોહાશ્રિતતા | ૨૫૫(૪, ૫) |
| ૧૧૭. સમાન પરિહાર્ય ભાવો-વાળા પદાર્થોનું જ અભિન્નત્વ | ૨૫૫(૬) |
| ૧૧૮. 'प्रयत्नानन्तरीयक' શબ્દના ભિન્ન અર્થો ? | ૨૫૬(૨) |
| ૧૧૯. વિપક્ષના એકદેશ અને સર્વદેશમાં વ્યાપનાર આભાસી સ્વભાવહેતુઓ | ૨૫૬(૩) |
| ૧૨૦. 'प्रयत्नान्तरीयक' શબ્દના અન્ય અર્થનું દિઙ્નાગના ગ્રંથમાં ઇંગિત | ૨૫૬(૪)થી ૨૫૭(૧) |
| ૧૨૧. ન્યાયમાન્ય કેવલ-વ્યતિરેકી સદ્હેતુ તે બૌદ્ધ મતે હેત્વાભાસ | ૨૫૭(૪ પૂર્વાર્ધ) |
| ૧૨૨. 'અસાધારણ અનૈકાન્તિક' હેત્વાભાસનો દૂષણહેતુ | ૨૫૭(૪ ઉત્તરાર્ધ) |
| ૧૨૩. 'અસાધારણ અનૈ-કાન્તિક' હેત્વાભાસમાં સંશય જ ફળ | ૨૫૭(૫)થી ૨૫૮(૫) |
| ૧૨૪. પક્ષમાં હેતુસત્તા સંશય-કારક બને તેવી ત્રણ સ્થિતિઓ | ૨૫૯(૨) |
| ૧૨૫. બૌદ્ધ અનાત્મવાદ | ૨૫૯(૪) |
| ૧૨૬. 'અસાધારણ અનૈકાન્તિક' હેત્વાભાસનું ફળ – વિશેષ વિમર્શ | ૨૬૦(૩) |
| ૧૨૭. ન્યાયમાન્ય 'સત્પ્રતિપક્ષ' હેત્વાભાસ અસ્વીકાર્ય | ૨૬૦(૪)થી ૨૬૧(૧) |
| ૧૨૮. ન્યાયમાન્ય અન્ય હેત્વાભાસોની ધર્મકીર્તિને માન્ય વ્યવસ્થા | ૨૬૧(૨) |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | વિષય | પૃ૦ |
|---|---|---|
| ૧૨૯. | અનુપલબ્ધિ હેતુનો સ્વભાવ/કાર્ય–હેતુમાં અંતર્ભાવ | ૨૬૧(૩) |
| ૧૩૦. | વ્યાપ્તિપ્રત્યાયનમાં દૃષ્ટાન્તનું મહત્ત્વ | ૨૬૧(૪,૫,૬) |
| ૧૩૧. | દૃષ્ટાન્તનો ઉપયોગ હેતુનો સાધ્યપ્રતિબંધ નક્કી કરવા માટે જ | ૨૬૨(૧) |
| ૧૩૨. | ન્યાયમાન્ય વ્યાપ્યત્વાસિદ્ધ હેત્વાભાસનો દૃષ્ટાન્તદોષમાં અંતર્ભાવ | ૨૬૨(૪) |
| ૧૩૩. | પ્રમાણચર્ચામાં પ્રમેયો અંગેના બૌદ્ધ મતો પ્રત્યે ધર્મકીર્તિનો અનાગ્રહ | ૨૬૨(૫) |
| ૧૩૪. | જૈન પરંપરામાં જ્યોતિર્વિજ્ઞાનનું ખેડાણ | ૨૬૩(૧) |
| ૧૩૫. | 'નૈમિત્તિક' શબ્દના અર્થો | ૨૬૩(૨) |
| ૧૩૬. | જ્ઞાનનું 'વ્યભિચારિત્વ' એ દૃષ્ટિએ | ૨૬૩(૩) |
| ૧૩૭. | જૈન આગમોમાં ચીંધેલી જ્યોતિર્વિદ્યાના સેવનની મર્યાદા | ૨૬૩(૪) |
| ૧૩૮. | કપિલ અને સાંખ્યદર્શન તીવ્ર આલોચનાના વિષયરૂપ | ૨૬૩(૬)થી ૨૬૪(૧) |
| ૧૩૯. | કેવલવ્યતિરેકી વ્યાપ્તિ અસ્વીકાર્ય | ૨૬૪(૩) |
| ૧૪૦. | 'જાતિ' શબ્દની વ્યુત્પત્તિ | ૨૬૪(૮) |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નિઃશબ્દ સમ્યગ્-દૃષ્ટિ

## ( ગ્રંથસમાલોચના )

### સર્વવિદ્યાપ્રદીપ આન્વીક્ષિકી

વિષયબહુત્વ અને તેમને સાંકળનારું સંકુલ, વૈવિધ્યપૂર્ણ સંબંધજાળ – આનાથી આપણા વ્યક્ત સાંસારિક અસ્તિત્વનો પિંડ બંધાયો છે. એ જીવનની પ્રક્રિયા છે આકલન અને પ્રતિભાવની – જ્ઞાતા અને વિષયની ક્રિયા–પ્રતિક્રિયાની. સજીવ ભૌતિક પિંડની જીવનયાત્રાનું નિયમન કરે છે પિંડમાં અભિવ્યક્ત થતું અંતઃકરણ. તે બાહ્ય ઇન્દ્રિયોના વ્યાપારો દ્વારા તેમ જ તેથી નિરપેક્ષપણે પણ અનેક સંકુલ કલ્પનો રચે છે. એ કલ્પનો, અધ્યવસાયો વડે જ પિંડનું સંકુલ, સક્રિય જીવન મૂર્ત બને છે. અન્ય પ્રાણીની ચેતના કરતાં મનુષ્યની ચેતના અનેકગણા સંકુલ વિષયોનું પણ આકલન કરે છે. એ આકલનની પ્રક્રિયા 'ઈક્ષા' અને 'અન્વીક્ષા' ( નિરીક્ષણ અને ચિંતન ) – ઉભયની બનેલી છે. 'અનુ–ઈક્ષા' એટલે 'ઈક્ષા'નું અંતર્મુખ અનુસંધાન – ઈક્ષા પછીનું ('અનુ') વિશેષ વિષયાતીત આકલન. આ સમગ્ર જ્ઞાનપ્રક્રિયા સૂચવતો પ્રાચીન ભારતીય શબ્દ છે 'આન્વીક્ષિકી'. એમાં મુખ્યત્વે ભ્રાન્તિ–મુક્ત જ્ઞાનના સ્વરૂપ અને પ્રભેદોનો વિચાર થયેલો છે અને ગૌણપણે તે શુદ્ધ સાધનનો ઉપયોગ કરીને નમૂનારૂપે પ્રમેયવિચાર પણ કરાયો છે. આમાં ભાર છે શુદ્ધ જ્ઞાનસાધન ઉપર. પ્રમેયનિર્ણય તો એ સાધનનું જ સ્વયંભૂ ફળ હોઈ એને માટે કોઈ આગ્રહ જરૂરી રહેતો નથી. જીવનના સર્વ ભાવોને સૂક્ષ્મ રીતે, અખિલાઈથી – એકાંગિતા ટાળીને – જોવાની તાલીમ જ એનું મુખ્ય ધ્યેય છે. એટલે તો કૌટિલ્યે પોતાના 'અર્થશાસ્ત્ર'માં સર્વતોભદ્ર રાજનીતિ આકારી કાઢવામાં આન્વીક્ષિકી–વિદ્યા પણ રાજપુરુષો માટે અનિવાર્ય ગણી છે – તેને સર્વ વિદ્યાઓનો પ્રદીપ, સર્વ કર્મોનો ઉપાય, સર્વ ધર્મોનો આશ્રય ગણ્યો છે. આને લીધે જ વિવિધ પારગામી દૃષ્ટાઓના જીવનકાર્યમાંથી પ્રભવેલા વિવિધ પંથો, સંપ્રદાયો કે ધર્મોના પાયારૂપે આન્વીક્ષિકીની પ્રતિષ્ઠા એક યા બીજી રીતે થયેલી છે. તત્ત્વનિર્ણય અને આચાર–નિર્ણય વસ્તુલક્ષી હોય તો જ તે કાર્યસાધક બને; અને તે માટે જરૂરી છે શુદ્ધ જ્ઞાનસાધન, શુદ્ધ અન્વીક્ષા. 'આન્વીક્ષિકી' માટે જ 'ન્યાયવિદ્યા', 'તર્કશાસ્ત્ર', 'પ્રમાણ-શાસ્ત્ર' ઇત્યાદિ શબ્દપ્રયોગો પણ થયેલા છે. વળી પ્રમાણો ( = જ્ઞાનનાં સાધનો ) માં પણ કોઈ સૌથી વધુ સંકુલ પ્રમાણ હોય તો તે 'અનુમાન' છે, કારણ કે તેમાં 'અંતઃકરણ' કિંવા મનનો સાવધ વ્યાપાર જરૂરી છે. આથી જ ન્યાયશાસ્ત્રમાં સૌથી વધુ ઝીણવટભર્યો વિચાર અનુમાનનો જ થયો છે.

અહીં એ પણ કહેવું જોઈએ કે મનુષ્યની ચેતના એવી અતાગ અને અજાણ્યાં ઊંડાણોથી ભરેલી છે કે જેથી આ પ્રમાણવિદ્યામાં પણ કાળક્રમે જૂનાં અનેક ભ્રાંત તારણોનું વિવિધ રૂપે શોધન થતું રહ્યું છે. એક ને એક પરંપરામાં પણ પાછલા વિચારકોએ આગલા વિચારકોના ભ્રાંત વિચારો તેજસ્વિતાથી સંશોધિત કરેલા છે. वादे वादे जायते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વબોધ: – એ સૂત્ર પણ, આ વિચારશોધનની પ્રક્રિયા વાદથી જ અપ્રમત્તપણે ચાલે છે તે વાત જ પ્રબોધે છે.

**ધર્મપંથો અને પ્રમાણવિચાર :**

'લાંબું જુઓ, ટૂંકું નહિ' એ આદેશને ચરિતાર્થ કરે છે જગતમાં પ્રતિષ્ઠિત બનેલા ધર્મપંથો. જીવનનાં સ્થૂલ–સૂક્ષ્મ બધાં પાસાંનો વિચાર કરી, જીવન વધુ સ્થાયી પ્રતિષ્ઠાવાળું થાય તેવા સ્થૂળ–સૂક્ષ્મ ઉપાયોનું પ્રબોધન એ જ તેમનું ધ્યેય છે. એ માટે જરૂરી છે પૂર્વગ્રહમુક્ત સમગ્રવસ્તુલક્ષી દર્શન, ચિંતન, નિદિધ્યાસન (ધ્યાન) રૂપ સાધનત્રયી. ઉપનિષદો ભારપૂર્વક કહે છે કે સત્યનું તત્ત્વ કે રહસ્ય પંચેદ્રિયગ્રાહ્ય બહિર્જગતમાં નહિ, પણ અંતઃકરણ–ગ્રાહ્ય અંતર્જગતમાં છે. પશ્ચિમમાં પ્લેટો પણ બાહ્ય જગતને તો સત્યના પડછાયારૂપ જ ગણે છે. આને કારણે બાહ્ય જગતના સ્થૂળ જ્ઞાન અને તદાધારિત સ્થૂળ લૌકિક અનુમાનથી પણ ઉપર ઊઠીને ઉચ્ચતર 'સન્મતિ તર્ક'રૂપી, ઇન્દ્રિયાતીત દર્શનરૂપી સાધન ઉપાદેય છે. આથી જ કોઈ પરંપરામાં 'શ્રુતિ' પ્રમાણને, કોઈમાં અષ્ટાંગ–યોગજન્ય સમાધિને, અન્યત્ર કૈવલ્યજ્ઞાનને પરમસત્યગ્રાહી માનવામાં આવ્યુ, અને એને આધારે જ તત્ત્વનિર્ણય અને આચાર-નિર્ણય કરાયો. અયોગ્ય, ઊતરતા યા અયોગ્ય રીતે પ્રયોજેલા પ્રમાણનો આશ્રય લેવાથી વિવિધ ધર્મપંથોમાં દેશકાળભેદે સડા પણ પેઠા. તે અન્વયે પ્રમાણવિચારનું સંશોધન જ તે તે કાળના આચાર્યો દ્વારા આવશ્યક ઉપાય તરીકે કરવામાં આવ્યું. દા ત. શ્રુતિપ્રમાણના મિથ્યાપ્રયોગથી બંધિયાર બની ગયેલા કર્મકાંડી સંપ્રદાય સામે ખુદ વૈદિક અને વૈદિકેતર – એમ ઉભય પરંપરામાં પ્રામાણ્યભ્રાંતિ બતાવતી પ્રખર વિચારણા રજૂ કરાઈ. એટલું જ નહિ, પણ વાદવિદ્યા પર પણ ભાર મુકાયો, જેથી ભ્રાંત જ્ઞાનો અને તદાધારિત આચારોનું તેજસ્વી રીતે નિરસન થાય. અનેકાંતવાદી, વીતરાગ એવા મહાવીરે પણ શિષ્યોને વાદકુશળ થવા પ્રબોધેલા.

**બૌદ્ધ ન્યાય :**

બૌદ્ધ ન્યાયનાં બીજ બુદ્ધનાં વ્યક્તિત્વ, જીવનકાર્ય અને ઉપદેશમાં પડેલાં છે. પરંપરાગત યજ્ઞાદિપ્રધાન વૈદિક ધર્મ કે તપઃપ્રધાન શ્રમણમાર્ગથી તેમના મનનું સમાધાન ન થયું. તેમના પૂર્વજીવનની ઘટનાઓમાં એ પણ જોવા મળે છે કે જીવન સાથે વણાયેલાં જરા–મરણ–વ્યાધિથી તેમનું ચિત્ત વ્યાકુળ હતું. આ 'દુઃખસત્ય' જ એમની શોધ, સાધના અને ધર્મદેશનાનું પ્રેરક બળ હતું. દુઃખસત્યને મિથ્યા ગણતો કલ્પનાપ્રધાન બ્રહ્મવાદ કે સંસારબંધનને દઢતર બનાવતો કામપ્રધાન યજ્ઞવાદ તેમને માન્ય નહોતો. વળી તપસ્યાનો બહુજન માટે કઠિન માર્ગ તેમની સુકુમાર ચિત્તવૃત્તિને ગ્રાહ્ય નહોતો. એને બદલે શીલ-પ્રજ્ઞાના પ્રાધાન્યવાળો માર્ગ મથામણને અંતે એમને ગ્રાહ્ય લાગેલો. પ્રત્યક્ષ કે અનુમાનથી અગ્રાહ્ય એવા શાસ્ત્રપ્રમાણિત પ્રમેયો સ્વીકારવામાં પણ તેઓને અનેક ભ્રાંતિ અને અનાચારનું મૂળ દેખાતું હતું. કેવળ નિર્મળ પ્રજ્ઞાને જે સત્ય દેખાય તે જ સ્વીકારવું, પોતે બુદ્ધ છે એમ માની પોતાના અનુયાયીઓએ તેમનું પણ વચન ન સ્વીકારવું – આવી પ્રરૂપણા કરતો તેમનો સુપ્રસિદ્ધ ઉપદેશ એમની ઋજુતાનો પરિચાયક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધનાં પોતાનાં ઉપદેશવચનો 'સુત્તપિટક'માં પડેલાં છે. તેમાંની એમની વાદ-પદ્ધતિ અને દષ્ટાંતપ્રધાન પ્રતિપાદનપદ્ધતિ તેમની પ્રમાણવિચારણાને સ્ફુટ કરે છે. આ 'સુત્તપિટક'ને પ્રમાણભૂત ગણનારી બૌદ્ધ શાખા 'સૌત્રાન્તિક' કહેવાઈ. તે શાખા વાદમાં દષ્ટાંતને પ્રાધાન્ય આપતી હોવાથી 'દાર્ષ્ટાન્તિક' પણ કહેવાતી. તેથી ઊલટું, સૂત્ર પરની 'વિભાષા'(વ્યાખ્યા)ને પ્રાધાન્ય આપી તેને આધારે પ્રમાણાદિ વિચાર કરનારી બૌદ્ધ શાખા 'વૈભાષિક' કહેવાઈ. આ બે શાખાઓ પ્રમાણ-પ્રમેય-ભેદ સ્વીકારે છે અને 'સર્વાસ્તિવાદી' તેમ જ 'હીનયાની' તરીકે ઓળખાય છે. તેથી ઊલટું, મહાયાનાન્તર્ગત શાખાઓ તે 'વિજ્ઞાનવાદી' (કિંવા 'યોગાચાર' મત) અને શૂન્યવાદી. તે પૈકી વિજ્ઞાનવાદી વિજ્ઞાનને વિષયરહિત માને છે — વિજ્ઞાનની જ સત્તા છે અને વિજ્ઞાન પોતે જ ભ્રાંતિથી વિષયાકારે અનુભવાય છે. તેને પ્રમાણ-પ્રમેયભેદ માત્ર સાંવૃતિક સત્ય તરીકે જ સ્વીકાર્ય છે. જ્યારે શૂન્યવાદી પ્રમાણપ્રમેય ઉભયને અસત્ માને છે.

બૌદ્ધ પ્રમાણનિરૂપણમાં સૌથી મહત્ત્વનું પ્રદાન કરનાર તે વસુબંધુ (દ્વિતીય), દિઙ્નાગ અને ધર્મકીર્તિ તેમ જ તેમના વિવરણકારોની પરંપરા છે. ઉક્ત ત્રણે વિચારકોમાં ઉત્તરોત્તર તેજસ્વિતાની માત્રા વધતી જ ચાલી. દિઙ્નાગ દ્વારા ચોક્કસ ઘાટ પામેલી પરંપરા ધર્મકીર્તિ દ્વારા એક સ્થાયી નિર્ણાયક ઘાટ પામી, જેથી પાછળથી ધર્મકીર્તિના ગ્રંથોનાં અધ્યયન-વિવરણ-પલ્લવનની જ પરંપરા અનેક બૌદ્ધ લેખકોમાં ચાલી. વળી બૌદ્ધ ન્યાય ઉપરાંત ભારતીય ન્યાયપરંપરાના વિકાસમાં પણ દિઙ્નાગનું મહત્ત્વનું પ્રદાન ગણી શકાય. તેમના તથા ધર્મકીર્તિ-આદિના વિશિષ્ટ પ્રમાણવિચારથી ન્યાય-વૈશેષિક, મીમાંસક, વેદાંત વગેરે વૈદિક ઉપરાંત જૈન પ્રમાણવિચારકોમાં પણ તીવ્ર ઊહાપોહ જન્મ્યો, પરસ્પરના ખંડનમંડનની લાંબી મધ્યકાલીન પરંપરા ચાલી, જેમાં સરવાળે આખી ભારતીય પ્રમાણવિદ્યા અસાધારણ તેજસ્વિતા પામી. એટલું જ નહિ, સમગ્ર તત્ત્વવિદ્યાને એક નવું ઓજસ મળ્યું.

અહીં નોંધવું જોઈએ કે બૌદ્ધ પ્રમાણવિચાર પર કેટલાંક મૌલિક બૌદ્ધ મંતવ્યો — જેવાં કે અનાત્મવાદ, ક્ષણભંગવાદ, અપોહવાદ, અવયવિઅસત્તાવાદ, પ્રતીત્યસમુત્પાદવાદ ઇત્યાદિ — નો પ્રબળ પ્રભાવ પડ્યો છે. એને જ કારણે તેથી ભિન્ન મંતવ્યો ધરાવનારાં બૌદ્ધેતર વાદીઓમાં તીવ્ર પ્રતિક્રિયા જન્મી અને લાંબી વાદ-પ્રતિવાદની પ્રક્રિયા કેટલીક સદીઓ સુધી ચાલી. બૌદ્ધોના આ તેજસ્વી ઉપક્રમે આધુનિક અનેક તત્ત્વચિંતકોનું ધ્યાન આકર્ષ્યું છે. બૌદ્ધિક, વસ્તુલક્ષી, સંપ્રદાયમુક્ત ચિંતનને અનુકૂળ એવા આધુનિક જગતમાં આ મધ્યકાલીન બૌદ્ધોએ ઉપસ્થિત કરેલા પરિપ્રશ્નો માનવજ્ઞાનના સીમાડા વિસ્તારવામાં ઘણા ઉપયોગી અને પ્રસ્તુત છે. આ પરંપરામાં જ ઊભો છે પ્રસ્તુત ગ્રંથ 'ન્યાયબિંદુ'. અત્રે 'ન્યાયબિંદુ'ના કર્તાનાં જીવન, કાળ, ગ્રંથરચના વિષેની તેમ જ આ ગ્રંથમાં છાપેલી 'ન્યાયબિંદુ-ટીકા'ના કર્તા ધર્મોત્તર વિષેની ધ્યાનપાત્ર વિગતો સારવીને રજૂ કરી છે. ત્યાર બાદ પ્રસ્તુત ગ્રંથના અધ્યયન માટેનો યોગ્ય દષ્ટિકોણ પૂરો પાડવાની કોશિશ કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધર્મકીર્તિ

લામા–તારાનાથલિખિત બૌદ્ધ પરંપરાના ઇતિહાસમાં ધર્મકીર્તિના જીવનની કેટલીક ધ્યાનપાત્ર વિગતો આપી છે. તેઓ દક્ષિણ ભારતના પૂર્વ ભાગમાં આવેલા 'ચૂડામણિ' દેશ કિંવા ત્રિમલયમાં કોરુનંદ નામના પરિવ્રાજક બ્રાહ્મણ પિતાને ઘેર જન્મેલા. વેદ, વેદાંગ, વ્યાકરણ, આયુર્વેદ, લલિત કલાઓમાં સારી નિપુણતા પ્રાપ્ત કરેલી, નાનપણથી તીવ્ર પ્રજ્ઞા અને બુદ્ધિશક્તિ દાખવેલી. તીવ્ર જિજ્ઞાસાને વશ થઈને બૌદ્ધ ધર્મ વિષે પણ કિશોરાવસ્થામાં જ ઘણું જ્ઞાન મેળવ્યું અને સ્વસમુદાયનો કોપ વહોરીને પણ બૌદ્ધ ઉપાસકનો વેષ અને બૌદ્ધ જીવનચર્યા અંગીકાર્યાં. સંઘર્ષ ટાળવા મધ્યદેશ(મગધ)માં નાલંદા ગયા અને ત્યાં વૃદ્ધ બૌદ્ધ આચાર્ય ધર્મપાલ પાસે દીક્ષા લીધી ત્યાર બાદ દિઙ્નાગના શિષ્ય ઈશ્વરસેન પાસે તર્કશાસ્ત્રનું અધ્યયન કર્યું. પરંપરા તેમને કુમારિલ ભટ્ટ સાથે પણ સાંકળે છે. કુમારિલ પાસેથી વેષાંતરે વિદ્યાગ્રહણ કરી તેમને વાદમાં પરાસ્ત કર્યાની કથાઓ મળે છે. ઉત્તરાવસ્થામાં કલિંગમાં વિહાર સ્થાપી બૌદ્ધધર્મમાં અનેકને દીક્ષિત કર્યા. કલિંગમાં જ તેમનું અવસાન થયું.

ધર્મકીર્તિનો સમયનિર્ણય ચોક્કસ રૂપે થયો નથી, છતાં જુદી જુદી પૂર્વોત્તર મર્યાદાઓને આધારે તેમને જુદા જુદા વિદ્વાનો ઈ. સ. ૫૫૦થી ઈ. સ. ૬૭૫ વચ્ચેના ગાળામાં મૂકે છે.

ધર્મકીર્તિને નામે મળતા સાત ગ્રંથોમાં ત્રણ શુદ્ધ પ્રમાણ–શાસ્ત્રને કેન્દ્રમાં રાખે છે : (૧) 'પ્રમાણવાર્તિક' – દિઙ્નાગના 'પ્રમાણ–સમુચ્ચય'ના વિવરણરૂપે લખાયેલા આ ગ્રંથમાં પ્રત્યક્ષ, સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાન એ ત્રણ ખંડો ઉપરાંત પ્રામાણ્યચર્ચાનો એક અલગ ખંડ છે તે વિશેષ બાબત છે. તેમાં બુદ્ધના ધર્મકાય, જ્ઞાનકાય, સ્વભાવકાયની ચર્ચા છે. આ ગ્રંથની પ્રમાણચર્ચા મંદમતિ અધિકારી માટે થયેલી કહેવાય છે. (૨) 'પ્રમાણવિનિશ્ચય' – આમાં પણ પ્રત્યક્ષાદિ ત્રણ પરિચ્છેદોમાં મધ્યમ અધિકારી માટે પ્રમાણચર્ચા થયેલી છે. (૩) 'ન્યાયબિંદુ' – આમાંની પ્રમાણચર્ચા પ્રાજ્ઞ અધિકારી માટે છે. આ ઉપરાંત બીજા ગ્રંથો આને લગતા જ ખાસ વિષયોને સવિશેષ ચર્ચે છે : (૪) 'વાદન્યાય'માં પરાર્થાનુમાનના અવયવો અને વાદ–વ્યવસ્થાની ચર્ચા છે. (૫) 'સંબંધપરીક્ષા'માં સંબંધોના પ્રકાર અને સંબંધોની વાસ્તવિકતા અંગેની પરીક્ષા છે. (૬) 'હેતુબિંદુ'માં હેતુ કિંવા લિંગના ત્રણ પ્રકારોની ચર્ચા છે. (૭) 'સન્તાનાન્તરસિદ્ધિ'માં સ્વચિત્તસંતતિ જેમ અન્ય–ચિત્ત–સંતતિની અનુમાનથી સિદ્ધિ બતાવાઈ છે.

## ધર્મોત્તર

'ન્યાયબિંદુ' પર લખાયેલી અનેક ટીકાઓમાં શ્રેષ્ઠ અને વિષયલક્ષી ટીકા અત્રે છાપેલી ધર્મોત્તરની 'ન્યાયબિંદુટીકા' ગણાય છે. તેઓ કલ્યાણરક્ષિત અને ધર્માકરદત્ત-(અર્ચટ)ના શિષ્ય હતા. કાશ્મીરમાં થઈ ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનો સમય વિવિધ વિદ્વાનોના મતોને આધારે આઠમી સદીનો પૂર્વાર્ધ કે ઉત્તરાર્ધ આવતું ઠરે છે.

તેમના અન્ય ગ્રંથો : (1) ધર્મકીર્તિના 'પ્રમાણવિનિશ્ચય' પરની ટીકા, (2) 'અપોહનામપ્રકરણ' કે 'અપોહપ્રકરણ', (3) 'ક્ષણભંગસિદ્ધિ', (4) 'પરલોકસિદ્ધિ', (5) 'પ્રામાણ્ય/પ્રમાણ/લઘુપ્રમાણ-પરીક્ષા'.

## ન્યાયબિંદુ : વિષયસમીક્ષા

### ભૂમિકા

મનુષ્યની ચિંતનશીલતા અને સ્પંદનશીલતા સમગ્ર ભારતીય શાસ્ત્રપરંપરા અને કાવ્યપરંપરામાં પૂરેપૂરી અભિવ્યક્ત થાય છે. વ્યક્તિગત અને સામુદાયિક જીવનનાં શોધન અને મંડન માટે આ સમગ્ર વાઙ્‌મય-પુરુષાર્થ આકાર પામ્યો છે. શાસ્ત્ર કે કાવ્યની દરેક પરંપરામાં ગ્રંથસર્જનની વિપુલતા પાછળનું રહસ્ય સમજવા જેવું છે. એ વિપુલતામાં એક બાજુ પરસ્પર પ્રભાવ અને સાદૃશ્ય પણ ભરપૂર હોય છે, તો તેની સાથે જ વણાયેલું વૈવિધ્ય કે વિલક્ષણપણું પણ સંતર્પક હોય છે. એની પાછળ ભાગ ભજવે છે પરંપરા દ્વારા જે કાંઈ શ્રેષ્ઠ પ્રાપ્ત થયું છે તેના સ્વીકારની ગુણગ્રાહી વૃત્તિ અને પરંપરાના નવપલ્લવન દ્વારા ઋણમુક્તિની તાલાવેલી. પરંપરામાંનું જે કાંઈ પૂર્ણપણે ગ્રાહ્ય છે, જે કાલબાધિત નથી તેનો સ્વીકાર કરવામાં જ લાઘવ છે. તો બીજી બાજુ સમયાંતરે ઊઘડતા જતા જ્ઞાનનાં અને સૌંદર્યબોધનાં નવાં ક્ષિતિજોને ન્યાય આપવા અપ્રસ્તુત કે કાલ-ગ્રસ્ત અંશોનું વિસર્જન પણ જીવનનાં શોધન-મંડનના કર્તવ્યની પૂર્તિરૂપ બની રહે છે. આ ન્યાયે જોતાં એક જ વિષયને લક્ષતા અનેક શાસ્ત્ર-ગ્રંથોમાં દેખીતી રીતે અનુકરણ પ્રાયઃ વિશેષ જોવા મળે છે. તેમ છતાં દરેક ગ્રંથમાં તેના રચયિતાની પ્રતિભા સૌમ્ય કે પ્રબળ રીતે કોઈક અંશમાં પ્રસ્ફુટિત થતી હોય છે. એને લીધે જ દરેક સમાન લાગતા ગ્રંથની પણ અપૂર્વતા અધિકારીઓ દ્વારા અનુભવાય છે. હેમચંદ્રાચાર્યે તેમના 'પ્રમાણમીમાંસા' ગ્રંથમાં પ્રત્યેક ગ્રંથની અપૂર્વતાની આ વાત સારી રીતે કહી છે. આ ન્યાય 'ન્યાયબિંદુ'-ને પણ લાગુ પડે છે. પરંપરાગત અનેક બાબતોના 'અનુ-વાદ' સાથે કેટલાક મહત્ત્વના મુદ્દામાં લેખકનું મૌલિક પ્રદાન ઊપસી આવે છે. નવી વાત પણ કશા આવેશ કે ફટાટોપ વગર રજૂ કરવાની તેમની તાસીર જણાય છે. પ્રમાણચર્ચામાં પ્રમેયવિષયક સ્વમતો બાબત અનાગ્રહીપણું એ પણ એમની વિશેષતા છે. આમ છતાં ઉદાહરણો દ્વારા પોતાનાં તત્ત્વવિષયક, આચારવિષયક મંતવ્યો તરફ હળવાશથી ઇંગિત કરી દે છે. પોતાના આદરણીય પૂર્વાચાર્યોના કોઈ મતો પ્રત્યે અસંમતિ હોય તો તે પણ સમુચિત રીતે હેતુ-પૂર્વક પ્રસ્થાપે છે. સૂત્રશૈલીને શોભાવે તેવું યુક્તિલાઘવ, કથનલાઘવ જળવાયું છે. આમ છતાં વિષયનાં બધાં જ મહત્ત્વનાં અંગોની વ્યવસ્થિત રજૂઆત થઈ છે.

હવે પછી પ્રથમ, ગ્રંથનો સ્થૂલ પરિચય આપી, ત્યારબાદ પસંદ કરેલાં મહત્ત્વનાં વિચારશિખરો ઉપસાવવાનો ક્રમ રાખ્યો છે. અંતે ધર્મકીર્તિ કઈ પ્રસિદ્ધ દાર્શનિક બૌદ્ધ શાખાને વરેલા છે તે બહુચર્ચિત વિચારણીય પ્રશ્નના સમાધાન માટે કોશિશ કરીશું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શીર્ષક

સમગ્ર ભારતીય પ્રમાણશાસ્ત્રમાં ' ન્યાય ' શબ્દ બહુપ્રયુક્ત છે, મ૦ મ૦ શ્રી સતીશચંદ્ર વિદ્યાભૂષણના મતે પ્રમાણશાસ્ત્ર પ્રથમ તબક્કામાં ' આન્વીક્ષિકી '- વિદ્યા તરીકે ઓળખાતું હતું. જ્યારે બીજા તબક્કામાં ' ન્યાયશાસ્ત્ર ' તરીકે ઓળખાવા લાગ્યું. એમને મતે ' ન્યાય ' શબ્દ મુખ્યત્વે પરાર્થાનુમાન માટે વપરાય છે, ને લક્ષણાથી પ્રમાણમાત્ર માટે ( જુઓ A History of Indian Logic, pp. 40–41 ). ' ન્યાય ' ને પર્યાય ' ઉપાય ' શબ્દને ગણી શકાય. બંનેમાં વ્યુત્પત્તિથી જન્મતો અર્થ પણ સમાન છે. ' નિ ' એટલે નિશ્ચયપૂર્વક, ' આય ' એટલે પહોંચાડનારું. અર્થાત્ કોઈ વિષયના સ્વરૂપને પમાડનારું ( જ્ઞાનરૂપી ) સાધન તે ન્યાય. સત્ય વિષેનું પરીક્ષણ સાચા સત્યને પમાડે છે માટે ' સત્ય-વિચાર ' યા પુરાવાના તોલનને પણ પ્રચલિત લોકવહેવારમાં ' ન્યાય ' કહેવાય છે. લગભગ ' ન્યાય ' શબ્દના જ અર્થમાં મર્યાદિત અંશે ' પરીક્ષા ' શબ્દ પણ વપરાયો છે ( દા. ત. ' પરીક્ષામુખસૂત્ર ' એ ગ્રંથનામ ). પરંતુ ' ન્યાયબિંદુ ' શબ્દમાં ' ન્યાય ' નો ' પ્રમાણ ' એ વ્યાપક અર્થ જ બંધ બેસે છે. ' બિંદુ ' શબ્દ ઘણા શાસ્ત્રગ્રંથોના નામના ઉત્તરપદ તરીકે જોવા મળે છે – દા. ત. ' હેતુબિંદુ '. તે અર્થમાં જ ' લેશ ', ' કણિકા ' શબ્દો પણ વપરાયા છે. સંભવતઃ આ શબ્દો ગ્રંથકારની નમ્રતા સૂચવે છે. શાસ્ત્રના વિપુલ ગ્રંથરાશિમાં પોતાનો ગ્રંથ કે પ્રયત્ન બિંદુ-સમાન છે એવી નમ્ર અનુભૂતિ એમાંથી સૂચવાતી લાગે છે. આગળ કહ્યું તેમ શાસ્ત્રગ્રંથોના વિપુલ કલેવરમાં મૌલિક પ્રદાનનાં બિંદુ તો મર્યાદિત જ ( છતાં કિંમતી ) હોય છે. અનેક ગ્રંથકારના ક્રમિક પ્રયત્નોરૂપી બિંદુઓથી જ શાસ્ત્રરૂપી સિન્ધુનું નિર્માણ થાય છે

## ગ્રંથકલેવર

આ ગ્રંથ ' પ્રત્યક્ષ ', ' સ્વાર્થાનુમાન ' અને ' પરાર્થાનુમાન ' એમ ત્રણ પરિચ્છેદોમાં વિભક્ત છે. તેમાં ધર્મોત્તરની ટીકા અનુસાર અનુક્રમે ૨૧, ૪૮ અને ૧૪૦ સૂત્રો છે

' પ્રત્યક્ષ–પરિચ્છેદ 'ના પ્રથમ સૂત્રમાં પ્રસ્તુત ગ્રંથના વિષયનું તથા તે વિષયના પ્રયોજનનું કથન છે. ત્યાર બાદ સમ્યગ્–જ્ઞાનના બે પ્રકારનો નિર્દેશ, પ્રત્યક્ષનું લક્ષણ, પ્રત્યક્ષલક્ષણઘટક બે પદોનું અર્થકથન, પ્રત્યક્ષના ચાર પ્રકારોનાં લક્ષણ, પ્રત્યક્ષના વિષયરૂપ સ્વલક્ષણનું સ્વરૂપ અને પારમાર્થિક મહત્ત્વ, અનુમાનના વિષયનું સ્વરૂપ, પ્રમાણ–ફલનું અભિન્નપણું, સારૂપ્યનું પ્રમાણપણું – એટલા વિષયો પ્રથમ પરિચ્છેદમાં નિરૂપાયા છે.

' સ્વાર્થાનુમાનપરિચ્છેદ 'માં અનુમાનના પ્રકારોના કથનપૂર્વક તે પૈકીના સ્વાર્થાનુમાનનું નિરૂપણ છે. સ્વાર્થાનુમાનનું લક્ષણ, લિંગના ત્રૈરૂપ્યનું સ્વરૂપ, અનુમેય ( પક્ષ )-સપક્ષ–વિપક્ષનું સ્વરૂપ, ત્રણ પ્રકારનાં લિંગોનું સોદાહરણ સ્વરૂપકથન, ત્રિવિધ લિંગના લિંગત્વના કારણરૂપે સ્વભાવપ્રતિબંધની આવશ્યકતા, અનુપલબ્ધિ–લિંગ વિષે વિશેષ વિચાર, અનુપલબ્ધિના અગિયાર પ્રકારોનું સોદાહરણ વર્ણન, આ વિષે કેટલાંક સ્પષ્ટીકરણો, અદૃશ્યાનુપલબ્ધિની સંશયકારકતા – આટલા વિષયો નિરૂપાયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજા 'પરાર્થાનુમાન-પરિચ્છેદ'માં પરાર્થાનુમાનનું લક્ષણ, તેના સાધર્મ્યવાળા પ્રયોગભેદોનું લિંગપ્રકારભેદે સોદાહરણ કથન, સ્વભાવહેતુના ત્રણ પ્રભેદોની પ્રાસંગિક ચર્ચા, વૈધર્મ્યપ્રયોગોનું સોદાહરણ કથન, અન્વય-વ્યતિરેકની તાત્ત્વિક એકરૂપતા, પરાર્થાનુમાનમાં પક્ષનિર્દેશ (= નિગમનવાક્યરૂપે સાધ્યનિર્દેશ)ની અનાવશ્યકતા, પક્ષ (= પ્રતિજ્ઞા વાક્ય) નું લક્ષણ અને લક્ષણઘટકોનું સોદાહરણ સ્પષ્ટીકરણ, પ્રસંગોપાત્ત ચાર પ્રકારનાં નિરાકૃત પક્ષોનાં ઉદાહરણ, હેત્વાભાસોના પ્રકારોનું સોદાહરણ વર્ણન, વક્તૃત્વ-સર્વજ્ઞત્વના વિરોધના પરીક્ષણના અન્વયે વિરોધના બે પ્રકારની પ્રાસંગિક ચર્ચા, વિરુદ્ધ હેત્વાભાસના 'ઇષ્ટવિઘાતકૃત્' પ્રકારના અનુલ્લેખ અંગે સ્પષ્ટીકરણ, અસાધારણ અનૈકાન્તિક હેત્વાભાસની સંશયકારકતા, વિરુદ્ધાવ્યભિચારી હેત્વાભાસના અનુલ્લેખ અંગેની પ્રાસંગિક સ્પષ્ટતા, 'દૃષ્ટાન્ત'નો પૃથક્ સાધનાવયવ તરીકે અસ્વીકાર, દૃષ્ટાંતદોષોના પ્રકારોનાં ઉદાહરણો, દૂષણનું લક્ષણ, જાતિનું લક્ષણ – આટલા વિષયો છે.

## મનનીય બિંદુઓ ( ટિપ્પણમાં નહિ સ્પર્શાયેલાં )

**સમ્યગ્જ્ઞાનની પુરુષાર્થસિદ્ધિ માટે અનિવાર્યતા** ( સૂત્ર ૧.૨ ): મિથ્યાજ્ઞાનથી પ્રતિભાસ પામતો વિષય અપેક્ષિત અર્થક્રિયા કરનારો નથી હોતો તેથી તે પુરુષાર્થની સિદ્ધિ તો નથી જ કરતો. પરંતુ "તે અન્ય અર્થક્રિયા સાધનારો તો બની શકે. તો પછી અન્ય પુરુષાર્થની સિદ્ધિ કરનારો તો ગણાય જ" – તેવો વાંધો ન લઈ શકાય ? ટીકાકાર સમજાવે છે કે જે ક્ષણે અન્ય પુરુષાર્થની સિદ્ધિ પુરુષ અનુભવે છે તે ક્ષણની તરત પૂર્વે તે પદાર્થનું મિથ્યાજ્ઞાન ટાળે તેવું સમ્યગ્જ્ઞાન થાય તે થકી જ પોતે નિશ્ચિત અર્થક્રિયાની તૃપ્તિ અનુભવી શકે. છિપલીને રજતબુદ્ધિથી લેવા ગયેલો મનુષ્ય જ્યારે છિપલી મેળવે છે, ત્યારે એનું છિપલીપણું જાણે તો જ 'છિપલી મેળવી' તે આકારે પુરુષાર્થસિદ્ધિ અનુભવી શકે છે. કોઈ પણ પુરુષાર્થસિદ્ધિ એના સમગ્ર આકારના સમ્યગ્જ્ઞાન થકી જ સંપન્ન થાય છે. રસપાનના અનુભવની ક્ષણે રસને 'કટુરસ' તરીકે જાણનારો મનુષ્ય પોતે 'હું મધુર રસ માણું છું' એવી અનુભૂતિ કઈ રીતે કરી શકે ? અજ્ઞાત સુખ એ સુખ કહેવાય ?

**પ્રત્યક્ષની નિર્વિકલ્પકતા** ( ૧.૪ ): ઉપનિષદ્ના यतो वाचो निवर्तन्ते...। એ અભિપ્રાય સાથે તુલનીય આ અભિપ્રાય છે. સત્યનો કશા આરોપણ વગરનો અનુભવ એટલો સઘન હોય છે કે ત્યાં શબ્દને અવકાશ જ નથી. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનનો અભેદ એ જ ખરો સાક્ષાત્કાર છે – આવી ગૂઢ બાબત આ નિર્વિકલ્પક-પ્રત્યક્ષવાદ સૂચવી જાય છે. આપણો વ્યવહાર સવિકલ્પક પ્રત્યક્ષથી ચાલે છે, એટલે તે દૃષ્ટિએ પ્રત્યક્ષ સવિકલ્પક જ હોય એમ જ વિચારવાને આપણે ટેવાયેલા છીએ. પરંતુ બૌદ્ધો પ્રત્યક્ષનો વિષય સ્વલક્ષણ એટલે કે સામાન્યરહિત માને છે; ને સામાન્યની પ્રતીતિ વગર શબ્દની ઉપસ્થિતિ સંભવે નહિ. પ્રત્યક્ષ વિષેનો આ પારમાર્થિક અભિપ્રાય પ્રાજ્ઞ પુરુષોના યથાર્થ દર્શનને આભારી જ ગણાય. આ લક્ષણ દ્વારા 'વ્યવહારપરાયણ સંસારીઓ પ્રત્યક્ષાભાસને જ પ્રત્યક્ષ ગણે છે' એવું ગૂઢ મંતવ્ય ફલિત કરી શકાય. આમાંથી જ્ઞાતા અને વિષયના અદ્વૈતનું ઇંગિત વાંચી શકાય. બૌદ્ધ અપોહવાદ પણ 'શબ્દો વસ્તુના સ્વરૂપના પરિચાયક નથી' એ વાત જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘોષિત કરે છે. મૌન અને યોગમાર્ગ જ સત્યગ્રહણનો સાચો માર્ગ છે એવું પણ આમાંથી ફલિત કરી શકાય. શબ્દમાત્રનો ઉપયોગ, આ મત મુજબ, અપૂર્વ વસ્તુનું 'પૂર્વગ્રહ' અર્થાત્ પૂર્વે જોયેલી વસ્તુરૂપે ગ્રહણ કરવા બરાબર ગણાય. અલબત્ત, વ્યવહારજગત્, કે જે પરમાર્થદૃષ્ટિએ મિથ્યા છે, તેના નિર્વહણ માટે તેવો જ મિથ્યા શબ્દ જરૂરી બની જાય છે. વસ્તુનું નામ પાડવા ભેગું જ જ્ઞાતાના રાગદ્વેષનું જાળું આખેઆખું ખેંચાઈ આવે છે. વસ્તુદર્શન સાથે જ અધ્યવસાયની ઉત્પત્તિ તે જ સંસારીની સંસારિતા. ધર્મકીર્તિની આ પરંપરા સંપૂર્ણપણે અધ્યાત્મલક્ષી પ્રમાણશાસ્ત્રની છે તે અહીં પણ સ્પષ્ટ થાય છે.

**ઇન્દ્રિયાશ્રિત જ્ઞાન (૨.૪:)** ટીકાકારે ઇન્દ્રિયજ્ઞાનને 'ઇન્દ્રિયજન્ય' નહિ પણ 'ઇન્દ્રિયાશ્રિત' કહ્યું છે તે પ્રતીત્યસમુત્પાદવાદને કારણે. ક્ષણભંગવાદ મુજબ જન્યજનકભાવ વાસ્તવિક લેખ્યો ન હોવાથી 'ઇન્દ્રિયવ્યાપારની ક્ષણ હોય છે ત્યાં પ્રત્યક્ષની ક્ષણ આવે છે' એવા આકારની અનુભૂતિ 'પ્રતીત્યસમુત્પાદવાદ' મુજબ સૂચવી છે. ન્યાયદર્શનમાં તો ઇન્દ્રિયને પ્રમાણ પણ લેખ્યું છે. પણ 'કારણો હંમેશાં કાર્યોત્પાદક થતા નથી' એ ન્યાયે ઇન્દ્રિયને સ્વભાવથી પ્રત્યક્ષની જનક માની શકાય નહિ. તે જ ન્યાયે 'અર્થ કિંવા વિષયમાંથી જન્મતું જ્ઞાન તે પ્રત્યક્ષ' એવી પ્રત્યક્ષની પૂર્વાચાર્યની વ્યાખ્યા પણ ત્યજાઈ છે.

**સ્વસંવેદન-પ્રત્યક્ષ (૧.૧૦)** : આ પ્રકારની કલ્પનાનું મૂળ છે બૌદ્ધ અનાત્મવાદ. બૌદ્ધ મતે જ્ઞાન એ એક નિરાશ્રય ધર્મસંતતિ છે, જે સ્વભાવથી જ વિષયને અને પોતાને એમ ઉભયને પ્રગટ કરે છે — જેમ પ્રદીપ વિષયને અને પોતાના તેજને એક સાથે જ પ્રગટ કરે છે. જ્ઞાન કોઈ જડ વસ્તુ નથી, જે ચેતન એવા આત્માનો ધર્મ બની રહે. જ્ઞાન પોતે જ ચિદાત્મક છે. વિષયને જ્ઞાન પ્રગટ કરે અને જ્ઞાનને આત્મા પ્રગટ કરે, તો આત્માને પ્રગટ કરવા વળી અન્ય વસ્તુ અને એમ અનવસ્થા સંભવે. એ દૃષ્ટિએ બૌદ્ધ સ્વસંવેદનની કલ્પના યુક્તિસંગત લાગે છે. ઉપનિષદ્‌નાં सत्यं ज्ञानम् अनन्तं ब्रह्म (સત્યરૂપ, જ્ઞાનરૂપ, અનન્ત એવું બ્રહ્મ) એ કલ્પના અથવા બ્રહ્મની सत्–चित्–आनन्दરૂપતાની કલ્પના પણ અત્રે તુલનીય છે. પ્રત્યક્ષનિષ્ઠ બૌદ્ધો જે અનુભવાય છે તે સિવાયનું કોઈ તત્ત્વ (દા.ત. આત્મા) માત્ર શાસ્ત્રની સાક્ષીએ સ્વીકારવામાં અપ્રામાણિકતા અને અનેક અનર્થોનું મૂળ જુએ છે. ક્ષણિક સ્વલક્ષણરૂપ ચિત્તધારા કે ચૈતધારા વિષય સાથે જ સ્વને પણ પ્રકટ કરનારા સ્વભાવની અનુભવાય છે, અને એ રીતે એ જ્ઞાનનો એક ક્ષણનો દરેક બનાવ સ્વયંસંપૂર્ણ બની રહે છે. બે ક્ષણના ચિત્ત વચ્ચે સાદૃશ્ય હોય, પણ અભેદ કે સ્થાયિત્વ નહિ.

**સુખાદિની જ્ઞાનરૂપતા (૧.૮.૩)**: ચિત્ત અર્થાત્ જ્ઞાનની પૂર્વાપેક્ષાથી સુખ-દુઃખાદિરૂપ વિશેષ અવસ્થાવાળાં ચિત્ત આકાર પામે છે, તેથી તે 'ચૈત્ત' (= ચિત્તસંબંધી અવસ્થાઓ) કહેવાય છે. ટૂંકમાં, ચિત્તનિમિત્તે અસ્તિત્વમાં આવે તે ચૈત્ત. ચૈત્ત પણ જ્ઞાનરૂપ જ છે, ચૈતન્યના જ વિશેષો છે. સુખદુઃખાદિ તે સાંખ્યમતમાં વિષયના ધર્મો મનાયા છે. તે મતનો અત્રે અસ્વીકાર કર્યો છે. વિષયમાં સુખરૂપત્વ ઇત્યાદિ માત્ર આરોપિત થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે, પણ વસ્તુતઃ વિષય સુખાદિરૂપ હોતા નથી. વળી જ્ઞાનનું ભાન જેમ વિષયબોધની સાથે જ થાય છે, તેમ સુખદુઃખાદિનું ભાન પણ સુખાદિના વિષયના બોધની ક્ષણે જ થાય છે.

**યોગિપ્રત્યક્ષ ( ૧.૧૨ )** : પ્રમાણવિદ્યા પણ લોકોત્તર ચૈતન્ય કિંવા સમાહિત ચિત્તદશા જેવા પ્રકૃષ્ટ અનુભવોને બુદ્ધિપૂર્વક સુપ્રતિષ્ઠિત યા સુસિદ્ધ કરવા માટે જ હોઈ શકે તે વાત વિવિધ ભારતીય અધ્યાત્મમાર્ગોમાં ચરિતાર્થ થાય છે. જૈન પરંપરામાં કેવળ( કૈવલ્ય )-જ્ઞાન, વૈશેષિક દર્શનમાં પ્રશસ્તપાદ દ્વારા સ્વીકૃત પ્રાતિભ દર્શન, સાંખ્યયોગસ્વીકૃત યોગમાર્ગ – આ બધા રૂપે પ્રમાણશાસ્ત્રે ગૂઢાનુભવને પૂર્ણ પ્રતિષ્ઠા આપી છે. આમ પ્રમાણશાસ્ત્ર અને અધ્યાત્મવિદ્યા વચ્ચે વસ્તુતઃ અવિરોધ છે. બૌદ્ધ પરંપરામાં પણ યોગમાર્ગનું ઊલટભર્યું, વ્યવસ્થિત ખેડાણ થયેલું છે.

અહીં સૂત્રમાં યોગિજ્ઞાનનું સ્વરૂપ નથી કહ્યું, માત્ર તેની પ્રક્રિયા જ કહી છે તે નોંધપાત્ર બાબત છે. બૌદ્ધ દષ્ટિ પારમાર્થિક સત્યના સ્વરૂપને અનિર્વાચ્ય, અવ્યાકૃત કહે છે. જે પારમાર્થિક સત્ય અપૂર્વ છે તેને તેના અનુભવ પૂર્વે કહેવું તે અસંગત અને વ્યર્થ જ ગણાય. તેનું સ્વરૂપ કોઈ પણ શબ્દથી કહેવું હોય તો તે किमपि ( કંઈક જુદું જ ) એ શબ્દયુગલ વડે જ કહી શકાય. પાછળ ટિપ્પણમાં સ્પષ્ટ કર્યું છે તેમ યોગિજ્ઞાનને ભૂતાર્થની ભાવનાના પ્રકર્ષરૂપ નહિ, પણ તે પ્રકર્ષમાંથી જન્ય કહીને તેની અપૂર્વતા કે વિલક્ષણતા જ સૂચવી જણાય છે.

અત્રે યોગિજ્ઞાનની પ્રક્રિયાને ' ભૂતાર્થભાવનાપ્રકર્ષ ' એ શબ્દોથી નિર્દેશી છે. ' ભૂતાર્થ '. નો પ્રાથમિક અર્થ તો સત્ અર્થ એટલે કે ' પ્રમાણોથી અનુભવાતા વિષયો ' એવો જ થાય. ધર્મોત્તરની ટીકામાં આ અર્થ આપીને પછી માત્ર દષ્ટાંતરૂપે જ ચાર આર્યસત્યો ( દુઃખ, દુઃખસમુદય, દુઃખનિરોધ અને દુઃખનિરોધક માર્ગ )ને એવા ભૂતાર્થ તરીકે નિર્દેશ્યાં છે. આમાં થોડો હકીકતદોષ લાગે છે. દુઃખાદિ ચાર આર્યસત્યો ખરેખર તો ભૂતાર્થરૂપ નહિ, પણ ભૂતાર્થની ચિત્તધારા(ભાવના)માં ઊઠતી નિર્વેદાદિ ચિત્તાવસ્થા-(ચૈત્ત)રૂપ છે. આગળ સ્વસંવેદનની ચર્ચામાં ધર્મોત્તરે પોતે જ સ્પષ્ટ કર્યું છે કે નીલાદિ વિષયો પોતે સુખાદિરૂપ નથી. તે ન્યાયે જગતના વિષયો પોતે દુઃખાદિરૂપ નથી, પણ વિષયબોધરૂપ ચિત્તક્ષણ પોતે દુઃખાદિ સંવેદનો રૂપ ચૈત્ત-ક્ષણને સ્થાન આપે છે.

પ્રમાણદષ્ટ પદાર્થોમાં પુનઃ પુનઃ ચિત્ત સમભાવે એકાગ્ર કરવું તે થઈ ભૂતાર્થભાવના. આનો અર્થ એ કે યોગિજ્ઞાન માટે પ્રાથમિક પ્રમાણોથી થતો જગતનો અનુભવ અત્યંત ઉપાદેય છે. જગતને અવગણીને, લૌકિક પ્રમાણોને અવરોધીને યોગિજ્ઞાન કિંવા તત્ત્વદર્શન સંભવે નહિ – એ વાત આમાંથી સ્પષ્ટ થાય છે. અહીં ' ભાવના ' શબ્દથી ભૂતાર્થનું સાંસારિક વૃત્તિઓથી થતું ગ્રહણ નહિ, પણ સમભાવથી થતું ગ્રહણ, ભૂતાર્થ પાછળના અસીમ રહસ્યની જિજ્ઞાસાથી પુનઃ પુનઃ કરાતું ગ્રહણ અભિપ્રેત છે. આવી વિશિષ્ટ ભાવનાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'પ્રકર્ષ' એટલે તે ભાવનાનું સહજ રીતે, કુદરતી પરિબળોથી થતું ઊર્ધ્વારોહણ. 'પ્રકર્ષ'–અવસ્થા ભાવનાને યાંત્રિક, એકધારી, કંટાળાભરેલી, નવોન્મેષરહિત થતી રોકે છે 'ભાવના'-માં પુરુષનો પ્રયત્ન છે, તો 'પ્રકર્ષ'માં અનાયાસ, પ્રાકૃતિક પરિબળોથી સધાતું સ્વયંભૂ ઊર્ધ્વગમન છે. 'પર્યન્ત' શબ્દથી એ 'પ્રકર્ષ'નું ઉત્તરોત્તર તીવ્રતર થતું જતું સ્વરૂપ સૂચવાય છે. એ તીવ્રતાનો અવધિ તે 'પર્યન્ત'. અહીં સુધી સૂચવાતી અવસ્થા તે ગીતા-પ્રોક્ત 'આરુરુક્ષુ (યોગારોહણ માટે મથતા) મુનિ'ની અવસ્થા. તેમાંથી ઉદ્ભવે છે યોગિ-જ્ઞાન, જે સર્વ પૂર્વાવસ્થાઓથી અત્યંત વિલક્ષણ કિંવા અપૂર્વ છે. આ છે ગીતાપ્રોક્ત 'યોગારૂઢ'ની સ્થિતિ. પૂર્વની સાધકદશામાં, ગીતાના શબ્દો વાપરીએ તો, 'કર્મ'નું પ્રાધાન્ય છે, તો યોગિજ્ઞાનની સિદ્ધિમાં 'શમ'નું પ્રાધાન્ય છે.

આ વર્ણન એટલું ફલિત કરી આપે છે કે બૌદ્ધ દર્શન પણ આ સંસારનાં સર્વ પ્રવાહપ્રાપ્ત કર્તવ્યોની ઉપાદેયતા બતાવવા સાથે જ એ બધાંથી પૂર્ણરૂપે ઉપર ઊઠીને સહજપણે પ્રાપ્ત થતી સમાહિત સ્થિતિ કિંવા સ્થિતપ્રજ્ઞતાની સંભાવના કરે છે. પાપ–પુણ્ય, શુભાશુભથી ઉપર ઊઠવું તે જ સાચું અધ્યાત્મ. ઉપનિષદ્ એને માટે કહે છે: सा काष्ठा सा परा गतिः ।

આ સૂત્રનું અત્યંત લાઘવભર્યું છતાં પૂરી ગહનતાવાળું વર્ણન એ બતાવે છે કે અનાત્મવાદ, ક્ષણભંગવાદ ઇત્યાદિ બૌદ્ધ ગૃહીતો વસ્તુતઃ તો સાધકને અપ્રસ્તુત અને સાધનામાં વિઘ્નરૂપ એવા વાદોમાં સ્થગિત થતો બચાવી વાસ્તવિક કર્તવ્યમાં એકાગ્ર કરવા માટેની બાલ-હિતાર્થે યોજેલી યુક્તિઓ જ ગણી શકાય. બાકી આત્મા–આદિ પરોક્ષ વિષયોનો નિર્ણય યોગિજ્ઞાનની પ્રાપ્તિથી જ થઈ શકે. અકાળે આધ્યાત્મિક પ્રમેયોનું આકલન કરવાનો મિથ્યા પ્રયત્ન ન કરવો, એટલો જ બુદ્ધનો આશય લાગે છે. બાકી ભારતીય પરંપરામાં ભરપૂર રીતે પોષાયેલી મૂલ્યનિષ્ઠા, અધ્યાત્મરુચિ બૌદ્ધ પરંપરામાં પણ છે.

આના અનુસંધાનમાં 'ન્યાયબિંદુ'ના બીજા પરિચ્છેદમાં અનુપલબ્ધિરૂપ હેતુની ચર્ચાના ઉપલક્ષ્યમાં કરાયેલું તારણ નોંધપાત્ર છે: અદૃશ્ય ભાવની અનુપલબ્ધિ તે ભાવને લગતો અભાવવ્યવહાર કરાવી શકે નહિ. આનો અર્થ એ કે નિરુદ્ધ ચૈતન્યવાળા સંસારી જીવો માટે સંસારી અવસ્થાનું સાતત્ય છે ત્યાં સુધી અનેક પ્રમેયો અદૃશ્ય (= અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત) છે. તે પ્રમેયોની અનુપલબ્ધિ તેમના અસ્તિત્વનો નિશ્ચિત નિષેધ ફલિત ન કરી શકે. અલબત્ત, યોગિજ્ઞાનની પ્રાપ્તિ બાદ તે પ્રમેયો અદૃશ્ય ન રહે તેમ જ માનવું રહ્યું. અન્ય પરંપરાના પ્રમાણશાસ્ત્રમાં વિરલ એવી અનુપલબ્ધિરૂપ હેતુની ચર્ચા પાછળ ગ્રંથકારનો આશય આ આધ્યાત્મિક વિષયો બાબત નિર્ણય કરવામાં થતી ઉતાવળને રોકવાનો જ લાગે છે.

**પરમાર્થસત સ્વલક્ષણ** (૧.૧૨–૧૫): મૌલિક બૌદ્ધ ચિંતનધારામાંથી નિષ્પન્ન થયેલ ક્ષણભંગવાદ, અવયવિ–અસત્તાવાદ, સામાન્ય–અસત્તા–વાદ, અપોહવાદ ઇત્યાદિમાંથી જ પરમાર્થસત્‌ની તેમણે માનેલી અનિર્વાચ્યતા તરફ ઇંગિતમાત્ર કરતો 'સ્વલક્ષણ' શબ્દ પ્રભવ્યો. બૌદ્ધો દરેક ઘટનાને કાળ કે સ્થળના એકાધિક બિંદુમાં ન વ્યાપનારી માને છે. પ્રત્યક્ષજ્ઞાનનો અનુભવ યથાર્થ રૂપમાં પૂર્વાનુભવથી કોઈ પણ રીતે લેપાયા વગરનો, અપૂર્વ–ગ્રાહી, માત્ર વસ્તુસંવિદ્રૂપ, અભિલાપ(શબ્દ)સંસર્ગરહિત, જ્ઞાતા દ્વારા કરાતા કોઈ પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પનના આરોપણ વગરનો મનાયો છે. દરેક પ્રત્યક્ષાનુભવની પ્રથમ ક્ષણ આવા કલ્પનમુક્ત, શબ્દસંવિદ્-મુક્ત ચિત્તરૂપ હોય છે. એ જ પ્રત્યક્ષ જ્ઞાન છે, ત્યાર પછી વિલક્ષણ પ્રતીત્ય-સમુત્પાદધારાને વશ વર્તીને અધ્યવસાયાદિ ક્રમે ભલે કલ્પના, શબ્દ ઇત્યાદિનો સંસર્ગ થતો હોય, પરંતુ તેમાં વસ્તુગ્રહણ સાથે અવસ્તુગ્રહણનું વિલક્ષણ મિશ્રણ થઈ જાય છે. પ્રથમ કલ્પનાસ્વભાવ રહિત ચિત્તનો જે વિષય છે તે માત્ર અનુભવૈકગમ્ય છે; એને નામ કે વર્ણનથી અભિવ્યક્ત ન કરી શકાય. તેમ છતાં જ્યારે શાસ્ત્રકાર વાણી દ્વારા આ સતની અનિર્વાચ્યતા કહેવા બેઠા છે ત્યારે એનું ઇંગિતમાત્ર કરતો 'સ્વલક્ષણ' શબ્દ ઉપાદેય માન્યો છે. જે સ્વથી અર્થાત્ સ્વના ગ્રહણથી જ લક્ષાય, શબ્દથી નહિ, તે સ્વલક્ષણ. એનું લક્ષણ સર્વથી વ્યાવૃત્ત, આગવું હોય છે. એ જ સતરૂપ વસ્તુ છે, જે પોતાના આગવા સ્વરૂપથી જ્ઞાતાની 'અર્થક્રિયા' (અર્થ કિંવા વિષયસંબંધી ક્રિયા અથવા તો અર્થ કિંવા પ્રયોજનને સાધતી ક્રિયા) સાધવા સમર્થ બને છે. બૌદ્ધ મતે ચિત્તની અને અર્થની સ્વલક્ષણધારાઓ એ જ સત્ છે. આત્મા, સ્થાયી અર્થ, દેશકાલવ્યાપી અખંડ સામાન્ય એ કલ્પનાના જ વિષય છે, અકિંચિત્કર છે. સ્વલક્ષણ એ કાર્યકારણ, વિરોધ, સાદૃશ્ય ઇત્યાદિ સંબંધોથી પણ અનભિલાપ્ય છે. આ વાત ઉપસાવવા જ પ્રસ્તુત ગ્રંથકારે 'સંબંધપરીક્ષા' ગ્રંથ પણ રચ્યો છે. સત્ની સ્વલક્ષણતા, અપૂર્વતા જ એના અર્થ-ક્રિયાસામર્થ્યરૂપ અને ક્ષણિકત્વરૂપ પણ છે.

સ્વલક્ષણવાદ જ 'સર્વાસ્તિવાદ'ને દૃઢ રીતે પ્રસ્થાપી આપે છે. સર્વ કલ્પનોનાં આવરણો બાદ કર્યાં પછી જેનો 'મિથ્યા' એવા શબ્દથી અપલાપ ન કરી શકાય એવું ચિત્તરૂપ કે અર્થરૂપ સત્-તત્ત્વ છે જ એ વાત સ્વલક્ષણવાદ નિશ્ચિત કરી આપે છે. શુદ્ધ નિર્ભેળ પ્રતીતિમાં – યથાર્થ પ્રત્યક્ષમાં – પ્રતિભાસતા અર્થની સત્તા વિષે કોઈ સંશયને અવકાશ ન હોઈ શકે. આ સ્વલક્ષણવાદને સર્વદા અને સર્વત્ર અંગીકારીએ તો શુભા-શુભાદિ દ્વંદ્વો, શાસ્ત્રાધિપત્ય, જાતિવાદ, ભાષાવાદ, વાણીમદ ઇત્યાદિ અનેક કલ્પનાશ્રિત, અર્થક્રિયાસામર્થ્યરહિત વ્યવહારોનું નિરસન થાય. આધુનિક વિજ્ઞાનનાં સાપેક્ષવાદ જેવાં મંતવ્યો પણ સ્વલક્ષણવાદી અભિગમથી જ વસ્તુના નિર્ભ્રાન્ત, કલ્પનાવરણરહિત સ્વરૂપનું પ્રતિપાદન કરતાં જણાય છે. કલ્પનાજાળના નિરસનપૂર્વકની વસ્તુલક્ષિતા જ સંશયમુક્ત તત્ત્વબોધનું એકમાત્ર સાધન છે.

**કલ્પનાશ્રિત સામાન્ય** (૧. ૧૬, ૧૭) : 'સામાન્ય' કિંવા 'જાતિ' એ એક વાસ્તવિક પદાર્થ હોવાની વાત અનેક ભારતીય દર્શનો અને અલંકાર, વ્યાકરણ આદિ શાસ્ત્રોએ સ્વીકારેલી છે. પરંતુ પરીક્ષક બૌદ્ધ દૃષ્ટિ 'સામાન્ય'ની પારમાર્થિક સત્તા સ્વીકારતી નથી. એની સાંવૃતિક સત્તા, વ્યવહારની અપેક્ષાએ જરૂર સ્વીકારે છે. સામાન્યની પ્રસ્થાપના ભારતીય દર્શનોમાં ભારે આયાસ સાથે કરનાર દર્શન તે વૈશેષિક દર્શન છે. એના આ પ્રયાસનું વિસ્તૃત ખંડન કરવાને બદલે અત્યંત લાઘવપૂર્વક 'ન્યાયબિંદુ' ૩. ૧૧૭થી ૧૨૦ સૂત્રોમાં, 'વિરુદ્ધાવ્યભિચારી' હેત્વાભાસના ઉદાહરણરૂપે, વૈશેષિકોનાં બે જૂથોના પરસ્પરવિરુદ્ધ મતો પ્રદર્શિત કરીને 'સામાન્ય'વાદની સ્વતોવિરોધિતા કુશળ રીતે દર્શાવી દીધી છે. આ સામાન્ય તે અનુમાનનો આદ્ય વિષય હોવા ઉપરાંત પ્રત્યક્ષ જ્ઞાન પછી પ્રવર્તતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યવસાયનો પણ વિષય છે તેમ પણ ધર્મોત્તરે ટીકામાં પ્રગટ કર્યું છે. પ્રત્યક્ષજ્ઞાનની ઉત્તરક્ષણે ઉત્પન્ન થતો અધ્યવસાય તે સ્વરૂપમાં કિંવા પ્રતીતિના આકારમાં અનુમાનજન્ય પ્રતીતિને મળતો જ બની રહે. એ દષ્ટિએ પ્રત્યક્ષજન્ય અધ્યવસાયને અનુમાનકલ્પ ગણી એટલા પૂરતો પ્રત્યક્ષને બાહ્યાર્થ-અનુમિતિ-રૂપ ગણતો વાદ પણ ચરિતાર્થ થાય છે. સામાન્ય એ અવસ્તુભૂત હોઈ અર્થક્રિયાકારી નથી. આમ છતાં, સામાન્ય એ સ્વલક્ષણને ચીંધનારું હોઈ તેટલા પૂરતું વ્યવહારમાં ઉપાદેય છે.

**પ્રમાણ અને ફળનો અભેદ** ( ૧. ૧૮-૨૧ ) : બૌદ્ધ અનાત્મવાદ, પ્રતીત્યસમુત્પાદવાદ અને સ્વસંવેદનવાદ સાથે સુસંગત બનતો પ્રમાણ-ફળ-અભેદ-વાદ અત્રે સ્ફુટ રીતે રજૂ કરાયો છે. ન્યાય-દર્શનમાં પ્રમાણરૂપી કરણ અને પ્રમારૂપ ફળમાં ભેદ અને ક્રમિકતા માન્યાં છે. નીલાદિના પરિચ્છેદનો વ્યાપાર, કે જે પ્રમાણ ( = પ્રમાકરણ ) રૂપ છે તે પ્રથમ પ્રવર્તે છે અને નીલાદિપ્રતીતિરૂપ પ્રમા કે જે ફળ છે તે તત્પશ્ચાત્ સાકાર બને છે. આ રીતે વિષયપરિચ્છેદ અને પ્રતીતિ કિંવા પ્રકાશ – એવાં જ્ઞાનનાં બે પાસાં અંગે ક્રમભાવિત્વની કલ્પના છે. બૌદ્ધ દષ્ટિ આ બંને પાસાંને તો સ્વીકારે જ છે, પણ તે બંનેને એક સંકુલ જ્ઞાનક્ષણનાં બે અભિન્ન પાસાં જ ગણે છે. જ્ઞાનની ઘટનાનું પૃથક્કરણ કરતાં, એ જ્ઞાનમાં નિયત વિષયના સારૂપ્યની પ્રતીતિરૂપે તેનો પરિચ્છેદ થતો અનુભવાય છે, તો વળી તેમાં આંતરિક રીતે નીલાદિગત સભાનતા/બોધ/પ્રકાશનો અનુભવ પણ થાય છે. આવો સારૂપ્ય અને પ્રકાશ એમ બંનેનો અનુભવ એક જ ક્ષણે એકસામટો અસ્તિત્વમાં આવે છે. અગાઉ સ્વસંવેદન-પ્રત્યક્ષની ચર્ચામાં પણ આ જ વાત સ્પષ્ટ કરાઈ છે. જ્ઞાનનાં આ બે પાસાં વચ્ચે જન્ય-જનક-ભાવ નહિ, પણ વ્યવસ્થાપ્ય-વ્યવસ્થાપક-ભાવ માન્યો હોવાથી ભેદ અને ક્રમભાવિત્વને બદલે અભેદ માન્યો છે. 'જ્ઞાન પ્રકાશરૂપ છે, કારણ કે તે વિષય-સરૂપ છે' એવી વસ્તુસ્થિતિ હોઈ વ્યાવૃત્તિભેદે જ એક જ્ઞાનમાં બે બાબતો અનુભવાય છે, વસ્તુભેદે નહિ. આમ વિષયસારૂપ્ય તે વ્યવસ્થાપક ( =ખુલાસો ) છે અને બોધરૂપતા તે વ્યવસ્થાપ્ય ( = ખુલાસો માગતી બાબત ) છે. 'ન્યાયબિંદુ'ના સ્વાર્થાનુમાન-પરિચ્છેદમાં ઉલ્લેખેલા વિવિધ હેતુ પૈકી આ વ્યવસ્થાપકને સ્વભાવહેતુ કહી શકાય, કારણ કે વિષયસારૂપ્ય-માત્ર સાથે પ્રકાશરૂપતાનો અનુબંધ છે.

અહીં ધર્મોત્તરે ૧.૨૧.5થી 10માં આ અભેદના સિદ્ધાંતને ઉપપન્ન બતાવવા પ્રત્યક્ષોત્તર અધ્યવસાય કિંવા વિકલ્પની આવશ્યકતા પણ નિઃશંકરૂપે ચીંધી છે. પ્રત્યક્ષ-જ્ઞાનમાં એક જ સાથે ઉપર્યુક્ત બંને પાસાં હોવાનું આકલન તો એ અધ્યવસાય વડે જ થાય છે. અધ્યવસાય એ જ્ઞાનમાં નીલ સાથેનું સાદશ્ય કે સારૂપ્ય આકારે છે, માટે તે જ્ઞાન નીલગ્રાહી સિદ્ધ થાય છે. આમ નીલસારૂપ્ય એ પ્રમાણ એટલે કે એ જ્ઞાનની પ્રકાશરૂપતાનું બોધક કે વ્યવસ્થાપક છે. અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે મૂળ જ્ઞાનમાં જ નીલનો પરિચ્છેદ તો થયેલો જ છે, પરંતુ એ ક્ષણ વ્યવહારનિરપેક્ષ હોઈ એ પરિચ્છેદ વિષેની વ્યવહારુ સભાનતા નથી, જે વ્યવહારાભિમુખતાવાળી, બહિર્મુખતાવાળી પછીની અધ્યવસાયક્ષણે સિદ્ધ થાય છે. વધુ સ્પષ્ટ કરીએ તો, પ્રત્યક્ષ-ક્ષણે એ સિદ્ધ એવા સારૂપ્યબોધ તરફ પણ ઉદાસીનતા હોવાથી એ 'ન હોવા બરાબર' ( असत्-कल्प, નહિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે અસત્) હતું, જેની સભાનતા અધ્યવસાયની અનુદાસીન ક્ષણે નીપજી. વ્યવહારમાત્ર વિશેષાપેક્ષ અને વિશેષગ્રાહી હોવાથી વિષયસારૂપ્યબોધ આવશ્યક છે; કારણ કે જ્ઞાન પ્રદર્શક (= પરિચ્છિન્નગ્રાહક) બનીને જ પ્રવર્તક અને પ્રાપક બની શકે છે. આમ અધ્યવસાયનું મૂલ્ય માત્ર જ્ઞાનનું વ્યવહારુ મૂલ્ય નક્કી કરી આપવા પૂરતું જ છે, પણ અધ્યવસાય પોતે પ્રમાણ નથી, માત્ર પ્રમાણબોધક છે તે વાત ધર્મોત્તરે સ્પષ્ટ કરી છે. વ્યવહાર જેટલે અંશે સત્ છે, તેટલે અંશે અધ્યવસાયની પણ આવશ્યકતા છે. અધ્યવસાયનું નિરપેક્ષ મૂલ્ય નથી.

**શબ્દનું સ્વતંત્ર પ્રામાણ્ય નહિ :** પ્રથમ પરિચ્છેદમાં પ્રત્યક્ષ અને અનુમાન એ બેને જ સમ્યગ્જ્ઞાન કિંવા પ્રમાણ ગણ્યાં છે, શબ્દને સ્વતંત્ર પ્રમાણરૂપ ગણાવ્યું નથી. અલબત્ત, વ્યવહારમાં અને ધર્મમાર્ગનિર્ણયમાં જુદા જુદા રૂપે શબ્દને પ્રમાણરૂપે બૌદ્ધ પરંપરા, સ્વાભાવિક રીતે જ, માન્ય ગણે છે. પરંતુ શબ્દમાંથી થતા અર્થબોધને એક પ્રકારનું લિંગજન્ય જ્ઞાન જ ગણીને અનુમાનમાં જ તેનો અંતર્ભાવ બૌદ્ધ પરંપરાએ ઉચિત માન્યો છે. અનુમાન–પ્રમાણના નિયમોને વશ વર્તીને જ શબ્દમાંથી અર્થબોધ ફલિત થઈ શકે. વેદાંત–પૂર્વમીમાંસાદિ કેટલાંક દર્શનોમાં શબ્દ કે શ્રુતિને માત્ર સ્વતંત્ર પ્રમાણ જ નહિ, પરંતુ પ્રમાણોમાં પણ મૂર્ધન્ય, શ્રેષ્ઠ ગણ્યું છે તે અભિગમ બુદ્ધ કે તેમની પરંપરાને માન્ય નહોતો. એમાંથી કાલક્રમે અનેક અનિષ્ટો પણ ધર્મ અને સમાજમાં દૃષ્ટિગોચર થવા લાગેલાં. શીલ અને પ્રજ્ઞાને જ ધર્મનિર્ણયના નિયામકો ગણીને શાસ્ત્રનું પ્રામાણ્ય તે એની અધીનતામાં જ સ્વીકારવામાં આવ્યું. દિઙ્નાગ, ધર્મકીર્તિની તેજસ્વી પરંપરાએ આગવું પ્રમાણશાસ્ત્ર પ્રસ્થાપીને સવિશેષ રૂપે આ સમાલોચક દૃષ્ટિને સ્થિર કરી.

શબ્દને અનુમાનવિશેષ ગણ્યું છે તે હકીકત 'ન્યાયબિંદુ' ૩. ૫૨માં સ્વવચનનિરાકૃત પક્ષના ઉદાહરણ તરીકે આપેલા 'અનુમાન પ્રમાણ નથી' એવા પક્ષમાંથી ફલિત થાય છે. અહીં 'અનુમાન પ્રમાણ નથી' એવું વાક્ય જ અર્થના કાર્યરૂપ હોઈ કાર્યલિંગ ગણાયું છે. એમાંથી ફલિત થતો અર્થ તે ઉક્ત લિંગના સાધ્ય તરીકે સિદ્ધ થાય છે.

બૌદ્ધ પરંપરા ગૂઢપ્રતિપાદક શાસ્ત્રને પણ અર્થપ્રતિપાદક લિંગ તરીકે આદરથી જુએ છે તે હકીકત અદૃશ્ય કિંવા અનુપલબ્ધિલક્ષણ-પ્રાપ્ત સ્વભાવવિશેષવાળા ભાવોના સ્વીકાર પરથી જ ફલિત થાય છે. દ્વિતીય પરિચ્છેદની અનુપલબ્ધિલિંગની ચર્ચામાં આ વાત વારંવાર કહેવાઈ છે, અને ૨.૪૮માં 'પ્રમાણનિવૃત્તિ અર્થાભાવની સિદ્ધિ કરી શકતી નથી' એમ પણ કહ્યું છે તે મર્યાદિત પ્રજ્ઞાવાળા, યોગિજ્ઞાનરહિત સંસારી જીવોને ધ્યાનમાં રાખીને. આપ્તપ્રોક્ત શાસ્ત્રોમાં કહેલા, પણ સામાન્ય જ્ઞાતાને પ્રત્યક્ષ નહિ અનુભવાતા ભાવોની અસત્તા કેવળ તેમની અનુપલબ્ધિથી સિદ્ધ થઈ ન શકે તેમ કહી આપ્તપ્રોક્ત શાસ્ત્રો પ્રત્યેનો આદર એ સાધના અને જ્ઞાનશક્તિના વિકાસ માટે ઉપાદેય છે તેમ પ્રબોધ્યું છે. અલબત્ત, કોઈ પણ ભાવની અદૃશ્યતા આરૂઢ યોગી માટે તો ન જ હોય તે યોગિજ્ઞાનની ચર્ચામાંથી ફલિત કરી શકાય. અહીં નોંધવું જોઈએ કે સ્વતંત્ર–શબ્દપ્રમાણ–વાદીઓએ પણ શબ્દનું પ્રામાણ્ય સ્વીકારવા માટે વક્તાનું આપ્તત્વ તો જરૂરી માન્યું જ છે. એટલે અંશે તો શબ્દપ્રમાણ તેમની દૃષ્ટિએ પણ અનુમાનાધીન જ બની રહે છે. અલબત્ત, વેદનું અપૌરુષેયત્વ માનતા મીમાંસકો વેદના પ્રામાણ્યને માટે આપ્તતાની કસોટી પણ અગ્રાહ્ય લેખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુમાનની મર્યાદા, છતાં ઉપાદેયતા :** 'ન્યાયબિંદુ'ના પ્રથમ પરિચ્છેદ પરથી એ પણ ફલિત થાય છે કે પ્રત્યક્ષનો જ વિષય સ્વલક્ષણ હોઈ પરમાર્થગ્રાહી પ્રમાણ માત્ર પ્રત્યક્ષ જ છે. જ્યારે અનુમાનનો વિષય 'સામાન્ય' તે પરમાર્થસત્ કે કલ્પનામુક્ત ન હોઈ અનુમાન એ જ્ઞાનનું મંદ સાધન છે. તેમ છતાં 'અનુમાન તે પ્રમાણ નથી' એવી પ્રતિજ્ઞા ('પક્ષ') ને તૃતીય પરિચ્છેદમાં સ્વવચનનિરાકૃત કહીને અનુમાનની મર્યાદિત જ્ઞાનસાધન તરીકે પણ ઉપાદેયતા ગણી છે. જેટલે અંશે વ્યવહારની સત્તા છે તેટલે અંશે અનુમાનની ઉપાદેયતા છે. અલબત્ત, અનુમાન એ પ્રત્યક્ષની મર્યાદાને બને તેટલું વશ વર્તે અને બુદ્ધિપૂત રહે તેટલી કાળજી જરૂરી છે. તે માટે જ અનુમાનના સ્વાર્થ અને પરાર્થ બંને પ્રકારની સાવધ ચર્ચા કરી છે. વળી અનુમાનનો ગ્રાહ્ય વિષય સામાન્યરૂપ, પરંતુ અધ્યવસેય વિષય સ્વલક્ષણ જ છે તેમ બતાવીને અનુમાન તે પ્રત્યક્ષ-પ્રમાણની સીડીરૂપે જ ઉપાદેય છે તે પણ બતાવ્યું છે. પરિપૂર્ણ અર્થનિશ્ચય કેવળ પ્રત્યક્ષથી જ થાય છે. આથી જ પ્રત્યક્ષની મર્યાદાને ઓળંગતાં અનેક ભ્રાંત અનુમાનોની સમાલોચના પક્ષાભાસ, હેત્વાભાસ, દૃષ્ટાંતાભાસની ચર્ચા નિમિત્તે તૃતીય પરિચ્છેદમાં કરી છે.

**સાધ્યપ્રતિબંધસ્થાપક સંબંધો દ્વિવિધ જ અને લિંગો ત્રિવિધ જ :** ઉપર કહ્યું તેમ અનુમાન-પ્રમાણ પ્રત્યક્ષની મર્યાદાને વશ હોઈ પ્રત્યક્ષથી પ્રમાણિત થયેલા બુદ્ધિ-વ્યાપારને જ અધીન હોય તે જરૂરી છે. આના અનુસંધાનમાં માન્ય, પરીક્ષણપૂત વ્યાપ્તિ અંગે ખૂબ ચીવટભરી વિચારણા દિઙ્-નાગ-ધર્મકીર્તિના પરંપરામાં અંગીકારાઈ. હેતુનો સાધ્યપ્રતિબંધ જ્યાં સુધી નિરપવાદપણે સિદ્ધ ન હોય ત્યાં સુધી પક્ષમાં હેતુના સત્ત્વથી સાધ્યસિદ્ધિ અસંદિગ્ધપણે ન થઈ શકે. પ્રાચીન ન્યાયપરંપરામાં વ્યાપ્તિના આધારરૂપે દૃષ્ટાંતને જ મહત્ત્વનું સ્થાન હતું. તેથી તો પરાર્થ-અનુમાનના અવયવોમાં પણ 'ઉદાહરણ' નામનો અવયવ જ સ્થાન પામેલો, વ્યાપ્તિ નહિ. ઉદાહરણ સાથે વ્યાપ્તિ જોડવાની પ્રથા પણ પાછળથી વિકસી. તેમ છતાં આ અવયવનું નામ તો ન જ બદલાયું. આને લીધે ઘણી વાર દૃષ્ટાંતબળથી જ, અર્થાત્ હેતુનો સાધ્ય સાથેનો પ્રતિબંધ ચકાસ્યા વગર જ, અને અન્ય વિરુદ્ધ દૃષ્ટાંતો તરફ બેધ્યાન બનીને પણ ભ્રાંત અનુમાનો કરાતાં. આની સામે પણ વાદશાસ્ત્રમાં ઘણી જોગવાઈઓ ઊભી થવા લાગેલી. બૌદ્ધોએ વ્યાપ્તિની ગ્રાહ્યતા અંગે સવિશેષ વિચાર કર્યો. સાધ્યપ્રતિબંધ ચકાસ્યા વગરની વ્યાપ્તિને આધારે થતાં અનેક અનુમાનો અનેક શાસ્ત્રગ્રંથોમાં પણ સમાવિષ્ટ થયેલાં છે. એને લીધે અનેક ભ્રાંત મતો પ્રવર્તતા જોવા મળતા.

અનુમાનની એક આવશ્યક મર્યાદા તે પરીક્ષિત વ્યાપ્તિ હોઈ તે સિવાય અનુમાન અંગીકારાવું ન જોઈએ. આ માટે સાધ્ય સાથે હેતુનો પ્રતિબંધ નક્કી કરે તેવા સંબંધો કયા તે વિચારણીય બાબત છે. માત્ર સાહચર્યનું અનેકત્ર દર્શન એ અપવાદરૂપ દૃષ્ટાંતની શક્યતા નિવારી શકતું નથી. વળી બધાં જ દૃષ્ટાંતોનું અવલોકન પણ શક્ય નથી. તેથી મર્યાદિત દૃષ્ટાંતોના આધારે પણ સંશયમુક્ત વ્યાપ્તિ તારવવા માટે, સાધ્ય અને હેતુ વચ્ચે અનિવાર્ય બંધન સૂચવે તેવા સંબંધ કયા કયા તે નક્કી કરવું જોઈએ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને જે તે સાધ્ય-સાધન-ધર્મો વચ્ચે એ સંબંધ છે જ એમ સિદ્ધ થયેલું હોવું જોઇએ. આવું ત્યારે જ બને, જ્યારે હેતુભૂત ધર્મના અસ્તિત્વમાં જ સાધ્યભૂત ધર્મનું અસ્તિત્વ વણાયેલું હોય. આવી અનિવાર્ય પ્રતિબદ્ધતા ખરેખર તો તાદાત્મ્યસબંધે જોડાયેલા ભાવો વચ્ચે જ સંભવે. આવું તાદાત્મ્ય એ સહભાવી ભાવો ઉપરાંત કાર્યકારણસંબંધે જોડાયેલા ક્રમભાવી ભાવો વચ્ચે પણ સંભવે. આ તાદાત્મ્ય હેતુનું સાધ્ય સાથે હોવું જોઇએ. વળી તાદાત્મ્ય તો પારમાર્થિક રીતે જ હોય, પરંતુ વ્યાવહારિક રીતે તે બે ભાવો ભિન્ન પ્રતીત થતા હોય ત્યારે જ હેતુ પરથી સાધ્ય સિદ્ધ કરતાં અનધિગત અર્થનું જ્ઞાન થયાનું અનુભવી શકાય. વળી મુખ્ય અર્થમાં તાદાત્મ્ય બે સહભાવી ધર્મો વચ્ચે જ સંભવે અને ક્રમભાવી અર્થો વચ્ચે 'તાદાત્મ્ય' ઔપચારિક રીતે જ કહી શકાય. તે દૃષ્ટિએ જોતાં ક્રમભાવી ધર્મો વચ્ચેના સંબંધને 'કાર્યકારણભાવ' જ કહેવાનું યોગ્ય કહેવાય. આ રીતે હેતુ-સાધ્ય વચ્ચે તાદાત્મ્ય અને કાર્યકારણભાવ એ બે સંબંધ જ સ્વીકાર્ય મનાયા. વળી જ્યારે અભાવવ્યવહારયોગ્યતારૂપ સાધ્ય હોય ત્યારે તેના 'દૃશ્યાનુપલબ્ધિ'રૂપ હેતુ સાથે પણ તે સાધ્યનું તાદાત્મ્ય જ માની શકાય. અહીં એ સ્પષ્ટ કરવું જોઈએ કે કોઈ સ્વભાવનું તે સ્વભાવથી યુક્ત અન્ય ભાવ સાથે તેમ જ કાર્યનું કારણ સાથે તાદાત્મ્ય હોવાથી અનુક્રમે સ્વભાવ કે કાર્ય તે હેતુ બને છે. તે રીતે દૃશ્યાનુપલબ્ધિ એ અભાવવ્યવહારયોગ્યતાનો સ્વભાવહેતુ બને છે. આમ લિંગ સ્વભાવરૂપ, કાર્યરૂપ અને દૃશ્યાનુપલબ્ધિરૂપ – એમ ત્રિવિધ જ માન્ય ગણ્યાં છે અને એમની વચ્ચે સંબંધ તો ઉપર બતાવ્યું તેમ તાદાત્મ્ય કે કાર્યકારણભાવ એમ બે જ માનવા પર્યાપ્ત છે (જુઓ સૂત્ર ૨.૨૨,૨૩ અને ૩.૧૨૨). આ સિવાયના અન્ય સંબંધોમાં 'સ્વભાવ-પ્રતિબંધ' સિદ્ધ થતો ન હોવાથી તે પર આધારિત અન્ય હેતુઓ સાધ્યસાધક બનતા નથી.

અહીં એક વાત નોંધવી જોઈએ કે 'ન્યાયબિંદુ'ની ટીકા(૩. ૮. 2)માં ધર્મોત્તરે દૃષ્ટાંતને 'વ્યાપ્તિસાધક પ્રમાણનો વિષય' કહ્યો છે. એ વ્યાપ્તિસાધક પ્રમાણ તે દૃષ્ટાન્તને આધારે વ્યાપ્તિ સાધતો અનુમાનવ્યાપાર – એમ એક ઉપટીકાકાર સમજાવે છે. વળી એ અનુમાનવ્યાપાર પણ સામાન્ય પ્રકારનો નહિ, પણ આપ્તપુરુષોના અનાસ્રવજ્ઞાન દ્વારા સધાતો માન્યો છે. આ બતાવે છે કે દૃષ્ટાંતોનું અંતર્ગત પૃથક્કરણ એ વ્યાપ્તિસિદ્ધિ માટે વધારે મહત્ત્વનું ગણાયું છે. અલબત્ત, તે તે શાસ્ત્રના ક્ષેત્રની વ્યાપ્તિ માટે તે તે શાસ્ત્રકારે પોતે સંકુલ બુદ્ધિવ્યાપાર કરવાનો હોઈ તેવા વ્યાપ્તિસાધક બુદ્ધિવ્યાપારના સ્વરૂપની વિગત ટીકામાં જોવા મળતી નથી. અલબત્ત, સૂત્ર ૩. ૯થી ૧૩માં સ્વભાવ-હેતુના પણ ત્રણ પેટા ભેદ બતાવવા રૂપે ગ્રંથકારે વ્યાપ્તિગ્રહણતરની પ્રક્રિયા વિષે થોડું વધારે ચિંતન રજૂ કર્યું છે. પ્રાચીન ભારતીય પ્રમાણશાસ્ત્રમાં આવી વૈજ્ઞાનિક વ્યાપ્તિસંબંધી વિચારણા આ બૌદ્ધ પરંપરામાં જ સવિશેષ જણાય છે. આજના વૈજ્ઞાનિક અભિગમના યુગમાં આ વલણ ઘણું આવકાર્ય લાગે છે.

**અભાવવ્યવહારયોગ્યતાની અનુમેયતા :** અનુપલબ્ધિ-હેતુના સ્વીકાર પાછળનું મુખ્ય કારણ ૨.૪૮ માં કહ્યા મુજબની એ માન્યતામાં છે કે પ્રમાણ નિવર્તે તેટલા-માત્રથી અભાવનિશ્ચય થતો નથી. આ માન્યતાના પાયામાં છે અદૃશ્ય ભાવોની શક્યતાનો સ્વીકાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભાવપ્રતીતિ તો અભાવના આશ્રયરૂપ ભાવ પદાર્થના જ્ઞાનથી થાય છે, પરંતુ અભાવનિશ્ચય તો અનુમાનથી અર્થાત્ તે વસ્તુ દૃશ્ય છે કે કેમ તેના વિચારરૂપ બુદ્ધિવ્યાપારથી જ થઈ શકે છે.

**પ્રતિપાદનયોગ્ય પ્રમેયો (પક્ષો)** (૩.૩૮–૫૪) : બૌદ્ધિક પ્રામાણિકતાને આંચ ન આવે તે માટે અનુમાન–પ્રમાણનો ઉપયોગ ખૂબ જવાબદારીપૂર્વક સમુચિત પ્રમેયો સિદ્ધ કરવા જ થવો જોઈએ. વાદપટુતા બતાવવા, સામાને ગમે તે પ્રકારે તોડી પાડવા માટે કે ગંભીરતાનો દંભ કરવા માટે કલ્પિત પ્રમેયો સિદ્ધ કરતાં ભ્રાંત, છલયુક્ત અનુમાનો ન થવાં જોઈએ. શુદ્ધ પ્રમાણશાસ્ત્રને બદલે રાજસિક વાદશાસ્ત્રનો મહિમા ન થાય તે માટે ધર્મકીર્તિએ 'ન્યાયબિંદુ'માં જુદા જુદા તબક્કે અનેક સૂચનો મૂક્યાં છે. તે પૈકી ઉપાદેય પક્ષ કેવી વિશેષતાઓવાળો હોય તે ચર્ચા ઘણી રસપ્રદ અને સંતર્પક છે, તે આ રીતે –

પોતે જે પ્રમેય રજૂ કરવા ઇચ્છતા હોઈએ તે વિવાદાસ્પદ અને સિદ્ધ કરવા લાયક છે એ વાત બરોબર ઉપસાવવી જોઈએ. એ વસ્તુ સિદ્ધ છે તેમ માની તેનો આધારે બીજી વસ્તુ સિદ્ધ કરવા બેસી જવું તેમાં અપ્રામાણિકતા છે. વળી જે સિદ્ધાંત પોતાની ચિંતન-પ્રણાલીમાં પ્રતીત થયો હોય તે જ રજૂ કરવો. માત્ર પોતે અંગીકારેલા શાસ્ત્રનો એ સિદ્ધાંત છે માટે પોતાની એને સિદ્ધ કરવાની જવાબદારી માની લેવી નહિ. શાસ્ત્રને બંધન તરીકે સ્વીકારવાનું બૌદ્ધ પરંપરાને ઇષ્ટ નથી. વળી પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી અસિદ્ધ ઠરેલ, પ્રસિદ્ધ વ્યવહારથી ત્યજાયેલ કે વદતોવ્યાઘાત ઊભો કરનાર પ્રમેયોનું પ્રતિપાદન પણ ન કરવું. આ છે ધર્મકીર્તિને માન્ય વાદમર્યાદા, ન્યાય્ય વાદવિધિ.

આ ભલામણો ગ્રંથકારના પોતાના વ્યક્તિત્વ અને સ્વાનુભવમાંથી ઉદ્‌ભવેલી જણાય છે. દા.ત. તેઓ પોતે બૌદ્ધ શાસ્ત્રપરંપરાથી કે ખુદ પોતાના આદરણીય પૂર્વાચાર્ય દિઙ્‌નાગના ગ્રંથનાં સર્વ પ્રમેયો પ્રત્યેની આસક્તિથી ખેંચાયા વગર 'વસ્તુબળપ્રવૃત્ત' પ્રમેયો જ પોતાના ગ્રંથમાં રજૂ કરે છે. આગળ ઉપર સ્પષ્ટ કરીશું તેમ તેઓ કોઈ એકાદ નિશ્ચિત બૌદ્ધ શાખાના સિદ્ધાંતોનું જ પ્રતિપાદન કરીને તે શાખાના આચાર્યપદનો અંચળો ઓઢવા પણ ઉત્સુક નથી. આદર્શવાદને નામે લોકપ્રતીત વ્યવહારનો અપલાપ કરે તેવાં પ્રમેયો રજૂ કરવાનું પણ ટાળી શક્યા છે. આ બૌદ્ધિક પ્રામાણિકતા જ તેમના શાસ્ત્રને સુપ્રતિષ્ઠિત કરે છે. હેત્વાભાસ, દૃષ્ટાંતાભાસ, પક્ષાભાસ–આદિના દૃષ્ટાંતરૂપે આવાં અનેક દૂષિત પ્રમેયોનું દિગ્દર્શન પણ સ્પષ્ટ રીતે કરાવ્યું છે.

**'વિરુદ્ધાવ્યભિચારી' હેત્વાભાસની પ્રમાણબાહ્યતા** : અનેક મિથ્યા પ્રયોગોથી ભરેલી વાદપ્રવૃત્તિનું નિરસન ઇષ્ટ માનતા ગ્રંથકારે કેવળ પ્રમાણાશ્રિત ત્રિરૂપ હેતુનાં અસિદ્ધિ કે સંદેહ પર આધારિત હેત્વાભાસો સ્વીકાર્યા હોઈ માત્ર શાસ્ત્રપ્રોક્ત હેતુઓ પર આધારિત 'વિરુદ્ધાવ્યભિચારી' હેત્વાભાસનો (જેને ન્યાયપરંપરા 'સત્પ્રતિપક્ષ' હેત્વાભાસ કહે છે તેનો) સ્વીકાર કર્યો નથી તે ઉચિત જ છે. એક વસ્તુમાં હકીકતે બે વિરુદ્ધ સાધ્ય સિદ્ધ કરતા હેતુઓનું અસ્તિત્વ સંભવે નહિ. માત્ર જુદાં જુદાં શાસ્ત્રોને આધારે જુદા જુદા હેતુઓ સ્વીકારીને કૃત્રિમ વિરોધ ઊભો કરવાથી કાંઈ અર્થ સરતો નથી. હકીકતમાં આવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે વિરુદ્ધસાધક હેતુઓ પૈકી એકને અસિદ્ધ જ સાબિત કરી શકાતો હોય છે. તેથી થોડા કાળ પૂરતું જ જેનું હેત્વાભાસપણું છે તે સાચેસાચ હેત્વાભાસ નથી ઠરતો. શાસ્ત્રોનો વિવેકપૂત ઉપયોગ એ બૌદ્ધ પ્રમાણશાસ્ત્રની ધ્રુવપંક્તિ છે.

**દૃષ્ટાંતનો પરાર્થાનુમાનના સ્વતંત્ર અવયવરૂપે અસ્વીકાર** (સૂત્ર ૩. ૧૨૧, ૧૨૨) : પ્રાચીન ન્યાયપરંપરામાં પંચાવયવી વાક્યના ત્રીજા અવયવ તરીકે 'દૃષ્ટાંત'ને સ્થાન હતું. તેને બદલે બૌદ્ધ પરંપરામાં દૃષ્ટાંતને વિષય બનાવી પ્રવર્તતા પ્રમાણમાંથી ફલિત થતી વ્યાપ્તિને જ મહત્ત્વ અપાયું છે. તે અનુમાન અંગેની સમજણને આગળ વધારે છે. સાધ્ય સાથે હેતુનો પ્રતિબંધ વ્યાપ્તિ રૂપે જ અભિવ્યક્ત થઈ શકે. અલબત્ત, વ્યાપ્તિ પ્રતીત થવામાં દૃષ્ટાંત ઉપકારક જરૂર છે. પરંતુ એ રીતે તો દૃષ્ટાંતનો વ્યાપ્તિમાં જ અંતર્ભાવ થઈ જાય છે. આથી જ દૃષ્ટાન્તાભાસની ચર્ચામાં પણ 'અપ્રદર્શિતાન્વય' અને 'વિપરીતાન્વય' તેમ જ 'અપ્રદર્શિતવ્યતિરેક' અને 'વિપરીતવ્યતિરેક' નામના દૃષ્ટાન્તાભાસો પણ નોંધ્યા છે. આમ પ્રાચીન ન્યાયનો બૌદ્ધ પરંપરામાં વિકાસ થતો જણાય છે.

**દૂષિત અનુમાનોનાં લાક્ષણિક દૃષ્ટાંતો** : હેત્વાભાસ, પક્ષાભાસ, દૃષ્ટાન્તાભાસનાં દૃષ્ટાંતોરૂપે માત્ર તર્કશાસ્ત્રીય મુદ્દો સમજાવવા જ જે દૃષ્ટાંતો પસંદ કરાયાં છે તેમાં પણ કેટલાંક લાક્ષણિક હોઈ ગ્રંથકારના સમયના કેટલાક પ્રસિદ્ધ વિવાદોનો અને ગ્રંથકારના તે અંગેના વિશિષ્ટ પ્રતિભાવોનો પરિચય કરાવે છે. આમાં જૈન, સાંખ્ય, વૈશેષિક, પૂર્વમીમાંસા, ચાર્વાક ઇત્યાદિ દર્શનોનાં મંતવ્યો ધ્યાનમાં લેવાયાં છે. તેમાંનાં કેટલાંક નોંધપાત્ર દૃષ્ટાંતોની લાક્ષણિકતાઓ જોઈએ ; (૧) વક્તૃત્વનો અસર્વજ્ઞતા કે અવીતરાગતાના હેતુ તરીકે ઉપયોગ : આ ઉદાહરણ હેત્વાભાસોની ચર્ચામાં અનેક રીતે ફેરવી ફેરવીને સાભિપ્રાય રજૂ કરાયું લાગે છે. લેખક એક બૌદ્ધ તરીકે વાણીના મર્યાદાઓને સવિશેષ પ્રમાણે છે પરંતુ તેથી વાણીનું યોગ્ય સંદર્ભમાં નિશ્ચિત મહત્ત્વ સ્વીકારવામાં તેમને વાંધો જણાતો નથી. જ્યારે સંભવતઃ વાણી વિષેનો એક અંતમવાદી ભીરુ અભિગમ કોઈ મૌનવાદી કહેવાતી આધ્યાત્મિક પરંપરામાં હોવો જોઈએ. સર્વજ્ઞત્વ કે વીતરાગત્વ સાથે વચનનો ત્યાગ એમાં અનુસ્યૂત મનાયો હશે. આવા મૌનવાદ પર સંભવતઃ અહીં પ્રહાર કર્યો જણાય છે. બૌદ્ધ દૃષ્ટિ તો કર્મને નહિ, પણ કર્મ પાછળના દૂષિત આશયને જ દોષનું કારણ ગણે છે. વળી આ દૃષ્ટાંતમાં સર્વજ્ઞત્વની કલ્પનાની પણ તીવ્ર સમાલોચના જણાય છે. સર્વજ્ઞત્વ એ ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત નથી એ વાત વારંવાર કહીને સર્વજ્ઞત્વનું સ્થાપક કોઈ પ્રમાણ નથી, તેથી સર્વજ્ઞત્વની સત્તાનો નિઃશંક સ્વીકાર ન થઈ શકે તેમ કહેવાનો આશય જણાય છે. કદાચ જો સર્વજ્ઞત્વની કલ્પના તેમને સ્વીકાર્ય હોય તો પણ સર્વજ્ઞત્વ અને વક્તૃત્વ વચ્ચે તેમને કોઈ વિરોધ જણાતો નથી. તે રીતે વીતરાગત્વ માટે પણ વક્તૃત્વ બાધક ન હોવાનું મંતવ્ય જણાય છે. સર્વજ્ઞ કે વીતરાગ મનુષ્ય પણ ગીતા-પ્રોક્ત 'લોકસંગ્રહ' અર્થે વાણીનો ઉપયોગ જરૂર કરી શકે. વળી વીતરાગત્વ કે સર્વજ્ઞત્વના વિવિધ વ્યક્તિઓ સંબંધે કરાતા દાવાઓ સામે પણ લેખકની ઋજુ બુદ્ધિને અણગમો જણાય છે. (૨) જૈન પરંપરામાં જ્યોતિષના અધ્યયનનો મહિમા ખૂબ કરાતો હતો. જ્યોતિષનું જ્ઞાન સર્વજ્ઞતા કે આપ્તતાનું પ્રમાણ મનાતું હતું. પરંતુ ખુદ જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમોએ જ્યોતિષના જ્ઞાનના જાહેર પ્રયોગ કે પ્રદર્શન સામે કડક નિયમનો સૂચવ્યાં છે તે દૃષ્ટિએ પણ સર્વજ્ઞતાનો આવો દાવો ઘણો વાંધાપાત્ર જણાય છે. ઊલટું, તેથી અનાપ્તતા કે અસર્વજ્ઞતા જ સિદ્ધ થઈ શકે તેમ લેખકનું મંતવ્ય જણાય છે. (૩) આ ઉદાહરણોમાં જૈનોનું પોતાના સંતોને સાંખ્યદર્શનના કપિલ કરતાં ચઢિયાતા ગણવાનું વલણ વારંવાર બતાવ્યું છે; દા.ત. કપિલાદિમાં પરિગ્રહ અને આગ્રહના દુર્ગુણો હોઈ તે અવીતરાગ હતા, જ્યારે ઋષભાદિમાં તે દુર્ગુણો ન હોઈ તે વીતરાગ હતા – એવું મંતવ્ય. આનો પણ કંઈક ઉપહાસ જ ગ્રંથકાર કરતા જણાય છે. આધ્યાત્મિકતાના દાવાઓ પ્રત્યે લેખકનો તીવ્ર અણગમો જણાય છે. અલબત્ત, સાચી આધ્યાત્મિકતા તેમને અભિમત જ છે. (૪) વૃક્ષોમાં ચૈતન્ય અંગેનો દિગંબર મત પણ પૂરતા પ્રમાણ વગરનો છે તેવી ટીકા અભિપ્રેત લાગે છે. અહિંસાના સિદ્ધાંતો સ્થાપવા માટે પણ વૈજ્ઞાનિક અભિગમ જરૂરી છે એવો અભિપ્રાય એમાંથી ફલિત કરી શકાય. (એ ઉદાહરણ એક પ્રાસંગિક વાત એ પણ ચીંધે છે કે આજની જેમ એ જમાનામાં પણ વૃક્ષનું લાકડું વેચી ખાવા માગનારાઓ વૃક્ષની છાલ ઊતરડીને વૃક્ષને મારી નાખતા હશે.) (૫) આત્માની સિદ્ધિ અંગેની કેટલીક સાંખ્ય દલીલો રજૂ કરીને તેમનું અપૂરતાપણું બતાવી આત્માનો વિષય 'અવ્યાકૃત' છે તે વાત પ્રસ્થાપતા જણાય છે. (૬) 'અનુમાન પ્રમાણ નથી' એવા ચાર્વાક મતનો વદતોવ્યાઘાત સ્પષ્ટ કરવામાં આવ્યો છે. (૭) વૈશેષિકોની નિત્ય અને વિભુ એવા સામાન્ય પદાર્થની કલ્પના તેમનાં જ બે જૂથોનાં વિરોધી મંતવ્યોને લીધે કેટલી નબળી છે તે સ્પષ્ટ કરાયું છે.

લેખક તત્ત્વજ્ઞાનના જ રસિયા હોઈ અન્ય ક્ષેત્રને લગતાં ઉદાહરણો લીધાં નથી તેમ ખુલાસો કરી શકાય.

## ધર્મકીર્તિને અભિમત બૌદ્ધ દાર્શનિક શાખા

પ્રસિદ્ધ ચાર બૌદ્ધ દાર્શનિક શાખાઓ તે: (૧) વૈભાષિક, (૨) સૌત્રાન્તિક (અથવા 'દાર્ષ્ટાન્તિક'), (૩) યોગાચાર કિંવા વિજ્ઞાનવાદી, (૪) શૂન્યવાદી. આ પૈકી ધર્મકીર્તિને કયા મતના પુરસ્કર્તા માનવા તે અંગેનો વિવાદ પ્રાચીન–અર્વાચીન વિદ્વાનોમાં ચાલતો આવ્યો છે.

ધર્મકીર્તિનું વ્યક્તિત્વ તેમના ગ્રંથોમાં જેવું ઊપસે છે તેને આધારે કહી શકાય કે તેઓ એક યા બીજા પંથના બાહ્ય આકારને પરાણે વશ વર્તે તેવા નથી. એટલે તેમનાં મંતવ્યો માત્ર એક 'પરંપરા'ને જ બંધ ન બેસે તેવો પણ પૂરેપૂરો સંભવ છે. વળી તેમણે પસંદગીપૂર્વક પ્રમાણશાસ્ત્રને જ પોતાના ગ્રંથોનો પ્રતિપાદ્ય વિષય બનાવ્યો છે અને પ્રમેયો વિષે અત્રતત્ર ઇંગિતમાત્ર કર્યાં છે તે પણ ધ્યાનપાત્ર બાબત છે. આટલી મર્યાદા પ્રથમ ધ્યાનમાં લઈએ.

જૂજ વિદ્વાનો તેમને વૈભાષિક માને છે, મોટો વર્ગ સૌત્રાન્તિક માને છે, કેટલાક તેમને યોગાચાર(વિજ્ઞાનવાદ)ના પુરસ્કર્તા માને છે, જ્યારે ગણનાપાત્ર વિદ્વાનો તેમને સૌત્રાન્તિક અને યોગાચારનો સમન્વય કરનારા આચાર્ય માને છે. તેમને શૂન્યવાદી કે 'સ્વતન્ત્રવિજ્ઞાનવાદી' કહેનારા પણ છે. પ્રાચીન અને અર્વાચીન – બંને પ્રકારના વિદ્વાનોમાં આવું મતવૈવિધ્ય જોવા મળે છે. આ બધા મતોના આધારોના પરીક્ષણપૂર્વક તે મતોનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તારતમ્ય બતાવવાની જરૂર છે. આવો એક ધ્યાનપાત્ર પ્રયત્ન ૧૯૮૪માં બહાર પડેલા શ્રી અમર સિંઘ(નવી દિલ્હી)ના પુસ્તક The Heart of Buddhist Philosophy – Dinnaga and Dharmakirtiમાં જોવા મળે છે. આ પુસ્તકમાં ધર્મકીર્તિના દાર્શનિક દૃષ્ટિબિંદુનો એકમાત્ર પ્રશ્ન કેન્દ્રમાં રાખ્યો હોઈ ઉપર્યુક્ત વિવિધ મતોનું ખૂબ સમતોલ, ઝીણવટભર્યું પૃથક્કરણ થઈ શક્યું છે. તે તે વિદ્વાને પોતાના મત માટે જે આધારો રજૂ કર્યા છે તેનું વિગતે પરીક્ષણ થયું છે. લેખક એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા છે કે વસુબંધુ (દ્વિતીય), દિઙ્નાગ અને ધર્મકીર્તિ એ ત્રણે ય સૌત્રાન્તિક દૃષ્ટિબિંદુને વરેલા હતા. સાચો મત સ્થિર કરવામાં શ્રી સિંઘનું પરીક્ષણ ઘણું ઉપયુક્ત જણાય છે. તેમના મતના પક્ષમાં પ્રાચીન અને અર્વાચીન ઘણા સમર્થ વિદ્વાનો છે તે પણ તેની સત્યતાની સંભાવનાને ઘણી પ્રબળ કરે છે. પ્રાચીન વૈદિક, જૈન ઇત્યાદિ મહત્ત્વના વાદીઓ – જેવા કે મીમાંસક પાર્થસારથિમિશ્ર, નૈયાયિક ઉદ્યોતકર, બહુશ્રુત વાચસ્પતિમિશ્ર, જૈન મલ્લવાદી ઇત્યાદિ દાર્શનિકો સ્પષ્ટપણે આ ત્રણે ય આચાર્યોને સૌત્રાન્તિક ગણે છે. ધર્મકીર્તિના સમર્થ ટીકાકારો / ઉપટીકાકારો એવા ધર્મોત્તર, અર્ચટ, દુર્વેકમિશ્ર અને મલ્લવાદી ધર્મકીર્તિને વિજ્ઞાનવાદી ગણનારા વિનીતદેવ, મનોરથનંદી આદિ ટીકાકારોની તીવ્ર સમાલોચના કરે છે. આધુનિક વિદ્વાનોમાં સાતકોડી મુકર્જી, રાહુલ સાંકૃત્યાયન, દાસગુપ્ત, એ. કે. વોર્ડર ઇત્યાદિ પણ સૌત્રાન્તિક પક્ષને સમર્થિત કરે છે.

અત્રે 'ન્યાયબિંદુ'નું આ દૃષ્ટિએ ટૂંકું પરીક્ષણ કરી સત્ય તારવવા કોશિશ કરીએ : (૧) પ્રત્યક્ષના લક્ષણમાંનું 'અભ્રાન્ત' પદ સૌત્રાન્તિક દૃષ્ટિએ જ – બાહ્ય જગતની વાસ્તવિકતાની દૃષ્ટિએ જ – અદોષ ઠરે. (૨) પ્રત્યક્ષનો વિષય સ્વલક્ષણ છે એવું કથન વિજ્ઞાનવાદ સાથે અસંગત જ છે. વળી એ સ્વલક્ષણ 'સન્નિધાન–અસન્નિધાનથી પ્રતિભાસભેદ ઉત્પન્ન કરે છે', 'તે અર્થક્રિયાકારી હોઈ પરમાર્થસત્ છે' એવાં કથનો પણ વિજ્ઞાનવાદ સાથે કોઈ પણ રીતે બંધ બેસે નહિ. (૩) પોતે આકારેલાં પ્રત્યક્ષ અને અનુમાન – એ બે પ્રમાણોને તેઓ 'સમ્યગ્જ્ઞાન' કહે છે અને નહિ કે 'સાંવૃતિક જ્ઞાન', એ વાત ખાસ નોંધપાત્ર છે. એટલે "પ્રમાણચર્ચા સાંવૃતિક સત્યના અનુસંધાનમાં જ, પ્રાસંગિક રીતે જ સૌત્રાન્તિક મતને સ્વીકારીને થયેલી છે" એવો ખુલાસો કરી ધર્મકીર્તિને ગમે તેમ વિજ્ઞાનવાદી સિદ્ધ કરવા મથનારાની વાતને આધાર મળતો નથી. (૪) વળી જો પોતે આકારેલું પ્રત્યક્ષજ્ઞાન એ સાંવૃતિક જ હોય તો તેમાં યોગિજ્ઞાનનો પણ એક પ્રકાર તરીકે સમાવેશ સંભવે ખરો? (૫) પૂર્વોક્ત હેત્વાભાસ ઇત્યાદિનાં દૃષ્ટાંતો રૂપે ગ્રંથકારે પૂરા આધાર વગર પ્રતિપાદિત કરાયેલા તથાકથિત આધ્યાત્મિક મતો સામે પોતાનો જે પુણ્યપ્રકોપ ધીટતાથી પ્રગટ કર્યો છે તે જોતાં અને બુદ્ધના બૌદ્ધિક, વસ્તુલક્ષી, પ્રત્યક્ષમૂલક પરીક્ષણના અભિગમને ધર્મકીર્તિ અંગીકારતા જણાય છે તે જોતાં પણ તેઓ વિજ્ઞાનવાદી હોય તે સંભવિત નથી. (૬) 'ન્યાયબિંદુ' પ્રાજ્ઞ અધિકારી માટેનો પ્રમાણશાસ્ત્રીય ગ્રંથ છે એ જોતાં જો પોતે વિજ્ઞાનવાદી હોય તો તેઓ તેમ ક્યાંય પ્રગટ કરતા કેમ નથી? (૭) બુદ્ધના ધર્મકાય, જ્ઞાનકાય, સ્વભાવકાયની સત્તા બાબત પણ 'ન્યાયબિંદુ'માં લેખક સંપૂર્ણ મૌન જ જાળવે છે. 'પ્રમાણવાર્તિક'ના 'પ્રામાણ્ય–પરિચ્છેદ'માં મળતો આ અંગેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉલ્લેખ પણ સંભવતઃ પરીક્ષ્ય મત તરીકે જ સમજવો જોઈએ. નહિ તો 'યોગિજ્ઞાન'ની ચર્ચામાં બુદ્ધના અસાધારણ પ્રામાણ્યની વાત લાવ્યા વગર રહેત નહિ.

આમ છતાં, અહીં એટલું ઉમેરવું જોઈએ કે ધર્મકીર્તિએ પ્રમાણચર્ચા અધ્યાત્મનિષ્ઠ બૌદ્ધિક તરીકે અંગીકારી જણાય છે. એટલે વિજ્ઞાનવાદ કે શૂન્યવાદ તરફ પણ કોઈક રૂપે એમના મનમાં આકર્ષણ જરૂર હોઈ શકે; અને એ એમના ગ્રંથોમાં ક્યાંક વ્યક્ત પણ થયું હોય. તેઓ સ્થિતિચુસ્ત, સંપ્રદાયજડ આચાર્ય નથી જ તે તો તેમના ગ્રંથોમાં સારી પેઠે સ્પષ્ટ થાય છે. પ્રત્યક્ષને નિર્વિકલ્પક માનવામાં, સ્વલક્ષણને જ પરમાર્થસત્ ગણવામાં, યોગિજ્ઞાનો સ્વીકાર કરવામાં, અનુમાનને મર્યાદિત અસત્–ગ્રાહી પ્રમાણ માનવામાં તેમની અધ્યાત્મરુચિ જણાય છે. 'પ્રમાણનિવૃત્તિથી અર્થાભાવનો નિશ્ચય નથી થતો' એમ માનવામાં તેમનો ગૂઢ સત્યો તરફનો આદર સ્પષ્ટ થાય છે. આમ તેઓ પ્રમાણ–પ્રવૃત્તિની મર્યાદાને જરૂર સ્વીકારે છે. આમ છતાં 'જીવનના વ્યાવહારિક ક્ષેત્રમાં પ્રમાણનિષ્ઠાની પુષ્કળ જરૂર છે' તેવું પણ તેમનું દૃઢ મંતવ્ય છે. આમ તેઓ 'સાવધ આદર્શવાદ'ને અંગીકારતા જણાય છે.

## ધર્મોત્તરની ટીકાની લાક્ષણિકતાઓ

અગાઉ કહ્યા પ્રમાણે આને 'ન્યાયબિંદુ'ની એક ઉત્તમ ટીકા ગણવામાં આવે છે. સૂત્રપદોના અર્થ બાબતની અને સમગ્ર સૂત્રાર્થ બાબતની તેમની ઊંડી કાળજી અને પારગામિતા પ્રશસ્ય છે. તેઓ પૂર્વાચાર્યોનાં ભ્રાંત અર્થઘટનોની અનેક વાર કુશળ મીમાંસા કરતા જોવા મળે છે. શિક્ષકની ઢબે અઘરાં સૂત્રોના અર્થઘટન બાબત સાર્થક પુનરાવર્તન કરવાની ટેવ છે; ક્યારેક એનો અતિરેક ખૂંચે પણ છે. અનેક સૂત્રોમાં વિષયની મૌલિક સવિસ્તર મીમાંસા તેમનું શાસ્ત્રકૌશલ સવિશેષ પ્રગટ કરે છે (દા. ત. સૂત્ર ૧.૧ ની મીમાંસા). આમ છતાં છૂટાં–છવાયાં સૂત્રોમાં તેઓ સૂત્રનો સાચો અર્થ ચૂકી ગયા જણાય છે. ક્યારેક વિનીતદેવ જેવા તેમના પૂર્વાચાર્યો લાઘવથી સાચો અર્થ આપવામાં સફળ નીવડ્યા જણાય છે. ક્યાંક શબ્દોની ધર્મોત્તરે આપેલી વ્યુત્પત્તિઓ નભી શકે તેમ નથી (દા. ત. 'आश्रयण' ની). આ બધાં અંગે ટિપ્પણમાં વિચારણા કરી જ છે. છતાં એકંદરે આ મૌલિક વ્યાખ્યાકારનો સાથ આપણને ખૂબ ગમે છે.

## ઉપસંહાર

ભારતીય પ્રમાણવિદ્યાની તેજસ્વિતા વધારવામાં શ્રેષ્ઠ ચાલના પૂરી પાડનારી, દિઙ્-નાગથી આરંભાયેલી તેજસ્વી બૌદ્ધ પ્રમાણપરીક્ષાની ધારામાંના જ એક અત્યંત આદર પામેલા ગ્રંથ તરીકે 'ન્યાયબિંદુ'નું અનન્ય મહત્ત્વ છે. એનું ખંડન કરવા પ્રવૃત્ત પ્રાચીન આચાર્યોએ પણ આડકતરી રીતે તેની મહત્તા પ્રમાણી છે. એના પરંપરાગત ટીકાકારો દ્વારા પણ પ્રમાણચર્ચા વિશેષ વિશદ, સમર્થિત થઈ છે. સાંપ્રદાયિક સંકીર્ણતાના હ્રાસના આધુનિક યુગમાં, ભારતમાં પણ બૌદ્ધ પરંપરાનું પૂર્વગ્રહમુક્ત અધ્યયન થવાનો સુભગ યોગ સધાઈ ચૂક્યો છે. પશ્ચિમમાં તો ભારતની વૈદિક, જૈન, બૌદ્ધ ત્રણે ય ધારાઓનું શુદ્ધ જિજ્ઞાસુ અભિગમથી તલસ્પર્શી અધ્યયન આરંભાયાની એક પછી બીજી એમ સદીઓ પૂરી થવા લાગી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ન્યાયબિંદુ' જેવા સૂત્રગ્રંથો એ તત્કાલીન પ્રગાઢ ગુરુ–શિષ્ય–સંબંધે થતાં અધ્યયન-અધ્યાપનનાં સ્મારકો છે. પરિમિત શબ્દોમાં જિજ્ઞાસુ અને પરીક્ષણસમર્થ અધિકારી ઘણા ઊંડા અર્થો વાંચી શકે તેવા આ ગ્રંથો હોય છે. 'ન્યાયબિંદુ' ઉપલક દૃષ્ટિએ પ્રમાણશાસ્ત્ર હોવા છતાં અંતતોગત્વા વ્યવહાર–જગત્‌થી ઉપર ઊઠીને નિગૂઢ સાધનામાં પ્રવૃત્ત થવા પ્રેરે છે. અનુમાન એ પારમાર્થિક રીતે અસત્‌ગ્રાહી છે એમ કહીને, પ્રત્યક્ષનો ઉચ્ચતર પ્રકાર ચીંધીને પ્રજ્ઞા–શીલ–સમાધિના ક્રમે અનભિલાપ્ય 'સ્વલક્ષણ'ની ઉપાસના કરવા પ્રેરે છે; પ્રમાણશાસ્ત્રરૂપ અવિદ્યા વડે વ્યવહારરૂપી મૃત્યુલોક તરીને યોગમાર્ગરૂપ વિદ્યા વડે અમૃત પામવાનો માર્ગ નિર્વિઘ્ન કરી આપે છે. આ તેજસ્વી બૌદ્ધ પ્રમાણશાસ્ત્રને બૌદ્ધ યોગશાસ્ત્ર અને યોગસાધનાનું દ્વાર માનીને બૌદ્ધ સંસ્કારવારસાના સમતોલ મૂલ્યાંકન અને અનુશીલન તરફ પ્રવૃત્ત થઈએ; વિશ્વમાં શમની વ્યાપક રૂપે પ્રસ્થાપના કરીએ.

## : સંદર્ભગ્રંથસૂચિ :


( ૧ ) धर्मोत्तरप्रदीपः ('ન્યાયબિન્દુ' અને 'ધર્મોત્તરટીકા' સાથે) : સંપાદક : પં. દલસુખભાઈ માલવણિયા; પ્રકાશક : Tibetan Sanskrit Works Series–Vol. II, કાશીપ્રસાદ જયસ્વાલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, પટના; ૧૯૫૫ (સંપાદકની વિસ્તૃત હિન્દી/અંગ્રેજી પ્રસ્તાવના, સંસ્કૃત ટિપ્પણો અને સૂચિઓ સહિત)

( ૨ ) न्यायबिन्दु–टीका (न्यायबिन्दुना सहिता) (હિન્દી પ્રસ્તાવના, અનુવાદ, ટિપ્પણો સહિત) : સંપાદક–અનુવાદક ડૉ. શ્રીનિવાસશાસ્ત્રી; સાહિત્ય–ભંડાર, મેરઠ; ૧૯૭૫

( ૩ ) Vinttadeva's Nyāyabindu–Tikā : Ed. by Mrinālkanti Gangopādhyaya; Publisher : Indian Studies – Past and Present; 1971

( ૪ ) Buddhist Logic : by Th. Stcherbatsky Vol. I : 1933; Vol. II : 1930 (being trans. of Nyāyabindu and N. B. tikā); Published by the Academy of Sciences of the USSR, Leningrad

( ૫ ) A History of Indian Logic : by M. M. Satishchandra Vidyābhushana; Published by the Calcutta University; 1921

( ૬ ) The Heart of Buddhist Philosphy – Dinnaga and Dharmakirti : by Amar Singh; Published by Munshiram Manoharlal Publishers Pvt. Ltd. – 1984


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आचार्य धर्मकीर्तिप्रणीतो

# न्यायबिन्दुः ।

## आचार्यधर्मोत्तरविरचितटीकोपेतः ।

*

## प्रथमः प्रत्यक्षपरिच्छेदः ।

॥ ॐ नमो वीतरागाय ॥

**सम्यग्ज्ञानपूर्विका सर्वपुरुषार्थसिद्धिरिति तद् व्युत्पाद्यते ॥ १ ॥**

जयन्ति जातिव्यसनप्रबन्धप्रसूतिहेतोर्जगतो विजेतुः ।
रागाद्यरातेः सुगतस्य वाचो मनस्तमस्तानवमादधानाः ॥

1. सम्यग्ज्ञानपूर्विकेत्यादिनाऽस्य प्रकरणस्याभिधेयप्रयोजनमुच्यते । द्विविधं हि प्रकरणशरीरं — शब्दोऽर्थश्च । तत्र शब्दस्य स्वाभिधेयप्रतिपादनमेव प्रयोजनम् । नान्यत् । अतस्तन्न निरूप्यते ।

આચાર્યધર્મકીર્તિરચિત

# ન્યાયબિન્દુ

તથા

આચાર્યધર્મોત્તરરચિત

# ન્યાયબિન્દુટીકા

*

## પ્રથમ પરિચ્છેદ : પ્રત્યક્ષ

ૐ વીતરાગને નમસ્કાર

**સમ્યગ્જ્ઞાનપૂર્વક સર્વપુરુષાર્થની સિદ્ધિ થાય છે, તેથી તેનું વ્યુત્પાદન કરવામાં આવે છે. (૧)**

**ટીકાના આરંભે મંગલભાવના :**

જે ભવરૂપ સંકટપરંપરા નિપજાવતા જગતના વિજેતા છે અને વળી રાગાદિના શત્રુ છે તે સુગતની (= બુદ્ધની) મનના [અજ્ઞાનરૂપ] અંધકારને ક્ષીણ કરનારી વાણી વિજય પામે છે.

**ગ્રંથનું પ્રયોજન :**

1. આ 'સમ્યગ્જ્ઞાનપૂર્વક' ઇત્યાદિ સૂત્ર દ્વારા આ ગ્રંથના વિષયવસ્તુનું પ્રયોજન કહેવાયું છે. કારણ, કોઈ પણ ગ્રંથનું શરીર શબ્દ અને અર્થ એમ બે ભેદે હોય છે. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૈકી શબ્દનું પ્રયોજન તો પોતાના વાચ્યની રજૂઆત કરવી – તેટલું જ હોય છે, એથી વિશેષ નહિ. એટલે તેનું નિરૂપણ [સૂત્રમાં] કરવામાં આવ્યું નથી.

2. अभिधेयं तु यदि निष्प्रयोजनं स्यात्तदा तत्प्रतिपत्तये शब्दसन्दर्भोऽपि नारम्भणीयः स्यात् । यथा काकदन्तप्रयोजनाभावान्न तत्परीक्षा आरम्भणीया प्रेक्षावता । तस्मादस्य प्रकरणस्यारम्भणीयत्वं दर्शयता अभिधेयप्रयोजनमनेनोच्यते । यस्मात्सम्यग्ज्ञानपूर्विका सर्वपुरुषार्थसिद्धिः तस्मात्तत्प्रतिपत्तय इदमारभ्यत इत्ययमत्र वाक्यार्थः ।

2. પણ જો ગ્રંથનું વિષયવસ્તુ (= અર્થશરીર) પોતે કશા પ્રયોજન વિનાનું હોય તો પછી તેની રજૂઆત માટે શબ્દાત્મક ગ્રંથ રચવાનો પણ પુરુષાર્થ કરવાનો ન હોય; દાખલા તરીકે, કાગડાના દાંતનું કશું પ્રયોજન ન હોવાથી વિવેકી મનુષ્યને તેની મીમાંસા કરવા જેવી લાગતી નથી. એટલે, આ ગ્રંથ[નો શબ્દદેહ] રચવા જેવો છે એ બતાવવા માટે જ ગ્રંથકારે આ સૂત્રમાં તેના વિષયવસ્તુનું પ્રયોજન કહ્યું છે. [પ્રયોજન રજૂ કરતા સૂત્રનો] વાક્યાર્થ આવો છે : સર્વપુરુષાર્થસિદ્ધિ સમ્યગ્જ્ઞાનપૂર્વક થાય છે, તેથી તેના પ્રતિપાદન માટે આ ગ્રંથ આરંભાયો છે.

3. अत्र च प्रकरणाभिधेयस्य सम्यग्ज्ञानस्य सर्वपुरुषार्थसिद्धिहेतुत्वं प्रयोजनमुक्तम् ।

3. આમાં ગ્રંથના વિષયવસ્તુરૂપ સમ્યગ્જ્ઞાનનું પ્રયોજન – તે સર્વપુરુષાર્થ સિદ્ધિનો હેતુ છે તે – કહેવામાં આવ્યું છે.

4. अस्मिंश्चार्थे उच्यमाने सम्बन्धप्रयोजनाभिधेयान्युक्तानि भवन्ति । तथा हि – पुरुषार्थोपयोगि सम्यग्ज्ञानं व्युत्पादयितव्यमनेन प्रकरणेनेति ब्रुवता सम्यग्ज्ञानमस्य शब्दसंदर्भस्याभिधेयं, तद्व्युत्पादनं प्रयोजनं, प्रकरणं चेदमुपायो व्युत्पादनस्येत्युक्तं भवति ।

4. આ વાત કહેતાં, [તે કહેવા માટે સૂત્રમાં વાપરેલા શબ્દો દ્વારા, આડકતરી રીતે, આ ગ્રંથસંબંધી] નીચેની બાબતો કહેવાઈ જાય છે : ૧. [ગ્રંથના શબ્દશરીરનો તેના પ્રયોજન સાથેનો] સંબંધ, ૨. [ગ્રંથના શબ્દશરીરનું] પ્રયોજન, ૩. [ગ્રંથનું] વિષયવસ્તુ. તે આ પ્રમાણે – 'આ ગ્રંથ વડે પુરુષાર્થમાં ઉપયોગી એવા સમ્યગ્જ્ઞાનનો બોધ કરાવવાનો છે' એમ [સીધી રીતે] કહેતાં કહેતાં, [આડકતરી રીતે] : (૧) આ શબ્દગૂંથણી (અર્થાત્ ગ્રંથ)નું વિષયવસ્તુ સમ્યગ્જ્ઞાન છે, (૨) સમ્યગ્જ્ઞાનનો વિશિષ્ટ બોધ એ આ ગ્રંથનું પ્રયોજન છે તથા (૩) આ ગ્રંથ પોતે એ વિશિષ્ટ બોધ[રૂપી પ્રયોજન]નો ઉપાય છે (અર્થાત્ ગ્રંથશરીર અને તેના પ્રયોજન વચ્ચે ઉપાય–ઉપેય–સંબંધ છે) એમ કહેવાઈ ગયું છે.

5. तस्मादभिधेयभागप्रयोजनाभिधानसामर्थ्यात्सम्बन्धादीन्युक्तानि भवन्ति । न त्विदमेकं वाक्यं सम्बन्धमभिधेयं प्रयोजनं च वक्तुं साक्षात्समर्थम् । एकं तु वदत् त्रयं सामर्थ्याद्दर्शयति । तत्र तदित्यभिधेयपदम् । व्युत्पाद्यत इति प्रयोजनपदम् । प्रयोजनं चात्र वक्तः प्रकरणकरणव्यापारस्य चिन्त्यते, श्रोतुश्च श्रवणव्यापारस्य ।

5. આ રીતે ગ્રંથના વિષયવસ્તુરૂપ અંગના પ્રયોજનનું સીધું કથન [જે વિશિષ્ટ રીતે] થયું છે, તેના બળે ઉપલી ત્રણ બાબતો પણ નિર્દેશાઈ જાય છે. અલબત્ત, આ એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ સૂત્રવાક્ય [એ ત્રણેને, અર્થાત્] ગ્રંથના વિષયવસ્તુને, ગ્રંથના પ્રયોજનને તથા એ પ્રયોજન સાથેના ગ્રંથના સંબંધને સાધી રીતે (= 'અભિધાશક્તિ' વડે) કહેવા સમર્થ નથી; પણ એકની વાત કરતાં કરતાં એ ત્રણની વાત પણ [વિશિષ્ટ કથનના] સામર્થ્યથી નિર્દેશે છે. તેમાં – [સૂત્રમાં 'તેનું વ્યુત્પાદન' એમ કહ્યું છે તેમાંના] 'તેનું' એ સર્વનામથી ગ્રંથનું [સમ્યગ્જ્ઞાનરૂપ] વિષયવસ્તુ નિર્દેશાયું છે. અને 'વ્યુત્પાદન કરાવાય છે' એ શબ્દોથી ગ્રંથપ્રયોજન સૂચવાય છે. વળી [એટલું ધ્યાનમાં રહે કે] અહીં જે પ્રયોજન ઉલ્લેખાયું છે તે ગ્રંથના વક્તા (= રચયિતા)ને પક્ષે ગ્રંથરચનારૂપી ક્રિયાનું તથા શ્રોતાના પક્ષે ગ્રંથને સાંભળવાની ક્રિયાનું છે.

6. तथा हि — सर्वे प्रेक्षावन्तः प्रवृत्तिप्रयोजनमन्विष्य प्रवर्तन्ते । ततश्चाचार्येण प्रकरणं किमर्थं कृतं, श्रोतृभिश्च किमर्थं श्रूयत इति संशये व्युत्पादनं प्रयोजनमभिधीयते । सम्यग्ज्ञाने व्युत्पाद्यमानानामात्मानं व्युत्पादकं कर्तुं प्रकरणमिदं कृतम् । शिष्यैश्चाचार्यप्रयुक्तामात्मनो व्युत्पत्तिमिच्छद्भिः प्रकरणमिदं श्रूयत इति प्रकरणकरणश्रवणयोः प्रयोजनं व्युत्पादनम् ।

6. કહેવાનો ભાવ આમ છે : કોઈ પણ વિવેકી મનુષ્ય, કોઈ પ્રવૃત્તિ પાછળનું પ્રયોજન શોધીને જ તે પ્રવૃત્તિ હાથ ધરે છે. એથી અહીં પણ પ્રશ્ન થાય કે આચાર્યે આ ગ્રંથ કેમ રચ્યો અને શ્રોતા આ ગ્રંથને શા માટે સાંભળે છે. એના જવાબરૂપે કહેવાય છે કે [આ બંને પક્ષે] વિષયવસ્તુનું વ્યુત્પાદન તે પ્રયોજન છે. એટલે કે 'જે લોકો સમ્યગ્જ્ઞાનનો વિશિષ્ટ બોધ પામવા ઇચ્છે છે તેમને તે વિશિષ્ટ બોધ આપનારો હું થાઉં", એમ કરીને આચાર્યે આ પ્રકરણ રચ્યું; જ્યારે શિષ્યો વડે 'આચાર્ય અમને વિશિષ્ટ બોધ પમાડે' એવી ઇચ્છા સાથે આ ગ્રંથનું શ્રવણ કરાય છે. આમ 'વિશિષ્ટ બોધ' તે ગ્રંથની રચના અને ગ્રંથનું શ્રવણ એ બંનેનું પ્રયોજન છે.

7. सम्बन्धप्रदर्शनपदं तु न विद्यते । सामर्थ्यादेव तु स प्रतिपत्तव्यः । प्रेक्षावता हि सम्यग्ज्ञानव्युत्पादनाय प्रकरणमिदमारब्धवताऽयमेवोपायो नान्य इति दर्शित एवोपायोपेयभावः प्रकरणप्रयोजनयोः सम्बन्ध इति ।

7. [હવે મૂળ ચર્ચા પર આવીએ તો—] સૂત્રવાક્યમાં ગ્રંથ અને પ્રયોજન વચ્ચેના સંબંધ બતાવનારું પદ તો ખરેખર નથી, [છતાં] એ સંબંધનો ખ્યાલ [આખી પરિસ્થિતિના] બળે જ મળે છે; [તે આમ :] સમ્યગ્જ્ઞાનના વિશિષ્ટ બોધ માટે વિવેકી મનુષ્યે આ ગ્રંથ આરંભ્યો છે એનો અર્થ એ કે તેમની દૃષ્ટિએ આ ગ્રંથ જ [વિશિષ્ટ બોધરૂપી પ્રયોજનનો] ઉપાય છે; એ સિવાય બીજો રસ્તો નથી. આ પરથી ગ્રંથ અને તેના પ્રયોજન વચ્ચે ઉપાયોપેયસંબંધનો નિર્દેશ પણ થઈ જ જાય છે.

8. ननु च प्रकरणश्रवणात्प्रागुक्तान्यप्यभिधेयादीनि प्रमाणाभावात्प्रेक्षावद्भिर्न गृह्यन्ते । तत्किमेतैरारम्भप्रदेशे उक्तैः ।

## પ્રયોજનાદિના પૂર્વકથનની ઉપકારકતા :

8. હવે કોઈને પ્રશ્ન થાય કે ગ્રંથનું શ્રવણ કર્યા પહેલાં જ જો તેનું વિષયવસ્તુ વગેરે કહેવામાં આવે તો [તેની સચ્ચાઈની ચકાસણી કરવા માટે] પ્રમાણનો અભાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી બુદ્ધિમાન લોકો તેનો સ્વીકાર કરી લેશે નહિ; તો પછી એ ત્રણે બાબતો શરૂઆતમાં જ કહેવાનો અર્થ શો ?

9. सत्यम् । अश्रुते प्रकरणे कथितान्यपि न निश्चीयन्ते । उक्तेषु त्वप्रमाणकेष्वप्यभिधेयादिषु संशय उत्पद्यते । संशयाच्च प्रवर्तन्ते । अर्थसंशयोऽपि हि प्रवृत्त्यङ्गम् प्रेक्षावताम् । अनर्थसंशयोऽपि निवृत्त्यङ्गम् । अत एव शास्त्रकारेणैव पूर्वं सम्बन्धादीनि युज्यन्ते वक्तुम् । व्याख्यातॄणां हि वचनं क्रीडाद्यर्थमन्यथापि सम्भाव्येत । शास्त्रकृतां तु प्रकरणप्रारम्भे न विपरीताभिधेयाद्यभिधाने प्रयोजनमुत्पश्यामो नापि प्रवृत्तिम् । अतस्तेषु संशयो युक्तः ।

9. વાત સાચી. ગ્રંથ સાંભળી લીધા પહેલાં એ કહેવામાં આવ્યાં હોય તો યે [તેમની યથાર્થતાનો] નિશ્ચય બંધાતો નથી. પણ [બીજી રીતે વિચારીએ તો,] કશા પ્રમાણ વગર તેમનું કથન કરવાથી સંશય ઉત્પન્ન થાય છે, અને સંશય થવાથી તો [જિજ્ઞાસુઓ ગ્રંથશ્રવણમાં] પ્રવૃત્ત થાય છે; કારણ કે કોઈ વસ્તુ વિષે 'તેનાથી પોતાનો અર્થ કદાચ સરે' એ પ્રકારનો સંશય પણ બુદ્ધિમાનને [તે વસ્તુમાં] પ્રવૃત્તિ કરાવનારું પરિબળ બની રહે છે. અને [તેથી ઊલટું,] કોઈ વસ્તુ અનર્થરૂપ હોવાનો સંશય એ [તેમાંથી] નિવૃત્તિ કરાવનારું પરિબળ બની રહે છે. આ કારણથી [મૂળ] શાસ્ત્રકારે જ આરંભે સંબંધ વગેરે કહેવાં તે યોગ્ય છે; કારણ કે [મૂળ શાસ્ત્રકાર કે સૂત્રકારને બદલે] માત્ર ટીકાકારો તેમનું કથન કરે તો કદાચ તે કથન ગમ્મત ખાતર પણ ખોટું કરાયેલું સંભવી શકે. તેને બદલે ગ્રંથારંભે શાસ્ત્રકારોને વિષયવસ્તુ વગેરેનું વિપરીત કથન કરવા પાછળ કોઈ પ્રયોજન હોય તેમ કલ્પી શકાતું પણ નથી કે ન તો [તેવી] પ્રવૃત્તિના [ખરેખરા દાખલા કયાંય] જોવા મળ્યા. આથી વિષયવસ્તુ વગેરે બાબતના એમના કથન વિષે [પ્રવર્તક એવો અનુકૂળ] સંશય થાય તે યોગ્ય જ છે.

10 अनुक्तेषु तु प्रतिपत्तृभिर्निष्प्रयोजनमभिधेयं संभाव्येतास्य प्रकरणस्य काकदन्तपरीक्षाया इव, अशक्यानुष्ठानं वा ज्वरहरतक्षकचूडारत्नालङ्कारोपदेशवत्, अनभिमतं वा प्रयोजनं मातृविवाहक्रमोपदेशवत्, अतो वा प्रकरणाल्लघुतर उपायः प्रयोजनस्य, अनुपाय एव वा प्रकरणं सम्भाव्येत।

10. બીજી બાજુ જો વિષયવસ્તુ આદિનું કથન કરવામાં આવ્યું ન હોત તો કદાચ જિજ્ઞાસુઓ એવી કલ્પના કરત કે કાગડાના દાંત અંગેની વિચારણાની જેમ આ ગ્રંથનું વિષયવસ્તુ પણ કશી ગરજ સારે એમ નથી, કાં તો 'જ્વર મટાડવા તક્ષક નાગની ફેણ પરનો મણિ ધારણ કરવો' એ પ્રકારની સલાહની જેમ આનો ઉપદેશ પણ આચરી ન શકાય તેવો [અઘરો] માની લેવાત, અથવા તો વળી કોઈકને પોતાની માતા સાથે વિવાહ કરવાના ઉપદેશની જેમ આ ગ્રંથનું પ્રયોજન અમાન્ય હોવાની શંકા થાત, અથવા ઇષ્ટ પ્રયોજન માટે આ ગ્રંથ કરતાં અન્ય વધુ સરળ ઉપાય હોઈ શકે એમ પણ કોઈ વિચારત, અથવા આ ગ્રંથ [પ્રયોજન સિદ્ધ કરવાનો] ઉપાય નથી એવું પણ કદાચ ધારી લેવાત.

11. एतासु चानर्थसम्भावनास्वेकस्यामप्यनर्थसम्भावनायां न प्रेक्षावन्तः प्रवर्तन्ते । अभिधेयादिषु तूक्तेष्वर्थसम्भावना अनर्थसम्भावनाविरुद्धा उत्पद्यते । तया तु प्रेक्षावन्तः प्रवर्तन्ते । इति प्रेक्षावतां प्रवृत्त्यङ्गमर्थसम्भावनां कर्तुं सम्बन्धादीन्यभिधीयन्त इति स्थितम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**11.** ઉપર કહેલા અનર્થોમાંથી એકાદની પણ દહેશત હોય તો બુદ્ધિમાન્ લોકો ગ્રંથમાં પ્રવર્તે નહિ. પણ વિષયવસ્તુ વગેરે કહેવાતાં, અનર્થની કલ્પના ટળે છે ને ઊલટી ઇષ્ટપ્રાપ્તિની સંભાવના જન્મે છે. તેને લીધે વિવેકીઓ [ગ્રંથમાં] પ્રવર્તે છે. આ રીતે બુદ્ધિમાનોને પ્રવર્તાવે તેવી ઇષ્ટાર્થની સંભાવના જન્માવવા જ સંબંધાદિ નિર્દેશાયાં છે એમ નિશ્ચિત થાય છે.

**12.** अविसंवादकं ज्ञानं सम्यग्ज्ञानम् ।

**સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ :**

**12.** અવિસંવાદી જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે.

**13.** लोके च पूर्वमुपदर्शितमर्थं प्रापयन्संवादक उच्यते । तद्वज्ज्ञानमपि स्वयं प्रदर्शितमर्थं प्रापयत्संवादकमुच्यते । प्रदर्शिते चार्थे प्रवर्तकत्वमेव प्रापकत्वम्, नान्यत् । तथा हि — न ज्ञानं जनयदर्थं प्रापयति, अपि त्वर्थे पुरुषं प्रवर्तयत्प्रापयत्यर्थम् । प्रवर्तकत्वमपि प्रवृत्तिविषयप्रदर्शकत्वमेव । न हि पुरुषं हठात्प्रवर्तयितुं शक्नोति विज्ञानम् ।

**13.** [આમાંના 'અવિસંવાદી' (= સંવાદી)એ શબ્દપ્રયોગનો વિચાર કરીએ તો:] લોકવ્યવહારમાં, જો કોઇ વ્યક્તિ અગાઉ ચીંધેલો પદાર્થ પ્રાપ્ત કરાવે, તો ચીંધનાર તે વ્યક્તિને આપણે 'સંવાદી' કહીએ છીએ. તે રીતે જ્ઞાન પણ જો [પૂર્વે] પોતે પ્રદર્શિત કરેલા પદાર્થને પ્રાપ્ત કરાવે તો 'સંવાદી' કહેવાય છે. [અહીં સ્પષ્ટતા કરવી જોઈએ કે] જ્ઞાન પ્રદર્શિત પ્રદાર્થ વિષે પ્રવૃત્તિ કરાવે તેને જ [આ સંદર્ભમાં] તેની પ્રાપકતા (= પ્રદર્શિત પદાર્થની પ્રાપ્તિ કરાવવાપણું) ગણવી, અન્ય નહિ. કહેવાનો ભાવ એ છે કે જ્ઞાન પદાર્થની પ્રાપ્તિ કરાવે છે એનો અર્થ એ નહિ કે તે તેને ઉત્પન્ન કરે છે; તે તો પદાર્થ પ્રત્યે પુરુષને [માત્ર] પ્રવર્તાવીને તેની પ્રાપ્તિ કરાવે છે. વળી 'જ્ઞાન પ્રવર્તક છે' એનો અર્થ પણ એટલો જ કે તે પ્રવૃત્તિનો વિષય બતાવે છે; જ્ઞાન કંઈ પુરુષને પરાણે પ્રવર્તાવવા શક્તિમાન્ હોતું નથી.

**14.** अत एव चार्थाधिगतिरेव प्रमाणफलम् । अधिगते चार्थे प्रवर्तितः पुरुषः प्रापितश्चार्थः । तथा च सत्यर्थाधिगमात्समाप्तः प्रमाणव्यापारः । अत एव चानधिगतविषयं प्रमाणम् । येनैव हि ज्ञानेन प्रथममधिगतोऽर्थस्तेनैव प्रवर्तितः पुरुषः प्रापितश्चार्थः । तत्रैव चार्थे किमन्येन ज्ञानेनाधिकं कार्यम् ? अतोऽधिगतविषयमप्रमाणम् ।

**14.** એટલે [કહેવું જોઇએ કે] પદાર્થની અધિગતિ (બોધ) તે જ પ્રમાણનું ફળ છે. કોઈ પદાર્થનો બોધ થયો એટલે પુરુષ પ્રવર્ત્યો અને પદાર્થ મળ્યો [સમજો]. આમ હોવાથી પદાર્થનો બોધ (अधिगम) કરાવવા સાથે પ્રમાણનો વ્યાપાર સમાપ્ત થાય છે [એમ સમજવું]. તે પરથી [એમ ઠરે છે કે] અનધિગત (એટલે કે જેનો બોધ અગાઉ ન થયો હોય એવા) વિષયને જ પ્રમાણ લક્ષે છે. કારણ કે જે જ્ઞાનથી પદાર્થનો બોધ પ્રથમ થયો હોય છે તે જ્ઞાન જ પુરુષને પ્રવૃત્ત કરે છે અને પદાર્થની પ્રાપ્તિ પણ કરાવે છે. અને [તો પછી] તે જ પદાર્થને લક્ષતા અન્ય જ્ઞાનથી કયું અધિક પ્રયોજન સધાય ? એટલે અધિગત વિષયનું ગ્રહણ કરનારું ... અપ્રમાણ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

15. तत्र योऽर्थो दृष्टत्वेन ज्ञातः स प्रत्यक्षेण प्रवृत्तिविषयीकृतः । यस्माद्यस्मिन्नर्थे प्रत्यक्षस्य साक्षात्कारित्वव्यापारो विकल्पेनानुगम्यते तस्य प्रदर्शकं प्रत्यक्षम् । तस्माद् दृष्टतया ज्ञातः प्रत्यक्षदर्शितः । अनुमानं तु लिङ्गदर्शनान्निश्चिन्वत् प्रवृत्तिविषयं दर्शयति । तथा च प्रत्यक्षं प्रतिभासमानं नियतमर्थं दर्शयति । अनुमानं च लिङ्गसम्बद्धं नियतमर्थं दर्शयति । अत एते नियतस्यार्थस्य प्रदर्शके । तेन ते प्रमाणे । नान्यद्विज्ञानम् । प्राप्तुं शक्यमर्थमादर्शयत्प्रापकम् । प्रापकत्वाच्च प्रमाणम् ।

15. હવે તેમાં (='સમ્યગ્જ્ઞાન મધ્યે) જે અર્થ દૃષ્ટરૂપે (='સાક્ષાત્ અનુભવનો વિષય થયો' એ આકારે) જ્ઞાત થયો હોય તે પ્રત્યક્ષ દ્વારા પ્રવૃત્તિનો વિષય બને છે. ['દૃષ્ટરૂપે' એમ કહેવાનું] કારણ એ કે જે અર્થ વિષે પ્રત્યક્ષમાંના સાક્ષાત્કરણરૂપ વ્યાપાર બાદ વિકલ્પ ઉદય પામે છે તે [અર્થ]ને [જ] પ્રત્યક્ષ પ્રદર્શિત કરે છે. આથી જ જે દૃષ્ટરૂપે જ્ઞાત થાય તે [જ] પ્રત્યક્ષથી દર્શિત છે [એમ કહી શકાય]. જ્યારે અનુમાન તો લિંગદર્શનથી [અર્થ વિષે] નિશ્ચય (=વિકલ્પ) કરીને પ્રવૃત્તિનો વિષય દર્શાવે છે. તો આ રીતે પ્રત્યક્ષ એ પ્રતિભાસમાન એવા નિયત અર્થનું દર્શન કરાવે છે અને અનુમાન લિંગસમ્બદ્ધ એવા નિયત અર્થનું દર્શન કરાવે છે. આથી એ બંને નિયત અર્થનાં પ્રદર્શક છે. તેથી તે પ્રમાણ છે. અન્ય કોઈ જ્ઞાન [પ્રમાણ] નથી. [પ્રમાણ કહેવાવા માટેની કસોટીની યાદ દઈએ તો:] પ્રાપ્તિને યોગ્ય એવા અર્થને બતાવતું જ્ઞાન 'પ્રાપક' કહેવાય, અને પ્રાપક હોવાથી જ [તે] 'પ્રમાણ' ઠરે.

16. आभ्यां प्रमाणाभ्यामन्येन च ज्ञानेन दर्शितोऽर्थः कश्चिदत्यन्तविपर्यस्तः, यथा मरीचिकासु जलम् । स चासत्त्वात्प्राप्तुमशक्यः । कश्चिदनियतो भावाभावयोः, यथा संशयार्थः । न च भावाभावाभ्यां युक्तोऽर्थो जगत्यस्ति । ततः प्राप्तुमशक्यस्तादृशः ।

## અન્ય જ્ઞાનોનું અપ્રામાણ્ય:

16. આ બે પ્રમાણ સિવાયના અન્ય જ્ઞાનથી દર્શાવાયેલો પદાર્થ કાં તો અત્યંત વિપરીત હોય છે; જેમ કે મૃગજળને પાણી માની લેવું તે. એવો [વિપરીત] પદાર્થ [જે તે સ્થળે ખરેખર] ન હોવાથી પ્રાપ્ત કરી શકાતો નથી. તો વળી કોઈક જ્ઞાન જે તે પદાર્થના ભાવ કે અભાવ બાબત અનિશ્ચિતતાવાળું હોય છે; જેમ કે સંશયના વિષયરૂપ [કોઈ પણ] પદાર્થ[નું એકથી વધારે કોટિવાળું જ્ઞાન]. હવે જગતમાં ભાવ અને અભાવ બંનેથી યુક્ત પદાર્થ હોઈ શકતો નથી. તેથી તેવો પદાર્થ પ્રાપ્ત કરી શકાતો નથી.

17. सर्वेण चालिङ्गेन विकल्पेन नियामकमदृष्ट्वा प्रवृत्तेन भावाभावयोरनियत एवार्थो दर्शयितव्यः । स च प्राप्तुमशक्यः । तस्मादशक्यप्रापणमत्यन्तविपरीतं भावाभावानियतं चार्थं दर्शयदप्रमाणमन्यज्ज्ञानम् ।

17. હવે લિંગ સાથે સંબંધ નહિ ધરાવતા અથવા તો વળી નિયામક [એવા અર્થ]ના દર્શન વિના પ્રવૃત્ત થયેલા સર્વ વિકલ્પ વડે તો ભાવરૂપ કે અભાવરૂપ હોવાની બાબતમાં **અનિયત** એવો પદાર્થ જ પ્રદર્શિત થવો શક્ય છે; અને એવો [અનિયતરૂપે ભાસતો] પદાર્થ પ્રાપ્ત થવો શક્ય નથી. એટલે, જેની પાપ્તિ શક્ય નથી એવા પદાર્થને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ કાં તો અત્યંત વિપરીત [સ્વરૂપે ભાસતા], કાં તો ભાવ–અભાવની બાબતમાં અનિયત [ભાસતા] પદાર્થને દર્શાવતું અન્ય પ્રકારનું જ્ઞાન તે અપ્રમાણ ઠરે છે.

18. अर्थक्रियार्थिभिश्चार्थक्रियासमर्थवस्तुप्राप्तिनिमित्तं ज्ञानं मृग्यते । यच्च तैर्मृग्यते तदेव शास्त्रे विचार्यते । ततोऽर्थक्रियासमर्थवस्तुप्रदर्शकं सम्यग्ज्ञानम् ।

18. હવે [સૂત્રના ભાવ તરફ વળીએ તો], હેતુલક્ષી ક્રિયાના ખપવાળા લોકો તો તેવી ક્રિયાની ક્ષમતાવાળી જે વસ્તુ હોય તેની પ્રાપ્તિ માટે જ જ્ઞાનનો આશ્રય લે છે. અને તેઓને જેવા જ્ઞાનનો ખપ હોય છે તેવા જ્ઞાનનો જ શાસ્ત્રમાં વિચાર કરાય છે. [હવે આ શાસ્ત્રમાં સમ્યગ્જ્ઞાનનો વિચાર કરાયો છે] એમાંથી એ વાત [સ્વાભાવિક રીતે] ફલિત થાય છે કે સમ્યગ્જ્ઞાન [જ] હેતુલક્ષી ક્રિયા માટે સમર્થ એવી વસ્તુને બતાવનાર હોય છે.

19. यच्च तेन प्रदर्शितं तदेव प्रापणीयम् । अर्थाधिगमात्मकं हि प्रापकमित्युक्तम् । तत्र प्रदर्शितादन्यद्वस्तु भिन्नाकारं भिन्नदेशं भिन्नकालं च । विरुद्धधर्मसंसर्गाद्ध्यन्यद्वस्तु । देशकालाकारभेदश्च विरुद्धधर्मसंसर्गः ।

19. વળી, [અન્ય જ્ઞાનની સરખામણીમાં સમ્યગ્જ્ઞાનની વિશેષતા સ્પષ્ટ કરવા કહેવું જોઈએ કે] સમ્યગ્જ્ઞાન વડે જે પદાર્થ [જે સ્વરૂપે] પ્રદર્શિત થયો હોય તે પદાર્થ [તે સ્વરૂપે] જ પામી શકાય છે. એટલે તો અમે અગાઉ કહી ગયા છીએ કે સમ્યગ્જ્ઞાન પદાર્થનું આકલન (**अधिगम**) કરાવવા માત્રથી 'પ્રાપક' કહેવાય. જ્ઞાનથી બતાવાતી વસ્તુથી જે વસ્તુ ભિન્ન આકારની, ભિન્ન સ્થળની કે ભિન્ન કાળની હોય તે 'જુદી વસ્તુ' કહેવાય; કારણ કે અમુક વસ્તુ અન્ય વસ્તુ કરતાં વિરુદ્ધ એવા ધર્મના સંસર્ગથી 'જુદી વસ્તુ' કહેવાય છે; અને વિરુદ્ધ ધર્મનો સંસર્ગ એટલે જ દેશ, કાળ કે આકારનો ભેદ.

20. तस्मादन्याकारवद्वस्तुग्राहि नाकारान्तरवति वस्तुनि प्रमाणम्, यथा पीतशङ्खग्राहि शुक्ले शङ्खे । देशान्तरस्थग्राहि च न देशान्तरस्थे प्रमाणम्, यथा कुञ्चिकाविवरदेशस्थायां मणिप्रभायां मणिग्राहि ज्ञानं नापवरकस्थे मणौ । कालान्तरयुक्तग्राहि च न कालान्तरवति वस्तुनि प्रमाणम् । यथार्द्धरात्रे मध्याह्नकालवस्तुग्राहि स्वप्नज्ञानं नार्द्धरात्रकालवस्तुनि प्रमाणम् ।

20. એટલે અન્ય આકારવાળી વસ્તુને ગ્રહણ કરનારું જ્ઞાન, તે કરતાં ભિન્ન આકારવાળી વસ્તુના સંબંધમાં પ્રમાણ ન કહેવાય; જેમ કે સફેદ શંખને પીળા શંખ તરીકે ગ્રહણ કરનારું જ્ઞાન. તે રીતે એક સ્થળે રહેલા પદાર્થનું અન્ય સ્થળે રહેલા પદાર્થ તરીકે ગ્રહણ કરનાર જ્ઞાન પણ પ્રમાણ નથી; જેમ કે કૂંચીના કાણામાં રહેલી મણિની પ્રભામાં મણિનું ગ્રહણ કરનારું જ્ઞાન ઓરડામાં રહેલા મણિની બાબતમાં પ્રમાણ ન કહેવાય. વળી એક કાળમાં અસ્તિત્વ ધરાવતા પદાર્થ પરત્વે, તેનું અન્ય કાળના પદાર્થ તરીકે ગ્રહણ કરનારું જ્ઞાન પણ પ્રમાણ ન ગણાય; જેમ કે મધરાતે સ્વપ્નમાં [વસ્તુતઃ] મધરાત સાથે સંકળાયેલી વસ્તુનું મધ્યાહ્નકાળની વસ્તુ તરીકે ગ્રહણ કરનારું જ્ઞાન એ પ્રમાણ ન ગણાય.

21. ननु च देशनियतमाकारनियतं च प्रापयितुं शक्यम् । यत्काले तु परिच्छिन्नं तत्कालं न शक्यं प्रापयितुम् । नोच्यते यस्मिन्नेव काले परिच्छिद्यते तस्मिन्नेव काले प्रापयित-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

व्यमिति । अन्यो हि दर्शनकालोऽन्यश्च प्राप्तिकालः । किं तु यत्कालं परिच्छिन्नं तदेव तेन प्रापणीयम् । अभेदाध्यवसायाच्च संतानगतमेकत्वं द्रष्टव्यमिति ।

**21.** [અહીં, કોઈ શંકા કરનાર, બૌદ્ધ ક્ષણભંગવાદને ધ્યાનમાં રાખીને કહે છે:] "અમુક નિશ્ચિત સ્થળના કે અમુક નિશ્ચિત આકારના યોગવાળો પદાર્થ, [તે રૂપે જ] મળવો શકય છે એ ખરું; પરંતુ પદાર્થ જે કાળ સાથે સંકળાયેલો જ્ઞાત થયો હોય તે જ [illegible] પ્રાપ્ત થવો શકય નથી." [આ શંકાનો ખુલાસો:] પદાર્થ જે કાળે નિશ્ચિતરૂપે જ્ઞાત [illegible] છે, તે કાળે જ [તે જ્ઞાને] તે પદાર્થ પ્રાપ્ત કરાવવો જોઈએ – એવું કાંઈ અમે કહેતા નથી; કારણ કે વસ્તુના જ્ઞાનનો કાળ એક હોય છે ને તેની પ્રાપ્તિનો કાળ અન્ય હોય છે. પરંતુ, [અમારું કહેવાનું એટલું છે કે] પરિચ્છેદ (= બોધ)ના કાળે જે પદાર્થ [–ક્ષણ] હોય છે તે પદાર્થ[–ક્ષણ] જ સમ્યગ્જ્ઞાન વડે પ્રાપ્ત થવા યોગ્ય હોય છે. [પરંતુ જ્ઞાનક્ષણથી પ્રવૃત્તિક્ષણ જુદી હોય છે એવી **પ્રવૃત્તિની પોતાની મર્યાદાને લીધે,** પ્રાપ્ત થતી પદાર્થક્ષણ તે જ્ઞાતપદાર્થક્ષણથી અન્ય હોય છે. આમ હોવાથી બોધની પદાર્થક્ષણ અને પ્રાપ્તિની પદાર્થક્ષણ વચ્ચે] અભેદના અધ્યવસાયને લીધે માત્ર સમાનક્ષણસંતતિગત એકત્વ હોય છે, [ક્ષણગત એકત્વ નહિ,] તે ધ્યાનમાં રહે.

**22.** सम्यग्ज्ञानं 'पूर्वं' कारणं यस्याः सा तथोक्ता । कार्यात्पूर्वं भवत् कारणं पूर्वमुक्तम् । कारणशब्दोपादाने तु पुरुषार्थसिद्धेः साक्षात्कारणं गम्येत । पूर्वशब्दे तु पूर्वमात्रम् ।

### સૂત્રમાંના 'સમ્યગ્જ્ઞાનપૂર્વક' એ શબ્દપ્રયોગનો આશય :

**22.** 'સમ્યગ્જ્ઞાનપૂર્વક' એટલે સમ્યગ્જ્ઞાન જેની પૂર્વે એટલે કે [પરંપરાએ] જેના કારણરૂપે હોય છે તે. કારણ કાર્યની પૂર્વે આવતું હોવાથી તેને 'પૂર્વ' શબ્દથી ઉલ્લેખ્યું છે. [હવે 'પૂર્વ' શબ્દને બદલે] જો 'કારણ' શબ્દ વાપર્યો હોત તો [ 'કારણ' શબ્દની સહચારી અર્થચ્છાયાને લીધે,] 'અહીં પુરુષાર્થસિદ્ધિના સાક્ષાત્ કારણની વાત કરી છે' એવું સમજાત; પણ 'પૂર્વ' શબ્દને કારણે માત્ર પૂર્વે આવનારું, [વિશેષે કરીને વ્યવહિત] કારણ સમજાય છે.

**23.** द्विविधं च सम्यग्ज्ञानम्–अर्थक्रियानिर्भासं अर्थक्रियासमर्थे च प्रवर्तकम् । तयोर्मध्ये यत्प्रवर्तकं तदिह परीक्ष्यते । तच्च पूर्वमात्रम् । न तु साक्षात्कारणम् । सम्यग्ज्ञाने हि सति पूर्वदृष्टस्मरणम् । स्मरणादभिलाषः । अभिलाषात्प्रवृत्तिः । प्रवृत्तेश्च प्राप्तिः । ततो न साक्षाद्धेतुः ।

**23.** [ 'સમ્યગ્જ્ઞાનપૂર્વક' સમાસના પ્રયોગ પાછળનો આશય બરોબર સમજાય તે માટે પ્રથમ, સમ્યગ્જ્ઞાનના બે પ્રકાર એક બીજી દૃષ્ટિએ પડે છે તે સમજીએ :] સમ્યગ્જ્ઞાન બે પ્રકારનાં હોય છેઃ [તૃષાતૃપ્તિ આદિ, નિષ્પન્નપ્રાયઃ] અર્થક્રિયા (= પ્રયોજનસાધક ક્રિયા)નો નિર્ભાસ (= પ્રતીતિ) કરનારું અને અર્થક્રિયા માટે સમર્થ એવા પદાર્થમાં પ્રવર્તાવનારું. તે બંનેમાંથી પ્રવર્તક એવા બીજા પ્રકારના સમ્યગ્જ્ઞાનનું પરીક્ષણ આ ગ્રંથમાં કરાય છે. હવે તે તો [અર્થક્રિયાસમર્થમાં પ્રવૃત્તિનું] માત્ર પૂર્વગામી (અર્થાત્ પરંપરાએ કારણ) હોય છે, સાક્ષાત્ કારણ નહિ; કારણ કે [તે પ્રકારનું પ્રવર્તક] સમ્યગ્જ્ઞાન થાય એટલે પહેલાં તો [જ્ઞાતાને] પોતે પહેલાં અનુભવેલા [તે જાતના] પદાર્થનું સ્મરણ થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, સ્મરણ થતાં અભિલાષ થાય છે, અભિલાષથી [તે પદાર્થ વિષે] પ્રવૃત્તિ થાય છે અને પ્રવૃત્તિને અંતે [તે પદાર્થના સાક્ષાત્ અનુભવરૂપ] પ્રાપ્તિ થાય છે. આમ આવું સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિના સાક્ષાત્ હેતુરૂપ નથી હોતું.

24. अर्थक्रियानिर्भासं तु यद्यपि साक्षात्प्राप्तिस्तथापि तन्न परीक्षणीयम् । यत्रैव हि प्रेक्षावन्तोऽर्थिनः साशङ्कास्तत्परीक्ष्यते । अर्थक्रियानिर्भासे च ज्ञाते सति सिद्धः पुरुषार्थः । तेन तत्र न साशङ्का अर्थिनः । अतस्तन्न परीक्षणीयम् ।

24. બીજી બાજુ, ભલે અર્થક્રિયાનો નિર્ભાસ કરનારું પ્રથમ પ્રકારનું સમ્યગ્જ્ઞાન, જે તે પદાર્થની સાક્ષાત્ પ્રાપ્તિરૂપ જ હોય, તો પણ તેનું પરીક્ષણ કરવાનું રહેતું નથી; કારણ કે જે બાબત વિષે બુદ્ધિમાન્ એવા અર્થાભિલાષીઓ સંદેહ ધરાવતા હોય તેનું જ પરીક્ષણ કરવામાં આવે છે; અર્થક્રિયાનો નિર્ભાસ કરનારું સમ્યગ્જ્ઞાન તો અનુભવમાં આવે છે તે સાથે જ પુરુષાર્થ સિદ્ધ થઈ જાય છે, તેથી તેની બાબતમાં પ્રયોજનવાન્ વ્યક્તિ સંદેહવાળી હોતી નથી; [કારણ કે પ્રયોજનની સાક્ષાત્ સિદ્ધિ પણ જો સંદેહનો વિષય બની શકે તો અનવસ્થા સર્જાય.] તેથી તેનું પરીક્ષણ કરવાનું રહેતું નથી.

25. तस्मात्परीक्षार्हमसाक्षात्कारणं सम्यग्ज्ञानमादर्शयितुं कारणशब्दं परित्यज्य **पूर्वग्रहणं** कृतम् ।

25. આથી [અર્થક્રિયાસમર્થ વસ્તુની પ્રાપ્તિ]ના અસાક્ષાત્ કારણરૂપ [બીજા પ્રકારનું] સમ્યગ્જ્ઞાન ગ્રંથમાં ચર્ચવા લાયક છે એમ દર્શાવવા 'કારણ' શબ્દને બદલે 'પૂર્વ' શબ્દનો પ્રયોગ કરાયો છે.

26. पुरुषस्यार्थः पुरुषार्थः । अर्थ्यत इति 'अर्थः', काम्यत इति यावत् । **हेयोऽर्थ उपादेयो वा** । हेयो ह्यर्थो हातुमिष्यते, उपादेयोऽप्युपादातुम् । न च हेयोपादेयाभ्यामन्यो राशिरस्ति । उपेक्षणीयो ह्यनुपादेयत्वाद्धेय एव ।

## 'સર્વપુરુષાર્થસિદ્ધિ' એ શબ્દપ્રયોગનો ભાવાર્થ :

26. પુરુષનો અર્થ એટલે 'પુરુષાર્થ'. अर्थ् (= ઇચ્છવું) એ ધાતુ પરથી **અર્થ** શબ્દ બન્યો છે — જે ઇચ્છાનો વિષય બને તે 'અર્થ' કહેવાય. એ અર્થ કાં તો હેય (= ત્યજવા જેવો) હોય, કાં તો ઉપાદેય (= અંગીકારવા લાયક). 'હેય' અર્થને ટાળવાની ઇચ્છા કરાય છે, ઉપાદેય અર્થને મેળવવાની ઇચ્છા કરાય છે. 'હેય' અને 'ઉપાદેય' એ બે સિવાય અર્થનો ત્રીજો કોઈ પ્રકાર હોતો નથી. [કેટલાક લોકો અર્થનો ત્રીજો 'ઉપેક્ષણીય' એવો પ્રકાર પણ નિર્દેશે છે. એ અંગે અમારો ખુલાસો એ છે કે ] 'ઉપેક્ષણીય' અર્થ પણ છેવટે ઉપાદેય ન હોઈ 'હેય' જ ગણાવા પાત્ર છે.

27. तस्य सिद्धिर्हानमुपादानं च । हेतुनिबन्धना हि सिद्धिरुत्पत्तिरुच्यते । ज्ञाननिबन्धना तु सिद्धिरनुष्ठानम् । हेयस्य च हानमनुष्ठानम्, उपादेयस्य चोपादानम् । ततो हेयोपादेययोर्हानोपादानलक्षणाऽनुष्ठितिः सिद्धिरित्युच्यते ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**27.** હવે પુરુષાર્થની સિદ્ધિ એટલે કાં તો [હેયનો] ત્યાગ, કાં તો [ઉપાદેયનો] સ્વીકાર. [અહીં 'સિદ્ધિ' શબ્દના સંભવિત બે અર્થની સ્પષ્ટતા કરીને આગળ ચાલીએ:] જે સિદ્ધિ કોઈ કારણસામગ્રીને લીધે થાય તે 'ઉત્પત્તિ' કહેવાય; જ્યારે કોઈ જ્ઞાનમાંથી પરિણમતી સિદ્ધિ તે 'અનુષ્ઠાન' (= અમલ) કહેવાય. હવે હેય પદાર્થના સંદર્ભમાં અનુષ્ઠાન એટલે તે પદાર્થનો ત્યાગ અને ઉપાદેય પદાર્થના સંદર્ભમાં અનુષ્ઠાન એટલે તેનું ગ્રહણ. આમ હેયના ત્યાગરૂપ કે ઉપાદેયના ગ્રહણરૂપ અનુષ્ઠાન એ જ સિદ્ધિ કહેવાય. [આમ 'પુરુષાર્થસિદ્ધિ' શબ્દના 'પુરુષાર્થની ઉત્પત્તિ' એવા અન્યે કરેલા અર્થનો અસ્વીકાર કરીને 'પુરુષાર્થનું અનુષ્ઠાન (= આચરણ)' એવો અર્થ કરવો યોગ્ય છે.]

28. सर्वा चासौ पुरुषार्थसिद्धिश्चेति । सर्वशब्द इह द्रव्यकार्त्स्न्ये वृत्तो न तु प्रकारकार्त्स्न्ये । ततो नायमर्थः – द्विप्रकारापि सिद्धिः सम्यग्ज्ञाननिबन्धनैवेति । अपि त्वयमर्थः – या काचित्सिद्धिः सा सर्वा कृत्स्नैवासौ सम्यग्ज्ञाननिबन्धनेति । मिथ्याज्ञानाद्धि काकतालीयाऽपि नास्त्यर्थसिद्धिः ।

**28.** હવે, 'સર્વપુરુષાર્થસિદ્ધિ' એટલે **બધી** પુરુષાર્થસિદ્ધિઓ [અને નહિ કે **બધા પ્રકારની** પુરુષાર્થની સિદ્ધિ]. અહીં 'સર્વ' શબ્દ પુરુષાર્થસિદ્ધિના એકેએક દાખલાને ઉલ્લેખવા વાપર્યો છે, માત્ર બધા પ્રકારો જ સૂચવવા માટે નહિ. એટલે [અમારી અગાઉ કેટલાકે કહ્યા મુજબ] અહીં એવો અર્થ લેવાનો નથી કે બંને પ્રકારના પુરુષાર્થની સિદ્ધિ સમ્યગ્જ્ઞાન પર નિર્ભર છે. એને બદલે આ પ્રકારે અર્થ છે : પુરુષાર્થની જે કોઈ સિદ્ધિ હોય તે **બધી જ** સમ્યગ્જ્ઞાન પર આધારિત છે. એટલે કે મિથ્યાજ્ઞાનને આધારે તો કાકતાલીય ન્યાયે પણ અર્થસિદ્ધિ થતી જ નથી. (બીજા શબ્દોમાં : અર્થસિદ્ધિમાત્ર માટે સમ્યગ્જ્ઞાન પૂર્વે હોવું જરૂરી જ છે.)

**29.** तथा हि – यदि प्रदर्शितमर्थं प्रापयत्येवं ततो भवत्यर्थसिद्धिः । प्रदर्शितं च प्रापयत्सम्यग्ज्ञानमेव । प्रदर्शितं चाप्रापयन्मिथ्याज्ञानम् । अप्रापकं च कथमर्थसिद्धिनिबन्धनं स्यात् ? तस्माद्यन्मिथ्याज्ञानं न ततोऽर्थसिद्धिः । यतश्चार्थसिद्धिस्तत्सम्यग्ज्ञानमेव । अत एव सम्यग्ज्ञानं यत्नतो व्युत्पादनीयम् । यतस्तदेव पुरुषार्थसिद्धिनिबन्धनम् ।

**29.** આ વાત આમ સમજીએ : [માની લો કે મિથ્યાજ્ઞાન પણ] આવી રીતે (અર્થાત્ સમ્યગ્જ્ઞાનની જેમ) પોતે પ્રદર્શિત કરેલા પદાર્થને, [પછી કરેલી પ્રવૃત્તિ દ્વારા] પમાડે છે, એટલે કે તેનાથી [પણ] પુરુષાર્થસિદ્ધિ થાય છે. પણ જો તે આમ **પ્રદર્શિત** પદાર્થની [જ] પ્રાપ્તિ કરાવતું હોય તો પછી તે સમ્યગ્જ્ઞાન જ હોઈ શકે, [મિથ્યાજ્ઞાન નહિ]. અને જો પ્રદર્શિત અર્થની પ્રાપ્તિ ન કરાવે [– ભલે કદાચ પ્રદર્શિત કરતાં જુદા પદાર્થની પ્રાપ્તિ કરાવે –] તો તે મિથ્યાજ્ઞાન હોવું જોઈએ. અને જો તે [પ્રદર્શિત] અર્થની પ્રાપ્તિ ન કરાવે તો પછી તે [પ્રદર્શિત એવા] અર્થની સિદ્ધિનું કારણ પણ કઈ રીતે કહેવાય ? એટલે જે મિથ્યાજ્ઞાન હોય છે તેનાથી [પ્રદર્શિત] અર્થની સિદ્ધિ થતી નથી; જેનાથી [પ્રદર્શિત] અર્થની સિદ્ધિ થતી હોય છે તે તો સમ્યગ્જ્ઞાન જ હોવાનું. આથી જ સમ્યગ્જ્ઞાનની સમજ યત્નપૂર્વક કેળવવી જોઈએ; કારણ કે તે જ પુરુષાર્થસિદ્ધિનું નિમિત્ત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

30. ततो यावद् ब्रूयाद्या काचित्पुरुषार्थसिद्धिः सा सम्यग्ज्ञाननिबन्धनैवेति तावदुक्तं सर्वा सा सम्यग्ज्ञानपूर्विकेति । इतिशब्दस्तस्मादित्यस्मिन्नर्थे । यत्तदोश्च नित्यमभिसम्बन्धः । तदयमर्थः – यस्मात्सम्यग्ज्ञानपूर्विका सर्वपुरुषार्थसिद्धिः, तस्मात् 'तत्' सम्यग्ज्ञानं व्युत्पाद्यते ।

30. એટલે 'સર્વપુરુષાર્થસિદ્ધિ સમ્યગ્જ્ઞાનપૂર્વક થાય છે' એનો અર્થ એ કે જે કોઈ પુરુષાર્થસિદ્ધિ હોય છે તે સમ્યગ્જ્ઞાનને જ આભારી હોય છે. સૂત્રમાંના 'એમ કરીને' એ શબ્દોનો અર્થ છે 'તે કારણે' અને 'જે' અને 'તે' એ શબ્દો નિત્ય એકબીજા સાથે જોડાયેલા હોઈ-[સૂત્રમાંના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધનું કાર્યકારણભાવે જોડાણ થતાં] આમ અર્થ થશે : 'સર્વપુરુષાર્થસિદ્ધિ સમ્યગ્જ્ઞાનપૂર્વક થાય છે તેથી તે સમ્યગ્જ્ઞાનનું વ્યુત્પાદન કરાવાય છે.'

31. यद्यपि च समासे गुणीभूतं सम्यग्ज्ञानं तथापीह प्रकरणे व्युत्पादयितव्यत्वात्प्रधानम् । ततस्तस्यैव तच्छब्देन सम्बन्धः ।

31. [સૂત્રના વાક્યના પૂર્વાર્ધમાં આવતો 'સમ્યગ્જ્ઞાન' શબ્દ 'સમ્યગ્જ્ઞાનપૂર્વક' એ સમાસનો એક ભાગ જ હોવાથી ગૌણ બની જાય છે, તેથી 'તેનું વ્યુત્પાદન કરવામાં આવે છે' એ ઉત્તરાર્ધમાં આવતા 'તેનું' શબ્દથી 'સમ્યગ્જ્ઞાન' અર્થ કેવી રીતે લેવાય એવો વાંધો કોઈ સ્વાભાવિક રીતે લે. તેમને ઉદ્દેશીને અમે આવો ખુલાસો કરીએ છીએ :] જો કે 'સમ્યગ્જ્ઞાન' શબ્દ ['સમ્યગ્જ્ઞાનપૂર્વક' એ] સમાસમાં હોવાથી ગૌણ બની ગયો છે, છતાં આ ગ્રંથમાં તેનું [જ] વ્યુત્પાદન કરવાનું હોઈ તે મુખ્ય બની જાય છે. આથી [વાક્યના ઉત્તરાર્ધમાંના] 'તેનું' શબ્દથી એ સમ્યગ્જ્ઞાન જ નિર્દેશાય છે.

32. 'व्युत्पाद्यते' इति विप्रतिपत्तिनिराकरणेन प्रतिपाद्यत इति ॥

32. 'વ્યુત્પાદન કરાય છે' એનો અર્થ એ કે એ અંગે જે મતાંતરો હોય તે દૂર કરીને [તેના સાચા સ્વરૂપનું] પ્રતિપાદન કરાય છે. (૧)

चतुर्विधा चात्र विप्रतिपत्तिः संख्या–लक्षण–गोचर–फलविषया । तत्र संख्याविप्रतिपत्तिं निराकर्तुमाह –

**द्विविधं सम्यग्ज्ञानम् ॥ २ ॥**

સમ્યગ્જ્ઞાનનાં સંખ્યા, લક્ષણ, વિષય અને ફળ એ ચાર બાબતો અંગે મતાંતર છે. તેમાંથી, પ્રથમ સમ્યગ્જ્ઞાનાની સંખ્યા (=પ્રકારો) બાબતના મતાંતરનું નિરાકરણ કરવા માટે કહે છે :

**સમ્યગ્જ્ઞાન દ્વિવિધ છે : (૨)**

द्विविधमिति । द्वौ विधौ प्रकारावस्येति द्विविधम् । संख्याप्रदर्शनद्वारेण च व्यक्तिभेदो दर्शितो भवति । द्वे एव सम्यग्ज्ञानव्यक्ती इति ।

व्यक्तिभेदे च प्रदर्शिते प्रतिव्यक्तिनियतं सम्यग्ज्ञानलक्षणमाख्यातुं शक्यम् । अप्रदर्शिते तु व्यक्तिभेदे सकलव्यक्त्यनुयायि सम्यग्ज्ञानलक्षणमेकं न शक्यं वक्तुम् । ततो लक्षणकथनाङ्गमेव संख्याभेदकथनम् । अप्रदर्शिते तु व्यक्तिभेदात्मके संख्याभेदे लक्षणभेदस्य दर्शयितुमशक्यत्वात् । लक्षणनिर्देशाङ्गत्वादेव च प्रथमं संख्याभेदकथनम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'દ્વિવિધ' એ [સમાસ]નો અર્થ થાય : 'જેની બે વિધા (=પ્રકારો) છે તેવું'. આમ સમ્યગ્જ્ઞાનની સંખ્યા કહીને તેના ભિન્ન પ્રકારો તરફ અણુસાર કર્યો છે. સમ્યગ્જ્ઞાનના પ્રકારો **માત્ર બે** છે એમ [અહીં મર્યાદા બાંધી છે].

[હવે કોઈને એમ થાય કે પ્રથમ સમ્યગ્જ્ઞાનની સર્વસામાન્ય વ્યાખ્યા આપવાને બદલે સીધું પ્રકારકથન જ કેમ કર્યું. આનો ખુલાસો એ છે કે] પ્રથમ પ્રકારભેદ કહીને પછી એ દરેક પ્રકારને લાગુ પડતું સમ્યગ્જ્ઞાનનું લક્ષણ કહેવાનું શકય છે; પ્રકારભેદ કહ્યા વગર તે દરેક પ્રકારને લાગુ પડે તેવું એક [સર્વસામાન્ય] લક્ષણ કહેવાનું શકય નથી. તેથી તેની સંખ્યાનું કથન એ તેના લક્ષણકથનની જ [પૂર્વભૂમિકા બનતું] અંગ છે. [આમ પ્રત્યેક પ્રકારનું અલગ લક્ષણ જ કરવું શકય છે તે સ્થિતિમાં,] પ્રકારનો નિર્દેશ સૂચવતું સંખ્યાકથન કર્યા વગર તે પ્રત્યેક પ્રકારનું ભિન્ન લક્ષણ બતાવવું અશકય છે. આમ લક્ષણનિર્દેશના અંગરૂપે જ સંખ્યાનું કથન આ સૂત્રમાં કરાયું છે. (૨)

किं पुनस्तद् द्वैविध्यमित्याह—

प्रत्यक्षमनुमानञ्चेति ॥ ३ ॥

હવે તે દ્વિવિધપણું વિગતે સ્પષ્ટ કરતાં કહે છે :

**પ્રત્યક્ષ અને અનુમાન એ રીતે. (3)**

1. प्रत्यक्षमिति । प्रतिगतं आश्रितं अक्षम् । 'अत्यादयः क्रान्ताद्यर्थे द्वितीयया' (वा. २. २. १८) इति समासः । प्राप्तापन्नालङ्गतिसामासेषु परवल्लिङ्गताप्रतिषेधात् अभिधेयवल्लिङ्गे सति सर्वलिङ्गः प्रत्यक्षशब्दः सिद्धः ।

1. ['પ્રત્યક્ષ' શબ્દ સમજવા તેમાં આવેલા 'પ્રતિ' અને 'અક્ષ' શબ્દના અર્થ સમજીએ તો :] 'પ્રતિ' એટલે 'પ્રતિગત' અર્થાત્ આશ્રિત, [અને 'અક્ષ' એટલે આંખ અને, લક્ષણાથી, કોઈ પણ ઇન્દ્રિય.] એટલે અક્ષ અર્થાત્ ઇન્દ્રિયને આશ્રિત તે પ્રત્યક્ષ. 'પ્રત્યક્ષ' એ સમાસની રચના ['અષ્ટાધ્યાયી' સૂત્ર ૨.૨.૧૮ પરના] 'अत्यादयः क्रान्ताद्यर्थे द्वितीयया' (અર્થાત્ अति વગેરે ઉપસર્ગો क्रान्त અર્થાત્ 'પસાર કરેલું' વગેરે અર્થોમાં દ્વિતીયા વિભક્તિમાં રહેલાં પદો સાથે સમાસ રચે છે) એ [કાત્યાયનના વાર્તિક] મુજબ થઈ છે. [પ્રત્યક્ષ' શબ્દની આ રીતની વ્યુત્પત્તિ ઘટાવ્યા બાદ અષ્ટા. ૨.૪.૨૬ પરના] 'प्राप्ता-पन्नालङ्गतिसमासेषु' (અર્થાત્ प्राप्त, आपन्न, अलम् એવા પૂર્વપદવાળા તથા 'ગતિ'વાળા તત્પુરુષ સમાસોમાં પાછલા પદના લિંગ મુજબ જ સમાસનું લિંગ ન સમજવું) એ [વાર્તિક] મુજબ પાછલા પદના લિંગનો પ્રતિષેધ થયો હોઈ આવાં સમાસનું લિંગ તેમના અભિધેય (=વિશેષ્ય) મુજબ નક્કી થશે. એથી 'પ્રત્યક્ષ' શબ્દ ત્રણે લિંગમાં આવી શકશે.

**'પ્રત્યક્ષ' શબ્દના વ્યુત્પત્તિસિદ્ધ અર્થ કરતાં એના વ્યવહારસિદ્ધ અર્થની વ્યાપકતા :**

2. अक्षाश्रितत्वञ्च व्युत्पत्तिनिमित्तं शब्दस्य । न तु प्रवृत्तिनिमित्तम् । अनेन त्वक्षाश्रि-तत्वेनैकार्थसमवेतमर्थसाक्षात्कारित्वं लक्ष्यते । तदेव शब्दस्य प्रवृत्तिनिमित्तम् । ततश्च यत्किञ्चिद-र्थस्य साक्षात्कारि ज्ञानं तत् प्रत्यक्षमुच्यते ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. 'પ્રત્યક્ષ' શબ્દથી 'ઇન્દ્રિય પર આશ્રિત [જ્ઞાન]' એવો જે અર્થ સૂચવાય છે તે તેની [ઉપર કહેલી] વ્યુત્પત્તિને લીધે જ; જ્યારે તેના વ્યવહારમાં થતા પ્રયોગમાં માત્ર આ જ અર્થ હોતો નથી. (એટલે કે વ્યવહારમાં માત્ર ઇન્દ્રિય પર આશ્રિત અર્થાત્ ઇન્દ્રિયજન્ય જ્ઞાનને જ 'પ્રત્યક્ષ' કહેવામાં આવતું નથી.) 'ઇન્દ્રિય પર આશ્રિત' એવા [વ્યુત્પત્તિસિદ્ધ મૂળ] અર્થ પરથી [કાળે કરીને,] ઇન્દ્રિયાશ્રિત જ્ઞાનમાં તેના અક્ષાશ્રિતત્વ સાથે રહેલો વસ્તુનો સાક્ષાત્કાર કરાવવાનો ગુણધર્મ ધ્યાનમાં લઈને, 'પદાર્થનો સાક્ષાત્ અનુભવ કરાવનાર જ્ઞાન' એવો 'પ્રત્યક્ષ' શબ્દનો [વ્યાપક] અર્થ લક્ષિત થયો. ટૂંકમાં, 'પ્રત્યક્ષ' શબ્દનો વ્યવહારમાં પ્રયોગ તેને (=અર્થસાક્ષાત્કારિત્વને) ધ્યાનમાં લઈને જ થાય છે. તો આ રીતે પદાર્થનો સાક્ષાત્ અનુભવ કરાવનાર જ્ઞાન તે 'પ્રત્યક્ષ' કહેવાય.

3. यदि त्वक्षाश्रितत्वमेव प्रवृत्तिनिमित्तं स्यादिन्द्रियविज्ञानमेव प्रत्यक्षमुच्येत, न मानसादि ।

3. તેને બદલે જો વ્યવહારમાં 'પ્રત્યક્ષ' શબ્દના પ્રયોગ માટે, [જે તે જ્ઞાનમાં] ઇન્દ્રિયાશ્રિતપણું હોવાનું આવશ્યક મનાતું હોત તો ઇન્દ્રિયથી થતા જ્ઞાનને જ 'પ્રત્યક્ષ' કહેવામાં આવત; માનસવિજ્ઞાન વગેરેને પણ 'પ્રત્યક્ષ' કહેવામાં આવત નહિ. [પરંતુ ખરેખર તો તેને ય 'પ્રત્યક્ષ' કહેવામાં આવે છે. એટલે 'પ્રત્યક્ષ' શબ્દનો વ્યાપક અર્થ જ અહીં કરવાનો છે.]

4. यथा 'गच्छतीति गौः' इति गमनक्रियायां व्युत्पादितोऽपि गोशब्दो गमनक्रियोपलक्षितमेकार्थसमवेतं गोत्वं प्रवृत्तिनिमित्तीकरोति । तथा च गच्छत्यगच्छति च गवि गोशब्दः सिद्धो भवति ।

4. [શબ્દના વ્યુત્પત્તિજનિત અર્થને વ્યવહારમાં ચુસ્તપણે વળગી રહેવામાં આવતું નથી તે સમજવા એક બીજું ઉદાહરણ જોઈએ: ] જેમ કે गो શબ્દના અર્થમાં [गम् અર્થાત્ 'જવું' એ ધાતુ પરથી] 'જે ગમન ક્રિયા કરે તે गो' એવી વ્યુત્પત્તિને આધારે મૂળમાં તો જવાની ક્રિયા અંગભૂત ગણાઈ હશે. તેમ છતાં गो શબ્દનો વ્યવહારમાં ઉપયોગ કરવા માટે ગમનક્રિયા જેમાં [ક્યારેક] દેખાય છે તેવા [અમુક વિશિષ્ટ] પ્રાણીમાં જ સમવેત (=ઓતપ્રોત) થયેલું गोत्व (गोપણું) જ નિયામક તત્ત્વ બની રહે છે. (એટલે કે गोत्व અનુભવાય ત્યાં गो શબ્દ વપરાય છે.) આ રીતે ગમન કરતાં કે ન કરતાં ગમે તેવાં ગાય કે બળદ માટે गो શબ્દનો ઉપયોગ સિદ્ધ થાય છે.

5. मीयतेऽनेनेति मानम् । करणसाधनेन मानशब्देन सारूप्यलक्षणं प्रमाणमभिधीयते । लिङ्गग्रहणसम्बन्धस्मरणस्य पश्चान्मानमनुमानम् । गृहीते पक्षधर्मे स्मृते च साध्यसाधनसम्बन्धेऽनुमानं प्रवर्तत इति पश्चात्कालभाव्युच्यते ।

5. [હવે અનુમાનનો અર્થ સમજીએ : તેમાં રહેલા मान શબ્દનો मा—માપવું એ ધાતુ પરથી અર્થ આમ થાય :] જેના વડે મપાય તે मान. કરણવાચક એવા मान શબ્દથી, અર્થસરૂપતા એ જેનું લક્ષણ છે તેવું प्रमाण ઉલ્લેખાય છે. [હવે अनु સહિત मान શબ્દનો અર્થ કરીએ તો : ] લિંગગ્રહણ અને સંબંધસ્મરણની પછી (अनु) સંભવતું मान તે अनु-मान. [લિંગભૂત] પક્ષધર્મનું ગ્રહણ અને સાધ્યસાધનસંબંધનું સ્મરણ થયા પછી અનુમાન પ્રવર્તતું હોવાથી તે પાછળથી થતું જ્ઞાન કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

6. चकारः प्रत्यक्षानुमानयोस्तुल्यबलत्वं समुच्चिनोति । यथाऽर्थाविनाभावित्वादर्थं प्रापयत्प्रत्यक्षं प्रमाणम्, तद्वत् अर्थाविनाभावित्वादनुमानमपि परिच्छिन्नमर्थं प्रापयत्प्रमाणमिति ॥

6. સૂત્રમાંનો 'અને' શબ્દ પ્રત્યક્ષ અને અનુમાન સરખા બળવાળાં હોવાનું સૂચવે છે. જેમ પ્રત્યક્ષ એ પદાર્થ સાથે અવિનાભાવસંબંધવાળું હોઈ પદાર્થ પ્રાપ્ત કરાવે છે તેથી પ્રમાણ છે, તેમ અનુમાન પણ પદાર્થ સાથે અવિનાભાવવાળું હોઈ નિશ્ચિત પદાર્થને પ્રાપ્ત કરાવે છે તેથી પ્રમાણ છે. (૩)

## तत्र प्रत्यक्षं कल्पनाऽपोढमभ्रान्तम् ॥ ४ ॥

## તેમાં પ્રત્યક્ષ તે કલ્પનારહિત અને અભ્રાન્ત હોય છે. (૪)

1. तत्रेति सप्तम्यर्थे वर्तमानो निर्धारणे वर्तते । ततोऽयं वाक्यार्थः — तत्र तयोः प्रत्यक्षानुमानयोरिति समुदायनिर्देशः । प्रत्यक्षमित्येकदेशनिर्देशः । तत्र समुदायात्प्रत्यक्षत्वजात्यैकदेशस्य पृथक्करणं निर्धारणम् ।

1. સૂત્રમાંનો 'તેમાં' એ સપ્તમી વિભક્તિવાળો શબ્દ નિર્ધારણનું (=સમુદાયમાંથી એક ઘટકને જુદું પાડવાનું) કામ કરે છે. એટલે વાક્યાર્થ આમ થાય: 'તેમાં' એટલે કે તે પ્રત્યક્ષ અને અનુમાનમાં —આ થયો સમુદાયનિર્દેશ. 'પ્રત્યક્ષ' શબ્દ દ્વારા તે સમુદાયમાંનું એક ઘટક નિર્દેશાયું છે. આમ [બે સમ્યગ્જ્ઞાનરૂપ] સમુદાયમાંથી પ્રત્યક્ષત્વજાતિરૂપ એક ઘટકને અલગ તારવી આપ્યું છે તે 'નિર્ધારણ' કહેવાય.

2. तत्र प्रत्यक्षमनूद्य कल्पनाऽपोढत्वमभ्रान्तत्वञ्च विधीयते । यत्तद्भवतामस्माकं चार्थेषु साक्षात्कारि ज्ञानं प्रसिद्धं तत्कल्पनाऽपोढाभ्रान्तत्वयुक्तं द्रष्टव्यम् ।

2. આ વાક્યમાં પ્રત્યક્ષજ્ઞાનને વાક્યનું ઉદ્દેશ્ય બનાવીને તે કલ્પનારહિત અને અભ્રાન્ત હોય છે તેવું વિધાન કર્યું છે. [એટલે સરવાળે અર્થ આમ થાય :] તમારી અને અમારી સમજમાં પદાર્થોનો સાક્ષાત્કાર કરાવનાર ['પ્રત્યક્ષ' નામનું] જે જ્ઞાન પ્રસિદ્ધ છે તે જ્ઞાન કલ્પનારહિતતા અને અભ્રાન્તતાવાળું હોય છે તે લક્ષમાં લેવું.

3. न चैतन्मन्तव्यं कल्पनाऽपोढाभ्रान्तत्वं चेदप्रसिद्धं, किमन्यत्प्रत्यक्षस्य ज्ञानस्य रूपमवशिष्यते यत् प्रत्यक्षशब्दवाच्यं सदनूद्येतेति ।

3. [સૂત્રના સમગ્ર વિધાન અંગે કદાચ કોઈ આવો મત પ્રગટ કરે :] "[વાક્યનું ઉદ્દેશ્ય તે પ્રસિદ્ધ પદાર્થને ઉલ્લેખે અને વિધેય તે ઉદ્દેશ્યના અપ્રસિદ્ધ ધર્મો કહે તે ન્યાયે,] જો [પ્રત્યક્ષના લક્ષણઘટક વિધેયરૂપ] કલ્પનારહિતત્વ અને અભ્રાન્તત્વ [પ્રત્યક્ષના] અપ્રસિદ્ધ [ધર્મો] હોય તો પ્રત્યક્ષ જ્ઞાનનું કયું [જ્ઞાત અને પ્રસિદ્ધ] પાસું બાકી રહે, જે 'પ્રત્યક્ષ' શબ્દના વાચ્યાર્થરૂપ હોઈ 'અનુવાદ' ને પામે (=ઉદ્દેશ્યપદ દ્વારા ઉલ્લેખાય)? [અમને તો એવું કોઈ પાસું જણાતું નથી. આમ વિધાનનાં ઉદ્દેશ્ય અને વિધેય બંને અજ્ઞાત હોઈ વિધાન નિરર્થક ઠરશે.]" આમ વિચારવું ઠીક નથી;

4. यस्मादिन्द्रियान्वयव्यतिरेकानुविधाय्यर्थेषु साक्षात्कारिज्ञानं प्रत्यक्षशब्दवाच्यं सर्वेषां प्रसिद्धम्, तदनुवादेन कल्पनाऽपोढाभ्रान्तत्वविधिः ।

4. કારણ કે ઇન્દ્રિયના અન્વયવ્યતિરેકને અનુસરનારું એવું પદાર્થોનો સાક્ષાત્ અનુભવ કરાવનારું જ્ઞાન કે જે 'પ્રત્યક્ષ' શબ્દથી ઉલ્લેખાય છે તે તો બધા માટે પ્રસિદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે; [આમ સામાન્યરૂપે પ્રસિદ્ધ એવા] તેનો અનુવાદ કરીને, [તેના સ્વરૂપના વિશિષ્ટ જ્ઞાન માટે] તેમાં કલ્પનારહિતત્વ અને અભ્રાન્તત્વનું વિધાન કરવામાં આવ્યું છે.

5. कल्पनाया अपोढमपेतं 'कल्पनाऽपोढम्' । कल्पनास्वभावरहितमित्यर्थः ।

5. 'કલ્પનારહિત' એટલે કલ્પનાથી વેગળું — એટલે કે કલ્પનારૂપ સ્વભાવ વિનાનું.

6. अभ्रान्तं अर्थक्रियाक्षमे वस्तुरूपेऽविपर्यस्तमुच्यते । अर्थक्रियाक्षमं च वस्तुरूपं सन्निवेशोपाधिवर्णात्मकम् । तत्र यन्न भ्राम्यति तदभ्रान्तम् ।

6. 'અભ્રાન્ત' એટલે અર્થક્રિયાની ક્ષમતાવાળા વસ્તુસ્વરૂપ પરત્વે વિપરીત નહિ તે. [અહીં ખાસ સ્પષ્ટતા કરવી જોઈએ કે] સંનિવેશ (=ભાસતા ચોરસ, ગોળ આદિ આકારો) એ જેનો ઉપાધિ (=વિશેષણ) છે તેવો વર્ણ (=શુક્લાદિ પરમાણુઓ કે ધર્મોનો સંઘાત) તે જ અર્થક્રિયાક્ષમ વસ્તુરૂપ એમ સમજવાનું છે. એ સ્વરૂપ[ના ગ્રહણ] બાબત જે જ્ઞાન ભ્રમ ધરાવતું નથી તે 'અભ્રાન્ત' કહેવાય.

7. एतच्च लक्षणद्वयं विप्रतिपत्तिनिराकरणार्थम्, न त्वनुमाननिवृत्त्यर्थम् । यतः कल्पनाऽपोढग्रहणेनैवानुमानं निवर्तितम् । तत्रासत्यभ्रान्तग्रहणे गच्छद्वृक्षदर्शनादि प्रत्यक्षं कल्पनाऽपोढत्वात् स्यात् । ततो हि प्रवृत्तेन वृक्षमात्रमवाप्यत इति संवादकत्वात्सम्यग्ज्ञानम्, कल्पनाऽपोढत्वाच्च प्रत्यक्षमिति स्यादाशङ्का । तन्निवृत्त्यर्थमभ्रान्तग्रहणम् । तद्धि भ्रान्तत्वान्न प्रत्यक्षम् । त्रिरूपलिङ्गजत्वाभावाच्च नानुमानम् । न च प्रमाणान्तरमस्ति । अतो गच्छद्वृक्षदर्शनादि मिथ्याज्ञानमित्युक्तं भवति ।

7. [પ્રત્યક્ષનાં] આ બે લક્ષણોનું કથન [પ્રત્યક્ષ જ્ઞાનના સ્વરૂપ વિષેના] મતાંતરો નિવારવા માટે થયું છે, અનુમાનથી પ્રત્યક્ષનું જુદાપણું બતાવવા માટે નહિ; કારણ કે 'કલ્પનારહિત' એ એક વિશેષણથી જ પ્રત્યક્ષનું અનુમાનથી જુદાપણું તો સિદ્ધ થઈ ગયું છે. પણ જો 'અભ્રાન્ત' એ વિશેષણ ન મૂક્યું હોત તો [ચાલતા વાહને થતું] ગતિમાન્ વૃક્ષનું દર્શન આદિ જ્ઞાન પણ કલ્પનારહિત હોવાથી, પ્રત્યક્ષ કહેવાત; કારણ કે 'તે જ્ઞાનથી પ્રવૃત્ત વ્યક્તિ [ગતિરૂપ વિશેષણરહિત એવા] વૃક્ષમાત્રને તો પ્રાપ્ત કરે જ છે, તેથી તે સંવાદક જ્ઞાન હોઈ સમ્યગ્જ્ઞાન કહેવાય અને વળી એ જ્ઞાન કલ્પનારહિત હોવાથી પ્રત્યક્ષ કહેવાય' તેવી શંકા કોઈ ઉઠાવે તે શક્ય છે. એવી શંકાને અવકાશ ન રહે તે માટે સૂત્રમાં 'અભ્રાન્ત' વિશેષણ પણ મૂક્યું છે. એટલે એ (ગતિમાન્ વૃક્ષનું જ્ઞાન) ભ્રાન્ત હોવાથી પ્રત્યક્ષ ઠરતું નથી. વળી એ જ્ઞાન [ આગળ કહેવાનારાં ] ત્રણ લક્ષણથી વિશિષ્ટ એવા લિંગમાંથી જન્મતું ન હોવાથી અનુમાન પણ નથી. અને આ સિવાય અન્ય કોઈ પ્રમાણ તો છે નહિ. આથી ગતિમાન્ વૃક્ષનું દર્શન આદિ મિથ્યાજ્ઞાન છે એવું ફલિત થાય છે.

8. यदि मिथ्याज्ञानं, कथं ततो वृक्षावाप्तिरिति चेत्, न तो वृक्षावाप्तिः । नानादेशगामी हि वृक्षस्तेन परिच्छिन्नः । एकदेशनियतश्च वृक्षोऽवाप्यते । ततो यद्देशो गच्छद्वृक्षो दृष्टस्तद्देशो नावाप्यते । यद्देशश्चावाप्यते स न दृष्ट इति न तस्मात्कश्चिदर्थोऽवाप्यते । ज्ञानान्तरादेव तु वृक्षादिरर्थोऽवाप्यते । इत्येवमभ्रान्तग्रहणं विप्रतिपत्तिनिरासार्थम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

8. [ હજી યે કોઈ પૂછે : ] "જો એ મિથ્યાજ્ઞાન હોય તો તેને લીધે વૃક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે ?" [આનો ઉત્તર છે : ] એ જ્ઞાનને લીધે વૃક્ષપ્રાપ્તિ થતી નથી; કારણ કે એ જ્ઞાનથી તો વિવિધ પ્રદેશમાં વિચરતા વૃક્ષનું આકલન થયેલું; જ્યારે જે વૃક્ષની પ્રાપ્તિ થાય છે તે તો એક સ્થળે સ્થિર એવું વૃક્ષ છે. આમ ગતિમાન્ વૃક્ષને જે [વિવિધ] પ્રદેશના સંપર્કમાં જોયેલું તે [ વિવિધ ] પ્રદેશના સંપર્કવાળું વૃક્ષ પ્રાપ્ત થતું નથી, અને જે [એક નિશ્ચિત] પ્રદેશ સાથે સંકળાયેલું વૃક્ષ પ્રાપ્ત થાય છે તે [રૂપે] તે જોયું નહોતું. એટલે પેલા જ્ઞાનથી કોઈ પદાર્થ પ્રાપ્ત થતો જ નથી. [સ્થિર] વૃક્ષાદિની જે પ્રાપ્તિ થાય છે તે તો અન્ય જ્ઞાનને જ આભારી છે. આમ 'અભ્રાન્ત' એ વિશેષણ [પ્રત્યક્ષના સ્વરૂપ અંગેના અન્ય] અયોગ્ય મતનું નિરસન કરવા માટે મૂકવામાં આવ્યું છે.

9. तथा अभ्रान्तग्रहणेनाप्यनुमाने निवर्तिते कल्पनाऽपोढग्रहणं विप्रतिपत्तिनिराकरणार्थम् । भ्रान्तं ह्यनुमानम्, स्वप्रतिभासेऽनर्थेऽर्थाध्यवसायेन प्रवृत्तत्वात् । प्रत्यक्षं तु ग्राह्ये रूपे न विपर्यस्तम् ।

9. [વળી બીજી બાજુથી એમ પણ કહી શકાય કે જેમ એકલું 'કલ્પનારહિત' વિશેષણ,] તેમ એકલું 'અભ્રાન્ત' વિશેષણ પણ પ્રત્યક્ષથી અનુમાનને જુદું પાડી આપે છે. તેમ છતાં 'કલ્પનારહિત' એ વિશેષણ [સવિકલ્પક પ્રત્યક્ષ સ્વીકારનારા] પરમતનું નિરસન કરવા પ્રયોજાયું છે. ['અભ્રાન્ત' એ વિશેષણ પ્રત્યક્ષને અનુમાનથી જુદું પાડી આપે છે એમ કહેવાનું] કારણ એ કે અનુમાન તો ભ્રાન્ત જ્ઞાન છે – તે જ્ઞાન પોતાનામાં જેનો પ્રતિભાસ છે તે [જાતિરૂપ] અવસ્તુ વિષે, તે વસ્તુ છે એવો નિશ્ચય કરીને પ્રવર્તે છે. જ્યારે પ્રત્યક્ષ તો પોતાના ગ્રાહ્ય વિષય વિષે વિપરીત હોતું નથી.

10. न त्वविसंवादकमभ्रान्तमिह ग्रहीतव्यम् । यतः सम्यग्ज्ञानमेव प्रत्यक्षम्, नान्यत् । तत्र सम्यग्ज्ञानत्वादेवाविसंवादकत्वे लब्धे पुनरविसंवादकग्रहणं निष्प्रयोजनमेव । एवं हि वाक्यार्थः स्यात् – प्रत्यक्षाख्यं यदविसंवादकं ज्ञानं तत् कल्पनाऽपोढमविसंवादकं चेति । न चानेन द्विरविसंवादकग्रहणेन किञ्चित् । तस्माद् ग्राह्येऽर्थक्रियाक्षमे वस्तुरूपे यदविपर्यस्तं तदभ्रान्तमिह वेदितव्यम् ॥

10. સૂત્રમાંના 'અભ્રાન્ત' એ વિશેષણનો અર્થ 'અવિસંવાદક' એવો ન કરવો; કારણ કે પ્રત્યક્ષ પણ સમ્યગ્જ્ઞાન જ છે, અસમ્યગ્જ્ઞાન નહિ. અને તેમ હોવાથી જ તેનું અવિસંવાદકપણું સિદ્ધ થઈ જાય છે, તેથી ફરી ['અભ્રાન્ત' પદ દ્વારા] તેને અવિસંવાદક કહેવાનું કશું પ્રયોજન રહેતું નથી. [જો 'અભ્રાન્ત'નો અર્થ પણ અવિસંવાદક લઈએ તો] વાક્યાર્થ આવો થાય : 'પ્રત્યક્ષ નામનું જે અવિસંવાદક જ્ઞાન છે તે કલ્પનારહિત અને અવિસંવાદક હોય છે.' આ રીતે બે વાર 'અવિસંવાદક' કહેવાથી કશો [વિશેષ] હેતુ સરતો નથી. તેથી 'અભ્રાન્ત' એ વિશેષણનો અર્થ અહીં 'અર્થક્રિયા માટે સમર્થ એવા ગ્રાહ્ય વસ્તુરૂપ પરત્વે અવિપરીત' એવો જ કરવો ઘટે. (૪)

कीदृशी पुनः कल्पनेह गृह्यत इत्याह –

अभिलापसंसर्गयोग्यप्रतिभासा प्रतीतिः कल्पना ॥ ५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[પ્રત્યક્ષજ્ઞાનને 'કલ્પનારહિત' કહ્યું તો] તેમાં 'કલ્પના'નું સ્વરૂપ શું સમજવાનું છે ? – આ પ્રશ્નના ઉત્તરરૂપે કહે છે :

## અભિલાપસંસર્ગને યોગ્ય પ્રતિભાસવાળી પ્રતીતિ તે કલ્પના. (૫)

1. अभिलापेत्यादि । अभिलप्यतेऽनेनेति 'अभिलापो' वाचकः शब्दः । अभिलापेन संसर्गः अभिलापसंसर्गः । एकस्मिञ्ज्ञानेऽभिधेयाकारस्याभिधानाकारेण सह ग्राह्याकारतया मीलनम् । ततो यदैकस्मिञ्ज्ञानेऽभिधेयाभिधानयोराकारौ संनिविष्टौ भवतस्तदा संसृष्टेऽभिधानाभिधेये भवतः । अभिलापसंसर्गाय योग्योऽभिधेयाकाराभासो यस्यां प्रतीतौ सा तथोक्ता ।

1. સૂત્રમાંના 'અભિલાપ' શબ્દની વ્યુત્પત્તિ [अभि+लप् ધાતુ પરથી] 'જેનાથી પદાર્થ અભિલપાય (અર્થાત્ ઉલ્લેખાય) તે' એવી હોઈ તેનો અર્થ 'વાચક શબ્દ' એવો થાય. (બીજા શબ્દોમાં : 'અભિલાપ' એટલે કોઈ પણ પદાર્થને ઉલ્લેખવા કે ઓળખવા વ્યવહારમાં વપરાતો શબ્દ.) અને 'અભિલાપસંસર્ગ' એટલે વાચક શબ્દ સાથેનો સંસર્ગ. [અહીં અભિલાપનો સંસર્ગ તેના વાચ્ય એવા વિષય સાથે સમજવાનો છે. એટલે] જ્યારે કોઈ જ્ઞાનમાં અભિધેય (=વાચ્ય)ના આકાર સાથે અભિધાન (=અભિલાપ)નો આકાર પણ ગ્રાહ્ય (=વિષય) રૂપે અનુભવાય ત્યારે 'અભિલાપસંસર્ગ' થયો કહેવાય. આમ જ્યારે એક જ્ઞાનમાં અભિધેય અને અભિધાનના આકારો **સાથે** પ્રવેશ્યા હોય ત્યારે તેમાં અભિધાન અને અભિધેયનો 'સંસર્ગ' થયો કહેવાય. અને જે પ્રતીતિમાં અભિધેયના આકારનો પ્રતિભાસ અભિલાપ(=અભિધાન)ની સાથે સંસર્ગ પામવાની યોગ્યતા (=શક્યતા) વાળો હોય તે 'અભિલાપસંસર્ગને યોગ્ય પ્રતિભાસવાળી પ્રતીતિ' કહેવાય.

2. तत्र काचित्प्रतीतिरभिलापेन संसृष्टाभासा भवति, यथा व्युत्पन्नसंकेतस्य घटार्थकल्पना घटशब्दसंसृष्टार्थावभासा भवति । काचित्त्वभिलापेनासंसृष्टाऽप्यभिलापसंसर्गयोग्याभासा भवति । यथा बालकस्याव्युत्पन्नसंकेतस्य कल्पना ।

2. હવે, કોઈક પ્રતીતિમાં અભિલાપના સંસર્ગને પામેલો પ્રતિભાસ (=જ્ઞાનાકાર) હોય છે; જેમ કે [યથાયોગ્ય] શબ્દસંકેતથી પરિચિત વ્યક્તિની ઘટપદાર્થસંબંધી કલ્પના 'ઘટ' એ શબ્દ સાથે સંસર્ગને પામેલા પ્રતિભાસવાળી હોય છે; જ્યારે કોઈક પ્રતીતિમાંનો પ્રતિભાસ તે અભિલાપના સંસર્ગને પામેલો ન હોવા છતાં તેવા સંસર્ગની **શક્યતાવાળો** હોય છે; જેમ કે શબ્દસંકેતથી અપરિચિત એવા બાળકની કલ્પના.

3. तत्र 'अभिलापसंसृष्टाभासा कल्पना' इत्युक्तावव्युत्पन्नसंकेतस्य न संगृह्येत । योग्यग्रहणे तु सापि संगृह्यते । यद्यप्यभिलापसंसृष्टाभासा न भवति तदहर्जातस्य बालकस्य कल्पना, अभिलापसंसर्गयोग्यप्रतिभासा तु भवत्येव । या चाभिलापसंसृष्टा सापि योग्या । तत उभयोरपि योग्यग्रहणेन संग्रहः ।

3. તો હવે જો સૂત્રમાં કલ્પનાને 'અભિલાપ સાથે સંસર્ગને **પામેલા** આભાસવાળી' કહી હોત તો, જેને સંકેતની ખબર નથી તેવી વ્યક્તિની કલ્પનાનો વ્યાખ્યામાં સમાવેશ ન થાત. પરંતુ 'સંસર્ગને **યોગ્ય**' એવો પ્રયોગ કરવાથી તેનો પણ સમાવેશ થઈ જાય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે; કારણ કે તરત જન્મેલા બાળકની કલ્પના ભલે અભિલાપસંસર્ગવાળી ન હોય, છતાં તેવા સંસર્ગની યોગ્યતા તો ધરાવે જ છે. વળી જે કલ્પના અભિલાપનો સંસર્ગ [વ્યક્ત રીતે] પામી છે તે પણ તેવા સંસર્ગને યોગ્ય તો કહેવાય જ. આમ વ્યાખ્યામાં 'યોગ્ય' એ શબ્દ વાપરવાથી આ બંને પ્રકારની કલ્પનાનો સમાવેશ થઈ જાય છે.

4. असत्यभिलापसंसर्गे कुतो योग्यतावसितिरिति चेत्। अनियतप्रतिभासत्वात्। अनियतप्रतिभासत्वं च प्रतिभासनियमहेतोरभावात्। ग्राह्यो ह्यर्थो विज्ञानं जनयन्नियतप्रतिभासं कुर्यात्, यथा रूपं चक्षुर्विज्ञानं जनयन्नियतप्रतिभासं जनयति। विकल्पविज्ञानं त्वर्थान्नोत्पद्यते। ततः प्रतिभासनियमहेतोरभावादनियतप्रतिभासम्।

**કલ્પનાગત પ્રતિભાસની અવસ્તુનિષ્ઠતા :**

4. અહીં કોઈને પ્રશ્ન થાય કે કોઈ પ્રતીતિમાં અભિલાપનો ખરેખર સંસર્ગ ન થયો હોય તો સંસર્ગની યોગ્યતાનો નિશ્ચય કેવી રીતે થાય? આનો જવાબ એ છે કે જે તે પ્રતીતિમાં રહેલા અનિયત પ્રતિભાસને લીધે તેની એ યોગ્યતા કળાય છે. [હવે આ પ્રતીતિમાં કિંવા અનિયત પ્રતિભાસ – જેને 'વિકલ્પ' પણ કહે છે – તેમાં અનિયતપણું કેમ રહેતું હશે એવો પ્રશ્ન પ્રાસંગિક રીતે થાય. એનો ખુલાસો એ છે કે] તેવી પ્રતીતિ, પ્રતિભાસનું નિયમન કરનારા કારણમાંથી (=સામે હાજર એવા **નર્યા** પદાર્થમાંથી) ઉત્પન્ન થતી ન હોવાથી અનિયત એવા પ્રતિભાસવાળી હોય છે. અહીં ધ્યાનમાં રાખવું જોઈએ કે [સામે વસ્તુતઃ ઉપસ્થિત એવો નર્યો] ગ્રાહ્ય અર્થ જ્યારે કોઈ જ્ઞાન જન્માવે ત્યારે જ જ્ઞાતામાં નિયત પ્રતિભાસ (=નક્કી વસ્તુલક્ષી આકારવાળી છાપ) ઉત્પન્ન કરે છે – જેમ કે રૂપ ચક્ષુર્વિજ્ઞાન જન્માવે છે ત્યારે નિયત પ્રતિભાસ જન્માવે છે. જ્યારે વિકલ્પરૂપ જ્ઞાન તો [નર્યા ગ્રાહ્ય] પદાર્થમાંથી ઉત્પન્ન થતું નથી; [તે તો પદાર્થ ઉપર જ્ઞાતાએ પોતાના આગવા સંસ્કાર કે વાસનાને બળે કરેલાં અવાસ્તવિક આરોપણોને આભારી હોય છે.] આમ કોઈ જ્ઞાન પ્રતિભાસનું નિયમન કરનારા કારણમાંથી ઉત્પન્ન થતું ન હોય ત્યારે અનિયત પ્રતિભાસવાળું હોય છે.

5. कुतः पुनरेतत् विकल्पोऽर्थान्नोत्पद्यत इति ? अर्थसंनिधिनिरपेक्षत्वात्। बालोऽपि हि यावद्दृश्यमानं स्तनं 'स एवायम्' इति पूर्वदृष्टत्वेन न प्रत्यवमृशति तावन्नोपरतरुदितो मुखमर्पयति स्तने। पूर्वदृष्टापरदृष्टं चार्थमेकीकुर्वद् विज्ञानमसंनिहितविषयम्। पूर्वदृष्टस्यासंनिहितत्वात्। असंनिहितविषयं चार्थनिरपेक्षम्। अनपेक्षं च प्रतिभासनियमहेतोरभावादनियतप्रतिभासम्। तादृशं चाभिलापसंसर्गयोग्यम्।

5. [કોઈ પૂછે :] "આવો વિકલ્પ પદાર્થમાંથી ઉત્પન્ન નથી થતો એમ કેમ કહી શકાય, વારુ ?" [તેનો ઉત્તર :] કારણ એ કે તે પદાર્થની ઉપસ્થિતિ બાબતમાં નિરપેક્ષ હોય છે; [દા. ત.,] બાળક પણ સ્તન જોયા બાદ જ્યાં સુધી 'આ તે જ સ્તન છે' એમ કરીને એને પહેલાં જોયેલા સ્તન તરીકે ઓળખતું નથી ત્યાં સુધી છાનું રહીને સ્તન મોંમાં લેતું નથી. હવે આ પ્રકારે અગાઉ જોયેલા પદાર્થ અને પછી જોયેલા પદાર્થને એક કલ્પી લેતું જ્ઞાન એ અનુપસ્થિત વિષયને જ લક્ષતું ગણાય; કારણ કે પૂર્વે જોયેલો પદાર્થ કંઈ [હાલ] ઉપસ્થિત હોતો નથી. હવે આમ અનુપસ્થિત વિષયને લક્ષતું જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો પદાર્થ–નિરપેક્ષ જ ઠરે. અને એમ પદાર્થ અંગે નિરપેક્ષ હોવાથી તે પ્રતિભાસનું નિયમન કરનારા કારણમાંથી ઉત્પન્ન થતું ન ગણાય; એટલે અનિયત પ્રતિભાસવાળું હોય છે. અને તેવું જ્ઞાન અભિલાપ સાથે સંસર્ગ પામવાને યોગ્ય ગણાય.

6. इन्द्रियविज्ञानं तु संनिहितार्थमात्रग्राहित्वादर्थसापेक्षम् । अर्थस्य च प्रतिभासनियमहेतुत्वान्नियतप्रतिभासम् । ततो नाभिलापसंसर्गयोग्यम् ।

6. જ્યારે બીજી બાજુ ઇન્દ્રિયજન્ય જ્ઞાન માત્ર ઉપસ્થિત પદાર્થનું જ ગ્રહણ કરતું હોઈ પદાર્થસાપેક્ષ હોય છે. અને એ પદાર્થ તે જ્ઞાનમાં થતા પ્રતિભાસના નિયમનનો હેતુ હોવાથી તે જ્ઞાન નિયત પ્રતિભાસવાળું હોય છે. તેથી અભિલાપ સાથે સંસર્ગ પામવાની યોગ્યતાવાળું હોતું નથી.

7. अत एव स्वलक्षणस्यापि वाच्यवाचकभावमभ्युगम्यैतदविकल्पकत्वमुच्यते । यद्यपि हि स्वलक्षणमेव वाच्यं वाचकं च भवेत्, तथाप्यभिलापसंसृष्टार्थं विज्ञानं सविकल्पकम् । न चेन्द्रियविज्ञानमर्थेन नियमितप्रतिभासत्वाद् अभिलापसंसर्गयोग्यप्रतिभासं भवतीति निर्विकल्पकम् ।

## શ્રોત્રજ્ઞાનસમેત સર્વ ઇન્દ્રિયવિજ્ઞાનો અને યોગિજ્ઞાન – એ પ્રત્યક્ષપ્રકારોની નિર્વિકલ્પકતા પણ શક્ય :

7. આથી જ, [ભલે તે તે વ્યવહારપ્રસંગે રૂપ, રસ, ધ્વનિલક્ષણ શબ્દ આદિરૂપ] સ્વલક્ષણનું વાચ્યપણું અને [ભાષાના શબ્દો વગેરેરૂપ અન્ય] સ્વલક્ષણનું વાચકપણું સ્વીકારી લઈએ, તો યે [તેમનું **સ્વલક્ષણ તરીકે જ** ગ્રહણ કરતા ઇન્દ્રિયજ્ઞાનનું તો] આ અવિકલ્પકપણું (એટલે કે આ સૂત્રમાં કહેલો અભિલાપસંસર્ગ અશક્ય હોવાની દશા) જ કહેવાશે. [અર્થાત્] સ્વલક્ષણ ભલે [વિશિષ્ટ સંદર્ભમાં] વાચ્ય કે વાચકનો ભાગ ભજવે, છતાં પણ [તેનું સ્વલક્ષણ તરીકે ગ્રહણ કરતું જ્ઞાન તો નિર્વિકલ્પક જ રહેશે; કારણ કે] કોઈ પણ જ્ઞાન અભિલાપનો સંસર્ગ પામેલા [અથવા પામવા યોગ્ય] પદાર્થનું ગ્રહણ કરે ત્યારે જ સવિકલ્પક ઠરે છે, [અને જ્યારે તેવા સંસર્ગ કે તેની શક્યતા વગરનું હોય ત્યારે તો નિર્વિકલ્પક જ ગણાય છે.] [કોઈ પણ] ઇન્દ્રિયવિજ્ઞાન પદાર્થથી નિયમન પામેલા પ્રતિભાસવાળું હોઈ અભિલાપનો સંસર્ગ પામી શકે તેવા પ્રતિભાસવાળું ન હોઈ શકે; તેથી તે નિર્વિકલ્પક જ હોય, [પછી ભલે અન્ય સંદર્ભમાં તે વાચ્ય કે વાચકરૂપે ગ્રહણ પામે ને સવિકલ્પક કહેવાય.]

8. श्रोत्रविज्ञानं तर्हि शब्दस्वलक्षणग्राहि, शब्दस्वलक्षणं च किंचिद्वाच्यं किंचिद्वाचकमित्यभिलापसंसर्गयोग्यप्रतिभासं स्यात् । तथा च सविकल्पकं स्यात् ।

8. [શ્રોત્રજ્ઞાનને સવિકલ્પક જ સિદ્ધ કરવા કોઈ કહે છે :] "શ્રોત્ર(=કર્ણેન્દ્રિય)-થી થતું જ્ઞાન તો શબ્દસ્વલક્ષણનું ગ્રહણ કરે છે. હવે [ધ્વનિ આદિરૂપ] કોઈ સ્વલક્ષણ વાચ્ય, તો [ભાષાના 'ઘટ' 'પટ' આદિ શબ્દોરૂપ] અન્ય સ્વલક્ષણ વાચક હોય છે. આમ તે સ્વલક્ષણગ્રાહી શ્રોત્રજ્ઞાન [**વાચ્યવાચક ઉભયનું** ગ્રહણ કરતું હોઈ] અભિલાપના સંસર્ગને યોગ્ય એવા પ્રતિભાસવાળું સિદ્ધ થશે; ને તેથી સવિકલ્પ ગણાશે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**9.** नैष दोषः । सत्यपि स्वलक्षणस्य वाच्यवाचकभावे संकेतकालदृष्टत्वेन गृह्यमाणं स्वलक्षणं वाच्यं वाचकं च गृहीतं स्यात् । न च संकेतकालभावि दर्शनविषयत्वं वस्तुनः संप्रत्यस्ति । यथा हि संकेतकालभावि दर्शनमद्य निरुद्धं तद्वत् तद्विषयत्वमप्यर्थस्याद्य नास्ति । ततः पूर्वकालदृष्टत्वमपश्यच्छ्रोत्रज्ञानं न वाच्यवाचकभावग्राहि ।

**9.** [આ સાવ સ્થૂળ ને તર્કછલવાળી દલીલનો જવાબ આપીએ :] આ દોષ ઉદ્‌ભવતો નથી. [વાચ્યનો વાચક સાથેનો સંબંધ બતાવનાર] જે સંકેત હોય છે તે સંકેતનું ગ્રહણ કરવાના કાળે અનુભવેલા [વાચ્ય કે વાચક] પદાર્થરૂપે જ જ્યારે સ્વલક્ષણનું ગ્રહણ કરવામાં આવે છે ત્યારે જ તે સ્વલક્ષણ '[અમુક વાચકના] વાચ્ય' કે '[અમુક વાચ્યના] વાચક' તરીકે પ્રતીત થાય છે, ને તેટલા પૂરતું જ એનું વાચ્યપણું કે વાચકપણું હોય છે. [પરંતુ સ્વલક્ષણનું ગ્રહણ જ્યારે શ્રોત્રેન્દ્રિયથી જ થાય છે ત્યારે આવા સંકેતકાળના અનુભવના ગ્રહણને અવકાશ હોતો નથી, કારણ કે] શ્રોત્રનો હાલનો વિષય એ કંઈ સંકેતકાળે અનુભવેલો વિષયરૂપ નથી હોતો; કારણ કે જે રીતે સંકેતકાળે થયેલો ઇન્દ્રિયાનુભવ હાલ નિરોધ પામ્યો છે, તે રીતે હાલનો ઇન્દ્રિયાર્થ પણ સંકેતકાળે થયેલા અનુભવના વિષયરૂપ નથી. આ રીતે શ્રોત્રજ્ઞાન તો [હાલ અનુભવાતા વિષયનું] પૂર્વકાળે અનુભવેલા વિષયરૂપે ગ્રહણ જ ન કરતું હોઈ, [ને તે દ્વારા સમગ્ર સંકેતગ્રહણને અવગણતું હોઈ, સ્વલક્ષણના] વાચ્યપણાનું કે વાચકપણાનું ગ્રહણ કરતું નથી.

**10.** अनेनैव न्यायेन योगिज्ञानमपि सकलशब्दार्थावभासित्वेऽपि संकेतकालदृष्टत्वाग्रहणान्निर्विकल्पकम् ॥

**10.** યોગિજ્ઞાનમાં પણ સકળ શબ્દ અને અર્થોનો પ્રતિભાસ હોય છે; તેમ છતાં [તેમાંના તે તે શબ્દ અને અર્થ અર્થાત્ વાચક અને વાચ્ય] સંકેતકાળે અનુભવેલા [શબ્દ અને અર્થ] રૂપે ગ્રહણ પામતા ન હોઈ, તે જ્ઞાન પણ ઉપર્યુક્ત [શ્રોત્રજ્ઞાનના] ન્યાયે જ નિર્વિકલ્પક હોય છે. (અર્થાત્ યોગી વ્યવહારદશામાં શબ્દાદિના વાચ્યવાચકભાવને જાણે છે ખરો, છતાં તેની પ્રત્યક્ષ પ્રતીતિમાં તે વાચ્યવાચકભાવને અવગણે છે, ને તે તે ભાવોને તેમના પોતાના અર્થાત્ અનભિલાપ્ય સ્વરૂપે જ અનુભવે છે.) (૫.)

**तया रहितं तिमिराशुभ्रमणनौयानसंक्षोभाद्यनाहितविभ्रमं ज्ञानं प्रत्यक्षम् ॥ ६ ॥**

**તેનાથી રહિત અને તિમિર, ઝડપી ભ્રમણ, નૌકાવિહાર, સંક્ષોભ આદિને કારણે જેમાં વિભ્રમ પેદા ન થયો હોય તેવું જ્ઞાન તે પ્રત્યક્ષ. (૬)**

**1.** तया कल्पनया कल्पनास्वभावेन रहितं शून्यं सज्ज्ञानं यदभ्रान्तं तत् प्रत्यक्षमिति परेण सम्बन्धः । कल्पनापोढत्वाभ्रान्तत्वे परस्परसापेक्षे प्रत्यक्षलक्षणं, न प्रत्येकमिति दर्शयितुं तया रहितं यदभ्रान्तं तत्प्रत्यक्षमिति लक्षणयोः परस्परसापेक्षयोः प्रत्यक्षविषयत्वं दर्शितमिति ।

**1.** 'તેનાથી' એટલે [હમણાં વર્ણવેલી] કલ્પનાથી, [અથવા વધુ ચોકસાઈથી કહીએ તો :] કલ્પનાસ્વભાવથી (=કલ્પનાપણાથી) રહિત અર્થાત્ તેના અભાવવાળું. વળી એની સાથેસાથે જે જ્ઞાન અભ્રાન્ત પણ હોય તે પ્રત્યક્ષ — એમ પહેલાં આવેલા [પ્રત્યક્ષની વ્યાખ્યાના સૂત્ર] સાથે અનુસંધાન છે. કલ્પનારહિતપણું અને અભ્રાન્તપણું — એ બંને એકબીજાની અપેક્ષાએ પ્રત્યક્ષનું લક્ષણ (=સ્વરૂપ) બતાવે છે, પ્રત્યેક સ્વતંત્રપણે નહિ — એ બતાવવા 'કલ્પ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાથી રહિત એવું જે જ્ઞાન અભ્રાન્ત હોય તે પ્રત્યક્ષ' એમ કહ્યું છે. આમ ઉક્ત બંને લક્ષણો પરસ્પરના સહકારથી પ્રત્યક્ષને પોતાનો વિષય બનાવે છે એમ બતાવ્યું છે.

2. तिमिरमक्ष्णोर्विप्लवः । इन्द्रियगतमिदं विभ्रमकारणम् । आशुभ्रमणमलातादेः । मन्दं हि भ्राम्यमाणेऽलातादौ न चक्रभ्रान्तिरुत्पद्यते । तदर्थमाशुग्रहणेन विशेष्यते भ्रमणम् । एतच्च विषयगतं विभ्रमकारणम् । नावा गमनं नौयानम् । गच्छन्त्यां नावि स्थितस्य गच्छद्वृक्षादिभ्रान्तिरुत्पद्यत इति यानग्रहणम् । एतच्च बाह्याश्रयस्थितं विभ्रमकारणम् । संक्षोभो वातपित्तश्लेष्मणाम् । वातादिषु हि क्षोभं गतेषु ज्वलितस्तम्भादिभ्रान्तिरुत्पद्यते । एतच्चाध्यात्मगतं विभ्रमकारणम् ।

2. સૂત્રમાં 'તિમિર' શબ્દથી આંખનો એક રોગ ઉલ્લેખ્યો છે. તે ઇન્દ્રિયમાં [સાક્ષાત્ રીતે] આશ્રય પામેલું ભ્રમનું કારણ છે. 'ઝડપી ભ્રમણ' તે સળગતા અંગારા વગેરેનું. ભ્રમણને અહીં 'ઝડપી' એટલા માટે કહ્યું કે અંગારા વગેરેને ધીમેથી ભમાવવામાં આવે તો ચક્રની ભ્રાન્તિ થતી નથી. આ થયું વિષયમાં રહેલું ભ્રમનું કારણ. 'નૌકાવિહાર' એટલે નૌકા દ્વારા વિહાર. નૌકા જ્યારે ચાલતી હોય ત્યારે ચાલતા વૃક્ષ વગેરેની ભ્રાન્તિ થાય છે, એટલે 'વિહાર' શબ્દ સૂત્રમાં વાપર્યો છે. આ જ્ઞાતાના બાહ્ય આશ્રય (=જ્ઞાતાના શરીરના આશ્રય)માં રહેલું વિભ્રમનું કારણ છે. 'સંક્ષોભ' તે વાત, પિત્ત ને કફનો; (એટલે કે તેમનું સમદશામાંથી વિષમ દશામાં પરિણત થવું.) વાત આદિ ક્ષોભ પામે છે ત્યારે સળગતા થાંભલા વગેરેનો ભ્રમ થાય છે. હવે આ જ્ઞાતાના ભ્રમનું 'અધ્યાત્મગત' (શરીર, મન આદિમાં રહેનારું – આંતરિક) કારણ છે.

3. सर्वैरेव च विभ्रमकारणैरिन्द्रियविषयबाह्याध्यात्मिकाश्रयगतैरिन्द्रियमेव विकर्तव्यम् । अविकृते इन्द्रिये इन्द्रियभ्रान्त्ययोगात् ।

3. [ઉપર ઉદાહરણથી બતાવેલાં ભ્રમનાં વિવિધ કારણો અંગે ઊંડાણથી વિચારીએ તો જણાશે કે] ઇન્દ્રિય, વિષય, જ્ઞાતાના બાહ્ય આશ્રય કે જ્ઞાતાના આધ્યાત્મિક આશ્રયમાં રહેલાં વિભ્રમકારણોથી છેવટે તો ઇન્દ્રિયમાં જ વિકાર પેદા થવાનો; કારણ કે ઇન્દ્રિય વિકૃત ન થાય ત્યાં સુધી ઇન્દ્રિયથી થતી ભ્રાંતિ સંભવે નહિ.

4. एते संक्षोभपर्यन्ता आदयो येषां ते तथोक्ताः । आदिग्रहणेन काचकामलादय इन्द्रियस्था गृह्यन्ते । आशुनयनानयनादयो विषयस्थाः । आशुनयनानयने हि कार्यमाणेऽलातेऽग्निवर्णदण्डाभासा भ्रान्तिर्भवति । हस्तियानादयो बाह्याश्रयस्थाः, गाढमर्मप्रहारादय आध्यात्मिकाश्रयस्था विभ्रमहेतवो गृह्यन्ते ।

4. આ સંક્ષોભ સુધી ગણાવાયેલાં કારણો ઉપરાંત 'આદિ' શબ્દના ઉપયોગથી અન્ય કારણોમાં 'કાચ' [નામનો આંખનો રોગ], કમળો વગેરે ઇન્દ્રિયગત કારણો સૂચવાય છે, પદાર્થને જલદીથી પાસે–દૂર લઈ જવા જેવાં વિષયગત કારણો સૂચવાય છે – અંગારાને જલદી પાસે–દૂર લઇ જઈએ ત્યારે અગ્નિ જેવા વર્ણના દંડના આભાસરૂપ ભ્રાન્તિ પેદા થાય છે. હાથીની સવારી જેવાં બાહ્ય આશ્રય સંબંધી કારણો તથા મર્મ પર સખત પ્રહાર વગેરે આધ્યાત્મિક આશ્રયને લગતાં ભ્રમકારણો પણ સૂચવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

5. तैरनाहितो विभ्रमो यस्मिंस्तत्तथाविधं ज्ञानं प्रत्यक्षम् ॥

5. તેવા કોઈ કારણથી જે જ્ઞાનમાં ભ્રમ પેદા થયો ન હોય તેવું જ્ઞાન, [જો તે કલ્પનારહિત પણ હોય તો,] પ્રત્યક્ષ કહેવાય. (૬)

तदेवं लक्षणमाख्याय यैरिन्द्रियमेव द्रष्टृ कल्पितं, मानसप्रत्यक्षलक्षणे च दोष उद्भावितः, स्वसंवेदनं च नाभ्युपगतं, योगिज्ञानं च, तेषां विप्रतिपत्तिनिराकरणार्थं प्रकारभेदं प्रत्यक्षस्य दर्शयन्नाह—

**तत् चतुर्विधम् ॥७॥**

तत् चतुर्विधमिति ॥

તો આમ પ્રત્યક્ષનું લક્ષણ તો કહ્યું. હવે [વૈભાષિક મતાનુયાયી બૌદ્ધો વગેરે] કેટલાકે ખુદ ઇન્દ્રિયને જ [પ્રત્યક્ષ] જ્ઞાન કલ્પ્યું, [મીમાંસકાદિ] કેટલાકે માનસપ્રત્યક્ષના [દિઙ્નાગના] લક્ષણ સામે વાંધો કાઢ્યો, [ભાટ્ટ મીમાંસક અને નૈયાયિક વૈશેષિક આદિ] કેટલાકે સ્વસંવેદનપ્રત્યક્ષનો અસ્વીકાર કર્યો અને [મીમાંસક તેમ જ ચાર્વાક આદિ] કેટલાકે યોગિજ્ઞાનનો અસ્વીકાર કર્યો – આ મતાંતરોનું નિરસન કરવા સૂત્રકાર હવે પ્રત્યક્ષના પ્રકારો કહે છે :

**તે ચાર પ્રકારનું છે. (૭)**

**इन्द्रियज्ञानम् ॥८॥**

**[પ્રથમ પ્રકાર તે] ઇન્દ્રિયજ્ઞાન. (૮)**

इन्द्रियस्य ज्ञानमिन्द्रियज्ञानम् । इन्द्रियाश्रितं यत् तत् प्रत्यक्षम् ॥

ઇન્દ્રિયનું જ્ઞાન તે ઇન્દ્રિયજ્ઞાન. જે જ્ઞાન [ઉત્પન્ન થવાની બાબતમાં] ઇન્દ્રિય પર આશ્રિત હોય તે પ્રત્યક્ષ [નો એક પ્રકાર] ગણાય. (૮)

मानसप्रत्यक्षे परैर्यो दोष उद्भावितः तं निराकर्तुं मानसप्रत्यक्षलक्षणमाह —

**स्वविषयानन्तरविषयसहकारिणेन्द्रियज्ञानेन समनन्तरप्रत्ययेन जनितं तन्मनोविज्ञानम् ॥९॥**

માનસપ્રત્યક્ષ [ની કલ્પના] સામે અન્ય વાદીઓએ જે વાંધો રજૂ કર્યો તેના નિરાકરણ માટે માનસપ્રત્યક્ષનું લક્ષણ કહે છે :

**પોતાની વિષય [-ક્ષણ]ની અનન્તર વિષય[-ક્ષણ] જેની સહકારી છે તેવા ઇન્દ્રિયજ્ઞાનરૂપ 'સમનન્તરપ્રત્યય' વડે જે ઉત્પન્ન થયું હોય તે મનોવિજ્ઞાન (=માનસપ્રત્યક્ષ) કહેવાય. (૯)**

1. स्व आत्मीयो विषय इन्द्रियज्ञानस्य । तस्यानन्तरः न विद्यतेऽन्तरमस्येति । अन्तरं च व्यवधानं विशेषश्चोच्यते । ततश्चान्तरे प्रतिषिद्धे समानजातीयो द्वितीयक्षणभाव्युपादेयक्षण इन्द्रियविज्ञानविषयस्य गृह्यते । तथा च सतीन्द्रियज्ञानविषयक्षणादुत्तरक्षण एकसंतानान्तर्भूतो गृहीतः । स सहकारी यस्येन्द्रियविज्ञानस्य तत्तथोक्तम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. 'પોતાની' એટલે ઇન્દ્રિયજ્ઞાનની પોતાની વિષય[-ક્ષણ]. [એ વિષયક્ષણ પછી] જે [ક્ષણ] અંતર વગર આવતી હોય તે 'અનન્તર' [ક્ષણ] કહેવાય. [અહીં] 'અંતર' શબ્દના બંને અર્થ – વ્યવધાન અને જુદાપણું – [લેવાના] છે. એથી 'અનન્તર' દ્વારા [વ્યવધાન અને સ્વભાવનું જુદાપણું એ બંને પ્રકારના] અંતરનો પ્રતિષેધ કર્યો હોઈ, તે શબ્દથી ઇન્દ્રિયજ્ઞાનના વિષયની ક્ષણ પછી તરત આવતી સમાન જાતિવાળી ઉપાદેય (=કાર્યરૂપ) ક્ષણનો ઉલ્લેખ થયો છે. આમ હોવાથી ઇન્દ્રિયજ્ઞાનના વિષયની ક્ષણ પછી તે જ સંતુતિ (=ક્ષણુપરંપરા)માં તરત આવતી ક્ષણની અહીં વાત છે. તે ક્ષણ ઇન્દ્રિયજ્ઞાનના સહકારી તરીકે હોવી જોઈએ એવો ઉલ્લેખ સૂત્રમાં છે.

2. द्विविधश्च सहकारी – परस्परोपकारी एककार्यकारी च । इह च क्षणिके वस्तुन्यतिशयाधानायोगादेककार्यकारित्वेन सहकारी गृह्यते । विषयविज्ञानाभ्यां हि मनोविज्ञानमेकं क्रियते यतस्तदनयोः परस्परसहकारित्वम् ।

2. 'સહકારી' બે પ્રકારના હોઈ શકે : (૧) પરસ્પર ઉપકાર કરનારા (=એકબીજામાં વિશેષ ગુણધર્મ પેદા કરનારા) અને (૨) [સાથે] એક કાર્ય કરનારા. હવે અહીં [આમાંનો 'પરસ્પરોપકારી' રૂપ પ્રથમ અર્થ લઈ ન શકાય; કારણ કે] ક્ષણિક વસ્તુમાં કોઈ વિશેષ ગુણધર્મ પેદા કરી ન શકાય. [આપણા દાખલામાં આ વાત લાગુ પાડીને કહીએ તો, ઇન્દ્રિયજ્ઞાનના વિષયની તરત પછીની ક્ષણ અને ઇન્દ્રિયજ્ઞાન – એ બંને ક્ષણિક હોઈ એકબીજામાં કોઈ વિશેષ ધર્મ ઉત્પન્ન ન કરી શકે, એટલે કે પરસ્પરોપકારી ન થઈ શકે.] માટે અહીં 'સહકારી' એટલે 'એક કાર્ય કરનારા' એવો અર્થ લેવો. ઇન્દ્રિયજ્ઞાન અને તેના વિષયની ઉત્તરક્ષણ, એ બંને એક મનોવિજ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્તરૂપ થાય છે તેથી ['એક કાર્ય કરનારા' એ અર્થમાં] તેઓ પરસ્પર સહકારી છે.

3. ईदृशेनेन्द्रियविज्ञानेनालम्बनभूतेनापि योगिज्ञानं जन्यते । तन्निरासार्थं समनन्तरप्रत्ययग्रहणं कृतम् ।

3. [હવે જો સૂત્રમાં 'ઇન્દ્રિયજ્ઞાનરૂપ સમનન્તરપ્રત્યય વડે' એમ કહેવાને બદલે 'ઇન્દ્રિયજ્ઞાન વડે' એમ જ કહ્યું હોત તો ] આ [સૂત્રમાં ઉલ્લેખેલા સહકારીવાળું વિશિષ્ટ] પ્રકારનું ઇન્દ્રિયજ્ઞાન પોતે 'આલંબનપ્રત્યય' (=આલંબનરૂપ કારણ અર્થાત્ વિષય) બનીને યોગિજ્ઞાન પણ પેદા કરી શકે [તેથી યોગિજ્ઞાનને પણ 'મનોવિજ્ઞાન' કહેવાનું આવી પડત.] આ [લક્ષણદોષ] નિવારવા માટે ઇન્દ્રિયજ્ઞાન માટે 'સમનન્તરપ્રત્યય' એવું વિશેષણ પણ વાપર્યું છે.

4. समश्चासौ ज्ञानत्वेन, अनन्तरश्च व्यवधानरहितत्वेन, स चासौ प्रत्ययश्च हेतुत्वात् समनन्तरप्रत्ययः । तेन जनितम् ।

4. [સમનન્તર શબ્દમાં સમ્ એટલે સમાન, અનન્તર એટલે વ્યવધાન વિનાનું અને પ્રત્યય એટલે કારણ એમ અર્થ હોઈ, અહીં] જ્ઞાનરૂપ હોવાની બાબતમાં [પોતાની સંતતિમાંની પછીની ક્ષણની] સમાન અને વ્યવધાન વગર (એટલે કે તરત પૂર્વે) આવનારું એવું જે કારણ તે 'સમનન્તરપ્રત્યય' એમ સમજવું. [તો સૂત્રમાં મનોવિજ્ઞાનને] સમનન્તરપ્રત્યય એવા ઇન્દ્રિયજ્ઞાન]થી જન્મેલું કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

5. तदनेनैकसंतानान्तर्भूतयोरेवेन्द्रियज्ञानमनोविज्ञानयोर्जन्यजनकभावे मनोविज्ञानं प्रत्यक्षमित्युक्तं भवति । ततो योगिज्ञानं परसंतानवर्ति निरस्तम् ।

5. આમ આ શબ્દના ઉપયોગથી, પ્રત્યક્ષના પ્રકાર એવા મનોવિજ્ઞાન માટે એક આવશ્યક મર્યાદા એ બતાવી છે કે કાર્યકારણભાવે સંકળાયેલા ઉક્ત ઇન્દ્રિયજ્ઞાન અને મનોવિજ્ઞાન એ બંને [દેવદત્ત જેવા] એક સંતાનમાં જ હોવાં જોઈએ. તેથી યોગિજ્ઞાન કે જે [બુદ્ધ જેવા] જુદા સંતાનમાં હોય છે તેને આ મનોવિજ્ઞાનનું લક્ષણ લાગુ પડી શકતું નથી. (કારણ કે બુદ્ધના યોગિજ્ઞાનમાં દેવદત્તનું ઇન્દ્રિયજ્ઞાન આલમ્બનરૂપે હોઈ બુદ્ધસંતાન દેવદત્તસંતાનથી જુદો છે.)

6. यदा चेन्द्रियज्ञानविषयादन्यो विषयो मनोविज्ञानस्य, तदा गृहीतग्रहणादासञ्जितोऽप्रामाण्यदोषो निरस्तः । यदा चेन्द्रियविज्ञानविषयोपादेयभूतः क्षणो गृहीतः, तदेन्द्रियज्ञानेनागृहीतस्य विषयान्तरस्य ग्रहणादन्धबधिराद्यभावदोषप्रसंगो निरस्तः ।

**મનોવિજ્ઞાન સામેનાં મીમાંસકકથિત દૂષણોનું નિરસન :**

6. [મીમાંસકો મનોવિજ્ઞાનની કલ્પના સ્વીકારવા સામે બે વાંધા રજૂ કરે છે : ૧. મનોવિજ્ઞાન એ ઇન્દ્રિયે ગ્રહણ કરેલા વિષયનું જ ગ્રહણ કરે છે તેથી 'જેનું પૂર્વે ગ્રહણ ન થયું હોય તે ગ્રહણ કરનાર તે પ્રમાણ' એવી પ્રમાણ કે જ્ઞાનની વ્યાખ્યા તેને લાગુ પડી શકતી નથી. ૨. ઇન્દ્રિય ઉપરાંત મન પણ જો ઇન્દ્રિયના વિષયનું ગ્રહણ કરી શકે તો પછી દુનિયામાં કોઈ આંધળા, બહેરા વગેરે અર્થાત્ ચક્ષુર્વિજ્ઞાન, શ્રોત્રવિજ્ઞાન વગેરે વિનાના હોત નહિ. આ બંને વાંધાનો જવાબ આપતાં અનુક્રમે કહેવાનું કે] ઇન્દ્રિયવિજ્ઞાનની [વિષય[-ક્ષણ]થી મનોવિજ્ઞાનની વિષય[-ક્ષણ] જુદી હોય છે, તેથી 'મનોવિજ્ઞાન તે [ઇન્દ્રિયજ્ઞાનથી] ગૃહીત થયેલા વિષયનું ગ્રહણ કરે છે' એવી દલીલ વડે તેમાં ઉપજાવાયેલો અપ્રામાણ્યનો દોષ ટકતો નથી. ૨. વળી [મનોવિજ્ઞાન ઉત્પન્ન કરવામાં ઇન્દ્રિયજ્ઞાનના સહકારી તરીકે, પ્રથમ થયેલા] ઇન્દ્રિયજ્ઞાનના વિષયની ઉપાદેયરૂપ ક્ષણ (=તરત પછીની કાર્યરૂપ ક્ષણ) આવશ્યક મનાઈ હોવાથી, તમે માનસવિજ્ઞાન સામે નીચે મુજબનો વાંધો પણ નહિ કાઢી શકો : "ઇન્દ્રિયજ્ઞાને ગ્રહણ નહિ કરેલા એવા વિષયનું ગ્રહણ મનોવિજ્ઞાન કરે છે એમ [તમે જ કહો છો તે પ્રમાણે] માનીએ તો [આંધળી અને બહેરી વ્યક્તિઓ, પોતે ઇન્દ્રિયજ્ઞાનથી ન અનુભવેલા વિષયનું મનોવિજ્ઞાન જરૂર અનુભવી શકશે, ને તે રીતે] જગતમાં કોઈ અંધ (=રૂપજ્ઞાન વગરનો), બહેરો (=શબ્દજ્ઞાન વગરનો) ઇત્યાદિ રહેશે નહિ." (આ વાંધો એટલા માટે નહિ ટકે, કે મનોવિજ્ઞાનનો વિષય ઇન્દ્રિયવિજ્ઞાનના વિષયથી જુદો ભલે હોય, પણ ઇન્દ્રિયવિજ્ઞાનની ક્ષણસંતતિમાં જ તરત પછી આવતો હોવો જોઈએ; જ્યારે અંધ, બધિર આદિને તો ઇન્દ્રિયજ્ઞાન જ ન હોય તો તેની ક્ષણસંતતિ કે તેમાંનો તરત પછીનો વિષય સંભવે જ ક્યાંથી ?)

7. एतच्च मनोविज्ञानमुपरतव्यापारे चक्षुषि प्रत्यक्षमिष्यते । व्यापारवति तु चक्षुषि यद्रूपज्ञानं तत्सर्वं चक्षुराश्रितमेव । इतरथा चक्षुराश्रितत्वानुपपत्तिः कस्यचिदपि विज्ञानस्य ।

7. [ઇન્દ્રિયવિજ્ઞાન અને મનોવિજ્ઞાન ક્રમિક હોવાથી એ સ્પષ્ટ કરવું જોઈએ કે] જ્યારે ચક્ષુ [આદિ, વિષયમાં પ્રવર્તવાના] પોતાના વ્યાપારમાંથી નિવૃત્ત થાય ત્યારે જ આ મનોવિજ્ઞાનરૂપ પ્રત્યક્ષનો પ્રાદુર્ભાવ માની શકાય. ચક્ષુ[-આદિ]નો વ્યાપાર ચાલુ હોય તે ગાળામાં જે રૂપ[-આદિ]નું જ્ઞાન થાય છે તે બધું ચક્ષુ[-આદિ] પર જ આશ્રિત હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો તેમ ન માનીએ તો [ચક્ષુઆદિના વ્યાપારના અન્વયવ્યતિરેકને અનુસરવાને આધારે નિશ્ચિત થનારું] કોઇ પણ જ્ઞાનનું ચક્ષુ[–આદિ] વિષેનું આશ્રિતપણું જ સિદ્ધ ન થઈ શકે.

8. एतच्च सिद्धान्तप्रसिद्धं मानसं प्रत्यक्षम् । न त्वस्य प्रसाधकमस्ति प्रमाणम् । एवंजातीयकं तद्यदि स्यान्न कश्चिद्दोषः स्यादिति वक्तुं लक्षणमाख्यातमस्येति ॥

8. આ મનોવિજ્ઞાન તે જ [બૌદ્ધ] સિદ્ધાન્તમાં જે માનસપ્રત્યક્ષ તરીકે પ્રસિદ્ધ છે તે જ્ઞાન. પણ આ જ્ઞાનને સિદ્ધ કરનાર પ્રમાણુ નથી. [તો પછી આ સૂત્રમાં તેનું લક્ષણુ કેમ આપ્યું ? – એ શંકાનું સમાધાન એ કે] તે માનસપ્રત્યક્ષને જો આવા સ્વરૂપનું માનવામાં આવે તો તેને સ્વીકારવામાં કશો વાંધો હોઈ શકે નહિ એમ સૂચવવા જ આનું લક્ષણુ અહીં કહેવાયું છે. (૯)

स्वसंवेदनमाख्यातुमाह–

**सर्वचित्तचैत्तानामात्मसंवेदनम् ॥१०॥**

'સ્વસંવેદન' જ્ઞાનનું [પ્રત્યક્ષના તૃતીય પ્રકારરૂપે] નિરૂપણુ કરે છે :

**સર્વ 'ચિત્ત' અને 'ચૈત્ત'નું આત્મસંવેદન [રૂપ પ્રત્યક્ષ હોય છે.] (૧૦)**

1. सर्वचित्तेत्यादि । चित्तम् अर्थमात्रग्राहि । चैत्ता विशेषावस्थाग्राहिणः सुखादयः । सर्वे च ते चित्तचैत्ताश्च सर्वचित्तचैत्ताः । सुखादय एव स्फुटानुभवत्वात्स्वसंविदिताः, नान्या चित्तावस्थेत्येतदाशङ्कानिवृत्त्यर्थं सर्वग्रहणं कृतम् । नास्ति सा काचिच्चित्तावस्था यस्यामात्मनः संवेदनं न प्रत्यक्षं स्यात् ।

1. 'ચિત્ત' એ માત્ર પદાર્થનું ગ્રહણુ કરનારું જ્ઞાન છે. 'ચૈત્ત' તે વિશેષ અવસ્થા [ના આકાર] ધારણુ કરતાં સુખાદિ છે. 'સર્વ' શબ્દ ચિત્ત અને ચૈત્ત ઉભયને લાગુ પડે છે. કોઈને એવી આશંકા થાય કે સુખ વગેરેનો જ સ્ફુટ અનુભવ થતો હોવાથી તેમનું જ સ્વસંવેદન થાય, બીજી કોઈ [નીલજ્ઞાનાદિરૂપ] ચિત્તાવસ્થાનું નહિ. આવી આશંકાને અટકાવવા 'સર્વ' શબ્દ સૂત્રમાં વાપર્યો છે. કહેવાનો ભાવ એ છે કે કોઈ પણુ ચિત્તાવસ્થા એવી નથી, જેનું પોતાનું સંવેદન પ્રત્યક્ષ ન થતું હોય.

2. येन हि रूपेणात्मा वेद्यते तद्रूपमात्मसंवेदनं प्रत्यक्षम् ।

2, [કોઈને પ્રશ્ન થાય કે ઇન્દ્રિયજ્ઞાનઆદિ અન્ય પ્રત્યક્ષપ્રકારોથી આ આત્મસંવેદનરૂપ પ્રત્યક્ષના અનુભવનો આકાર કઈ રીતે જુદો પડે છે, તો તેના ખુલાસારૂપે કહેવાનું કે] જ્ઞાનના પોતાના સ્વરૂપ કે આકારનું જે રૂપે સંવેદન થાય તે રૂપવાળું જ્ઞાન આત્મસંવેદનરૂપ પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય.

3. इह च रूपादौ वस्तुनि दृश्यमाने आन्तरः सुखाद्याकारस्तुल्यकालं संवेद्यते । न च गृह्यमाणाकारो नीलादिः सातरूपो वेद्यते इति शक्यं वक्तुम् । यतो नीलादिः सातरूपेणानुभूयत इति न



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निश्चीयते । यदि हि सातादिरूपोऽयं नीलादिरनुभूयत इति निश्चीयेत, स्यात्तदा तस्य सातादिरूपत्वम् । यस्मिन्रूपे प्रत्यक्षस्य साक्षात्कारित्वव्यापारो विकल्पेनानुगम्यते तत्प्रत्यक्षम् । न च नीलस्य सातरूपत्वमनुगम्यते । तस्मादसातान्नीलाद्यर्थादन्यदेव सातमनुभूयते नीलानुभवकाले । तच्च ज्ञानमेव । ततोऽस्ति ज्ञानानुभवः ।

## પદાર્થ પોતે સુખાદિરૂપ હોવાના મતનું નિરસન :

3.[પદાર્થજ્ઞાન સાથે સુખ, દુઃખ આદિ જે ભાવો અનુભવાય છે તે વિષયભૂત પદાર્થના જ ધર્મો હોઈ સુખાદિનો અનુભવ ઇન્દ્રિયજ્ઞાનનો વિષય છે એવી સાંખ્યદર્શનની માન્યતાના સંદર્ભમાં સ્પષ્ટ કરવું જોઈએ કે] વ્યવહારમાં રૂપ વગેરે વિષયનું જ્ઞાન જે કાળે થતું હોય છે તે જ કાળે સુખ આદિ આંતરિક આકારનું સંવેદન થતું હોય છે. અહીં 'ઇન્દ્રિયથી જેનો આકાર ગ્રહણ કરાય છે તે નીલાદિ વિષય જ સુખ [–આદિ] રૂપે વિદિત થાય છે' એમ કહી શકાશે નહિ; કારણ કે 'નીલાદિ પદાર્થ સુખ[–આદિ]રૂપે અનુભવાય છે' એવો નિશ્ચય (=પશ્ચાદ્વર્તી વિકલ્પ) ઊપસતો નથી. જો એ પ્રકારનો નિશ્ચય બંધાતો હોત તો નીલાદિ વિષય સુખાદિરૂપ હોવાનું કહી શકાત. [આના અનુસંધાનમાં, પ્રથમ સૂત્રની ચર્ચા વખતે, પ્રત્યક્ષ કઈ રીતે પ્રવર્તક નીવડે છે તે બતાવવા અમે જે કહેલું તે યાદ કરાવીએ :] પ્રત્યક્ષના સાક્ષાત્ અનુભવ કરાવનારા વ્યાપાર પછી જે આકારનો વિકલ્પ ઉત્પન્ન થાય, [તે આકારના વિષયનું જ] તે પ્રત્યક્ષ જ્ઞાન ગણાય. [તે મુજબ જોઈએ તો :]નીલજ્ઞાન બાદ 'નીલ વિષય પોતે સુખરૂપ છે' એવા આકારનો વિકલ્પ થતો નથી; [ને એથી સુખાદિ તે નીલાદિનો પોતાનો ધર્મ હોવાનું અસિદ્ધ ઠરે છે.] એટલે, [વસ્તુસ્થિતિ એ છે કે] નીલના અનુભવકાળે, સુખરૂપ નહિ એવા નીલ પદાર્થથી અલગરૂપે જ સુખનો પણ અનુભવ થાય છે. તે (=સુખનો અનુભવ) પણ જ્ઞાનરૂપ જ છે. એટલે [આમ] જ્ઞાનનો અનુભવ (=સ્વસંવેદન) પણ અસ્તિત્વ ધરાવે જ છે.

4. तच्च ज्ञानरूपवेदनमात्मनः साक्षात्कारि निर्विकल्पकमभ्रान्तं च । ततः प्रत्यक्षम् ॥

4. અને વળી, તે જ્ઞાનના સ્વરૂપના અનુભવરૂપ આત્મસંવેદન પોતાનો સાક્ષાત્ અનુભવ કરાવતું હોવાથી, વિકલ્પરહિત હોવાથી અને ભ્રાન્તિરહિત હોવાથી (અગાઉ આપેલી પ્રત્યક્ષની વ્યાખ્યા મુજબ) પ્રત્યક્ષ જ્ઞાન ગણાય. (૧૦)

योगिप्रत्यक्षं व्याख्यातुमाह—

**भूतार्थभावनाप्रकर्षपर्यन्तजं योगिज्ञानं चेति ॥११॥**

યોગિપ્રત્યક્ષનું લક્ષણ આપે છે :

**અને વળી ભૂતાર્થભાવનાના પ્રકર્ષના પર્યન્તમાંથી જન્મનારું યોગિજ્ઞાન એમ [ચાર પ્રકારના પ્રત્યક્ષ]. (૧૧)**

1. भूतः सद्भूतोऽर्थः । प्रमाणेन दृष्टश्च सद्भूतः, यथा चत्वार्यार्यसत्यानि ।

1. 'ભૂતાર્થ એટલે સત્‌રૂપ પદાર્થ – જે પ્રમાણથી નિશ્ચિત થયો હોય; જેમ કે [દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ – એ સંજ્ઞાથી પ્રસિદ્ધ એવાં] ચાર 'આર્યસત્યો',

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. भूतस्य भावना पुनः पुनश्चेतसि विनिवेशनम् । भावनायाः प्रकर्षः भाव्यमानार्थाभासस्य ज्ञानस्य स्फुटाभत्वारम्भः । प्रकर्षस्य पर्यन्तः यदा स्फुटाभत्वमीषदसम्पूर्णं भवति । यावद्धि स्फुटाभत्वमपरिपूर्णं तावत्तस्य प्रकर्षगमनम् । सम्पूर्णं तु यदा, तदा नास्ति प्रकर्षगतिः । ततः सम्पूर्णावस्थायाः प्राक्तन्यवस्था स्फुटाभत्वप्रकर्षपर्यन्त उच्यते । तस्मात्पर्यन्ताद् यज्जातं भाव्यमानस्यार्थस्य संनिहितस्येव स्फुटतराकारग्राहि ज्ञानं योगिनः प्रत्यक्षम् ।

2. ભૂતાર્થની ભાવના એટલે પુનઃ પુનઃ સત્ પદાર્થનો ચિત્તમાં પ્રવેશ કરાવવો તે. એ ભાવનાનો પ્રકર્ષ એટલે એવી દશા કે જેમાં ભાવવામાં આવતા અર્થના પ્રતિભાસરૂપ જ્ઞાન સ્ફુટ જેવું થવા માંડે. એ પ્રકર્ષનો પર્યન્ત એટલે પેલી સ્ફુટતામાં થોડી જ અપૂર્ણતા હોય તેવી દશા. [અહીં 'પ્રકર્ષપર્યંત'નો આ અર્થ કરવાનું] કારણ એ કે જ્યાં સુધી એ સ્ફુટાકારતા પરિપૂર્ણ બની નથી હોતી ત્યાં સુધી એ [સ્ફુટાકારતા]નું પ્રકર્ષગમન ચાલ્યા કરે છે. જ્યારે પરિપૂર્ણ સ્ફુટતા સધાય છે ત્યારે પ્રકર્ષ તરફ ગતિ કરવાપણું રહેતું નથી. આથી સંપૂર્ણતાની અવસ્થાની પૂર્વાવસ્થા તે સ્ફુટાકારતાના પ્રકર્ષનો પર્યન્ત (=છેવાડો, ચરમ દશા) કહેવાય છે. તો આવા પર્યન્તમાંથી જન્મતું જ્ઞાન તે યોગિજ્ઞાન. ભાવવામાં આવતું સત્ જાણે સામેસામ હોય તેમ તેના સ્ફુટતર આકારનું ગ્રહણ એવા જ્ઞાનમાં થાય છે.

3. तदिह स्फुटाभत्वारम्भावस्था भावनाप्रकर्षः । अभ्रकव्यवहितमिव यदा भाव्यमानं वस्तु पश्यति सा प्रकर्षपर्यन्तावस्था । करतलामलकवत् भाव्यमानस्यार्थस्य यद्दर्शनं तद्योगिनः प्रत्यक्षम् । तद्धि स्फुटाभम् ।

3. એટલે [ફરી સ્પષ્ટ કરીએ કે] સ્ફુટતાના અનુભવનો આરંભ તે ભાવનાપ્રકર્ષ અને જ્યારે ભાવવામાં આવતું સત્ જાણે અબરખની આડશમાંથી જોતા હોઈએ એવી રીતે અનુભવાય ત્યારે તે પ્રકર્ષની પર્યન્તાવસ્થા કહેવાય. [પછીની ક્ષણે તેમાંથી શુદ્ધ યોગિપ્રત્યક્ષ જ્ઞાન જન્મે. તે તબક્કે પ્રકર્ષગતિનું પ્રયોજન રહેતું નથી.] એ યોગિપ્રત્યક્ષમાં ભાવ્યમાન અર્થનું હસ્તામલકવત્ દર્શન થાય છે; કારણ કે તે સ્ફુટ આકારવાળું હોય છે.

4. स्फुटाभत्वादेव च निर्विकल्पकम् । विकल्पविज्ञानं हि संकेतकालदृष्टत्वेन वस्तु गृह्णच्छब्दसंसर्गयोग्यं गृह्णीयात् । संकेतकालदृष्टत्वं च संकेतकालोत्पन्नज्ञानविषयत्वम् । यथा च पूर्वोत्पन्नं विनष्टं ज्ञानं सम्प्रत्यसत्, तद्वत्पूर्वविनष्टज्ञानविषयत्वमपि सम्प्रति नास्ति वस्तुनः । तदसद्रूपं वस्तुनो गृह्णदसंनिहितार्थग्राहित्वादस्फुटाभं विकल्पकम् । ततः स्फुटाभत्वान्निर्विकल्पकम् । प्रमाणशुद्धार्थग्राहित्वाच्च संवादकम् । अतः प्रत्यक्षम् । इतरप्रत्यक्षवत् ।

## યોગિજ્ઞાનની નિર્વિકલ્પકતા :

4. અને તે સ્ફુટ આકારવાળું હોઈને જ નિર્વિકલ્પક હોય છે. [જ્યારે, વિકલ્પરૂપ જ્ઞાન સ્ફુટ આકારવાળું હોતું નથી;] કારણ કે તે [અત્યારે અનુભવાતી] વસ્તુને સંકેતકાળે અનુભવેલી વસ્તુરૂપે ગ્રહે છે તેથી તો તેને શબ્દસંસર્ગને યોગ્ય રૂપે અનુભવે છે. હવે, [હાલ અનુભવાતી] વસ્તુને સંકેતકાળે અનુભવેલી વસ્તુ તરીકે જોવી એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંકેતકાળે થયેલા જ્ઞાનના વિષય તરીકે જોવી. હવે, [ सर्वं क्षणिकम् એ ન્યાયે ] જેમ પહેલાં ઉત્પન્ન થઇને નાશ પામેલું જ્ઞાન અત્યારે અસત્ છે, તે રીતે અત્યારની વસ્તુમાં પૂર્વે વિનષ્ટ થયેલા જ્ઞાનનો વિષય હોવાપણું પણ નથી. [છતાં વિકલ્પજ્ઞાન હાલના વિષયને સંકેતકાલદૃષ્ટ વિષયરૂપ માનીને તેના આકાર સાથે સંકેતિત શબ્દનો આકાર ભેળવે છે.] આમ વસ્તુનું જે સ્વરૂપ ખરેખર છે નહિ તેનું ગ્રહણ કરતું વિકલ્પજ્ઞાન તે સામે ઉપસ્થિત નહિ એવા અર્થનું ગ્રહણ કરે છે એમ કહેવું પડે; અને તે કારણે તે જ્ઞાન સ્ફુટપ્રતિભાસી હોતું નથી. જ્યારે, યોગિજ્ઞાન તો સ્ફુટપ્રતિભાસી હોવાથી નિર્વિકલ્પક હોય છે. વળી તે પ્રમાણની કસોટીમાંથી પસાર થયેલા અર્થનું (='ભૂતાર્થ'નું) ગ્રહણ કરતું હોવાથી સંવાદી જ્ઞાન છે. આમ [એકંદરે, તે નિર્વિકલ્પક એવું સંવાદી જ્ઞાન હોવાથી] અન્ય પ્રત્યક્ષ જ્ઞાનો જેમ પ્રત્યક્ષ જ્ઞાન જ છે.

5. योगः समाधिः । स यस्यास्ति स योगी । तस्य ज्ञानं प्रत्यक्षम् ।

5. ['યોગી' શબ્દ પણ છેલ્લે સમજી લઈએ:] 'યોગ' એટલે સમાધિ. એ જેને [સિદ્ધ થયો] છે તે 'યોગી' કહેવાય. તેનું જે જ્ઞાન તે [યોગિ–]પ્રત્યક્ષ કહેવાય.

6. इतिशब्दः परिसमाप्तिवचनः । इयदेव प्रत्यक्षमिति ॥

6. સૂત્રને છેડે આવતો 'એમ' (સં० इति) શબ્દ પ્રત્યક્ષના પ્રકારો પૂરા થયા એવું સૂચવે છે; પ્રત્યક્ષ આ ચાર પ્રકારનું જ હોય છે એમ. (૧૧)

तदेवं प्रत्यक्षस्य कल्पनाऽपोढत्वाभ्रान्तत्वयुक्तस्य प्रकारभेदं प्रतिपाद्य विषयविप्रतिपत्तिं निराकर्तुमाह—

**तस्य विषयः स्वलक्षणम् ॥ १२ ॥**

તો આમ કલ્પના અને ભ્રાન્તિથી રહિત એવા પ્રત્યક્ષના પ્રકારો નિરૂપીને પ્રત્યક્ષજ્ઞાનના [ગ્રાહ્ય] વિષય અંગેના મતાંતર નિવારવા કહે છે :

**સ્વલક્ષણ એ તેનો વિષય છે. (૧૨)**

1. तस्येत्यादि । तस्य चतुर्विधस्य प्रत्यक्षस्य विषयो बोद्धव्यः स्वलक्षणम् । स्वमसाधारणं लक्षणं तत्त्वं स्वलक्षणम् ।

1. તે ચાર પ્રકારવાળા પ્રત્યક્ષનો વિષય તે સ્વલક્ષણ એમ જાણવું. ['સ્વલક્ષણ' શબ્દના અર્થનું પૃથક્કરણ કરીએ તો :] 'સ્વ' એટલે કે [પોતાનું આગવું, અર્થાત્] અસાધારણ, અને 'લક્ષણ' એટલે તત્ત્વ; [એટલે વસ્તુનું અસાધારણ તત્ત્વ] તે સ્વલક્ષણ.

2. वस्तुनो ह्यसाधारणं च तत्त्वमस्ति सामान्यं च । तत्र यदसाधारणं तत्प्रत्यक्षस्य ग्राह्यम् ।

2. [અહીં ખુલાસો કરવો જોઈએ કે] કોઈ પણ વસ્તુને [પરમાર્થદૃષ્ટિએ] અસાધારણ પાસું હોય છે અને [વ્યવહારદૃષ્ટિએ] સામાન્ય પાસું પણ હોય છે. તો તેમાંથી જે અસાધારણ પાસું તે પ્રત્યક્ષનો ગ્રાહ્ય [વિષય] છે.

3. द्विविधो हि विषयः प्रमाणस्य – ग्राह्यश्च यदाकारमुत्पद्यते, प्रापणीयश्च यमध्यवस्यति । अन्यो हि ग्राह्योऽन्यश्चाध्यवसेयः । प्रत्यक्षस्य हि क्षण एको ग्राह्यः । अध्यवसेयस्तु प्रत्यक्षबलोत्पन्नेन निश्चयेन संतान एव । संतान एव च प्रत्यक्षस्य प्रापणीयः । क्षणस्य प्रापयितुमशक्यत्वात् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. [છેલ્લા વાક્યમાં વિષય માટે 'ગ્રાહ્ય' વિશેષણ સાભિપ્રાય વાપર્યું છે;] કારણ કે પ્રમાણનો વિષય બે પ્રકારનો હોઈ શકે : (૧) જ્ઞાન જે આકારમાં ઉત્પન્ન થાય છે તે આકારવાળો ગ્રાહ્ય વિષય અને (૨) જે આકારે વિષયનો અધ્યવસાય (=નિશ્ચય કે વિકલ્પ) બંધાય છે તે [અધ્યવસેય અથવા] પ્રાપણીય વિષય. ['પ્રાપણીય' એટલા માટે કે તે જ આકારે તે પ્રાપ્ત પણ થતો હોય છે. આમ] જ્ઞાનનો ગ્રાહ્ય વિષય જુદો હોય છે, અધ્યવસેય (=પ્રાપણીય) વિષય જુદો હોય છે; જેમ કે પ્રત્યક્ષની વાત કરીએ તો તેનો ગ્રાહ્ય વિષય એક ક્ષણરૂપ હોય છે, જ્યારે તેનો અધ્યવ ય વિષય તો પ્રત્યક્ષજ્ઞાનના પ્રભાવે ઉત્પન્ન થયેલા નિશ્ચય દ્વારા [ગ્રહણ કરાતી] ક્ષણસંતતિ જ છે. એ ક્ષણસંતતિ જ પ્રત્યક્ષનો પ્રાપણીય વિષય છે; કારણ કે [ગ્રહણકાળે અનુભવેલી] ક્ષણની પ્રાપ્તિ અશક્ય હોય છે.

4. तथाऽनुमानमपि स्वप्रतिभासेऽनर्थेऽर्थाध्यवसायेन प्रवृत्तेरनर्थग्राहि । स पुनरारोपितोऽर्थो गृह्यमाणः स्वलक्षणत्वेनाध्यवसीयते यतः, ततः स्वलक्षणमवसितं प्रवृत्तिविषयोऽनुमानस्य । अनर्थस्तु ग्राह्यः ।

4. એ રીતે વળી [અનુમાનના દ્વિવિધ વિષયની વાત કરીએ તો,] અનુમાન પોતામાં પ્રતિભાસિત થતી [જાતિરૂપ] અવસ્તુ (=અસત્) વિષે વસ્તુનો અધ્યવસાય કરીને પ્રવર્તતું હોવાથી તેનો ગ્રાહ્ય વિષય અવસ્તુરૂપ હોય છે, જ્યારે [અનુમાનથી] ગ્રહણ કરાતો એ આરોપિત [અવસ્તુરૂપ] અર્થ, સ્વલક્ષણ[ના કલ્પન]માં પરિણમે છે. આમ [કલ્પનાથી] પ્રતીત થનારું સ્વલક્ષણ એ અનુમાનનો પ્રવૃત્તિવિષય છે, જ્યારે [જાતિરૂપ] અવસ્તુ તે ગ્રાહ્ય વિષય છે.

5. तदत्र प्रमाणस्य ग्राह्यं विषयं दर्शयता प्रत्यक्षस्य स्वलक्षणं विषय उक्तः ॥

5. તો, આ સૂત્રમાં પ્રમાણના ગ્રાહ્ય વિષયની ચર્ચાના અનુસંધાનમાં પ્રત્યક્ષનો વિષય તે સ્વલક્ષણ – એમ કહ્યું છે; [અહીં પ્રાપણીય વિષયની વાત નથી.] (૧૨)

कः पुनरसौ विषयो ज्ञानस्य यः स्वलक्षणं प्रतिपत्तव्य इत्याह—

**यस्यार्थस्य संनिधानासंनिधानाभ्यां ज्ञानप्रतिभासभेदः तत् स्वलक्षणम् ॥१३॥**

[પ્રશ્ન થાય:] "જ્ઞાનના કયા વિષયને 'સ્વલક્ષણ' તરીકે ઓળખવો ?" આ ના જવાબરૂપે કહે છે :

**જે અર્થના સંનિધાન અને અસંનિધાનને લીધે જ્ઞાનના પ્રતિભાસમાં ભિન્નતા સધાય તે સ્વલક્ષણ. (૧૩)**

1. यस्यार्थस्येत्यादि । अर्थशब्दो विषयपर्यायः । यस्य ज्ञानविषयस्य । संनिधानं निकटदेशावस्थानम् । असंनिधानं दूरदेशावस्थानम् ।

1. અહીં 'અર્થ' શબ્દ 'વિષય'નો પર્યાય છે. એથી 'જે અર્થના' એટલે 'જે જ્ઞાનવિષયના.' 'સંનિધાન' એટલે [જાણનારની] નજીકના સ્થળે હોવું તે અને 'અસંનિધાન' એટલે દૂરના સ્થળે હોવું તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. तस्मात्संनिधानादसंनिधानाच्च ज्ञानप्रतिभासस्य ग्राह्याकारस्य भेदः स्फुटत्वास्फुटत्वाभ्याम् । यो हि ज्ञानविषयः संनिहितः सन् स्फुटाभासं ज्ञानस्य करोति, असंनिहितस्तु योग्यदेशस्थ एवास्फुटं करोति, तत् स्वलक्षणम् । सर्वाण्येव हि वस्तूनि दूरादस्फुटानि दृश्यन्ते, समीपे स्फुटानि । तान्येव स्वलक्षणानि ॥

2. નજીક હોવાને લીધે તથા દૂર હોવાને લીધે જ્ઞાનના પ્રતિભાસની ભિન્નતા એટલે જ્ઞાનના ગ્રાહ્ય આકારમાં સ્ફુટતા અને અસ્ફુટતાને લીધે અનુભવાતો ભેદ. [એટલે સૂત્રનો એકંદર ભાવ એ થયો કે] જે જ્ઞાનવિષય નજીક હોય ત્યારે જ્ઞાનનો સ્ફુટ આકાર જન્માવે અને દૂર હોય ત્યારે – અલબત્ત, તે ઇન્દ્રિયને પહોંચવા યોગ્ય સ્થળે હોય તો જ – અસ્ફુટ આકાર જન્માવે તે 'સ્વલક્ષણ' કહેવાય. બધા જ સત્ પદાર્થો દૂરથી અસ્ફુટરૂપે અને નજીકથી સ્ફુટરૂપે અનુભવાય છે. તેવા પદાર્થો જ 'સ્વલક્ષણ' કહેવાય. (૧૩)

कस्मात्पुनः प्रत्यक्षविषय एव स्वलक्षणम् । तथा हि, विकल्पविषयोऽपि वह्निर्दृश्यात्मक एवावसीयत इत्याह–

**तदेव परमार्थसत् ॥ १४ ॥**

[કોઈને શંકા થાય :] "સ્વલક્ષણ એ માત્ર પ્રત્યક્ષજ્ઞાનનો જ વિષય કેમ ? [તે અનુમાનનો વિષય પણ હોઈ શકે;] કારણ કે [અનુમાનરૂપી] વિકલ્પનો અગ્નિ ઇત્યાદિરૂપ વિષય પણ [પ્રત્યક્ષના સ્વલક્ષણરૂપ વિષયની જેમ] અનુભવગોચરરૂપે જ કળાય છે." આ શંકાના સમાધાનરૂપે કહે છે :

**તે જ પરમાર્થસત્ છે. (૧૪)**

1. तदेव परमार्थसदिति । परमोऽर्थोऽकृत्रिममनारोपितं रूपम् । तेनास्तीति परमार्थसत् ।

1. 'પરમાર્થ' એટલે પરમ અર્થ અર્થાત્ અકૃત્રિમ કિંવા અનારોપિત સ્વરૂપ; અને તે સ્વરૂપે (=અકૃત્રિમ સ્વરૂપે) જે 'સત્' એટલે કે અસ્તિત્વ ધરાવતું હોય તે 'પરમાર્થસત્' કહેવાય.

2. य एवार्थः संनिधानासंनिधानाभ्यां स्फुटमस्फुटं च प्रतिभासं करोति परमार्थसन् स एव । स च प्रत्यक्षस्य विषयो यतः तस्मात् तदेव स्वलक्षणम् ॥

2. [હવે, આગલા સૂત્રમાં કહેલા 'સ્વલક્ષણ'ના સ્વરૂપનો વિચાર કરતાં પણ સ્વલક્ષણ એ આવશ્યક રીતે – અર્થાત્ તેના લક્ષણને કારણે જ – પરમાર્થસત્ હોવું ઘટે એમ જણાશે; તે આ રીતે –] જે પદાર્થ સાન્નિધ્ય કે અસાન્નિધ્યને કારણે [અનુક્રમે] સ્ફુટ કે અસ્ફુટ જ્ઞાનાકાર જન્માવે તે જ પદાર્થ, [એના એ લક્ષણને કારણે જ,] પરમાર્થસત્ હોવાનો. અને તે [કલ્પના અને ભ્રાન્તિથી વણસ્પર્શાયેલા વિષયનું ગ્રહણ કરનારા] પ્રત્યક્ષનો [અને નહિ કે અપારમાર્થિક વિકલ્પનું ગ્રહણ કરતા અનુમાનનો] વિષય હોવાથી [પરમાર્થસત્ એવું] સ્વલક્ષણ પણ પ્રત્યક્ષનો વિષય જ છે, [અનુમાનનો વિષય નહિ]. (૧૪)

कस्मात्पुनस्तदेव परमार्थसदित्याह–

**अर्थक्रियासामर्थ्यलक्षणत्वाद्वस्तुनः ॥१५॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સ્વલક્ષણ જ પરમાર્થસત્ કેમ ?" એવા પ્રશ્નના ઉત્તરરૂપે કહે છે :

## કારણ કે વસ્તુ અર્થક્રિયાસામર્થ્યલક્ષણ હોય છે. (૧૫)

1. अर्थ्यत इत्यर्थः । हेय उपादेयश्च । हेयो हि हातुमिष्यते, उपादेयश्चोपादातुम् । अर्थस्य प्रयोजनस्य क्रिया निष्पत्तिः । तस्यां सामर्थ्यं शक्तिः । तदेव 'लक्षणं' रूपं यस्य वस्तुनः तदर्थक्रियासामर्थ्यलक्षणम् । तस्य भावः, तस्मात् । वस्तुशब्दः परमार्थपर्यायः ।

1. [અર્થ શબ્દ સંસ્કૃત अर्थ् – ઈચ્છવું એ ધાતુમાંથી નિષ્પન્ન થયો છે; એટલે] જે ઇચ્છાય તે 'અર્થ'. એ હેય અને ઉપાદેય [એમ દ્વિવિધ] હોય છે; હેયને ત્યજવો એ ઇષ્ટ હોય છે તો ઉપાદેયને સ્વીકારવો એ ઇષ્ટ. [આમ એ બંને કોઈ ને કોઈ ઇચ્છાના વિષય હોઈ 'અર્થ' છે.] આમ [એકંદરે] 'અર્થ' એટલે [હાન કે ઉપાદાનરૂપ] 'પ્રયોજન' અને 'ક્રિયા' એટલે નિષ્પત્તિ (=પાર પાડવું તે). તેથી 'અર્થક્રિયા' એટલે પ્રયોજનની નિષ્પત્તિ. અને પ્રયોજનની નિષ્પત્તિનું સામર્થ્ય તે 'અર્થક્રિયાસામર્થ્ય' કહેવાય. અર્થક્રિયાસામર્થ્ય એ જ જેનું લક્ષણ એટલે કે સ્વરૂપ હોય તે વસ્તુને 'અર્થક્રિયાસામર્થ્યલક્ષણ' કહેવાય. સૂત્રમાંનો 'વસ્તુ' શબ્દ તે [આગલા સૂત્રમાં વાપરેલા] 'પરમાર્થ' શબ્દનો પર્યાય છે.

2. तदयमर्थः – यस्मादर्थक्रियासमर्थं परमार्थसदुच्यते, संनिधानासंनिधानाभ्यां च ज्ञानप्रतिभासस्य भेदकोऽर्थोऽर्थक्रियासमर्थः, तस्मात् स एव परमार्थसन् । तत एव हि प्रत्यक्षविषयादर्थक्रिया प्राप्यते, न विकल्पविषयात् ।

2. એટલે સૂત્રનો એકંદર ભાવ આમ થયો : જે અર્થક્રિયાસમર્થ હોય તે 'પરમાર્થ-સત્' કહેવાય છે; ને [તે પરમાર્થસત્ 'સ્વલક્ષણ'રૂપ હોઈ અગાઉના તેરમા સૂત્ર મુજબ] અર્થક્રિયાસમર્થ એટલે પોતાના સાન્નિધ્ય કે અસાન્નિધ્યથી જ્ઞાનાકારમાં ભિન્નતા લાવનાર વસ્તુ. તેથી તે જ પરમાર્થસત્ સિદ્ધ થાય છે. આમ [પ્રત્યક્ષનો વિષય સ્વલક્ષણ કિંવા પરમાર્થસત્ હોવાથી અને પરમાર્થસત્ તે અર્થક્રિયાસમર્થ હોવાથી] પ્રત્યક્ષના વિષયથી જ અર્થક્રિયા સધાય છે, [અનુમાનરૂપ] વિકલ્પજ્ઞાનના [સામાન્યલક્ષણ] વિષયથી નહિ.

3. अत एव यद्यपि विकल्पविषयो दृश्य इवावसीयते तथापि न स दृश्य एव, ततोऽर्थक्रियाया अभावात् दृश्याच्च भावात् । अतस्तदेव स्वलक्षणं, न विकल्पविषयः ॥

3. આથી જ [અહીં એ વાત પણ ધ્યાનમાં લેવી યોગ્ય ગણાશે કે] ભલે [અનુમાનરૂપ] વિકલ્પનો વિષય દૃશ્ય (=અનુભવવિષય) જેવો હોવાનું પ્રતીત થતું હોય પણ તે વસ્તુતઃ દૃશ્ય હોતો નથી; કારણ કે તે [સામાન્યરૂપ વિષય] વડે પ્રયોજનસિદ્ધિ થતી નથી. તે સિદ્ધિ તો પ્રત્યક્ષગોચર વિષયથી જ થતી હોય છે. માટે દૃશ્ય [અને તેથી પરમાર્થસત્] તો સ્વલક્ષણને જ કહેવાશે, [અનુમાનરૂપ] વિકલ્પજ્ઞાનના વિષયને નહિ. (૧૫)

## अन्यत् सामान्यलक्षणम् ॥१६॥

## અન્ય [જ્ઞાનવિષય] તે સામાન્યલક્ષણ. (૧૬)

1. अन्यदित्यादि । एतस्मात्स्वलक्षणाद्यद् 'अन्यत्', स्वलक्षणं यो न भवति ज्ञानविषयः तत् सामान्यलक्षणम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. આ સ્વલક્ષણથી અન્ય એટલે કે જે સ્વલક્ષણ ન હોય તેવો જ્ઞાનવિષય તે 'સામાન્યલક્ષણ' કહેવાય.

2. विकल्पज्ञानेनावसीयमानो ह्यर्थः संनिधानासंनिधानाभ्यां ज्ञानप्रतिभासं न भिनत्ति । तथा हि, आरोप्यमाणो वह्निरारोपादस्ति । आरोपाच्च दूरस्थो निकटस्थश्च । तस्य समारोपितस्य संनिधानादसंनिधानाच्च ज्ञानप्रतिभासस्य न भेदः, स्फुटत्वेनास्फुटत्वेन वा । ततः स्वलक्षणादन्य उच्यते ।

2. [આ વિષયને સ્વલક્ષણથી ભિન્ન એવા 'સામાન્યલક્ષણ' રૂપે ઓળખાવવાનું કારણ સમજીએ: ] વિકલ્પજ્ઞાનથી પ્રતીત થતો [સામાન્યલક્ષણ] અર્થ સાન્નિધ્ય કે અસાન્નિધ્યરૂપ નિમિત્ત વડે ભિન્ન આકારે ભાસતો નથી; દા. ત. – [ધૂમદર્શનમાંથી પ્રવર્તતા અનુમાનના ફળરૂપે પર્વતાદિ પક્ષ વિષે] આરોપવામાં આવતા અગ્નિનું અસ્તિત્વ આરોપ કિંવા કલ્પનાથી જ છે; અને અગ્નિનું દૂર હોવાપણું કે નિકટ હોવાપણું પણ આરોપથી જ નક્કી થાય છે, [સાક્ષાત્ અનુભવાતું નથી.] આમ અગ્નિ આરોપ દ્વારા ગ્રહણ કરાતો [હોઈને જ] સાન્નિધ્યથી સ્ફુટ આકારનો કે અસાન્નિધ્યથી અસ્ફુટ આકારનો – એમ ભિન્નરૂપે ભાસતો નથી. એટલે, સ્વલક્ષણથી વિકલ્પજ્ઞાનના વિષય જુદા પ્રકારનો ગણવો પડે છે.

3. सामान्येन लक्षणं 'सामान्यलक्षणम्' । साधारणं रूपमित्यर्थः । समारोप्यमाणं हि रूपं सकलवह्निसाधारणम् । ततः तत् सामान्यलक्षणम् ॥

3. 'સામાન્યલક્ષણ' એટલે સમાનપણે [લાગુ પડતું] લક્ષણ (=રૂપ, આકાર); એટલે કે [અનેક સ્વલક્ષણો પરત્વે] સાધારણ એવું રૂપ; જેમ કે [ધૂમજન્ય અનુમાનથી પર્વતાદિ પક્ષમાં] આરોપાતું રૂપ જગતમાંના બધા અગ્નિને સાધારણ [રૂપે લાગુ પડે તેવું] હોય છે. આ કારણે તેવા જ્ઞાનવિષયને 'સામાન્યલક્ષણ' કહેવામાં આવે છે. (૧૬)

तच्चानुमानस्य ग्राह्यं दर्शयितुमाह –

**सोऽनुमानस्य विषयः ॥१७॥**

તે અનુમાનનો ગ્રાહ્ય વિષય છે તે બતાવતાં કહે છે :

**તે અનુમાનનો વિષય છે. (૧૭)**

1. सोऽनुमानस्य विषयो ग्राह्यरूपः । सर्वनाम्नोऽभिधेयवल्लिङ्गपरिग्रहः ।

1. તે અનુમાનનો વિષય, એટલે કે ગ્રાહ્યવિષય છે, [અને નહિ કે અધ્યવસેય વિષય.] [અહીં સૂત્રમાં 'તે' એ સર્વનામથી સૂચવાતો 'સામાન્યલક્ષણ' શબ્દ નપુંસકલિંગનો હોઈ, 'તે' એ સર્વનામ પણ નપુંસકલિંગનું જ ગણાવું જોઈએ, તેમ છતાં] વાક્યના વિધેયરૂપ 'વિષય'ના પુંલિંગપણા[ને મહત્ત્વ આપીને, તે] અનુસાર 'તે' એ સર્વનામને પુંલિંગરૂપ ગણ્યું છે.

2. सामान्यलक्षणमनुमानस्य विषयं व्याख्यातुकामेनायं स्वलक्षणस्वरूपाख्यानग्रन्थ आवर्तनीयः स्यात् । ततो लाघवार्थं प्रत्यक्षपरिच्छेद एवानुमानविषयः उक्तः ॥

2. [કોઈને પ્રશ્ન થાય કે આ પ્રત્યક્ષપરિચ્છેદમાં અનુમાનના વિષયની ચર્ચા કેમ કરી, તો તેનો સાદો ખુલાસો એ છે કે –] જો સૂત્રકાર 'અનુમાનનો વિષય સામાન્યલક્ષણ હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે' એવું [આ પછીના અનુમાનપરિચ્છેદમાં જ] કહેવાનું રાખે, તો [સ્વલક્ષણનું સ્વરૂપ સમજ્યા પછી જ સામાન્યલક્ષણનું સ્વરૂપ સમજવાનું શક્ય હોવાને લીધે] ત્યાં [સ્મરણને સહાય કરવા માટે] સ્વલક્ષણના સ્વરૂપની ચર્ચા કરતા [આ] ગ્રંથભાગ તેમણે ફરીથી કહી જવો પડે. એથી લાઘવ સાધવા પ્રત્યક્ષપરિચ્છેદમાં જ અનુમાનનો વિષય કહી દીધો છે. (૧૭)

विषयविप्रतिपत्तिं निराकृत्य फलविप्रतिपत्तिं निराकर्तुमाह —

**तदेव च प्रत्यक्षं ज्ञानं प्रमाणफलम् ॥१८॥**

[સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણના] વિષય અંગેના મતાંતરનું નિરસન કરીને તેના ફળ અંગેના મતાંતરનું નિરસન કરતાં કહે છે :

**તે જ પ્રત્યક્ષજ્ઞાન [પોતે] પ્રમાણનું ફળ છે. (૧૮)**

1. तदेवेति । यदेवानन्तरमुक्तं प्रत्यक्षं ज्ञानं तदेव प्रमाणस्य फलम् ॥

1. જે પ્રત્યક્ષ જ્ઞાન અગાઉ ઉલ્લેખ્યું છે તે [પોતે] જ પ્રમાણનું ફળ [પણ] છે. (૧૮)

कथं प्रमाणफलमित्याह —

**अर्थप्रतीतिरूपत्वात् ॥१९॥**

[તે પ્રત્યક્ષજ્ઞાન પોતે જ] કેવી રીતે પ્રમાણફળ છે તે કહે છે :

**કારણ કે [તે પ્રત્યક્ષ જ્ઞાનમાં જ] અર્થપ્રતીતિરૂપત્વ હોય છે. (૧૯)**

1. अर्थस्य प्रतीतिरवगमः । सैव रूपं यस्य प्रत्यक्षज्ञानस्य तदर्थप्रतीतिरूपम् । तस्य भावः, तस्मात् ।

1. અર્થની (=પદાર્થની) પ્રતીતિ એટલે કે આકલન એ જ જેનું સ્વરૂપ છે તે 'અર્થ-પ્રતીતિરૂપ' કહેવાય. તે પરથી 'અર્થપ્રતીતિરૂપત્વ' તે ભાવવાચક નામ બન્યું. [સરળ ભાષામાં કહીએ તો : પ્રત્યક્ષજ્ઞાન અર્થપ્રતીતિરૂપ હોય છે.] તે [અર્થપ્રતીતિરૂપત્વ]ને કારણે [તે જ જ્ઞાન પ્રમાણફળ છે].

2. एतदुक्तं भवति – प्रापकं ज्ञानं प्रमाणम् । प्रापणशक्तिश्च न केवलादर्थाविनाभावित्वाद्भवति । बीजाद्यविनाभाविनोऽप्यङ्कुरादेरप्रापकत्वात् । तस्मात्प्राप्यादर्थादुत्पत्तावप्यस्य ज्ञानस्यास्ति कश्चिदवश्यकर्त्तव्यः प्रापकव्यापारो येन कृतेनार्थः प्रापितो भवति ।

2. આ [બે સૂત્રના પ્રતિપાદન] પાછળનો તર્ક આ પ્રકારનો છે : પ્રાપક જ્ઞાન તે પ્રમાણ કહેવાય છે. [હવે જ્ઞાન પોતાની કઈ વિશેષતા કે કયા વ્યાપારથી પ્રાપક બને તે વિચારીએ તો :] જ્ઞાનનો પદાર્થ સાથે અવિનાભાવ સંબંધ હોવા માત્રથી (અર્થાત્ પદાર્થના હોવા ઉપર જ્ઞાનના અસ્તિત્વનું અવલંબન હોવામાત્રથી) જ કંઈ જ્ઞાનમાં પદાર્થની પ્રાપ્તિ કરાવવાની શક્તિ આવતી નથી; જેમ કે અંકુર વગેરે [કાર્યો], બીજ વગેરે [કારણો] સાથે અવિનાભાવ સંબંધ ધરાવતાં હોય છે એટલા માત્રથી કંઈ [તેમનાં તે તે કારણની] પ્રાપ્તિ કરાવનાર નથી હોતાં. એટલે જ્ઞાન પોતાથી પ્રાપ્ત થનાર પદાર્થમાંથી ઉત્પન્ન થાય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ખરું, [પરંતુ તેટલી જ હકીકતને કારણે જ્ઞાન તે પદાર્થનું પ્રાપક બનતું નથી;] જ્ઞાને તે અર્થના પ્રાપક બનવા માટે કોઈક આવશ્યક વ્યાપાર [કિંવા વિશેષ ધર્મ] દાખવવાનો રહે છે, કે જેને લીધે પોતાથી અર્થની પ્રાપ્તિ થાય.

3. स एव च प्रमाणफलम्, यदनुष्ठानात् प्रापकं भवति ज्ञानम् । उक्तं च पुरस्तात् "प्रवृत्तिविषयप्रदर्शनमेव प्रापकस्य प्रापकव्यापारो नाम" ।

3. [હવે, જ્ઞાનનો એવો વ્યાપાર કયો તે કહેતાં પહેલાં અહીં સ્પષ્ટ કરી લેવું જોઈએ કે કોઈ પણ વસ્તુનું જે પાસું ઈષ્ટ પ્રયોજનને સિદ્ધ કરી આપે તે, તે વસ્તુનું ફળરૂપ પાસું કહેવાય એ ન્યાયે –] જે [વ્યાપાર] કરવા વડે જ્ઞાન પ્રાપક બનતું હોય, તે વ્યાપાર જ તે જ્ઞાન કે પ્રમાણનું ફળ બની રહે છે. [હવે જ્ઞાનનો તે વ્યાપાર કયો એ સમજવા તરફ વળીએ તો –] અગાઉ કહ્યું હતું તેમ, પ્રવૃત્તિયોગ્ય વિષયનું પ્રદર્શન (=સ્પષ્ટ ભાન કરાવવું તે) જ જ્ઞાનનો પ્રાપક વ્યાપાર કહેવાય. [પ્રદર્શક હોવા સિવાય જ્ઞાનમાં પ્રાપકપણું હોઈ ન શકે ને તેથી જ્ઞાનપણું પણ ન હોઈ શકે.]

4. तदेव च प्रत्यक्षमर्थप्रतीतिरूपम् अर्थप्रदर्शनरूपम् । अतस्तदेव प्रमाणफलम् ॥

4. આ રીતે પ્રત્યક્ષજ્ઞાન **અર્થના પ્રદર્શનરૂપ** [અવશ્યપણે] હોવાનું; [એનો જ અર્થ એ કે] તે અર્થની પ્રતીતિરૂપ હોવાનું. આમ [એ **અર્થપ્રતીતિ** તે જ પ્રમાણનો પ્રાપક વ્યાપાર એટલે જ કે ઉક્ત ન્યાયે પ્રમાણફળ **હોવાથી અને પ્રત્યક્ષ** પણ **અર્થપ્રતીતિરૂપ** જ હોવાથી તે] જ્ઞાન પોતે જ પ્રમાણફળ [પણ] છે, [પ્રમાણફળ તે પ્રમાણ કે જ્ઞાનથી જુદો પદાર્થ નથી.] (૧૯)

यदि तर्हि ज्ञानं प्रमितिरूपत्वात् प्रमाणफलं, किं तर्हि प्रमाणमित्याह —

**अर्थसारूप्यमस्य प्रमाणम् ॥२०॥**

[તો પ્રશ્ન થાય:] "આમ જો જ્ઞાન 'પ્રમિતિ' (=અર્થ–પ્રતીતિ) રૂપ હોવાથી પ્રમાણફળ ગણાય તો પછી 'પ્રમાણ' કોને કહેવું ?" આથી કહે છે :

**આનું [પોતાના વિષયરૂપ] પદાર્થ સાથેનું સારૂપ્ય તે પ્રમાણ છે. (૨૦)**

1. अर्थेन सह यत्सारूप्यं सादृश्यमस्य ज्ञानस्य तत् प्रमाणम् । इह यस्माद्विषयाद्विज्ञानमुदेति तद्विषयसदृशं तद्भवति । यथा नीलादुत्पद्यमानं नीलसदृशम् । तच्च सारूप्यं सादृश्यमाकार इत्याभास इत्यपि व्यपदिश्यते ॥

1. પદાર્થ સાથેના આના એટલે કે જ્ઞાનના સારૂપ્ય કિંવા સાદૃશ્યને પ્રમાણ કહેવાય. એમ જોવા મળે છે કે જે વિષયમાંથી વિજ્ઞાન ઉત્પન્ન થતું હોય છે તે વિષયના જેવું (= તે વિષયના આકારનું) તે હોય છે – જેમ કે નીલ વર્ણમાંથી ઉત્પન્ન થતું જ્ઞાન નીલ વર્ણ જેવું હોય છે. [એ સ્પષ્ટ કરવું જોઈએ કે] તે સારૂપ્ય કિંવા સાદૃશ્યને '[સ્વવિષયનો] આકાર' અથવા '[સ્વવિષયનો] આભાસ' એવા શબ્દોમાં પણ ઉલ્લેખવામાં આવતું હોય છે. (૨૦)

ननु च ज्ञानादव्यतिरिक्तं सादृश्यम् । तथा च सति तदेव ज्ञानं प्रमाणं, तदेव च प्रमाणफलम् । न चैकं वस्तु साध्यं साधनं चोपपद्यते । तत्कथं सारूप्यं प्रमाणमित्याह –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तद्वशादर्थप्रतीतिसिद्धेरिति ॥२१॥

॥ प्रत्यक्षपरिच्छेदः ॥

[શંકાકાર પૂછે છે : "આ તમે કહેલું] સાદશ્ય તે જ્ઞાનથી વેગળું હોતું નથી; [અને વળી અર્થપ્રતીતિરૂપત્વ એ પ્રમાણફળ પણ જ્ઞાનથી વેગળું નથી રહેતું.] આ રીતે તો એક જ જ્ઞાન પ્રમાણ પણ કહેવાશે ને પ્રમાણફળ પણ કહેવાશે. [હવે, ખરેખર તો પ્રમાણ એ સાધન છે અને પ્રમાણફળ તે સાધ્ય છે;] અને એક જ વસ્તુ સાધ્ય પણ હોય ને સાધન પણ હોય તે કંઈ બંધ બેસે એવી વાત નથી. તો પછી ઉપર કહ્યું તે જ્ઞાનમાં રહેલું પદાર્થ સાથેનું સારૂપ્ય તે પ્રમાણ કઈ રીતે કહી શકાય ? [પ્રમાણ તો જ્ઞાનથી જુદું જ હોવું ઘટે.]" આના અનુસંધાનમાં કહે છે :

**કારણ કે તેને વશ થઈને અર્થની પ્રતીતિની સિદ્ધિ થતી હોય છે. (૨૧)**

(પ્રત્યક્ષપરિચ્છેદનાં સૂત્રો સમાપ્ત)

1. तद्वशादिति। तदिति सारूप्यम्, तस्य वशात् सारूप्यसामर्थ्यात्। अर्थस्य प्रतीतिरवबोधः। तस्याः सिद्धिः। तत्सिद्धेः कारणात्।

1. 'તેને વશ થઈને' એટલે તે સારૂપ્યના સામર્થ્યને કારણે. અર્થની પ્રતીતિ એટલે પદાર્થનું આકલન. તે પ્રતીતિની સિદ્ધિરૂપી કારણથી [સારૂપ્યને પ્રમાણ કહી શકાય].

2. अर्थस्य प्रतीतिरूपं प्रत्यक्षं विज्ञानं सारूप्यवशात्सिद्ध्यति प्रतीतं भवतीत्यर्थः। नीलनिर्भासं हि विज्ञानं यतः, तस्मान्नीलस्य प्रतीतिरवसीयते। येभ्यो हि चक्षुरादिभ्यो विज्ञानमुत्पद्यते न तद्वशात् तज्ज्ञानं नीलस्य संवेदनं शक्यतेऽवस्थापयितुम्। नीलसदृशं त्वनुभूयमानं नीलस्य संवेदनमवस्थाप्यते।

2. અર્થની પ્રતીતિરૂપ પ્રત્યક્ષ વિજ્ઞાન તેના અર્થ સાથેના સારૂપ્યને કારણે જ સિદ્ધ થાય છે, એટલે કે [પ્રતીતિરૂપે સિદ્ધ થાય છે કિંવા] પ્રતીત થાય છે; જેમ કે અમુક જ્ઞાન નીલવર્ણના આકારવાળું હોય છે તેથી જ એ નીલવર્ણની પ્રતીતિરૂપ છે એમ નક્કી થાય છે; જે ચક્ષુ વગેરે [અન્ય કારણો]થી વિજ્ઞાન ઉત્પન્ન થાય છે તેને અનુસરીને કંઈ 'તે નીલવર્ણનું જ્ઞાન છે' એમ નક્કી કરી શકાતું નથી. પણ તે 'નીલવર્ણના જેવું છે' એમ અનુભવાય છે તેથી તે નીલવર્ણનું જ્ઞાન છે એમ નક્કી થઈ શકે છે.

3. न चात्र जन्यजनकभावनिबन्धनः साध्यसाधनभावः, येनैकस्मिन्वस्तुनि विरोधः स्यात्। अपि तु व्यवस्थाप्यव्यवस्थापनभावेन। तत एकस्य वस्तुनः किञ्चिद्रूपं प्रमाणं किंचित्प्रमाणफलं न विरुध्यते। व्यवस्थापनहेतुर्हि सारूप्यं तस्य ज्ञानस्य। व्यवस्थाप्यं च नीलसंवेदनरूपम्।

## પ્રમાણ અને પ્રમિતિ વચ્ચેના સંબંધનું સાચું સ્વરૂપ :

3. હવે અહીં [પ્રમાણ અને પ્રમાણફળ વચ્ચે] જે સાધ્યસાધનભાવ માન્યો છે તેના મૂળમાં એ બે વચ્ચે જન્ય-જનકભાવ છે એમ સમજવાનું નથી એમ હોત તો, અલબત્ત, એક જ પદાર્થને સાધ્ય અને સાધન બંને માનવામાં વિરોધ ઊભો થાત; પણ એમ નથી. અહીં તો બંને વચ્ચે વ્યવસ્થાપ્ય–વ્યવસ્થાપન(=વ્યવસ્થાપક)ભાવને આધારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધ્ય-સાધનભાવ કલ્પ્યો છે. તેથી એક વસ્તુનું એક પાસું તે પ્રમાણ અને બીજું પાસું તે પ્રમાણફળ – એમ માનવામાં કશો વિરોધ રહેલો નથી. તે જ્ઞાનનું [પદાર્થ સાથેનું] સારૂપ્ય તે વ્યવસ્થાપનહેતુ (=વ્યવસ્થાપક) છે અને તે નીલવર્ણનું સંવેદન છે તે હકીકત વ્યવસ્થાપ્ય છે.

4. व्यवस्थाप्यव्यवस्थापकभावोऽपि कथमेकस्य ज्ञानस्येति चेत् । उच्यते । नीलसदृशमनुभूय तद्विज्ञानं यतो नीलस्य ग्राहकमवस्थाप्यते निश्चयप्रत्ययेन, तस्मात् सारूप्यमनुभूतं व्यवस्थापनहेतुः। निश्चयप्रत्ययेन च तज्ज्ञानं नीलसंवेदनमवस्थाप्यमानं व्यवस्थाप्यम् ।

4. જો [શંકાકાર ફરી એમ પૂછે કે] એક ને એક જ્ઞાનની અંદર વ્યવસ્થાપ્ય-વ્યવસ્થાપકભાવ પણ કઈ રીતે સંભવે, તો એનો જવાબ આ છે : [પ્રત્યક્ષની ઉત્તર ક્ષણે થતો] નિશ્ચયપ્રત્યય (=વિકલ્પ કે અધ્યવસાય) તે જ્ઞાનને નીલવર્ણસદૃશ અનુભવીને 'તે જ્ઞાન નીલવર્ણનું ગ્રહણ કરનારું છે' એમ નક્કી કરે છે તેથી એ જ્ઞાનમાં અનુભવાયેલું [વિષય સાથેનું] સારૂપ્ય તે વ્યવસ્થાપનહેતુ ગણાય છે. વળી એ જ નિશ્ચયપ્રત્યય 'એ જ્ઞાન નીલવર્ણનું સંવેદન છે' એમ [પણ] નક્કી કરે છે, તેથી [જ્ઞાનનું નીલપ્રતીતિરૂપત્વ] એ વ્યવસ્થાપ્ય બની રહે છે.

5. तस्मादसारूप्यव्यावृत्त्या सारूप्यं ज्ञानस्य व्यवस्थापनहेतुः । अनीलबोधव्यावृत्त्या च नीलबोधरूपत्वं व्यवस्थाप्यम् ।

5. તો આમ, જ્ઞાનની અંદર [વિષય સાથેના] અસારૂપ્યની સંભાવનાને વ્યાવૃત્ત (=બાકાત) કરીને રહેલું સારૂપ્ય (એટલે કે નિયમપૂર્વક અસ્તિત્વ ધરાવતું સારૂપ્ય) તે જ્ઞાન[ના વિશેષ આકાર]નો વ્યવસ્થાપનહેતુ છે; અને નીલવર્ણથી અન્ય વિષયના બોધરૂપ હોવાની શક્યતા બાદ રાખીને [નીલજ્ઞાનમાં રહેલું] નીલબોધરૂપત્વ તે વ્યવસ્થાપ્ય છે.

6. व्यवस्थापकश्च विकल्पप्रत्ययः प्रत्यक्षबलोत्पन्नो द्रष्टव्यः । न तु निर्विकल्पकत्वात् प्रत्यक्षमेव नीलबोधरूपत्वेनात्मानमवस्थापयितुं शक्नोति । निश्चयप्रत्ययेनाव्यवस्थापितं सदपि नील-बोधरूपं विज्ञानमसत्कल्पमेव । तस्मान्निश्चयेन नीलबोधरूपं व्यवस्थापितं विज्ञानं नीलबोधात्मना सद्भवति ।

6. અહીં એ સ્પષ્ટ કરવું જોઈએ કે [પ્રત્યક્ષ જ્ઞાનમાં રહેલાં અર્થપ્રતીતિરૂપત્વ અને અર્થસારૂપ્ય વચ્ચેના વ્યવસ્થાપન-વ્યવસ્થાપ્ય-ભાવને] નક્કી કરી આપનાર [તે, પ્રત્યક્ષજ્ઞાન પોતે નથી] પણ પ્રત્યક્ષના બળે ઉત્પન્ન થયેલો વિકલ્પપ્રત્યય છે. પ્રત્યક્ષ જ્ઞાન પોતે નિર્વિ-કલ્પક હોવાથી 'પોતે નીલવર્ણના બોધરૂપ છે' તેમ નિશ્ચય કરી શકતું નથી. નીલબોધરૂપ વિજ્ઞાન (=નિર્વિકલ્પક પ્રત્યક્ષ) પોતે ભલે સત્-રૂપ હોય, પણ નિશ્ચયરૂપ પ્રત્યય (=વિકલ્પ)થી વ્યવસ્થાપિત ન કરાય ત્યાં સુધી અસત્ જેવું જ રહેવાનું. એટલે અમુક જ્ઞાન નિશ્ચયથી નીલબોધરૂપે વ્યવસ્થાપિત કરાય ત્યારે જ તે નીલબોધસ્વરૂપે સત્ ઠરે છે.

7. तस्मादध्यवसायं कुर्वदेव प्रत्यक्षं प्रमाणं भवति । अकृते त्वध्यवसाये नीलबोधरूपत्वेना-व्यवस्थापितं भवति विज्ञानम् । तथा च प्रमाणफलमर्थाधिगमरूपमनिष्पन्नम् । अतः साधकतम-त्वाभावात् प्रमाणमेव न स्याज्ज्ञानम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7. તો આમ પ્રત્યક્ષ જ્ઞાન અધ્યવસાય ઉત્પન્ન કરનારું નીવડે ત્યારે જ પ્રમાણરૂપ બને છે. અધ્યવસાય ન થાય ત્યાં સુધી વિજ્ઞાન નીલબોધરૂપ હોવાનું નક્કી થતું નથી. એ રીતે અર્થપ્રતીતિરૂપ પ્રમાણફળ જ નીપજતું નથી. અને એ સ્થિતિમાં એ જ્ઞાન, ['साधकतमम् करणम् ।' – 'સાધકતમ તે કરણ' – એ પ્રસિદ્ધ પાણિનીય વ્યાખ્યા મુજબ, અર્થપ્રતીતિરૂપ કાર્યનું] 'સાધકતમ' (= અવશ્ય સિદ્ધિ કરનારું નિમિત્ત) ન હોવાને લીધે પ્રમાણ જ બની શકતું નથી.

8. जनितेन त्वध्यवसायेन सारूप्यवशान्नीलबोधरूपे ज्ञाने व्यवस्थाप्यमाने सारूप्यं व्यवस्थापनहेतुत्वात् प्रमाणं सिद्धं भवति ।

8. એથી ઊલટું, પ્રત્યક્ષ જ્ઞાન બાદ ઉત્પન્ન થયેલા અધ્યવસાય દ્વારા જ્ઞાન, [પોતાના વિષય સાથેના] સારૂપ્યને કારણે, નીલવર્ણના બોધરૂપે નિશ્ચિત થાય તે સ્થિતિમાં સારૂપ્ય એ તે જ્ઞાનના આકારનો નિશ્ચય કરનારું પરિબળ હોઈ (એટલે કે જ્ઞાનાકારનું વ્યવસ્થાપન કરવારૂપી કાર્યનું સાધકતમ હોઈ), 'પ્રમાણ' હોવાનું સિદ્ધ થાય છે

9. यद्येवमध्यवसायसहितमेव प्रत्यक्षं प्रमाणं स्यान्न केवलमिति चेत् । नैतदेवम् । यस्मात् प्रत्यक्षबलोत्पन्नेनाध्यवसायेन दृश्यत्वेनार्थोऽवसीयते नोत्प्रेक्षितत्वेन । दर्शनञ्चार्थसाक्षात्करणाख्यं प्रत्यक्षव्यापारः । उत्प्रेक्षणं तु विकल्पव्यापारः । तथा हि, परोक्षमर्थं विकल्पयन्तः 'उत्प्रेक्षामहे न तु पश्यामः' इत्युत्प्रेक्षात्मकं विकल्पव्यापारमनुभवादध्यवस्यन्ति ।

9. [આની સામે કદાચ આવી રજૂઆત કોઈ શંકાકાર કરે :] "જો આમ [પ્રત્યક્ષજ્ઞાનના વ્યવસ્થાપન માટે અધ્યવસાય આવશ્યક જ] હોય તો પછી અધ્યવસાય સહિતનું પ્રત્યક્ષ જ પ્રમાણ ઠરે, તેના વગરનું નહિ." [આ અંગે અમારું કહેવાનું આમ છે:] આ વાત બરોબર નથી [એટલે કે અમારે મતે અધ્યવસાય વગરનું પ્રત્યક્ષ જ પ્રમાણ છે.] આમ કહેવાનું કારણ એ છે કે પ્રત્યક્ષના પ્રભાવથી ઉત્પન્ન થયેલો અધ્યવસાય 'વિષય સાક્ષાત્ અનુભવ્યો' એવો નિર્ણય કરે છે અને નહિ કે 'વિષયનું ઉત્પ્રેક્ષણ કર્યું' એવો નિર્ણય. હવે દર્શન એટલે કે વિષયસાક્ષાત્કાર તે પ્રત્યક્ષનો વ્યાપાર છે, જ્યારે ઉત્પ્રેક્ષણ (=કલ્પના) તે વિકલ્પ(=અધ્યવસાય)નો વ્યાપાર છે. તેથી [પ્રત્યક્ષજ્ઞાનને સામે પક્ષે વિકલ્પજ્ઞાનનો વિચાર કરીએ તો જણાશે કે] કોઈ પરોક્ષ અર્થ વિષે [અનુમાનરૂપ] વિકલ્પ કરનાર વ્યક્તિ; અનુભવ[ના આકાર]ને આધારે, 'મેં વિષયની **ઉત્પ્રેક્ષા** (=કલ્પના) **કરી**' એવી તારવણી કરે છે અને નહિ કે મેં વિષયને **અનુભવ્યો**' એવી તારવણી. [તેથી તેવે પ્રસંગે સાક્ષાત્કારરૂપ પ્રત્યક્ષ નહિ, પણ વિકલ્પરૂપ અનુમાન પ્રમાણ બને છે.]

10. तस्मात् स्वव्यापारं तिरस्कृत्य प्रत्यक्षव्यापारमादर्शयन्त यत्रार्थे प्रत्यक्षपूर्वकोऽध्यवसायस्तत्र प्रत्यक्षं केवलमेव प्रमाणमिति ॥

10. આમ કોઈ પદાર્થનું પ્રત્યક્ષ જ્ઞાન થયા બાદ ઉત્પન્ન થતો અધ્યવસાય પોતાના [વિકલ્પરૂપ] વ્યાપારને ન ઉપસાવતાં તે પ્રત્યક્ષજ્ઞાનમાં થતા (દર્શનરૂપ) વ્યાપારને જ ઉપસાવે છે; તેથી તે પદાર્થ માટેનું પ્રમાણ તે **કેવલ** પ્રત્યક્ષ છે, [અધ્યવસાયહિતનું પ્રત્યક્ષ નહિ.] (૨૧)

**આચાર્ય ધર્મોત્તરરચિત 'ન્યાયબિન્દુટીકા'માં**
**પ્રથમ પ્રત્યક્ષ–પરિચ્છેદ સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# द्वितीयः स्वार्थानुमानपरिच्छेदः ।
# દ્વિતીય પરિચ્છેદ : સ્વાર્થાનુમાન

एवं प्रत्यक्षं व्याख्यायानुमानं व्याख्यातुकाम आह –

**अनुमानं द्विधा ॥१॥**

આવી રીતે પ્રત્યક્ષનું નિરૂપણ કરી, હવે અનુમાનનું નિરૂપણ કરવાના આશયથી કહે છે :

**અનુમાન બે પ્રકારનું છે. (૧)**

1. अनुमानं द्विधा द्विप्रकारम् ।

1. અનુમાન બે પ્રકારનું હોય છે.

2. अथानुमानलक्षणे वक्तव्ये किमकस्मात्प्रकारभेदः कथ्यते ? उच्यते । परार्थानुमानं शब्दात्मकं, स्वार्थानुमानं तु ज्ञानात्मकम् । तयोरत्यन्तभेदान्नैकं लक्षणमस्ति । ततस्तयोः प्रतिनियतं लक्षणमाख्यातुं प्रकारभेदः कथ्यते । प्रकारभेदो हि व्यक्तिभेदः । व्यक्तिभेदे च कथिते प्रतिव्यक्तिनियतं लक्षणं शक्यते वक्तुम् । नान्यथा । ततो लक्षणनिर्देशाङ्गमेव प्रकारभेदकथनम् । अशक्यतां च प्रकारभेदकथनमन्तरेण लक्षणनिर्देशस्य ज्ञात्वा प्राक् प्रकारभेदः कथ्यत इति ॥

2. [અહીં કોઈ જિજ્ઞાસુને પ્રશ્ન થાય :] "જ્યારે [પ્રથમ] અનુમાનનું લક્ષણ કહેવું જોઈએ ત્યારે એકાએક તેના પ્રકારની સંખ્યા શાને કહી ?" આ અંગે અમારે આમ કહેવાનું છે : અનુમાનના બે પ્રકારમાંનું એક પરાર્થાનુમાન તે શબ્દાત્મક છે, જ્યારે બીજું સ્વાર્થાનુમાન તે જ્ઞાનાત્મક છે. હવે એ બંનેમાં સાવ જુદાપણું છે. એથી એમનું એક લક્ષણ સંભવતું નથી. તેથી તે બંનેનું જુદું જુદું લક્ષણ કહેવું પડે. તે માટે પ્રથમ પ્રકારભેદ [આ સૂત્રમાં] કહેવામાં આવ્યો છે. હવે પ્રકારભેદનું કથન એટલે જ [આડકતરી રીતે] વ્યક્તિભેદનું કથન. એ રીતે વ્યક્તિભેદ કહ્યો હોય તો પછી તે દરેક પ્રકારનું પોતપોતાનું લક્ષણ કહી શકાય. એ સિવાય બીજો ઉપાય નથી. એટલે પ્રકારભેદનું કથન તે લક્ષણનિર્દેશનું જ [પૂર્વભૂમિકારૂપ] અંગ છે. આમ પ્રકારભેદ કહ્યા સિવાય લક્ષણનિર્દેશની અશકયતા જાણીને આ સૂત્ર દ્વારા પૂર્વે પ્રકારભેદ કહ્યો છે. (૧)

किं पुनस्तद्द्वैविध्यमित्याह–

**स्वार्थं परार्थं च ॥२॥**

હવે તે બે પ્રકાર કયા એ સ્પષ્ટ કરતાં કહે છે :

**સ્વાર્થ અને પરાર્થ. (૨)**

1. स्वस्मायिदं स्वार्थम् । येन स्वयं प्रतिपद्यते तत् स्वार्थम् । परस्मायिदं परार्थम् । येन परं प्रतिपादयति तत्परार्थम् ॥

1. સ્વ (=પોતાની જાત) માટેનું તે 'સ્વાર્થ' [અનુમાન] અને બીજા માટેનું તે 'પરાર્થ' [અનુમાન]. જે[કથનરીતિ]થી બીજાને [પોતે મેળવેલું અનુમાનજ્ઞાન] પ્રતિપાદિત કરી શકાય તે પરાર્થ અનુમાન કહેવાય. (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्र स्वार्थं त्रिरूपाल्लिङ्गाद्यदनुमेये ज्ञानं तदनुमानम् ॥३॥

**તેમાં ત્રિરૂપ લિંગથી જે અનુમેયવિષયક જ્ઞાન તે સ્વાર્થ-અનુમાન. (૩)**

1. 'तत्र' तयोः स्वार्थपरार्थानुमानयोर्मध्ये 'स्वार्थं ज्ञानं' किंविशिष्टमित्याह — त्रिरूपादिति । त्रीणि रूपाणि यस्य वक्ष्यमाणलक्षणानि तत्त्रिरूपम् । लिङ्ग्यते गम्यतेऽनेनार्थ इति 'लिङ्गम्' ।

1. 'તેમાં' એટલે સ્વાર્થ અને પરાર્થ અનુમાન એ બેમાં. 'ત્રિરૂપ લિંગથી...' ઇત્યાદિ શબ્દો દ્વારા કેવા જ્ઞાનને સ્વાર્થ અનુમાન કહેવાય તે કહ્યું છે. જે લિંગનાં ત્રણ રૂપો છે તે 'ત્રિરૂપ' લિંગ કહેવાય; તે ત્રણ રૂપોનું સ્વરૂપ હમણાં જ સમજાવવામાં આવશે. 'લિંગ' શબ્દ [लिग्–लिङ्गति – 'જવું', 'જાણવું' એ સંસ્કૃત ધાતુને આધારે] જેના દ્વારા પદાર્થ જાણવામાં આવે તે' એવો અર્થ ધરાવે છે.

2. तस्मात्त्रिरूपाल्लिङ्गात् यत् जातं ज्ञानमिति । एतद् हेतुद्वारेण विशेषणम् ।

2. તો આમ ત્રિરૂપ લિંગમાંથી જન્મેલું જે જ્ઞાન હોય તે [અનુમાન]. [ત્રિરૂપ લિંગ એ અનુમાનનું] **કારણ** હોઈ અનુમાન માટે આ વિશેષણ વાપર્યું છે.

3. तत् त्रिरूपाच्च लिङ्गात् त्रिरूपलिङ्गालम्बनमप्युत्पद्यत इति विशिनष्टि — अनुमेय इति । एतच्च विषयद्वारेण विशेषणम् ।

3.[પણ અનુમાન માટે 'ત્રિરૂપ લિંગમાંથી જન્મતું જ્ઞાન' એ વિશેષણ જ પૂરતું નથી; કારણ કે] ત્રિરૂપ લિંગમાંથી તો ત્રિરૂપ લિંગને આલંબન (=વિષય) બનાવતું ['આ ત્રિરૂપ લિંગ છે' એવા આકારનું] જ્ઞાન પણ જન્મે છે. એટલે [આમ અતિવ્યાપ્તિ ટાળવા] ઉક્ત જ્ઞાન માટે 'અનુમેય(=પક્ષ)વિષયક' એવું વિશેષણ પણ ઉમેરે છે. આ બીજું વિશેષણ આ જ્ઞાનનો **વિષય** સ્પષ્ટ કરે છે.

4. त्रिरूपाल्लिङ्गाद्यदुत्पन्नमनुमेयालम्बनं ज्ञानं तत् स्वार्थमनुमानमिति ॥

4. [એટલે એકંદરે અર્થ આમ થયો :] 'ત્રિરૂપ લિંગમાંથી ઉત્પન્ન થયેલું એવું અનુમેયને આલંબન બનાવતું જ્ઞાન તે સ્વાર્થાનુમાન.' (૩)

लक्षणविप्रतिपत्तिं निराकृत्य फलविप्रतिपत्तिं निराकर्तुमाह—

प्रमाणफलव्यवस्थाऽत्रापि प्रत्यक्षवत् ॥४॥

લક્ષણ વિષેની વિપ્રતિપત્તિનું નિરાકરણ કરી ફલ વિષેની વિપ્રતિપત્તિનું નિરાકરણ કરવા કહે છે :

**અહીં પણ પ્રમાણફળ અંગેની વ્યવસ્થા પ્રત્યક્ષની જેમ સમજવી. (૪)**

1. प्रमाणस्य यत्फलं तस्य या व्यवस्था साऽत्रानुमानेऽपि प्रत्यक्ष इव 'प्रत्यक्षवत्' वेदितव्या ।

1. પ્રમાણના ફળની વ્યવસ્થા તે અહીં, એટલે કે અનુમાનના સંદર્ભમાં પણ પ્રત્યક્ષની જેમ સમજવી.

2. यथा हि नीलसरूपं प्रत्यक्षमनुभूयमानं नीलबोधरूपमवस्थाप्यते, तेन नीलसारूप्यं व्यवस्थापनहेतुः प्रमाणम्, नीलबोधरूपं तु व्यवस्थाप्यमानं प्रमाणफलम्, तद्वद् अनुमानं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नीलाकारमुत्पद्यमानं नीलबोधरूपमवस्थाप्यते, तेन नीलसारूप्यमस्य प्रमाणम् । नीलविकल्पनरूपं त्वस्य प्रमाणफलम् । सारूप्यवशाद्धि तन्नीलप्रतीतिरूपं सिध्यति । नान्यथेति ॥

**2.** જેમ પ્રત્યક્ષ નીલસરૂપ અનુભવાતું હોઈ નીલના બોધરૂપ છે એમ નિશ્ચય કરાય છે, તેથી નીલ સાથેનું પ્રત્યક્ષ જ્ઞાનનું સારૂપ્ય એ તે જ્ઞાનના વ્યવસ્થાપન( = આકારનિશ્ચય)-નો હેતુ હોઈ પ્રમાણ ગણાય, અને તે જ્ઞાનને નીલબોધરૂપ નિશ્ચિત કરીએ છીએ તેથી [નીલબોધ તે] પ્રમાણફળ ગણાય, તેમ અનુમાન પણ નીલ વિષય જેવા આકારમાં (=નીલસરૂપ) ઉત્પન્ન થતું હોઈ નીલબોધરૂપ હોવાનું નક્કી થાય છે, તેથી આ જ્ઞાનનું નીલ સાથેનું સારૂપ્ય તે પ્રમાણરૂપ અંશ નક્કી થશે અને નીલનું વિકલ્પજ્ઞાન તે પ્રમાણફળ ગણાશે. [નીલ સાથેના] સારૂપ્યને કારણે જ તે જ્ઞાન નીલની [વિકલ્પાત્મક] પ્રતીતિરૂપ સિદ્ધ થાય છે; તેના વિના તેમ સિદ્ધ ન થાત. (૪)

एवमिह संख्यालक्षणफलविप्रतिपत्तयः । प्रत्यक्षपरिच्छेदे तु गोचरविप्रतिपत्तिर्निराकृता । लक्षणनिर्देशप्रसङ्गेन तु त्रिरूपं लिङ्गं प्रस्तुतम् । तदेव व्याख्यातुमाह —

**त्रैरूप्यम् पुनर्लिङ्गस्यानुमेये सत्त्वमेव, सपक्षे एव सत्त्वम्, असपक्षे चासत्त्वमेव निश्चितम् ॥५॥**

આ રીતે અહીં અનુમાનનાં સંખ્યા, લક્ષણ અને ફળ અંગેના મતાંતરોનું નિરાકરણ કર્યું છે. પ્રત્યક્ષ પરિચ્છેદમાં તો અનુમાનના વિષય અંગેના મતાંતરનું નિવારણ કર્યું હતું. હવે ઉપર્યુક્ત અનુમાનલક્ષણમાં લિંગને માટે જે 'ત્રિરૂપ' [વિશેષણ] વાપર્યું છે તે સમજાવતાં કહે છે :

**હવે [લિંગનું] ત્રૈરૂપ્ય તે : લિંગનું (૧) અનુમેયમાં હોવાપણું જ, (૨) સપક્ષમાં જ હોવાપણું અને (૩) અસપક્ષમાં ન હોવાપણું જ નિશ્ચિત થયું હોય તે. (૫)**

**1.** त्रैरूप्यमित्यादि । लिङ्गस्य यत् त्रैरूप्यं यानि त्रीणि रूपाणि तदिदमुच्यत इति शेषः । किं पुनस्तत् त्रैरूप्यमित्याह — अनुमेयं वक्ष्यमाणलक्षणम् । तस्मिन् लिङ्गस्य सत्त्वमेव निश्चितम् — एकं रूपम् । यद्यपि चात्र निश्चितग्रहणं न कृतं तथाप्यन्ते कृतं प्रक्रान्तयोर्द्वयोरपि रूपयोरपेक्षणीयम् । यतो न योग्यतया लिङ्गं परोक्षज्ञानस्य निमित्तं, यथा बीजमङ्कुरस्य । अदृष्टाद्धूमादग्नेरप्रतिपत्तेः । नापि स्वविषयज्ञानापेक्षं परोक्षार्थप्रकाशनम्, यथा प्रदीपो घटादेः । दृष्टादप्यनिश्चितसम्बन्धाद-प्रतिपत्तेः । तस्मात् परोक्षार्थनान्तरीयकतया निश्चयनमेव लिङ्गस्य परोक्षार्थप्रतिपादनव्यापारः । नापरः कश्चित् । अतोऽन्वय-व्यतिरेक-पक्षधर्मत्वनिश्चयो लिङ्गव्यापारात्मकत्वादवश्यकर्तव्य इति सर्वेषु रूपेषु निश्चितग्रहणमपेक्षणीयम् ।

**1.** લિંગનું ત્રૈરૂપ્ય એટલે એનાં ત્રણ રૂપો (=વિશેષ ધર્મો). [સૂત્રમાંના] 'ત્રૈરૂપ્ય તે' એ શબ્દો પછી 'આ પ્રકારે કહેવાય છે' એવા શબ્દો સમજી લેવાના છે. હવે તે ત્રૈરૂપ્ય તે કયું ? તો કહે છે – અનુમેય (=પક્ષ), કે જેનું લક્ષણ હવે પછી સૂત્રકાર કહેવાના છે, તેમાં લિંગનું નિશ્ચિતરૂપે હોવાપણું જ : આ થયું એક રૂપ. જો કે 'નિશ્ચિત થયું હોય તે' શબ્દપ્રયોગ [ત્રીજા રૂપના કથન સાથે જ જોડયો છે,] આ પ્રથમ રૂપ સાથે નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોડયો, તો પણ વાકયને અંતે થયેલો એ પ્રયોગ અગાઉનાં બંને રૂપોને પણ લાગુ પાડવાનું આવશ્યક ગણાય; કારણ કે [દા. ત. પ્રથમ રૂપ સાથે તે પ્રયોગ લાગુ ન પાડીએ તો એનું 'અનુમેયમાં હોવાપણું જ' એટલું જ લક્ષણ ખોટું ઠરશે, કારણ કે] બીજ પોતાની યોગ્યતા (=સ્વભાવ) વડે અંકુરનું નિમિત્ત બને છે તે રીતે કંઈ લિંગ [અનુમેયમાં પોતાના અવશ્ય હોવારૂપ] યોગ્યતાએ કરીને જ પરોક્ષ [એવા સાધ્ય]ના જ્ઞાનનું નિમિત્ત બનતું નથી; કારણ કે ઇન્દ્રિયગોચર નહિ થયેલા ધુમાડાથી અગ્નિનું જ્ઞાન થતું નથી. વળી, જેમ દીવો હોય એટલે ઉપસ્થિત ઘડાનું જ્ઞાન થઈ જ જાય તેમ કંઈ લિંગ-[ભૂત પદાર્થ]નું [માત્ર પદાર્થરૂપે] જ્ઞાન હોય તેથી પરોક્ષ પદાર્થ(=સાધ્ય)નું જ્ઞાન થઈ શકતું નથી; કારણ કે લિંગનો [માત્ર પદાર્થરૂપે] સાક્ષાત્કાર તો થયો હોય, પણ જો તેનો [સાધ્યધર્મ સાથેનો] સંબંધ પણ [અનુમાન કરનારને] ન સમજાયો હોય તો અનુભવગોચર એવા લિંગ પરથી પણ પરોક્ષ પદાર્થનું જ્ઞાન ન જ થાય. ટૂંકમાં, [પક્ષમાં ઉપસ્થિત એવું] લિંગ પરોક્ષ પદાર્થ સાથે 'નાન્તરીયકતા'થી (=અવિનાભાવસંબંધે) સંકળાયેલું છે એવો લિંગ વિષેનો નિશ્ચય જ લિંગ પરોક્ષાર્થનું જ્ઞાન કરાવે તે માટેની આવશ્યક પ્રક્રિયા છે, એ સિવાય (પરોક્ષાર્થજ્ઞાન) શક્ય નથી. આમ લિંગનાં અન્વય, વ્યતિરેક અને પક્ષધર્મત્વ – એ ત્રણે રૂપોનો નિશ્ચય આવશ્યક બની રહે છે; કારણ કે તે ત્રણેનો નિશ્ચય જ લિંગનો [અનુમાપક કે ગમક બનાવતો] આવશ્યક વ્યાપાર છે. આથી ત્રણે રૂપોમાં 'નિશ્ચિત થયેલું' એ શબ્દો જોડવા આવશ્યક છે.

2. तत्र सत्त्ववचनेनासिद्धं चाक्षुषत्वादि निरस्तम् । एवकारेण पक्षैकदेशासिद्धो निरस्तः । यथा 'चेतनास्तरवः स्वापात्' इति पक्षीकृतेषु तरुषु पत्रसंकोचलक्षणः स्वाप एकदेशे न सिद्धः । न हि सर्वे वृक्षा रात्रौ पत्रसंकोचभाजः, किन्तु केचिदेव । सत्त्ववचनस्य पश्चात् कृतेनैवकारेणासाधारणो धर्मो निरस्तः । यदि ह्यनुमेये एव सत्त्वमिति कुर्यात् , श्रावणत्वमेव हेतुः स्यात् । निश्चितग्रहणेन संदिग्धासिद्धः सर्वो निरस्तः ।

**સૂત્રગત ત્રિરૂપકથનથી થતું હેત્વાભાસનિરસન :**

**પ્રથમ રૂપના હેત્વાભાસ :**

2. '[અનુમેયમાં લિંગનું] હોવાપણું' એમાં 'હોવાપણું' (=અસ્તિત્વ) એ શબ્દથી **અસિદ્ધ** હેત્વાભાસનું નિરાકરણ થાય છે; જેમ કે [શબ્દને અનિત્ય સિદ્ધ કરવા કોઈ] 'શબ્દ ચાક્ષુષ (=ચક્ષુથી અનુભવી શકાય તેવો) છે' એવું લિંગ રજૂ કરે તો, [શબ્દમાં ચાક્ષુષત્વનું અસ્તિત્વ ન હોવાથી લિંગનું પ્રથમ રૂપ ચરિતાર્થ નહિ થાય અને તેથી] 'અસિદ્ધ' હેત્વાભાસ થશે. વળી પ્રથમ રૂપમાં મૂકેલા 'જ'કારથી **'પક્ષૈકદેશાસિદ્ધ'** (=પક્ષના એક પ્રદેશમાં હેતુનું અસ્તિત્વ અસિદ્ધ હોવું તે) નામનો હેત્વાભાસ દૂર થશે; જેમ કે 'વૃક્ષો સચેતન છે; કારણ કે તેઓ (=બધાં વૃક્ષો) નિદ્રાવસ્થા પામતાં હોય છે' – આ અનુમાનમાં પક્ષ તરીકે [સર્વ] વૃક્ષો છે. હવે પાંદડાં સંકોચાવારૂપ નિદ્રાવસ્થા રાત્રે બધાં વૃક્ષોમાં જોવા મળતી નથી; કેટલાંકમાં જ જોવા મળે છે. આમ અહીં પક્ષના એક ભાગમાં હેતુનું અસ્તિત્વ અસિદ્ધ છે. [પ્રથમ રૂપમાં] 'હોવાપણું' એ શબ્દની [પહેલાં નહિ પણ] પછી 'જ'કાર મૂકવાથી હેતુ **અસાધારણ** ધર્મ ન બની રહે તેની કાળજી લેવાઈ છે. જો 'અનુમેયમાં જ હોવાપણું' એમ આગળ 'જ'કાર મૂકયો હોત તો [સપક્ષ

૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે અસપક્ષ એકેમાં ન હોય એવો ધર્મ જ હેતુ બની શકત; ઉદાહરણ તરીકે 'શબ્દ અનિત્ય છે' એ સિદ્ધ કરવા] 'શ્રાવણત્વ' (=કાનનો વિષય હોવાપણું), [કે જે સપક્ષ કે અસપક્ષ એકેમાં નથી તે] જ હેતુ બની શકત. [પણ ખરેખર એવો હેતુ તો **'અસાધારણ'** નામનો હેત્વાભાસ જ ગણાય.] વળી [અનુમેયમાં હેતુના અસ્તિત્વને] 'નિશ્ચિત થયેલું' એ વિશેષણ લાગવાથી **'સંદિગ્ધાસિદ્ધ'** હેત્વાભાસના બધા પ્રકારનું નિવારણ થઈ જાય છે.

3. सपक्षो वक्ष्यमाणलक्षणः । तस्मिन्नेव सत्त्वं निश्चितमिति द्वितीयं रूपम् । इहापि सत्त्वग्रहणेन विरुद्धो निरस्तः । स हि नास्ति सपक्षे । एवकारेण साधारणानैकान्तिकः । स हि न सपक्ष एव वर्तते किन्तूभयत्रापि । सत्त्वग्रहणात्पूर्वावधारणवचनेन सपक्षाव्यापिसत्ताकस्यापि प्रयत्नानन्तरीयकस्य हेतुत्वं कथितम् । पश्चादवधारणे त्वयमर्थः स्यात् – सपक्षे सत्त्वमेव यस्य स हेतुरिति प्रयत्नानन्तरीयकत्वं न हेतुः स्यात् । निश्चितवचनेन संदिग्धान्वयोऽनैकान्तिको निरस्तः, यथा 'सर्वज्ञः कश्चिद्वक्तृत्वात्' । वक्तृत्वं हि सपक्षे सर्वज्ञे संदिग्धम् ।

## દ્વિતીય રૂપના હેત્વાભાસ :

3. સપક્ષ (=જેમાં સાધ્ય ધર્મ હોય એવા અન્ય ધર્મી)નું લક્ષણ આગળ [સાતમા સૂત્રમાં] કહેવાશે. '[લિંગનું] સપક્ષમાં જ નિશ્ચિત થયેલું અસ્તિત્વ' એ હેતુનું બીજું રૂપ થયું. આ લક્ષણમાં 'અસ્તિત્વ' શબ્દથી **'વિરુદ્ધ'** હેતુ (=હેત્વાભાસ) નિવારાયો છે; કારણ કે વિરુદ્ધ હેતુ સપક્ષમાં હોતો નથી. ['સપક્ષમાં જ હોવાપણું' એમ] 'જ'કાર વાપરીને **'સાધારણાનૈકાન્તિક'** હેત્વાભાસ નિવારવામાં આવ્યો છે; કારણ કે તેવો હેતુ માત્ર સપક્ષમાં જ નહિ પણ ઉભયમાં હોય છે. ['સપક્ષમાં જ અસ્તિત્વ' એમ] 'જ'કાર 'અસ્તિત્વ' શબ્દની પહેલાં મૂકવાથી સર્વ સપક્ષોમાં ન વ્યાપનાર [પરંતુ માત્ર કેટલાક સપક્ષમાં વ્યાપનાર એવા, શબ્દનું અનિત્યત્વ સિદ્ધ કરવા રજૂ કરેલા] 'પ્રયત્નનિષ્પાદ્યતા' રૂપ ધર્મનું પણ [સદ્-]હેતુપણું જળવાઈ રહે છે. જો 'જ'કાર ['અસ્તિત્વ' શબ્દની] પછી મૂકયો હોત તો જુદો જ અર્થ નીકળત : સપક્ષમાં જેનું અસ્તિત્વ હોય જ તે ધર્મ હેતુ થાત. તો [શબ્દની] 'પ્રયત્નનિષ્પાદ્યતા' એ [તેની અનિત્યતા સિદ્ધ કરનારો] હેતુ ન થાત. વળી આમાં સમાવેલા 'નિશ્ચિત થયેલું' શબ્દોથી **'સંદિગ્ધાન્વય' રૂપ અનૈકાન્તિક** હેત્વાભાસનું નિવારણ થાય છે; જેમ કે 'અમુક વ્યક્તિ સર્વજ્ઞ છે; કારણ કે તે વક્તા છે' – [આ સંદિગ્ધાન્વયરૂપ અનૈકાન્તિક હેત્વાભાસ થશે;] કારણ કે [પરચિત્તમાં સર્વજ્ઞત્વ સંદિગ્ધ હોઈ] સર્વજ્ઞ [માની લેવાયેલ] કોઈ સપક્ષમાં વક્તૃત્વ સંદિગ્ધ રહે છે.

4. असपक्षो वक्ष्यमाणलक्षणः । तस्मिन्नसत्त्वमेव निश्चितम् – तृतीयं रूपम् । तत्रासत्त्वग्रहणेन विरुद्धस्य निरासः । विरुद्धो हि विपक्षेऽस्ति । एवकारेण साधारणस्य विपक्षैकदेशवृत्तेर्निरासः । प्रयत्नानन्तरीयकत्वे साध्ये ह्यनित्यत्वं विपक्षैकदेशे विद्युदादावस्ति, आकाशादौ नास्ति । ततो नियमेनास्य निरासः । असत्त्वशब्दाद्धि पूर्वस्मिन्नवधारणेऽयमर्थः स्यात् – विपक्ष एव यो नास्ति स हेतुः । तथा च प्रयत्नानन्तरीयकत्वं सपक्षेऽपि सर्वत्र नास्ति । ततो न हेतुः स्यात् । ततः पूर्वं न कृतम् । निश्चितग्रहणेन संदिग्धविपक्षव्यावृत्तिकोऽनैकान्तिको निरस्तः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તૃતીય રૂપના હેત્વાભાસ :**

4. અસપક્ષ( =જેમાં સાધ્યધર્મ ન હોય તેવા ધર્મી)નું લક્ષણ [ આઠમા તથા નવમા સૂત્રમાં ] કહેવામાં આવશે. ‘ અસપક્ષમાં નિશ્ચિત થયેલો અસ્તિત્વનો અભાવ જ ’ – આ [ લિંગનું ] તૃતીય લક્ષણ છે. હવે, તેમાં ‘અસ્તિત્વનો અભાવ’ એ શબ્દ વડે **‘વિરુદ્ધ’ હેત્વાભાસનું** નિવારણ થાય છે; કારણ કે વિરુદ્ધ હેતુ વિપક્ષ(=અસપક્ષ )માં હોય છે. ‘ જ ’કારથી વિપક્ષના એક ભાગમાં રહે તેવા **સાધારણ [ અનૈકાન્તિક ]** હેત્વાભાસનું નિવારણ થાય છે; ઉદાહરણાર્થ: ‘[શબ્દ] પ્રયત્નસાધ્ય છે; કારણ કે તે અનિત્ય છે ’ એવા અનુમાનમાં યોજેલો અનિત્યત્વરૂપ હેતુ, [ જેમાં પ્રયત્નસાધ્યતારૂપ સાધ્ય નથી તેવા, ] વિપક્ષના એક પ્રદેશરૂપ વિદ્યુત્ આદિમાં અસ્તિત્વ ધરાવે છે અને અન્ય આકાશાદિ વિપક્ષમાં નથી; [ માટે તે સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસરૂપ છે. ] આમ [ ‘જ’કારથી અસપક્ષમાં હેતુના અસત્ત્વનો ] નિયમ (= અવશ્યંભાવ ) [ સૂચવવા ] વડે આ હેત્વાભાસનું નિવારણ કરાય છે. હવે આ ‘જ’કાર જો [ ‘ અસપક્ષમાં જ અસ્તિત્વનો અભાવ ’ એ રીતે ] પૂર્વે હોત તો આવો અર્થ ફલિત થાત — માત્ર વિપક્ષમાં જ જે ન હોય, [ એટલે કે બધા સપક્ષમાં તો અવશ્ય હોય જ ] તે હેતુ ગણાય. [ પણ આ વાત બરોબર નથી. ] ઉદાહરણાર્થ: [ શબ્દને અનિત્ય સિદ્ધ કરનારા સદ્દહેતુરૂપ ] પ્રયત્નસાધ્યત્વ કંઈ સપક્ષના ય બધા દાખલામાં હોતું નથી, [ જેમ કે વિદ્યુતમાં. ] ને તો પછી તે [ હેત્વાભાસરૂપ ઠરત; ] હેતુરૂપ નહિ. માટે ‘જ’કાર પૂર્વે ન મૂક્યો. ‘ નિશ્ચિત થયેલું ’ એ શબ્દ વડે **સંદિગ્ધવિપક્ષવ્યાવૃત્તિવાળો અનૈકાન્તિક** હેત્વાભાસ નિવારાય છે.

5. ननु च सपक्षे एव सत्त्वमित्युक्ते विपक्षेऽसत्त्वमेवेति गम्यत एव । तत्किमर्थं पुनरुभयोरुपादानं कृतम् ? उच्यते । अन्वयो व्यतिरेको वा नियमवानेव प्रयोक्तव्यो नान्यथेति दर्शयितुं द्वयोरप्युपादानं कृतम् । अनियते हि द्वयोरपि प्रयोगेऽयमर्थः स्यात् – सपक्षे योऽस्ति विपक्षे च यो नास्ति स हेतुरिति । तथा च सति 'स श्यामः, तत्पुत्रत्वात्, दृश्यमानपुत्रवत्' इति तत्पुत्रत्वं हेतुः स्यात् ।

**દ્વિતીય-તૃતીય રૂપની એકરૂપતા :**

5. [ અહીં એક પ્રશ્ન થાય છે : ] ‘લિંગનું સપક્ષમાં જ હોવાપણું’ એમ કહેવામાં જ ‘ તેનું વિપક્ષમાં ન હોવાપણું જ ’ એવો અર્થ સમજાઈ જાય છે; તો પછી આ બન્ને ય રૂપ [ ભિન્ન ] કેમ ગણાવ્યાં છે ? આનો ઉત્તર આવો છે: અન્વય કે વ્યતિરેક નિરપવાદરૂપનો નક્કી થયો હોય તો જ તે રજૂ કરવો જોઈએ, જો એમાં ક્યાંય અપવાદ સંભવે એમ હોય તો તેનો પ્રયોગ ન કરવો – એમ બતાવવા માટે જ આ બંને રૂપને ઉલ્લેખ્યા છે. જો બંનેના પ્રયોગોમાં અનિયતપણું (=અપવાદ ) ચલાવી શકાતું હોત તો [ બંને રૂપોનો ભેગો ] અર્થ આમ ફલિત થાત : જે સપક્ષમાં હોય અને વિપક્ષમાં ન હોય તે હેતુ. જો આવું લક્ષણ હોય તો :

તે [ જન્મનારો ] છોકરો શ્યામ રંગનો હશે;
કારણ કે તે તેણીનો પુત્ર હશે,
તેના નજરે ચઢતા હાલના પુત્રોની જેમ.

— એવા અનુમાનમાં ‘ તેણીના પુત્ર તરીકે હોવાપણું ’ એ પણ સદ્દહેતુ ગણાત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

6. तस्मान्नियमवतोरेवान्वयव्यतिरेकयोः प्रयोगः कर्तव्यो, येन प्रतिबन्धो गम्येत साधनस्य साध्येन । नियमवतोश्च प्रयोगेऽवश्यकर्तव्ये द्वयोरेक एव प्रयोक्तव्यो न द्वाविति नियमवानेवान्वयो व्यतिरेको वा प्रयोक्तव्य इति शिक्षणार्थं द्वयोरुपादानमिति ॥

6. એટલે નિયત સંબંધવાળા જ અન્વય કે વ્યતિરેકનો પ્રયોગ કરવો જોઈએ જેથી સાધનનો સાધ્ય સાથેનો નિયત સંબંધ સમજાઈ જાય – એટલું જ જો સમજાઈ જાય તો બેમાંથી એકનો જ પ્રયોગ કરવો આવશ્યક છે, બંનેનો નહિ; આમ અન્વય કે વ્યતિરેક નિયત સંબંધવાળા હોય તો જ પ્રયોજવો – એટલા શિક્ષણ માટે જ બંનેનો ઉલ્લેખ કર્યો છે. (૫)

त्रैरूप्यकथनप्रसंगेनानुमेयः सपक्षो विपक्षश्चोक्तः । तेषां लक्षणं वक्तव्यम् । तत्र कोऽनुमेय इत्याह—

**अनुमेयोऽत्र जिज्ञासितविशेषो धर्मी ॥६॥**

હેતુનાં ત્રણ રૂપો કહ્યાં તેમાં અનુમેય, સપક્ષ અને વિપક્ષ (=અસપક્ષ)નો ઉલ્લેખ કર્યો છે. તે ત્રણેનું લક્ષણ કહેવું જોઈએ. તેમાંથી અનુમેયનું લક્ષણ કહે છે :

**અહીં 'અનુમેય' એટલે જેનો વિશેષ [ધર્મ] જાણવાની ઇચ્છા છે તેવો ધર્મી.(૬)**

1. अनुमेयोऽत्रेत्यादि । 'अत्र' हेतुलक्षणे निश्चेतव्ये धर्मी अनुमेयः । अन्यत्र तु साध्यप्रतिपत्तिकाले समुदायोऽनुमेयः । व्याप्तिनिश्चयकाले तु धर्मोऽनुमेय इति दर्शयितुम् 'अत्र'ग्रहणम् । 'जिज्ञासितो' ज्ञातुमिष्टो 'विशेषो' धर्मो यस्य धर्मिणः स तथोक्तः ॥

1. 'અહીં' એટલે કે હેતુનું લક્ષણ નિશ્ચિત કરવાના સંદર્ભમાં ધર્મીને અનુમેય ગણવામાં આવે છે. પરંતુ અન્યત્ર એટલે [ જેમ કે અનુમાનના ] સાધ્યને સમજવાને પ્રસંગે 'અનુમેય' એટલે '[ ધર્મ અને ધર્મીનો ] સમુદાય'. જ્યારે [ અનુમાનના અંગરૂપ ] વ્યાપ્તિના સ્વરૂપનો નિર્ણય કરવાને પ્રસંગે અનુમેયને '[ અન્ય ધર્મ સાથે નિયત સાહચર્ય ધરાવતા ] ધર્મ' તરીકે ઘટાવ્યું છે. આમ [અન્ય સંદર્ભમાં 'અનુમેય'ના જુદા અર્થો છે] તે દર્શાવવા પ્રસ્તુત સૂત્રમાં 'અહીં' એ શબ્દનો પ્રયોગ કર્યો છે. [અહીં અનુમેયને] 'જે ધર્મીનો વિશેષ જાણવાની ઇચ્છા હોય તેવો ધર્મી' કહ્યો છે, [ આને જ 'પક્ષ' શબ્દથી પણ ઓળખવામાં આવે છે. ] (૬)

कः सपक्षः? –

**साध्यधर्मसामान्येन समानोऽर्थः सपक्षः ॥७॥**

"કોને સપક્ષ કહેવો ?" [ એના ઉત્તરમાં કહે છે : ]

**સાધ્યધર્મરૂપ સામાન્ય[ની ઉપસ્થિતિ] ને લીધે જે પદાર્થ [ પક્ષ સાથે ] સમાન હોય તે 'સપક્ષ' કહેવાય. (૭)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. 'समानोऽर्थः सपक्षः' । समानः सदृशो योऽर्थः पक्षेण स पक्ष उक्त उपचारात् । समानशब्देन विशेष्यते । समानः पक्षः सपक्षः । समानस्य च सशब्दादेशः ।

1. [ 'સપક્ષ'નો સામાન્ય અર્થ જોઈએ તો અમુક બાબત સાથે ] સમાન બાબત હોય તે સપક્ષ. [ હવે પરાર્થાનુમાનમાં વપરાતા 'સપક્ષ' શબ્દની ઘડતરપ્રક્રિયા જોઈએ તો : અત્રે સપક્ષ જેને મળતો હોય છે તે બાબત તે 'અનુમેય' છે, ને તેને 'પક્ષ' પણ કહે છે. એ પરથી 'સપક્ષ' શબ્દ સૂઝ્યો છે. એટલે ] જે પદાર્થ પક્ષ સાથે સમાન એટલે કે મળતો આવતો હોય તે, [ વસ્તુતઃ પક્ષથી અન્ય હોવા છતાં, સાદૃશ્યસંબંધઆધારિત ] ઉપચાર (=લક્ષણા)થી, [ પ્રથમ તો ] 'પક્ષ' કહેવાય છે. પછી તેને 'સમાન' એ શબ્દ વિશેષણરૂપે લગાડવામાં આવે છે; [ કારણ કે તે અનુમેય એવા મૂળ પક્ષને મળતો આવતો, છતાં **અન્ય** પક્ષ હોય છે. ] આમ 'સપક્ષ' એટલે સમાન પક્ષ. [ 'સમાન' એ વિશેષણનો 'પક્ષ' એ વિશેષ્ય સાથે સમાસ થાય છે ત્યારે ] 'સમાન'નો 'સ' આદેશ (= અવેજી) થાય છે.

2. स्यादेतत् – किं तत् पक्षसपक्षयोः सामान्यं येन समानः सपक्षः पक्षेणेत्याह – साध्यधर्मसामान्येनेति । साध्यश्चासावसिद्धत्वात् धर्मश्च पराश्रितत्वात् 'साध्यधर्मः' । न च विशेषः साध्यः, अपि तु सामान्यम् । अत इह सामान्यं साध्यमुक्तम् । साध्यधर्मश्चासौ सामान्यं चेति साध्यधर्मसामान्येन समानः पक्षेण 'सपक्षः' इत्यर्थः ॥

2. કોઈને પ્રશ્ન થાય : "પક્ષ અને સપક્ષમાં એવું કયું સામાન્ય તત્ત્વ છે, જેને લીધે સપક્ષ એ 'પક્ષસમાન' કહેવાય છે ?" આના જવાબમાં 'સાધ્યધર્મરૂપ સામાન્ય[ની ઉપસ્થિતિ]ને લીધે' એ શબ્દો ઉમેરેલા છે. [ 'સાધ્યધર્મ' એ પ્રયોગ તપાસીએ તો : ] અહીં એ ધર્મને 'સાધ્ય' કહ્યો છે, કારણ કે તે અસિદ્ધ (એટલે કે હજી સિદ્ધ કરવાનો) હોય છે. વળી એને 'ધર્મ' કહેવાનું કારણ એ કે તે અન્ય [ એવા ધર્મી]માં આશ્રિત હોય છે. વળી આ સાધ્યધર્મ વિશેષ નથી હોતો પરંતુ સામાન્ય (કિંવા વિકલ્પ)રૂપ હોય છે. આથી [ સૂત્રમાં ] સાધ્યધર્મ માટે 'સામાન્ય' શબ્દ વાપર્યો છે. એટલે, સાધ્યધર્મરૂપી સામાન્ય[ની ઉપસ્થિતિ]ને લીધે જે પક્ષ સાથે સમાન હોય તે સપક્ષ – એવો એકંદર અર્થ થશે. (૭)

कोऽसपक्ष इत्याह—

**न सपक्षोऽसपक्षः ॥८॥**

"અસપક્ષ કોને કહેવાય ?" — એના ઉત્તરમાં કહે છે :

**સપક્ષ ન હોય તે અસપક્ષ. (૮)**

1. न सपक्षोऽसपक्षः । सपक्षो यो न भवति सोऽसपक्षः ॥

1. જે સપક્ષ ન હોય તે અસપક્ષ કહેવાય. (૮)

कश्च सपक्षो न भवति ? –

**ततोऽन्यस्तद्विरुद्धस्तदभावश्चेति ॥९॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તો હવે સપક્ષ ન હોય તેવો કોને ગણવો ?" [ એનો જવાબ : ]

**તેનાથી અન્ય, તેનાથી વિરુદ્ધ અને તેના અભાવ [ રૂપ તે અસપક્ષ ]. (૯)**

1. 'ततः' सपक्षादन्यः । तेन च विरुद्धः । तस्य च सपक्षस्याभावः । सपक्षादन्यत्वं तद्विरुद्धत्वं च न तावत्प्रत्येतुं शक्यं यावत् सपक्षस्वभावाभावो न विज्ञातः । तस्मादन्यत्वविरुद्धत्वप्रतीतिसामर्थ्यात्सपक्षाभावरूपौ प्रतीतावन्यविरुद्धौ ।

1. 'તેનાથી' એટલે કે સપક્ષથી અન્ય, તેનાથી વિરુદ્ધ અને વળી તે સપક્ષના અભાવ-[ રૂપ હોય તે અસપક્ષ ]. હવે જ્યાં સુધી કોઈ અર્થ વિષે સપક્ષના સ્વભાવનો અભાવ પ્રતીત થયો ન હોય ત્યાં સુધી તે અર્થનું સપક્ષથી અન્યપણું કે સપક્ષથી વિરુદ્ધપણું કળાવું શક્ય નથી. તેથી જે [ સપક્ષથી ] અન્ય કે વિરુદ્ધ હોય તે તેમનામાં થતી અન્યત્વ અને વિરુદ્ધત્વની પ્રતીતિના સામર્થ્યથી જ સપક્ષના અભાવરૂપે પ્રતીત થયેલો ઠરે છે.

2. ततोऽभावः साक्षात् सपक्षाभावरूपः प्रतीयते । अन्यविरुद्धौ तु सामर्थ्यादभावरूपौ प्रतीयेते । ततस्त्रयाणामप्यसपक्षत्वम् ।।

2. તેથી [ પ્રતીત થતો સપક્ષનો ] અભાવ એ સીધેસીધો અભાવપ્રત્યયરૂપ હોય છે, જ્યારે [ સપક્ષથી ] અન્ય કે વિરુદ્ધ તરીકે પ્રતીત થતાં હોય તે સામર્થ્યથી ( અર્થાત્ પરોક્ષ રીતે ), સપક્ષના અભાવરૂપ ઠરે છે. તેથી તે ત્રણે ય અસપક્ષરૂપ છે. (૯)

**त्रिरूपाणि च त्रीण्येव लिङ्गानि ।।१०।।**

**અને ત્રિરૂપ લિંગો ત્રણ જ [ પ્રકારનાં ] છે. (૧૦)**

1. उक्तेन त्रैरूप्येण त्रिरूपाणि च त्रीण्येव लिङ्गानीति । चकारो वक्तव्यान्तरसमुच्चयार्थः । त्रैरूप्यमादौ पृष्टं त्रिरूपाणि च लिङ्गानि परेण । तत्र त्रैरूप्यमुक्तम् । त्रिरूपाणि चोच्यन्ते – त्रीण्येव त्रिरूपाणि लिङ्गानि । त्रयस्त्रिरूपलिङ्गप्रकारा इत्यर्थः ।।

1. આગળ જણાવેલાં ત્રણ રૂપ(= પાસાં )વાળાં લિંગો ત્રણ જ [ પ્રકારનાં ] છે. [ આગલી વાતના અનુસંધાનમાં ] નવું કંઈક ઉમેરવાનું છે એ બતાવવા માટે 'અને' [ એવો સમુચ્ચયબોધક ] શબ્દ સૂત્રમાં મૂકેલો છે. [ આની સ્પષ્ટતા કરીએ તો: ] પ્રથમ, લિંગના ત્રૈરૂપ્ય[ના સ્વરૂપ ] અંગેનો પ્રશ્ન પુછાયો હતો, હવે એ ત્રિરૂપ લિંગ[ના પ્રકાર ] અંગેનો પ્રશ્ન ઉદ્ભવે છે. એમાંથી, અગાઉ ત્રૈરૂપ્ય તો સમજાવ્યું; હવે એ ત્રિરૂપ લિંગ-[ ના પ્રકાર ] વિષે અહીં કહેવામાં આવે છે : ત્રિરૂપ લિંગ ત્રણ જ [ પ્રકારનાં સંભવે ] છે. આમ સૂત્રકારને અહીં ત્રિરૂપ લિંગના ત્રણ પ્રકાર નિર્દેશવાનું અભિપ્રેત છે. (૧૦)

कानि पुनस्तानीत्याह–

**अनुपलब्धिः स्वभावः कार्यं चेति ।।११।।**

એ [ પ્રકાર ] કયા ? – એ કહે છે :

**અનુપલબ્ધિ, સ્વભાવ અને કાર્ય એ [ ત્રણ પ્રકારનાં લિંગ ]. (૧૧)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. प्रतिषेध्यस्य साध्यस्यानुपलब्धिस्त्रिरूपा । विधेयस्य साध्यस्य स्वभावश्च त्रिरूपः । कार्यं च ॥

1. [ સાધ્ય બે પ્રકારનાં સંભવે: પ્રતિષેધ્ય અને વિધેય તેમાં ] પ્રતિષેધ્ય(= અભાવરૂપ) સાધ્યની અનુલપબ્ધિ [ રૂપ લિંગ ] તે ત્રિરૂપ હોય છે. બીજી બાજુ વિધેય (=ભાવરૂપ) સાધ્યના સ્વભાવ[રૂપ લિંગ] પણ ત્રિરૂપ હોય છે અને [ વિધેય સાધ્યના ] કાર્ય[ રૂપ લિંગ ] પણ [ ત્રિરૂપ ]. (૧૧)

अनुपलब्धिमुदाहर्तुमाह—

**तत्रानुपलब्धिर्यथा – न प्रदेशविशेषे क्वचिद् घटः, उपलब्धिलक्षणप्राप्तस्यानुपलब्धेरिति ॥१२॥**

અનુપલબ્ધિ[ રૂપ લિંગના ] ઉદાહરણરૂપે કહે છે :

**તેમાં અનુપલબ્ધિ [ રૂપ લિંગ ] આ પ્રકારે [ પ્રવર્તે ] – કોઈક પ્રદેશવિશેષમાં ઘડો નથી, કારણ કે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત એવા [ ઘડા ]ની અનુપલબ્ધિ છે. (૧૨)**

1. यथेत्यादि। यथेत्युपप्रदर्शनार्थम् । यथेयमनुपलब्धिस्तथाऽन्याऽपि । न त्वियमेवेत्यर्थः ।

1. 'આ પ્રકારે' એ શબ્દો ઉદાહરણનું સૂચન કરે છે; એટલે કે જેમ આ અનુપલબ્ધિ [ સાધ્યસિદ્ધિ કરે છે ] તેમ અન્ય [ અનુપલબ્ધિ ] પણ કરે; માત્ર આ [ ઉદાહરણમાંની ] અનુપલબ્ધિ જ [ આમ પ્રવર્તે એમ] નહિ.

2. 'प्रदेश' एकदेशः । विशिष्यत इति 'विशेषः' प्रतिपत्तृप्रत्यक्षः । तादृशश्च न सर्वः प्रदेशः । तदाह – क्वचिदिति । प्रतिपत्तृप्रत्यक्षे क्वचिदेव प्रदेशे इति धर्मी । न घटः इति साध्यम् ।

2. 'પ્રદેશ' એટલે કોઈ સ્થળ. આ સાથે જોડેલો 'વિશેષ' શબ્દ, [ वि + शिष् ધાતુ પરથી ] 'જે વિશિષ્ટ રૂપે ઉલ્લેખાય તે' એવો અર્થ ધરાવે છે. આમ 'પ્રદેશવિશેષ' એટલે [ ઉક્ત અનુમાન કરનાર ] જ્ઞાતાને પ્રત્યક્ષ એવું ચોક્કસ સ્થળ. એવાં સ્થળ બધાં ન હોય એ સ્પષ્ટ કરવા [ વળી વધારામાં ] 'કોઈક' એ શબ્દ વાપર્યો છે. આમ એકંદર અર્થ 'જ્ઞાતાને પ્રત્યક્ષ એવા કોઈક અમુક જ પ્રદેશમાં' એવો થાય. આ શબ્દોમાં અનુમાનના ધર્મી(= અગાઉ છઠ્ઠા સૂત્રમાં કહેલા અનુમેય) નો ઉલ્લેખ થયો છે. 'ઘડો નથી' (એટલે કે ઘટાભાવના વ્યવહારની યોગ્યતા) તે સાધ્ય છે.

3. 'उपलब्धिः' ज्ञानम् । तस्याः 'लक्षणं' जनिका सामग्री । तया ह्युपलब्धिर्लक्ष्यते । तत्प्राप्तोऽर्थो जनकत्वेन सामग्र्यन्तर्भावात् । 'उपलब्धिलक्षणप्राप्तः' दृश्य इत्यर्थः । तस्यानुपलब्धेरित्ययं हेतुः ।

3. [ હવે સૂત્રમાં આપેલો 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત' એ શબ્દ સમજીએ : ] 'ઉપલબ્ધિ' એટલે જ્ઞાન. 'લક્ષણ'નો અર્થ [ 'જેનાથી લક્ષાય તે લક્ષણ' એવી કરણાર્થક વ્યુત્પત્તિ દ્વારા, ] 'ઉત્પન્ન કરનારી સામગ્રી' એવો થશે; કારણ કે સામગ્રીથી ઉપલબ્ધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષાય છે (= શકચ બને છે). 'પ્રાપ્ત' એટલે જનક [ સામગ્રી ]માંનું એક હોઈ જનક સામગ્રીમાં સમાવેશ પામેલું. આમ ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત એટલે [ ઉપલબ્ધિનાં કારણોમાંનું એક : સહેલી ભાષામાં કહીએ તો: ] દશ્ય (= જોઈ યા અનુભવી શકાય તેવું ). તેવા દશ્ય [ ઘટરૂપી ] પદાર્થની અનુપલબ્ધિ એ અહીં અનુમાનનો હેતુ છે.

4. अथ यो यत्र नास्ति स कथं तत्र दृश्यः । दृश्यत्वसमारोपादसन्नपि दृश्य उच्यते । यश्चैवं संभाव्यते 'यद्यसावत्र भवेद् दृश्य एव भवेत्' इति । स तत्राविद्यमानोऽपि दृश्यः समारोप्यः । कश्चैवं संभाव्यः । यस्य समग्राणि स्वालम्बनदर्शनकारणानि भवन्ति ।

4. [કોઈને પ્રશ્ન થાય:] "જેનું અમુક સ્થળે અસ્તિત્વ જ ન હોય તે પદાર્થ ત્યાં દશ્ય કઈ રીતે કહેવાય?" [ આનો ઉત્તર એ કે : ] દશ્યત્વ ધર્મનો કલ્પનાથી આરોપ કર્યો હોવાથી [માત્ર શકચતાની દૃષ્ટિએ જ] તે પદાર્થને 'દશ્ય' કહેવામાં આવે છે. [ કદાચ શંકાકાર ફરી પૂછશે : "જો તે રીતે આરોપથી જ ત્યાં ઘટ–પદાર્થને દશ્ય માનવામાં આવે તો પછી આરોપથી ચક્ષુ સિવાયની અન્ય ઇન્દ્રિયથી ગ્રાહ્ય એવા સ્વર, ગંધ આદિ પદાર્થને પણ દશ્ય માની શકાય, ને તે રીતે અનિષ્ટ પ્રસંગ ઊભો થાય." આના ઉત્તરરૂપે ઉમેરીએ કે :] તે [ ઘટાદિ ] પદાર્થ અંગે આ પ્રમાણે [ શકચતાની મર્યાદાને અનુસરતી એવી ] સંભાવના કરાય છે – જો તે અહીં હોય તો દશ્ય જ હોઈ શકે. [ આ સંભાવનાને આધારે જ ] તે ત્યાં હાજર નથી, છતાં દશ્ય કલ્પાય છે. [જ્યારે સ્વર, ગંધ આદિ અન્યેન્દ્રિયગ્રાહ્ય પદાર્થો માટે એવી સંભાવના શકચ ન હોઈ, એમનું દશ્યત્વ પણ કલ્પી ન શકાય. ] [ જો ઉપર કહ્યું તેમ શકચતાની મર્યાદામાં જ કલ્પના કરવાની હોય તો આપણે નક્કી કરવું જોઈએ કે : ] આવી [ દશ્યત્વની ] કલ્પના શેને માટે થઈ શકે ? [ આનો જવાબ : ] જે વિષયને પોતાને આલંબન બનાવીને કરવાના દર્શન માટે [ એ વિષયની પોતાની હાજરી સિવાયનાં બાકીનાં ] બધા કારણો હાજર હોય [ તે વિષયને જ દશ્ય કલ્પી શકાય ].

5. कदा च तानि समग्राणि गम्यन्ते । यदैकज्ञानसंसर्गिवस्त्वन्तरोपलम्भः । एकेन्द्रियज्ञानग्राह्यं लोचनादिप्रणिधानाभिमुखं वस्तुद्वयमन्योन्यापेक्षं एकज्ञानसंसर्गि कथ्यते । तयोर्हि सतोर्नैकनियता भवति प्रतिपत्तिः । योग्यताया द्वयोरप्यविशिष्टत्वात् । तस्मादेकज्ञानसंसर्गिणि दृश्यमाने सत्येकस्मिन्नितरत् समग्रदर्शनसामग्रीकं यदि भवेद् दृश्यमेव भवेदिति संभावितं दृश्यत्वमारोप्यते । तस्यानुपलम्भो दृश्यानुपलम्भः ।

## અનુપલબ્ધિનિશ્ચય માટે એકજ્ઞાનસંસર્ગી પદાર્થાન્તરના જ્ઞાનની આવશ્યકતા :

5. [ હવે આગળ પ્રશ્ન થાય : ] " તે [ બાકીનાં ] બધાં જ કારણો હાજર છે એવું ક્યારે સમજાય ? " [ આનો ઉત્તર : ] જ્યારે, [ તે ઘટ ઉપરાંત સમીપના અન્ય ચક્ષુર્ગ્રાહ્ય વિષયો એ સર્વને સામુદાયિક રીતે ગ્રહણ કરી શકે તેવા ] એક જ્ઞાન સાથે સંસર્ગવાળા અન્ય પદાર્થનું જ્ઞાન થાય ત્યારે. [ અહીં એ સ્પષ્ટતા કરીએ કે ] જે બે પદાર્થો સમાન ઇન્દ્રિયથી ગ્રાહ્ય હોય, વળી લોચન યા અન્ય ઇન્દ્રિયની [ એક સાથે સધાતી] એકાગ્રતા [ના વિષય થઈ શકે તેવી રીતે તે ઇન્દ્રિયની ] અભિમુખ હોય અને [ જ્ઞાનનો વિષય બનવામાં ] એક-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજાની અપેક્ષા રાખતા હોય તે એક જ્ઞાનના સંસર્ગવાળા પદાર્થો કહેવાય. હવે, જો તે બંને ય પદાર્થો [ જે તે પ્રદેશવિશેષમાં ] હાજર હોય તો તો તેમાંથી એકને જ સમાવી લે તેવું જ્ઞાન ન થાય, [ બંનેનું જ્ઞાન થાય; ] કારણ કે [ જ્ઞાનના વિષય થવા માટેની ] યોગ્યતા બંનેમાં સરખી જ હોય છે. એટલે 'જો એકજ્ઞાનસંસર્ગી એવો એક પદાર્થ દેખાતો હોય તો, જેના દર્શનની બધી સામગ્રી હાજર છે તેવો બીજો પદાર્થ પણ, જો તે ત્યાં હાજર હોય તો, દશ્ય જ હોય' એવી સંભાવના વડે દશ્યત્વનો આરોપ કરાય છે. તો તે રીતના દશ્યની અનુપલબ્ધિ તે દશ્યાનુપલંભ (= દશ્યાનુપલબ્ધિ).

6. तस्मात्स एव घटविविक्तप्रदेशस्तदालम्बनं च ज्ञानं दृश्यानुपलम्भनिश्चयहेतुत्वाद् दृश्यानुपलम्भ उच्यते । यावद्ध्येकज्ञानसंसर्गि वस्तु न निश्चितं तज्ज्ञानं च, न तावद् दृश्यानुपलम्भनिश्चयः । ततो वस्त्वप्यनुपलम्भ उच्यते तज्ज्ञानं च ।

6. આ વસ્તુસ્થિતિને ધ્યાનમાં લઈને, પેલો જ ઘટરહિત ભૂતલપ્રદેશ અને તેને આલંબન કરતું જ્ઞાન – એ બંને દશ્ય એવા [ ઘટરૂપ ] પદાર્થના અનુપલંભ( = અનુપલબ્ધિ, અપ્રતીતિ) ના નિશ્ચયના હેતુ હોઈ, [ કારણમાં કાર્યના આરોપ પર આધારિત લક્ષણાથી, ] દશ્યાનુપલંભ તરીકે ઓળખાય છે. ખરેખર, જ્યાં સુધી એકજ્ઞાનસંગર્ગી એવી વસ્તુ નિશ્ચિત ન થઈ હોય, તેમ જ તે વસ્તુના જ્ઞાનનો નિશ્ચય ન થાય ત્યાં સુધી દશ્ય એવા [ ઘટાદિ ]ની અનુપલબ્ધિનો નિશ્ચય થઈ શકતો નથી. આટલા કારણે જ, [ ઉપર કહ્યું તેમ, એકજ્ઞાનસંસર્ગી ] અન્ય વસ્તુ તથા તેનું જ્ઞાન અનુપલંભરૂપ કહેવાય છે.

7. दर्शननिवृत्तिमात्रं तु स्वयमनिश्चितत्वादगमकम् । ततो दृश्यघटरहितः प्रदेशः तज्ज्ञानं च वचनसामर्थ्यादेव दृश्यानुपलम्भरूपमुक्तं द्रष्टव्यम् ॥

. [ એટલે ખાસ એ કહેવાનું કે એકજ્ઞાનસંસર્ગી અન્ય પદાર્થનું દર્શન થયા વગરની ઘટાદિના ] દર્શનની કેવળ નિવૃત્તિ એ પોતે અનિશ્ચિત હોવાથી કશું નિશ્ચિત જ્ઞાન કરાવતી નથી. તેથી, [ સૂત્રમાં વાપરેલા 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત' એ વિશેષણના ] કથનને બળે જ દશ્ય ઘટ વગરનો ભૂતલરૂપ પ્રદેશ અને તેનું જ્ઞાન – એ બંનેને દશ્યાનુપલંભરૂપ સમજવાં. (૧૨)

का पुनरुपलब्धिलक्षणप्राप्तिरित्याह—

**उपलब्धिलक्षणप्राप्तिरुपलम्भप्रत्ययान्तरसाकल्यं स्वभावविशेषश्च ॥१३॥**

[ આગલા સૂત્રમાં 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત' શબ્દ વાપર્યો છે તેથી પ્રશ્ન થાય : ] "ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તિ કોને કહેવાય [ કે જેના અસ્તિત્વને લીધે કોઈ પદાર્થ 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત' કહી શકાય ] ?" આ માટે કહે છે :

**ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તિ એટલે ઉપલબ્ધિના અન્ય પ્રત્યયોનું સાકલ્ય અને સ્વભાવવિશેષ. (૧૩)**

1. 'उपलब्धिलक्षणप्राप्तिः' उपलब्धिलक्षणप्राप्तत्वं घटस्य 'उपलम्भप्रत्ययान्तरसाकल्यम्' इति । ज्ञानस्य घटोऽपि जनकः, अन्ये च चक्षुरादयः । घटाद् दृश्यादन्ये हेतवः प्रत्ययान्तराणि । तेषां साकल्यं सन्निधिः ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. [ ઉદાહરણગત ] ઘટની ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તિ (કંવા ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તતા એ [ પ્રથમ તો ] ઉપલબ્ધિના અન્ય ( એટલે કે ઘટ સિવાયના ) પ્રત્યયો(= કારણો )નું સાકલ્ય. [ અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે ] ઘટ પોતે પણ ઘટજ્ઞાનનો જનક ( = હેતુ ) છે અને ઘટ સિવાયનાં ચક્ષુ આદિ પણ [ સાથેસાથે ] ઘટજ્ઞાનના જનક છે. હવે [ આ કારણોમાંના ] દૃશ્ય ઘટ સિવાયના ચક્ષુ આદિ અન્ય હેતુઓ તે ઉપલબ્ધિના અન્ય પ્રત્યયો, તેમનું સાકલ્ય અહીં નિર્દેશ્યું છે. ' સાકલ્ય ' એટલે [ એ પ્રત્યયોની સમગ્રતા, અર્થાત્ એ સમગ્રતાની ] ઉપસ્થિતિ.

2. स्वभाव एव विशिष्यते तदन्यस्मादिति विशेषो, विशिष्टः इत्यर्थः । तदयं विशिष्टः स्वभावः प्रत्ययान्तरसाकल्यं चैतद्द्वयमुपलब्धिलक्षणप्राप्तत्वं घटादेर्द्दृश्यम् ॥

2. હવે ' સ્વભાવવિશેષ ' એટલે સ્વભાવરૂપ વિશેષ. જે પોતાનાથી અન્ય કરતાં જુદું તરી આવે તે [ वि સહિતના शिष् ધાતુને આધારે ] ' વિશેષ ' એટલે કે વિશિષ્ટ કહેવાય. આમ સ્વભાવવિશેષ એટલે વિશિષ્ટ સ્વભાવ. તો આ વિશિષ્ટ સ્વભાવ અને અન્ય પ્રત્યયોનું સાકલ્ય — આ બંને મળીને ઘટ ઇત્યાદિનું ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તત્વ થાય તે ધ્યાનમાં લેવું. (૧૩)

कीदृशः स्वभावविशेष इत्याह—

**यः स्वभावः सत्स्वन्येषूपलम्भप्रत्ययेषु सन् प्रत्यक्ष एव भवति स स्वभावविशेषः ॥१४॥**

કેવો સ્વભાવવિશેષ ? — એના જવાબમાં કહે છે :

**ઉપસ્થિત એવો જે સ્વભાવ ઉપલબ્ધિના અન્ય પ્રત્યયો જ્યારે ઉપસ્થિત હોય ત્યારે પ્રત્યક્ષ જ થાય એવો હોય તે [ અહીં ] સ્વભાવવિશેષ [ કહેવાય ]. (૧૪)**

1. सत्स्वित्यादि । उपलम्भस्य यानि घटाद् दृश्यात् प्रत्ययान्तराणि तेषु सत्सु विद्यमानेषु यः स्वभावः सन् प्रत्यक्ष एव भवति स स्वभावविशेषः ।

1. દૃશ્ય એવા પદાર્થ — જેમ કે ઘટ — થી અન્ય એવા ઉપલબ્ધિના પ્રત્યયો જ્યારે વિદ્યમાન હોય ત્યારે જે સ્વભાવ [ ઉપસ્થિત ] હોય તો પ્રત્યક્ષ જ થાય તે સ્વભાવવિશેષ [ અત્રે અભિપ્રેત છે ].

2. तदयमत्रार्थः — एकप्रतिपत्त्रपेक्षमिदं प्रत्यक्षलक्षणम् । तथा च सति, द्रष्टुं प्रवृत्तस्यैकस्य द्रष्टुर्दृश्यमान उभयवान्भावः । अदृश्यमानास्तु देशकालस्वभावविप्रकृष्टाः स्वभावविशेषरहिताः, प्रत्ययान्तरसाकल्यवन्तस्तु । यैर्हि प्रत्ययैः स द्रष्टा पश्यति ते संनिहिताः । अतश्च संनिहिता यद् द्रष्टुं प्रवृत्तः सः । द्रष्टुमप्रवृत्तस्य तु योग्यदेशस्था अपि द्रष्टुं ते न शक्याः, प्रत्ययान्तरवैकल्यवन्तः स्वभावविशेषयुक्तास्तु । दूरदेशकालास्तूभयविकलाः ।

2. સમજવાની વાત આ છે: અહીં ઉલ્લેખેલ પ્રત્યક્ષ (= ઉપલબ્ધિ ) તે [ નિયત દશાવાળા ] કોઈ વિશેષ જ્ઞાતાની અપેક્ષાએ છે [ અને તેથી વિવિધ દશાવાળા એકાધિક જ્ઞાતાઓને તે સામુદાયિક રીતે લાગુ પાડવાનું નથી. ] આ સ્થિતિમાં જો દર્શનમાં પ્રવૃત્ત એવા કોઈ વિશેષ જ્ઞાતાને અમુક ભાવ ( = અર્થ ) દૃશ્યમાન થતો હોય તો [ તે જ્ઞાતાની દૃષ્ટિએ ] તે ભાવ [ પ્રત્યયાન્તરસાકલ્ય અને સ્વભાવવિશેષ એ ] બંનેવાળો કહેવાય. જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ જોવા પ્રવૃત્ત થયેલા જ્ઞાતાને ] પ્રત્યક્ષ ન થતાભાવો દેશ, કાળ કે સ્વભાવના અંતરવાળા હોવાથી સ્વભાવવિશેષ વગરના પણ અન્ય પ્રત્યયોના સાકલ્યવાળા ઠરશે; કારણ કે જે પ્રત્યયોથી તે દ્રષ્ટા દર્શન કરે છે તે [ બાકીના ] પ્રત્યયો ઉપસ્થિત હોય છે; ખાસ તો પેલો દ્રષ્ટા દર્શનમાં પ્રવૃત્ત થયો હોય છે તેથી પણ [ ઘટાદિ વિષય સિવાયના બાકીના પ્રત્યયોની ] ઉપસ્થિતિ સિદ્ધ ઠરે છે. બીજી બાજુ, તે તે ભાવો જ્ઞાતાના ઇન્દ્રિયગોચર પ્રદેશમાં [ પ્રત્યક્ષયોગ્ય દશામાં ] હોવા છતાં, જો જ્ઞાતા દર્શનમાં પ્રવૃત્ત ન થાય તો, દશ્ય બની શકતા નથી, કારણ કે તે- સ્વભાવવિશેષવાળા હોવા છતાં પ્રત્યયાન્તરના વૈકલ્યવાળા હોય છે. હવે [ દ્રષ્ટા દર્શનમાં અપ્રવૃત્ત હોય અને ] તે ભાવો દૂરના દેશવાળા કે દૂરના કાળવાળા હોય તો [ પ્રત્યયાન્તરસાકલ્ય અને સ્વભાવવિશેષ એ ] ઉભયની ન્યૂનતાવાળા ઠરે.

3. तदेवं पश्यतः कस्यचिन्न प्रत्ययान्तरविकलो नाम, स्वभावविशेषविकलस्तु भवेत् । अपश्यतस्तु द्रष्टुं शक्यो योग्यदेशस्थः प्रत्ययान्तरविकलः । अन्ये तूभयविकला इति ॥

3. આ રીતે [ ઉપલા કથનનું તારણ એ થયું કે ] કોઈ ભાવ, દર્શનમાં પ્રવૃત્ત વ્યક્તિના સંદર્ભમાં, પ્રત્યયાન્તરની બાબતમાં વિકલ ન હોવા છતાં સ્વભાવવિશેષથી રહિત હોઈ શકે. તો વળી દર્શનમાં પ્રવૃત્ત ન થયેલા માટે યોગ્ય દેશમાં રહેલો દર્શનયોગ્ય પદાર્થ પણ પ્રત્યયાન્તરથી વિકલ હોય છે. જ્યારે બીજા કેટલાક ભાવો ઉભયવિકલ પણ હોય છે. [ આમ જે તે પરિસ્થિતિને આધારે પદાર્થ ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત છે કે નહિ તેનો નિર્ણય થઈ શકે. ] (૧૪)

अनुपलब्धिमुदाहृत्य स्वभावमुदाहर्तुमाह –

**स्वभावः स्वसत्तामात्रभाविनि साध्यधर्मे हेतुः ॥१५॥**

અનુપલબ્ધિરૂપ હેતુ સમજાવ્યા બાદ સ્વભાવરૂપ હેતુ સમજાવતાં કહે છે :

**સ્વભાવ પોતાના અસ્તિત્વમાત્રથી સંભવતા સાધ્યધર્મ પ્રત્યે હેતુ હોય છે. (૧૫)**

1. स्वभाव इत्यादि । स्वभावो हेतुरिति सम्बन्धः । कीदृशो हेतुः साध्यस्य स्वभाव इत्याह – स्वस्य आत्मनः सत्ता । सैव केवला स्वसत्तामात्रम् । तस्मिन्सति भवितुं शीलं यस्येति । यो हेतोरात्मनः सत्तामपेक्ष्य विद्यमानो भवति । न तु हेतुसत्ताया व्यतिरिक्तं कञ्चिद्धेतुमपेक्षते स स्वसत्तामात्रभावी साध्यः । तस्मिन्साध्ये यो हेतुः स स्वभावः तस्य साध्यस्य, नान्यः ॥

1. ‘ સ્વભાવ હેતુ હોય છે ’ એવો વાક્યાન્વય છે. કેવો હેતુ સાધ્યનો સ્વભાવ હોય છે ? [ એનો જવાબ છે : ] જે હેતુના પોતાના અસ્તિત્વમાત્રથી એટલે કે કેવળ અસ્તિત્વથી સાધ્યની ઉપસ્થિતિ સિદ્ધ થવાપણું હોય, તે [ પેલા સાધ્યનો સ્વભાવ કહેવાય ]. તે સાધ્ય હેતુની પોતાની સત્તાની (=ઉપસ્થિતિની ) જ અપેક્ષા રાખીને અસ્તિત્વ ધરાવતું હોય છે; હેતુની સત્તા સિવાયના બીજા કોઈ કારણની અપેક્ષા રાખતું નથી. આ કારણે તે સાધ્ય ‘ સ્વ(=હેતુ )સત્તામાત્રભાવિ ’ કહેવાય છે. એવા સાધ્ય પ્રત્યે જે હેતુરૂપ (=સાધક ) હોય છે તે [જ] એ સાધ્યનો સ્વભાવ હોય છે, અન્ય નહિ; [ માટે જ એ હેતુને ‘ સ્વભાવ ’ -હેતુ કહ્યાં છે. ] (૧૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उदाहरणम् —

**यथा वृक्षोऽयं शिंशपात्वादिति ॥१६॥**

ઉદાહરણ :

**જેમ કે: " આ વૃક્ષ છે; કારણ કે એમાં સીસમપણું છે. " (૧૬)**

1. यथेति । अयमिति धर्मी । वृक्ष इति साध्यम् । शिंशपात्वादिति हेतुः ।

1. ઉદાહરણમાંના ' આ ' એ શબ્દથી ધર્મી (=અનુમેય કે પક્ષ)નો ઉલ્લેખ થયો છે. ' વૃક્ષ ' એ સાધ્ય છે. ' સીસમપણું ' તે હેતુ છે.

2. तदयमर्थः — वृक्षव्यवहारयोग्योऽयं, शिंशपाव्यवहारयोग्यत्वादिति ।

2. [ આ પ્રકારના અનુમાન પાછળનો ] ભાવ કંઈક આવો છે : [ અહીં વૃક્ષ અને સીસમ બંને તો પ્રત્યક્ષ હોઈ, અનુમાનથી પ્રતિપાદ્ય બાબત એ છે કે ] આ વસ્તુ વૃક્ષ તરીકેના વ્યવહારને યોગ્ય છે; કારણ કે તે સીસમ તરીકેના વ્યવહારને યોગ્ય છે.

3. तत्र प्रचुरशिंशपे देशेऽविदितशिंशपाव्यवहारो जडो यदा केनचिदुच्चां शिंशपामुपादर्श्यो-च्यते 'अयं वृक्षः' इति तदासौ जाड्याच्छिंशपाया उच्चत्वमपि वृक्षव्यवहारस्य निमित्तमवस्यति तदा यामेवानुच्चां पश्यति शिंशपां तामेवावृक्षमवस्यति । स मूढः शिंशपात्वमात्रनिमित्ते वृक्ष-व्यवहारे प्रवर्त्यते । नोच्चत्वादि निमित्तान्तरमिह वृक्षव्यवहारस्य, अपि तु शिंशपात्वमात्रं निमित्तं — शिंशपागतशाखादिमत्त्वं निमित्तमित्यर्थः ॥

3. [ આવું અનુમાન ક્યારે કરવું પડે તે સમજીએ : ] સીસમનાં ઝાડ પુષ્કળ હોય એવું કોઈક સ્થળ છે. ત્યાં સીસમનું ઝાડ નહિ ઓળખતો એવો કોઈ જડબુદ્ધિનો માણસ આવ્યો છે. હવે કોઈક [ જાણકાર ] વ્યક્તિ તેને સીસમનું એક ઊંચું ઝાડ બતાવીને કહે છે : "આ વૃક્ષ છે." ત્યારે બુદ્ધિની જડતાને કારણે તે જડ, સીસમના ઊંચાપણાને પણ [ તે વનસ્પતિને ] વૃક્ષ તરીકે ગણવાનું એક [આવશ્યક] નિમિત્ત માની બેસે છે. તેથી જે જે નીચાં સીસમ જુએ છે તે તે વૃક્ષ ન ગણાય એવું પણ એના મનમાં ભરાઈ ગયું છે. એ પ્રસંગે [ સૂત્રમાં આપેલા અનુમાનથી ] તે મૂઢને સમજાવવામાં આવે છે કે જેમાં માત્ર સીસમપણું હોય તે દરેક વનસ્પતિ વૃક્ષ [ — વર્ગની ] જ ગણાય; તેને વૃક્ષ ગણવા માટે ઊંચાપણું વગેરે અન્ય નિમિત્તો ગણતરીમાં ન લેવાય. એટલે કે તે વનસ્પતિમાંના સીસમપણાને જ, અર્થાત્ તેમાં જે ડાળી વગેરે ધર્મો છે તેને જ [વૃક્ષવ્યવહારયોગ્યત્વનું] નિમિત્ત ગણવું. (૧૬)

कार्यमुदाहर्तुमाह —

**कार्यं यथा वह्निरत्र धूमादिति ॥१७॥**

કાર્ય[—રૂપ હેતુ ]નું ઉદાહરણ આપતાં કહે છે :

**કાર્ય[ —હેતુ ] આ પ્રકારનો હોય : અહીં અગ્નિ છે; કારણ કે ધુમાડો છે. (૧૭)**

1. वह्निरिति साध्यम् । अत्रेति धर्मी । धूमादिति हेतुः ।

1. અહીં 'અગ્નિ' તે સાધ્ય છે. ' અહીં ' એ શબ્દ દ્વારા ધર્મીનો ઉલ્લેખ છે. ધુમાડા-[નું અસ્તિત્વ] એ હેતુ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. कार्यकारणभावो लोके प्रत्यक्षानुपलम्भनिबन्धनः प्रतीत इति न स्वभावस्येव कार्यस्य लक्षणमुक्तम् ॥

2. [કોઈને સહજ પ્રશ્ન થાય કે કાર્યનું લક્ષણ આપ્યા વગર સીધું ઉદાહરણ જ કેમ આપ્યું હશે. એનો ખુલાસો આ છે :] લોકમાં કાર્યકારણભાવની પ્રતીતિ [કાર્ય દ્વારા કારણના અનુગમનના] પ્રત્યક્ષજ્ઞાનથી અને [કારણ ન હોય તો કાર્ય પણ ન હોય એવી] અનુપલબ્ધિ[રૂપ વ્યતિરેકદર્શન]થી થાય છે; એટલે સ્વાભાવહેતુની જેમ કાર્યહેતુનું લક્ષણ [સૂત્રકારે] કહ્યું નથી. (૧૭)

ननु त्रिरूपत्वादेकमेव लिङ्गं युक्तम् । अथ प्रकारभेदाद्भेदः । एवं सति स्वभावहेतोरेकस्यानन्तप्रकारत्वात् त्रित्वमयुक्तमित्याह –

**अत्र द्वौ वस्तुसाधनौ । एकः प्रतिषेधहेतुः ॥१८॥**

[ત્રિરૂપ લિંગના ત્રણ પ્રકાર કલ્પવા બાબત શંકા કરનાર પૂછે છે :] "બધાં લિંગમાં ત્રિરૂપત્વ એ સર્વસામાન્ય લક્ષણ હોવાથી એક જ [પ્રકારનું] લિંગ માનવું યોગ્ય છે. હવે જો ત્રિરૂપ લિંગના પ્રકારની ભિન્નતા મુજબ લિંગ પણ ભિન્ન માનવાં યોગ્ય છે એમ કહો તો એક સ્વભાવહેતુના જ અનન્ત પ્રકારો હોવાથી લિંગના ત્રણ જ પ્રકાર માનવાનું અયોગ્ય કહેવાય." આ શંકાનું સમાધાન કરે છે :

**આમાં બે [હેતુ] વસ્તુને સાધનારા છે, એક પ્રતિષેધ[ને સાધનારો] હેતુ છે. (૧૮)**

1. अत्र द्वौ इति । 'अत्र' इति एषु त्रिषु हेतुषु मध्ये द्वौ हेतू वस्तुसाधनौ – विधेः साधनौ गमकौ । एकः प्रतिषेधस्य 'हेतुः' गमकः । प्रतिषेध इति चाभावोऽभावव्यवहारश्चोक्तो द्रष्टव्यः ।

1. 'આમાં' એટલે ત્રણ [પ્રકારના] હેતુઓમાં બે હેતુ વસ્તુને (=ભાવને) એટલે કે તેના અસ્તિત્વને સાધનારા કિંવા ફલિત કરનારા છે, એક હેતુ પ્રતિષેધને ફલિત કરનારો છે. અહીં 'પ્રતિષેધ' શબ્દથી [ક્યાંક] અભાવ અને [ક્યાંક] અભાવનો વ્યવહાર અભિપ્રેત સમજવાનો છે.

2. तदयमर्थः – हेतुः साध्यसिद्ध्यर्थत्वात् साध्याङ्गम् । साध्यं प्रधानम् । अतश्च साध्योपकरणस्य हेतोः प्रधानसाध्यभेदाद् भेदो, न स्वरूपभेदात् । साध्यश्च कश्चिद्विधिः, कश्चित्प्रतिषेधः । विधिप्रतिषेधयोश्च परस्परपरिहारेणावस्थानात् तयोर्हेतू भिन्नौ । विधिरपि कश्चिद्धेतोर्भिन्नः, कश्चिदभिन्नः । भेदाभेदयोरप्यन्योन्यत्यागेनात्मस्थितेर्भिन्नौ हेतू । ततः साध्यस्य परस्परविरोधात् हेतवो भिन्ना न तु स्वत एवेति ॥

2. કહેવાનો આશય આમ છે : હેતુ એ સાધ્યની સિદ્ધિ માટે જ હોવાથી સાધ્યનું અંગ [અને તેથી સાધ્યથી ગૌણ] બની રહે છે, અર્થાત્ સાધ્ય પ્રધાન હોય છે. આથી સાધ્યના ઉપકરણ (=સાધન) એવા હેતુઓની ભિન્નતા, એ [હેતુની પોતાની અપેક્ષાએ] પ્રધાન એવા સાધ્યની ભિન્નતાને આધારે નક્કી કરવાની રહે, હેતુઓના પોતાના સ્વરૂપના ભેદ પ્રમાણે નહિ. [હવે એ પ્રધાન એવા સાધ્યના સ્વરૂપનો વિચાર કરીએ તો,] કોઈક સાધ્ય વિધિરૂપ (=વસ્તુરૂપ) હોય છે ને કોઈક પ્રતિષેધરૂપ. હવે વિધિ અને પ્રતિષેધ એ પરસ્પરનો પરિહાર કરીને રહે છે, તેથી તે બંને[ને સાધનારા] હેતુઓ ભિન્ન ગણાય. વળી વિધિરૂપ સાધ્યમાં પણ કોઈક (=કારણરૂપ) સાધ્ય હેતુથી ભિન્ન હોય છે અને કોઈક (=સ્વભાવરૂપ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધ્ય હેતુથી અભિન્ન હોય છે. હવે [હેતુથી] ભેદ અને અભેદ એકબીજાના પરિહારથી જ સંભવી શકતા (અર્થાત પરસ્પર ભિન્ન) હોઈ આ બે [વિધિરૂપ] હેતુ પણ એકબીજાથી ભિન્ન ઠરે છે. આમ સાધ્ય પરસ્પર વિરુદ્ધ પ્રકારના હોવાથી હેતુઓ ભિન્ન કહેવાયા છે, હેતુઓ સ્વતઃ ભિન્ન નથી. (૧૮)

कस्मात्पुनस्त्रयाणां हेतुत्वं, कस्माच्चान्येषामहेतुत्वमित्याशङ्क्य यथा त्रयाणामेव हेतुत्वमन्येषां चाहेतुत्वं तदुभयं दर्शयितुमाह –

**स्वभावप्रतिबन्धे हि सत्यर्थोऽर्थं गमयेत् ॥१९॥**

"શા માટે [અનુપલબ્ધિ, સ્વભાવ અને કાર્ય એ] ત્રણમાં જ હેતુપણું અને [સંયોગી વગેરે નૈયાયિકાદિ કલ્પિત] અન્ય [સંબંધવાળા પદાર્થો]માં અહેતુપણું કલ્પાયું છે?" આવી શંકા કલ્પીને, જે કારણે એ ત્રણમાં જ હેતુત્વ છે અને વળી અન્યમાં અહેતુત્વ છે – તે બંને દર્શાવવા માટે કહે છે:

**કારણ કે [બે પદાર્થો વચ્ચે] સ્વભાવપ્રતિબંધ હોય તો જ [તેમાંથી એક] પદાર્થ [બીજા] પદાર્થનો બોધ કરાવે. (૧૯)**

1. स्वाभावप्रतिबन्ध इति । स्वभावेन प्रतिबन्धः स्वभावप्रतिबन्धः । "साधनं कृता" [ व्या. महा. २.१.३३] इति समासः । स्वभावप्रतिबध्दत्वं प्रतिबद्धस्वभावत्वमित्यर्थः ।

1. 'સ્વભાવપ્રતિબંધ' એટલે સ્વભાવ (=સ્વરૂપ)ને લીધે [અન્ય સાથે સધાતો] પ્રતિબંધ (=અનિવાર્ય સંબંધ). 'સ્વભાવપ્રતિબંધ' એ સમાસ [कर्तृकरणे कृता बहुलम् । એ 'અષ્ટાધ્યાયી' ૨.૧.૩૨ સૂત્રના સ્થાને ભાષ્યકારે રચેલા] 'साधनं कृता ।' (મહાભાષ્ય ૨.૧.૩૩) [અર્થ : સાધનનો કૃત્ સાથે સમાસ થાય છે] એ સૂત્રને આધારે રચાયો છે. એટલે એનો અર્થ થાય સ્વભાવ વડે પ્રતિબન્ધ એટલે કે સ્વભાવપ્રતિબદ્ધતા અથવા તો પ્રતિબદ્ધ સ્વભાવવાળા હોવું તે.

2. कारणे स्वभावे च साध्ये स्वभावेन प्रतिबन्धः कार्यस्वभावयोरविशिष्ट इत्येकेन समासेन द्वयोरपि संग्रहः ।

2. કાર્ય કે સ્વભાવ [-રૂપ હેતુ]નો [અનુક્રમે] કારણ કે સ્વભાવરૂપ સાધ્ય સાથે સમાન રીતે જ સ્વભાવથી પ્રતિબંધ હોય છે, તેથી 'સ્વભાવપ્રતિબંધ' એ એક સમાસ દ્વારા જ [કાર્ય કે સ્વભાવરૂપ] બંને [હેતુઓની લાક્ષણિકતા]નો ઉલ્લેખ થઈ જાય છે.

3. हिर्यस्मादर्थे । यस्मात् स्वभावप्रतिबन्धे सति साधनार्थः साध्यार्थं गमयेत्, तस्मात् त्रयाणां गमकत्वम्, अन्येषामगमकत्वम् ॥

3. [આ સૂત્ર આગલા સૂત્રના કથનનું] કારણ આપે છે, માટે 'કારણ કે' એવો પ્રયોગ સૂત્રમાં કર્યો છે. [એટલે બંને સૂત્રના અર્થ આ રીતે જોડાય છે:] સાધનભૂત (=હેતભૂત કે લિંગભૂત) પદાર્થ સ્વભાવપ્રતિબંધને કારણે જ સાધ્યભૂત પદાર્થનું જ્ઞાન કરાવે છે, તેથી ત્રણ પ્રકારના હેતુમાં [જ સાધ્યનો] બોધ કરાવવાની શક્તિ છે, અન્ય હેતુઓમાં નહિ. (૧૯)

कस्मात् पुनः स्वभावप्रतिबन्ध एव सति गम्यगमकभावो नान्यथेत्याह-

**तदप्रतिबध्दस्य तदव्यभिचारनियमाभावात् ॥२०॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શા માટે સ્વભાવપ્રતિબંધ હોય તો જ ગમ્યગમકભાવ (=સાધ્યસાધનભાવ) સંભવે અને તેના અભાવમાં તે ન સંભવે ?" આનો જવાબ વાળે છે :

**કારણ કે તેનાથી અપ્રતિબદ્ધના તેની સાથેના અવ્યભિચાર-નિયમનો અભાવ હોય છે. (૨૦)**

1. तदप्रतिबद्धस्येति । 'तद्' इति स्वभाव उक्तः-तेन स्वभावेन अप्रतिबद्ध तदप्रतिबध्दो । यो यत्र स्वभावेन न प्रतिबध्दः तस्य तदप्रतिबध्दस्य तदव्यभिचारनियमाभावात् । तस्याप्रतिबध्द विषयस्याव्यभिचारः- तदव्यभिचारः,तस्य नियमः तदव्यभिचारनियमः, तस्याभावात् ।

1. 'તેનાથી' એટલે સ્વભાવથી (=સ્વરૂપથી). આમ 'તેનાથી અપ્રતિબદ્ધ' એટલે 'સ્વભાવથી અપ્રતિબદ્ધ'. જે જેની સાથે સ્વભાવથી એટલે કે સ્વરૂપથી પ્રતિબદ્ધ ન હોય તેના તેની સાથેના અવ્યભિચારના નિયમનો અભાવ હોય છે. 'તેની સાથેનો અવ્યભિચાર' એટલે જે પ્રતિબંધનો વિષય ન હોય તેની સાથેનો અવ્યભિચાર (=નિયત સહચાર); તેનો જે નિયમ (= નિયત અસ્તિત્વ), તેનો અભાવ હોય છે; તેથી [સ્વભાવપ્રતિબંધ હોય ત્યારે જ એક પદાર્થ બીજાનો બોધ કરાવી શકે.]

2. तदयमर्थः – नहि, यो यत्र स्वभावेन न प्रतिबध्दः, स तमप्रतिबन्धविषयमवश्यमेव न व्यभिचरतीति नास्ति तयोरव्यभिचारनियमः – अविनाभावनियमः । अव्यभिचारनियमाच्च गम्यगमकभावः । न हि योग्यतया प्रदीपवत् परोक्षार्थप्रतिपत्तिनिमित्तमिष्टं लिङ्गम्, अपि त्वव्यभिचारित्वेन निश्चितम् । ततः स्वभावप्रतिबन्धे सत्यविनाभावित्वनिश्चयः, ततो गम्यगमकभावः ।

2. કહેવાનો ભાવ આવો છે: જે પદાર્થ જેની સાથે સ્વભાવથી પ્રતિબદ્ધ ન હોય તે તેની સાથે એટલે કે પ્રતિબંધનો વિષય ન હોય તેની સાથે અવ્યભિચારના કિંવા અવિનાભાવના નિયમવાળો હોતો નથી, એટલે કે તેના વિના અવશ્ય ન જ હોય એવું હોતું નથી. હવે [સાધ્ય અને હેતુ વચ્ચેનો] ગમ્યગમકભાવ તો અવ્યભિચારનિયમને જ આભારી હોય છે. જેમ દીવો [પોતાના જે તે સ્થળે અસ્તિત્વમાત્રરૂપ] યોગ્યતાથી, [અગાઉ અંધકારને લીધે] અપ્રત્યક્ષ રહેલા એવા પ્રદાર્થનું જ્ઞાન કરાવે છે તે રીતે લિંગ કાંઈ [પોતાના પક્ષમાંના અસ્તિત્વમાત્રરૂપ] યોગ્યતાથી પરોક્ષ અર્થનો બોધ કરાવી શકતું નથી; તે તો જ્યારે [સાધ્ય સાથે] અવ્યભિચારી તરીકે નિશ્ચિત થાય છે ત્યારે જ એનો (=સાધ્યનો) બોધ કરાવી શકે છે. હવે એ અવિનાભાવિત્વનો (=અવ્યભિચારીપણાનો) નિશ્ચય પણ સ્વભાવપ્રતિબંધને આધારે જ થાય છે, ને તેને જ આધારે [સાધ્ય અને હેતુ વચ્ચેનો] ગમ્યગમકભાવ સંભવે છે.

3. तस्मात् स्वभावप्रतिबन्धे सत्यर्थोऽर्थं गमयेन्नान्यथेति स्थितम् ॥

3. આમ [આ સૂત્રમાં આપેલા કારણને લીધે], સ્વભાવપ્રતિબંધ હોય તો જ એક અર્થ બીજા અર્થનો બોધ કરાવે, નહિતર નહિ – એવી [આગલા સૂત્રની] વાત સિદ્ધ થાય છે. (૨૦)

ननु च परायत्तस्य प्रतिबन्धोऽपरायत्ते । तदिह साध्यसाधनयोः कस्य क्व प्रतिबन्ध इत्याह-

**स च प्रतिबन्धः साध्येऽर्थे लिङ्गस्य ॥२१॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[કોઈ જિજ્ઞાસુ પૂછે છે:] "જે પરાધીન હોય તેનો પ્રતિબંધ (=નિયત સંબંધ) જે પરાધીન ન હોય તેની સાથે હોય. તો આપણી ચર્ચામાં સાધ્ય અને હેતુમાંથી કોણ કોના પ્રત્યે પ્રતિબંધ ધરાવે છે?" આના ઉત્તરરૂપે કહે છે:

**અને તે પ્રતિબંધ સાધ્ય અર્થ વિષે લિંગનો હોય છે. (૨૧)**

1. स चेति। स च स्वभावप्रतिबन्धो लिङ्गस्य साध्येऽर्थे। लिङ्गं परायत्तत्वात्प्रतिबद्धम्। साध्यस्त्वर्थेऽपरायत्तत्वात् प्रतिबन्धविषयो न तु प्रतिबद्ध इत्यर्थः।

1. તે પ્રતિબંધ એટલે કે સ્વભાવપ્રતિબંધ તે લિંગનો સાધ્ય અર્થ પરત્વે હોય છે. લિંગ પરાધીન હોવાથી પ્રતિબદ્ધ હોય છે, જ્યારે સાધ્યભૂત પદાર્થ પરાધીન ન હોવાથી પ્રતિબંધનો વિષય (=જેની સાથે અન્ય પદાર્થ નિયતરૂપે સંકળાયેલો હોય તેવો) હોય છે, પ્રતિબદ્ધ નહિ.

2. तत्रायमर्थः- तादात्म्याविशेषेऽपि यत्प्रतिबद्धं तद् गमकम्। यत् प्रतिबन्धविषयः तद् गम्यम्। यस्य च धर्मस्य यो नियतः स्वभावः स तत्प्रतिबद्धः, यथा प्रयत्नानन्तरीयकत्वाख्योऽनित्यत्वे। यस्य तु स चान्यश्च स्वभावः स प्रतिबन्धविषयः, न तु प्रतिबद्धः। यथाऽनित्यत्वाख्यः प्रयत्नानन्तरीयकत्वाख्ये। निश्चयापेक्षो हि गम्यगमकभावः। प्रयत्नानन्तरीयकत्वमेव चानित्यस्वभावं निश्चितम्। अतस्तदेवानित्यत्वे प्रतिबद्धम्। तस्मान्नियतविषयः एव गम्यगमकभावो नान्यथेति ॥

2. [કાર્યહેતુની બાબતમાં નહિ પણ સ્વભાવહેતુની બાબતમાં હેતુ અને સાધ્યનું તાદાત્મ્ય **પરસ્પર** હોવાથી, તેમાંથી માત્ર એકને જ પ્રતિબદ્ધ ગણી શકાય કે કેમ એ અંગે શંકા સેવનારને ધ્યાનમાં રાખી કહે છે:] કહેવાનો ભાવ આમ છે: [સ્વભાવહેતુ અને તેના સાધ્યનું પારસ્પરિક] તાદાત્મ્ય સમાન હોવા છતાં [તેમાંથી] જે પ્રતિબદ્ધ હશે તે ગમક (=હેતુ) ગણાશે, જ્યારે જે પ્રતિબંધવિષય હશે તે ગમ્ય (=સાધ્ય) ઠરશે. જે ધર્મનો જે નિયત સ્વભાવ હશે, તે ધર્મ તે [અન્ય ધર્મ] ની સાથે પ્રતિબદ્ધ ગણાશે – જેમ કે પ્રયત્નસાધ્યતા રૂપ ધર્મ અનિત્યત્વ સાથે પ્રતિબદ્ધ ઠરશે; [કારણ કે પ્રયત્ન સાધ્યતારૂપ ધર્મનો અનિત્યત્વ એ નિયત સ્વભાવ છે.] જ્યારે જે ધર્મનો તે અથવા તેથી અન્ય સ્વભાવ પણ હોઈ શકે તે પ્રતિબંધનો વિષય જ થશે, તે પ્રતિબદ્ધ તો નહિ જ ગણાય – જેમ કે અનિત્યત્વરૂપ ધર્મ પ્રયત્નસાધ્યતાની અપેક્ષાએ [પ્રતિબંધવિષય છે, પણ પ્રતિબદ્ધ નથી; કારણ કે અનિત્ય વસ્તુ એ ઘટાદિની જેમ પ્રયત્નસાધ્ય પણ હોઈ શકે ને વિદ્યુત આદિની જેમ અપ્રયત્નસાધ્ય પણ હોઈ શકે.] આમ ગમ્યગમકભાવ એ [નિયત સંબંધના] નિશ્ચયને આધારે જ શકય બને છે; જેમ કે પ્રયત્યનસાધ્યતાનો અનિત્યત્વરૂપ સ્વભાવ નિશ્ચિત છે તેથી તે જ અનિત્યત્વ સાથે પ્રતિબદ્ધ છે. આમ ગમ્યગમકભાવ નિયત સ્વરૂપનો જ હોય છે, અનિયત સ્વરૂપનો હોતો નથી. (૨૧)

कस्मात्पुनः स्वभावप्रतिबन्धो लिङ्गस्येत्याह—

वस्तुतस्तादात्म्यात् तदुत्पत्तेश्च ॥ २२ ॥

[શંકા:] "લિંગનો [સાધ્ય સાથે] સ્વભાવપ્રતિબંધ શા કારણે હોય છે?" તે અંગે કહે છે:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વસ્તુતઃ તાદાત્મ્ય અને તેમાંથી ઉત્પત્તિને કારણે. (૨૨)

1. वस्तुत इत्यादि । स साध्योऽर्थः आत्मा स्वभावो यस्य तत् तदात्मा । तस्य भावः तादात्म्यम् । तस्माद्धेतोः । यतः साध्यस्वभावं साधनं, तस्मात् तत्र स्वभावप्रतिबन्ध इत्यर्थः ।

1. ['તાદાત્મ્ય' શબ્દ 'તદાત્મા' એ વિશેષણમાંથી બનેલો છે. 'તદાત્મા' એ 'તદ્' અને 'આત્મા' એ શબ્દો પરથી બનેલો બહુવ્રીહિ સમાસ છે. એટલે 'તદાત્મા' એ સમાસનો, પ્રસ્તુત સંદર્ભમાં, એકંદરે અર્થ આમ થશે :] 'તે' એટલે કે સાધ્ય અર્થ 'આત્મા' એટલે કે સ્વભાવ છે જેનો તે 'તદાત્મા' કહેવાય. [એટલે 'તદાત્મા' અહીં હેતુનું વિશેષણ થશે. તે પરથી] 'તાદાત્મ્ય' (=તદાત્માપણું એટલે કે સાધ્યસ્વભાવતા) તે ભાવવાચક નામ થયું. તો તે તાદાત્મ્યને લીધે [ હેતુનો સાધ્ય સાથે સ્વભાવપ્રતિબંધ હોય છે]. [ સરળ રીતે કહીએ તો] સાધન (=હેતુ) સાધ્યરૂપ સ્વભાવવાળું હોય છે, તેથી તેનો તેને વિષે સ્વભાવપ્રતિબંધ હોય છે : એવો અર્થ થયો.

2. यदि साध्यस्वभावं साधनं, साध्यसाधनयोरभेदात् प्रतिज्ञार्थैकदेशो हेतुः स्यादित्याह – वस्तुत इति । परमार्थसता रूपेणाभेदस्तयोः ।

2. [આમાંથી પ્રશ્ન થાય :] "જો સાધન તે સાધ્યરૂપ સ્વભાવવાળું હોય (અર્થાત્ જો સાધ્ય એ સાધનનો સ્વભાવ જ હોય) તો સાધ્ય અને સાધનનો અભેદ [માનવો પડશે, અને] તેથી સાધન પણ પ્રતિજ્ઞાના અર્થનો જ એક ભાગ થશે; [ને તો સાધન પણ અસિદ્ધ ઠરશે ] : આ પ્રશ્નનું સમાધાન કરવા 'વસ્તુતઃ' એ શબ્દ સૂત્રમાં વાપર્યો છે. [એથી 'વસ્તુતઃ તાદાત્મ્ય' એટલે] પારમાર્થિક રૂપે [સાધ્ય અને સાધન એ] બંનેનો અભેદ.

3. विकल्पविषयस्तु यत् समारोपितं रूपम् । तदपेक्षः साध्यसाधनभेदः । निश्चयापेक्ष एव हि गम्यगमकभावः । ततो निश्चयारूढरूपापेक्ष एव तयोर्भेदो युक्तः वास्तवस्त्वभेद इति ।

3. પરંતુ [અનુમાનરૂપ] વિકલ્પનો વિષય તો [વસ્તુનું પારમાર્થિક રૂપ નહિ પણ] વસ્તુ પર આરોપેલું રૂપ હોય છે. એ સમારોપણને કારણે સાધ્ય અને સાધન વચ્ચે ભેદ જોવાય છે. [અને એ વિકલ્પથી સિદ્ધ થતા સાધ્યસાધનભેદના] નિશ્ચયની અપેક્ષાએ [સાધ્ય અને સાધન વચ્ચે] ગમ્યગમકભાવ સંભવે છે. તેથી નિશ્ચય (=વિકલ્પ)માં આરૂઢ થયેલા આકારની અપેક્ષાએ જ સાધ્યસાધનનો ભેદ સ્વીકારવો યોગ્ય ગણાય, વાસ્તવમાં તો તેમનો અભેદ જ હોય છે.

4. न केवलात्तादात्म्यादपि तु ततः साध्यादर्थादुत्पत्तेः लिङ्गस्य - तदुत्पत्तेश्च साध्येऽर्थे स्वभावप्रतिबन्धो लिङ्गस्य ॥

4. પણ આમ માત્ર [સાધ્ય–સાધન વચ્ચેના] તાદાત્મ્યથી જ નહિ પણ હેતુની સાધ્યભૂત અર્થમાંથી [જ થતી] ઉત્પત્તિને કારણે પણ હેતુનો સાધ્ય સાથે સ્વભાવપ્રતિબંધ સંભવી શકે. (૨૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कस्मान्निमित्तद्वयात् स्वभावप्रतिबन्धो लिङ्गस्य, नान्यस्मादित्याह—

**अतत्स्वभावस्यातदुत्पत्तेश्च तत्राप्रतिबद्धस्वभावत्वात् ॥ २३ ॥**

[શંકા: "તાદાત્મ્ય અને તદુત્પત્તિ એ] બે નિમિત્તથી જ લિંગનો [સાધ્ય વિષે] સ્વભાવપ્રતિબંધ હોઈ શકે અને અન્ય નિમિત્તથી નહિ — એમ શા માટે?" આનો ઉત્તર આપે છે:

**કારણ કે જે [હેતુ] અતત્સ્વભાવ અને અતદુત્પત્તિ હોય તેનું તે (=સાધ્ય) પરત્વે પ્રતિબદ્ધસ્વભાવત્વ ન હોય. (૨૩)**

1. अतत्स्वभावस्येति । स स्वभावोऽस्य सोऽयं तत्स्वभावः । न तत्स्वभावः अतत्स्वभावः । तस्मादुत्पत्तिरस्य सोऽयं तदुत्पत्तिः । न तथा 'अतदुत्पत्तिः' । यो यत्स्वभावो यदुत्पत्तिश्च न भवति तस्य अतत्स्वभावस्यातदुत्पत्तेश्च । 'तत्र' अतत्स्वभावेऽनुत्पादके चाप्रतिबद्धः स्वभावोऽस्येति सोऽयमप्रतिबद्धस्वभावः । तस्य भावोऽप्रतिबद्धस्वभावत्वम् । तस्मात् 'अप्रतिबद्धस्वभावत्वात्'।

1. ['તત્સ્વભાવ' એ બહુવ્રીહિ સમાસ છે, એટલે] તે (=સાધ્ય) જેનો સ્વભાવ હોય તે [લિંગ તરીકે માનેલો] પદાર્થ 'તત્સ્વભાવ' કહેવાય; અને જે તેવો ન હોય તે 'અતત્સ્વભાવ' કહેવાય. [તેવી રીતે 'તદુત્પત્તિ' એ પણ અહીં બહુવ્રીહિ સમાસ છે; એટલે] તેમાંથી (=સાધ્યમાંથી) જેની ઉત્પત્તિ છે તે [લિંગ તરીકે વિવક્ષિત અર્થ] 'તદુત્પત્તિ' કહેવાય. તેવો ન હોય તે પદાર્થ 'અતદુત્પત્તિ' કહેવાય. આમ જે અર્થ સાધ્યરૂપ સ્વભાવવાળો ન હોય કે સાધ્યમાંથી ઉત્પન્ન ન થતો હોય તેની અહીં વાત કરી છે. સૂત્રમાં વાપરેલા 'તે પરત્વે' એ શબ્દો દ્વારા જે પદાર્થ લિંગભૂત પદાર્થનો સ્વભાવ નથી કે જે તેનું કારણ નથી તેવા પદાર્થનો ઉલ્લેખ થયો છે. આવા પદાર્થ સાથે હેતુ અપ્રતિબદ્ધ એવા સ્વભાવવાળો હશે. 'અપ્રતિબદ્ધસ્વભાવ' એ વિશેષણને 'ત્વ' પ્રત્યય લગાડી ભાવવાચક નામ બનાવ્યું છે. એટલે અર્થ થયો : 'અપ્રતિબદ્ધસ્વભાવત્વને કારણે'.

2. यद्यतत्स्वभावेऽनुत्पादके च कश्चित् प्रतिबद्धस्वभावो भवेत्, भवेदन्यतोऽपि निमित्तात् स्वभावप्रतिबन्धः । प्रतिबद्धस्वभावत्वं हि स्वभावप्रतिबन्धः । न चान्यः कश्चिदायत्तस्वभावः । तस्मात् तादात्म्यतदुत्पत्तिभ्यामेव स्वभावप्रतिबन्धः ॥

2. [તાત્પર્ય એ કે] કોઈ પદાર્થ પોતાના સ્વભાવભૂત નહિ એવા અથવા પોતાના ઉત્પાદક નહિ એવા અર્થ સાથે પ્રતિબદ્ધ સ્વભાવવાળો હોઈ શકે તો જ [તાદાત્મ્ય અને તદુત્પત્તિ સિવાયનાં] અન્ય નિમિત્તોથી [હેતુનો સાધ્ય સાથે] સ્વભાવપ્રતિબધ થઈ શકે; કારણ કે [અન્ય સાથે] પ્રતિબદ્ધ એવા સ્વભાવવાળા હોવું એટલે જ [અન્ય સાથે] સ્વભાવપ્રતિબંધ હોવો. અને [તાદાત્મ્ય કે તદુત્પત્તિ એ બેમાંથી એક સંબંધથી અન્ય સાથે જોડાયેલ] પદાર્થ સિવાય અન્ય કોઈ અર્થ [બીજા સાથે પ્રતિબદ્ધ સ્વભાવવાળો એટલે કે] પરાધીન સ્વભાવવાળો હોતો નથી. માટે તાદાત્મ્ય કે તદુત્પત્તિ એ બે નિમિત્તોથી જ સ્વભાવપ્રતિબંધ સંભવે. (૨૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवतु नाम तादात्म्यतदुत्पत्तिभ्यामेव स्वभावप्रतिबन्धः । कार्यस्वभावयोरेव तु गमकत्वं कथमित्याह—

**ते च तादात्म्यतदुत्पत्ती स्वभावकार्ययोरेवेति ताभ्यामेव वस्तुसिद्धिः ॥२४॥**

[શંકાકાર:] "તાદાત્મ્ય અને તદુત્પત્તિને લીધે જ [હેતુનો સાધ્ય વિષે] સ્વભાવ–પ્રતિબંધ હોય તે સ્વીકારીએ, પણ [સાધ્યના] કાર્ય અને સ્વભાવમાં જ ગમકપણું (=સાધ્યબોધ કરાવવાની શક્તિ) કેવી રીતે આવે છે?" આના અંગે કહે છે:

**તે તાદાત્મ્ય કે તદુત્પત્તિ એ સ્વભાવ કે કાર્ય[રૂપ હેતુ]માં જ સંભવી શકે છે, તથા તે બંનેથી જ વસ્તુસિદ્ધિ થઈ શકે છે. (૨૪)**

1. ते चेति । इतिस्तस्मादर्थे । यस्मात् स्वभावे कार्ये एव च तादात्म्यतदुत्पत्ती स्थिते, तन्निबन्धनश्च गम्यगमकभावः, तस्मात् ताभ्यामेव कार्यस्वभावाभ्यां 'वस्तुनः' विधेः सिद्धिः ॥

1. સ્વભાવ અને કાર્ય [રૂપ હેતુ] માં જ [અનુક્રમે સાધ્ય સાથેનું] તાદાત્મ્ય કે તદુત્પત્તિ (=સાધ્યમાંથી ઉત્પન્ન થવાપણું) રહેલાં હોય છે અને તે [તાદાત્મ્ય અને તદુત્પત્તિ]ને કારણે જ ગમ્યગમકભાવ હોય છે, આ કારણે તે બંનેથી જ, એટલે કે કાર્ય અને સ્વભાવ-[રૂપ હેતુ]થી જ વસ્તુની એટલે કે ભાવરૂપ પદાર્થની સિદ્ધિ થાય છે. (૨૪)

अथ प्रतिषेधसिद्धिरदृश्यानुपलम्भादपि कस्मान्नेष्टेत्याह—

**प्रतिषेधसिद्धिरपि यथोक्ताया एवानुपलब्धेः ॥२५॥**

હવે, "પ્રતિષેધ [રૂપ વિધેય]ની સિદ્ધિ અદૃશ્ય પદાર્થની અનુપલબ્ધિથી પણ થવી કેમ ઈષ્ટ નથી?" એ પ્રશ્નનો ઉત્તર આપે છે:

**પ્રતિષેધસિદ્ધિ પણ યથોક્ત [પ્રકારની] અનુપલબ્ધિથી જ થશે; (૨૫)**

1. प्रतिषेधव्यवहारस्य सिद्धिर्यथोक्ता या दृश्यानुपलब्धिस्तत एव भवति यतस्तमादन्यतो नोक्ता॥

1. પ્રતિષેધના વ્યવહારની સિદ્ધિ યથોક્ત એટલે કે દૃશ્યની અનુપલબ્ધિ વડે જ થાય છે, તેથી અન્ય કારણે (=અદૃશ્યની અનુપલબ્ધિથી) થઈ શકે તેમ કહ્યું નથી. (૨૫)

ततस्तावत् कस्मा द्भवतीत्याह—

**सति वस्तुनि तस्या असंभवात् ॥ २६ ॥**

"દૃશ્યાનુપલબ્ધિથી જ તે સિદ્ધિ કેમ થાય?" આના જવાબમાં કહે છે:

**કારણ કે વસ્તુ હોય તો તે સંભવી ન શકે. (૨૬)**

1. सति तस्मिन् प्रतिषेध्ये वस्तुनि, यस्माद् दृश्यानुपलब्धिः न संभवति, तस्माद् असंभवात् ततः प्रतिषेधसिद्धिः ॥

1. તે પ્રતિષેધ્ય વસ્તુ હોય તો, દૃશ્યાનુપલબ્ધિ સંભવી શકતી ન હોવાથી અર્થાત્ અશક્યતાને લીધે તે [દૃશ્યાનુપલબ્ધિ]થી પ્રતિષેધ(=અભાવવ્યવહાર) ની સિદ્ધિ થાય છે. (૨૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अथ तत एव कस्मादित्याह—

**अन्यथा चानुपलब्धिलक्षणप्राप्तेषु देशकालस्वभावविप्रकृष्टेष्वात्मप्रत्यक्षनिवृत्तेरभावनिश्चयाभावात् ॥२७॥**

"દૃશ્યની અનુપલબ્ધિથી જ પ્રતિષેધ સિદ્ધ કેમ થઈ શકે ?" આનો ઉત્તર આપે છે: **એથી ઊલટું, અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત અને દેશ, કાલ કે સ્વભાવને લીધે વ્યવહિત બનેલા પદાર્થો વિષે [કોઈ વ્યક્તિના] પોતાના પ્રત્યક્ષ જ્ઞાનની નિવૃત્તિને લીધે [તે વ્યક્તિને તે પદાર્થના] અભાવનો નિશ્ચય ન થતો હોવાથી [દૃશ્યાનુપલબ્ધિથી જ અભાવનિશ્ચય બંધાય છે]. (૨૭)**

1. अन्यथा चेति। सति वस्तुनि तस्या अदृश्यानुपलब्धेः संभवादित्यन्यथाशब्दार्थः। एतस्मात्कारणान्नान्यस्या अनुपलब्धेः प्रतिषेधसिद्धिः। कुत एतत् — सत्यपि वस्तुनि तस्याः संभव इत्याह — अनुपलब्धिलक्षणप्राप्तेष्वित्यादि।

1. 'એથી ઊલટું' એ શબ્દ દ્વારા [આગલા સૂત્રમાં આલેખેલી સ્થિતિથી વિપરીત સ્થિતિનો નિર્દેશ થાય છે; એટલે કે] વસ્તુ હોય તે છતાં અદૃશ્યાનુપલબ્ધિ સંભવે છે [એ દશાનો નિર્દેશ છે.] આ કારણે [દૃશ્યાનુપલબ્ધિ સિવાયની] અન્ય (=અદૃશ્યની) અનુપલબ્ધિથી પ્રતિષેધની સિદ્ધિ થતી નથી [એમ કહેવાનું છે]. વસ્તુ હોય છતાં અદૃશ્યાનુપલબ્ધિ સંભવી શકે એ કઈ રીતે ? — આ સમજાવવા 'અનુપબ્ધિલક્ષણપ્રાપ્ત અને......' ઇત્યાદિ શબ્દો વાપર્યા છે.

2. इह प्रत्ययान्तरसाकल्यात् स्वभावविशेषाच्चोपलब्धिलक्षणप्राप्तोऽर्थ उक्तः। द्वयोरेकैकस्याप्यभावेऽनुपलब्धिलक्षणप्राप्तोऽर्थ उच्यते। तदिहानुपलब्धिलक्षणप्राप्तेष्विति प्रत्ययान्तरवैकल्यवन्त उक्ताः। देशकालस्वभावविप्रकृष्टेष्विति स्वभावविशेषरहिता उक्ताः। देशश्च कालश्च स्वभावश्च तैर्विप्रकृष्टा इति विग्रहः। तेष्वभावनिश्चयस्याभावात्। सत्यपि वस्तुनि तस्या भाव इष्टः।

2. [મુદ્દો સમજવામાં સરળતા પડે એ માટે આગળ કહેલી વાતની યાદ આપીએ કે] અન્ય પ્રત્યયો(=કારણો)નું સાકલ્ય અને [જે તે પદાર્થનો] સ્વભાવવિશેષ – એ હોય તો તે પદાર્થ 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત' કહેવાય. આ બંને શરતમાંથી એકનો પણ અભાવ હોય તો પદાર્થ 'અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત' કહેવાશે. હવે, સૂત્રમાંના 'અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત' એ વિશેષણ દ્વારા [ઉપરની બે શરતોમાંથી પહેલી શરતનો ભંગ સૂચવ્યો છે; એટલે કે] જ્ઞાન માટેના અન્ય પ્રત્યયોના વૈકલ્યવાળા પદાર્થોનો નિર્દેશ છે. જ્યારે 'દેશ, કાલ અને સ્વભાવને લીધે વ્યવહિત બનેલા' એ શબ્દો દ્વારા [તે પૈકી બીજી શરતનો ભંગ નિર્દેશ્યો છે; એટલે કે] સ્વભાવવિશેષરહિત પદાર્થોનો ઉલ્લેખ છે. દેશ, કાળ અને સ્વભાવથી વ્યવહિત પદાર્થો વિદ્યમાન હોય તો પણ તેમના અભાવનો નિશ્ચય થઈ શકતો નથી; કારણ કે તેવી વસ્તુ વિદ્યમાન હોય તો પણ તેમની અનુપલબ્ધિ હોઈ શકે; [જ્યારે દૃશ્ય પદાર્થની અનુપલબ્ધિ છતાં તે પદાર્થ ન હોય એવું ન બની શકે.]

3. कस्मान्निश्चयाभाव इत्याह — तेषु प्रतिपत्तुः 'आत्मनः' यत् प्रत्यक्षं तस्य निवृत्तेः कारणात् निश्चयाभावः।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. [અદૃશ્ય પદાર્થોના અભાવનો] નિશ્ચય શામાંથી થઈ શકતો નથી તે સમજાવતાં કહે છે: તેવા પદાર્થોનું જ્ઞાતાને પોતાને [અને નહિ કે અન્ય જ્ઞાતાને] પ્રત્યક્ષ જ્ઞાન ન થતું હોવા [માત્ર]થી [તે પદાર્થના અભાવનો] નિશ્ચય થઈ શકતો નથી.

4. यस्मादनुपलब्धिलक्षणप्राप्तेष्वात्मप्रत्यक्षनिवृत्तेरभावनिश्चयाभावः,तस्मात् सत्यपि वस्तुन्यात्मप्रत्यक्षनिवृत्तिलक्षणाया अदृश्यानुपलब्धेः संभवः । ततो यथोक्ताया एव प्रतिषेधसिद्धिः ॥

4. [આમ એકંદરે અર્થ આવો થયો:] અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત પદાર્થોનું પ્રત્યક્ષજ્ઞાન જ્ઞાતાને પોતાને થતું ન હોવા[માત્ર]થી અભાવનિશ્ચય થતો નથી તેથી, તે અદૃશ્ય પદાર્થ વિદ્યમાન હોવા છતાં આત્મપ્રત્યક્ષનિવૃત્તિરૂપ અનુપલબ્ધિ સંભવી શકે છે. આથી માત્ર દૃશ્યાનુપલબ્ધિથી પ્રતિષેધવ્યવહારની સિદ્ધિ થઈ શકે [તેમ પચ્ચીસમા સૂત્રમાં કહેવામાં આવ્યું છે]. (૨૭)

अथेयं दृश्यानुपलब्धिः कस्मिन्काले प्रमाणं, किंस्वभावा, किंव्यापारा चेत्याह –

**अमूढस्मृतिसंस्कारस्यातीतस्य वर्तमानस्य च प्रतिपत्तृप्रत्यक्षस्य निवृत्तिरभावव्यवहारप्रवर्तनी ॥ २८ ॥**

હવે [પ્રશ્ન થાય કે] આ દૃશ્યાનુપલબ્ધિ કયા કાળ પરત્વે પ્રમાણ છે, કયા સ્વભાવવાળી છે અને કયો વ્યાપાર દાખવે છે. આના અનુસંધાનમાં કહે છે:

**જેનો સ્મૃતિસંસ્કાર અમૂઢ છે તેવા અતીતના અથવા વળી વર્તમાનના પ્રતિપત્તૃપ્રત્યક્ષની નિવૃત્તિ તે અભાવના વ્યવહારમાં પ્રવર્તાવનારી છે; (૨૮)**

1. अमूढेत्यादि । प्रतिपत्तुः प्रत्यक्षो घटादिरर्थः, तस्य निवृत्तिः अनुपलब्धिः, तदभावस्वभावेति यावत् ।

1. 'પ્રતિપત્તૃપ્રત્યક્ષ' એટલે પ્રતિપત્તા કિંવા જ્ઞાતાને પ્રત્યક્ષ એવો ઘટાદિ પદાર્થ. 'નિવૃત્તિ' નો [સીધો અર્થ 'અભાવ' થાય, પરંતુ આ સૂત્રમાં] 'અનુપલબ્ધિ' એવો અર્થ કરવો. [અહીં આમ 'અભાવ'ને બદલે 'અનુપલબ્ધિ' એવો લક્ષ્યાર્થ લઈ શકાય] તેનું કારણ એ કે [પ્રત્યક્ષ પદાર્થની અનુપલબ્ધિ] તે પદાર્થના અભાવરૂપી સ્વભાવવાળી હોય છે.

2. अत एवाभावो न साध्यः स्वभावानुपलब्धेः, सिद्धत्वात् ।

2. આનો અર્થ એ પણ થયો કે સ્વભાવની અનુપલબ્ધિરૂપી હેતુથી અભાવ સાધ્ય નથી હોતો, કારણ કે તેનો બોધ તો [હેતુના બોધમાં જ] સિદ્ધ હોય છે.

3. अविद्यमानोऽपि च घटादिरेकज्ञानसंसर्गिणि भूतले भासमाने समग्रसामग्रीको ज्ञायमानो दृश्यतया संभावितत्वात् प्रत्यक्ष उक्तः ।

3. [સહજ પ્રશ્ન થાય કે સૂત્રમાં 'પ્રતિપત્તૃપ્રત્યક્ષ' એ પદ દ્વારા ઘટાદિ પદાર્થને 'પ્રત્યક્ષ' કહેવાનું — તે પદાર્થની વાસ્તવમાં અનુપલબ્ધિનો સંદર્ભ જોતાં – કઈ રીતે યોગ્ય કહેવાય? આનો જવાબ:] એ વાત સાચી કે ઘટાદિ પદાર્થ પ્રસ્તુત સ્થળે અવિદ્યમાન છે, [ને એથી અપ્રત્યક્ષ છે.] પરંતુ, [ઘટાદિ પ્રત્યે] એકજ્ઞાનસંસર્ગી એવું ભૂતલ ભાસતાં ઘટાદિ પણ તેના જ્ઞાનની [બાકીની] બધી સામગ્રીથી સંયુક્ત જણાયો, ને તેથી તેને પ્રત્યક્ષજ્ઞાનયોગ્ય કલ્પવામાં આવ્યો; એથી જ એને 'પ્રત્યક્ષ' કહ્યો છે; [કશા આધાર વિના જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'પ્રત્યક્ષ' કહ્યા નથી. બીજા શબ્દોમાં 'પ્રત્યક્ષ' શબ્દનો અર્થ અહીં 'પ્રત્યક્ષયોગ્ય' એટલો જ અભિપ્રેત છે.]

4. अत एकज्ञानसंसर्गी दृश्यमानोऽर्थस्तज्ज्ञानं च प्रत्यक्षनिवृत्तिरुच्यते । ततो हि दृश्यमानादर्थात् तद्बुद्धेश्च समग्रदर्शनसामग्रीकत्वेन प्रत्यक्षतया संभावितस्य निवृत्तिरवसीयते । तस्मादर्थज्ञाने एव प्रत्यक्षस्य घटस्याभाव उच्यते । न तु निवृत्तिमात्रमिहाभावः निवृत्तिमात्रात् दृश्यनिवृत्त्यनिश्चयात् ।

## 'પ્રતિપત્તૃપ્રત્યક્ષની નિવૃત્તિ'માં ભાવાન્તરનો અનુભવ પણ અભિપ્રેત :

4. આથી [અગાઉ કહ્યું હતું તેમ] એકજ્ઞાનસંસર્ગી એવો [ભૂતલાદિ] પદાર્થ પોતે તેમ જ વળી તે પદાર્થનું જ્ઞાન — એ જ [ઘટાદિના] પ્રત્યક્ષની નિવૃત્તિરૂપ સમજવામાં આવે છે, (એટલે કે દશ્યાનુલબ્ધિના નિશ્ચયના પાયામાં તો ઉક્ત પ્રકારનો ભાવાત્મક અનુભવ જ રહેલો છે, દશ્યાનુપલબ્ધિ કેવળ અભાવાત્મક અનુભવ નથી ) [આટલી સ્પષ્ટતા કરવાનું કારણ એ કે] તે દશ્યમાન [ભૂતલાદિ] પદાર્થ તેમ જ તે પદાર્થના જ્ઞાનને લઈને જ, [અનુપલબ્ધ રહેલો ઘટાદિ પદાર્થ] દર્શનની [પોતા સિવાયની અન્ય] સામગ્રીની સમગ્રતાવાળો હોવાનું કળાય છે અને તેથી તેને પ્રત્યક્ષયોગ્ય કલ્પીને પછી તેના પ્રત્યક્ષની નિવૃત્તિનો નિર્ણય બંધાય છે. આ રીતે [ભૂતલાદિ અનુભવગમ્ય] પદાર્થ અને તેનું જ્ઞાન એ બેને જ પ્રત્યક્ષ ઘટના અભાવરૂપ કહેવામાં આવે છે. [કારણ પર કાર્યનો આરોપ કરતી લક્ષણા દ્વારા આમ કહેવામાં આવ્યું છે.] ટૂંકમાં, અહીં જે તે પદાર્થની માત્ર નિવૃત્તિ (=અનુપલબ્ધિ) ને અભાવરૂપ ગણી નથી, કારણ કે માત્ર નિવૃત્તિ દ્વારા દશ્ય પદાર્થના અભાવનો નિશ્ચય થઈ શકતો નથી. [આમ 'પ્રતિપત્તૃપ્રત્યક્ષની નિવૃત્તિ' દ્વારા માત્ર અભાવનુભવ જ અભિપ્રેત નથી તે ધ્યાનમાં લેવું.]

5. "ननु च दृश्यनिवृत्तिरवसीयते दृश्यानुपलम्भात् ।" सत्यमेवैतत् । केवलमेकज्ञानसंसर्गिणि दृश्यमाने 'घटो यदि भवेद् दृश्य एव भवेत्' इति दृश्यः संभावितः । ततो दृश्यानुपलब्धिर्निश्चिता । दृश्यानुपलब्धिनिश्चयसामर्थ्यादेव च दृश्याभावो निश्चितः । यदि हि दृश्यस्तत्र भवेद् दृश्यानुपलम्भो न भवेत् । अतो दृश्यानुपलम्भनिश्चयाद् दृश्याभावः सामर्थ्यादवसितो न तु व्यवहृत इति दृश्यानुपलम्भेन व्यवहर्तव्यः ।

5. [કોઈ શંકાકાર વાંધો લે છે :] "પણ દશ્યાભાવ તો દૃશ્ય પદાર્થની ઉપલબ્ધિના અભાવથી નિર્ણીત થાય છે, [કશાની ઉપલબ્ધિથી નહિ] એનું શું ?" [આનો જવાબ દઈએ:] તમારી વાત સાચી છે. પરંતુ [વાસ્તવમાં જોઈએ તો] એકજ્ઞાનસંસર્ગી ભૂતલાદિ પદાર્થ દેખાય છે ત્યારે [જ] 'ઘડો જો [અહીં] હોય તો દશ્ય જ હોય' એમ કરીને દશ્ય કલ્પવાનું શક્ય બને છે, ને એથી જ તે અનુપલબ્ધિ એ દૃશ્ય પદાર્થની છે એમ નિશ્ચય થાય છે, અને દૃશ્યાનુપલબ્ધિના નિશ્ચયના બળે જ [અને નહિ કે માત્ર અનુપલબ્ધિનિશ્ચયને બળે] દશ્ય પદાર્થના અભાવનો નિશ્ચય થાય છે. [આમ દૃશ્યાનુપલબ્ધિથી દૃશ્યનો અભાવ અવશ્ય ફલિત એટલા માટે થાય કે] જો દશ્ય પદાર્થ ત્યાં ખરેખર હોય જ તો દશ્યની અનુપલબ્ધિ જ સંભવે નહિ, [પરંતુ દશ્યની અનુપલબ્ધિ એ હકીકતરૂપ હોઈ દૃશ્યનો અભાવ પણ સ્વીકારવો જ પડે.] આમ, દૃશ્યની અનુપલબ્ધિ [રૂપ પ્રત્યક્ષ]-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ના નિશ્ચયના સામર્થ્યથી જ દૃશ્યાભાવ કળાય છે; [પણ અનુમાનનો વ્યાપાર બાકી રહે છે; કારણ કે દૃશ્યનો અભાવ અનુપલબ્ધિથી અનુભવાયા છતાં દૃશ્યાભાવ મુજબ] વ્યવહાર કરવાની સ્થિતિ [તે અનુપલબ્ધિરૂપ પ્રત્યક્ષથી સાક્ષાત્] સધાતી નથી, તે તો અનુપલબ્ધિ દૃશ્યની છે, એ પ્રકારના હેતુ [વાળા અનુમાન]થી સિદ્ધ થાય છે.

6. तस्मादर्थान्तरं एकज्ञानसंसर्गि दृश्यमानं तज्ज्ञानं च प्रत्यक्षनिवृत्तिनिश्चयहेतुत्वात् प्रत्यक्षनिवृत्तिरुक्तं द्रष्टव्यम् ।

6. આ પ્રકારે એકજ્ઞાનસંસર્ગી એવા દૃશ્યમાન [ભૂતલાદિ] અન્ય પદાર્થને તેમ જ તેના જ્ઞાનને - તે પ્રત્યક્ષ [ઘટાદિ]ની નિવૃત્તિ(=અભાવ)ના નિશ્ચયનો હેતુ હોવાથી — 'પ્રત્યક્ષનિવૃત્તિ' રૂપ કહેલાં છે તે સમજાશે.

7. यथा चैकज्ञानसंसर्गिणि प्रत्यक्षे घटस्य प्रत्यक्षत्वमारोपितमसतोऽपि, तथा तस्मिन्नेकज्ञानसंसर्गिण्यतीते चामूढस्मृतिसंस्कारे वर्तमाने च घटस्य तत्तद्रूपमारोपितमसतः इति द्रष्टव्यम् ।

7. જે રીતે એકજ્ઞાનસંસર્ગી એવો અન્ય પદાર્થ પ્રત્યક્ષ થતાં, અવિદ્યમાન (=અપ્રત્યક્ષ) એવા ઘટાદિમાં પ્રત્યક્ષત્વ આરોપી શકાય છે [એ વાત સામાન્યરૂપે સ્વીકારી] તે રીતે [કાળવિશેષના સંદર્ભમાં કહીએ તો:] જેનો સ્મૃતિરૂપ સંસ્કાર અમૂઢ (=અવિકૃત) રહ્યો છે તેવો એકજ્ઞાનસંસર્ગી અન્ય પદાર્થ ભૂતકાળમાં [પ્રત્યક્ષ થયેલો] હોય અથવા તો [એકજ્ઞાનસંસર્ગી અન્ય પદાર્થ] વર્તમાનકાળમાં [પ્રત્યક્ષ થતો] હોય ત્યારે [ત્યાં ત્યાં] અસત્ એવા ઘટાદિને વિષે તે તે [અતીતત્વાદિ] સ્વરૂપ આરોપાય છે.

8. अनेन च दृश्यानुपलब्धिः प्रत्यक्षघटनिवृत्तिस्वभावोक्ता । सा च सिद्धा । तेन न घटाभावः साध्यः, अपि त्वभावव्यवहार इत्युक्तम् ।

8. આ સૂત્રમાં ['પ્રતિપત્તૃપ્રત્યક્ષની નિવૃત્તિ'] એ શબ્દો દ્વારા દૃશ્યાનુપલબ્ધિ તે પ્રત્યક્ષ એવા ઘટના અભાવરૂપ હોવાનું નિર્દેશ્યું છે, અને [તેથી] તે તો સિદ્ધ જ છે. તેથી આ દૃશ્યાનુપલબ્ધિરૂપ લિંગથી ઘટાભાવ સાધ્ય નથી પણ [ઘટાદિના] અભાવનો વ્યવહાર એ સાધ્ય છે એમ [સૂત્રમાં] કહેવાયું છે.

9. अमूढोऽभ्रष्टो दर्शनाहितः स्मृतिजननरूपः संस्कारो यस्मिन् घटादौ स तथोक्तः । तस्यातीतस्य प्रतिपत्तृप्रत्यक्षस्येति सम्बन्धः । वर्तमानस्य च प्रतिपत्तृप्रत्यक्षस्येति सम्बन्धः । अमूढस्मृतिसंस्कारग्रहणं तु न वर्तमानविशेषणम् । यस्मादतीते घटविविक्तप्रदेशदर्शने स्मृतिसंस्कारो मूढो दृश्यघटानुपलम्भे दृश्ये च घटे मूढो भवति । वर्तमाने तु घटरहितप्रदेशदर्शने न स्मृतिसंस्कारमोहः । अत एव न घटाभावे नापि घटानुपलम्भे मोहः । तस्मान्न वर्तमाननिषेध्यविशेषणममूढस्मृतिसंस्कारग्रहणम, स्मृतिसंस्कारव्यभिचाराभावात् वर्तमानस्यार्थस्य । अत एव 'वर्तमानस्य च' इति चशब्दः कृतः, विशेषणरहितस्य वर्तमानस्य विशेषणवतातीतेन समुच्चयो यथा विज्ञायेतेति ।

9. [સૂત્રમાંના] 'અમૂઢ' શબ્દનો અર્થ થાય અભ્રષ્ટ સ્મૃતિસંસ્કાર એટલે સ્મૃતિને જન્મ આપનાર સંસ્કાર. એ સંસ્કાર ઘટાદિના દર્શન (=પ્રત્યક્ષજ્ઞાન) થી [ચિત્તમાં] આરોપાય છે 'જેનો સ્મૃતિસંસ્કાર અમૂઢ છે' તે વિશેષણ અતીત ઘટાદિને લાગુ પડે છે અતીત અને વર્તમાન એમ ઉભય કાળના પતિપત્તૃપ્રત્યક્ષની સૂત્રમાં વાત થઈ છે. પરંતુ 'જેનો સ્મૃતિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસ્કાર અમૂઢ છે' એ વિશેષણ વર્તમાનકાળના પ્રતિપત્તૃત્યક્ષ ઘટાદિને લાગુ પાડવાનું નથી; કારણ કે ભૂતકાળમાં ઘટરહિત ભૂતલમાત્રનું દર્શન થયું હોય તો તે સંદર્ભમાં દશ્યઘટાનુપલબ્ધિ વિષે કે દશ્ય ઘડા વિષે સ્મૃતિસંસ્કાર ભ્રષ્ટ થઈ શકે; જ્યારે વર્તમાનકાળમાં ઘટરહિત પ્રદેશનું દર્શન થતું હોય ત્યારે સ્મૃતિસંસ્કાર અંગેનો મોહ ઊભો થતો નથી, ને તેથી અહીં ઘટાભાવ કે ઘટાનુપલબ્ધિ બાબત પણ મોહ ન સંભવે. આથી 'જેનો સ્મૃતિસંસ્કાર અમૂઢ છે' એને વર્તમાનના નિષેધ્ય પદાર્થનું વિશેષણ નથી સમજવાનું; કારણ કે વર્તમાનના પદાર્થ અંગે સ્મૃતિસંસ્કારનું સ્ખલન થવાપણું હોતું નથી. આથી જ 'અથવા વળી વર્તમાનન' એ સૂત્રભાગમાં 'વળી' શબ્દ મૂક્યો છે, જેથી વિશેષણરહિત વર્તમાનના અને વિશેષણવાળા ભૂતકાલીન પદાર્થના સમુચ્ચયનો બોધ થાય.

10. तदयमर्थः — अतीतोऽनुपलम्भः स्फुटः स्मर्यमाणः प्रमाणं वर्तमानश्च । ततो 'नासीदिह घटोऽनुपलब्धत्वात्', 'नास्त्यनुपलभ्यमानत्वात्' इति शक्यं ज्ञातुम् । न तु 'न भविष्यत्यत्र घटोऽनुपलप्स्यमानत्वात्' इति शक्यं ज्ञातुम्, अनागताया अनुपलब्धेः सत्त्वसन्देहादिति कालविशेषोऽनुपलब्धेर्व्याख्यातः ।

10. તેથી અર્થ આમ થશે : સ્ફુટ રીતે સ્મરણમાં આવતી ભૂતકાલીન અનુપલબ્ધિ તેમ જ વર્તમાનની અનુપલબ્ધિ તે પ્રમાણરૂપ હોય છે. આ ઉપરથી 'અહીં ઘડો નહોતો, કારણ કે તે ઉપલબ્ધ થયેલો નહિ' એમ અથવા 'અહીં ઘડો નથી, કારણ કે તે ઉપલબ્ધ થતો નથી' એવું કથન પ્રમાણરૂપ બની શકે છે; જ્યારે 'અહીં ઘડો હશે નહિ, કારણ કે તે ઉપલબ્ધ થવાનો નથી' એ રીતે જાણવું શક્ય નથી, કારણ કે ભવિષ્યની અનુપલબ્ધિના અસ્તિત્વ બાબત સંદેહ રહે છે. આ ધ્યાનમાં રાખીને અનુપલબ્ધિના [બે] નિયત કાળનો સૂત્રમાં ઉલ્લેખ કર્યો છે.

11. व्यापारं दर्शयति । अभावस्य व्यवहारः 'नास्ति' इत्येवमाकारं ज्ञानं, 'शब्दश्चैवमाकारः, निःशङ्कं गमनागमनलक्षणा च प्रवृत्तिः कायिकोऽभावव्यवहारः । घटाभावे हि ज्ञाते निःशङ्कं गन्तुमागन्तुं च प्रवर्तते । तदेतस्य त्रिविधस्याप्यभावव्यवहारस्य दृश्यानुपलब्धिः प्रवर्तनो साधनी प्रवर्तिका ।

**અભાવવ્યવહારનું સ્વરૂપ :**

11 ['અભાવના વ્યવહારમાં પ્રવર્તાવનારી છે, એ ઉત્તરાર્ધ દ્વારા સૂત્રકાર] અનુપલબ્ધિનો વ્યાપાર (= કાર્ય) દર્શાવે છે. અભાવનો વ્યવહાર [ત્રિવિધ સંભવે:] 'ઘડો નથી' એવા આકારના [નશ્ચિત] જ્ઞાનરૂપ [માનસિક વ્યવહાર], એવા જ આકારનું વાક્ય બોલવારૂપ [વાચિક વ્યવહાર] અને [ઘડા વગરના ભૂતલ ઉપર] નિઃશંક રીતે અવરજવર કરવારૂપ કાયિક અભાવવ્યવહાર. અમુક સ્થળે ઘટાભાવ જાણી લેવાથી વ્યક્તિ તે સ્થળે નિઃશંકપણે અવરજવર કરે છે એ વાત આપણે જાણીએ છીએ. તો દશ્યાનુપલબ્ધિ આ ત્રણે પ્રકારનો અભાવવ્યવહાર પ્રવર્તાવે છે, સાધે છે.

12. यद्यपि च 'नास्ति घटः' इति ज्ञानमनुपलब्धेरेव भवति, अयमेव चाभावनिश्चयः, तथापि यस्मात् प्रत्यक्षेण केवलः प्रदेश उपलब्धः, तस्मात् 'इह घटो नास्ति' इत्येवं च प्रत्यक्षव्यापारमनुसरत्यभावनिश्चयः, तस्मात् प्रत्यक्षस्य केवलप्रदेशग्रहणव्यापारानुसार्यभावनिश्चयः प्रत्यक्षकृतः।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અભાવજ્ઞાન પ્રત્યક્ષસિદ્ધ ને અભાવવ્યવહાર્યતા અનુમાનસિદ્ધ :

12. [કોઈ શંકાકારનો પ્રશ્ન છે: "અનુપલબ્ધિથી જે ત્રિવિધ અભાવવ્યવહાર ફલિત થાય છે તે અનુમાનસિદ્ધ છે તેમ કહ્યું તેમાં અભાવજ્ઞાનરૂપ માનસિક વ્યવહાર પણ સમાવ્યો હોઈ ઘટાભાવનિશ્ચય પણ અનુમાનપ્રમાણથી જ નિષ્પન્ન માનવો જોઈએ, અગાઉ કહ્યા મુજબ પ્રત્યક્ષસિદ્ધ નહિ." શંકાકારની આ શંકાના ઉત્તરમાં કહે છેઃ ] એ વાત સાચી કે [અન્ય બે અભાવવ્યવહારની જેમ] 'ઘડો નથી' એવું જ્ઞાન (=માનસિક વ્યવહાર) પણ અનુપલબ્ધિથી ફલિત થાય છે અને એ પણ સાચું કે એ જ્ઞાન જ અભાવનિશ્ચયરૂપ છે; પરંતુ [તેટલામાત્રથી એ અભાવનિશ્ચયરૂપ જ્ઞાન અનુમાનકૃત છે અને નહિ કે પ્રત્યક્ષકૃત – તેવું મંતવ્ય બરાબર નથી, ] કારણ કે કેવલ ભૂતલનું (અર્થાત્ ઘટરહિત ભૂતલનું) ગ્રહણ થવારૂપ [નિર્વિકલ્પ] પ્રત્યક્ષના વ્યાપારની પાછળ પાછળ 'અહીં ઘડો નથી' એવો [સવિકલ્પ પ્રત્યક્ષરૂપ] અભાવનિશ્ચય બંધાતો હોઈ તે અભાવનિશ્ચય પણ પ્રત્યક્ષ જ્ઞાનને આભારી છે [અને નહિ કે કેવળ અનુમાનને].

13. किञ्च दृश्यानुपलम्भनिश्चयकरणसामर्थ्यादेव पूर्वोक्तया नीत्या प्रत्यक्षेणैवाभावो निश्चितः । केवलमदृष्टानामपि सत्त्वसंभवात्, सत्त्वशङ्कया न शक्नोत्यसत्त्वं व्यवहर्तुम् । अतोऽनुपलम्भोऽभावं व्यवहारयति – 'दृश्यो यतोऽनुपलब्धः, तस्मात् नास्ति' इति । अतो दृश्यानुपलम्भोऽभावज्ञानं कृतं प्रवर्तयति, न त्वकृतं करोतीत्यभावनिश्चयोऽनुपलम्भात्प्रवृत्तोऽपि प्रत्यक्षेण कृतोऽनुपलम्भेन प्रवर्तित उक्त इत्यभावव्यवहारप्रवर्तन्यनुपलब्धिः ॥

13. વળી પ્રત્યક્ષ જ્ઞાનની અંદર દૃશ્ય [એવા ઘટાદિ]ની અનુપલબ્ધિનો નિશ્ચય ઉત્પન્ન કરવાનું સામર્થ્ય હોવાને કારણે પણ, ['પ્રત્યક્ષના સાક્ષાત્કારિત્વ વ્યાપાર પાછળ ઉદ્ભવતો વિકલ્પ તે પ્રત્યક્ષકૃત છે' એવા] પૂર્વોક્ત તર્કથી પ્રત્યક્ષજ્ઞાન જ અભાવનિશ્ચય (= વિકલ્પ) કરાવે છે એમ માનવું પડશે. પરંતુ [આમ પ્રત્યક્ષથી અભાવવિકલ્પ થયાં છતાં પ્રત્યક્ષ પોતે અભાવવ્યવહાર કરાવવા સમર્થ નહિ થાય; કારણ કે ભૂતલાદિમાં] ન દેખાનારા પદાર્થો હોવાની શકયતા પણ રહે છે તે કારણે [ પ્રત્યક્ષજ્ઞાનથી ઘટાદિના અભાવની પ્રતીતિની ક્ષણે ઘટાદિના દૃશ્યત્વ કે અદૃશ્યત્વનો વિમર્શ ન થયો હોવાથી, ઘટાદિના] અસ્તિત્વની શંકા રહે છે. અને તેથી (=ઘટાદિ નથી જ એમ નિશ્ચય બંધાયો ન હોવાથી) એ અભાવનો (=અભાવમાંથી ફલિત થનારો) વ્યવહાર નહિ સંભવે. [આ રીતે પ્રત્યક્ષજ્ઞાને અભાવવ્યવહાર માટેની સંપૂર્ણ પ્રતીતિ જન્માવી હોતી નથી,] આથી અનુપલબ્ધિ [રૂપ લિંગમાંથી પ્રભવતું અનુમાનજ્ઞાન] આ રીતે અભાવવ્યવહાર કરાવશે : 'દૃશ્ય હોવા છતાં અનુપલબ્ધ છે, માટે [અહીં] નથી.' આ રીતે દૃશ્યાનુપલબ્ધિ [રૂપી લિંગ] [અગાઉ પ્રત્યક્ષથી] થયેલા અભાવજ્ઞાનને પ્રવર્તક બનાવે છે અને નહિ કે જે જ્ઞાન નહોતું તેને જન્માવે છે. એટલે અભાવનિશ્ચય એ અનુપલબ્ધિ [કૃત અનુમાન] થી પ્રવૃત્ત થાય છે એ ખરું પણ [મૂળ તો] અભાવનિશ્ચય પ્રત્યક્ષથી ઉત્પન્ન થયેલો હોઈ અનુપલબ્ધિથી પ્રવર્તિત થાય છે. આમ અનુપલબ્ધિ એ અભાવવ્યવહારમાં પ્રવર્તાવનારી છે. (૨૮)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कस्मात्पुनरतीते वर्तमाने चानुपलब्धिर्गमिकेत्याह—

तस्या एवाभावनिश्चयात् ॥२९॥

"ભૂતકાળ કે વર્તમાનની અનુપલબ્ધિ જ અભાવનો બોધ કરાવી શકે છે એમ કેમ ?" આનો ઉત્તર આપે છે :

**કારણ કે તેમાંથી જ અભાવનિશ્ચય થતો હોય છે. (૨૯)**

1. तस्या एव यथोक्तकालाया अनुपलब्धेरभावनिश्चयात् । अनागता ह्यनुपलब्धिः स्वयमेव संदिग्धस्वभावा । तस्या असिद्धाया नाभावनिश्चयोऽपि त्वतीतवर्तमानाया इति ॥

1. 'તેમાંથી જ' એટલે આગલા સૂત્રમાં કહેલા [બે] કાળની અનુપલબ્ધિમાંથી જ અભાવનિશ્ચય થતો હોય છે. ભવિષ્યકાળની અનુપલબ્ધિ તો પોતે જ સંદિગ્ધ સ્વભાવ-વાળા હોય છે. એટલે તે પોતે જ અસિદ્ધ હોવાથી તેમાંથી અભાવનિશ્ચય થઈ શકતો નથી. માત્ર અતીત અને વર્તમાનની અનુપલબ્ધિથી જ તે થઈ શકે છે. (૨૯)

संप्रत्यनुपलब्धेः प्रकारभेदं दर्शयितुमाह –

सा च प्रयोगभेदादेकादशप्रकारा ॥३०॥

હવે અનુપલબ્ધિના પ્રકારો બતાવતાં કહે છે :

**અને તે, પ્રયોગની ભિન્નતા મુજબ, અગિયાર પ્રકારની છે. (૩૦)**

1. सा चैषाऽनुपलब्धिरेकादशप्रकारा । एकादश प्रकारा अस्या इत्येकादशप्रकारा ।

1. 'તે' એટલે [જેની વાત કરીએ છીએ તે] આ જે [દૃશ્ય–]અનુપલબ્ધિ, તેના અગિયાર પ્રકાર છે.

2. कुतः प्रकारभेदः ? प्रयोगभेदात् । प्रयोगः प्रयुक्तिः शब्दस्याभिधाव्यापार उच्यते । शब्दो हि साक्षात्क्वचिदर्थान्तराभिधायी क्वचित्प्रतिषेधान्तराभिधायी ।

2. આ પ્રકારો શેને લીધે પડે છે ? પ્રયોગની ભિન્નતા મુજબ. અહીં 'પ્રયોગ' એટલે કથનપ્રકાર અથવા તો શબ્દનો અભિધાવ્યાપારવિશેષ; જેમ કે [અનુપલબ્ધિરૂપ હેતુ કહેવા માટે વાપરેલો] શબ્દ ક્યારેક [સીધું અનુપલબ્ધિકથન કરવાને બદલે] કોઈ બીજા જ પદાર્થના ભાવનું કથન કરતો હોય તો ક્યારેક વળી [જેનો નિષેધ કરવાનો હોય તેનાથી] જુદા જ પદાર્થના નિષેધનું કથન કરતો હોય છે.

3. सर्वत्रैव तु दृश्यानुपलब्धिरशब्दोपात्तापि गम्यत इति वाचकव्यापारभेदादनुपलम्भप्रकार-भेदो न तु स्वरूपभेदादिति यावत् ॥

3. પણ એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે આ સર્વ પ્રયોગમાં સૂત્રકારે શબ્દશઃ ન કહ્યું હોય તો પણ [લિંગરૂપે] દૃશ્યાનુપલબ્ધિ જ હોય છે. આથી આ અનુપલબ્ધિના પ્રકારો અભિધાવ્યાપાર(એટલે કે કથનની પદ્ધતિ)ની ભિન્નતાથી જ પાડવામાં આવ્યા છે અને નહિ કે [અનુપલબ્ધિના] પોતાના સ્વરૂપની ભિન્નતાને કારણે. (૩૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रकारभेदानाह –

स्वभावानुपलब्धिर्यथा – नात्र धूम उपलब्धिलक्षणप्राप्तस्यानुपलब्धेरिति ॥३१॥

એ પ્રકારોને [હવે પછીનાં સૂત્રોમાં] કહે છે :

**સ્વભાવાનુપલબ્ધિ [તે પ્રથમ પ્રકાર]; જેમ કે: અહીં ધુમાડો નથી, કારણ કે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત એવા તેની અનુપલબ્ધિ છે. (૩૧)**

1. स्वभावेत्यादि । प्रतिषेध्यस्य यः स्वभावस्तस्यानुपलब्धिर्यथेति । अत्रेति धर्मी । न धूम इति साध्यम् । उपलब्धिलक्षणप्राप्तस्यानुपलब्धेरिति हेतुः । अयं च हेतुः पूर्वत्रद्व्याख्येयः ॥

1. જેનો પ્રતિષેધ કરવાનો છે તેના 'સ્વભાવ' ની (અર્થાત્ તેના અસ્તિત્વની) અનુપલબ્ધિ એટલે સ્વભાવાનુપલબ્ધિ. ઉદાહરણમાં 'અહીં' શબ્દ દ્વારા ધર્મીનો ઉલ્લેખ થયેલો છે. 'ધુમાડો નથી' એ સાધ્ય છે. 'ઉપલબ્ધિના લક્ષણવાળા એવા તેની અનુપલબ્ધિ હોવાથી' તે હેતુ છે. આ હેતુની સમજૂતી અગાઉ મુજબ છે. (૩૧)

प्रतिषेध्यस्य यत्कार्यं तस्यानुपलब्धिरुदाह्रियते –

कार्यानुपलब्धिर्यथा – नेहाप्रतिबद्धसामर्थ्यानि धूमकारणानि सन्ति धूमाभावादिति ॥३२॥

**હવે** પ્રતિષેધ્ય (=જેનો અભાવ સિદ્ધ કરવાનો છે તે પદાર્થ) નું જે કાર્ય હોય તેની અનુપલબ્ધિનું ઉદાહરણ આપે છે :

**કાર્યાનુપલબ્ધિ [તે બીજો પ્રકાર]; જેમ કે : જેનું સામર્થ્ય પ્રતિબદ્ધ ન હોય તેવાં ધૂમકારણો અહીં નથી; કારણ કે ધુમાડો નથી. (૩૨)**

1. यथेति । 'इह' इति धर्मी । अप्रतिबद्धम् अनुपहतं धूमजननं प्रति सामर्थ्यं येषां तान्यप्रतिबद्धसामर्थ्यानि न सन्ति इति साध्यम् । 'धूमाभावात्' इति हेतुः ।

1. અનુમાનવાક્યમાં 'અહીં' એ શબ્દથી ધર્મીનો ઉલ્લેખ થયો છે. ધુમાડો પેદા કરવા માટેનું જેમનું સામર્થ્ય પ્રતિબદ્ધ ન હોય તેવાં કારણો ન હોવાં – એ સાધ્ય છે. ધૂમાભાવ તે હેતુ છે.

2. कारणानि च नावश्यं कार्यवन्ति भवन्तीति कार्यादर्शनादप्रतिबद्धसामर्थ्यानामेवाभावः साध्यः, न त्वन्येषाम् । अप्रतिबद्धशक्तीनि चान्त्यक्षणभावीन्येव, अन्येषां प्रतिबन्धसंभवात् ।

2. હવે, કારણો હંમેશાં કાર્ય ઉત્પન્ન કરતાં ન હોવાથી, કાર્યની અનુપલબ્ધિ [રૂપ હેતુ] થી, જેમનું સામર્થ્ય રૂંધાયું ન હોય તેવાં કારણોનો અભાવ જ સિદ્ધ કરવાનું શક્ય છે, અન્ય કારણોનો નહિ. વળી [જેનો અભાવ અત્રે સાધ્યરૂપ છે] એ અપ્રતિબદ્ધશક્તિવાળાં કારણો પણ અંત્ય ક્ષણનાં જ (એટલે કે જે ક્ષણ પછીની ક્ષણે જ કાર્ય ઉત્પન્ન થાય છે તે ક્ષણનાં જ) સમજવાનાં છે, કારણ કે અન્ય (એટલે કે અગાઉની ક્ષણોનાં) કારણો તો પ્રતિબદ્ધશક્તિવાળાં જ સંભવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. कार्यानुपलब्धिश्च यत्र कारणमदृश्यं तत्र प्रयुज्यते । दृश्ये तु कारणे दृश्यानुपलब्धिरेव गमिका ।

3. વળી જ્યાં કારણ પ્રત્યક્ષ ન થઈ શકતું હોય ત્યાં જ કાર્યાનુપલબ્ધિરૂપ હેતુનો આશ્રય લેવાપણું હોય છે; જ્યાં કારણ પણ પ્રત્યક્ષ થઈ શકતું હોય ત્યાં તો દૃશ્યાનુપલબ્ધિ [એ પ્રથમ પ્રયોગ] જ સાધ્યસિદ્ધિ કરી આપે છે.

4. तत्र धवलगृहोपरिस्थितो गृहाङ्गणमपश्यन्नपि चतुर्षु पार्श्वेष्वङ्गणभित्तिपर्यन्तं पश्यति । भित्तिपर्यन्तसमं चालोकसंज्ञकमाकाशदेशं धूमविविक्तं पश्यति । तत्र धूमाभावनिश्चयात् । यद्देशस्थेन वह्निना जन्यमानो धूमस्तद्देशः स्यात् । तस्य च वह्नेरप्रतिबद्धसामर्थ्यस्याभावः प्रतिपत्तव्यः । तद्गृहाङ्गणदेशेन च वह्निना जन्यमानो धूमस्तद्देशः स्यात् तस्मात्तद्देशस्य वह्नेरभावः प्रतिपत्तव्यः ।

4. [સૂત્રમાં આપેલા ઉદાહરણના પ્રયોગનો વ્યાવહારિક સંદર્ભ તપાસીએ:] એ પ્રયોગના પ્રસંગે કોઈ પુરુષ ધવલગૃહને મથાળે ઊભો હોય છે; તે ઘરનું આંગણું જોતો નથી, પરંતુ આંગણાની ચારે દીવાલોની ટોચનો ભાગ જોઈ શકે છે. વળી તેને ચારે ભીંતની ટોચથી ઘેરાયેલું આકાશ – જેને 'આલોક' એવી સંજ્ઞાથી પણ [સાત્રાન્તિકો દ્વારા] ઓળખવામાં આવે છે તે – પણ ધુમાડા વગરનું દેખાય છે; કારણ કે ત્યાં [પ્રત્યક્ષજ્ઞાનથી] ધૂમાભાવનો નિશ્ચય થઈ શકે છે. હવે જે પ્રદેશમાં અગ્નિ રહેલો હોય તે જ પ્રદેશમાં તે અગ્નિથી જન્મતો ધુમાડો હોઈ શકે. અને તેથી તે [પ્રદેશના જ] અપ્રતિબદ્ધ સામર્થ્યવાળા અગ્નિનો અભાવ તે સાધ્ય હોઈ શકે. [તે રીતે ઉક્ત ઉદાહરણમાં] તે ઘરના આંગણામાંના અગ્નિથી જન્મનારો ધુમાડો પણ તે જ સ્થળે હોઈ શકે એટલા માટે તે સ્થળના [જ] અગ્નિનો અભાવ સાધ્ય છે.

5. तद्गृहाङ्गणदेशं भित्तिपरिक्षिप्तं भित्तिपर्यन्तपरिक्षिप्तेन चालोकात्मना धूमविविक्तेनाकाशदेशेन सह धर्मिणं करोति ।

5. [આ પ્રયોગમાં ધર્મી કિંવા પક્ષ કોને ગણવો તેને અંગે થોડી સ્પષ્ટતા કરીએ :] અહીં ચાર દીવાલની ટોચથી ઘેરાયેલા આલોકાત્મક, ધૂમરહિત આકાશ સાથે [સંયુક્ત રીતે] ચાર દીવાલથી ઘેરાયેલા આંગણાને ધર્મી માનેલ છે.

6. तस्माद् दृश्यमानादृश्यमानाकाशदेशावयवः प्रत्यक्षाप्रत्यक्षसमुदायो वह्न्यभावप्रतीतिसामर्थ्यायातो धर्मी, न दृश्यमान एव । इहेति तु प्रत्यक्षनिर्देशो दृश्यमानभागापेक्षः ।

6. [નહિ દેખાતા આંગણા વિષે] અગ્નિના અભાવ [રૂપ સાધ્ય] ની પ્રતીતિ થતી હોવાથી તેના બળે, ['સાધ્યવાળું હોય તે ધર્મી' એ ન્યાયે અદૃશ્યમાન આંગણું પણ ધર્મીમાં અંતર્ભૂત ગણવું ન્યાય્ય હોવાથી] દૃશ્યમાન અને અદૃશ્યમાન એવા આકાશપ્રદેશો જેના અવયવરૂપ છે તેવો પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ભાગોનો સમુદાય એ ધર્મી છે, માત્ર દૃશ્યમાન પ્રદેશ જ નહિ. જો કે અનુમાનના પ્રયોગમાં જે 'અહીં' એવો પ્રયોગ છે તે તો પ્રત્યક્ષ વસ્તુને સૂચવે છે; એટલે કે દૃશ્યમાન એવા આકાશને (= ધર્મીના એકદેશને) જ ઉદ્દેશીને પ્રયોજાયો છે. [પણ એ એકદેશને સમગ્ર ધર્મીના પ્રતિનિધિરૂપ સમજી શકાય,]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7. न केवलमिहैव दृश्यादृश्यसमुदायो धर्मी, अपि त्वन्यत्रापि । शब्दस्य क्षणिकत्वे साध्ये कश्चिदेव शब्दः प्रत्यक्षोऽन्यस्तु परोक्षस्तद्वदिहापि । यथा चात्र धर्मी साध्यप्रतिपत्त्यधिकरणभूतो दृश्यादृश्यावयवो दर्शितस्तद्वदुत्तरेष्वपि प्रयोगेषु स्वयं प्रतिपत्तव्यः ॥

7. આ રીતે ધર્મી તે દૃશ્ય અને અદૃશ્યના સમુદાયરૂપ હોવાનું અહીં જ નહિ, અન્યત્ર પણ સંભવે છે; જેમ કે શબ્દનું ક્ષણિકત્વ સિદ્ધ કરવાનું હોય ત્યારે પણ અમુક જ શબ્દ પ્રત્યક્ષ હોય છે, અન્ય શબ્દ પરોક્ષ હોય છે. તે રીતે જ ઉપર્યુક્ત ઉદાહરણમાં પણ સમજવાનું છે. સાધ્યના જ્ઞાનના અધિકરણ રૂપ ધર્મી દૃશ્ય અને અદૃશ્ય એવા ઉભય પ્રકારના અવયવોવાળો હોય છે એવું જેમ અહીં અમે બતાવ્યું છે તે રીતે હવે પછી નિરૂપાયેલા પ્રયોગોમાં જાતે સમજી લેવું. (૩૨)

प्रतिषेध्यस्य व्याप्यस्य यो व्यापको धर्मस्तस्यानुपलब्धिरुदाह्रियते —

**व्यापकानुपलब्धिर्यथा — नात्र शिंशपा, वृक्षाभावादिति ॥३३॥**

હવે, પ્રતિષેધ્ય ધર્મ જ્યારે વ્યાપ્ય હોય ત્યારે તેનો જે વ્યાપક ધર્મ હોય તેની અનુપલબ્ધિના પ્રયોગનું ઉદાહરણ આપે છે :

**વ્યાપકાનુપલબ્ધિ [એ ત્રીજો પ્રકાર]; જેમ કે : અહીં સીસમ નથી; કારણ કે [અહીં] વૃક્ષનો અભાવ છે. (૩૩)**

1. यथेति । अत्रेति धर्मी । न शिंशपेति शिंशपाऽभावः साध्यः । वृक्षस्य व्यापकस्याभावादिति हेतुः ।

1. 'અહીં' એ શબ્દથી ધર્મીનો નિર્દેશ છે. 'સીસમ નથી' એ શબ્દો દ્વારા સીસમનો અભાવ સાધ્યરૂપ બતાવ્યો છે. વૃક્ષ કે જે વ્યાપક છે તેનો અભાવ તે હેતુ છે.

2. इयमप्यनुपलब्धिर्व्याप्यस्य शिंशपात्वस्याऽदृश्यस्याभावे प्रयुज्यते । उपलब्धिलक्षणप्राप्ते तु व्याप्ये दृश्यानुपलब्धिर्गमिका ।

2. અનુપલબ્ધિનો આવો પ્રયોગ પણ જ્યારે વ્યાપ્ય એવા સીસમપણાનું પ્રત્યક્ષજ્ઞાન ન થઈ શકતું હોય ત્યારે જ અભાવસિદ્ધિ માટે કરાય. જો સીસમપણાની ઉપલબ્ધિની સામગ્રી પૂરતી હોય તો પછી સ્વભાવાનુપલબ્ધિરૂપ પ્રથમ પ્રયોગ જ કામ લાગશે.

3. तत्र यदा पूर्वापरावुपश्लिष्टौ समुन्नतौ देशौ भवतः, तयोरेकस्तरुगहनोपेतोऽपरश्चैकशिलाघटितो निर्वृक्षकक्षकः । द्रष्टापि तस्थान्वृक्षान् पश्यन्नपि शिंशपादिभेदं यो न विवेचयति, तस्य वृक्षत्वं प्रत्यक्षम्, अप्रत्यक्षं शिंशपात्वम् । स हि निर्वृक्ष एकशिलाघटिते वृक्षाभावं दृश्यत्वाद् दृश्यानुपलम्भादवस्यति । शिंशपात्वाभावं तु व्यापकस्य वृक्षत्वस्याभावादिति । तादृशे विषयेऽस्या अभावसाधनाय प्रयोगः ॥

3. [હવે ઉદાહરણમાં બતાવેલો પ્રયોગ કેવા સંજોગોમાં કરવાનું જરૂરી બને તેની કલ્પના કરીએ :] ધારો કે બે ઊંચાં સ્થળો આગળપાછળ અડોઅડ આવ્યાં છે; તેમાંથી એક સ્થળ ગીચ ઝાડીવાળું છે અને બીજામાં એક મોટી શિલા જ છે, વૃક્ષ કે ઘાસ એમાંનું કશું નથી. હવે જોનારો આ સમગ્ર સ્થળમાં આવેલાં વૃક્ષોને જોઈ શકે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ તેમાં સીસમ વગેરે ક્યાં વિશેષ વૃક્ષો છે તે કળી શકતો નથી. આમ તેને માટે વૃક્ષપણું પ્રત્યક્ષ છે, સીસમપણું અપ્રત્યક્ષ છે. હવે પેલા એક મોટી શિલાવાળા વૃક્ષરહિત પ્રદેશમાં વૃક્ષાભાવ તો એ મનુષ્યને પ્રત્યક્ષ કળાય છે; તેથી તેનું ત્યાંના વૃક્ષાભાવનું જ્ઞાન દૃશ્યાનુપલબ્ધિ (=સ્વભાવાનુપલબ્ધિ) દ્વારા જ સિદ્ધ છે, જ્યારે સીસમપણાના અભાવનું જ્ઞાન વ્યાપક એવા વૃક્ષપણાના અભાવથી સિદ્ધ થાય છે. આવી પરિસ્થતિ હોય ત્યાં આ પ્રકારની અનુપલબ્ધિ ઈષ્ટ અભાવની સિદ્ધિ કરવા માટે પ્રયોજાય. (૩૩)

**स्वभावविरुद्धोपलब्धिर्यथा – नात्र शीतस्पर्शो वह्नेरिति ॥३४॥**

**સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ [એ ચોથો પ્રકાર]; જેમ કે : અહીં શીતળ સ્પર્શ નથી; કારણ કે [અહીં] અગ્નિ છે. (૩૪)**

1. प्रतिषेध्यस्य स्वभावेन विरुद्धस्योपलब्धिरुदाह्रियते –– यथेति । अत्रेति धर्मी । न शीतस्पर्श इति शीतस्पर्शप्रतिषेधः साध्यः । वह्नेरिति हेतुः ।

1. જેનો પ્રતિષેધ કરવાનો હોય તેના સ્વભાવથી વિરુદ્ધ એવા પદાર્થની ઉપલબ્ધિના પ્રયોગનું ઉદાહરણ આ સૂત્રમાં આપ્યું છે. 'અહીં'' એ શબ્દથી ધર્મીનો નિર્દેશ છે. શીતળ સ્પર્શનો અભાવ સાધ્ય છે. અગ્નિનું હોવું તે હેતુ છે.

2. इयं चानुपलब्धिः तत्र प्रयोक्तव्या यत्र शीतस्पर्शोऽदृश्यः, दृश्ये दृश्यानुपलब्धिप्रयोगात् ।

2. જ્યાં શીતળ સ્પર્શ એ અપ્રત્યક્ષ હોય ત્યાં જ આ પ્રકાર પ્રયોજાય. જો તે પ્રત્યક્ષ હોય તો પ્રથમ પ્રયોગ જ પર્યાપ્ત છે.

3. तस्मात् यत्र वर्णविशेषाद् वह्निर्दृश्यः, शीतस्पर्शो दूरस्थत्वात् सन्नप्यदृश्यस्तत्रास्याः प्रयोगः ॥

3. એટલે અગ્નિના વિશેષ વર્ણને લીધે જ્યારે કોઈ દૂરના સ્થળે રહેલો અગ્નિ પ્રત્યક્ષ હોય, પણ વધારે અંતરને લીધે શીતળ સ્પર્શનો પ્રત્યક્ષ અનુભવ અશક્ય હોય, ત્યાં આવો પ્રયોગ કરાય. (૩૪)

**विरुद्धकार्योपलब्धिर्यथा – नात्र शीतस्पर्शो, धूमादिति ॥३५॥**

**વિરુદ્ધકાર્યોપલબ્ધિ [એ પાંચમો પ્રકાર]; જેમ કે : અહીં શીતળ સ્પર્શ નથી; કારણ કે [અહીં] ધુમાડો છે. (૩૫)**

1. प्रतिषेध्येन यद् विरुद्धं तत्कार्यस्योपलब्धिर्गमिका – यथेति । अत्रेति धर्मी । न शीतस्पर्श इति शीतस्पर्शाभावः साध्यः । धूमादिति हेतुः ।

1. પ્રતિષેધ્યથી જે વિરુદ્ધ હોય તેના કાર્યની ઉપલબ્ધિ આ પ્રકારમાં હેતુ બને છે. 'અહીં'' એ શબ્દથી ધર્મીનો ઉલ્લેખ થયો છે. શીતળ સ્પર્શનો અભાવ સાધ્ય છે. ધુમાડો તે હેતુ છે.

2. यत्र शीतस्पर्शः सन् दृश्यः स्यात्, तत्र दृश्यानुपलब्धिर्गमिका । यत्र विरुद्धो वह्निः प्रत्यक्षः, तत्र विरुद्धोपलब्धिर्गमिका । द्वयोरपि तु परोक्षत्वे विरुद्धकार्योपलब्धिः प्रयुज्यते ।

2. જ્યાં શીતળ સ્પર્શ હોય અને તેનો પ્રત્યક્ષ અનુભવ થઈ શકતો હોય ત્યાં તો સ્વભાવાનુપલબ્ધિનો જ પ્રયોગ થાય. જ્યાં શીતળ સ્પર્શનો વિરોધી અગ્નિ પ્રત્યક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય ત્યાં [સ્વભાવ-]વિરુદ્ધાલબ્ધિનો પ્રયોગ સાધક બને. પણ જ્યારે એ બંને પરોક્ષ હોય ત્યારે આ પ્રકારનો પ્રયોગ કરાય.

3. तत्र समस्तापवरकस्थं शीतं निवर्तयितुं समर्थस्याग्नेरनुमापकं यदा विशिष्टं धूमकलापं निर्यान्तमपवरकात् पश्यति, तदा विशिष्टाद्वह्नेरनुमितात् शीतस्पर्शनिवृत्तिमनुमिमीते ।

3. જ્યારે કોઈક ઓરડામાંથી ધુમાડાના ગોટેગોટા એવી રીતે ઊંચે જતા જોવામાં આવે કે જેથી ખાતરી થાય કે આખા ઓરડાની ઠંડી નિવારે તેવો પ્રબળ અગ્નિ ત્યાં હોવો જોઈએ, ત્યારે વિશિષ્ટ (અર્થાત્ પ્રબળ) અગ્નિનું જ્ઞાન [પ્રથમ] અનુમાનથી થાય છે, ને તેના દ્વારા શીતળ સ્પર્શના અભાવનું [બીજું અને અહીં પ્રસ્તુત એવું] અનુમાન થાય છે.

4. इह दृश्यमानद्वारप्रदेशसहितः सर्वोऽपवरकाभ्यन्तरदेशो धर्मी साध्यप्रतिपत्त्यनुसरणात् पूर्ववद् द्रष्टव्य इति ॥

4. અહીં પણ અગાઉની જેમ, ધર્મી તરીકે, દેખાતા દરવાજા સહિતનો આખા ઓરડાનો [અપ્રત્યક્ષ એવો] અંદરનો ભાગ સમજવો; કારણ કે [ઓરડાના અપ્રત્યક્ષ અભ્યંતરમાં પણ વ્યાપેલો શીતસ્પર્શાભાવ એ સાધ્ય છે;] અને ધર્મી તે સાધ્ય તરીકે સ્વીકૃત પ્રદેશને અનુસરતો હોય છે (અર્થાત્ જે સ્થળે સાધ્યનિશ્ચય થાય તે આખું સ્થળ ધર્મી કહેવાય છે). (૩૫)

**विरुद्धव्याप्तोपलब्धिर्यथा – न ध्रुवभावी भूतस्यापि भावस्य विनाशो, हेत्वन्तरापेक्षणादिति ॥३६॥**

**વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ [એ છઠ્ઠો પ્રકાર છે]; જેમ કે : ઉત્પન્ન થયેલા ભાવનો પણ વિનાશ ધ્રુવભાવી ન હોઈ શકે; કારણ કે તે હેત્વન્તરની અપેક્ષા રાખે છે. (૩૬)**

1. प्रतिषेध्यस्य यद् विरुद्धं तेन व्याप्तस्य धर्मान्तरस्योपलब्धिरुदाहर्तव्या – यथेति ।

1. પ્રતિષેધ્યથી જે વિરુદ્ધ હોય તેનાથી વ્યાપ્ત એવા અન્ય ધર્મની ઉપલબ્ધિનું ઉદાહરણ આ સૂત્રમાં આપવા ધાર્યું છે.

2. ध्रुवम् अवश्यं भवतीति ध्रुवभावी नेति ध्रुवभावित्वनिषेधः साध्यः । विनाशो धर्मी । 'भूतस्यापि भावस्य' इति धर्मिविशेषणम् । भूतस्य जातस्यापि विनश्वरः स्वभावो नावश्यंभावी, किमुताजातस्य इत्यपिशब्दार्थः ।

2. 'ધ્રુવભાવી' એટલે જે અવશ્ય થાય છે તે. 'ધ્રુવભાવી ન હોઈ શકે' એ શબ્દોથી ધ્રુવભાવિત્વનો અભાવ તે સાધ્ય તરીકે અભિપ્રેત છે. 'વિનાશ' એ ધર્મી છે 'ઉત્પન્ન થયેલા ભાવનો પણ' એ શબ્દો ધર્મી [એવા વિનાશ]નું વિશેષણ છે. એમાં 'પણ' શબ્દ દ્વારા અભિપ્રેત એ છે કે [વિનાશના સ્વરૂપ અંગેનો અમુક ખ્યાલ સ્વીકારવામાં આવે તો] ઉત્પન્ન થયેલા પદાર્થનો પણ વિનશ્વર સ્વભાવ અવશ્યંભાવી નહિ ઠરે, તો પછી ઉત્પન્ન ન થનાર પદાર્થની તો વાત જ શી પૂછવી ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. जनकाद्धेतोरन्यो हेतुः हेत्वन्तरं मुद्गरादि । तदपेक्षते विनश्वरः । तस्यापेक्षणादिति हेतुः ।

3. [પ્રસ્તુત અનુમાનનો હેતુ જોઈએ તો :] 'હેત્વન્તર' એટલે જે તે પદાર્થના જનક હેતુ સિવાયનો હેતુ; જેમ કે [ઘટાદિનો નાશ કરતો] મુદ્ગર (=મગદળ, મોગરો) ઈત્યાદિ. [પ્રતિપક્ષીની વિચારસરણી અનુસાર] વિનશ્વર પદાર્થ [વિનાશ થવા માટે] તેની (=હેત્વન્તરની) અપેક્ષા રાખે છે. આ હેત્વન્તરની અપેક્ષા એ હેતુ થયો.

4. हेत्वन्तरापेक्षणं नामाध्रुवभावित्वेन व्याप्तम्, यथा वाससि रागस्य रञ्जनादिहेत्वन्तरापेक्षणमध्रुवभावित्वेन व्याप्तम् । ध्रुवभावित्वविरुद्धं चाध्रुवभावित्वम् ।

4. [હવે 'હેત્વન્તરની અપેક્ષા રાખવાપણું' એ ઉપલબ્ધ હેતુ પ્રતિષેધ્યના વિરુદ્ધ ધર્મથી વ્યાપ્ત કઈ રીતે છે તે જોઈએ :] હેત્વન્તરની અપેક્ષા રાખવાપણું તે અધ્રુવભાવિત્વથી વ્યાપેલું હોય છે (એટલે કે હેત્વન્તરની અપેક્ષા રાખવાપણું અવશ્ય અધ્રુવભાવિ હોય); જેમ કે કોઈ વસ્ત્રના રંગમાં હેત્વન્તરની અપેક્ષા રાખવાપણું હોઈ તેમાં અધ્રુવભાવિત્વ હોય છે (એટલે કે વસ્ત્રનો રંગ અન્ય હેતુથી સધાતો હોઈ તે આવશ્યક રીતે વસ્ત્રનો સહચર હોતો નથી). હવે આ અધ્રુવભાવિત્વ તે [પ્રતિષેધ્ય એવા] ધ્રુવભાવિત્વનું વિરોધી છે. [આમ 'હેત્વન્તરની અપેક્ષા રાખવાપણું' એ ધર્મ ધ્રુવભાવિત્વરૂપ પ્રતિષેધ્યથી વિરુદ્ધ એવા ધર્મથી વ્યાપ્ત છે.]

5. विनाशश्च विनश्वरस्वभावात्मा हेत्वन्तरापेक्ष इष्टः । ततो विरुद्धव्याप्तहेत्वन्तरापेक्षणदर्शनाद् ध्रुवभावित्वनिषेधः ।

5. [અહીં એટલી સ્પષ્ટતા કરીએ કે] વિનાશ કે જે [બૌદ્ધોના મતે] વિનાશશીલ સ્વભાવનો જ પર્યાય છે, તે [નૈયાયિક, વૈશેષિક આદિ અન્યમત મુજબ, વિનાશશીલ સ્વભાવના પર્યાયરૂપ ન હોતાં] અન્ય હેતુની અપેક્ષા રાખવાવાળો હોવાનું ઈષ્ટ મનાયું છે. આમ [ધ્રુવભાવિત્વના] વિરુદ્ધધર્મથી વ્યાપ્ત એવા હેત્વન્તરની અપેક્ષા રૂપ ધર્મના દર્શનને લીધે [વિનાશના] ધ્રુવભાવીપણાનો નિષેધ ફલિત થાય છે.

6. इह ध्रुवभावित्वं नित्यत्वम् अध्रुवभावित्वं चानित्यत्वम् । नित्यत्वानित्यत्वयोश्च परस्परपरिहारेणावस्थानात् एकत्र विरोधः । तथा च सति परस्परपरिहारवतोर्द्वयोः यदैकं दृश्यते तत्र द्वितीयस्य तादात्म्यनिषेधः कार्यः ।

6. [અગાઉ અધ્રુવભાવિત્વને ધ્રુવભાવિત્વનું વિરુદ્ધ કહ્યું તે બાબતનું સમર્થન કરતાં કહીએ કે :] અહીં ધ્રુવભાવિત્વ એટલે [જે તે બાબતની શકયતાનું] નિત્યત્વ (અર્થાત અવશ્ય ભાવિત્વ] અને અધ્રુવભાવિત્વ એટલે [જે તે બાબતની શકયતાનું] અનિત્યત્વ (અર્થાત્ અન્-અવશ્યંભાવિત્વ) એમ સમજવાનું છે. એ નિત્યત્વ અને અનિત્યત્વ એ પરસ્પર-પરિહારથી (= એકબીજાને બાદ રાખીને) અસ્તિત્વ ધરાવતા હોઈ એક જ સ્થળે તેમના હોવામાં વિરોધ ઊભો થાય છે (એટલે કે બંનેનું તાદાત્મ્યથી સાથે હોવું તે તર્કથી સંભવત જ નથી). આવી સ્થિતિમાં [કયાંક] પરસ્પરપરિહારવાળા બે ધર્મોમાંથી એક જ્યારે દેખાય ત્યારે ત્યાં (= તે ધર્મ સાથે) બાકીના બીજા ધર્મના તાદાત્મ્યનો નિષેધ જ કરવો પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7. तादात्म्यनिषेधश्च दृश्यतयाऽभ्युपगतस्य संभवति । यत एवं तादात्म्यनिषेधः क्रियते — 'यद्ययं दृश्यमानो नित्यो भवेन्नित्यरूपो दृश्येत । न च नित्यरूपो दृश्यते । तस्मान्न नित्यः ।' एवं च प्रतिषेध्यस्य नित्यत्वस्य दृश्यमानात्मकत्वमभ्युपगम्य प्रतिषेधः कृतो भवति ।

7. [હવે, એ ધર્મોના પરસ્પરપરિહારનો નિર્ણય એટલે કે એક પદાર્થના બીજા પદાર્થ સાથેના તાદાત્મ્યનો નિષેધ જુદા જુદા સંજોગોમાં કઈ રીતે કરાય તે પ્રશ્નની ટૂંકી ચર્ચા પ્રસંગવશાત્ કરીએ :] કોઈ પણ ધર્મને દૃશ્ય કલ્પીને જ તેના [અન્ય સાથેના] તાદાત્મ્યનો નિષેધ કરી શકાય; જેમ કે 'જો આ અનુભવગમ્ય પદાર્થ નિત્યરૂપ હોય તો તે નિત્યરૂપ અનુભવાવો જોઈએ; પરંતુ તે નિત્યરૂપ અનુભવાતો નથી. માટે નિત્ય નથી.' આમ નિત્યત્વનો પ્રતિષેધ [અનિત્ય પદાર્થ વિષે] કરવો હોય ત્યારે નિત્યત્વના દૃશ્યમાનપણાની કલ્પના કરીને તે કરાતો હોય છે.

8. वस्तुनोऽप्यदृश्यस्य पिशाचादेर्यदि दृश्यघटात्मकत्वनिषेधः क्रियते, दृश्यात्मकत्वमभ्युपगम्य कर्तव्यः—'यद्ययं दृश्यमानः पिशाचात्मा भवेत् पिशाचो दृष्टो भवेत्, न च दृष्टः, तस्मान्न पिशाचः' इति ।

8. વળી વસ્તુભૂત છતાં [આપણા જોવાને] અદૃશ્ય એવા પિશાચાદિના પણ દૃશ્ય એવા ઘટ સાથેના તાદાત્મ્યનો નિષેધ કરાય ત્યારે [અદૃશ્ય એવા] પિશાચાદિની [પણ] દર્શનયોગ્યતા કલ્પીને તે નિષેધ કરવો પડે છે : 'જો આ દૃશ્યમાન ઘડો પિશાચરૂપ હોય તો પિશાચ પણ દૃષ્ટ થાય; પણ [ઘડો જોવાથી કંઈ] પિશાચ દૃષ્ટ થતો નથી. માટે તે પિશાચ નથી.'

9. दृश्यात्मत्वाभ्युपगमपूर्वको दृश्यमाने घटादौ वस्तुनि वस्तुनोऽवस्तुनो वा दृश्यस्यादृश्यस्य च तादात्म्यप्रतिषेधः । तथा च सति, यथा घटस्य दृश्यत्वमभ्युपगम्य प्रतिषेधो दृश्यानुपलम्भादेव, तद्वत् सर्वस्य परस्परपरिहारवतोऽन्यत्र दृश्यमाने निषेधः दृश्यानुपलम्भादेव । तथा चास्यैवंजातीयकस्य प्रयोगस्य स्वभावानुपलब्धावन्तर्भावः ॥

9. [આમ એકંદરે કહીએ તો] વસ્તુભૂત કે [આકાશપુષ્પાદિ] અવસ્તુભૂત, દૃશ્યરૂપ કે અદૃશ્યરૂપ એવા પદાર્થના, દૃશ્યમાન એવા ઘટાદિ પદાર્થ સાથેના તાદાત્મ્યનો પ્રતિષેધ તેમને દૃશ્યરૂપ કલ્પીને જ કરાય છે. વાત આમ છે તેથી જેમ ઘડાનું દૃશ્યપણું કલ્પીને [ભૂતલાદિમાં] તેનો પ્રતિષેધ દૃશ્યાનુપલબ્ધિ[રૂપ લિંગ]થી જ કરાય છે, તેમ પરસ્પર-પરિહાર કરનારા બે પદાર્થ કે ધર્મમાંથી એકનું દર્શન થાય ત્યારે તેનામાં અન્ય[ના તાદાત્મ્ય]નો નિષેધ (=અભાવનિર્ણય) દૃશ્યાનુપલબ્ધિથી જ કરાય છે [ને એ રીતે એ બે ધર્મો કે પદાર્થો પરસ્પરપરિહારથી રહે છે તે વાતની ખાતરી થાય છે]. માટે [એક પદાર્થના અન્ય પદાર્થ સાથેના તાદાત્મ્યનો અભાવ સાધતા] આ પ્રકારના પ્રયોગનો સ્વભાવાનુપલબ્ધિ [રૂપ પ્રથમ પ્રકાર અર્થાત્ દૃશ્યાનુપલબ્ધિ]માં જ અંતર્ભાવ ગણવો. [પરંતુ કોઈ એક ધર્મના વિરુદ્ધ ધર્મની ઉપલબ્ધિ નહિ પણ **વિરુદ્ધ ધર્મથી વ્યાપ્તની** ઉપલબ્ધિ થાય ત્યારે આ વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિનો પ્રયોગ થાય.] (૩૬)

ન્યા. બિ. ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कार्यविरुद्धोपलब्धिर्यथा – नेहाप्रतिबद्धसामर्थ्यानि शीतकारणानि सन्ति, वह्नेरिति ॥३७॥**

**કાર્યવિરુદ્ધોપલબ્ધિ [એ સાતમો પ્રકાર છે]; જેમ કે : અહીં અકુંઠિત સામર્થ્યવાળાં શીતકારણો નથી; કારણ કે અગ્નિ છે.** (૩૭)

1. प्रतिषेध्यस्य यत् कार्यं तस्य यत् विरुद्धं तस्योपलब्धेरुदाहरणम् – यथेति । इहेति धर्मी । अप्रतिबद्धं सामर्थ्यं येषां शीतकारणानां शीतजननं प्रति, न तानि सन्तीति साध्यम् । वह्नेरिति हेतुः ।

1. જે પ્રતિષેધ્ય હોય તેનું જે કાર્ય હોય, તેનાથી જે વિરુદ્ધ હોય તેની ઉપલબ્ધિનું ઉદાહરણ અહીં અપાયું છે. 'અહીં' એ શબ્દ દ્વારા ધર્મી ઉલ્લેખાયો છે. શીત જન્માવવામાં જેમનું સામર્થ્ય કુંઠિત ન હોય તેવાં શીતકારણો નથી – તે સાધ્ય છે. [શીતનિવારણક્ષમ વિશિષ્ટ] અગ્નિ તે હેતુ છે.

2. यत्र शीतकारणान्यदृश्यानि, शीतस्पर्शोऽप्यदृश्यस्तत्रायं हेतुः प्रयोक्तव्यः । दृश्यत्वे तु शीतस्पर्शस्य तत्कारणानां वा कार्यानुपलब्धिर्दृश्यानुपलब्धिर्वा गमिका । तस्मादेषाप्यभावसाधनी । ततो यस्मिन् उद्देशे सदपि शीतकारणमदृश्यं शीतस्पर्शश्च दूरस्थत्वात्प्रतिपत्तुः; वह्निर्भास्वरवर्णत्वात् दूरादपि दृश्यः तत्रायं प्रयोगः इति ॥

2. જ્યાં શીતકારણો અથવા શીત એમાંથી એકેનો સીધો અનુભવ થવાના સંજોગો ન હોય ત્યાં આ હેતુનો પ્રયોગ કરવો જોઈએ. જ્યાં શીતસ્પર્શનો કે તેનાં અકુંઠિત કારણો[નો અભાવ] અનુભવગમ્ય હોય ત્યાં તો અનુક્રમે કાર્યની અનુપલબ્ધિ કે દૃશ્યાનુપલબ્ધિનો પ્રયોગ જ ઇષ્ટ કાર્ય સાધી આપશે. આમ [આટલી શરતને અધીન રહીને] આ [સાતમા પ્રકારની અનુપલબ્ધિ] પણ અભાવ સિદ્ધ કરી આપે છે. તો, સ્થળના દૂરપણાને લીધે જે પ્રદેશથી અમુક સ્થળે શીતકારણ હોય તો યે અદૃશ્ય રહેતું હોય અને શીતસ્પર્શ પણ અનુભવગમ્ય ન હોય, પરંતુ અગ્નિ તેના ઊજળા વર્ણને લીધે દૂરથી પણ દેખાતો હોય ત્યાં આ પ્રયોગ સંભવે. (૩૭)

**व्यापकविरुद्धोपलब्धिर्यथा – नात्र तुषारस्पर्शो, वह्नेरिति ॥३८॥**

**વ્યાપકવિરુદ્ધોપલબ્ધિ [એ આઠમો પ્રકાર છે]; જેમ કે : અહીં હિમનો સ્પર્શ નથી; કારણ કે [અહીં] અગ્નિ છે.** (૩૮)

1. प्रतिषेध्यस्य यद् व्यापकं तेन यद्विरुद्धं तस्योपलब्धिरुदाहर्तव्या यथेति । अत्रेति धर्मी । तुषारस्पर्शो नेति साध्यम् । वह्नेरिति हेतुः ।

1. પ્રતિષેધ્ય ધર્મનું જે વ્યાપક હોય તેનાની જે વિરુદ્ધ હોય તેની ઉપલબ્ધિનું ઉદાહરણ આ સૂત્રમાં આપવા ધાર્યું છે. 'અહીં' એ શબ્દથી ધર્મીનો ઉલ્લેખ છે. હિમના સ્પર્શનો અભાવ સાધ્ય છે, અને [વિશિષ્ટ] અગ્નિ તે હેતુ છે.

2. यत्र व्याप्यस्तुषारस्पर्शो व्यापकश्च शीतस्पर्शो न दृश्यस्तत्रायं हेतुः । तयोर्दृश्यत्वे स्वभावस्य व्यापकस्य चानुपलब्धिर्यतः प्रयोक्तव्या । तथा च सत्यभावसाधनीयम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. જ્યાં વ્યાપ્ય એવો હિમસ્પર્શ અને વ્યાપક એવો શીતસ્પર્શ એ બંને પરોક્ષ હોય ત્યાં આ હેતુનો પ્રયોગ કરાય. કારણ, જો તેમાંથી હિમસ્પર્શ એ પ્રત્યક્ષ[–યોગ્ય] હોય તો સ્વભાવાનુપલબ્ધિ[રૂપ પ્રથમ] પ્રયોગ જ કરવાનો રહે, અને જો શીતસ્પર્શ એ પ્રત્યક્ષ-[–યોગ્ય] હોય તો વ્યાપકાનુપલબ્ધિ[રૂપ તૃતીય] પ્રયોગ કરવાનો રહે. [ટૂંકમાં, અગાઉ કહ્યું] તેમ [તે બંને ભાવો પરોક્ષ] હોય ત્યારે આ પ્રકારની ઉપલબ્ધિ એ અભાવસાધક બની રહે છે.

3. दूरवर्तिनश्च प्रतिपत्तुस्तुषारस्पर्शः शीतस्पर्शविशेषः शीतमात्रं च परोक्षम् । वह्निस्तु रूपविशेषाद् दूरस्थोऽपि प्रत्यक्षः । ततो वह्नेः शीतमात्राभावः । ततः शीतविशेषतुषारस्पर्शाभावनिश्चयः । शीतविशेषस्य शीतसामान्येन व्याप्तत्वादिति विशिष्टविषयेऽस्याः प्रयोगः ॥

3. જ્ઞાતા દૂર હોય ત્યારે તેને શીતસ્પર્શના જ એક પ્રકારરૂપ એવો હિમસ્પર્શ અને સામાન્યરૂપે પણ શીતસ્પર્શ પરોક્ષ હોવાનો. જ્યારે અગ્નિ દૂર હોવા છતાં આગવા દેખાવથી પ્રત્યક્ષ થાય છે. તે સ્થિતિમાં અગ્નિથી પ્રથમ તો શીતમાત્રનો અભાવ સિદ્ધ થશે અને તે પરથી શીતના એક પ્રકાર એવા હિમના સ્પર્શનો અભાવ નિશ્ચિત થશે; કારણ કે શીતવિશેષ એ શીતસામાન્યથી વ્યાપ્ત હોય છે. આમ વિશેષ સંજોગોમાં આ પ્રયોગ થશે. (૩૮)

**कारणानुपलब्धिर्यथा – नात्र धूमो, वह्न्यभावादिति ॥ ३९ ॥**

**કારણાનુપલબ્ધિ [એ નવમો પ્રકાર છે]; જેમ કે : અહીં ધુમાડો નથી; કારણ કે [અહીં] અગ્નિનો અભાવ છે. (૩૯)**

1. प्रतिषेध्यस्य यत् कारणं तस्यानुपलब्धेरुदाहरणम् – यथेति । अत्रेति धर्मी । न धूम इति साध्यम् । वह्न्यभावादिति हेतुः ।

1. જેનો અભાવ પ્રતિપાદિત કરવો છે તેનું જે કારણ હોય તેની અનુપલબ્ધિનું ઉદાહરણ અહીં આપ્યું છે. 'અહીં' એ શબ્દથી ધર્મીનો ઉલ્લેખ છે. 'ધુમાડો નથી' તે બાબત સાધ્ય છે. અગ્નિનો અભાવ તે હેતુ છે.

2. यत्र कार्यं सदप्यदृश्यं भवति तत्रायं प्रयोगः । दृश्ये तु कार्ये दृश्यानुपलब्धिर्गमिका । ततोऽयमप्यभावसाधनः ।

2. જ્યાં કાર્ય હોવા છતાં અદૃશ્ય હોય ત્યાં આ પ્રયોગ કરાય. જ્યાં કાર્ય દૃશ્ય અર્થાત્ પ્રત્યક્ષ હોય ત્યાં તો દૃશ્યાનુપલબ્ધિનો પ્રયોગ જ કાર્યસાધક થઈ રહેશે. આ રીતે [આટલી મર્યાદાને અધીન થઈને] આ પ્રયોગ પણ અભાવસાધક છે.

3. निष्कम्पायतसलिलपूरिते ह्रदे हेमन्तोचितबाष्पोद्गमे विरले संध्यातमसि सति, सन्नपि तत्र धूमो न दृश्यत इति कारणानुपलब्ध्या प्रतिषिध्यते । वह्निस्तु यदि तस्याम्भस उपरि प्लवमानो भवेत् प्रज्वलितो, रूपविशेषादेवोपलब्धो भवेत् । अज्वलितस्तु इन्धनमध्यनिविष्टो भवेत् । तत्रापि दहनाधिकरणमिन्धनं प्रत्यक्षमिति स्वरूपेणाधाररूपेण वा दृश्य एव वह्निरिति तत्रास्य प्रयोग इति ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. કોઇ ધરો કંપ વગરના સુવિસ્તૃત જળથી ભરેલો હોય, તેની ચોપાસ હેમન્ત ઋતુમાં જોવા મળતું ધુમ્મસ હોય અને સાયંકાળનું આછું અંધારું હોય ત્યારે તે ધરા ઉપર કદાચ ધુમાડો હોય તો પણ દેખાય નહિ એવી સ્થિતિ સર્જાય છે. તેવે વખતે ઉક્ત કારણાનુપલબ્ધિના પ્રયોગથી ત્યાં ધુમાડાનો અભાવ સ્થાપવામાં આવે છે. અગ્નિ તો, જો તે જળ ઉપર તરતો હોય ને જ્વાળાવાળો હોય તો, એના વિશેષરૂપથી જ, [ધુમ્મસ હોવા છતાં] દેખાય. ને કદાચ જો ત્યાં અગ્નિ જ્વાળા વિનાનો હોય તો ઇંધણની અંદર હોય; તે અગ્નિના અધિકરણરૂપ ઇંધણ તો પ્રત્યક્ષ કળાય જ. આ રીતે અગ્નિ કાં તો [જ્વાળાવાળા] સ્વરૂપે, કાં તો આધારરૂપે પણ દેખાયા વગર રહે નહિ. આવી સ્થિતિમાં આનો પ્રયોગ કરાય. (૩૯)

**कारणविरुद्धोपलब्धिर्यथा – नास्य रोमहर्षादिविशेषाः, संनिहितदहनविशेषत्वादिति ॥ ४० ॥**

**કારણવિરુદ્ધોપલબ્ધિ [એ દસમો પ્રકાર છે]; જેમ કે : આને વિશિષ્ટ પ્રકારના રોમહર્ષાદિ ન હોય; કારણ કે વિશિષ્ટ અગ્નિ તેની પાસે જ છે. (૪૦)**

1. प्रतिषेध्यस्य यत्कारणं तस्य यद्विरुद्धं तस्योपलब्धेरुदाहरणम् – यथेति । अस्येति धर्मी । रोम्णां हर्षः उद्भेदः । स आदिर्येषां दन्तवीणादीनां शीतकृतानां, ते विशिष्यन्ते तदन्येभ्यो भयश्रद्धादिकृतेभ्य इति रोमहर्षादिविशेषाः । ते न सन्तीति साध्यम् । दहनः एव विशिष्यते तदन्यस्माद्दहनाच्छीतनिवर्तनसामर्थ्येनेति दहनविशेषः । कश्चिद्दहनः सन्नपि न शीतनिवर्तनक्षमो, यथा प्रदीपः । तादृशनिवृत्तये विशेषग्रहणम् । सन्निहितो दहनविशेषो यस्य स तथोक्तः । तस्य भावः, तस्मादिति हेतुः ।

1. પ્રતિષેધ્યનું જે કારણ હોય તેનાથી જે વિરુદ્ધ હોય તેની ઉપલબ્ધિનું ઉદાહરણ અહીં અપાયું છે. 'આને' એ શબ્દ દ્વારા ધર્મીનો નિર્દેશ છે. રોમહર્ષ એ જેમાં મુખ્ય છે તેવા અન્ય ધર્મો એટલે ઠંડીથી દાંત કટકટાવવા વગેરે. રોમહર્ષાદિને 'વિશિષ્ટ' વિશેષણ લગાડીને ભય, હર્ષ આદિથી થતા રોમાંચ વગેરેને અલગ રાખ્યા છે (અર્થાત્ ઠંડીથી થતા રોમહર્ષાદિ જ અહીં સમજવાના છે). તો આવા વિશિષ્ટ રોમહર્ષાદિનો અભાવ સાધ્ય છે. અગ્નિના વિશેષણરૂપ 'વિશિષ્ટ' શબ્દથી અગ્નિને શૈત્ય દૂર કરવાના સામર્થ્યવાળો સૂચવવા ધાર્યો છે; કારણ કે કોઈ અગ્નિ એવો પણ હોય જે ઠંડી દૂર કરી ન શકે — જેમ કે દીવો. તેવા અગ્નિને બાદ રાખવા 'વિશિષ્ટ' એવું વિશેષણ લગાડ્યું છે. આવા વિશિષ્ટ અગ્નિનું સામીપ્ય તે હેતુ છે.

2. यत्र शीतस्पर्शः सन्नप्यदृश्यो रोमहर्षादिविशेषाश्चादृश्याः, तत्रायं प्रयोगः । रोमहर्षादिविशेषस्य दृश्यत्वे दृश्यानुपलब्धिः प्रयोक्तव्या । शीतस्पर्शस्य दृश्यत्वे कारणानुपलब्धिः ।

2. જ્યાં શૈત્યનો સ્પર્શ અને વિશિષ્ટ રોમહર્ષાદિ બંને, હોય તો યે પરોક્ષ રહેતા હોય, ત્યાં આ પ્રયોગ થશે. જો વિશિષ્ટ રોમહર્ષાદિ પ્રત્યક્ષ થતાં હોય તો સ્વભાવાનુપલબ્ધિનો પ્રયોગ જ કરવો પર્યાપ્ત થાય; ને શીતનો સ્પર્શ પ્રત્યક્ષ હોય તો કારણાનુપલબ્ધિનો પ્રયોગ કરાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. तस्मादभावसाधनोऽयम् । रूपविशेषाद्धि दूराद्दहनं पश्यति । शीतस्पर्शस्त्वदृश्यो रोमहर्षादिविशेषाश्च । तेषां कारणविरुद्धोपलब्ध्याऽभावं प्रतिपद्यत इति तत्रास्य प्रयोग इति ॥

3. ટૂંકમાં, આ પ્રયોગ પણ [વિશિષ્ટ સંજોગોમાં] અભાવસાધક છે. વિશેષ રૂપને લીધે અગ્નિ દૂરથી પણ દેખાતો હોય, પરન્તુ શીતસ્પર્શ તેમ જ વિશિષ્ટ રોમહર્ષાદિ અદૃશ્ય હોય ત્યારે કારણવિરુદ્ધોપલબ્ધિથી અભાવ સિદ્ધ કરાય છે. (૪૦)

**कारणविरुद्धकार्योपलब्धिर्यथा – न रोमहर्षादिविशेषयुक्तपुरुषवानयं प्रदेशो, धूमादिति ॥ ४१ ॥**

**કારણવિરુદ્ધકાર્યોપલબ્ધિ [એ અગિયારમો પ્રયોગ છે]; જેમ કે : રોમહર્ષાદિવિશેષયુક્તપુરુષવાળો આ પ્રદેશ ન હોય; કારણ કે [અહીં] ધુમાડો છે. (૪૧)**

1. प्रतिषेध्यस्य यत् कारणं तस्य यद् विरुद्धं तस्य यत् कार्यं तस्योपलब्धिरुदाहर्तव्या – यथेति । अयं प्रदेश इति धर्मी । योगो युक्तम् । रोमहर्षादिविशेषैर्युक्तं रोमहर्षादिविशेषयुक्तम् । तस्य संबन्धी पुरुषो रोमहर्षादिविशेषयुक्तपुरुषः । तद्वान् न भवतीति साध्यम् । धूमादिति हेतुः ।

1. પ્રતિષેધ્યનું જે કારણ, તેનાથી જે વિરુદ્ધ, તેનું જે કાર્ય – તેની ઉપલબ્ધિનું ઉદાહરણ આમાં આપવા ધાર્યું છે. 'આ પ્રદેશ' એ થયો ધર્મી. 'રોમહર્ષાદિવિશેષયુક્તપુરુષ' એ સમાસમાં 'યુક્ત' શબ્દનો અર્થ, [તેને ભાવવાચક ભૂતકૃદંત સમજીને,] 'યોગ' એવો કરવાનો છે. રોમહર્ષાદિવિશેષ સાથે યોગ (=સંબંધ) એવો 'રોમહર્ષાદિવિશેષયુક્ત'-નો અર્થ થયો. અને રોમહર્ષાદિવિશેષયોગનો સંબંધી પુરુષ તે 'રોમહર્ષાદિવિશેષયુક્તપુરુષ'. પ્રદેશ તેવા પુરુષવાળો નથી તે સાધ્ય છે. ધુમાડો એ હેતુ છે.

2. रोमहर्षादिविशेषस्य प्रत्यक्षत्वे दृश्यानुपलब्धिः । कारणस्य शीतस्पर्शस्य प्रत्यक्षत्वे कारणानुपलब्धिः । वह्नेस्तु प्रत्यक्षत्वे कारणविरुद्धोपलब्धिः प्रयोक्तव्या । त्रयाणामप्यदृश्यत्वेऽयं प्रयोगः । तस्मादभावसाधनोऽयम् ।

2. રોમહર્ષાદિવિશેષ પ્રત્યક્ષ હોય તો તો દૃશ્યાનુપલબ્ધિ જ પ્રયોજાય. તેના કારણરૂપ શીતસ્પર્શ પ્રત્યક્ષ હોય તો કારણાનુપલબ્ધિનો પ્રયોગ કરાય. વળી જો અગ્નિ પ્રત્યક્ષ હોય તો કારણવિરુદ્ધોપલબ્ધિનો પ્રયોગ પ્રસ્તુત બને. આ ત્રણે ભાવો અદૃશ્ય હોય ત્યારે આ પ્રયોગ અભાવસાધક બને છે.

3. तत्र दूरस्थस्य प्रतिपत्तुर्दहनशीतस्पर्शरोमहर्षादिविशेषा अप्रत्यक्षाः सन्तोऽपि, धूमस्तु प्रत्यक्षो यत्र, तत्रैतत्प्रमाणम् । धूमस्तु यादृशस्तद्देशे स्थितं शीतं निवर्तयितुं समर्थस्य वह्नेरनुमापकः स इह ग्राह्यः । धूममात्रेण तु वह्निमात्रेऽनुमितेऽपि न शीतस्पर्शनिवृत्तिः । नापि रोमहर्षादिविशेषनिवृत्तिरवसातुं शक्येति न धूममात्रं हेतुरिति द्रष्टव्यमिति ॥

3. જ્યારે જ્ઞાતા દૂર હોવાથી તેને અગ્નિ, શીતસ્પર્શ અને વિશિષ્ટ રોમહર્ષાદિ એ ત્રણે પરોક્ષ હોય ને ધુમાડો પ્રત્યક્ષ હોય ત્યારે આ પ્રયોગ પ્રમાણરૂપ બને છે. અહીં જે ધુમાડો દેખાતો હોય તે વિશિષ્ટ હોવો જોઈએ એટલું ધ્યાનમાં લેવું— તે પ્રદેશની ઠંડીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અટકાવવા સમર્થ એવા અગ્નિનું અનુમાન કરાવે તેવો ધુમાડો; કારણ કે ગમે તેવા ધુમાડાથી અગ્નિનું અનુમાન તો થાય, પણ તેવા અગ્નિથી તે પ્રદેશની ઠંડી દૂર ન પણ થાય, ને તેથી વિશિષ્ટ રોમહર્ષાદિના અભાવની પણ સિદ્ધિ ન થાય. એટલે [સૂત્રમાં ભલે ફોડ પાડીને ન કહ્યું હોય, પરંતુ] માત્ર ગમે તેવો ધુમાડો એ અહીં હેતુ નથી, [વિશિષ્ટ ધુમાડો જ હેતુરૂપ છે] તે ધ્યાનમાં લેવું. (૪૧)

यद्येकः प्रतिषेधहेतुरुक्तः कथमेकादशाभावहेतव इत्याह—

**इमे सर्वे कार्यानुपलब्ध्यादयो दशानुपलब्धिप्रयोगाः स्वभावानुपलब्धौ सङ्ग्रहमुपयान्ति ॥ ४२ ॥**

"જો અગાઉ સૂત્ર ૨.૧૮માં પ્રતિષેધસાધક હેતુ **એક** છે એમ કહ્યું તો [ઉપર મુજબ] અગિયાર અભાવહેતુઓ કઈ રીતે ?" એ અંગે કહે છે :

**આ બધા કાર્યાનુપલબ્ધિ આદિ દશ અનુપલબ્ધિપ્રયોગો સ્વભાવાનુપલબ્ધિમાં સમાવેશ પામે છે. (૪૨)**

1. इमे सर्व इत्यादि । इमेऽनुपलब्धिप्रयोगाः । इदमाऽनन्तरप्रकान्ता निर्दिष्टाः । तत्र कियतामपि ग्रहणे प्रसक्त आह — कार्यानुपलब्ध्यादय इति । कार्यानुपलब्ध्यादीनामपि त्रयाणां चतुर्णां वा ग्रहणे प्रसक्त आह — दशेति । तत्र दशानामप्युदाहृतमात्राणां ग्रहणप्रसङ्गे सत्याह— सर्व इति ।

1 'આ અનુપલબ્ધિપ્રયોગો' એમાં 'આ' શબ્દથી હમણાં જ નિરૂપેલા પ્રયોગોનો નિર્દેશ છે. હવે તેમાંથી અમુક પ્રયોગો વિષે જ અહીં વાત કરી હશે એવું કોઇ ન સમજે માટે 'કાર્યાનુપલબ્ધિ આદિ' એમ કહ્યું. પણ તો યે કોઇ કાર્યાનુપલબ્ધિ આદિ ત્રણ કે ચાર પ્રયોગોનું ગ્રહણ ન કરે તે માટે [ફોડ પાડીને] 'દશ' [એમ નક્કી સંખ્યા] કહી. તો યે કોઈ આ દશ પ્રયોગોનાં જે ઉદાહરણ આપ્યાં છે તેટલા પૂરતો સીમિત ઉલ્લેખ ન સમજે માટે 'બધા' એ વિશેષણ ઉમેર્યું.

2. एतदुक्तं भवति । अप्रयुक्ता अपि प्रयुक्तोदाहरणसदृशाश्च सर्व एवेति । दशग्रहणमन्तरेण सर्वग्रहणे क्रियमाणे प्रयुक्तोदाहरणकार्त्स्न्यं गम्येत । दशग्रहणात्तदाहरणकार्त्स्न्येंऽवगते सर्वग्रहणमतिरिच्यमानमुदाहृतसदृशकार्त्स्न्यावगतये जायते ।

2. એટલે આમ સમજવું : અન્ય ન કહેલાં યે જે ઉદાહરણો ઉપર કહેલાં ઉદાહરણો જેવાં હોય તે બધાં વિષે અહીં વાત છે. હવે જો 'દશ' એ વિશેષણ ન વાપરીને માત્ર 'બધા' એમ કહ્યું હોત તો માત્ર અગાઉ આપેલાં **બધાં ઉદાહરણો**નો જ ઉલ્લેખ સમજાત; [તેનાં જેવાં અન્ય ઉદાહરણ પણ ન સમજાત.] આમ ['દશ' અને 'બધા' એ બંને વિશેષણ પૈકી] **'દશ'** ના ઉલ્લેખથી બધાં આપેલાં ઉદાહરણ સમજાય છે અને વધારામાં 'સર્વ' એ વિશેષણથી આ ઉદાહરણ જેવાં બાકીનાં સકળ ઉદાહરણો સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. ते स्वभावानुपलब्धौ संग्रहं तादात्म्येन गच्छन्ति । स्वभावानुपलब्धिस्वभावाः इत्यर्थः ।।

3. આ બધા જ પ્રયોગો એ સ્વભાવાનુપલબ્ધિરૂપ પ્રથમ પ્રયોગમાં તાદાત્મ્યસંબંધે સમાઈ જાય છે, એટલે કે એમના તાત્ત્વિક સ્વરૂપની દૃષ્ટિએ તે સ્વભાવાનુપલબ્ધિરૂપ જ છે. (૪૨)

ननु च स्वभावानुपलब्धिप्रयोगाद् भिद्यन्ते कार्यानुपलब्ध्यादयः । तत्कथमन्तर्भवन्तीत्याह –

**पारम्पर्येणार्थान्तरविधिप्रतिषेधाभ्यां प्रयोगभेदेऽपि ॥ ४३ ॥**

"કાર્યાનુપલબ્ધિ આદિ પ્રયોગો તો સ્વભાવાનુપલબ્ધિ–પ્રયોગથી જુદા છે, તો પછી તે સ્વભાવાનુપલબ્ધિમાં કઈ રીતે સમાઈ ગયેલા કહેવાય ?" આ શંકાના અનુસંધાનમાં કહે છે :

**[અન્તર્ભાવ] પરંપરાથી સમજવો – ભલે અર્થાન્તરના વિધિ કે પ્રતિષેધને લીધે પ્રયોગભેદ હોય. (૪૩)**

1. प्रयोगभेदेऽपि – प्रयोगस्य शब्दव्यापारस्य भेदेऽपि अन्तर्भवन्ति ।

1. 'પ્રયોગ' એટલે શબ્દવ્યાપાર (અર્થાત્ કહેવાની રીત). પ્રયોગનો ભેદ હોવા છતાં પણ [પાછલા દશ પ્રયોગો પ્રથમ પ્રયોગમાં] સમાઈ જાય છે [એવો ભાવ છે].

2. कथं प्रयोगभेद इत्याह — अर्थान्तरविधीति । प्रतिषेध्यादर्थादर्थान्तरस्य विधिः उपलब्धिः स्वभावविरुद्धाद्युपलब्धिप्रयोगेषु । प्रतिषेधः कार्यानुपलब्ध्यादिप्रयोगेषु । अर्थान्तरविधिना, अर्थान्तर-प्रतिषेधेन च प्रयोगा भिद्यन्ते ।

2. પ્રયોગોનું જુદાપણું કઈ રીતે છે તે બતાવવા : 'અર્થાન્તરના વિધિ કે પ્રતિષેધને લીધે' એમ કહ્યું છે. અર્થાન્તર એટલે જેનો પ્રતિષેધ કરવાનો હોય તેનાથી અન્ય બાબત. તેવી બીજી બાબતનો વિધિ એટલે ઉપલબ્ધિ (=અસ્તિત્વનિર્દેશ). આ રીતે અર્થાન્તરનો વિધિ સ્વભાવવિરુદ્ધ વગેરેની ઉપલબ્ધિના પ્રયોગોમાં હોય છે. જ્યારે અર્થાન્તરનો પ્રતિષેધ કાર્યાનુપલબ્ધિ આદિ અનુપલબ્ધિના પ્રયોગોમાં થાય છે. તો આ રીતે અર્થાન્તરના વિધિ કે પ્રતિષેધને લીધે પ્રયોગો જુદા પડે છે.

3. यदि प्रयोगान्तरेष्वर्थान्तरविधिप्रतिषेधौ, कथं तर्ह्यन्तर्भवन्तीत्याह— पारम्पर्येणेति । प्रणालिकयेत्यर्थः ।

3. [પ્રશ્ન થાય:] "જો બાકીના દશ પ્રયોગો આમ અર્થાન્તરના વિધિ કે પ્રતિષેધને લીધે [સ્વભાવનુપલબ્ધિરૂપ પ્રથમ પ્રયોગથી] જુદા પડતા હોય તો પછી કેવી રીતે તેમાં તેમનો સમાવેશ થાય ?" આનાં ઉત્તરરૂપે કહે છે : પરંપરાથી અર્થાત્ પ્રણાલિકાથી (=આડકતરી રીતે) [સમાવેશ થાય છે].

4. एतदुक्तं भवति – न साक्षादेते प्रयोगा दृश्यानुपलब्धिमभिदधति, दृश्यानुपलब्ध्य-व्यभिचारिणं त्वर्थान्तरस्य विधिं निषेधं वाऽभिदधति । ततः प्रणालिकयाऽमीषां स्वभावानुपलब्धौ संग्रहो न साक्षादिति ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

4. કહેવાનું આ છે: આ પ્રયોગો સીધેસીધું દશ્યાનુપલબ્ધિનું કથન નથી કરતા, પરંતુ દશ્યાનુપલબ્ધિ સાથે નિયત સહચારવાળો એવો જે અર્થાન્તરનો વિધિ કે પ્રતિષેધ, તેને સાક્ષાત્ કહે છે. તેને લીધે પરંપરાથી આ પ્રયોગોનો સ્વભાવાનુપલબ્ધિમાં સંગ્રહ થાય છે, સાક્ષાત્ નહિ. (૪૩)

यदि प्रयोगभेदादेष भेदः, परार्थानुमाने वक्तव्य एषः । शब्दभेदो हि प्रयोगभेदः । शब्दश्च परार्थानुमानमित्याशङ्क्याह —

**प्रयोगदर्शनाभ्यासात्स्वयमप्येवं व्यवच्छेदप्रतीतिर्भवतीति स्वार्थेऽप्यनुमानेऽस्याः प्रयोगनिर्देशः ॥ ४४ ॥**

[શંકાકાર:] "જો પ્રયોગની ભિન્નતાથી આ પ્રકારો પડતા હોય તો પછી તેને પરાર્થાનુમાનની ચર્ચા વખતે કહેવા જોઈએ, [સ્વાર્થાનુમાનમાં નહિ;] કારણ કે પ્રયોગની ભિન્નતા એટલે જ શબ્દ કે કથનની ભિન્નતા; અને પરાર્થાનુમાન પણ શબ્દ (=કથનપ્રકાર) જ છે. [એથી કથનપ્રકારરૂપ આ પ્રયોગભેદને પરાર્થાનુમાનમાં જ કહેવો ઠીક, સ્વાર્થાનુમાનમાં નહિ.]" આના ખુલાસારૂપે કહે છે :

**પ્રયોગદર્શનાભ્યાસથી જાતે પણ આમ વ્યવચ્છેદની પ્રતીતિ થાય છે, એટલે સ્વાર્થાનુમાનમાં પણ આનો પ્રયોગનિર્દેશ કરાયો છે. (૪૪)**

1. प्रयोगदर्शनेत्यादि । प्रयोगाणां शास्त्रपरिपठितानां दर्शनमुपलम्भः । तस्याभ्यासः पुनः पुनरावर्तनम् । तस्मान्निमित्तात् । स्वयमपीति प्रतिपत्तुरात्मनोऽपि । एवमित्यनन्तरोक्तेन क्रमेण । व्यवच्छेदस्य प्रतिषेधस्य प्रतीतिर्भवतीति । इतिशब्दस्तस्मादर्थे ।

1. શાસ્ત્રમાં પઠિત જે પ્રયોગો, તેમનું દર્શન એટલે તેમનો અનુભવ અને [તે અનુભવનો] અભ્યાસ એટલે તેનું પુનઃ પુનઃ આવર્તન (એટલે કે ચિત્તમાં પ્રવેશ). [સૂત્રમાં] આવા પ્રયોગ-દર્શનાભ્યાસને [વ્યવચ્છેદપ્રતીતિનું] નિમિત્ત કહેવા ધાર્યું છે. 'જાતે પણ' એટલે જ્ઞાતાને આપમેળે પણ. 'આમ' એટલે હજી હમણાં જ કહેલા ક્રમે. 'વ્યવચ્છેદ' એટલે પ્રતિષેધ. 'એટલે' શબ્દ 'તેથી'ના અર્થમાં છે.

2. तदयमर्थः — यस्मात् स्वयमप्येवमनेनोपायेन प्रतिपद्यते प्रयोगाभ्यासात्, तस्मात् स्वप्रतिपत्तावप्युपयुज्यमानस्यास्य प्रयोगभेदस्य स्वार्थानुमाने निर्देशः । यत्पुनः परप्रतिपत्तावेवोपयुज्यते तत्परार्थानुमान एव वक्तव्यमिति ॥

2. આમ એકંદર અર્થ આવો છે : જ્ઞાતા પ્રયોગના અભ્યાસથી આપમેળે પણ આમ એટલે કે [ઉક્ત વિવિધ પ્રયોગોરૂપ] ઉપાય દ્વારા, [ભિન્ન ભિન્ન આકારે, નિષેધની] પ્રતીતિ પામતો હોય છે, તેથી જ્ઞાતાને પોતાને પણ [જે તે અનુપલબ્ધિરૂપ હેતુની યથાર્થતા] સમજવામાં ઉપયોગી એવા પ્રયોગભેદનો સ્વાર્થાનુમાનમાં નિર્દેશ છે. જ્યારે જે બાબતો બીજાને માટે યોજાયેલા [શાબ્દિક] પ્રતિપાદન માટે જ ઉપયોગી હોય તેનું નિરૂપણ માત્ર પરાર્થાનુમાનમાં કરવું ઉચિત છે. (૪૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ननु च कार्यानुपलब्ध्यादिषु कारणादीनामदृश्यानामेव निषेधः, दृश्यनिषेधे स्वभावानुपलब्धिप्रयोगप्रसङ्गात् । तथा च सति न तेषां दृश्यानुपलब्धेर्निषेधः । तत्कथमेषां प्रयोगाणां दृश्यानुपलब्धावन्तर्भाव इत्याह —

**सर्वत्र चास्यामभावव्यवहारसाधन्यामनुपलब्धौ येषां स्वभावविरुद्धादीनामुपलब्ध्या कारणादीनामनुपलब्ध्या च प्रतिषेध उक्तस्तेषामुपलब्धिलक्षणप्राप्तानामेवोपलब्धिरनुपलब्धिश्च वेदितव्या ॥ ४५ ॥**

[શંકાકાર :] "કાર્યાનુપલબ્ધિ આદિ [દસ] પ્રયોગોમાં તો **અદૃશ્ય** એવાં કારણ આદિનો જ નિષેધ હોય છે; કારણ કે તેઓ જો દૃશ્ય હોય અને તેમનો નિષેધ કરવામાં આવે તો તે સ્વભાવાનુપલબ્ધિરૂપ પ્રયોગ જ ગણાશે. આ સ્થિતિમાં જેમનો નિષેધ કરવામાં આવે છે તેવાં તે કારણ આદિનો અભાવ તેમની દૃશ્યાનુપલબ્ધિથી ફલિત થતો નહિ ગણવાય. તો પછી એ બાકીના દસ પ્રયોગોનો [અગાઉ ૪૨મા સૂત્રમાં કહ્યા મુજબ] દૃશ્યાનુપલબ્ધિ(= સ્વભાવાનુપલબ્ધિ)માં કઈ રીતે સમાવેશ થયેલો ગણાય?" આ અંગે કહે છે :

**વળી બધે જ આ અભાવવ્યવહાર સાધનારી અનુપલબ્ધિમાં સ્વભાવવિરુદ્ધ આદિની ઉપલબ્ધિથી અને કારણાદિની અનુપલબ્ધિથી જેમનો પ્રતિષેધ કહેવાયો હોય છે તેમના અંગે એટલું ધ્યાનમાં રાખવું કે તેઓ [સ્વભાવે] ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત તો હોય જ છે – ભલે તેમની [ક્યારેક] ઉપલબ્ધિ કે [ક્યારેક] અનુપલબ્ધિ થતી હોય; (૪૫)**

1. सर्वत्र चेत्यादि । अभावश्च तद्व्यवहारश्च अभावव्यवहारौ । स्वभावानुपलब्धावभावव्यवहारः साध्यः । शिष्टेष्वभावः । तयोः साधन्यामनुपलब्धौ । सर्वत्र चेति चशब्दो हिशब्दस्यार्थे । यस्मात् सर्वत्रानुपलब्धौ येषां प्रतिषेध उक्तस्तेषामुपलब्धिलक्षणप्राप्तानां दृश्यानामेव प्रतिषेधः, तस्मात् दृश्यानुपलब्धावन्तर्भावः ।

1. 'અભાવવ્યવહાર' એટલે અભાવ અને તેનો વ્યવહાર [– આમ 'અભાવવ્યવહાર' શબ્દને ઇતરેતર દ્વન્દ્વ સમાસ ગણવો.] હવે, [આ બેમાંથી] અભાવનો વ્યવહાર તે સ્વભાવાનુપલબ્ધિરૂપ પ્રયોગનું સાધ્ય છે ને બાકીના દસ પ્રયોગોનું સાધ્ય તે અભાવ છે. અનુપલબ્ધિ[ના ઉક્ત પ્રકારો] તે બેમાંથી એકને સાધી આપે છે. સૂત્રની શરૂઆતમાં આવતો 'વળી' એ શબ્દ [અહીં] કારણવાચકની ગરજ સારે છે. [એટલે સૂત્રનું તાત્પર્ય આમ થશે :] બધા અનુપલબ્ધિપ્રયોગોમાં જેમનો પ્રતિષેધ કહેવાયો હોય છે તે અવશ્ય ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત એટલે કે દૃશ્ય જ હોય છે, તેથી બાકીના દશ પ્રયોગોનો દૃશ્યાનુપલબ્ધિમાં સમાવેશ થાય છે.

2. कुत एतत् दृश्यानामेवेत्याह — स्वभावेत्यादि । अत्रापि चकारो हेत्वर्थः । यस्मात्स्वभावविरुद्ध आदिर्येषां तेषामुपलब्ध्या, कारणमादिर्येषां तेषामनुपलब्ध्या प्रतिषेध उक्तः, तस्मात् दृश्यानामेव प्रतिषेध इत्यर्थः ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. જેમનો પ્રતિષેધ કહેવાયો હોય છે તે દૃશ્ય જ હોય એમ કેમ ? – આનો ઉત્તર 'સ્વભાવવિરુદ્ધ આદિની ઉપલબ્ધિ વડે' ઇત્યાદિ શબ્દો નિર્દેશે છે; એ શબ્દો [આડકતરી રીતે, નિષેધાતા ભાવોની દૃશ્યતાનું] કારણ સૂચવે છે. સ્વભાવવિરુદ્ધ વગેરેની ઉપલબ્ધિ અને કારણ આદિની અનુપલબ્ધિથી પ્રતિષેધ કહ્યો હોય છે તેથી દૃશ્ય એવા ભાવોનો જ પ્રતિષેધ આ બધા પ્રયોગમાં કહેવાતો હોય છે એવો આશય એ શબ્દોમાંથી ફલિત થાય છે.

3. यदि नाम स्वभावविरुद्धाद्युपलब्ध्या कारणाद्यनुपलब्ध्या च प्रतिषेध उक्तस्तथापि कथं दृश्यानामेव प्रतिषेध इत्याह – उपलब्धिरित्यादि । अत्रापि चकारो हेत्वर्थः । यस्मात् ये विरोधिनो व्याप्यव्यापकभूताः कार्यकारणभूताश्च ज्ञाताः, तेषामवश्यमेवोपलब्धिः; उपलब्धिपूर्वा चानुपलब्धिर्वेदितव्या ज्ञातव्या । उपलब्ध्यनुपलब्धी च द्वे येषां स्तस्ते दृश्या एव । तस्मात् स्वभावविरुद्धाद्युपलब्ध्या कारणाद्यनुपलब्ध्या चोपलब्ध्यनुपलब्धिमतां विरुद्धादीनां प्रतिषेधः क्रियमाणो दृश्यानामेव कृतो द्रष्टव्यः ।

3. [પણ સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય :] "ભલે ને સ્વભાવવિરુદ્ધ આદિની ઉપલબ્ધિથી કે કારણ આદિની અનુપલબ્ધિથી પ્રતિષેધ કહ્યો હોય; પરંતુ જેમનો પ્રતિષેધ કે અભાવ [આ બાકીના દશ પ્રયોગોમાં] પ્રતિપાદિત થયો હોય તે દૃશ્ય જ હોય એવું કઈ રીતે ફલિત થાય ?" આનો ઉત્તર 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત...' આદિ શબ્દોમાંથી તારવી શકાય. આ શબ્દો પણ ગર્ભિત રીતે કારણ સૂચવે છે; તે આ રીતે : જે ભાવો પરસ્પરવિરોધી, વ્યાપ્યવ્યાપકરૂપ કે કાર્યકારણરૂપ જણાયા હોય તે [યુગલમાંના પ્રત્યેક]ની ઉપલબ્ધિ અને ઉપલબ્ધિપૂર્વકની [જ] અનુપલબ્ધિ [ક્યારેક ને ક્યારેક તો] થતી હોવાનું માનવું પડે. હવે જે ભાવની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ બંને અનુભવી શકાતી હોય તે ભાવ દૃશ્ય જ હોવો ઘટે. તેથી સ્વભાવવિરુદ્ધ આદિ ભાવોની ઉપલબ્ધિથી અને કારણ આદિની અનુપલબ્ધિથી વિરુદ્ધ આદિનો પ્રતિષેધ થતો હોઈ તે પ્રતિષેધાતા વિરુદ્ધ આદિ પણ [તેમની સાથે વિરોધ, કાર્યકારણભાવ અને વ્યાપ્યવ્યાપકભાવ – એ સંબંધે સંકળાયેલા પ્રતિયોગી ભાવો પોતે દૃશ્ય હોવાથી] ઉપલબ્ધિ અને અનુપલબ્ધિને યોગ્ય જ અર્થાત્ દૃશ્ય જ હોવા ઘટે.

4. बहुषु चोद्येषु प्रक्रान्तेषु परिहारसमुच्चयार्थश्चकारो हेत्वर्थो भवति । यस्मात् इदं चेदं च समाधानमस्ति तस्मात् तत्तच्चोद्यमयुक्तमिति चकारार्थः ॥

4. [બાકીના દશ પ્રયોગોના સ્વભાવાનુપલબ્ધિમાં થતા અંતર્ભાવ બાબત] જે અનેક વાંધાઓ ઉપસ્થિત કરાયા છે તે વાંધાઓના પરિહારો(=જવાબો)ને સાંકળવા માટે 'વળી' એવો શબ્દ [સૂત્રમાં] વાપર્યો હોઈ, [અમે અગાઉ કહ્યું તેમ] તે કારણદર્શક [પણ] બને છે. 'આવું અને **વળી** આવું પણ સમાધાન છે, **માટે** તે તે વાંધો અયોગ્ય છે' – એવો 'વળી' શબ્દનો ભાવ છે. (૪૫)

कस्मात्पुनः प्रतिषेध्यानां विरुद्धादीनामुपलब्ध्यनुपलब्धी वेदितव्ये इत्याह –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अन्येषां विरोधकार्यकारणभावाभावासिद्धेः ॥ ४९ ॥**

[સહજ પ્રશ્ન થાય :] "પ્રતિષેધાતા વિરુદ્ધ આદિ ભાવોની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ [એ ઉભય માટેની યોગ્યતા] કેમ સમજવી ?" આ માટે કહે છે :

**કારણ કે અન્યના વિરોધ, કાર્યકારણભાવ અને અભાવ અસિદ્ધ રહે** છે. (૪૯)

1. अन्येषामिति । उपलब्ध्यनुपलब्धिमद्भ्योऽन्येऽनुपलब्धा एव ये तेषां **विरोधश्च कार्य-कारणभावश्च** केनचित्सहाभावश्च व्याप्यस्य व्यापकस्याभावे न सिध्यति यस्मात् ततो **विरोधकार्य-कारणभावाभावासिद्धेः** कारणाद् उपलब्ध्यनुपलब्धिमन्त एव विरुद्धादयो निषेध्याः । **उभयवन्तश्च दृश्या एव** । **तस्मात् दृश्यानामेव** प्रतिषेधः ।

1. અન્ય એટલે ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ [એ ઉભય] વાળા જે ભાવો હોય તેમનાથી જુદા એટલે કે માત્ર અનુપલબ્ધ રહેતા ભાવો. તેવા ભાવોનો કોઈ અન્ય ભાવ સાથેનો વિરોધ કે કાર્યકારણભાવ અથવા તો તે ભાવ પોતે વ્યાપ્ય હોય તે સંજોગોમાં, [તેના] વ્યાપકનો અભાવ હોય ત્યારે [વ્યાપ્યરૂપ એવા] તેનો [પોતાનો] પણ અભાવ – એ [ત્રણ બાબતો] સિદ્ધ (=નિશ્ચિત) થઈ શકતી ન હોવાથી એટલે કે [સૂત્રમાં કહ્યા મુજબ, ટૂંકમાં] વિરોધ, કાર્યકારણભાવ અને અભાવની અસિદ્ધિને લીધે, જે ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ એ ઉભય[ને યોગ્ય] ઠર્યા હોય તેવા જ વિરુદ્ધાદિ ભાવો નિષેધાઈ શકે છે. હવે એ ઉભયવાળા હોય એનો જ અર્થ એ કે તે ભાવો દૃશ્ય જ હોય. માટે [અગાઉના સૂત્રમાં કહ્યા મુજબ] દૃશ્ય(કે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત)નો જ નિષેધ [બાકીના દશે ય અનુપલબ્ધિપ્રયોગોમાં] હોય છે.

2. तदयमर्थः – विरोधश्च कार्यकारणभावश्च व्यापकाभावे व्याप्याभावश्च दृश्यानुपलब्धेरेवेति । एकसंनिधावपराभावप्रतीतौ ज्ञातो विरोधः । कारणाभिमताभावे च कार्याभिमताभावप्रत्ययेऽवसितः कार्यकारणभावः । व्यापकाभिमताभावे च व्याप्याभिमताभावे निश्चिते निश्चितो व्याप्यव्यापकभावः । तत्र व्याप्यव्यापकभावप्रतीतेर्निमित्तमभावः प्रतिपत्तव्यः । इह गृहीते वृक्षाभावे हि शिंशपात्वा-भावप्रतीतौ प्रतीतो व्याप्यव्यापकभावः । अभावप्रतिपत्तिश्च सर्वत्र दृश्यानुपलब्धेरेव । तस्माद् विरोधं, कार्यकारणभावं, व्याप्यव्यापकभावं च स्मरता विरोधकार्यकारणभावव्याप्यव्यापकभावविषयाभाव-प्रतिपत्तिनिबन्धनं दृश्यानुपलब्धिः स्मर्तव्या । दृश्यानुपलब्ध्यस्मरणे विरोधादीनामस्मरणम् । तथा च सति न विरुद्धादिविधिप्रतिषेधाभ्यामितराभावप्रतीतिः स्यात् । विरोधादिग्रहणकालभाविन्यां च दृश्यानुपलब्धाववश्यस्मर्तव्यायां तत एवाभावप्रतीतिः ।

2. કહેવાનો ભાવ આવો છે : વિરોધ, કાર્યકારણભાવ કે વ્યાપકના અભાવે વ્યાપ્યના અભાવનો નિશ્ચય દૃશ્યાનુપલબ્ધિને કારણે જ થઈ શકે. [હવે એ ત્રણેને એકેક તપાસીએ:] એક ભાવની હાજરીમાં અન્ય ભાવના [નિયત] અભાવની પ્રતીતિ થાય એટલે તે બે ભાવનો વિરોધ સમજાય. કારણ તરીકે અભિપ્રેત પદાર્થના અભાવના પ્રસંગે કાર્ય તરીકે અભિપ્રેત પદાર્થના [નિયત] અભાવની પ્રતીતિ થાય ત્યારે તે બેનો કાર્યકારણભાવ નક્કી થાય, તેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાપક મનાયેલ વસ્તુનો અભાવ હોય ત્યારે વ્યાપ્ય મનાયેલ વસ્તુનો [નિયત] અભાવ નિશ્ચિત થયે તે બે વચ્ચેનો વ્યાપ્યવ્યાપકભાવ નક્કી થાય. તેમાં વ્યાપ્યવ્યાપકભાવની પ્રતીતિના નિમિત્ત તરીકે [વ્યાપકના અભાવને અનુસરતા વ્યાપ્યના] અભાવનું ગ્રહણ થવું આવશ્યક છે; જેમ કે વૃક્ષાભાવનું ગ્રહણ થાય તે વખતે સીસમપણાના [નિયત] અભાવની પણ પ્રતીતિ થાય ત્યારે જ તે બંને વચ્ચેના વ્યાપ્યવ્યાપકભાવની પ્રતીતિ થાય છે. [આમ ત્રણે સંબંધના નિશ્ચય માટે તે સંબંધ ધરાવતા પદાર્થોના અભાવનું ગ્રહણ કરવું કોઇક ને કોઇક વખતે આવશ્યક બને છે એટલી વાત તો નિશ્ચિત થઈ.] હવે, કોઈ પદાર્થના અભાવની પ્રતીતિ હમેશા દૃશ્યાનુપલબ્ધિથી જ થતી હોય છે. આ પરથી એકંદરે એ ફલિત થયું કે [કોઇ પદાર્થના ભાવ કે અભાવના અનુભવને પ્રસંગે, તે પદાર્થને સંડોવતા] વિરોધ, કાર્યકારણભાવ કે વ્યાપ્યવ્યાપકભાવનું સ્મરણ કરનારને તે ત્રણે સંબંધના અનુષંગે ફલિત થતી [કોઈ ને કોઈ ભાવના] અભાવની પ્રતીતિના કારણરૂપ દૃશ્યાનુપલબ્ધિનું પણ સ્મરણ થવું જ ઘટે. જો એ દૃશ્યાનુપલબ્ધિનું સ્મરણ ન થાય તો વિરોધાદિનું પણ સ્મરણ ન જ થાય. ને તે સ્થિતિમાં વિરુદ્ધની ઉપલબ્ધિના કે [કાર્ય, વ્યાપક આદિની] અનુપલબ્ધિના પ્રયોગથી ઇતર પદાર્થના અભાવની પ્રતીતિ ન થાય. આમ કોઈ પદાર્થના અભાવની પ્રતીતિ [અગાઉ ગણાવેલા કાર્યાનુપલબ્ધિ આદિ દશ પ્રયોગો દ્વારા] થાય તે માટે વિરોધાદિ સંબંધના ગ્રહણકાળે થયેલી દૃશ્યાનુપલબ્ધિનું સ્મરણ અવશ્ય થવું ઘટે.

3. तत्र यद्यपि संप्रतितनी नास्ति दृश्यानुपलब्धिः, विरोधादिग्रहणकाले त्वासीत् । या दृश्यानुपलब्धिः संप्रति स्मर्यमाणा सैवाभावप्रतिपत्तिनिबन्धनम् ।

3. હવે, એ સાચુ કે અત્યારે [કે જ્યારે ઉક્ત દશ પ્રયોગોમાંથી કોઇક ને કોઇકથી અમુક પદાર્થના અભાવનુ ગ્રહણ થાય છે ત્યારે] તે પદાર્થની દૃશ્યાનુપલબ્ધિ નથી, પણ વિરોધાદિ સંબંધના બોધની પ્રક્રિયાના ગાળામાં તો તેની દૃશ્યાનુપલબ્ધિ થયેલી જ. એ જ દૃશ્યાનુપલબ્ધિનું અત્યારે પણ [ગ્રહણ નહિ તો] સ્મરણ તો કરવું જ પડે છે અને તો જ [જે તે પદાર્થના] અભાવની પ્રતીતિ [અત્યારે પણ] થઈ શકે.

4. ततः संप्रति नास्ति दृश्यानुपलब्धिरित्यभावसाधनत्वेन दृश्यानुपलब्धिप्रयोगाद् भिद्यन्ते कार्यानुपलब्ध्यादिप्रयोगाः ।

4. આ પરથી એ વાત પણ ઊપસી આવે છે કે ઉક્ત અગિયાર અનુપલબ્ધિપ્રયોગો પૈકી કાર્યાનુપલબ્ધિ આદિ દશ પ્રયોગોમાં અભાવની સિદ્ધિના કાળે દૃશ્યાનુપલબ્ધિ હોતી નથી; એ બાબતમાં તે પ્રયોગો દૃશ્યાનુપલબ્ધિરૂપ પ્રથમ પ્રયોગથી જુદા પડે છે.

5. विरुद्धविधिना कारणादिनिषेधेन च यतो दृश्यानुपलब्धिराक्षिप्ता ततो दृश्यानुपलब्धेरेव कालान्तरवृत्तायाः स्मृतिविषयभूताया अभावप्रतिपत्तिः । अमीषां च प्रयोगाणां दृश्यानुपलब्धावन्तर्भावः । तदनेन सर्वेण दृश्यानुपलब्धावन्तर्भावो दशानामनुपलब्धिप्रयोगाणां पारम्पर्येण दर्शित इति वेदितव्यम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

5. આમ, વિરુદ્ધ વસ્તુના સત્ત્વકથનથી અથવા કારણ આદિના અભાવકથનથી, [નિષેધાતી વસ્તુની, પૂર્વે અનુભવેલી] દશ્યાનુપલબ્ધિનો આક્ષેપ (= અનિવાર્યરૂપે સ્વીકાર) થતો હોવાથી એમ કહી શકાય કે અન્ય કાળે થયેલી અને [હાલ] સ્મરણનો વિષય બનતી દશ્યાનુપલબ્ધિથી જ અભાવનો નિશ્ચય થાય છે. [આથી જ અગાઉ અમે કહ્યું કે] આ દશ પ્રયોગોનો દશ્યાનુપલબ્ધિમાં સમાવેશ થઈ જાય છે. તો, [સૂત્રકારે] આ બધાથી [બાકીના] દશે અનુપલબ્ધિપ્રયોગોનો દશ્યાનુપલબ્ધિમાં સમાવેશ પરમ્પરાથી થાય છે એ વાત સમજાવી છે તેમ જાણવું. (૪૬)

उक्ता दृश्यानुपलब्धिरभावेऽभावव्यवहारे च साध्ये प्रमाणम् । अदृश्यानुपलब्धिस्तु किंस्वभावा, किंव्यापारा चेत्याह—

**विप्रकृष्टविषया पुनरनुपलब्धिः प्रत्यक्षानुमाननिवृत्तिलक्षणा संशयहेतुः ॥ ४७ ॥**

જ્યારે અભાવ અને અભાવવ્યવહાર સાધ્ય હોય ત્યારે દશ્યાનુપલબ્ધિ એ પ્રમાણ હોય છે એ વાત કહેવાઈ. હવે અદશ્યાનુપલબ્ધિ કેવા સ્વભાવવાળી અને શા વ્યાપારવાળી હોય છે – એ પ્રશ્ન અંગે કહે છે :

**પરંતુ, પ્રત્યક્ષ-અનુમાનની નિવૃત્તિરૂપ લક્ષણ ધરાવતી
વિપ્રકૃષ્ટવિષયવાળી અનુપલબ્ધિ તો સંશયના હેતુરૂપ છે; (૪૭)**

1. विप्रकृष्टेत्यादि । विप्रकृष्टः त्रिभिर्देशकालस्वभावविप्रकर्षैः यस्या विषयः सा विप्रकृष्टविषयेति संशयहेतुः । किंस्वभावा सेत्याह –प्रत्यक्षानुमाननिवृत्तिः लक्षणं स्वभावो यस्याः सा प्रत्यक्षानुमाननिवृत्तिलक्षणा । न ज्ञानज्ञेयस्वभावेति यावत् ॥

1. દેશ, કાળ કે સ્વભાવ એ ત્રણના દૂરપણાને લીધે જેનો વિષય વિપ્રકૃષ્ટ (= વ્યવધાનવાળો) છે તેવી અનુપલબ્ધિ તે સંશયનું કારણ બને છે. [આ થયો અદશ્યાનુપલબ્ધિનો વ્યાપાર.] વળી એ અનુપલબ્ધિનો સ્વભાવ સ્ફુટ કરતાં કહે છે : એ અનુપલબ્ધિ પ્રત્યક્ષ અને અનુમાનની નિવૃત્તિ એ જેનું લક્ષણ એટલે કે જેનો સ્વભાવ છે તેવી હોય છે; એટલે કે પ્રમાણ–પ્રમેય–સંબંધ સાથે તેને કંઈ લેવાદેવા નથી. (૪૭)

ननु च प्रमाणात् प्रमेयसत्ताव्यवस्था । ततः प्रमाणाभावात् प्रमेयाभावप्रतिपत्तिर्युक्तेत्याह—

**प्रमाणनिवृत्तावप्यर्थाभावासिद्धेरिति ॥ ४८ ॥**

॥ द्वितीयः स्वार्थानुमानपरिच्छेदः समाप्तः ॥

[આગલા સૂત્રના કથયિતવ્ય અંગે શંકાકાર પૂછે છે:] "પ્રમાણ પરથી પ્રમેયના અસ્તિત્વનો નિર્ણય થતો હોય છે તેથી પ્રમાણના અભાવને આધારે પ્રમેયના અભાવનો **નિશ્ચય** કરવો તે જ યોગ્ય કહેવાય, [નહિ કે તેના અસ્તિત્વ વિષે **સંશય** અનુભવવો તે.]" આ શંકાના સમાધાન માટે કહે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કારણ કે પ્રમાણની નિવૃત્તિની દશામાં પણ અર્થાભાવની સિદ્ધિ થતી નથી. (૪૮)**

( 'ન્યાયબિન્દુ'નો બીજો સ્વાર્થાનુમાનપરિચ્છેદ સમાપ્ત.)

1. प्रमाणनिवृत्तावपीत्यादि । कारणं व्यापकं च निवर्तमानं कार्यं व्याप्यं च निवर्तयेत् । न च प्रमाणं प्रमेयस्य कारणं नापि व्यापकम् । अतः प्रमाणयोर्निवृत्तावप्यर्थस्य प्रमेयस्य निवृत्तिर्न सिध्यति । ततोऽसिद्धेः संशयहेतुरदृश्यानुपलब्धिः, न निश्चयहेतुः ।

1. કારણ અથવા વ્યાપક નિવૃત્ત થાય (= ન હોય) ત્યારે અનુક્રમે કાર્ય કે વ્યાપ્યની નિવૃત્તિ સિદ્ધ થાય. [આ નિયમના સંદર્ભમાં પ્રમાણ–પ્રમેયભાવ તપાસીએ તો:] પ્રમાણ ન તો પ્રમેયનુ કારણ છે કે ન તો પ્રમેયનું વ્યાપક. આથી [પ્રત્યક્ષ અને અનુમાન એ] બંને પ્રમાણની નિવૃત્તિના પ્રસંગે પણ અર્થ એટલે કે પ્રમેયની નિવૃત્તિનો સ્વીકાર કરવાનું આવી પડતું નથી. આ કારણે અદશ્યાનુપલબ્ધિ[રૂપ પ્રમાણનિવૃત્તિ] તે સંશયનું કારણ છે અને નહિ કે નિશ્ચયનું કારણ [એમ આગલા સૂત્રમાં કહ્યું છે].

2. यत्पुनः प्रमाणसत्तया प्रमेयसत्ता सिध्यति, तद्युक्तम् । प्रमेयकार्यं हि प्रमाणम् । न च कारणमन्तरेण कार्यमस्ति । न च कारणान्यवश्यं कार्यवन्ति भवन्ति । तस्मात् प्रमाणात् प्रमेयसत्ता व्यवस्थाप्या, न प्रमाणाभावात् प्रमेयाभावव्यवस्थेति ॥

2. બીજી બાજુ [તમારા પ્રશ્નના પૂર્વાર્ધમાં તમે જે કહ્યુ કે] પ્રમાણની સત્તાથી પ્રમેયની સત્તા સિદ્ધ થાય – તે વાત બરાબર છે; કારણ કે પ્રમાણ એ પ્રમેયનું કાર્ય છે [અને નહિ કે પ્રમેયનું કારણ]. અને કાર્ય તે કારણ વગર હોય નહિ [એ ન્યાયે પ્રમેયરૂપ કારણ ન હોય તો પ્રમાણરૂપ કાર્ય પણ ન જ હોય. એનો જ અર્થ એ કે પ્રમાણરૂપ કાર્ય હોય એટલે પ્રમેયરૂપ કારણનું હોવાનું અનિવાર્ય બની જાય છે.] પણ [તેથી ઊલટું,] કારણો કંઈ અવશ્ય કાર્યથી યુક્ત હોતાં નથી, [એ ન્યાયે પ્રમેયરૂપી કારણ હોય એટલે પ્રમાણરૂપી કાર્ય અવશ્ય હોય જ એવો નિયમ પણ હોઈ શકે નહિ.] આમ પ્રમાણથી પ્રમેયની સત્તાની વ્યવસ્થા (= નિર્ણય) થાય છે, પરંતુ પ્રમાણના અભાવથી કંઈ પ્રમેયના અભાવની વ્યવસ્થા થઈ શકતી નથી. (૪૮)

**॥ आचार्यधर्मोत्तरकृतायां न्यायबिन्दुटीकायां स्वार्थानुमाने द्वितीयः परिच्छेदः ॥**

(આચાર્યધર્મોત્તરરચિત 'ન્યાયબિન્દુટીકા'માં સ્વાર્થાનુમાન અંગેનો દ્વિતીય પરિચ્છેદ સમાપ્ત.)

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# तृतीयः परार्थानुमानपरिच्छेदः ।

## तृतीय परिच्छेद : परार्थानुमान

स्वार्थपरार्थानुमानयोः स्वार्थं व्याख्याय परार्थं व्याख्यातुकाम आह —

**त्रिरूपलिङ्गाख्यानं परार्थानुमानम् ॥ १ ॥**

સ્વાર્થ પરાર્થ એવા બે પ્રકારના અનુમાનમાંથી સ્વાર્થાનુમાનનું સ્વરૂપ સ્પષ્ટ કરીને પરાર્થાનુમાનનું સ્વરૂપ સ્પષ્ટ કરવાના આશયથી કહે છે :

**ત્રિરૂપલિંગનું આખ્યાન તે પરાર્થાનુમાન (૧)**

1. त्रिरूपलिङ्गाख्यानमिति । त्रीणि रूपाणि अन्वयव्यतिरेकपक्षधर्मत्वसंज्ञकानि यस्य तत् त्रिरूपम् । त्रिरूपं च तल्लिङ्गं च तस्याख्यानम् । आख्यायते प्रकाश्यतेऽनेन त्रिरूपं लिङ्गमिति आख्यानम् । किं पुनस्तत् ? वचनम् । वचनेन हि त्रिरूपं लिङ्गमाख्यायते । परस्मायिदं परार्थम् ॥

1. 'ત્રિરૂપ' એટલે અન્વય, વ્યતિરેક અને પક્ષધર્મત્વ નામનાં ત્રણ રૂપ છે જેનાં તેવું. [તેવા] ત્રિરૂપ લિંગનું આખ્યાન. [આ 'આખ્યાન' શબ્દ સમજીએ :] જેનાથી કથન થાય એટલે કે [કહેવાની વાત] પ્રકાશિત થાય તે આખ્યાન. [કોઈ પૂછશે :] "આવું તે શું ?" [એનો જવાબ છે :] "વચન"; કારણ કે વચન વડે જ ત્રિરૂપલિંગનું કથન થઈ શકે છે. [આમ 'આખ્યાન' શબ્દ કરણાર્થક છે – आ + ख्या ધાતુ પરથી.] 'પરાર્થ' એટલે પર અર્થાત્ બીજા માટેનું. (૧)

ननु च सम्यग्ज्ञानात्मकमनुमानमुक्तम् । तत्किमर्थं संप्रति वचनात्मकमनुमानमुच्यत इत्याह –

**कारणे कार्योपचारात् ॥ २ ॥**

[અહીં પ્રશ્ન થાય :] "[પ્રથમ પરિચ્છેદમાં] તો અનુમાનને સમ્યગ્ જ્ઞાનરૂપ કહ્યું છે, તો પછી અહીં અનુમાનને વચનરૂપ (=શબ્દાત્મક) કેમ કહેવામાં આવે છે ?" આનો ઉત્તર :

**— કારણમાં કાર્યના ઉપચાર દ્વારા. (૨)**

1. कारणे कार्योपचारादिति । त्रिरूपलिङ्गाभिधानात् त्रिरूपलिङ्गस्मृतिरुत्पद्यते । स्मृतेश्चानुमानम् । तस्मादनुमानस्य परम्परया त्रिरूपलिङ्गाभिधानं कारणम् । तस्मिन्कारणे वचने कार्यस्यानुमानस्योपचारः समारोपः क्रियते । ततः समारोपात् कारणं वचनमनुमानशब्देनोच्यते । औपचारिकं वचनमनुमानं, न मुख्यमित्यर्थः ।

1. ત્રિરૂપલિંગના કથનથી ત્રિરૂપલિંગની સ્મૃતિ જન્મે છે, અને સ્મૃતિ થતાં અનુમાન નીપજે છે. આમ પરંપરાથી ત્રિરૂપલિંગનું કથન કે વચન તે અનુમાન[રૂપ જ્ઞાન]નું કારણ છે. તો તે કારણરૂપ વચન વિષે કાર્યરૂપ અનુમાનનો ઉપચાર એટલે કે [લક્ષણાશક્તિથી થતો]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમારોપ કરાય છે. તો એ સમારોપ–ક્રિયાને કારણે, કારણભૂત એવા વચનને [પણ] અનુમાન તરીકે ઓળખવામાં આવે છે. [આમ આટલી વાત સ્પષ્ટ થાય છે કે] વચન એ ઉપચાર(=લક્ષણા)થી અનુમાન છે, મુખ્ય રૂપે (=અભિધાશક્તિથી) અનુમાન નથી.

2. न यावत्किंचिदुपचारादनुमानशब्देन वक्तुं शक्यं तावत्सर्वं व्याख्येयम् । किं त्वनुमानं व्याख्यातुकामेनानुमानस्वरूपस्य व्याख्येयत्वात् निमित्तं व्याख्येयम् । निमित्तं च त्रिरूपं लिङ्गम् । तच्च स्वयं वा प्रतीतमनुमानस्य निमित्तं भवति, परेण वा प्रतिपादितम् भवति । तस्मात् लिङ्गस्य स्वरूपं च व्याख्येयं, तत्प्रतिपादकश्च शब्दः । तत्र स्वरूपं स्वार्थानुमाने व्याख्यातम् । प्रतिपादकश्च शब्द इह व्याख्येयः । ततः प्रतिपादकं शब्दमवश्यं वक्तव्यं दर्शयन्ननुमानशब्देनोक्तवानाचार्य इति परमार्थः ॥

2. પણ [આનો અર્થ] એમ નહિ કે જે કંઈ ઉપચારથી 'અનુમાન' શબ્દથી ઓળખાઈ શકે તે બધાનુ આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવશે. [એ પૈકી ખાસ પસંદ કરીને ત્રિરૂપલિંગના વચનની આ ગ્રંથમાં વ્યાખ્યા કરવામાં આવે છે; કારણ કે ગ્રંથકારના મુખ્ય હેતુ સાથે એને આ રીતે સંબંધ છે:] ગ્રંથકાર અનુમાનનું વિવરણ કરવા માગે છે. એથી એમને અનુમાનનું સ્વરૂપ કહેવું પડે; અને [તેના અનુસંધાનમાં અનુમાનના] નિમિત્તનું પણ સ્પષ્ટીકરણ કરવું ઘટે. હવે અનુમાનનું નિમિત્ત તે ત્રિરૂપ લિંગ છે. તે ત્રિરૂપ લિંગ કાં તો જાતે પ્રતીત થતાં, અનુમાનનું નિમિત્ત બને અથવા તો બીજાથી પ્રતિપાદિત થયેલું હોય તો પણ નિમિત્ત બને. [આમ ત્રિરૂપ લિંગનો બોધ પોતાના મનથી અથવા તો અન્યના વચનથી એમ બે રીતે થવો શક્ય છે.] આ [બંને શકયતાને આવરી લેવા] માટે લિંગના સ્વરૂપની પણ વ્યાખ્યા કરવી ઘટે અને તેનું પ્રતિપાદન કરનારા વચન કે શબ્દની પણ. હવે લિંગના સ્વરૂપની વ્યાખ્યા સ્વાર્થાનુમાનપરિચ્છેદમાં કરી; જ્યારે તેના પ્રતિપાદક શબ્દની ચર્ચા આ પરિચ્છેદમાં કરવામાં આવશે. આમ લિંગપ્રતિપાદક શબ્દને પણ [ઉપચાર દ્વારા] 'અનુમાન' શબ્દથી ઓળખાવવા પાછળ આચાર્યનો ગૂઢ આશય, [અનુમાનની ચર્ચાના ભાગરૂપે] ત્રિરૂપ લિંગના પ્રતિપાદક શબ્દની ચર્ચા પણ અવશ્ય કરવી જોઈએ એવું સૂચવવાનો જણાય છે. (૨)

परार्थानुमानस्य प्रकारभेदं दर्शयितुमाह —

**तद् द्विविधम् ॥ ३ ॥**

પરાર્થાનુમાનના પ્રકારો બતાવવા માટે કહે છે :

**તે દ્વિવિધ છે— (૩)**

1. तद् द्विविधमिति । तदिति परार्थानुमानम् । द्वौ विधौ प्रकारौ यस्य तत् द्विविधम् ॥

1. તે એટલે પરાર્થાનુમાન. દ્વિવિધ એટલે બે 'વિધા' (=પ્રકાર) છે જેની તે. (૩)

कुतो द्विविधमित्याह —

**प्रयोगभेदात् ॥ ४ ॥**

દ્વિવિધ શા કારણે છે ? – તો કહે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રયોગભેદને લીધે. (૪)

1. प्रयोगस्य शब्दव्यापारस्य भेदात् । प्रयुक्तिः प्रयोगः अर्थाभिधानम् । शब्दस्यार्थाभिधानव्यापारभेदाद् द्विविधमनुमानम् ॥

1. 'પ્રયોગ' એટલે કે શબ્દવ્યાપાર(=કથનપદ્ધતિ)ના ભેદને લીધે [દ્વિવિધ છે]. પ્રયોગ એટલે પ્રયુક્તિ અર્થાત્ અર્થકથન. આમ શબ્દના અર્થાભિધાનવ્યાપારના જુદાપણાને લીધે અનુમાન દ્વિવિધ કહેવાયું છે. (૪)

तदेवाभिधानव्यापारनिबन्धनं द्वैविध्यं दर्शयितुमाह —

**साधर्म्यवद्वैधर्म्यवच्चेति ॥ ५ ॥**

તે અભિધાનવ્યાપારને લીધે સંભવતા બે પ્રકારો કહે છે :

**સાધર્મ્યવાળું અને વૈધર્મ્યવાળું એમ [ દ્વિવિધ અનુમાન ]. (૫)**

1. साधर्म्यवद्वैधर्म्यवच्चेति । समानो धर्मो यस्य सोऽयं सधर्मा । तस्य भावः साधर्म्यम् । विसदृशो धर्मोऽस्य विधर्मा । विधर्मणो भावो वैधर्म्यम् ।

1. જેમનો સમાન ધર્મ હોય તો 'સધર્મા' કહેવાય; તેનો ભાવ (= દશા) તે સાધર્મ્ય. તે રીતે જેમનો ધર્મ અસમાન હોય તે 'વિધર્મા' કહેવાય; તેનો ભાવ તે વૈધર્મ્ય.

2. दृष्टान्तधर्मिणा सह साध्यधर्मिणः सादृश्यं हेतुकृतं साधर्म्यमुच्यते । असादृश्यं च हेतुकृतं वैधर्म्यमुच्यते ।

2. તો જ્યારે સાધ્યધર્મી (= પક્ષ) સાથે દૃષ્ટાંતધર્મીનું હેતુ[ના સમાન અસ્તિત્વ]-ને લીધે સંભવતું સાદૃશ્ય હોય ત્યારે તે સાધર્મ્ય કહેવાય. તે રીતે [સાધ્યધર્મી અને દૃષ્ટાન્તધર્મી વચ્ચે] હેતુ[ના સત્ત્વ અને અસત્ત્વરૂપ વિરુદ્ધ વસ્તુસ્થિતિ]ને લીધે સંભવતું અસાદૃશ્ય હોય ત્યારે તે વૈધર્મ્ય કહેવાય.

3. तत्र यस्य साधनवाक्यस्य साधर्म्यमभिधेयं तत् साधर्म्यवत् । यथा – यत् कृतकं तदनित्यं यथा घटः, तथा च कृतकः शब्द इत्यत्र कृतकत्वकृतं दृष्टान्तसाध्यधर्मिणोः सादृश्यमभिधेयम् ।

3. હવે, જે અનુમાનવાક્યમાં સીધું કથન સાધર્મ્યનું હોય તે સાધર્મ્યવાળું [પરાર્થાનુમાન] કહેવાય; જેમ કે :

જે કૃતક હોય તે અનિત્ય હોય – દા.ત. ઘડો;
તે રીતે શબ્દ પણ કૃતક છે.

– આમાં સીધું કથન કૃતકત્વ[રૂપ હેતુ]ની બાબતમાં દૃષ્ટાન્તધર્મી અને સાધ્યધર્મી વચ્ચેના સાદૃશ્યનું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

4. यस्य तु वैधर्म्यमभिधेयं तद् वैधर्म्यवत् । यथा – यन्नित्यं तदकृतकं दृष्टं यथाकाशम् । शब्दस्तु कृतक इति कृतकत्वाकृतकत्वकृतं शब्दाकाशयोः साध्यदृष्टान्तधर्मिणोरसादृश्यमिहाभिधेयम् ॥

4. જ્યારે, જે અનુમાનવાક્યમાં સીધું કથન વૈધર્મ્યનું હોય તે વૈધર્મ્યવાળું [પરાર્થાનુમાન] કહેવાય; જેમ કે :

જે નિત્ય હોય તે અકૃતક જોવા મળે છે – દા. ત. આકાશ;
પણ શબ્દ તો કૃતક છે.

– અહીં સાધ્યધર્મી એવા શબ્દમાં કૃતકત્વ અને દૃષ્ટાંતધર્મી એવા આકાશમાં અકૃતકત્વ હોવાથી તે બંને વચ્ચે જે [હેતુના સત્ત્વ અંગેનું] અસાદૃશ્ય છે, તેનું કથન થયું છે. (૫)

यद्यनयोः प्रयोगयोरभिधेयं भिन्नं कथं तर्हि त्रिरूपं लिङ्गमभिन्नं प्रकाश्यमित्याह —

**नानयोरर्थतः कश्चिद्भेदः ॥ ६ ॥**

"જો આ બન્ને પ્રયોગોમાં વાચ્યાર્થ ભિન્ન હોય તો પછી તે બંને સમાન રીતે ત્રિરૂપ લિંગને કઈ રીતે પ્રગટ કરી શકે?" આ [જાતની સંભવિત શંકા] અંગે કહે છે :

**આ બંનેમાં અર્થ બાબત કોઈ ભિન્નતા નથી, (૬)**

1. नानयोरर्थत इति । 'अर्थः' प्रयोजनम् । यत् प्रयोजनं प्रकाशयितव्यं वस्तु उद्दिश्यानुमाने प्रयुज्येते, ततः प्रयोजनात् अनयोर्न भेदः कश्चित् । त्रिरूपं हि लिङ्गं प्रकाशयितव्यम् । तदुद्दिश्य द्वे अप्येते प्रयुज्येते । द्वाभ्यामपि त्रिरूपं लिङ्गं प्रकाश्यत एव । ततः प्रकाशयितव्यं प्रयोजनमनयोरभिन्नम् । तथा च न ततो भेदः कश्चित् ॥

1. 'અર્થ' એટલે પ્રયોજન. જે પ્રયોજનને એટલે કે પ્રગટ કરવાની બાબતને ઉદ્દેશીને આ બંને પ્રકારનાં અનુમાનો પ્રયોજાય છે તે પ્રયોજન[ની સમાનતા]ને લીધે એમનો કોઈ ભેદ હોતો નથી; કારણ કે બંનેનો ઉદ્દેશ્ય ત્રિરૂપલિંગને પ્રગટ કરવાનો હોય છે, [અર્થાત્] તેને ધ્યાનમાં રાખીને જ આ બંને ય અનુમાનો પ્રયોજાય છે. અને બંને દ્વારા લિંગ ત્રિરૂપ હોવાનું તો [ગમે તે રીતે] પ્રગટ થાય જ છે. આ રીતે પ્રગટ કરવાની બાબત કિંવા પ્રયોજન તો આ બંને માટે એક જ હોય છે. એથી એ દૃષ્ટિએ બંને વચ્ચે કોઈ ભેદ હોતો નથી. (૬)

अभिधेयभेदोऽपि तर्हि न स्यादित्याह —

**अन्यत्र प्रयोगभेदात् ॥ ७ ॥**

"તો પછી આ બે અનુમાનના વાચ્યાર્થમાં પણ કોઈ ભેદ ન સંભવી શકે" [એવો વાંધો કોઈ ઉપલા સૂત્રના સંદર્ભમાં લાવે] તો કહે છે :

**સિવાય કે પ્રયોગની ભિન્નતા. (૭)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. अन्यत्र प्रयोगभेदादिति । प्रयोगः अभिधानं वाचकत्वम् । वाचकत्वभेदादन्यो भेदः प्रयोजनकृतो नास्तीत्यर्थः ।

1. પ્રયોગ એટલે કથનપ્રકાર, [અમુક વિશેષ આકારના અર્થની] વાચકતા. આ વાચકતા કે કથનપદ્ધતિની ભિન્નતાને બાદ કરતાં બીજી – પ્રયોજનસંબંધી – ભિન્નતા નથી હોતી.

2. एतदुक्तं भवति । अन्यदभिधेयमन्यत्प्रकाश्यं प्रयोजनम् । तत्राभिधेयापेक्षया वाचकत्वं भिद्यते । प्रकाश्यं त्वभिन्नम् । अन्वये हि कथिते, वक्ष्यमाणेन न्यायेन व्यतिरेकगतिर्भवति । व्यतिरेके चान्वयगतिः । ततः त्रिरूपं लिङ्गं प्रकाश्यमभिन्नम् । न च यत्राभिधेयभेदस्तत्र सामर्थ्यगम्योऽप्यर्थो भिद्यते । यस्मात् 'पीनो देवदत्तो दिवा न भुङ्क्ते', 'पीनो देवदत्तो रात्रौ भुङ्क्ते' इत्यनयोर्वाक्ययोरभिधेयभेदेऽपि गम्यमानमेकमेव, तद्वदिहाभिधेयभेदेऽपि गम्यमानं वस्तु एकमेव ॥

2. અહીં કહેવાયેલી વાત આ છે : [કોઈ પણ વિધાનનો] સીધો અર્થ (= વાચ્યાર્થ) એ એક વસ્તુ છે અને એમાંથી પ્રકાશિત કરવાનું પ્રયોજન એ જુદી જ વસ્તુ છે. એ એમાંથી વાચ્યાર્થ[ની ભિન્નતા]ને લક્ષીને [કોઈ બે વિધાનોની] વાચકતા જુદી પડે છે. તેમ છતાં પ્રકાશિત કરવાની બાબત બંને માટે એક જ હોય. [હવે સાધર્મ્યવાળા અનુમાનમાં અન્વય અનુમાનસાધક હોય છે તો વૈધર્મ્યવાળા અનુમાનમાં વ્યતિરેક અનુમાનસાધક હોય છે. આ ઉપલક વૈપરીત્ય છતાં તત્ત્વતઃ કથન એકનું એક જ હોય છે; કારણ કે] જ્યારે અન્વયનું કથન થાય છે ત્યારે તેમાંથી, આગળ કહેવાશે તે ન્યાયે, વ્યતિરેક પણ ફલિત થાય જ છે, તેમ વ્યતિરેકમાંથી અન્વય પણ ફલિત થાય છે. [તે બંનેમાંથી] એકનું એક ત્રિરૂપલિંગ પ્રકાશિત થવાપણું હોય છે. એટલે [અહીં સમજવાની વાત એ છે કે] જે બે વિધાનોમાં વાચ્યાર્થનો ભેદ હોય તે બંને વચ્ચે સામર્થ્યગમ્ય અર્થ ( = પ્રયોજન)-નો પણ ભેદ હોય જ એવું આવશ્યક નથી. જેમ 'જાડો દેવદત્ત દિવસે નથી ખાતો' અને 'જાડો દેવદત્ત રાત્રે ખાય છે' – એ બે વાક્યના વાચ્યાર્થમાં ભેદ હોવા છતાં તે બંનેમાંથી સમજાતી બાબત એક જ છે, તેમ આ બે પ્રકારનાં અનુમાનોમાં પણ વાચ્યાર્થના ભેદ છતાં યે છેવટે સમજાતી બાબત એક જ હોય છે. (૭)

**तत्र साधर्म्यवत्प्रयोगः – यदुपलब्धिलक्षणप्राप्तं सन्नोपलभ्यते सोऽसद्व्यवहारविषयः सिद्धः, यथाऽन्यः कश्चिद् दृष्टः शशविषाणादिः । नोपलभ्यते च क्वचित्प्रदेशविशेष उपलब्धिलक्षणप्राप्तो घट इत्यनुपलब्धिप्रयोगः ॥ ८ ॥**

**તેમાં સાધર્મ્યવાળો પ્રયોગ : જે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત હોવા છતાં ઉપલબ્ધ ન થાય તે અસત્વ્યવહારનો વિષય સિદ્ધ થાય છે; જેમ કે કોઈ દૃષ્ટ એવું સસલાનું શિંગડું વગેરે; અને અમુક પ્રદેશવિશેષમાં પણ ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત ઘડો ઉપલબ્ધ થતો નથી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– આ અનુપલબ્ધિ[રૂપ હેતુ]નો પ્રયોગ થયો. (૮)

1. तत्रेति तयोः साधर्म्यवैधर्म्यवतोरनुमानयोः साधर्म्यवत् तावदुदाहरन्ननुपलब्धिमाह – यदित्यादिना । यद् उपलब्धिलक्षणप्राप्तं – यद् दृश्यं सन्नोपलभ्यते इति अनेन दृश्यानुपलम्भोऽनूद्यते । सोऽ ऽसद्व्यवहारविषयः सिद्धः – तत् 'असत्' इति व्यवहर्तव्यमित्यर्थः । अनेनासद्व्यवहारयोग्यत्वस्य विधिः कृतः । ततश्चासद्व्यवहारस्य योग्यत्वे दृश्यानुपलम्भो नियतः कथितः । दृश्यमनुपलब्धमसद्व्यवहारयोग्यमेवेत्यर्थः । साधनस्य च साध्येऽर्थे नियतत्वकथनं व्याप्तिकथनम् । यथोक्तं – "व्याप्तिर्व्यापकस्य तत्र भाव एव, व्याप्यस्य वा तत्रैव भावः" [हेतु०] इति ।

1. 'તેમાં' એટલે અગાઉ કહેલા સાધર્મ્ય ને વૈધર્મ્યવાળાં અનુમાનોમાં. અહીં સાધર્મ્યવાળા અનુમાનનું ઉદાહરણ [અગાઉ કહેલા ત્રણ પ્રકારના હેતુઓમાંથી] અનુપલબ્ધિરૂપ હેતુનું આપે છે. 'જે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત – એટલે કે દૃશ્ય – હોય છતાં ઉપલબ્ધ ન થાય' – આટલા શબ્દોથી દૃશ્યાનુપલબ્ધિ વાક્યના ઉદ્દેશ્યરૂપે કહી છે. 'તે અસદ્વ્યવહારનો વિષય સિદ્ધ થાય છે' એટલે કે તે અસત્ છે તેમ [માનીને] વ્યવહાર કરવો જોઈએ. આમ અસદ્વ્યવહારયોગ્યતા એ વાક્યના વિધેયરૂપ છે. એટલે કે અહીં દૃશ્યાનુપલબ્ધિ તે અસદ્વ્યવહારયોગ્યતા સાથે નિયત (= અનિવાર્યરૂપે સંકળાયેલી) હોવાનું વિધાન કરાયું છે. બીજા શબ્દોમાં : દૃશ્ય વસ્તુ અનુપલબ્ધ હોય ત્યારે અસદ્વ્યવહારયોગ્ય જ હોય [એવી અનિવાર્યતા આ વિધાનમાં કહેવાઈ છે. આ પ્રકારે] સાધન(= હેતુ કે લિંગ)ના સાધ્ય પદાર્થ સાથેના નિયતપણાનું કથન એટલે જ વ્યાપ્તિનું કથન કહેવાય. [અન્ય ગ્રંથમાં ગ્રંથકારે] કહ્યું પણ છે : "વ્યાપ્તિ એટલે વ્યાપકનું ત્યાં હોવાપણું જ અથવા તો વ્યાપ્યનું ત્યાં જ હોવાપણું" (હેતુબિન્દુ).

2. व्याप्तिसाधनस्य प्रमाणस्य विषयो दृष्टान्तः । तमेव दर्शयितुमाह – यथान्य इति । साध्यधर्मिणः अन्यः दृष्टान्त इत्यर्थः ।

2. હવે, વ્યાપ્તિને સાધનારાં [પ્રત્યક્ષાદિ] પ્રમાણનો વિષય તે દૃષ્ટાન્ત હોય છે. આવું દૃષ્ટાંત રજૂ કરવા 'જેમ કે કોઈ...' એ શબ્દોથી શરૂ થતું વાક્ય ઉમેરે છે. [એમાંથી એ વાત ફલિત થાય છે કે] સાધ્યધર્મી(=પક્ષ)થી દૃષ્ટાન્ત જુદું (=જુદા ધર્મીરૂપ) હોય છે.

3. दृष्टः इति प्रमाणेन निश्चितः । शशविषाणं हि न चक्षुषा विषयीकृतम् । अपि तु प्रमाणेन दृश्यानुपलम्भेनासद्व्यवहारयोग्यं विज्ञातम् । शशविषाणमादिर्यस्यासद्व्यवहारविषयस्य स तथोक्तः । शशविषाणादौ हि दृश्यानुपलम्भमात्रनिमित्तोऽसद्व्यवहारः प्रमाणेन सिद्धः । तत एव प्रमाणादनेन वाक्येनाभिधीयमाना व्याप्तिर्ज्ञातव्या ।

3. [એ ઉદાહરણ તપાસીએ :] 'દૃષ્ટ' એટલે પ્રમાણ દ્વારા નક્કી કરાયેલું. [એટલે કે અહીં 'દૃષ્ટ'નો 'ચક્ષુ આદિ ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થયેલું' એવો પ્રસિદ્ધ અર્થ લાગુ પાડવાનો નથી. અહીં ઉક્ત વિશિષ્ટ અર્થ જ લેવો જોઈએ,] કારણ કે સસલાનું શિંગડું કંઈ ચક્ષુથી જોવાયું હોતું નથી, પરંતુ દૃશ્યાનુપલબ્ધિરૂપ પ્રમાણથી અસદ્વ્યવહારયોગ્ય હોવાનું જાણવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યું છે. 'વગેરે' શબ્દથી સસલા સિવાયનાં અન્ય ઉદાહરણો — જેમાં અસદ્વ્યવહાર કરવાપણું હોય તેવાં — સૂચવાય છે. સસલાનું શિંગડું વગેરે સ્થાળોએ માત્ર દશ્યાનુપલબ્ધિરૂપ નિમિત્તથી અસદ્વ્યવહાર[ની યોગ્યતા] પ્રમાણથી સિદ્ધ થયેલી છે. [ઉદાહરણોને વિષય બનાવતા] તે [પ્રત્યક્ષ] પ્રમાણથી જ, આપેલા વાક્યમાંની વ્યાપ્તિ ફલિત થતી સમજવાની છે.

4. संप्रति व्याप्तिं कथयित्वा दृश्यानुपलम्भस्य पक्षधर्मत्वं दर्शयितुमाह — नोपलभ्यते चेति । **प्रदेश** एकदेशः पृथिव्याः । स एव विशिष्यतेऽन्यस्मादिति विशेषः एकः । **प्रदेशविशेष** इत्येकस्मिन्प्रदेशे । **क्वचिदिति** । प्रतिपत्तुः प्रत्यक्ष एकोऽपि प्रदेशः । स एवाभावव्यवहाराधिकरणं यः प्रतिपत्तुः प्रत्यक्षो नान्यः । उपलब्धिलक्षणप्राप्त इति दृश्यः । यथा चासतोऽपि घटस्य समारोपितमुपलब्धिलक्षणप्राप्तत्वं तथा व्याख्यातम् ।।

4. હવે, વ્યાપ્તિ કહીને [પછીના ત્રીજા વાક્યમાં] દશ્યાનુપલબ્ધિ [રૂપ હેતુ] તે પક્ષધર્મરૂપ છે તે બતાવ્યું છે. 'પ્રદેશવિશેષ' શબ્દમાં 'પ્રદેશ' એટલે ધરતીનો કોઈ ભાગ; 'વિશેષ' એ શબ્દ वि+शिष् ધાતુ પરથી બન્યો છે — જેને અન્યથી જુદો તારવી બતાવાય તે 'વિશેષ' કહેવાય; એટલે અમુક એક [નિયત પદાર્થ] તે વિશેષ. આમ 'પ્રદેશવિશેષમાં' એટલે એક [નિશ્ચિત] પ્રદેશમાં. વળી તેને લગાડેલા 'કોઈક' એ વિશેષણ દ્વારા જ્ઞાતાને **પ્રત્યક્ષ** એવા એક પ્રદેશનો નિર્દેશ છે. [આમાંથી એ બાબત પણ સ્પષ્ટ થાય છે કે] જે ખાસ પ્રદેશ જ્ઞાતાને પ્રત્યક્ષ હોય તે જ અભાવવ્યવહારનું અધિકરણ હોય છે, બીજો નહિ. 'ઉપલબ્ધિલક્ષણ-પ્રાપ્ત' એટલે દશ્ય. [અમુક સ્થળે] અસત્ એવા ઘડા વિષે પણ ઉપલબ્ધિલક્ષણ-પ્રાપ્તપણું જે કારણે આરોપી શકાય છે તે કારણ તો [અગાઉ અનુપલબ્ધિરૂપ હેતુની ચર્ચામાં] સમજાવાઈ ગયું છે. (૮)

स्वभावहेतोः साधर्म्यवन्तं प्रयोगं दर्शयितुमाह —

**तथा स्वभावहेतोः प्रयोगः — यत्सत्तत्सर्वमनित्यं, यथा घटादिरिति शुद्धस्य स्वभावहेतोः प्रयोगः ॥ ९ ॥**

હવે સ્વભાવહેતુનો સાધર્મ્યવાળો પ્રયોગ કહી બતાવે છે :

**તે રીતે સ્વભાવહેતુનો પ્રયોગ [આમ] : જે સત્ હોય તે સર્વ અનિત્ય હોય; જેમ કે ઘડો વગેરે.**

**— આ શુદ્ધ સ્વભાવહેતુનો પ્રયોગ છે. (૯)**

1. तथेति । यथाऽनुपलब्धेस्तथा स्वभावहेतोः साधर्म्यवान्प्रयोग इत्यर्थः । यत्सत् इति सत्त्वमनूद्य तत्सर्वमनित्यम् इत्यनित्यत्वं विधीयते । सर्वग्रहणं च नियमार्थम् । सर्वमनित्यम् । न किंचिन्नानित्यम् । यत्सत् तदनित्यमेव । अनित्यत्वादन्यत्र नित्यत्वे सत्त्वं नास्तीत्येवं सत्त्वमनित्यत्वे साध्ये नियतं ख्यापितं भवति । तथा च सति व्याप्तिप्रदर्शनवाक्यमिदम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. 'તે રીતે' એટલે જેમ [આગલા સૂત્રમાં] અનુપલબ્ધિનો તેમ [આ સૂત્રમાં] સ્વભાવહેતુનો સાધર્મ્યવાળો પ્રયોગ બતાવાય છે – એવો અર્થ થશે. 'જે સત્ છે' એ શબ્દો દ્વારા 'સત્ત્વ'નો અનુવાદ ( =ઉદ્દેશ્ય તરીકે કથન) કરીને 'તે સર્વ અનિત્ય હોય' એ દ્વારા અનિત્યત્વનું વિધાન કરાયું છે. તેમાં 'સર્વ' શબ્દનો ઉપયોગ નિયમ બતાવવા કર્યો છે; એટલે કે બધું અનિત્ય છે, કશું અનિત્ય ન હોય એવું નથી. બીજા શબ્દોમાં : જે સત્ હોય તે અનિત્ય જ હોય, એમ અહીં, અનિત્યત્વ સિવાય બીજે એટલે કે નિત્યત્વ વિષે સત્ત્વ નથી તે પ્રકારે સત્ત્વ એ અનિત્યત્વરૂપ સાધ્ય વિષે નિયત હોવાનું કહેવાયું છે. આમ [સંબંધનું નિયતત્વ] કહ્યું હોઈને જ આ વાક્ય [અનિત્યત્વરૂપ સાધ્યની સત્ત્વરૂપ હેતુમાં થતી] વ્યાપ્તિને દર્શાવતું વાક્ય બની રહે છે.

2. यथा घटादिरिति व्याप्तिसाधकस्य प्रमाणस्य विषयकथनमेतत् । शुद्धस्येति निर्विशेषणस्य स्वभावस्य प्रयोगः ॥

2. 'જેમ કે ઘડો વગેરે' એ શબ્દોમાં વ્યાપ્તિને સાધી આપનાર પ્રમાણના વિષયનું કથન છે. 'શુદ્ધ' એટલે વિશેષણરહિત; તેવા સ્વભાવ[રૂપ હેતુ]નો પ્રયોગ અહીં બતાવ્યો છે. (૯)

सविशेषणं दर्शयितुमाह —

**यदुत्पत्तिमत्तदनित्यमिति स्वभावभूतधर्मभेदेन स्वभावस्य प्रयोगः ॥१०॥**

હવે વિશેષણવાળા [સ્વભાવહેતુ]ને દર્શાવતાં કહે છે :

**'જે ઉત્પત્તિવાળું હોય છે તે અનિત્ય હોય છે' એ પ્રકારે સ્વભાવભૂત ધર્મના ભેદ દ્વારા સ્વભાવ[હેતુ]નો પ્રયોગ છે. (૧૦)**

1. यदुत्पत्तिमदिति । उत्पत्तिः स्वरूपलाभो यस्यास्ति तद् उत्पत्तिमत् । उत्पत्तिमत्त्वमनूद्य तदनित्यमित्यनित्यत्वविधिः । तथा च सत्युत्पत्तिमत्त्वमनित्यत्वे नियतमाख्यातम् ।

1. જેને 'ઉત્પત્તિ' એટલે સ્વરૂપપ્રાપ્તિ થતી હોય તે 'ઉત્પત્તિવાળું' કહેવાય. અહીં ઉત્પત્તિમત્ત્વનો અનુવાદ કરીને 'તે અનિત્ય છે' એ શબ્દોથી અનિત્યત્વનું વિધાન કરાયું છે. એટલે કે ઉત્પત્તિમત્ત્વ તે અનિત્યત્વ સાથે નિયત[પણે સંકળાયેલું] કહેવાયું છે.

2. स्वभावभूतः तदात्मको धर्मः । तस्य भेदेन । भेदं हेतूकृत्य प्रयोगः ।

2. 'સ્વભાવભૂત' એટલે [સ્વભાવરૂપે રહેલો કિંવા હેતુભૂત પદાર્થ સાથે] તાદાત્મ્ય ધરાવતો એવો ધર્મ; તેના ભેદ (=પૃથગ્રૂપે નિર્દેશ) દ્વારા, એટલે કે તે ભેદને [સાધ્યને સિદ્ધ કરવામાં ઉપકારક એવું] નિમિત્ત બનાવીને. આ જાતના પ્રયોગની અહીં વાત છે.

3. अनुत्पन्नेभ्यो हि व्यावृत्तिमाश्रित्योत्पन्नो भाव उच्यते । सैव व्यावृत्तिर्यदा व्यावृत्त्यन्तरनिरपेक्षा वक्तुमिष्यते तदा व्यतिरेकिणीव निर्दिश्यते – भावस्योत्पत्तिरिति । तया च व्यतिरिक्तयेवोत्पत्त्या विशिष्टं वस्तु उत्पत्तिमदुक्तम् । तेन स्वभावभूतेन धर्मेण कल्पितभेदेन विशिष्टः स्वभावः प्रयुक्तो द्रष्टव्यः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. ['ઉત્પત્તિવાળું' એ શબ્દથી હેતુના સ્વભાવભૂત ધર્મને જ ભેદથી ઉલ્લેખીને હેતુ કહેવાય છે તે આ રીતે :] 'ઉત્પત્તિવાળું' એ વિશેષણ દ્વારા જે કાંઈ અનુત્પન્ન હોય તેમનાથી વ્યાવૃત્તિ કલ્પીને (એટલે કે તેમના સ્વરૂપથી આને અલગ તારવીને) ['ઉત્પત્તિવાળું' એ શબ્દ દ્વારા] 'ઉત્પન્ન થયેલો ભાવ' એવો ઉલ્લેખ થયો છે. તે જ વ્યાવૃત્તિને જ્યારે બીજી વ્યાવૃત્તિથી નિરપેક્ષ બતાવવી હોય છે ત્યારે, [ભાવમાત્ર ઉત્પત્તિથી અભિન્ન હોવા છતાં] જાણે કે [ભાવ અને ઉત્પત્તિ એ બે ધર્મો વચ્ચે] ભેદ હોય તે રીતે આમ પ્રયોગ કરાય છે : 'ભાવની ઉત્પત્તિ'. તો અહીં [ઉત્પત્તિ તે વાસ્તવમાં ભાવથી અલગ ન હોવા છતાં તેનાથી તે] જાણે કે અલગ હોય તેમ 'ઉત્પત્તિવાળું' એ શબ્દ દ્વારા વસ્તુને ઉત્પત્તિથી વિશિષ્ટ કહેલી છે. આમ [આ ઉદાહરણમાં] જે ધર્મ ખરેખર [હેતુ સાથે નિત્ય સંકળાયેલો] સ્વભાવ છે તે ધર્મને [હેતુથી] ભિન્ન [અને તેથી જાણે કે આગંતુક હોય તેવો] કલ્પ્યો છે અને તેને [હેતુના] વિશેષણરૂપે મૂક્યો છે. આમ વિશિષ્ટ સ્વભાવહેતુનો પ્રયોગ અહીં કરાયો છે. (૧૦)

## यत्कृतकं तदनित्यमित्युपाधिभेदेन ॥ ११ ॥

## 'જે કૃતક તે અનિત્ય' – એમ ઉપાધિભેદથી; (૧૧)

1. यत्कृतकमिति कृतकत्वमनूद्यानित्यत्वं विधीयत इति अनित्यत्वे नियतं कृतकत्वमुक्तम् । अतो व्याप्तिरनित्यत्वेन कृतकत्वस्य दर्शिता ।

1. [ઉક્ત વ્યાપ્તિવાક્યમાં] કૃતકત્વનો અનુવાદ કરીને અનિત્યત્વનું વિધાન કરવામાં આવ્યું છે. અર્થાત્ કૃતકત્વ તે અનિત્યત્વ સાથે નિયત છે તેમ કહેવાયું છે. બીજા શબ્દોમાં : અનિત્યત્વની કૃતકત્વ વિષે વ્યાપ્તિ દર્શાવાઈ છે.

2. उपाधिभेदेन स्वभावस्य प्रयोग इति संबन्धः । उपाधिर्विशेषणम् । तस्य भेदेन भिन्नोपाधिना विशिष्टः स्वभावः प्रयुक्त इत्यर्थः ।

2. 'ઉપાધિભેદથી' [એ શબ્દો પછી આગલા સૂત્રના] 'સ્વભાવનો પ્રયોગ' [એ શબ્દો –] નો સંબંધ જોડવાનો છે. 'ઉપાધિ' એટલે વિશેષણ. તે (=ઉપાધિ)ના ભેદથી એટલે કે ભિન્ન ઉપાધિથી વિશિષ્ટ એવા સ્વભાવહેતુનો અહીં પ્રયોગ કરાયો છે એવો અર્થ થયો.

3. इह कदाचिच्छुद्ध एवार्थ उच्यते, कदाचित् अव्यतिरिक्तेन विशेषणेन विशिष्टः, कदाचित् व्यतिरिक्तेन । देवदत्तः इति शुद्धः, लम्बकर्ण इत्यभिन्नकर्णद्वयविशिष्टः, चित्रगुरिति व्यतिरिक्तचित्रगवीविशिष्टः । तद्वत् सत्त्वं शुद्धम्, उत्पत्तिमत्त्वमव्यतिरिक्तविशेषणम्, कृतकत्वं व्यतिरिक्तविशेषणम् ॥

3. [છેલ્લાં ત્રણ સૂત્રોમાં સ્વાભાવહેતુના જે ત્રણ પ્રકારો બતાવાયા તેનો પરસ્પર ભેદ જોઈએ તો :] આ [પરાર્થાનુમાન]માં ક્યારેક શુદ્ધ (= વિશેષણરહિત) પદાર્થનો જ [સ્વભાવહેતુ તરીકે] ઉલ્લેખ થાય છે, ક્યારેક [હેતુના પોતાના સ્વરૂપથી] ભિન્ન નહિ એવા [ધર્મના વાચક] વિશેષણથી વિશિષ્ટ પદાર્થનો પ્રયોગ અને ક્યારેક [હેતુના પોતાનાથી] ભિન્ન [પદાર્થ પર આધારિત] વિશેષણથી વિશિષ્ટ પદાર્થનો પ્રયોગ [આ ત્રણ પ્રકારના ઉલ્લેખોની ભિન્નતા સમજવા સારું ઉદાહરણ લઈએ :] 'દેવદત્ત' એ કોઈક વ્યક્તિનો શુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(=વિશેષણ રહિત) ઉલ્લેખ છે, [તેને જ માટે] 'લંબકર્ણ' (=લાંબા કાનવાળો) એવાં ઉલ્લેખ તે દેવદત્તથી ભિન્ન નહિ એવા બે કાનના નિર્દેશથી વિશિષ્ટ છે અને [તે દેવદત્તને માટે જ કરાતો] 'ચિત્રગુ' (=કાબરચીતરી ગાયવાળો) એવો ઉલ્લેખ તે તેનાથી ભિન્ન એવી કાબરચીતરી ગાયની અપેક્ષાથી વિશિષ્ટ છે. તે રીતે [કોઈ ધર્મીની અનિત્યતાની સિદ્ધિ માટે સ્વભાવહેતુરૂપ] 'સત્ત્વ' તે શુદ્ધ [ધર્મ] છે, 'ઉત્પત્તિમત્ત્વ' તે [સત્ત્વથી] અભિન્ન (=સ્વભાવસિદ્ધ) એવા [ઉત્પત્તિમત્ત્વરૂપ] વિશેષણવાળો [ધર્મ] છે અને 'કૃતકત્વ' તે [સત્ત્વથી] ભિન્ન વસ્તુને અપેક્ષનારા વિશેષણવાળો [ધર્મ] છે. (૧૧)

ननु च चित्रगुशब्दे व्यतिरिक्तस्य विशेषणस्य वाचक चित्रशब्दो गोशब्दश्चास्ति । कृतकशब्दे तु निर्विशेषणवाचिनः शब्दस्य प्रयोगोऽस्तीत्याशङ्क्याह —

**अपेक्षितपरव्यापारो हि भावः स्वभावनिष्पत्तौ कृतक इति ॥ १२ ॥**

[જિજ્ઞાસુની શંકા :] 'ચિત્રગુ' શબ્દમાં તો ભિન્ન વિશેષણને સ્પષ્ટ કરનારા 'ચિત્ર' અને 'ગો' એ બે શબ્દો છે, જ્યારે 'કૃતક' શબ્દમાં તો [બાહ્ય] વિશેષણથી રહિત એવા અર્થના વાચક શબ્દનો [જ] પ્રયોગ છે, [તો પછી 'ચિત્રગુ'ની જેમ 'કૃતક' શબ્દ ભિન્ન ધર્મના વાચક વિશેષણવાળો એટલે કે ઉપાધિરૂપ વિશેષણવાળો કઈ રીતે ગણાય ?]" આ શંકા કલ્પીને કહે છે :

**કારણ કે જે ભાવ સ્વભાવની નિષ્પત્તિમાં પરવ્યાપારની અપેક્ષા રાખતો હોય તે 'કૃતક' કહેવાય. (૧૨)**

1. अपेक्षितेति । परेषां कारणानां व्यापारः । स्वभावस्य निष्पत्तौ निष्पत्त्यर्थमपेक्षितः परव्यापारो येन स तथोक्तः । हीति यस्मादर्थे । यस्मादपेक्षितपरव्यापारः कृतक उच्यते, तस्मात् व्यतिरिक्तेन विशेषणेन विशिष्टः स्वभाव उच्यते ।

1. જે ભાવ સ્વભાવની નિષ્પત્તિમાં પરવ્યાપારની એટલે કે [પોતાનાથી] પર એવાં કારણોના વ્યાપારની અપેક્ષા રાખતો હોય તેનો અહીં ઉલ્લેખ છે. [આગલા સૂત્રમાં કહેલી બાબતનું] અહીં કારણ આપ્યું છે; તે આ રીતે : [કોઈ ભાવ પોતાના સત્ત્વ માટે] પરવ્યાપારની અપેક્ષા રાખતો હોવાથી 'કૃતક' કહેવાતો હોય છે, તેથી ['કૃતકત્વ' તે] ભિન્ન [વસ્તુની અપેક્ષા રાખતા] વિશેષણથી વિશિષ્ટ એવો સ્વભાવહેતુ ગણાય છે.

2. यद्यपि व्यतिरिक्तं विशेषणपदं न प्रयुक्तं तथापि कृतकशब्देनैव व्यतिरिक्तं विशेषणपदमन्तर्भावितम् । अत एव संज्ञाप्रकारोऽयं कृतकशब्दः, यस्मात् संज्ञायामयं कन्प्रत्ययो विहितः [पा० ४·३·१४७] । यत्र च विशेषणमन्तर्भाव्यते तत्र विशेषणपदं न प्रयुज्यते ।

2. જો કે અહીં 'કૃતક' શબ્દ સાથે જુદું વિશેષણપદ વાપર્યું નથી, તો પણ તે 'કૃતક' શબ્દમાં જ ભિન્ન વિશેષણનો સમાવેશ થયેલો છે. આથી તો 'કૃતક' શબ્દ [ખાસ અર્થની વાચક] સંજ્ઞા(=પારિભાષિક શબ્દ)ના પ્રકાર તરીકે [પાણિનિ આદિ વૈયાકરણો દ્વારા] કહેવાયો છે – 'કૃતક'માં લાગેલા 'કન્' પ્રત્યયનું સંજ્ઞાશબ્દ બનાવવા માટે વિધાન કરાયું છે. હવે, [પ્રત્યયના વિશિષ્ટ અર્થ આદિને લીધે] જ્યાં વિશેષણનો શબ્દમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ [ગર્ભિત રીતે] સમાવેશ થઈ જતો હોય ત્યાં વિશેષણવાચક પદનો પ્રયોગ કરવામાં આવતો નથી.

3. क्वचित्तु प्रतीयमानं विशेषणं यथा कृत इत्युक्ते हेतुभिरित्येतत् प्रतीयते । तत्र च हेतुशब्दः प्रयुज्यते, कदाचिन्न वा प्रयुज्यते ॥

3. તો વળી ક્યારેક [આ પ્રકારના ઉપાધિવિશિષ્ટ હેતુનું ઉપાધિરૂપ] વિશેષણ [શબ્દશઃ ન પ્રયોજાયું હોવા છતાં વાક્યના બળથી અધ્યાહૃત કરાતું હોઈ] પ્રતીયમાન હોય છે; દા.ત. 'કૃત' (કરાયેલું) એમ કહેતાં 'કારણો વડે' એવા [વિશેષણગર્ભ] શબ્દો પ્રતીત થાય છે. આ સ્થિતિમાં 'કારણો વડે' એવા શબ્દો ક્યારેક પ્રયોજાય છે, ક્યારેક નહિ. (૧૨)

## एवं प्रत्ययभेदभेदित्वादयोऽपि द्रष्टव्याः ॥ १३ ॥

## આમ પ્રત્યયભેદભેદિત્વ આદિ [હેતુઓ] પણ સમજવા. (૧૩)

1. प्रयुज्यमानस्वशब्दश्च यथा प्रत्ययभेदभेदिशब्दे प्रत्ययभेदशब्दः । यथा च कृतकशब्द भिन्नविशेषणस्वभावाभिधायी एवं प्रत्ययभेदभेदित्वमादिर्येषां प्रयत्नानन्तरीयकत्वादीनां तेऽपि स्वभावहेतोः प्रयोगा भिन्नविशेषणस्वभावाभिधायिनो द्रष्टव्याः ।

1. [આગળ ઉપાધિરૂપ વિશેષણવાળા સ્વભાવહેતુમાં વિશેષણ શબ્દશઃ અપ્રયુક્ત કે વિકલ્પે પ્રયુક્ત હોય તેવાં ઉદાહરણ જોયાં સ્વભાવહેતુના તે જ પ્રકારમાં વિશેષણના પ્રયોગ બાબત ભિન્નતાવાળાં ઉદાહરણ જોઈએ :] જેમાં ઉપાધિરૂપ વિશેષણનો વાચક શબ્દ [અવશ્ય] વાપરવામાં આવતો હોય તેવા ઉદાહરણ તરીકે 'પ્રત્યયભેદભેદિત્વ' એ હેતુમાં [અવશ્ય પ્રયોજાતો એવો વિશેષણવાચક] 'પ્રત્યયભેદ' શબ્દ છે. જેમ [શબ્દનું અનિત્યત્વ સિદ્ધ કરવા આગલા સૂત્રમાં બતાવેલો] 'કૃતકત્વ'રૂપ હેતુ તે ભિન્ન [ઉપાધિરૂપ] વિશેષણવાળા સ્વભાવહેતુનો વાચક છે તે રીતે 'પ્રત્યયભેદભેદિત્વ' (=કારણભેદે વસ્તુનું પોતાનું બદલાવાપણું) અને તેના જેવા 'પ્રયત્નાનન્તરીયકત્વ' (=પ્રયત્ન વિના ન જ હોવાપણું) વગેરે પણ [શબ્દનું કૃતકત્વ, અનિત્યત્વ આદિ સાધતા] સ્વભાવહેતુના પ્રયોગો ભિન્ન વિશેષણવાળા સ્વભાવહેતુના વાચક છે તે ધ્યાનમાં લેવું.

2 प्रत्ययानां कारणानां भेदो विशेषस्तेन प्रत्ययभेदेन भेत्तुं शीलं यस्य स प्रत्ययभेदभेदी शब्दस्तस्य भावः प्रत्ययभेदभेदित्वम् । ततः प्रत्ययभेदभेदित्वाच्छब्दस्य कृतकत्वं साध्यते । प्रयत्नानन्तरीयकत्वादनित्यत्वम् ।

2. 'પ્રત્યયો' એટલે કે કારણોના 'ભેદ' એટલે કે વિશિષ્ટતા મુજબ જેનું ભેદાવાનું (=બદલાવાનું) વલણ હોય તે 'પ્રત્યયભેદભેદી' કહેવાય. અહીં એ, શબ્દ (=ધ્વનિ)નું વિશેષણ છે તો એ પ્રત્યયભેદભેદિત્વને લીધે શબ્દનું 'કૃતકત્વ' (=બીજાં કારણો દ્વારા નિષ્પન્ન થવાપણું) સિદ્ધ કરાય છે. જ્યારે પ્રયત્નાનન્તરીયકત્વથી શબ્દનું અનિત્યત્વ સધાય છે.

3. तत्र प्रत्ययभेदशब्दो व्यतिरिक्तविशेषणाभिधायी प्रत्ययभेदभेदिशब्दे प्रयुक्तः । प्रयत्नानन्तरीयकशब्दे च प्रयत्नशब्दः ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. 'પ્રત્યયભેદભેદી' શબ્દમાં ભિન્ન વિશેષણનો વાચક 'પ્રત્યયભેદ' શબ્દ પ્રયોજાયો છે, [ જે અપ્રયુક્ત કે અધ્યાહાર્ય રાખી શકાય તેમ નથી, ] તેમ 'પ્રયત્નાનન્તરીયકત્વ' શબ્દમાં 'પ્રયત્ન' શબ્દ [ ભિન્ન વિશેષણરૂપ ] છે.

4. तदेवं त्रिविधः स्वभावहेतुप्रयोगो दर्शितः शुद्धोऽव्यतिरिक्तविशेषणो व्यतिरिक्तविशेषणश्च । एवमर्थं चैतदाख्यातम्—वाचकभेदान्मा भूत् कस्यचित्स्वभावहेतावपि प्रयुक्ते व्यामोह इति ॥

4. તો આ રીતે સ્વભાવહેતુના ત્રણ પ્રકાર બતાવાયા: શુદ્ધ, અવ્યતિરિક્તવિશેષણવાળો અને વ્યતિરિક્તવિશેષણવાળો. આટલી સ્પષ્ટતા એટલા માટે કરી કે જેથી ક્યાંક સ્વભાવહેતુનો પ્રયોગ થયો હોવા છતાં કોઈને માત્ર શબ્દના ભેદને કારણે જ [ 'આ સ્વભાવહેતુ નથી' એવી ] વિપરીત બુદ્ધિ ન થાય. (૧૩)

**सन्नुत्पत्तिमान् कृतको वा शब्द इति पक्षधर्मोपदर्शनम् ॥ १४ ॥**

**'શબ્દ સત્, ઉત્પત્તિમાન્ કે કૃતક છે' તે, [હેતુ] પક્ષધર્મ છે તેમ બતાવતું વચન છે. (૧૪)**

(આ સૂત્ર પર ટીકા નથી.) (૧૪)

अथ किमेते स्वभावहेतवः सिद्धसम्बन्धे स्वभावे साध्ये प्रयोक्तव्या आहोस्विदसिद्धसम्बन्ध इत्याशङ्क्य सिद्धसंबन्धे प्रयोक्तव्या इति दर्शयितुमाह—

**सर्व एते साधनधर्मा यथास्वं प्रमाणैः सिद्धसाधनधर्ममात्रानुबन्ध एव साध्यधर्मेऽवगन्तव्याः ॥ १५ ॥**

"હવે, શું આ સ્વભાવહેતુઓ [તેમના] સ્વભાવરૂપ એવા સાધ્ય સાથે [તેમનો] સંબંધ સિદ્ધ હોય તો જ પ્રયોજવા જોઈએ કે સંબંધ સિદ્ધ ન થયો હોય તો પણ પ્રયોજી શકાય ?" આવી શંકા કલ્પીને '[ હેતુનો સાધ્ય સાથે ] સંબંધ સિદ્ધ થયે જ પ્રયોજવા ઘટે' એવું દર્શાવતાં કહે છે :

**દરેક [દાખલા]માં સંભવિત હોય તેવાં પ્રમાણોથી, જ્યારે સાધ્યધર્મ સાધનધર્મમાત્ર સાથેના સિદ્ધ થયેલા અનુબંધવાળો ઠર્યો હોય ત્યારે જ આ બધાને સાધનધર્મો તરીકે જાણવા. (૧૫)**

1. सर्व एत इति । गमकत्वात्साधनानि, पराश्रितत्वाच्च धर्माः । साधनधर्मा एव साधनधर्ममात्रम् । मात्रशब्देनाधिकस्यापेक्षणीयस्य निरासः । तस्यानुबन्धोऽनुगमनमन्वयः । सिद्धः साधनधर्ममात्रानुबन्धो यस्य स तथोक्तः ।

1. [ હેતુ માટે સૂત્રમાં વાપરેલા 'સાધનધર્મ' શબ્દમાં બે વિશેષણો સમાયાં છે તેની સાર્થકતા જોઈએ : ] તેઓ [ સાધ્યના ] ગમક હોઈ 'સાધન' છે ને વળી પર(=ધર્મી)માં આશ્રિત હોઈ 'ધર્મો' કહેવાય છે 'સાધનધર્મમાત્ર' એટલે સાધનધર્મો જ. અહીં 'માત્ર' શબ્દ દ્વારા. [સાધનધર્મ સાથે પ્રાસંગિક રીતે સંકળાયેલા] કોઈ અધિક [ધર્મ]ની અપેક્ષાનો નિષેધ સૂચવાયો છે. તે [ સાધનધર્મમાત્ર ] સાથેનો 'અનુબંધ' એટલે અનુસરણ કે અન્વય. આમ અહીં સાધનધર્મમાત્ર સાથે જેનો અન્વય સિદ્ધ થયો હોય તેવા સાધ્યનો ઉલ્લેખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. केन सिद्ध इत्याह — यथास्वं प्रमाणैरिति । यस्य साध्यधर्मस्य यदास्मीयं प्रमाणं तेनैव प्रमाणेन सिद्ध इत्यर्थः । स्वभावहेतूनां च बहुभेदत्वात् संबन्धसाधनान्यपि प्रमाणानि बहूनीति प्रमाणैरिति बहुवचननिर्देशः ।

2. હવે એ અન્વય શેનાથી સિદ્ધ થયો હોય એ પ્રશ્નના ઉત્તરમાં 'દરેક [દાખલા]માં સંભવિત હોય તેવાં પ્રમાણોથી' એ શબ્દો વાપર્યા છે. જે તે સાધ્યધર્મનો [સાધનધર્મ સાથે નિયત સંબંધ સ્થાપિત કરવા] જે પોતાનું [સંભવિત] પ્રમાણ હોય તે જ પ્રમાણથી તે સંબંધ સિદ્ધ થયેલો હોવો જોઈએ. વળી સ્વભાવહેતુઓ વિવિધ પ્રકારના હોવાથી [સાધ્યસાધન વચ્ચેના] સંબંધ [રૂપ વ્યાપ્તિ]ને સાધનારાં પ્રમાણો પણ અનેક હોય, એથી 'પ્રમાણોથી' એમ બહુવચન વાપર્યું છે.

3. गमयितव्यत्वात् साध्यः, पराश्रितत्वाच्च धर्मः साध्यधर्मः ।

3. [સાધ્ય માટે 'સાધ્યધર્મ' શબ્દ વાપરવાની સાર્થકતા આમ જોઈ શકાય :] તેના તરફ [જ્ઞાતાના મનની] ગતિ કરાવવાની હોઈ (અર્થાત્ તેનું જ્ઞાન સિદ્ધ કરવાનું હોઈ) તે (સાધ્ એટલે કે જવું કે સાધવું — એ ધાતુ પરથી) 'સાધ્ય' કહેવાયુ છે, અને [ધર્મીરૂપ] પરમાં આશ્રિત હોઈ 'ધર્મ' શબ્દથી ઉલ્લેખાયું છે.

4. तदयं परमार्थः—न हेतुः प्रदीपवद् योग्यतया गमकोऽपि तु नान्तरीयकतया विनिश्चितः । साध्यविनाभावित्वनिश्चयनमेव हि हेतोः साध्यप्रतिपादनव्यापारो नान्यः कश्चित् ।

4 અહીં મુખ્ય મુદ્દો આ છે : દીવો જેમ [પોતાના અસ્તિત્વમાત્રરૂપ] યોગ્યતાથી [પૂર્વે અંધકારમાં રહેલા પદાર્થનો] બોધ કરાવે છે, તે રીતે હેતુ, [પક્ષમાં પોતાના અસ્તિત્વમાત્રથી, સાધ્યનો] બોધ કરાવતો નથી; તે તો [સાધ્ય સાથે] અવિનાભાવી તરીકે [જ્ઞાતાના મનમાં] નિશ્ચિત થયો હોય ત્યારે જ સાધ્યનો બોધ કરાવે છે; કારણ કે સાધ્ય સાથેના હેતુના અવિનાભાવિત્વનો નિશ્ચય જ હેતુમાંથી સાધ્યનો બોધ કરાવતો વ્યાપાર છે, બીજો કોઈ નહિ.

5. प्रथमं बाधकेन प्रमाणेन साध्यप्रतिबन्धो निश्चेतव्यो हेतोः । पुनरनुमानकाले साधनं साध्यनान्तरीयकं सामान्येन स्मर्तव्यम् । कृतकत्वं नामानित्यस्वभावमिति सामान्येन स्मृतमर्थं पुनर्विशेषे योजयति—इदमपि कृतकत्वं शब्दे वर्तमानमनित्यस्वभावमेवेति ।

5. [એટલે] પ્રથમ તો, [જ્યાં જ્યાં સાધ્યનો અભાવ હોય ત્યાં ત્યાં સાધનની સત્તાના અભાવના જ્ઞાનરૂપ] બાધક પ્રમાણ વડે હેતુનો સાધ્ય સાથેનો અનિવાર્ય સંબંધ નક્કી કરવો જોઈએ. વળી અનુમાન કરવાને વખતે [તે] સાધન [તે] સાધ્ય વિના હોતું જ નથી એવું સ્મરણ સામાન્યરૂપે કરવું જોઈએ. [ઉદા૦ તરીકે] 'કૃતકત્વ એ ખરે જ અનિત્ય સ્વભાવવાળું હોય છે' એવું સામાન્યભાવે સ્મરણ થવું. તે પછી તે તથ્યને ફરી [પક્ષરૂપી] વિશેષ સ્થળે લાગુ પાડવામાં આવે છે : 'આ, શબ્દમાં રહેલું કૃતકત્વ પણ અનિત્ય સ્વભાવવાળું જ [ઠરે] છે' એ રીતે.

6. तत्र सामान्यस्मरणं लिङ्गज्ञानम् । विशिष्टस्य तु शब्दगतकृतकत्वस्याऽनित्यत्वस्वभावस्य स्मरणमनुमाणज्ञानम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

6. ઉપર કહેલી પ્રક્રિયામાં, જે [વ્યાપ્તિનું] સામાન્યરૂપે સ્મરણ છે તે [અમુક ધર્મ વિષે] લિંગ [પણાનો નિશ્ચય કરાવનાર] જ્ઞાન છે; જ્યારે અનિત્ય સ્વભાવવાળા શબ્દગત વિશિષ્ટ કૃતકત્વનું સ્મરણ અનુમાનજ્ઞાનરૂપ (= અનુમાનનું નિમિત્ત) છે.

7. तथा च तस्याविनाभावित्वज्ञानमेव परोक्षार्थप्रतिपादकत्वं नाम । तेन निश्चितसन्मात्रानुबन्धे साध्यधर्मे स्वभावहेतवः प्रयोक्तव्या नान्यत्रेत्युक्तम् ॥

7. આ રીતે અવિનાભાવિત્વનું જ્ઞાન જ પરોક્ષાર્થના પ્રતિપાદનરૂપ બની રહે છે. આથી જ કહ્યું કે [સ્વભાવહેતુના અસ્તિત્વ-] માત્ર સાથે જે સાધ્યધર્મનો અનુબંધ નક્કી થયો હોય તે જ સાધ્યધર્મ પરત્વે સ્વભાવહેતુઓ પ્રયોજવા, અન્યત્ર નહિ. (૧૫)

यद्येवं सम्बन्धो निश्चेतव्यः साध्यस्य साधनेन सह । साधनधर्ममात्रानुबन्धस्तु साध्यस्य कस्मान्निश्चितो मृग्यत इत्याह—

तस्यैव तत्स्वभावत्वात् ॥ १६ ॥

"જો આમ [સાધનના સાધ્ય સાથેના અવિનાભાવિત્વનો નિશ્ચય જરૂરી] હોય તો સાધ્યનો સાધન સાથે સંબંધ નક્કી કરવો પડે. પણ [તેને બદલે] સાધ્યનો સાધનધર્મમાત્ર સાથેનો અનુબંધ નિશ્ચિત થાય તેવી અપેક્ષા કેમ રખાય છે?" આ અંગે કહે છે:

**કારણ કે તેનામાં જ તેનો સ્વભાવ હોવાપણું હોઈ શકે છે. (૧૬)**

1. तस्यैवेति सिद्धसाधनधर्ममात्रानुबन्धस्य । तत्स्वभावत्वादिति साधनधर्मस्वभावत्वात् । यो हि साध्यधर्मः साधनधर्ममात्रानुबन्धवान् स एव तस्य साधनधर्मस्य स्वभावो नान्यः ।

1. 'તેનામાં જ' એટલે જેનો સાધનધર્મમાત્ર સાથેનો અનુબંધ નક્કી થયો છે એવા સાધ્યધર્મમાં જ. 'તેનો સ્વભાવ હોવાપણું' એટલે સાધનધર્મનો સ્વભાવ હોવપણું. જે સાધ્યધર્મ સાધનધર્મમાત્ર સાથેના અનુબંધવાળો હોય તે જ તે સાધનધર્મનો સ્વભાવ હોય, બીજો નહિ. (૧૬)

भवतु ईदृश एव स्वभावः । स्वभाव एव तु साध्ये कस्माद्धेतुप्रयोगः ?

स्वभावस्य च हेतुत्वात् ॥ १७ ॥

[પુનઃ શંકા :] "ભલે આવું [સાધનધર્મમાત્ર સાથે અનુબંધવાળું સાધ્ય] જ [હેતુનો] સ્વભાવ હોય, પરંતુ [હેતુનો પોતાનો] સ્વભાવ જ હોય એવા સાધ્યના સંદર્ભમાં [આ પ્રકારનો] હેતુપ્રયોગ કેમ કરાય છે?" [તેથી કહે છે :]

**વળી સ્વભાવ વિષે હેતુપણું હોય છે તેથી. (૧૭)**

1. स्वभावस्य च हेतुत्वात् । स्वभाव एव इह हेतुः प्रक्रान्तः । तस्मात् स एव साध्यः कर्तव्यः यः साधनस्य स्वभावः स्यात् । साधनधर्ममात्रानुबन्धवांश्च स्वभावो नान्यः ॥

1. [સાધ્યભૂત] સ્વભાવ પરત્વે (स्वभावे) જ અહીં [કોઈ ધર્મ] હેતુ બનાવાય છે. આથી તેને જ સાધ્ય બનાવાય, જે સાધનનો સ્વભાવ હોય; [કારણ કે તો જ સાધ્ય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધન વચ્ચે અભિન્નતા સધાય ને તે અભિન્નતાને બળે જ તેમાંના એક એટલે કે સાધનથી તેમાંના બીજા એટલે કે સાધ્યની સિદ્ધિ થાય ] હવે [ સાધનનો] સ્વભાવ એટલે જેનો સાધન ધર્મમાત્ર સાથે અનુબંધ હોય તે; એથી અન્ય નહિ. [ આમ હોવાથી સાધ્ય કે જે સાધનના સ્વભાવરૂપ છે તે સાધનધર્મમાત્ર અનુબંધવાળું હોવાનું આવશ્યક મનાયું છે. ] (17)

यदि साध्यधर्मः साधनस्य स्वभावः स्यात् प्रतिज्ञार्थैकदेशस्तर्हि हेतुः स्यादित्याह—

**वस्तुतस्तयोस्तादात्म्यम् ॥१८॥**

"જો સાધ્યધર્મ એ સાધનનો સ્વભાવ હોય તો હેતુ પ્રતિજ્ઞાના અર્થને (=સાધ્યને) એક ભાગરૂપે સમાવનાર થઈ જશે." આના અનુસંધાનમાં કહે છે :

**વસ્તુતઃ તે બંનેનું તાદાત્મ્ય હોય છે (18)**

1. वस्तुत इति । वस्तुतः परमार्थतः साध्यसाधनयोस्तादात्म्यम् । समारोपितस्तु साध्यसाधनभेदः । साध्यसाधनभावो हि निश्चयारूढे रूपे । निश्चयारूढं च रूपं समारोपितेन भेदेनेतरेतरव्यावृत्तिकृतेन भिन्नमिति अन्यत्साधनम्, अन्यत्साध्यम् । दूराद्धि शाखादिमानर्थो वृक्ष इति निश्चीयते, न शिंशपेति । अथ च स एव वृक्षः सैव शिंशपा । तस्मादभिन्नमपि वस्तु निश्चयो भिन्नमादर्शयति व्यावृत्तिभेदेन ।

1. વસ્તુતઃ એટલે કે પરમાર્થતઃ સાધ્ય અને સાધનનું તાદાત્મ્ય હોય છે; જ્યારે તે બંનેનો ભેદ [ કલ્પનાથી ] આરોપેલો હોય છે. [ બીજી રીતે કહીએ તો : ] પ્રતીતિમાં ( એટલે કે પ્રત્યક્ષજ્ઞાન પછી ઉદય પામતી કલ્પનામાં ) ઊપસતા આકારમાં સાધ્યસાધનભાવ [ રૂપ ભેદમૂલક સંબંધ ] જણાય છે. [ સાધ્યભૂત અને સાધનભૂત ભાવોનું, પ્રત્યક્ષોત્તર ] નિશ્ચયમાં ઊપસતું સ્વરૂપ, [ અભિન્ન વસ્તુમાં ] આરોપેલા અને એકબીજાની વ્યાવૃત્તિ[ની પ્રતીતિ]માંથી ફલિત થતા ભેદને લીધે ભિન્ન ભાસે છે. એ દૃષ્ટિએ સાધન જુદું હોય છે, સાધ્ય જુદું; જેમ કે દૂરથી શાખા વગેરેવાળો પદાર્થ વૃક્ષરૂપે કળાય છે, સીસમ તરીકે નહિ. [ આમ બંનેની પ્રતીતિ ભિન્ન રહે છે, સમકાલીન કે અભિન્ન નહિ ] હવે, [ વાસ્તવમાં ] તે જ વૃક્ષ છે ને તે જ સીસમ છે. તો આ રીતે નિશ્ચય (=કલ્પના) અભિન્ન વસ્તુને પણ વ્યાવૃત્તિના ભેદને કારણે ભિન્ન વસ્તુઓરૂપે બતાવે છે.

2. तस्मान्निश्चयारूढरूपापेक्षया अन्यत् साधनम् अन्यत् साध्यम् । अतो न प्रतिज्ञार्थैकदेशो हेतुः । वास्तवं च तादात्म्यमिति ॥

2. એટલે, નિશ્ચયમાં આરૂઢ થયેલા આકારની અપેક્ષાએ [જ] સાધન જુદું છે, સાધ્ય જુદું છે; [ ને તે કાલ્પનિક ભિન્નતાને આશ્રયે જ અનુમાન તે પૈકીના એક એવા સાધનધર્મ દ્વારા અન્ય એવા સાધ્યધર્મનું લૌકિક જ્ઞાન કરાવે છે. ] આ દૃષ્ટિએ, હેતુ પ્રતિજ્ઞાના અર્થને પોતાના એક ભાગરૂપે સમાવનાર જ બની જશે નહિ. બીજી બાજુ સાધ્યસાધન વચ્ચે પરમાર્થદૃષ્ટિએ તાદાત્મ્ય હોય છે; [ પરંતુ અનુમાન આ પરમાર્થને લક્ષતુ નથી, વ્યવહારસત્યને લક્ષે છે. ] (18)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कस्मात्पुनः साधनधर्ममात्रानुबन्ध्येव साध्यः स्वभावो नान्य इत्याह—

**तन्निष्पत्तावनिष्पन्नस्य तत्स्वभावत्वाभावात् ॥१९॥**

[ જિજ્ઞાસુ: ] "[હેતુના] સ્વભાવ [-રૂપ] સાધ્ય તે સાધનધર્મમાત્રના અનુબંધવાળું જ હોઈ શકે, તેથી વિપરીત નહિ—એમ શા કારણે ?" આ અંગે કહે છે :

**કારણ કે તેની (=હેતુની) નિષ્પતિ છતાં જે અનિષ્પન્ન હોય તેનામાં તેનો સ્વભાવ હોવાપણું ન સંભવે. (૧૯)**

1. तन्निष्पत्ताविति । यो हि यन्नानुबध्नाति स तन्निष्पत्तावनिष्पन्नः । तस्य तन्निष्पत्तावनिष्पन्नस्य साधनस्वभावत्वमयुक्तम् । यतो निष्पत्त्यनिष्पत्ती भावाभावरूपे । भावाभावौ च परस्परपरिहारेण स्थितौ ।

1. જે એક વસ્તુ બીજી વસ્તુને અનુસરતી ન હોય તે વસ્તુ [ જ આ સૂત્રમાં ] 'તેની (=બીજાની) નિષ્પત્તિ છતાં અનિષ્પન્ન' [ કહેવાઈ ] છે. તો, સાધનની નિષ્પત્તિ છતાં જે [ધર્મ] અનિષ્પન્ન હોય તે સાધનના સ્વભાવરૂપ હોય એવું બની ન શકે; કારણ કે નિષ્પત્તિ અને અનિષ્પત્તિ તે તો [અનુક્રમે] ભાવ અને અભાવરૂપ હોય છે. અને ભાવ અને અભાવ તો એકબીજાનો પરિહાર કરતા હોય છે. [ જ્યારે બીજી બાજુ જે જેનો સ્વભાવ હોય તે તેની સાથે સહ–અસ્તિત્વ ધરાવે, નહિ તો તેને તેનો સ્વભાવ જ ન કહેવાય ]

2. यदि च पूर्वनिष्पन्नस्य, अनिष्पन्नस्य चैक्यं भवेदेकस्यैवार्थस्य भावाभावौ स्यातां युगपत् । न च विरुद्धयोर्भावाभावयोरैक्यं युज्यते, विरुद्धधर्मसंसर्गात्मकत्वादेकत्वाभावस्य । किञ्च प्रादुर्भवमानं पूर्वनिष्पन्नाद्भिन्नहेतुकम् । हेतुभेदपूर्वकश्च कार्यभेदः ।

2. [ હવે જો સ્વભાવ તેના આધાર સાથે નિષ્પન્ન ન થાય ને તેમ છતાં તે તેનો સ્વભાવ હોવાનું માની લઈએ અને આમ ] પૂર્વે નિષ્પન્ન અને [ તેની સાથે ] અનિષ્પન્નનું ઐક્ય પણ માની લઈએ તો એક જ પદાર્થનો એક્ય જ સમયે ભાવ અને અભાવ ઉભ માનવા પડે. પણ ભાવ અને અભાવ એ પરસ્પર વિરુદ્ધ હોવાથી તેમનું ઐક્ય સંભવે નહિ; કારણ કે [ બે વચ્ચે ] વિરુદ્ધ ધર્મનો સંસર્ગ હોવો એનો જ અર્થ [ એ બંનેના ] ઐક્યનો અભાવ વળી, પાછળથી જે ઉત્પન્ન થાય તે પૂર્વ ઉત્પન્ન થયેલા ભાવથી ભિન્ન હેતુવાળું [જ] હોય અને હેતુભેદને લીધે તો કાર્યભેદ [ સિદ્ધ થતો ] હોય છે.

3. ततो निष्पन्नानिष्पन्नयोर्विरुद्धधर्मसंसर्गात्मको भेदो भेदहेतुश्च कारणभेद इति कुत एकत्वम् ? तस्मात् साधनधर्ममात्रानुबन्ध्येव साध्यः स्वभावो नान्यः ॥

3. આ રીતે નિષ્પન્ન અને અનિષ્પન્ન ભાવો વચ્ચે વિરુદ્ધ ધર્મના સંસર્ગને કારણે પણ ભિન્નતા માનવી પડે અને કારણભેદને લીધે પણ. તો પછી બંનેનું એકત્વ કેવી રીતે સંભવે ? આમ [ સાધનના ] સ્વભાવરૂપ સાધ્ય સાધનધર્મમાત્રના અનુબંધવાળું જ હોઈ શકે. તેથી વિપરીત નહિ. (૧૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मा भूत् पश्चान्निष्पन्नः पूर्वजस्य स्वभावः । साध्यस्तु कस्मान्न भवतीत्याह—

**व्यभिचारसंभवाच्च ॥ २० ॥**

[ શંકાકાર: ] "પાછળથી નિષ્પન્ન થયેલો ભાવ પૂર્વનિષ્પન્ન ભાવનો સ્વભાવ ન હોય એ વાત સ્વીકારી લઈએ; છતાં તે [ પૂર્વનિષ્પન્ન ભાવનું ] સાધ્ય કેમ ન બની શકે ?" આના અન્વયે કહે છે :

**અને વ્યભિચારનો સંભવ હોવાને લીધે પણ. (૨૦)**

1. व्यभिचारेत्यादि । पूर्वजेन पश्चान्निष्पन्नस्य व्यभिचारः परित्यागो यस्तस्य संभवाच्च न पूर्वनिष्पन्नस्य पश्चान्निष्पन्नः साध्यः । तस्मात्साधनधर्ममात्रानुबन्ध्येव स्वभावः । स एव च साध्यः । तथा च सिद्धसाधनधर्ममात्रानुबन्ध एव स्वभावे स्वभावहेतवः प्रयोक्तव्या इति स्थितम् ॥

1. પૂર્વજ ભાવ વડે પાછળથી નિષ્પન્ન થનારા ભાવના વ્યભિચાર એટલે કે [ સહચારનો] પરિત્યાગ કરાય તેવો સંભવ પણ રહે છે. આ સંભવિતતાને લીધે પણ પૂર્વનિષ્પન્ન ભાવના સાધ્ય તરીકે પશ્ચાત્‌નિષ્પન્ન ભાવ ન હોઈ શકે; [ માત્ર સમકાલે નિષ્પન્ન એવો સ્વભાવ જ સાધ્ય હોઈ શકે. ] આથી સ્વભાવ સાધનધર્મમાત્રના અનુબંધ (=સહચાર)વાળો જ હોઈ શકે, ને તે જ સાધ્ય બની શકે. એટલે જ [ અગાઉ પંદરમા સૂત્રમાં જે કહ્યું કે ] જેનો સાધનધર્મમાત્ર સાથેનો અનુબંધ સિદ્ધ થયો હોય તેવા [ સાધ્યધર્મરૂપ ] સ્વભાવના સંદર્ભમાં જ સ્વભાવ-હેતુઓ પ્રયોજવા, તે વાત સુનિશ્ચિત બને છે. (૨૦)

**कार्यहेतोः प्रयोगः—यत्र धूमस्तत्राग्निः । यथा महानसादौ ।**
**अस्ति चेह धूम इति ॥ २१ ॥**

**કાર્યહેતુનો પ્રયોગ :**

**જ્યાં ધુમાડો ત્યાં અગ્નિ;**
**જેમ કે રસોડા વગેરેમાં,**
**અને અહીં પણ ધુમાડો છે.**
**—એ પ્રકારે. (૨૧)**

1. कार्यहेतोः प्रयोगः । साधर्म्यवानिति प्रकरणादपेक्षणीयम् । यत्र धूम इति धूममनूद्य तत्राग्निरित्यग्नेर्विधिः । तथा च नियमार्थः पूर्ववदवगन्तव्यः । तदनेन कार्यकारणभावनिमित्ता व्याप्तिर्दर्शिता ।

1. ચાલુ ચર્ચાવિષયને ધ્યાનમાં લઈ [ અહીં પણ ] સાધર્મ્યવાળા કાર્યહેતુના પ્રયોગની વાત સમજવી, 'જ્યાં ધુમાડો' એ શબ્દોમાં ધુમાડાનો અનુવાદ કર્યો છે ( અર્થાત્ ધુમાડાને વાક્યનું ઉદ્દેશ્ય બનાવ્યું છે ) અને 'ત્યાં અગ્નિ' એ શબ્દોથી અગ્નિનું વિધાન કર્યું છે. [ "જ્યાં ધુમાડારૂપી વ્યાપ્ય ત્યાં અગ્નિરૂપી વ્યાપકનું અસ્તિત્વ અવશ્ય હોવાનું" ઇત્યાદિ પ્રકારે ] સંબંધ નિયત હોય છે તે મુદ્દો અગાઉની જેમ અહીં પણ સમજી લેવો. તો આ રીતે [ પ્રથમ વાક્યમાં ] કાર્યકારણભાવસંબંધી વ્યાપ્તિ બતાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. व्याप्तिसाधनप्रमाणविषयं दर्शयितुमाह — यथा महानसादाविति । महानसादौ हि प्रत्यक्षानुपलम्भाभ्यां कार्यकारणभावात्मा अविनाभावो निश्चितः । अत्रेऽ चेहेति साध्यधर्मिणि पक्षधर्मोपसंहारः ॥

૨. વ્યાપ્તિને સાધનારા પ્રમાણનો વિષય બતાવવા રસોડા વગેરેનો નિર્દેશ કર્યો છે; કારણ કે રસોડા વગેરે સ્થળોએ જ, [ ધુમાડો હોય ત્યારે અગ્નિના ભાવના ] પ્રત્યક્ષ જ્ઞાન અને [અગ્નિ ન હોય ત્યારે ધુમાડાની] અનુપલબ્ધિ વડે કાર્યકારણભાવરૂપ અવિનાભાવ નિશ્ચિત થયો હોય છે. અને ' અહીં પણ ધુમાડો છે ' એ વાક્ય દ્વારા સાધ્યધર્મી (= પક્ષ) વિષે, [ હેતુ ] પક્ષધર્મ તરીકે હોવાની બાબતનું અનુસંધાન કરાયું છે. (૨૧)

**इहापि सिद्ध एव कार्यकारणभावे कारणे साध्ये कार्यहेतुर्वक्तव्यः ॥२२॥**

**અહીં પણ કાર્યકારણભાવ સિદ્ધ થયા પછી જ કારણરૂપ સાધ્ય માટે કાર્યરૂપ હેતુનું કથન કરવું. (૨૨)**

1. इहापीति । न केवलं स्वभावहेताविहापि कार्यहेतौ । सिद्ध एवेति निश्चिते कार्यकारणत्वे । कार्यकारणभावनिश्चयो ह्यवश्यं कर्तव्यः । यतो न योग्यतया हेतुर्गमकोऽपि तु नान्तरीयकत्वादित्युक्तम् ॥

1. ' અહીં પણ ' એટલે માત્ર સ્વભાવહેતુમાં જ નહિ પણ કાર્યહેતુમાં પણ ' સિદ્ધ ' એટલે 'નિશ્ચિત થયેલો'. કાર્યકારણભાવનો નિશ્ચય અવશ્ય કરવો જોઈએ; કારણ કે હેતુ કંઈ [ પોતાના પક્ષમાં અસ્તિત્વરૂપ ] યોગ્યતાથી જ સાધ્યનું જ્ઞાન કરાવી શકતો નથી, પરંતુ તે [ સાધ્ય ] વગર ન જ હોઈ શકે એ [ નિશ્ચય ] ને લીધે [ સાધ્યનું ] જ્ઞાન કરાવી શકે છે – એ વાત આગળ કહેલી જ છે (૨૨)

साधर्म्यवान्स्वभावकार्यानुपलम्भानां प्रयोगो दर्शितः । वैधर्म्यवन्तं दर्शयितुमाह—

**वैधर्म्यवतः प्रयोगः—यत् सदुपलब्धिलक्षणप्राप्तं तदुपलभ्यत एव । यथा नीलादि-विशेषः । न चैवमिहोपलब्धिलक्षणप्राप्तस्य सतः उपलब्धिर्घटस्येत्यनुपलब्धि-प्रयोगः ॥२३॥**

સ્વભાવ-કાર્ય–અનુપલબ્ધિહેતુઓનો સાધર્મ્યવાળો પ્રયોગ બતાવ્યો. હવે વૈધર્મ્યવાળો [ તેવો જ ત્રિવિધ ] પ્રયોગ [ હવે પછીના સૂત્રોમાં ક્રમશઃ ] બતાવે છે :

**વૈધર્મ્યવાળા [પરાર્થ અનુમાન]નો પ્રયોગ :**
**જે સત્ ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત હોય તેની ઉપલબ્ધિ થાય જ;**
**જેમ કે નીલ વગેરે વિશિષ્ટ પદાર્થો;**
**હવે અહીં આવી રીતે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત એવા સતરૂપ ઘડાની ઉપલબ્ધિ થતી નથી.**
**–આ થયો [ વૈધર્મ્યવાળા ] અનુપલબ્ધિરૂપ હેતુનો પ્રયોગ. (૨૩)**

1. वैधर्म्यवत इति । यत् सदुपलब्धिलक्षणप्राप्तमिति यत् सत् दृश्यमित्यस्तित्वानुवादः । तदुपलभ्यत इत्युपलम्भविधिः । तदनेन दृश्यस्य सत्त्वं दर्शनविषयत्वेन व्याप्तं कथितम् ।

1. 'જે સત્ ઉપલબ્ધિ લક્ષણપ્રાપ્ત હોય' આ શબ્દોથી દશ્ય એવા પદાર્થના અસ્તિત્વને ઉદ્દેશ્ય બનાવ્યું છે. 'તેની ઉપલબ્ધિ થાય છે' એ શબ્દો દ્વારા ઉપલબ્ધિનું વિધાન કરાયું છે. તો આ વ્યાપ્તિવાક્યમાં દશ્ય પદાર્થનું અસ્તિત્વ તે દર્શનનો વિષય હોવાપણાથી વ્યાપ્ત કહેવાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2 असत्त्वनिवृत्तिश्च सत्त्वम्, अनुपलम्भनिवृत्तिश्च उपलम्भः। तेन साध्यनिवृत्त्यनुवादेन साधननिवृत्तिर्विहिता। तथा च साध्यनिवृत्ति साधननिवृत्तौ नियतत्वात् साधननिवृत्त्या व्याप्ता कथिता। यदि च धर्मिणि साध्यधर्मो न भवेद् हेतुरपि न भवेत्। हेत्वभावेन साध्याभावस्य व्याप्तत्वात्। अस्ति च हेतुः। अतो व्यापकस्य साधनाभावस्याभावाद् व्याप्यस्य साध्याभावस्याभाव इति साध्यगतिर्भवति।

2. [ હવે, અનુપલબ્ધિ—હેતુના સાધર્મ્યવાળા દૃષ્ટાંતની અગાઉ કહેલી વ્યાપ્તિ આમ હતી : 'જે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત પદાર્થની ઉપલબ્ધિ ન થાય તે અસત્ રૂપે વ્યવહારાવાને યોગ્ય છે.' તેમાંથી અહીં ઊલટી વ્યાપ્તિ આ પ્રકારે તારવી છે. અગાઉના વ્યાપ્તિના વિધેયરૂપ જે ] અસત્ત્વ, તેનો અભાવ એટલે સત્ત્વ અને [ અગાઉની વ્યાપ્તિના ઉદ્દેશ્યરૂપ જે ] અનુલબ્ધિ તેનો અભાવ એટલે ઉપલબ્ધિ. તો અહીં [ વ્યતિરેકવ્યાપ્તિમાં અગાઉની અન્વયવ્યાપ્તિના ] સાધ્યની નિવૃત્તિને (=સત્ત્વનો) અનુવાદ કરીને અગાઉની વ્યાપ્તિના | સાધનના અભાવનું (=ઉપલબ્ધિનું) વિધાન કર્યું છે. એટલે કે સાધ્યનિવૃત્તિ તે સાધનનિવૃત્તિ સાથે નિયમત: બધાયેલી હોવાથી સાધ્યનિવૃત્તિથી વ્યાપ્ત બતાવાઈ છે [બીજી રીતે કહીએ તો :] જો ધર્મામાં સાધ્યધર્મ ન હોય તો હેતુ પણ ન સંભવે; કારણ કે હેત્વભાવથી સાધ્ય ભાવ વ્યાપ્ત છે. હવે [ઉદાહરણ સહિતની વ્યાપ્તિ બાદ જે પક્ષધર્મ બતાવ્યો છે તે મુજબ પક્ષમાં અગાઉની મૂળ વ્યાપ્તિનો અનુપલબ્ધિરૂપ] હેતુ તો છે. એટલે આ સ્થળે [ હેતુ કે સાધનનો ભાવ હોવાથી અર્થાત્] વ્યાપક એવા સાધનાભાવના (=ઉપલબ્ધિના) અભાવને કારણે [ સત્ત્વરૂપી ] સાધ્યાભાવ કે જે વ્યાપ્ય છે તેનો પણ અભાવ સિદ્ધ થશે, એટલે કે [ અસત્ત્વરૂપ ] સાધ્યનું અસ્તિત્વ સિદ્ધ થશે.

3. ततो वैधर्म्यप्रयोगे साधनाभावे साध्याभावो नियतो दर्शनीयः सर्वत्रेति न्यायः ॥

3. આમ વૈધર્મ્યવાળા પ્રયોગમાં સર્વત્ર સાધનાભાવ વિષે સાધ્યાભાવને નિયત થયેલો બતાવવાનો હોય છે. [ અને વ્યાપ્તિ તથા પક્ષના સંજોગોના વૈપરીત્યના પ્રદર્શન દ્વારા સાધ્યસિદ્ધિ કરાય છે. ] (૩)

स्वभावहेतोर्वैधर्म्यप्रयोगमाह —

**असत्यनित्यत्वे नास्त्येव सत्त्वमुत्पत्तिमत्त्वं कृतकत्वं वा। संश्च शब्द उत्पत्तिमान् कृतको वेति स्वभावहेतोः प्रयोगः ॥२४॥**

હવે સ્વભાવહેતુનો વૈધર્મ્યવાળો પ્રયોગ કહે છે :

**અનિત્યત્વ ન હોય તો સત્ત્વ, ઉત્પત્તિમત્ત્વ**
**કે કૃતકત્વ ન જ હોય;**
**જ્યારે શબ્દ તો સત્, ઉત્પત્તિમાન્**
**અને કૃતક છે.**

**—આ રીતે સ્વભાવહેતુનો [વૈધર્મ્યવાળો] પ્રયોગ હોય. (૨૪)**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. असत्यनित्यत्व इति । इहानित्यत्वस्य साध्यस्याभावो हेतोरभावे नियत उच्यते । तेन हेत्वभावेन साध्याभावो व्याप्त उक्तस्त्रिष्वपि स्वभावहेतुषु ।

1. અહીં [ 'જે સત્, ઉત્પત્તિમાન્ કે કૃતક હોય તે અનિત્ય હોય' એવી અગાઉ કહેલી વ્યાપ્તિના અનિત્યત્વરૂપ] સાધ્યનો અભાવ [ તે જ વ્યાપ્તિના સત્ત્વ, ઉત્પત્તિમત્ત્વ કે કૃતકત્વરૂપ ] હેતુના અભાવ વિષે નિયત કહેવાયો છે. આમ આ ત્રણે સ્વભાવહેતુપ્રયોગો[ની વ્યાપ્તિ]માં સાધ્યભાવ તે હેતુના અભાવથી વ્યાપ્ત કહેવાયો છે.

2. सन्नुत्पत्तिमान् कृतको वा शब्द इति त्रयाणामपि पक्षधर्मत्वप्रदर्शनम् । इह च साधनाभावस्य व्यापकस्याभाव उक्तः । ततो व्याप्योपि साध्याभावो निवर्तत इति साध्यगतिः ॥

2. હવે, 'શબ્દ સત્, ઉત્પત્તિમાન્ અને કૃતક છે' એ શબ્દોથી ત્રણે [મૂળ વ્યાપ્તિના] હેતુઓનું પક્ષધર્મત્વ દર્શાવાયું છે, અર્થાત્ [ અત્રે કહેવાયેલી વ્યાપ્તિના] વ્યાપક એવા સાધનાભાવનો (=અસત્ત્વ, અનુત્પત્તિમત્ત્વ અને અકૃતકત્વનો ) અભાવ કહ્યો છે. તેને લીધે [આ જ વ્યાપ્તિના] વ્યાપ્ય એવા સાધ્યાભાવનો (=અનિત્યત્વાભાવનો) પણ અભાવ સિદ્ધ થાય છે, એટલે કે સાધ્યનું (=અનિત્યત્વનું) અસ્તિત્વ સ્થિર થાય છે. (૨૪)

कार्यहेतोर्वैधर्म्यवत्प्रयोगमाह—

**असत्यग्नौ न भवत्येव धूमः । अत्र चास्ति धूम इति कार्यहेतोः प्रयोगः ॥२५॥**

કાર્યહેતુનો વૈધર્મ્યવાળો પ્રયોગ કહે છે :

**અગ્નિ ન હોય તો ધુમાડો ન જ હોય;**
**જ્યારે અહીં તો ધુમાડો છે.**
**—આ૦ કાર્યહેતુનો પ્રયોગ (૨૫)**

1. असत्यग्नाविति । इहापि वह्न्यभावो धूमाभावेन व्याप्त उक्तः । अस्ति चात्र धूम इति व्यापकस्य धूमाभावस्याभाव उक्तः । ततो व्याप्यस्य वह्न्यभावस्याभावे साध्यगतिः ॥

1. અહીં પણ અગ્નિ[રૂપ સાધ્ય]નો અભાવ ધુમાડા[રૂપ સાધન]ના અભાવથી વ્યાપ્ત કહ્યો છે. 'અહીં ધુમાડો છે' એમાં વ્યાપક એવા ધૂમાભાવનો અભાવ કહ્યો છે. તેથી વ્યાપ્ય એવા અગ્ન્યભાવનો અભાવ (=અગ્નિનો ભાવ) ફલિત થશે; એટલે કે [ 'જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય' એ મૂળ વ્યાપ્તિના ] સાધ્યરૂપ અગ્નિની સિદ્ધિ થશે (૨૫)

ननु च साधर्म्यवति व्यतिरेको नोक्तः । वैधर्म्यवति चान्वयः । तत् कथमेतत् त्रिरूप लिङ्गाख्यानमित्याह—

***साधर्म्येणापि हि प्रयोगेऽर्थाद्वैधर्म्यगतिरिति ॥२६॥***

[ જિજ્ઞાસુનો પ્રશ્ન : "સાધર્મ્યવાળા પ્રયોગમાં વ્યતિરેક[-વ્યાપ્તિ ] નથી કહેવાઈ અને વૈધર્મ્યવાળા પ્રયોગમાં અન્વય[-વ્યાપ્તિ] નથી કહેવાઈ. [આમ બંનેમાં લિંગનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક એક રૂપ કહેવાનું બાકી રહે છે.] તો પછી અહીં લિંગનાં ત્રણે રૂપનું કથન કઈ રીતે થયું ગણાય ?" આ અંગે કહે છે :

**કારણ કે [માત્ર] સાધર્મ્યથી પણ પ્રયોગ હોય ત્યારે તેના અર્થમાંથી જે વૈધર્મ્ય સમજાઈ જાય છે. (૨૬)**

1. साधर्म्येणेति । साधर्म्येणापि अभिधेयेन युक्ते प्रयोगे क्रियमाणे अर्थात् सामर्थ्यात् वैधर्म्यस्य व्यतिरेकस्य गतिर्भवतीति । हीति यस्मात् । तस्मात् त्रिरूपलिङ्गाख्यानमेतत् ।

1. વાચ્યાર્થરૂપે સાધર્મ્યવાળો પ્રયોગ કરાય ત્યારે પણ તેના અર્થમાંથી એટલે કે કે [તે કથનના] સામર્થ્યથી વૈધર્મ્ય[-પ્રયોગ]નો અને તેના અંગરૂપી વ્યતિરેક[-વ્યાપ્તિ]નો બોધ થઈ જાય છે. આ અગાઉનાં સૂત્રોમાં પ્રદર્શિત કરેલા સાધર્મ્યવત્ અને વૈધર્મ્યવત્ અનુમાનના પ્રયોગોમાં] ત્રિરૂપલિંગનું જ કથન છે એ વાતનું કારણ આ સૂત્રમાં કહ્યું છે.

2. यदि नाम व्यतिरेकोऽन्वयवता नोक्तस्तथापि अन्वयवचनसामर्थ्यादेवावसीयते ॥

2. [કહેવાનો ભાવ એ કે] અન્વય [-વ્યાપ્તિ]વાળા [પ્રયોગ] સાથે વ્યતિરેક-[-વ્યાપ્તિ] ન કહેવાઈ હોય તો પણ તે અન્વયના કથનના બળે જ સમજાઈ જાય છે. (૨૬)

कथम् ?

**असति तस्मिन् साध्येन हेतोरन्वयाभावात् ॥२७॥**

"કઈ રીતે ? [એ પ્રશ્નનો ઉત્તર] :

**કારણ કે તે ન હોય તો સાધ્ય દ્વારા હેતુના અન્વયનો અભાવ હોય. (૨૭)**

1. असति तस्मिन् व्यतिरेके बुद्ध्याध्यवसिते साध्येन हेतोरन्वयस्य बुद्ध्याध्यवसितस्याभावात् । साध्ये नियतं साधनमन्वयवाक्या वक्तता साध्याभावे साधनं नाशङ्कनीयम् । इतरथा साध्यनियतमेव न प्रतीतं स्यात् । साध्याभावे च साधनाभावगतिर्व्यतिरेकगतिः । अतः साध्यनियतस्य साधनस्याभिधानसामर्थ्यादन्वयवाक्येऽवसितो व्यतिरेकः ॥

1. તે એટલે કે બુદ્ધિમાં પ્રતીત થયેલો વ્યતિરેક જો [અન્વયપ્રતીતિનો નિયત સહચારી] ન હોય તો સાધ્ય દ્વારા હેતુનો અન્વય પણ બુદ્ધિમાં પ્રતીત થવાપણું ન જ સંભવે. [તે આ રીતે :] જેને સાધન એ સાધ્યમાં નિયત હોવાનું, [પ્રતિપાદકના] અન્વયવાક્યથી સમજાયુ હોય તે સાધ્યાભાવને સ્થળે સાધન[ના અસ્તિત્વ]ની સંભાવના કરી જ ન શકે; કારણ કે જો તેમ ન હોય તો [સાધન] તે સાધ્યમાં નિયત છે એવું [અન્વયવાક્યના આધારે] પ્રતીત થયું જ ન ગણાય. [એટલે આ રીતે અન્વયવાક્યની સમજણમાંથી જ 'સાધ્યાભાવ હોય તો સાધનનો ભાવ નહિ પણ અભાવ જ હોય' એવી પ્રતીતિ ફલિત થાય છે.] હવે આ સાધ્યાભાવથી સાધનાભાવનો બોધ એટલે જ વ્યતિરેકનો બોધ. આમ સાધન તે સાધ્યનિયત છે તેવા અન્વયવાક્યના અભિધાનના સામર્થ્યથી જ વ્યતિરેક સમજાઈ જાય છે. (૨૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तथा वैधर्म्येणाप्यन्वयगतिः ॥२८॥**

**તે રીતે વૈધર્મ્ય[-પ્રયોગ]થી પણ અન્વય[-વ્યાપ્તિ] સમજાઈ જાય છે(૨૮)**

1. तथेति । यथाऽन्वयवाक्ये तथाऽर्थादेव वैधर्म्येण प्रयोगेऽन्वयस्यानभिधीयमानस्यापि गतिः ॥

1. જેવી રીતે અન્વયવાક્યથી [વ્યતિરેકવાક્યનો બોધ થાય છે] તેમ અર્થના સામર્થ્યથી જ વૈધર્મ્યવાળા પ્રયોગથી અન્વયનો બોધ પણ વગર કહ્યે જ થયેલો હોય છે. (૨૮)

कथम् ?

**असति तस्मिन् साध्याभावे हेत्वभावस्यासिद्धेः ॥२९॥**

કઈ રીતે ?

**તે ન હોય તો સાધ્યાભાવથી હેત્વભાવની સિદ્ધિ થતી નથી. (૨૯)**

1. असति तस्मिन् अन्वये बुद्धिगृहीते साध्याभावे हेत्वभावस्यासिद्धेरनवसायात् । हेत्वभावे साध्याभावं नियतं व्यतिरेकवाक्यादवस्यता हेतुसंभवे साध्याभावो नाशङ्कनीयः । इतरथा हेत्वभावे नियतो न स्यात् प्रतीतः । हेतुसत्त्वे च साध्यसत्त्वगतिरन्वयगतिः । अतः साधनाभावनियतस्य साध्याभावस्याभिधानसामर्थ्याद् व्यतिरेकवाक्येऽन्वयगतिः ॥

1. તે એટલે કે અન્વયનો બુદ્ધિમાં થયેલો નિશ્ચય ન હોય તો [વ્યતિરેકવ્યાપ્તિ અર્થાત્] સાધ્યાભાવના પ્રસંગે હેત્વભાવોની આવશ્યકતા]ની પણ સિદ્ધિ એટલે કે પ્રતીતિ થયાપણું હોતું નથી: [કારણ કે] વ્યતિરેકવાક્યની મદદથી જેને સાધ્યાભાવ તે હેત્વભાવ વિષે નિયત હોવાની પ્રતીતિ થઈ હોય તેને હેતુ હોય ત્યાં તો સાધ્યાભાવનો સંભવ જણાય જ નહિ; (અર્થાત્ હેતુ હોય ત્યાં સાધ્ય હોવાનું જ માનવું પડે.) નહિતર સાધ્યાભાવ હેતુના અભાવમાં જ નિયત હોવાનું તેને પ્રતીત થયું જ ન કહેવાય [આમ હેતુ હોય ત્યાં સાધ્યાભાવ ન જ હોય, એટલે કે સાધ્ય હોય એમ માનવાનું અનિવાર્ય બની જાય છે.] હવે, [આ રીતે] હેતુ હોય ત્યાં સાધ્ય હોય જ એવો બોધ એટલે જ બીજું કંઈ નહિ પણ અન્વયનો બોધ. આમ સાધનાભાવ વિષે નિયત એવા સાધ્યાભાવના વ્યતિરેકવાક્યમાં કરાયેલા કથનના સામર્થ્યમાત્રથી જ અન્વયનો બોધ પણ થઈ જાય છે. (૨૯)

यदि नामाकाशादौ साध्याभावे साधनाभावस्तथापि किमिति हेतुसंभवे साध्यसंभव इत्याह—

**न हि स्वभावप्रतिबन्धेऽसत्यैकस्य निवृत्तावपरस्य नियमेन निवृत्तिः ॥३०॥**

[કોઈ જિજ્ઞાસુ માર્મિક પ્રશ્ન કરે છે] "જો આકાશ વગેરેમાં સાધ્યાભાવ (=અનિત્યતાના અભાવ) સાથે સાધનાભાવ (સત્ત્વાભાવ) જોવા મળતો હોય તો પણ શું [તેટલામાત્રથી] હેતુ (=સત્ત્વ) હોય ત્યાં સાધ્ય(=અનિત્યતા)નું અસ્તિત્વ સિદ્ધ થઈ શકે ?" આના અન્વયે કહે છે :

**[બે પદાર્થો વચ્ચે] સ્વભાવપ્રતિબંધ ન હોય તો એકની નિવૃત્તિથી બીજાની નિયમથી નવૃત્તિ નિ થાય. (૩૦)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. नहीति । स्वभावेन प्रतिबन्धो यस्तस्मिन्नसत्येकस्य साध्यस्य निवृत्त्या नापरस्य साधनस्य नियमेन युक्ता नियमवती निवृत्तिः ।।

1. 'સ્વભાવપ્રતિબંધ' એટલે સ્વભાવથી પ્રતિબંધ (=નિયત સંબંધ). જો [ સાધનનો સાધ્ય સાથે ] સ્વભાવપ્રતિબંધ ન હોય તો એમાંના એક એવા સાધ્યની નિવૃત્તિ (=અભાવ)થી બીજાની એટલે કે સાધનની નિયમથી યુક્ત કિંવા નિયમવાળી નિવૃત્તિ ન થાય. [ એટલે માત્ર દૃષ્ટાંતગત વ્યતિરેકદર્શન તે અન્વયસિદ્ધિ કરી ન આપે. એને માટે સાધ્યસાધનનો સ્વભાવપ્રતિબંધ પણ જ્ઞાત હોવો જોઈએ.] (૩૦)

**स च द्विप्रकारः सर्वस्य । तादात्म्यलक्षणस्तदुत्पत्तिलक्षणश्चेत्युक्तम् ॥३१॥**

**અને સર્વનો તે બે પ્રકારનો હોય છે : તાદાત્મ્યલક્ષણ અને તદુત્પત્તિલક્ષણ–એમ [ અગાઉ સૂત્ર ૨.૨૨માં ] કહ્યું છે.** (૩૧)

1. स च स्वभावप्रतिबन्धो द्विप्रकारः सर्वस्य प्रतिबद्धस्य । तादात्म्यं लक्षणं निमित्तं यस्य स तथोक्तः। तदुत्पत्तिर्लक्षणं निमित्तं यस्य स तथोक्तः । यो यत्र प्रतिबद्धस्तस्य स प्रतिबन्धविषयोऽर्थः स्वभावः कारणं वा स्यात् । अन्यस्मिन् प्रतिबद्धत्वानुपपत्तेः । तस्माद् द्विप्रकारः स इत्युक्तम् । 'स च साध्येऽर्थे लिङ्गस्य' इत्यत्रान्तरेऽभिहितः ।।

1. તે એટલે કે [ આગલા સૂત્રમાં કહેલો ] સ્વભાવપ્રતિબંધ તે બધાં પ્રતિબદ્ધ [ લિંગ ]નો બે પ્રકારનો હોય છે : 'તાદાત્મ્યલક્ષણ' એટલે તાદાત્મ્ય જેનું લક્ષણ અર્થાત્ નિમિત્ત છે તેવો અને 'તદુત્પત્તિલક્ષણ' એટલે તેમાંથી ઉત્પત્તિ એ જેનું લક્ષણ કિંવા નિમિત્ત છે તેવો. [ એટલે એકંદર સૂત્રાર્થ : ] એક વસ્તુ બીજાની સાથે પ્રતિબદ્ધ હોય તો [ પ્રથમ વસ્તુનો ] પ્રતિબંધ (જોડાણ) જેની સાથે છે તેવી બીજી વસ્તુ (=પ્રતિબંધવિષય) તે પ્રથમના સ્વભાવ કે કારણરૂપ હોવી જોઈએ [ આમ કોઈ વસ્તુ પોતાના સ્વભાવ કે કારણ સિવાય ] અન્ય [ પ્રકારની ] વસ્તુ સાથે પ્રતિબદ્ધ હોય તે અશક્ય છે. તેથી તે બે પ્રકારનો છે તેમ [ સૂત્ર ૨.૨૨માં ] કહ્યું છે. 'અને તે પ્રતિબદ્ધ સાધ્ય અર્થ વિષે લિંગનો હોય છે' એ [ સૂત્ર ૨.૨૧ના ] સંદર્ભમાં એ [ બે પ્રકારનો પ્રતિબંધ હોવાનું ઉક્તસૂત્રની તરત પછીના સૂત્રમાં ] કહેવાયું છે [ એની યાદ આપીએ.] (૩૧)

**तेन हि निवृत्तिं कथयता प्रतिबन्धो दर्शनीयः । तस्मात् निवृत्तिवचनमाक्षिप्तप्रतिबन्धोपदर्शनमेव भवति । यच्च प्रतिबन्धोपदर्शनं तदेवान्वयवचनमित्येकेनापि वाक्येनान्वयमुखेन व्यतिरेकमुखेन वा प्रयुक्तेन सपक्षासपक्षयोर्लिङ्गस्य सदसत्त्वख्यापनं कृतं भवतीति नावश्यं वाक्यद्वयप्रयोगः ॥३२॥**

**તેથી નિવૃત્તિ કહેનારે પ્રતિબંધ દર્શાવવો પડે છે. તેથી નિવૃત્તિનું વચન પ્રતિબંધના દર્શનને આક્ષિપ્ત કરે છે. અને જે પ્રતિબંધનો નિર્દેશ તે જ અન્વયવચન હોવાથી અન્વયમુખ કે વ્યતિરેકમુખ એવા એક જ વાક્યને પ્રયોજવાથી સપક્ષ અને અસપક્ષ વિષે લિંગનું [ અનુક્રમે ] સત્ત્વ અને અસત્ત્વ કહેવાઈ [ જ ] જાય છે; તેથી બે વાક્યનો પ્રયોગ અવશ્ય કરવો પડે એવું હોતું નથી.** (૩૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. हियं स्मादर्थे । यस्मात् स्वभावप्रतिबन्धे निवर्त्यनिवर्तकभावस्तेन साध्यस्य निवृत्तौ साधनस्य निवृत्ति कथयता प्रतिबन्धो निवर्त्यनिवर्तकयोर्दर्शनीयः । यदि हि साधनं साध्ये प्रतिबद्ध भवेद एवं साध्यनिवृत्तौ तन्नियमेन निवर्तेत । यतश्च तस्य प्रतिबन्धो दर्शनीयः तस्मात् साध्यनिवृत्तौ यत् साधननिवृत्तिवचनं तेनाक्षिप्तं प्रतिबन्धोपदर्शनम् । यच्च तदाक्षिप्तं प्रतिबन्धोपदर्शनम् तदेवान्वयवचनम् ।

1. [ 'तेथी' એટલે સ્વભાવપ્રતિબંધ હોય ત્યારે જ સાધન અને સાધ્યાભાવ વચ્ચે નિવર્ત્યનિવર્તકભાવ હોવાથી, 'નિવૃત્તિ કહેનારે' એટલે સાધ્યની નિવૃત્તિના પ્રસંગે સાધનની નિવૃત્તિ કહેનારે. સળંગ અર્થ એ થયો કે ] સ્વભાવપ્રતિબંધ હોય તો જ નિવર્ત્યનિવર્તકભાવ સંભવતો હોવાથી. સાધ્યની નિવૃત્તિના પ્રસંગે સાધનની નિવૃત્તિ કહેનારે નિવર્ત્યનિવર્તકનો, [ અન્વયરૂપ ] પ્રતિબંધ દર્શાવવો જોઈએ; કારણ કે જો સાધન સાધ્ય વિષે પ્રતિબદ્ધ હોય તો જ સાધ્ય નિવર્તતાં તે પણ અવશ્ય નિવર્તે. તો [ પરાર્થાનુમાનના પ્રતિપાદકે ] આ [ હેતુનો સાધ્ય સાથેનો ] પ્રતિબંધ દર્શાવવાનો હોય જ છે, તેથી સાધ્યની નિવૃત્તિ વખતે સાધનનિવૃત્તિ થાય તેમ બતાવનારા વચન વડે પ્રતિબંધનું દર્શન [ તો ] આક્ષિપ્ત થાય [જ] છે. આક્ષિપ્ત થતું પ્રતિબંધનું દર્શન જ [ ગર્ભિત રીતે ] અન્વયવચનરૂપ છે.

2. प्रतिबन्धदर्शनेदकस्य दर्शयितव्यो न दृष्टान्तरस्त्वन्वयः । यस्माद् दृष्टान्ते प्रमाणेन प्रतिबन्धो दृश्यमान एवान्वयो नापर कश्चित्, तस्मान्निवर्त्यनिवर्तकयोः प्रतिबन्धो ज्ञातव्यः । तथा चान्वय एव ज्ञातो भवति । इतिशब्दो हेतौ ।

2. હવે [આમ] પ્રતિબંધ અવશ્ય બતાવાય તેવો હોય તો [ વૈધર્મ્યાનુમાન કહેતાં ] અન્વય [હંમેશાં] કહેવાની જરૂર નથી રહેતી; કારણ કે [વૈધર્મ્યાનુમાનને પ્રસંગે વ્યતિરેક વાક્યમાં વાપરેલા 'જ'કાર દ્વારા અને તે ઉપરાંત પ્રતિબંધદર્શક] દૃષ્ટાન્ત વિષે, [ પ્રત્યક્ષાદિ ] પ્રમાણ વડે [સાધન-સાધ્ય વચ્ચેનો પ્રતિબંધ (=વ્યાપ્તિ) બતાવવામાં આવે છે એ જ અન્વય [કહેવા] બરોબર છે; એ કંઈ જુદી બાબત નથી. તેથી [ ખાસ કરીને બાધક પ્રમાણના અભાવથી ] નિવર્ત્યનિવર્તકના પ્રતિબંધની ખાતરી થઈ જવી જોઈએ; તેટલાથી જ અન્વય જાણી લેવાશે.

3. यस्मादन्वयेऽपि व्यतिरेकगतिः व्यतिरेके चान्वयगतिः, तस्माद एकेनापि सपक्षे चासपक्षे च सत्त्वासत्त्वयोः ख्यापनं कृतम् ।

3. હવે આ રીતે અન્વય[-વાક્ય]થી પણ વ્યતિરેકનો બોધ થઈ જતો હોય છે અને [ હમણાં બતાવ્યું તેમ ] વ્યતિરેકથી અન્વયનો બોધ–તે કારણે [તે બેમાંથી] એક [કહેવા] વડે [ લિંગનું ] સપક્ષમાં સત્ત્વ અને અસપક્ષમાં અસત્ત્વ [ એ બંનેય ] કહેવાઈ જાય છે.

4 अन्वयो मुखमुपायोऽभिधेयत्वाद यस्य तद अन्वयमुखं वाक्यम् एवं व्यतिरेको मुखं यस्येति । 'इति' हेतौ । यस्मादेकेनापि वाक्येन द्वयगतिस्तस्मादेकस्मिन् साधनवाक्ये द्वयोरन्वयव्यतिरेकवाक्ययोरवश्यमेव प्रयोगो न कर्तव्यः । अर्थगत्यर्थो हि शब्दप्रयोगः । अर्थश्चेदवगतः, किं शब्दप्रयोगेण ? एकमेवान्वयवाक्यं व्यतिरेकवाक्यं वा प्रयोक्तव्यम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

4. જે વાક્યનો વાચ્યાર્થ [ એક પદાર્થના અન્ય પદાર્થ સાથેના ] અન્વયરૂપ હોય અને તેથી જેમાં અન્વય એ [ પ્રતિબંધજ્ઞાનનું ] 'મુખ' એટલે કે ઉપાય બની રહેતો હોય તેને 'અન્વયમુખ' વાક્ય કહેવાય. તે જ રીતે 'વ્યતિરેકમુખ' વાક્યનો અર્થ સમજવો. તો, એક જ વાક્યથી બંનેનો બોધ થઈ જતો હોવાથી એક જ અનુમાનસાધક વાક્યમાં બંને એટલે કે અન્વયવાક્ય અને વ્યતિરેકવાક્યનો અવશ્યપણે પ્રયોગ કરવાપણું રહેતું નથી; કારણ, શબ્દપ્રયોગ અર્થ સમજવા કરાતો હોય છે. હવે જો અર્થ સમજાઈ ગયેલો જ હોય તો શબ્દપ્રયોગની શી જરૂર ? એટલે અન્વયવાક્ય કે વ્યતિરેકવાક્ય એમ એક જ પ્રયોજવું પૂરતું છે. (૩૨)

**अनुपलब्धावपि—यत् सद् उपलब्धिलक्षणप्राप्तं तद् उपलभ्यत एवेत्युक्ते—अनुपलभ्यमानं तादृशमसदिति प्रतीतेरन्वयसिद्धिः ॥३३॥**

**અનુપલબ્ધિમાં પણ જે "જે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત સત્ વસ્તુ હોય તે ઉપલબ્ધ થાય જ"–આમ [ વ્યતિરેક-વ્યાપ્તિ] કહેતાં" "જે તેવો પદાર્થ અનુપલબ્ધ હોય તે અસત્ હોય" એવી પ્રતીતિ થતી હોવાથી અન્વયસિદ્ધિ થઈ જાય છે. (૩૩)**

1. अनुपलब्धावपि व्यतिरेकेणोक्तेनान्वयगतिः । यत् सद् उपलब्धिलक्षणप्राप्तमिति साध्यस्य—असद्व्यवहारयोग्यत्वस्य निवृत्तिं दृश्यत्वरूपामाह । तदुपलभ्यत एवेत्यनुपलम्भस्य निवृत्तिमुपलम्भरूपामाह । तदनेन साध्यनिवृत्तिः साधननिवृत्त्या व्याप्ता दर्शिता । यदि च साधनसंभवेपि साध्यनिवृत्तिर्भवेत् न साधनाभावेन व्याप्ता भवेत् । अतो व्याप्तिं प्रतिपद्यमानेन साधनसंभवः साध्यसंभवेन व्याप्तः प्रतिपत्तव्यः । अत एवाह—अनुपलभ्यमानं तादृशमिति दृश्यमसदिति प्रतीतेः संप्रत्ययाद् अन्वयसिद्धिरिति ॥

1. અનુપલબ્ધિ[રૂપ હેતુવાળા અનુમાન]માં પણ વ્યતિરેક[ના કથન] વડે અન્વયનો બોધ થઈ જાય છે. 'જે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત સત્ વસ્તુ હોય' એ શબ્દો દ્વારા [ કહેવાયેલા ] દૃશ્ય પદાર્થના સત્ત્વ[રૂપ ઉદ્દેશ્ય]માં [ 'જે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત પદાર્થ અનુપલબ્ધ હોય તે અસત્ હોય એવી મૂળ અન્વયવ્યાપ્તિના ] અસદ્વ્યવહારયોગ્યત્વરૂપ સાધ્યનો અભાવ કહેવાયો છે તે ઉપલબ્ધ થાય જ' એમાં [ મૂળ અન્વયવ્યાપ્તિના સાધનરૂપ ] અનુપલબ્ધિની નિવૃત્તિનું એટલે કે ઉપલબ્ધિનું વિધાન કર્યું છે. આમ અહીં સાધ્યનિવૃત્તિને સાધન નિવૃત્તિથી વ્યાપ્ત બતાવાઈ છે. હવે જો સાધ્યનિવૃત્તિ (=સાધ્યાભાવ) સાધનની ઉપસ્થિતિમાં પણ હોઈ શકે તો પછી [ હમણાં જ કહેલી વ્યતિરેકવ્યાપ્તિ મુજબ ] તે સાધનના અભાવથી વ્યાપ્ત હોય તેવું રહેશે નહિ. આથી [આ વ્યતિરેક]-વ્યાપ્તિનો સ્વીકાર કરનારે સાધન હોય તેવા સંજોગને [ હમણાં નિર્દેશ્યું તેમ, સાધ્યના **અભાવથી** વ્યાપ્ત કોઈ હિસાબે ન માનતાં] સાધ્યના **ભાવ** (=અસ્તિત્વ)થી વ્યાપ્ત માનવો પડશે; [ નહિ તો વ્યતિરેકવ્યાપ્તિનું વિધાન પણ ખોટું ઠરશે. ] આથી જ [ આ સૂત્રના ઉત્તરાર્ધમાં ] કહ્યું છે તેમ, જે તેવો પદાર્થ એટલે કે [ ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત કિંવા ] દૃશ્ય પદાર્થ હોય તે અસત્ હશે' એવી પ્રતીતિ થવાને લીધે અન્વયસિદ્ધિ થઈ જશે. (૩૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**द्वयोरप्यनयोः प्रयोगयोर्नावश्यं पक्षनिर्देशः ॥३४॥**

**આ બંને ય પ્રયોગોમાં પક્ષનિર્દેશ આવશ્યક નથી. (૩૪)**

1. यतश्च साधनं साध्यधर्मप्रतिबद्धं तादात्म्य–तदुत्पत्तिभ्यां प्रतिपत्तव्यं द्वयोरपि प्रयोगयोः तस्मात् पक्षोऽवश्यमेव न निर्देश्यः । यत्र साधनं साध्यनियतं प्रतीतं तत एव साध्यधर्मिणि दृष्टात् साध्यप्रतीतिः । अतो न किंचित् साध्यनिर्देशेनेति ॥

1. [સાધર્મ્ય અને વૈધર્મ્યવાળા એમ] બંને પ્રયોગોમાં તાદાત્મ્ય કે તદુત્પત્તિ[રૂપ સંબંધ]ને કારણે સાધન એ સાધ્યધર્મ સાથે પ્રતિબદ્ધ હોવાનું સમજાઈ જતું હોવાથી પક્ષ (=ધર્મીમાં સાધ્યનિશ્ચય નિર્દેશતું નિગમનવાક્ય) નિર્દેશાવું આવશ્યક નથી. જે સાધન સાધ્ય વિષે નિયત પ્રતીત થયું હોય તેનું અસ્તિત્વ સાધ્યધર્મીમાં પ્રતીત થતાં જ [તેમાં] સાધ્ય થવાની પ્રતીતિ, [વગર કહ્યે] થઈ જાય છે. આથી સાધ્યના નિર્દેશથી કંઈ વિશેષ હેતુ સરતો નથી. (૩૪)

एनमेवार्थमनुपलब्धिप्रयोगे दर्शयति—

**यस्मात् साधर्म्यवत्प्रयोगेऽपि—यदुपलब्धिलक्षणप्राप्तं सन्नोपलभ्यते सोऽसद्व्यवहारविषय। नोपलभ्यते चात्रोपलब्धिलक्षणप्राप्तो घट इत्युक्ते सामर्थ्यादेव नेह घट इति भवति ॥३५॥**

આ જ વાત અનુપલબ્ધિ[રૂપ હેતુ]ના પ્રયોગના અન્વયે ઉદાહરણ દ્વારા] બતાવે છે :

**કારણ કે સાધર્મ્યવાળા પ્રયોગમાં પણ :**

**જે ઉપલબ્ધિલક્ષણ પ્રાપ્ત હોવા છતાં ઉપલબ્ધ ન થાય તે અસદ્વ્યવહારનો વિષય હોય છે;**

**અહીં પણ ઉપલબ્ધિલક્ષણ પ્રાપ્ત એવો ઘડો ઉપલબ્ધ થતો નથી —એમ કહીએ એટલે સામર્થ્યથી જ 'અહીં ઘડો નથી' એમ [પ્રતીતિ] થાય છે. (૩૫)**

1. साधर्म्यवति प्रयोगेपि सामर्थ्यादेव नेह प्रदेशे घट इति भवति ।

1. સાધર્મ્યવાળા [અનુપલબ્ધિરૂપ હેતુના] પ્રયોગમાં પણ [ઉદાહરણયુક્ત વ્યાપ્તિ અને પક્ષધર્મોપસંહારના કથનના] સામર્થ્યથી જ 'આ પ્રદેશમાં ઘડો નથી' એમ [પ્રતીતિ] થાય છે

2. किं पुनस्तत् सामर्थ्यमित्याह—यदुपलब्धिलक्षणप्राप्तं सन्नोपलभ्यते इत्यनुपलम्भानुवादः । सोऽसद्व्यवहारविषयः—इत्यसद्व्यवहारयोग्यत्वविधिः । तथा च सति दृश्यानुपलम्भोऽसद्व्यवहारयोग्यत्वेन व्याप्तो दर्शितः । नो लभ्यते च इत्यादिना साध्यधर्मिणि सत्त्वं लिङ्गस्य दर्शितम् । यदि च साध्यधर्मस्तत्र साध्यधर्मिणि न भवेत् साधनधर्मोऽपि न भवेत् । साध्यनियतत्वात् तस्य साधनधर्मस्येति सामर्थ्यम् ॥

2. તે સામર્થ્ય કયા પ્રકારનું છે તે સ્પષ્ટ કરે છે : 'જે ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત હોવા છતાં ઉપલબ્ધ ન થાય' એ શબ્દોથી [દૃશ્યની] અનુપલબ્ધિનો અનુવાદ કર્યો છે. 'તે અસદ્વ્યવહારયોગ્ય છે' એ શબ્દોમાં અસદ્વ્યવહારયોગ્યતાનું વિધાન કર્યું છે. એટલે કે અહીં દૃશ્યાનુપલબ્ધિ તે અસદ્વ્યવહારયોગ્યતાથી વ્યાપેલી બતાવાઈ છે. 'અહીં પણ...' ઇત્યાદિ [બીજા] વાક્યમાં સાધ્યધર્મી વિષે લિંગનું અસ્તિત્વ બતાવ્યું છે. હવે જો [ઘડીભર માની લઈએ કે] ત્યાં સાધ્યધર્મ નથી, તો ત્યાં સાધનધર્મ પણ ન જ હોઈ શકે: કારણ કે તે સાધનધર્મ સાધ્ય વિષે [અને નહિ કે સાધ્યાભાવ વિષે] નિયત હોય છે. આ રીતે [સદૃષ્ટાંત વ્યાપ્તિ અને પક્ષધર્મોપસંહાર દર્શાવતા વાક્યમાંથી જન્મતી પ્રતીતિ]નું સામર્થ્ય પ્રવર્તે છે. (૩૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तथा वैधर्म्यवत्प्रयोगेऽपि —— यः सद्व्यवहारविषय उपलब्धिलक्षणप्राप्तः स उपलभ्यत एव । न तथाऽत्र तादृशो घट उपलभ्यत इत्युक्ते सामर्थ्यादेव नेह सद्व्यवहारविषय इति भवति ॥ ३६ ॥**

**તે રીતે વૈધર્મ્યવાળા પ્રયોગમાં પણ :**

**જે સદ્વ્યવહારના વિષયરૂપ પદાર્થ ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત હોય**

**તે ઉપલબ્ધ થાય જ;**

**[પણ] તે રીતે અહીં તેવો ઘડો ઉપલબ્ધ થતો નથી.**

**— એટલું કહેતાં, સામર્થ્યથી જ, 'અહીં [ ઘડો ] સદ્વ્યવહારના વિષયરૂપ નથી' એમ [ પ્રતીતિ ] થાય છે. ( ૩૬ )**

1. यथा साधर्म्यवत्प्रयोगे तथा वैधर्म्यवत्प्रयोगेऽपि सामर्थ्यादेव नेह सद्व्यवहारविषयोऽस्ति घट इति भवति ।

1. જેમ સાધર્મ્યવાળા પ્રયોગમાં તેમ વૈધર્મ્યવાળા પ્રયોગમાં પણ, [ ઉક્ત ઉદાહરણમાં, ] સામર્થ્યથી જ, ' અહીં ઘડો સદ્વ્યવહારના વિષયરૂપ નથી ' એમ સમજાઈ જાય છે

2. सामर्थ्यं दर्शयितुमाह — यः सद्व्यवहारविषय इति विद्यमानः । उपलब्धिलक्षणप्राप्त इति दृश्यः — इत्येषा साध्यनिवृत्तिः । स उपलभ्यत एवेति साधननिवृत्तिरिति । अनेन च साध्यनिवृत्तिः साधननिवृत्त्या व्याप्ता दर्शिता ।

2. સામર્થ્ય બતાવતાં [ જે ] કહે છે, [ તેનો અર્થ નીચે મુજબ સમજવો ] : ' સદ્વ્યવહારવિષય ' એટલે વિદ્યમાન [વસ્તુ]. ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત એટલે દૃશ્ય. આમ [ ' જે સદ્વ્યવહારના વિષયરૂપ પદાર્થ ઉપલબ્ધિલક્ષણ પ્રાપ્ત હોય ' એ શબ્દોમાં અગાઉની અન્વયવ્યાપ્તિના ' અસદ્વ્યવહારયોગ્યત્વ ' એ ] સાધ્યનો અભાવ [ વ્યતિરેકવ્યાપ્તિના ઉદ્દેશ્યરૂપે ] કહ્યો છે. ' તે ઉપલબ્ધ થાય જ ' એ શબ્દોમાં [ અગાઉની અન્વયવ્યાપ્તિના અનુપલબ્ધિરૂપ ] સાધનનો અભાવ [ વિધેયરૂપે ] કહ્યો છે. આમ અહીં સાધ્યાભાવને સાધનાભાવથી વ્યાપ્ત કહ્યો છે.

3. न तथेति — यथाऽन्यो दृश्य उपलभ्यते न तथात्र प्रदेशे तादृश इति दृश्यो घट उपलभ्यत इति । अनेन साध्यनिवृत्तेर्व्यापिका निवृत्तिरसती साध्यधर्मिणि दर्शिता । यदि च साध्यधर्मः साध्यधर्मिणि न स्यात् साधनधर्मोऽपि न भवेत् । अस्ति च साधनधर्म इति सामर्थ्यम् । अतः सामर्थ्यात् नास्त्यत्र घट इति प्रतीतेर्न पक्षनिर्देशः । एवं कार्यस्वभावहेत्वोरपि सामर्थ्यात् संप्रत्यय इति न पक्षनिर्देशः ॥

3. " તે રીતે, અર્થાત્ જે રીતે અન્ય દૃશ્ય પદાર્થ ઉપલબ્ધ થાય તે રીતે, આ પ્રદેશમાં તેવો, એટલે કે દૃશ્ય ઘડો ઉપલબ્ધ થતો નથી " – આ [ પક્ષધર્મોપસંહારરૂપ વાક્ય ] માં સાધ્યાભાવ( =સદ્વ્યવહારયોગ્યત્વ )માં વ્યાપનાર એવો [ સાધનનો ] અભાવ ( =ઉપલબ્ધિ ) સાધ્યધર્મીમાં નથી તેમ કહ્યું છે. હવે જો સાધ્યધર્મીમાં સાધ્યધર્મ ન હોય તો સાધનધર્મ પણ ન જ હોઈ શકે. પરંતુ અહીં તો [ મૂળ વ્યાપ્તિનો અનુપલબ્ધિરૂપ ] સાધનધર્મ છે. [ ઉક્ત એ વાક્યના બનેલા અનુમાનવાક્યમાંથી જન્મનારા તર્કનું ] આ સામર્થ્ય છે, [ જે સ્વતઃ મૂળ સાધ્યની સિદ્ધિ કરે છે. ] આ સામર્થ્યને કારણે [ વગર કહે ] ' અહીં ઘડો નથી ' એવી પ્રતીતિ થઈ જતી હોવાથી પક્ષનો નિર્દેશ કરાતો નથી. આ રીતે કાર્યહેતુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સ્વભાવહેતુ — એ બન્ને પ્રકારમાં પણ [ સોદાહરણ વ્યાપ્તિ અને પક્ષધર્મોપસંહારના અથવા સાધનાભાવ પક્ષમાં ન હોવાના કથનના ] સામર્થ્યથી [ સાધ્યની ] પ્રતીતિ સરળ રીતે થઈ જતી હોય છે, એથી પક્ષનિર્દેશ કરાતો નથી. (૩૬)

**कीदृशः पुनः पक्ष इति निर्देश्यः ॥ ३७ ॥**

**તો 'પક્ષ' કોને કહેવાય ? ( ૩૭ )**

1. कीदृशः पुनरर्थः पक्ष इत्यनेन शब्देन निर्देश्यो वक्तव्यः ? ॥

**1.** કેવો અર્થ 'પક્ષ' એ શબ્દથી ઉલ્લેખાય કે ઉચ્ચારાય ? ( ૩૭ )

इत्याह—

**स्वरूपेणैव स्वयमिष्टोऽनिराकृतः पक्ष इति ॥ ३८ ॥**

આના અનુસંધાનમાં કહે છે :

**સ્વરૂપથી જ સ્વયં ઇષ્ટ એવો [ અને ] અનિરાકૃત [ અર્થ ] તે 'પક્ષ'. ( ૩૮ )**

1. स्वरूपेणैवेति साध्यत्वेनैव । स्वयमिति वादिना । इष्ट इति नोक्त एवापि त्विष्टोऽपीत्यर्थः । एवंभूतः सन् प्रत्यक्षादिभिरनिराकृतो योऽर्थः स पक्ष इत्युच्यते ।

**1.** સ્વરૂપથી [ એટલે પક્ષના પોતાના તાત્ત્વિકરૂપે ] જ એટલે કે સાધ્ય તરીકે જ. 'સ્વયં' એટલે વાદીના [ પોતાના ] વડે. 'ઇષ્ટ' એટલે [ શાબ્દિક રૂપે ] કહેલ હોય તે જ માત્ર નહિ, પણ [ અનુક્ત છતાં વાદીને મનથી ] અભિપ્રેત હોય તેવો પણ. આવો જે અર્થ પ્રત્યક્ષ વગેરે[ પ્રમાણો]થી અનિરાકૃત ( =નિરસન ન પામેલો ) હોય તે 'પક્ષ' એમ કહેવાય.

2. अथ यदि पक्षो न निर्देश्यः कथमनिर्देश्यस्य लक्षणमुक्तम् ? न साधनवाक्यावयवत्वादस्य लक्षणमुक्तमपि त्वसाध्यं केचित्साध्यं साध्यं चासाध्यं केचित् प्रतिपन्नाः । तत् साध्यासाध्यविप्रतिपत्तिनिराकरणार्थं पक्षलक्षणमुक्तम् ॥

**2.** [ જિજ્ઞાસુને પ્રશ્ન થાય : ] " પણ જો પક્ષનો [ સાધનવાક્યમાં ] નિર્દેશ જ ન કરવાનો હોય તો જે નિર્દેશપાત્ર નથી તેનું લક્ષણ શાને કહ્યું ? " [ આનો ઉત્તર એ કે ] સાધનવાક્યનું અવયવ હોવાની દૃષ્ટિએ આનું લક્ષણ નથી કહ્યું, પરંતુ કેટલાક લોકો સાધ્ય (=પક્ષ) ન હોય તેનો સાધ્યરૂપે કે સાધ્ય હોય તેને અ-સાધ્ય તરીકે માને છે. એટલે સાધ્ય-અસાધ્ય અંગેની ગેરસમજણ ટાળવા માટે પક્ષનું લક્ષણ કહ્યું છે. (૩૮)

स्वरूपेणेष्ट इत्यस्य विवरणम् —

**स्वरूपेणेति साध्यत्वेनेष्टः ॥ ३९ ॥**

[ પક્ષની વ્યાખ્યામાં વાપરેલા ] 'સ્વરૂપથી ઇષ્ટ' શબ્દોનું વિવરણ :

**સ્વરૂપથી એટલે કે સાધ્યરૂપે ઇષ્ટ. ( ૩૯ )**

1. साध्यत्वेनेष्ट इति । पक्षस्य साध्यत्वान्नापरमस्ति रूपम् । अतः स्वरूपं साध्यत्वमिति ॥

**1.** 'સ્વરૂપથી' એટલે [ પક્ષના સ્વકીય રૂપથી અર્થાત્ ] સાધ્ય તરીકે ઇષ્ટ. [ આવો અર્થ કરવાનું કારણ એ કે] સાધ્યત્વ સિવાય પક્ષનું બીજું રૂપ [ કે તત્ત્વ] હોતું નથી. આથી સ્વરૂપ (=પક્ષનું પોતાનું રૂપ) એટલે સાધ્યત્વ એમ અર્થ ઘટાવ્યો છે. (૩૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवशब्दं विवरितुमाह —

**स्वरूपेणैवेति साध्यत्वेनेष्टो न साधनत्वेनापि ॥ ४० ॥**

પક્ષની વ્યાખ્યામાં વાપરેલા 'જ'કારનું વિવરણ કરતાં કહે છે :

**'સ્વરૂપથી જ' એટલે સાધ્યરૂપે જ ઇષ્ટ, સાધનરૂપે પણ [ ઇષ્ટ ] નહિ; ( ૪૦ )**

1. स्वरूपेणैवेति। ननु चैवशब्दः केवल एव प्रत्यवमष्टव्यः, तत्किमर्थं स्वरूपशब्देन सह प्रत्यवमृष्टः। उच्यते। एवशब्दो निपातो द्योतकः। पदान्तराभिहितस्यार्थस्य विशेषं द्योतयतीति पदान्तरेण विशेष्यवाचिना सह निर्दिष्टः।

1. [ જિજ્ઞાસુનો સહજ પ્રશ્ન : "આગલા સૂત્રમાં 'સ્વરૂપથી' એ શબ્દનો વિચાર કરાયો જ હોઈ, આ સૂત્રમાં ] કેવળ 'જ'કારનો વિચાર કરવાનું પ્રાપ્ત છે, તો પછી 'સ્વરૂપ' શબ્દની સાથે એનો વિચાર શા માટે [અહીં] કરાયો છે ?" [ આનો ઉત્તર ] કહીએ : 'જ' એ [ કોઈ નિયત અર્થનો 'વાચક' નહિ પણ ] નિપાત ( =અવ્યય ) હોઈ [ સંબંધ-વિશેષનો ] દ્યોતક છે. તે બીજા પદથી કહેવાયેલા અર્થની વિશેષતાને દ્યોતિત કરે છે, એ કારણે એના વિશેષ્યરૂપ [ 'સ્વરૂપથી' એ ] અન્ય પદની સાથે નિર્દેશ્યો છે; [ એકલો નહિ. વિશેષ્ય વગર વિશેષણ નિરાધાર ઠરે તે ધ્યાનમાં લેવું. ]

2. न साधनत्वेनापीति। यत् साधनत्वेन निर्दिष्टं तत् साधनत्वेनेष्टम्। असिद्धत्वाच्च साध्यत्वेनापीष्टम्। तस्य निवृत्त्यर्थं एवशब्दः॥

2. 'સાધનરૂપે પણ નહિ' [ એ શબ્દોથી જે કહેવું છે તે ] આમ [ સમજી શકાય ] : [ ધારો કે કોઈ અનુમાનવાક્યમાં કોઈ ધર્મ મૂળ તો ] સાધનરૂપે નિર્દેશ્યો હોય તો તે [ સ્વાભાવિક રીતે ] સાધનરૂપે ઇષ્ટ તો ગણી જ શકાય. હવે [ જો વધારામાં એ સાધન પ્રતિવાદીને અસ્વીકાર્ય હોય તો તે ઉભયસિદ્ધ ન હોઈ વાદના નિયમ મુજબ ] અસિદ્ધ હોઈ [ પ્રતિવાદીની દષ્ટિએ ] સાધ્યરૂપે પણ ઇષ્ટ ગણાય. [ એટલે, એવો અસિદ્ધ સાધનધર્મ સાધ્યત્વથી પણ ઇષ્ટ થઈ જતાં પક્ષ ગણાવા પાત્ર થાય, તેથી ] તેવા [ ઉભયધર્મવાળા અર્થ ]નો પરિહાર કરવા માટે [ 'સ્વરૂપે જ' અર્થાત્ સાધ્યરૂપે જ, અને નહિ કે સાધન ને સાધ્ય ઉભયરૂપે — એમ સૂચવતો ] 'જ'કાર વાપર્યો છે. ( ૪૦ )

तदुदाहरति —

**यथा शब्दस्यानित्यत्वे साध्ये चाक्षुषत्वं हेतुः, शब्देऽसिद्धत्वात्साध्यम्। न पुनस्तदिह साध्यत्वेनेष्टं, साधनत्वेनाभिधानात् ॥ ४१ ॥**

તેનું ઉદાહરણ આપે છે :

**જેમ કે : શબ્દનું અનિત્યત્વ સાધ્ય હોય ત્યારે 'ચક્ષુર્ગ્રાહ્યપણું' એ હેતુ આપવામાં આવે તો તે હેતુ શબ્દમાં અસિદ્ધ હોઈ સાધ્ય ગણાશે. પણ તે અહીં માત્ર સાધ્યરૂપે જ ઇષ્ટ નથી; કારણ કે તેને સાધનરૂપે કહેલ છે. ( ૪૧ )**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. यथेति। शब्दस्यानित्यत्वे साध्ये चाक्षुषत्वं हेतुः शब्देऽसिद्धत्वात्साध्यम् — इत्यनेन साध्यत्वेनेष्टिमाह। तदिति चाक्षुषत्वम्। इहेति शब्दे। न साध्यत्वेनैवेष्टमिति साध्यत्वेनेष्टिनियमाभावमाह। साधनत्वेनाभिधानादिति — यतः साधनत्वेनाभिहितमतः साधनत्वेनापीष्टं, न साध्यत्वेनैवेति ॥

1. "શબ્દનું અનિત્યત્વ સાધ્ય હોય ત્યારે રજૂ કરેલો 'ચક્ષુર્ગ્રાહ્યપણું' એ હેતુ શબ્દમાં અસિદ્ધ હોઈ સાધ્ય છે" — આ શબ્દોથી તેની સાધ્ય તરીકેની ઇષ્ટતા કહી છે. 'તે' એટલે ચક્ષુર્ગ્રાહ્યપણું. 'અહીં' એટલે શબ્દ વિષે 'સાધ્યરૂપે જ ઇષ્ટ નથી' એટલે સાધ્યરૂપે જ તેની ઇષ્ટતા મર્યાદિત નથી એમ કહ્યું છે. 'સાધનરૂપે કહેલ છે' એનો અર્થ એ કે સાધનરૂપે કહ્યું હોવાથી સાધનરૂપે પણ ઇષ્ટ છે, માત્ર સાધ્યરૂપે જ નહિ. [માટે તેવા ઉભયધર્મી અર્થને 'પક્ષ' નહિ ગણી શકાય.] (૪૧)

स्वयमित्यनेन स्वयंशब्दं व्याख्येयमुपक्षिप्य तस्यार्थमाह —

**स्वयमिति वादिना ॥ ४२ ॥**

પક્ષની વ્યાખ્યામાં વાપરેલા 'સ્વયં' શબ્દની સ્પષ્ટતા કરવી જરૂરી હોઈ તે શબ્દ ઉલ્લેખી તેનો અર્થ કહે છે:

**'સ્વયં' એટલે વાદી વડે, (૪૨)**

1. वादिनेति। स्वयंशब्दो निपात आत्मन इति षष्ठ्यन्तस्यात्मनेति च तृतीयान्तस्यार्थे वर्तते। तदिह तृतीयान्तस्यात्मशब्दस्यार्थे वृत्तः स्वयंशब्दः। आत्मशब्दश्च संबन्धिशब्दः। वादी च प्रत्यासन्नः। ततो यस्य वादिन आत्मा तृतीयार्थयुक्तः स एव तृतीयार्थयुक्तो निर्दिष्टो वादिनेति। न तु स्वयंशब्दस्य वादिनेत्येष पर्यायः ॥

1. 'સ્વયં' શબ્દ નિપાત (=અવ્યય) છે. તેનો અર્થ 'પોતાનું' એમ ષષ્ઠીવિભક્તિપરક અથવા 'પોતા વડે' એમ તૃતીયા વિભક્તિપરક હોઈ શકે. અહીં 'પોતા વડે' એમ તૃતીયાંત અર્થ લેવાનો છે. હવે 'પોતે' એ શબ્દ સંબંધવાચક છે. અહીં [અર્થદૃષ્ટિએ] એ શબ્દનો યોગ [સૂત્ર ૩૮મામાં અનુક્ત છતાં અધ્યાહૃત એવા] વાદી સાથે [સ્વસ્વામિભાવે] છે. તેથી અહીં 'પોતે' એટલે વાદીની પોતાની જાત, અને તેનો તૃતીયાંત પ્રયોગ અભિપ્રેત હોઈ તેનો અર્થ 'વાદી વડે' એવો થાય. [આમ 'સ્વયં' શબ્દનો 'વાદી વડે' એવો અર્થ, એ શબ્દની સાપેક્ષતાને લીધે કર્યો છે;] 'સ્વયં' શબ્દનો પર્યાય (= વાચ્યાર્થ) 'વાદી વડે' છે એમ સમજવાનું નથી. (૪૨)

कः पुनरसौ वादीत्याह —

**यस्तदा साधनमाह ॥ ४३ ॥**

"તો હવે વાદી કોણ કહેવાય?" એ [પ્રશ્નનો ઉત્તર] કહે છે:

**જે તે વખતે સાધન કહે છે. (૪૩)**

1. यस्तदेति वादकाले साधनमाह। अनेकवादिसंभवेऽपि स्वयंशब्दवाच्यस्य वादिनो विशेषणमेतत्।

1. તે વખતે એટલે વાદના કાળે જે સાધન કહે — આ આખું [વાક્ય] 'સ્વયં' શબ્દથી અભિપ્રેત વાદીનું [જ] વિશેષણ છે. [તે વાદમાં] આમ તો અનેક વાદી હોઈ શકે. [પણ બીજા કોઈ વાદીની અહીં વાત નથી.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. यद्येवं वादिन इष्टः साध्य इत्युक्तम् । एतेन च किमुक्तेन ? अनेन तदा वादकाले तेन वादिना स्वयं यो धर्मः साधयितुमिष्टः स एव साध्यो नेतरो धर्म इत्युक्तं भवति । वादिनोऽनिष्ट-धर्मसाध्यत्वनिवर्तनमस्य वचनस्य फलमिति यावत् ॥

2. [ પૂછવાનું મન થાય : ] "આમ હોય તો [ સરવાળે ] કહેવાયું તો એટલું જ ને કે જે વાદીને ઇષ્ટ હોય તે સાધ્ય (=પક્ષ)? પણ આમ કહેવાથી શું સર્યું ?" [ આનો ઉત્તર : ] વાદના પ્રસંગે તે વાદીને પોતાને જે ધર્મ સાધવો ઇષ્ટ હોય તેને જ સાધ્ય ગણવો, બીજો નહિ — એવું આ દ્વારા કહેવાયું છે. એટલે આ વિશેષણમાંથી, વાદીને પોતાને અનિષ્ટ એવા ધર્મને [ પણ ] સાધ્ય માની લેવાનો નિષેધ ફલિત થાય છે. [ માટે 'સ્વય' શબ્દનો ઉપયોગ પણ અગત્યનો ઠરે છે. ] ( ૪૩ )

अथ कस्मिन्सत्यन्यधर्मसाध्यत्वस्य संभवो यन्निवृत्त्यर्थं तद् वक्तव्यमित्याह —

**एतेन — यद्यपि क्वचिच्छास्त्रे स्थितः साधनमाह, तच्छास्त्रकारेण तस्मिन्धर्मिण्यनेकधर्माभ्युपगमेऽपि यस्तदा तेन वादिना धर्मः स्वयं साधयितुमिष्टः, स एव साध्यो नेतर इत्युक्तं भवति ॥ ४४ ॥**

[ તો વળી પ્રશ્ન થાય : ] "તો હવે કેવા સંજોગોમાં અન્ય ધર્મને પણ સાધ્ય માની લેવાનો સંભવ રહે છે, કે જેથી તેને અટકાવવા માટે ઉપર કહેલું વિધાન જરૂરી બને છે ?" એટલે કહે છે :

**[ કોઈ વાદી ] ભલે કોઈક શાસ્ત્રનું અવલંબન કરીને [ કોઈ સાધ્યની સિદ્ધિ માટે ] સાધન કહે, અને ભલે તે શાસ્ત્રના [ મૂળ ] પ્રવર્તકે તે ધર્મી વિષે અનેક ધર્મો માનેલા હોય, પરંતુ તે વખતે તે વાદી પોતે જ જે ધર્મ સાધવા ઇચ્છતો હોય તે જ સાધ્ય, અન્ય નહિ — એવું આ [ પક્ષની વ્યાખ્યા]-થી કહેવાય છે. ( ૪૪ )**

1. तच्छास्त्रकारेणेति । यच्छास्त्रं तेन वादिनाऽभ्युपगतं तच्छास्त्रकारेण तस्मिन्साध्यधर्मिणि अनेकस्य धर्मस्याभ्युपगमे सति अन्यधर्मसाध्यत्वसंभवः । तथा हि —- शास्त्रं येनाभ्युपगतं तत्सिद्धा धर्माः सर्व एव तेन साध्य इत्यस्ति विप्रतिपत्तिः । अनेनापास्यते । अनेकधर्माभ्युपगमेऽपि सति स एव साध्यो यो वादिन इष्टो नान्य इति ।

1. તે વાદીએ જે શાસ્ત્રનો અંગીકાર કર્યો હોય તેમાં, [ કોઈક પ્રસંગે ચર્ચાતા ] કોઈક સાધ્યધર્મી વિષે અનેક ધર્મોનો સ્વીકાર તે શાસ્ત્રના [ મૂળ ] પ્રવર્તકે કર્યો હોઈ શકે. એને લીધે તે ધર્મી વિષે, [ વાદી જેના પ્રત્યે તટસ્થ હોય, પણ મૂળ શાસ્ત્રકારે સ્વીકાર્યા હોય તેવા અન્ય ] ધર્મોને પણ સાધ્ય માની લેવાની શકયતા રહે છે — વિશેષે એટલા માટે કે કોઈ વાદીએ અમુક શાસ્ત્ર સ્વીકાર્યું હોય એટલે 'તેમાં [ મૂળ શાસ્ત્રકારે, અમુક ધર્મીમાં ] સિદ્ધ કરેલા બધા ધર્મો તે વાદીને પણ સાધ્ય તરીકે અભિપ્રેત હોવા જ જોઈએ' એવું પણ કેટલાક માની લેતા હોય છે. [ એવા મંતવ્યનું, પક્ષની વ્યાખ્યામાંના ] 'સ્વય' શબ્દથી ખંડન કરાય છે. [ એટલે મૂળ શાસ્ત્રકાર વડે ] અનેક ધર્મો મનાયા હોય તો યે તે જ ધર્મ સાધ્ય ગણાય, જે વાદીને ઇષ્ટ હોય; અન્ય કોઈ ધર્મ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. ननु च शास्त्रानपेक्षं वस्तुबलप्रवृत्तं लिङ्गम् । अतोऽनपेक्षणीयत्वान्न शास्त्रे स्थित्वा वादः कर्तव्यः । सत्यम् । आहोपुरुषिकया तु यद्यपि क्वचिच्छास्त्रे स्थित इति किंचिच्छास्त्रमभ्युपगतः साधनमाह , तथापि य एव तस्येष्टः स एव साध्य इति ज्ञापनायेदमुक्तम् ।।

2. [ કોઈ તેજસ્વી જિજ્ઞાસુનો પ્રશ્ન : ] "ખરેખર તો અમુક કે તમુક શાસ્ત્રને ધ્યાનમાં રાખીને નહિ, પણ જે તે વિષયની વાસ્તવિકતાના બળે [ સ્વતંત્ર ભાવે ] કોઈ લિંગ [ રજૂ કરવાનું ] હોય છે. એટલે શાસ્ત્રની અપેક્ષા કરવા જેવી ન હોઈ, કોઈ શાસ્ત્રનું અવલંબન સ્વીકારીને વાદ ન કરવો જોઈએ." વાત સાચી. છતાં [ વાદી ઘણી વાર ] મિથ્યાભિમાનથી કોઈક શાસ્ત્રને અવલંબતો હોઈ તેને અંગીકારીને જે તે સાધન કહેતો હોય છે. તો પણ જે ધર્મ તેને ઇષ્ટ હોય તે જ સાધ્ય ગણાય — એ બાબત પર ભાર આપવા [ પક્ષની વ્યાખ્યામાં ] આ [ 'સ્વયં' એમ ] કહ્યું છે. ( ૪૪ )

**इष्ट इति यत्रार्थे विवादेन साधनमुपन्यस्तं तस्य सिद्धिमिच्छता सोऽनुक्तोऽपि वचनेन साध्यः ।। ४५ ।।**

**'ઇષ્ટ' એટલે જે અર્થ અંગે વિવાદ હોવાને લીધે તેની સિદ્ધિ ઇચ્છનાર વડે સાધન રજૂ કરાયું હોય તે [ અર્થ ] વચનથી ન કહેવાયો હોય તો પણ તેને સાધ્યરૂપ ગણવો; ( ૪૫ )**

1. इष्ट इति । इष्टशब्दमुपक्षिप्य व्याचष्टे — यत्रार्थ आत्मनि विरुद्धो वादः प्रकान्तो 'नास्त्यात्मा' इत्यात्मप्रतिषेधवादः आत्मसत्तावादविरुद्धः, विधिप्रतिषेधयोर्विरोधात् । तेन विवादेन हेतुना साधनमुपन्यस्तं तस्यात्मार्थस्य सिद्धिं निश्चयमिच्छता वादिना सोऽर्थः साध्य इत्युक्तं भवति इष्टशब्देन ।

1. [ પક્ષની વ્યાખ્યામાં વાપરેલા ] 'ઇષ્ટ' શબ્દ તરફ ધ્યાન ખેંચી તેનું મહત્ત્વ સમજાવે છે : ધારો કે કોઈ અર્થ વિષે 'વિવાદ' એટલે કે વિરુદ્ધ વાદ રજૂ કરાયો – દા.ત. આત્મા વિષે 'આત્મા નથી' એવો આત્મનિષેધક મત તે, એક જ બાબતના ભાવ અને અભાવના કથન વચ્ચે વિરોધ હોવાથી, આત્મસત્તાના મતનો વિરોધી મત ગણાય. તો એ પ્રકારના વિવાદને કારણે, જ્યારે તે આત્મા ઇત્યાદિ અર્થની સિદ્ધિ એટલે કે નિશ્ચય ઇચ્છનાર વાદી વડે કોઈ સાધન રજૂ કરાયું હોય ત્યારે તે આત્માદિ અર્થ તે 'સાધ્ય' એમ [વ્યાખ્યામાં વપરાયેલા] 'ઇષ્ટ' શબ્દથી સૂચવાય છે. [જો તેને સ્થાને 'ઉક્ત' શબ્દ વાપર્યો હોત તો સાધ્ય સિદ્ધ કરવાનું માત્ર **મનમાં** હોય તે પૂરતું ન ગણાત; તેનું કથન પણ સાધનવાક્યમાં કરવું પડત. ]

2. यत्तद् 'इत्युक्तं भवति' इतिग्रहणमन्ते, तदिहापेक्ष्य वाक्यं समापयितव्यम् ।

2. [ આ ચર્ચાને ] અંતે [ આવનારા સૂત્ર ૩.૪૭માં ] જે 'એમ સમજાય છે' એ શબ્દો મૂક્યા છે તેનો અહીં પણ અધ્યાહાર કરીને આ સૂત્રનું વાક્ય પૂરું કરવું.

3. यद्यपि परार्थानुमाने उक्त एव साध्यो युक्तः, अनुक्तोऽपि तु वचनेन साध्यः, सामर्थ्योक्तत्वात्तस्य ।।

3. જો કે પરાર્થાનુમાનમાં સાધ્ય પણ ઉક્ત જ હોય તે ઉચિત ગણાય, છતાં વચનથી અનુક્તને પણ સાધ્ય એટલા માટે ગણ્યું છે કે [ ભલે વચનથી નહિ, પણ સમગ્ર સાધન-વાક્યના ] સામર્થ્યથી તો તે ઉક્ત જ હોય છે. ( ૪૫ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुत एतदित्याह —

**तदधिकरणत्वाद्विवादस्य ॥ ४६ ॥**

આમ કેમ તે સમજાવે છે :

**કારણ કે વિવાદનું અધિકરણ તે હોય છે. ( ૪૬ )**

1. तदिति । सोऽर्थोऽधिकरणमाश्रयो यस्य स तदधिकरणो विवादः । तस्य भावस्तत्त्वम् । तस्मादिति ।

1. 'અધિકરણ' એટલે આશ્રય. વિવાદ તેને (=સાધ્યને) આશ્રયે હોય છે. આ કારણે [ અનુક્ત સાધ્ય પણ સામર્થ્યથી કહેવાઈ જાય છે.]

2. एतदुक्तं भवति — यस्मात्, विवादं निराकर्तुमिच्छता वादिना साधनमुपान्यस्तं, तस्मात् यत् अधिकरणं विवादस्य तदेव साध्यम् । यतो विरुद्धं वादमपनेतुं साधनमुपन्यस्तं तच्चेन्न साध्यं, किमिदानीं जातिनियतं किंचित् साध्यं स्यादिति ॥

2. કહેવાનો ભાવ આવો છે : વાદીએ વિવાદ(=વિરુદ્ધ મત)નું નિરાકરણ લાવવા માટે સાધન રજૂ કર્યું હોય છે, તેથી વિવાદનું જે અધિકરણ હોય તે જ સાધ્ય હોય; કારણ કે જે વિરુદ્ધ મતનો નિરાસ કરવા માટે સાધન રજૂ કર્યું હોય તે[નો વિષયભૂત ધર્મ] જો સાધ્ય ન હોય તો પછી શું સાધ્યત્વની કોઈ વિશેષ જાતિવાળું હોય તેને સાધ્ય માનવું ? ( ૪૬ )

अनुक्तमपि परार्थानुमाने साध्यमिष्टम् । तदुदाहरति —

**यथा परार्थाश्चक्षुरादयः संघातत्वाच्छयनासनाद्यङ्गवदिति । अत्रात्मार्था इत्यनुक्तावप्यात्मार्थता साध्या । तेन नोक्तमात्रमेव साध्यमित्युक्तं भवति ॥ ४७ ॥**

[ આમ ] પરાર્થાનુમાનમાં અનુક્ત એવા સાધ્યને પણ ઇષ્ટ ગણી શકાય; તેનું ઉદાહરણ આપે છે :

**જેમ કે :**

**ચક્ષુ આદિ પરાર્થ છે;**
**કારણ કે તે અનેકના સંઘાતરૂપ છે;**
**જેમ કે શયન, આસન આદિ [ સાધનરૂપ ] અંગો.**

**– આ અનુમાનમાં [ 'પરાર્થ'ને સ્થાને ] 'આત્માર્થ' એમ ભલે કહ્યું ન હોય, તો પણ એ આત્માર્થપણું જ સાધ્ય છે. તેથી ઉક્ત તે જ સાધ્ય હોય એવું નથી – એમ સમજાય છે. ( ૪૭ )**

1. परार्था इति । चक्षुरादियेषां श्रोत्रादीनां ते चक्षुरादय इति धर्मी । परस्मायिमे परार्था इति साध्यं पारार्थ्यम् । संघातत्वादिति हेतुः । व्याप्तिविषयप्रदर्शनं च शयनासनाद्यङ्गवदिति । शयनमासनं च ते आदी यस्य तच्छयनासनादि पुरुषोपभोगाङ्गं संघातरूपम् तद्वत् । अत्र प्रमाणे यद्यप्यात्मार्थाश्चक्षुरादय इत्यात्मार्थता नोक्ता, अनुक्तावप्यात्मार्थता साध्या ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. 'ચક્ષુ આદિ' એટલે આંખ, કાન વગેરે; આ ધર્મી છે. 'પરાર્થે' એટલે પર માટે. આમ પરાર્થતા તે સાધ્ય છે. 'સંઘાતરૂપ હોવું' તે હેતુ છે. ['જે જે સંઘાતરૂપ હોય તે પરાર્થ હોય' એવી] વ્યાપ્તિના [પ્રમાણરૂપ] વિષયને [દૃષ્ટાંતરૂપે] બતાવવા 'શયન, આસન આદિ અંગો'નો ઉલ્લેખ કર્યો છે. શયન, આસન આદિ પુરુષના ઉપભોગનાં [સર્વ] અંગ સંઘાતરૂપ (=વિવિધ ઘટકોમાંથી બનેલા સમુદાયોરૂપ) હોય છે. તેની જેમ [ચક્ષુ આદિનું પણ સમજવું]. જો કે અહીં રજૂ કરેલા પ્રમાણમાં 'ચક્ષુ વગેરે આત્માર્થે છે' એમ આત્માર્થતા [સાધ્યરૂપે સ્પષ્ટ રીતે] નથી કહી, તો પણ આત્માર્થતા જ સાધ્ય છે.

2. तथा हि — सांख्येनोक्तं 'अस्त्यात्मा'। तद्विरुद्धं बौद्धेनोक्तं 'नास्त्यात्मा' इति। ततः सांख्येन स्ववादविरुद्धं बौद्धवादं हेतूकृत्य विरुद्धवादनिराकरणाय स्ववादप्रतिष्ठापनाय च साधनमुपन्यस्तम्। अतोऽनुक्तावप्यात्मार्थता साध्या, तदधिकरणत्वाद्विवादस्य। शयनासनादिषु हि पुरुषोपभोगाङ्गेष्वात्मार्थत्वेनान्वयो न प्रसिद्धः। संघातत्वस्य पारार्थ्यमात्रेण तु सिद्धः। ततः परार्था इत्युक्तम्।

2. [આમ કેમ તે] વિગતે સમજીએ : સાંખ્ય [વાદી] કહે છે : "આત્મા છે." તેની વિરુદ્ધ બૌદ્ધ કહે છે : "આત્મા નથી." તેથી સાંખ્ય વાદીએ [આત્મા અંગેના] પોતાના વાદ(=મંતવ્ય)થી વિરુદ્ધ એવા બૌદ્ધવાદને નિમિત્ત કરીને, તે વિરુદ્ધ વાદના નિરાકરણ માટે અને પોતાના વાદની સ્થાપના માટે [ઉપર મુજબ] સાધન રજૂ કર્યું છે. આ [સંદર્ભ]ને લીધે, વગર કહ્યે, 'આત્માર્થતા' [અને છેવટે આત્માનું અસ્તિત્વ] એ જ તે [પરાર્થાનુમાન]નું સાધ્ય બની રહે છે; કારણ કે વિવાદ તેને જ (=આત્માના અસ્તિત્વને) આશ્રયે પ્રવર્ત્યો છે. [આમ છતાં, અહીં વાદીએ 'આત્માર્થે' ની જગાએ 'પરાર્થે' એમ સાધ્યને ઉલ્લેખ્યું છે તે નીચેની પરિસ્થિતિને વશ થઈને : દૃષ્ટાન્ત તરીકે કહેલાં] પુરુષના ઉપભોગનાં અંગરૂપ શયન, આસન આદિનો આત્માર્થતા સાથેનો સંબંધ પ્રસિદ્ધ નથી; [એમાં રહેલા] સંઘાતપણાનો પરાર્થતા સાથેનો સંબંધ જ [લોકમાં] સિદ્ધ છે. તેથી 'પરાર્થે' એમ [સામાન્યરૂપે] કહ્યું છે; [એ 'પર' એટલે આત્મા એ વાત આ તબક્કે ઉલ્લેખી નથી.]

3. चक्षुरादय इत्यत्रादिग्रहणाद्विज्ञानमपि परार्थं साधयितुमिष्टम्। विज्ञानाच्च पर आत्मैव स्यात्।

3. [હવે 'પરાર્થ'માંના 'પર' તરીકે અહીં વાદીને આત્મા જ અભિપ્રેત હોઈ શકે તે સિદ્ધ કરતા સંયોગો સમજીએ :] 'ચક્ષુ આદિ' એમાં 'આદિ' શબ્દ દ્વારા, [સાંખ્ય વાદીને પોતાને સંમત એવું બુદ્ધિસ્થ] વિજ્ઞાન પણ [ધર્મી તરીકે] અભિપ્રેત હોવાથી, તેની પણ પરાર્થતા તે સાધવા માગે છે. હવે વિજ્ઞાનથી પર એ તો આત્મા જ હોઈ શકે.

4. परस्यार्थकारि विज्ञानं सेत्स्यतीति सामर्थ्यादात्मार्थत्वं सिध्यति चक्षुरादीनामिति मत्वा परार्थग्रहणं कृतम्।

4. આમ [ઉપર્યુક્ત અનુમાનથી] વિજ્ઞાન પણ પરનો અર્થ સાધનાર સિદ્ધ થશે, અને [પછી સંયોગના] સામર્થ્યથી [એ 'પર' તે બીજું કશું નહિ પણ આત્મા એમ માનવાનું અનિવાર્ય બનતાં] ચક્ષુ આદિ બધાની આત્માર્થતા સિદ્ધ થશે એમ માનીને 'પરાર્થે' એવો [સામાન્ય] શબ્દ વાપર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

5. तेनेष्टसाध्यत्ववचनेन नोक्तमात्रमपि तु प्रतिवादिनो विवादास्पदत्वाद्वादिनः साधयितु-मिष्टमुक्तमनुक्तं वा प्रकरणगम्यं साध्यमित्ययुक्तम् भवति ॥

5. આમ આ [ ઉદાહરણ ]થી, [ સાધ્યની વ્યાખ્યામાં વાપરેલા ] 'ઇષ્ટ' શબ્દનો એ ભાવ સ્પષ્ટ થાય છે કે વાદીએ કહ્યો હોય તે જ ધર્મ સાધ્ય હોઈ શકે તેવું નથી; પ્રતિવાદીએ ઊભા કરેલા વિવાદને લીધે વાદી જે ધર્મ ખરેખર પ્રતિપાદિત કરવા ઇચ્છતો હોય તે ધર્મ ઉક્ત હોય તો પણ અને અનુક્ત હોય ને [ માત્ર ] પ્રકરણના સામર્થ્યથી સુસ્પષ્ટ થતો હોય તો પણ તે સાધ્ય જ ગણાય. ( ૪૭ )

**अनिराकृत इति एतल्लक्षणयोगेऽपि यः साधयितुमिष्टोऽप्यर्थः प्रत्यक्षानुमान-प्रतीतिस्ववचनैर्निराक्रियते, न स पक्ष इति प्रदर्शनार्थम् ॥ ४८ ॥**

**સિદ્ધ કરવા ધારેલો અર્થ આ લક્ષણના યોગવાળો હોય છતાં જો પ્રત્યક્ષ, અનુમાન, પ્રતીતિ કે સ્વવચનથી નિરસન પામતો હોય તો તે પક્ષ ન ગણાય એવું બતાવવા 'અનિરાકૃત' એવું [ વિશેષણ પક્ષની વ્યાખ્યામાં ] પ્રયોજ્યું છે. ( ૪૮ )**

1. अनिराकृत इति व्याख्येयम् । एतत् इत्यनन्तरप्रक्रान्तं यत् पक्षलक्षणमुक्तं साध्यत्वेनेष्टे-त्यादि — एतल्लक्षणेन योगेऽप्यर्थो न पक्ष इति प्रदर्शनार्थं प्रतिपादनायानिराकृतग्रहणं कृतम् ।

1. [ પક્ષની વ્યાખ્યામાંના ] 'અનિરાકૃત' ( = નિરસન નહિ પામેલ ) એ શબ્દનું મહત્ત્વ પણ સમજાવવાની જરૂર છે ; ' આ લક્ષણ ' એટલે હમણાં જ ( =છેલ્લાં કેટલાંક સૂત્રોમાં ) [ મૂળ વ્યાખ્યામાંના છેલ્લા વિશેષણ સિવાયનાં વિશેષણોની, ] ' સાધ્યરૂપે ઇષ્ટ ' આદિ [ સ્પષ્ટતાઓ ] દ્વારા જેટલું પક્ષનું લક્ષણ રજૂ કર્યું તેટલા લક્ષણનો યોગ હોવા છતાં કોઈ અર્થ પક્ષ ન હોઈ શકે એ બતાવવા 'અનિરાકૃત' એવું [ વિશેષણ ] ઉમેર્યું છે.

2. कीदृशोऽर्थो न पक्षः साधयितुमिष्टोऽपीत्याह यः साधयितुमिष्टोऽर्थः प्रत्यक्षं चानुमानं च प्रतीतिश्च स्ववचनं चैतैर्निराक्रियते विपरीतः साध्यते, न स पक्ष इति ॥

2. કોઈ અર્થ સિદ્ધ કરવા ધારેલો હોય છતાં કેવો હોય તો પક્ષ ન કહેવાય તે સ્પષ્ટ કરે છે : સિદ્ધ કરવા ધારેલો જે અર્થ પ્રત્યક્ષ, અનુમાન, પ્રતીતિ અને સ્વવચન — એટલા [ માંથી ગમે તે એક ] દ્વારા [ પણ ] નિરસન પામતો હોય, એટલે કે વિપરીત સ્વરૂપનો સિદ્ધ કરાતો હોય તે પક્ષ ન કહેવાય. ( ૪૯ )

**तत्र प्रत्यक्षनिराकृतो यथा — अश्रावणः शब्द इति ॥ ४९ ॥**

**તેમાં પ્રત્યક્ષથી નિરાકૃત [ પક્ષ ] : જેમ કે – ' શબ્દ અશ્રાવણ છે. ' ( ૪૯ )**

1. तत्रेति । तेषु चतुर्षु प्रत्यक्षादिनिराकृतेषु प्रत्यक्षनिराकृतः कीदृशः ? यथेति । यथाऽयं प्रत्यक्ष-निराकृतस्तथान्येऽपि द्रष्टव्या इति यथाशब्दार्थः ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. પ્રત્યક્ષાદિ ચારથી નિરાકૃતમાંનો પ્રત્યક્ષનિરાકૃત કેવો હોય તે સમજાવવા ઉદાહરણ આપે છે. તેવા અન્ય [ પ્રત્યક્ષનિરાકૃત ] પક્ષો પણ [ તે તે પ્રસંગે ] સમજી લેવા એવું 'જેમ કે' શબ્દથી સૂચવાય છે.

2. श्रवणेन ग्राह्यः श्रावणः । न श्रावणोऽश्रावणः । श्रोत्रेण न ग्राह्य इति प्रतिज्ञार्थः । श्रोत्राग्राह्यत्वं शब्दस्य प्रत्यक्षसिद्धेन श्रोत्रग्राह्यत्वेन बाध्यते ॥

2. શ્રવણ(=કાન)થી ગ્રહણ થવા યોગ્ય તે 'શ્રાવણ' કહેવાય. જે શ્રાવણ ન હોય તે 'અશ્રાવણ' કહેવાય. આમ 'શબ્દ શ્રોત્રગ્રાહ્ય નથી' એવો પ્રતિજ્ઞા(=પક્ષ)નો અર્થ છે. હવે શબ્દનું શ્રોત્રગ્રાહ્યપણું પ્રત્યક્ષસિદ્ધ હોઈ તેનું શ્રોત્રથી અગ્રાહ્યપણું તે બાધિત થઈ જાય છે; [ માટે તે પક્ષ ગણી શકાશે નહિ. ] ( ૪૯ )

**अनुमाननिराकृतो यथा – नित्यः शब्द इति ॥ ५० ॥**

**અનુમાનથી નિરાકૃત [ પક્ષ ] : જેમ કે – 'શબ્દ નિત્ય છે.' (૫૦)**

1. अनुमाननिराकृतो यथा नित्यः शब्द इति । शब्दस्य प्रतिज्ञातं नित्यत्वमनित्यत्वेनानुमानसिद्धेन निराक्रियते ॥

1. 'શબ્દ નિત્ય છે' તે અનુમાનથી નિરાકૃત પક્ષનું ઉદાહરણ છે. [ બૌદ્ધાદિ–પ્રતિપાદિત 'કૃતકત્વ' આદિ હેતુવાળા ] અનુમાનની મદદથી સિદ્ધ થયેલું શબ્દનું અનિત્યત્વ અહીં પ્રતિજ્ઞારૂપે રજૂ કરાયેલા શબ્દના નિત્યત્વનું નિરસન કરે છે. ( ૫૦ )

**प्रतीतिनिराकृतो यथा अचन्द्रः शशीति ॥ ५१ ॥**

**પ્રતીતિનિરાકૃત [ પક્ષ ] : જેમ કે — 'શશી તે ચન્દ્ર નથી.' ( ૫૧ )**

1. प्रतीत्या निराकृतः । अचन्द्र इति चन्द्रशब्दवाच्यो न भवति शशीति प्रतिज्ञातार्थः । अयं च प्रतीत्या निराकृतः ।

1 'પ્રતીતિનિરાકૃત' એટલે પ્રતીતિ વડે નિરાકૃત. 'શશી તે ચન્દ્ર નથી' એટલે કે 'ચન્દ્ર' શબ્દથી વાચ્ય નથી — આ થયો પ્રતિજ્ઞાવાક્યનો અર્થ. આ પક્ષ એ પ્રતીતિ વડે નિરસન પામેલો છે.

2. प्रतीतोऽर्थ उच्यते विकल्पविज्ञानविषयः । प्रतीतिः प्रतीतत्वं विकल्पविज्ञानविषयत्वमुच्यते ।

2. [ અહીં 'પ્રતીતિ' શબ્દનો અર્થ વિગતે સ્પષ્ટ કરીએ : 'પ્રતીતિ'નો અર્થ પ્રતીતત્વ થાય. ] હવે જે અર્થ વિકલ્પવિજ્ઞાનના વિષયરૂપ હોય તે 'પ્રતીત' અર્થ કહેવાય. અને પ્રતીતિ એ પ્રતીતત્વ હોઈ વિકલ્પવિજ્ઞાનવિષયત્વને પ્રતીતિ કહેવાય.

3. तेन विकल्पज्ञानेन प्रतीतिरूपेण शशिनश्चन्द्रशब्दवाच्यत्वं सिद्धमेव । तथा हि — यत् विकल्पज्ञानग्राह्यं तच्छब्दाकारसंसर्गयोग्यम् । यच्छब्दाकारसंसर्गयोग्यं तत् सांकेतिकेन शब्देन वक्तुं शक्यम् । अतः प्रतीतिरूपेण विकल्पविज्ञानविषयत्वेन सिद्धं चन्द्रशब्दवाच्यत्वमचन्द्रत्वस्य बाधकम् ।

3. તો પ્રતીતિ કિંવા વિકલ્પજ્ઞાનથી શશી તે 'ચન્દ્ર' શબ્દથી વાચ્ય હોવાનું સિદ્ધ જ છે. આ વાત સ્પષ્ટરૂપે સમજીએ : જે પદાર્થ વિકલ્પવિજ્ઞાનથી ગ્રાહ્ય હોય તે, શબ્દના આકારના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસર્ગને યોગ્ય હોય છે. હવે જે વસ્તુ શબ્દાકારના સંસર્ગને યોગ્ય હોય તેને સાંકેતિક શબ્દથી કહેવાનું શક્ય હોય છે. આમ [ શશીને વિષે ] પ્રતીતિ ઉત્પન્ન થતી હોય એટલે કે તે વિકલ્પવિજ્ઞાનનો વિષય હોઈ તેની અંદર 'ચંદ્ર' શબ્દથી ઉલ્લેખ પામવાની યોગ્યતા સિદ્ધ જ છે. આથી તે " 'ચંદ્ર' [ શબ્દથી વાચ્ય ] નથી " એવું કથન બાધિત થાય છે.

4. स्वभावहेतुश्च प्रतीतिः। यस्मात् विकल्पविषयत्वमात्रानुबन्धिनी सांकेतिकशब्दवाच्यता, ततः स्वभावहेतुसिद्धं चन्द्रशब्दवाच्यत्वमवाच्यत्वस्य बाधकं द्रष्टव्यम् ॥

4. હવે [ એ ધ્યાનમાં રાખવું કે ] પ્રતીતિ તે, [ કોઈ પદાર્થનું અમુક શબ્દથી વાચ્યપણું સિદ્ધ કરવા માટે, ] સ્વભાવહેતુરૂપ છે; કારણ કે [ કોઈ પદાર્થમાં રહેલી પ્રતીતિ-માત્ર સાથે અર્થાત્ ] વિકલ્પવિષયતામાત્ર સાથે સાંકેતિકશબ્દવાચ્યતાનો અનુબંધ હોય છે. આમ [ શશી ] સ્વભાવહેતુથી 'ચંદ્ર'શબ્દવાચ્ય સિદ્ધ થતો હોઈ તે 'ચન્દ્ર' શબ્દથી અવાચ્ય છે તેવો [ પક્ષ ] બાધિત થાય છે. ( ૫૧ )

**स्ववचननिराकृतो यथा — नानुमानं प्रमाणम् ॥ ५२ ॥**

**સ્વવચનથી નિરાકૃત [પક્ષ] : જેમ કે – 'અનુમાન પ્રમાણ નથી.' ( ૫૨ )**

1. 'स्ववचनं' प्रतिज्ञार्थस्यात्मीयो वाचकः शब्दः। तेन निराकृतः प्रतिज्ञार्थो न साध्यः। यथा — नानुमानं प्रमाणम् इत्यत्रानुमानस्य प्रामाण्यनिषेधः प्रतिज्ञार्थः। स नानुमानं प्रमाणमित्यनेन स्ववाचकेन बाध्यते। वाक्यं ह्येतत् प्रयुज्यमानं वक्तुः शाब्दप्रत्ययस्य सदर्थत्वमिष्टं सूचयति। तथाहि — मद्वाक्याद्योऽर्थसंप्रत्ययः तवोत्पद्यते सोऽसत्यार्थ इति दर्शयन् वाक्यमेव नोच्चारयेद्वक्ता। वचनार्थश्चेदसत्यः परेण ज्ञातव्यः वचनमपार्थकम्। योऽपि हि सर्वं मिथ्या ब्रवीमीति वक्ति सोऽप्यस्य वाक्यस्य सत्यार्थत्वमादर्शयन्नेव वाक्यमुच्चारयति। यद्येतद्वाक्यं सत्यार्थमादर्शितम्, एवं वाक्यान्तराण्यात्मीयान्यसत्यार्थानि दर्शितानि भवन्ति। एतदेव तु यद्यसत्यार्थम्, अन्यान्यसत्यार्थानि न दर्शितानि भवन्ति। ततश्च न किंचिदुच्चारणस्य फलमिति नोच्चारयेत्। तस्माद्वाक्यप्रभवं वाक्यार्थालम्बनं विज्ञानं सत्यार्थं दर्शयन्नेव वक्ता वाक्यमुच्चारयति।

1. 'સ્વવચન' એટલે ખુદ પ્રતિજ્ઞાના અર્થ(=પક્ષ)ને કહેનારો શબ્દ. તેનાથી નિરસન પામેલો પ્રતિજ્ઞાર્થ પણ સાધ્ય (=પક્ષ) ન હોઈ શકે; જેમ કે 'અનુમાન પ્રમાણ નથી' એ [પ્રતિજ્ઞાવાક્ય]માં અનુમાનના પ્રમાણપણાનો નિષેધ તે પ્રતિજ્ઞાનો અર્થ છે. તે અર્થ 'અનુમાન પ્રમાણ નથી' એ સ્વવાચક વાક્યથી જ બાધિત થાય છે; કારણ કે વક્તાએ આ વાક્ય પ્રયોજ્યું છે એ હકીકત એ બતાવે છે કે તેને શબ્દજનિત બોધનો [ વિષયભૂત ] જે અર્થ છે તે સત્ હોવાનું અભિપ્રેત છે. [ કોઈને પ્રશ્ન થાય : "આમ કઈ રીતે ?" ] તો જોઈએ : "મારા વાક્યથી જે અર્થની પ્રતીતિ તમને થાય છે તે અસત્યરૂપ છે" એમ બતાવવાનો વક્તાનો આશય હોત તો તે આ વાક્ય જ ન ઉચ્ચારત; [ કારણ કે ] તેના વચનનો અર્થ જ જો બીજાએ અસત્યરૂપ માનવાનો હોય તો તેનું બોલવાનું અર્થરહિત બની જાય; [ ને તો 'પ્રયોજન વગર મંદ પણ ન પ્રવર્તે' એ ન્યાયે તે વ્યક્તિ બોલવાની પ્રવૃત્તિ પણ ન જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે. ] ખરેખર તો, કોઈ માણસ "હું બધું મિથ્યા બોલું છું" એવું વાક્ય બોલે ત્યારે પણ [ ઉપર્યુક્ત ન્યાયે] તે '[ કમસે કમ ] આ વાક્ય સત્યરૂપ અર્થવાળું છે' એવા અભિપ્રાયથી જ તેને ઉચ્ચારે; [ કારણ કે ] જો એને એ વાક્ય સત્ય અર્થવાળું અભિપ્રેત હોય તો જ [ તે વાક્ય દ્વારા] પોતાનાં અન્ય વાક્યો અસત્ય અર્થવાળાં હોવાનું બતાવી શકાય. એથી ઊલટું, જો એ વાક્ય જ અસત્યાર્થ હોય તો અન્ય વાક્યો અસત્યાર્થ હોવાનું ન બતાવી શકાય; અને તો 'ઉચ્ચારણનું કશું ફળ નથી' એમ કરી તે વ્યક્તિ વાક્ય ઉચ્ચારે જ નહિ. તેથી, વાક્યમાંથી જન્મતું વાક્યાર્થવિષયક જ્ઞાન સત્યાર્થક હોવાનું સ્વીકારીને જ વક્તા વાક્ય ઉચ્ચારતો હોય છે; [વક્તા એ આવશ્યકતામાંથી છટકી શકે તેમ નથી.]

2. तथा च सति बाह्यवस्तुनान्तरीयकं शब्दं दर्शयता शब्दजं विज्ञानं सत्यार्थं दर्शयितव्यम् । ततो बाह्यार्थकार्याच्छब्दादुत्पन्नं विज्ञानं सत्यार्थमादर्शयता कार्यलिङ्गजमनुमानं प्रमाणं शाब्दं दर्शितं भवति ।

2. હવે આનો અર્થ એ થાય કે વક્તા જો 'શબ્દ તે બાહ્ય અર્થ સાથે, [ તેના કાર્યરૂપે, ] અવિનાભાવી હોય છે' તે વાતનો સ્વીકાર કરે તો જ તેને માટે શબ્દજનિત જ્ઞાનની સત્યાર્થતા દર્શાવવાનું શક્ય બને. [ હવે શબ્દનો અર્થ સાથે આ અવિનાભાવ બતાવવા શબ્દને બાહ્ય પદાર્થના કાર્યરૂપ માનવો પડશે, અને પછી જ ] તેવા શબ્દમાંથી ઉત્પન્ન થતું જ્ઞાન સત્યરૂપ બતાવી શકાશે. હવે એ વાતનો સ્વીકાર કરતાં જ 'શાબ્દબોધ એ [ શબ્દરૂપ ] કાર્યલિંગમાંથી પ્રવર્તતું અનુમાનપ્રમાણ જ છે' એ [ આપોઆપ ] બતાવાઈ જાય છે.

3 तस्मात् 'नानुमानं प्रमाणम्' इति ब्रुवता शाब्दस्य प्रत्ययस्यान्नर्थो ग्राह्य उक्तः । असदर्थत्वमेव ह्यप्रामाण्यमुच्यते, नान्यत् । शब्दोच्चारणसामर्थ्याच्चार्थाविनाभावी स्वशब्दो दर्शितः । तथा च सन्नर्थो दर्शितः । ततः कल्पितादर्थकार्याच्छब्दाच्छाब्दप्रत्ययार्थस्यानुमितं सत्त्वं प्रतिज्ञायमानमसत्त्वं प्रतिबध्नाति ।

3. આથી [ એક બાજુ ] " અનુમાન પ્રમાણ નથી " એમ કહેતાં શબ્દજ પ્રતીતિ [ જે એક પ્રકારનું અનુમાનજ્ઞાન છે, ] તેનાથી ગ્રાહ્ય અર્થ અસત્ છે એવું ફલિત થાય છે; કારણ કે [ કોઈ જ્ઞાનનું ] પ્રમાણરૂપ ન હોવું એનો અર્થ 'તે [ જ્ઞાનથી ગ્રાહ્ય ] અર્થ અસત્ છે' એમ થાય, બીજો નહિ. અને [ બીજી બાજુ ઉપર્યુક્ત ] શબ્દોનું ઉચ્ચારણ કર્યું તેમાંથી જ [ હમણાં જ સમજાવ્યા મુજબ, ] 'પોતાના શબ્દ અર્થ સાથે અવિનાભાવવાળા છે' તેવો [ વક્તાનો ] ગર્ભિત આશય [ અનિવાર્ય રૂપે ] પ્રગટ થાય છે; અને તે રીતે [ એ શબ્દોનો ગ્રાહ્ય ] અર્થ સત્ હોવાનું બતાવ્યું ગણાય. આમ, [ અશાબ્દ અર્થ પર શાબ્દતાના ] અધ્યારોપને લીધે, [ પોતાના વિષયભૂત ] પદાર્થના કાર્યરૂપે ગ્રહણ કરાતા શબ્દમાંથી (અર્થાત્ શબ્દને લિંગરૂપ માનીને ) તજ્જનિત પ્રતીતિ સાથે સંકળાયેલા અર્થનું અનુમિત થતું સત્ત્વ તે [ ઉક્ત ] પ્રતિજ્ઞામાંથી [ આવાંતર રૂપે ] ફલિત થતા [ શાબ્દપ્રત્યયગ્રાહ્ય અર્થના ] અસત્ત્વ[ની વાત ]ને ટકવા દેતું નથી.

4. तदेवं स्ववचनानुमितेन सत्त्वेनासत्त्वं बाध्यमानं स्ववचनेन बाधितमुक्तमित्ययमत्रार्थः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

4. આ રીતે [ પ્રતિજ્ઞાના ] સ્વવચનથી [ જ ] અનુમિત થતા [ અનુમેયાર્થના ] સત્ત્વ વડે તેના અસત્ત્વની વાત બાધિત થતી હોઈ [ ઉક્ત પક્ષ કે પ્રતિજ્ઞાવાક્યને ] સ્વવચનથી બાધિત કહેલ છે — એવો અર્થ અહીં સમજવાનો છે.

**( ઉક્ત પક્ષની સ્વવચનવિરોધિતાની એક અન્ય સમજૂતી અને તેની અયોગ્યતા :)**

5. अन्ये त्वाहुः अभिप्रायकार्याच्छब्दाज्जातं ज्ञानमभिप्रायालम्बनम् । सदर्थमिच्छतः शब्दप्रयोगः । तेनाप्रमाण्यं प्रतिज्ञातं बाध्यत इति ।

5. હવે, [ આ સૂત્રની વ્યાખ્યા કરનારા ] બીજાઓ કહે છે : શબ્દ તે [ વક્તાના કોઈ ને કોઈ ] અભિપ્રાય (=ઉદ્દેશ્ય કે પ્રયોજન)ના કાર્ય (=પરિણામ)રૂપ હોય છે, તેથી શબ્દ-જનિત જ્ઞાન દ્વારા [ વક્તાના વચનોચ્ચારણ પાછળના ] અભિપ્રાયનું ગ્રહણ થાય છે, હવે વક્તા '[ પોતાનું વચન ] સત્ અર્થવાળું [ બની રહો' તેમ ] ઇચ્છીને શબ્દપ્રયોગ કરે છે; [ તેથી તેના શબ્દ દ્વારા, 'મારું વચન સત્યાર્થગ્રાહક બનો' એવા તેના અભિપ્રાયનું ગ્રહણ થતું હોય છે એમ કહી શકાય. એ રીતે શાબ્દબોધનો ગ્રાહ્ય વિષય સત્ હોવાનું ફલિત થાય ] તો પછી [ 'અનુમાન પ્રમાણ નથી' એ વાક્ય દ્વારા ] પ્રતિપાદિત કરેલું અનુમાનનું અપ્રામાણ્ય નભી શકશે નહિ; [ કારણ કે વક્તાના શબ્દમાંથી ફલિત થતા તેના અભિપ્રાય મુજબ તો શાબ્દબોધ, કે જે અનુમાનનો જ એક પ્રકાર છે, તેનો ગ્રાહ્ય વિષય સત્ ઠરે છે; એટલે કે શાબ્દબોધરૂપ અનુમાન તે પ્રમાણ ઠરે છે.]

6. तदयुक्तम् । यत इह प्रतीतेः स्वभावहेतुत्वं स्ववचनस्य च कार्यहेतुत्वं कल्पितमिष्टम्, न वास्तवम् । अभिप्रायकार्यत्वं च वास्तवमेव शब्दस्य । ततस्तदिह न गृह्यते ।

6. આ અર્થઘટન યોગ્ય નથી. આનું કારણ આમ છે : [ એ ધ્યાનમાં રહે કે ] અહીં [ 'શશી ચંદ્ર નથી' જેવા પક્ષની પ્રતીતિનિરાકૃતતા અને 'અનુમાન પ્રમાણ નથી' જેવા પક્ષની સ્વવચનવિરોધિતા યથાર્થ રીતે સિદ્ધ કરવા માટે, અનુક્રમે ] પ્રતીતિને જે સ્વભાવહેતુ તરીકે અને સ્વવચનને જે કાર્યહેતુ તરીકે રજૂ કરાય છે તે [ ઉભય હેતુનાં, અનુક્રમે, સ્વભાવરૂપ સાધ્ય અને કારણરૂપ સાધ્ય ] કલ્પનાથી સિદ્ધ હોય તે ઇષ્ટ છે, વાસ્તવિક [ પ્રકારનાં ] હોય તે ઇષ્ટ નથી. જ્યારે [ ઉક્ત અર્થઘટનમાં રજૂ થયેલું ] શબ્દનું અભિપ્રાયકાર્યત્વ તો વાસ્તવિક છે, તેથી તે અહીં ધ્યાનમાં લેવાનું નથી.

7. किं च, यथाऽनुमानमनिच्छन् वह्न्यव्यभिचारित्वं धूमस्य न प्रत्येति, तथा शब्दस्याप्यभिप्रायाव्यभिचारित्वं न प्रत्येष्यति । बाह्यवस्तुप्रत्यायनाय च शब्दः प्रयुज्यते । तन्न शब्दस्याभिप्रायाविनाभावित्वाभ्युपगमपूर्वकः शब्दप्रयोगः ।

7. વળી [ ઉક્ત સ્વવચનનિરાકૃત પક્ષના સંદર્ભમાં જ વાત કરીએ તો, ઉપર્યુક્ત બીજું અર્થઘટન ઉક્ત પક્ષની સ્વવચનવિરોધિતા સિદ્ધ કરવામાં નિષ્ફળ જશે તેનું વધારે સબળ કારણ એ કે ] જે વ્યક્તિ અનુમાનને [ પ્રમાણ તરીકે માનવા ] નથી ઇચ્છતી તે તો જેમ ધુમાડાનું અગ્નિ સાથેનું અવ્યભિચારિત્વ સ્વીકારવા તૈયાર નથી, તેમ શબ્દનું અભિપ્રાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથેનું અવ્યભિચારિત્વ પણ નહિ સ્વીકારે; [ અને એથી એની અનુમાનના અપ્રામાણ્યની પ્રતિજ્ઞાને સ્વવચનથી બાધિત નહિ બતાવી શકાય. ] અને શબ્દ તો બાહ્ય વસ્તુની બીજાને પ્રતીતિ કરાવવા પ્રયોજાતો હોય છે, એથી [ વક્તા દ્વારા ] શબ્દનું અભિપ્રાય ( = આશય કે પ્રયોજન ) સાથેનું અવિનાભાવિત્વ (=અવ્યભિચારિત્વ) માની લઈને શબ્દપ્રયોગ કરાય છે તેમ કહી નહિ શકાય.

8. अपि च, न स्वाभिप्रायनिवेदनाय शब्द उच्चार्यते, अपि तु बाह्यसत्त्वप्रतिपादनाय । तस्माद्बाह्यवस्त्वविनाभावित्वाभ्युपगमपूर्वकः शब्दप्रयोगः । ततः पूर्वकमेव व्याख्यातमनवद्यम् ॥

8. વળી શબ્દ કંઈ પોતાના [ શબ્દપ્રામાણ્યશ્રદ્ધારૂપ ] આશયના નિવેદન અર્થે નથી ઉચ્ચારાતો; બાહ્ય વસ્તુના પ્રતિપાદન માટે ઉચ્ચારાય છે. તેથી [ પાકે પાયે એટલું જ કહી શકાય કે ] શબ્દપ્રયોગ તો [ શબ્દના પોતાના ] બાહ્ય વસ્તુ સાથેના અવિનાભાવિત્વને માની લઈને થતો હોય છે. માટે [ શબ્દના કલ્પનાસિદ્ધ કાર્યહેતુત્વનો વિનિયોગ કરતું ] અગાઉનું [ અમારું ] અર્થઘટન જ અદોષ છે. ( ૫૨ )

**इति चत्वारः पक्षाभासा निराकृता भवन्ति ॥ ५३ ॥**

**આમ ચાર પક્ષાભાસોનું નિરસન કરાયું છે. ( ૫૩ )**

1. एवं च सति — अनिराकृतग्रहणेनानन्तरोक्ताश्चत्वारः पक्षवदाभासन्त इति पक्षाभासा निरस्ता भवन्ति ॥

1. આમ હોવાથી અર્થાત્ [ પક્ષની વ્યાખ્યામાં સૂત્રકારે કરેલા ] 'અનિરાકૃત' શબ્દના ઉપયોગથી હમણાં કહેલા ચાર પક્ષાભાસો, કે જે માત્ર પક્ષ જેવો આભાસ ઉત્પન્ન કરે છે, [ પણ ખરેખર પક્ષ હોતા નથી. ] તેમનું નિરસન થાય છે. ( ૫૩ )

संप्रति पक्षलक्षणपदानि येषां व्यवच्छेदकानि तेषां व्यवच्छेदेन यादृशः पक्षार्थो लभ्यते तं दर्शयितुं व्यवच्छेद्यान् संक्षिप्य दर्शयति —

**एवं सिद्धस्य, असिद्धस्यापि साधनत्वेनाभिमतस्य, स्वयं वादिना तदा साधयितुमनिष्टस्य, उक्तमात्रस्य, निराकृतस्य च विपर्ययेण साध्यः । तेनैव स्वरूपेणाभिमतो वादिन इष्टोऽनिराकृतः पक्ष इति पक्षलक्षणमनवद्यं दर्शितं भवति ॥ ५४ ॥**

હવે પક્ષની વ્યાખ્યાનાં પદો જે બાબતોને [ પક્ષના ક્ષેત્રમાંથી ] બાદ કરે છે, તેમને બાદ કરતાં જેવો પક્ષાર્થ પ્રાપ્ત થાય તે બતાવવા, બાદ કરાતી બાબતોને એક સાથે [ ફરી ] બતાવી જાય છે :

**આમ સિદ્ધના, અસિદ્ધ હોય તો પણ જે સાધનરૂપે અભિમત હોય તેના, તે વખતે સ્વયં વાદીને સાધવાને જે ઇષ્ટ ન હોય તેના, ઉક્તમાત્રના, કે નિરાકૃતના વિપર્યયથી સાધ્ય (=પક્ષ) [ નું સ્વરૂપ સમજવું]. તેટલાથી જ 'સ્વરૂપથી અભિમત, વાદીને ઇષ્ટ અને અનિરાકૃત હોય તે પક્ષ' એવું પક્ષલક્ષણ અદોષ હોવાનું દર્શાવાઈ જાય છે. ( ૫૪ )**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. एवमित्यनन्तरोक्तक्रमेण । सिद्धस्य विपर्ययेण विपरीतत्वेन हेतुना साध्यो द्रष्टव्यः । यस्मादर्थात् सिद्धोऽर्थो विपरीतः स साध्य इत्यर्थः । सिद्धश्च विपरीतोऽसिद्धस्य । तस्माद् असिद्धः साध्यः । असिद्धोऽपि न सर्वः, अपि तु साधनत्वेनोक्तस्यासिद्धस्यापि विपर्ययेण, स्वयं वादिना साधयितुमनिष्टस्यासिद्धस्य विपर्ययेण, तथा उक्तमात्रस्यासिद्धस्यापि विपर्ययेण, तथा निराकृतस्यासिद्धस्यापि विपर्ययेण साध्यः ।

1. 'આમ' એટલે હમણાં કહ્યા મુજબ. સિદ્ધના 'વિપર્યયથી' એટલે વિપરીતપણાને નિમિત્તે. [ પ્રથમ તો ] જે બાબતથી સિદ્ધ અર્થમાં વિપરીતપણું [ જણાતું ] હોય તે બાબત સાધ્ય હોય તેમ નક્કી થાય છે. ને સિદ્ધ તે અસિદ્ધનો વિપરીત હોય છે. તેથી જે અસિદ્ધ અર્થ હોય તે સાધ્ય. હવે અસિદ્ધ એવા પણ બધા અર્થો સાધ્ય ન કહેવાય — જે અર્થ અસિદ્ધ તો હોય, પણ સાથે સાધન રૂપે પણ કહેલો હોય તે સાધ્ય ન કહેવાય. પણ તેથી વિપરીત [ અર્થાત્ અસિદ્ધ ખરો પણ સાધનરૂપ નહિ તેવો ] તે સાધ્ય. વળી સાધ્ય કહેવાવા યોગ્ય અસિદ્ધ અર્થમાં સ્વયં વાદીને સાધવા માટે અનિષ્ટ એવા અર્થનો વિપર્યય પણ હોવાનો. તે 'માત્ર ઉક્ત હોવો ઘટે' એવા આગ્રહનો વિષય પણ ન હોય. તે રીતે સાધ્ય નિરાકૃત અસિદ્ધના વિપર્યયરૂપ પણ હોવાનું.

2. यश्चायं पञ्चभिर्व्यवच्छेद्यै रहितोऽर्थोऽसिद्धोऽसाधनं वादिनः स्वयं साधयितुमिष्ट उक्तोऽनुक्तो वा प्रमाणैरनिराकृतः साध्यः, स एवासौ स्वरूपेणैव स्वयमिष्टोऽनिराकृतः एतैः पदैरुक्त इत्यर्थः । यश्चायं साध्यः स पक्ष उच्यते । इतिशब्दः एवमर्थे । एवं पक्षलक्षणमनवद्यमिति । अविद्यमान-मवद्यं दोषो यस्य तदनवद्यम् । दर्शितं कथितम् ॥

2. તો આ પાંચ બાદ કરવાની બાબતોથી રહિત એવો અર્થ, એટલે કે અસિદ્ધ એવો, સાધનરૂપ ન હોય તેવો, વાદીને સ્વયં સિદ્ધ કરવો ઇષ્ટ, ઉક્ત કિંવા અનુક્ત અને પ્રમાણોથી અનિરાકૃત એવો અર્થ તે સાધ્ય કહેવાય. તે જ વાત [ ૩૮મા ] સૂત્રના 'સ્વરૂપથી જ સ્વયં ઇષ્ટ અને અનિરાકૃત' એ શબ્દોથી કહેવાઈ છે. આવા સાધ્ય અર્થને 'પક્ષ' કહે છે. આમ પક્ષનું લક્ષણ અદોષ છે. જેમાં દોષ નથી તે 'અદોષ'. 'દર્શાવાઈ જાય છે' એટલે કહેવાઈ જાય છે. (૫૪)

त्रिरूपलिङ्गाख्यानं परिसमाप्य प्रसङ्गागतं च पक्षलक्षणमभिधाय हेत्वाभासान्वक्तुकामस्तेषां प्रस्तावं रचयति त्रिरूपेत्यादिना —

**त्रिरूपलिङ्गाख्यानं परार्थानुमानमित्युक्तम् । तत्र त्रयाणां रूपाणामेकस्यापि रूपस्यानुक्तौ साधनाभासः ॥ ५५ ॥**

ત્રિરૂપલિંગાખ્યાનની ચર્ચા પૂરી કરીને તેમ જ પ્રસંગોપાત્ત પક્ષનું લક્ષણ કહીને હવે હેત્વાભાસો નિરૂપવા ધાર્યા હોઈ તે માટે ભૂમિકા રચતાં કહે છે :

**'ત્રિરૂપલિંગનું કથન તે પરાર્થાનુમાન' એમ કહ્યું. હવે ત્રણ રૂપોમાંથી એક પણ રૂપની અનુક્તિ હોય તો સાધનાભાસ. (૫૫)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. एतदुक्तं भवति –– त्रिरूपलिङ्गं वक्तुकामेन स्फुटं तद्वक्तव्यम् । एवं च तत् स्फुटमुक्तं भवति यदि तच्च तत्प्रतिरूपकं चोच्यते । हेयज्ञाने हि तद्विविक्तमुपादेयं सुज्ञातं भवतीति ।

1. [ આ સૂત્ર રચવા દ્વારા સૂત્રકાર પોતાના મનનો ] આવો આશય કહેવા માગે છે : જો ત્રિરૂપલિંગ સમજાવવું હોય તો તેની સ્ફુટ રીતે રજૂઆત કરવી જોઈએ. હવે તેની સ્ફુટ રજૂઆત ત્યારે થઈ કહેવાય જ્યારે તેના ( =ત્રિરૂપલિંગના ) સ્વરૂપ સાથે [ તેને ભળતી જ, છતાં વાસ્તવમાં ] તેનાથી વિરુદ્ધ [ એવી હેત્વાભાસરૂપ ] બાબત પણ કહેવાઈ હોય; કારણ કે પરિહરવા લાયક બાબતનું જ્ઞાન થાય તો તેને બાદ કરીને ઉપાદેય બાબતનું યથાર્થ જ્ઞાન થાય.

2. त्रिरूपलिङ्गाख्यानं परार्थानुमानमिति प्रागुक्तम् [ ३ १ ] । तत्रेति तस्मिन्सति त्रिरूपलिङ्गाख्याने परार्थानुमाने सतीत्यर्थः । त्रयाणां रूपाणां मध्ये एकस्याप्यनुक्तौ । अपिशब्दाद्द्वयोरपि । साधनस्याभासः सदृशं साधनस्य, न साधनमित्यर्थः । त्रयाणां रूपाणां न्यूनता नाम साधनदोषः ॥

2. હવે ‘ ત્રિરૂપલિંગનું કથન તે પરાર્થ અનુમાન ’ (સૂત્ર ૩.૧) એમ અગાઉ [ સ્વરૂપ તો ] કહેવાયું. ‘હવે’ એટલે એમ છે ત્યારે; એટલે કે ત્રિરૂપલિંગનું કથન તે પરાર્થાનુમાન [ એવું લક્ષણ ] હોવાથી. ‘ ત્રણ રૂપોમાંથી એકની પણ અનુક્તિ હોય તો’ — એ શબ્દોમાં ‘પણ’ શબ્દથી ‘ બેની અનુક્તિ પણ હોય તો ’ એ અર્થ પણ સૂચવાય છે. ‘સાધનાભાસ’ એટલે સાધનનો આભાસ કિંવા સાધનને મળતું; એટલે કે [ ખરેખર ] સાધન ન હોય તે. ટૂંકમાં, ત્રણ રૂપો [ પૈકી કોઈમાં પણ ] ન્યૂનતા એ સાધનદોષ ( =હેત્વાભાસ ) ગણાય. ( ૫૫ )

**उक्तावप्यसिद्धौ संदेहे वा प्रतिपाद्यप्रतिपादकयोः ॥ ५६ ॥**

**[ લિંગના ત્રિરૂપની ] ઉક્તિ હોય તો પણ જો પ્રતિપાદ્ય-પ્રતિપાદકની દષ્ટિએ [ લિંગના કોઈ પણ રૂપ સંબંધી ] અસિદ્ધતા કે સંદેહ હોય તો [ પણ ]. ( ૫૬ )**

1. न केवलमनुक्तावुक्तावप्यसिद्धौ संदेहे वा । कस्येत्याह –– प्रतिपाद्यस्य प्रतिवादिनः, प्रतिपादकस्य च वादिनो हेत्वाभासः ॥

1. [ લિંગનાં ત્રણ રૂપમાંથી કોઈની પણ ] માત્ર અનુક્તિ હોય ત્યારે જ નહિ, પણ [ તેમની ] ઉક્તિ હોવા છતાં [ તેમાંથી કોઈની બાબતમાં પણ ] અસિદ્ધિ કે સંદેહ હોય ત્યારે પણ [ હેત્વાભાસ ગણાય ] “ કોની દષ્ટિએ [ અસિદ્ધતા કે સંદેહ હોય ત્યારે ] ? ” એમ [ પ્રશ્ન થાય, તેના અનુસંધાનમાં ] કહે છે : પ્રતિપાદ્ય એટલે પ્રતિવાદીની દષ્ટિએ અને [ /અથવા ] પ્રતિપાદક એટલે કે વાદીની દષ્ટિએ [ એક રૂપસંબંધી પણ અસિદ્ધતા કે સંદેહ હોય ત્યારે ] હેત્વાભાસ ગણાય. ( ૫૬ )

अथ कस्यैकस्य रूपस्यासिद्धौ संदेहे वा किंसंज्ञको हेत्वाभास इत्याह ––

**एकस्य रूपस्य धर्मिसंबन्धस्यासिद्धौ संदेहे वाऽसिद्धो हेत्वाभासः ॥ ५७॥**

હવે “કયા એક રૂપની અસિદ્ધતા કે તે વિષે સંદેહ હોય ત્યારે કયા નામનો હેત્વાભાસ થાય ? ” એ [ પ્રશ્ન ]ના અનુસંધાનમાં કહે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધર્મિસંબંધરૂપી એક રૂપની અસિદ્ધિ કે સંદેહને પ્રસંગે 'અસિદ્ધ' હેત્વાભાસ. (૫૭)**

1. एकस्य रूपस्येति । धर्मिणा सह सम्बन्धः धर्मिसंबन्धः । धर्मिणि सत्त्वं हेतोः । तस्यासिद्धौ संदेहे वा असिद्धसंज्ञको हेत्वाभासः । असिद्धत्वादेव च धर्मिण्यप्रतिपत्तिहेतुः । न साध्यस्य, न विरुद्धस्य, न संशयस्य हेतुरपि त्वप्रतिपत्तिहेतुः । न कस्यचिदतः प्रतिपत्तिरिति कृत्वा । अयं चार्थोऽसिद्धसंज्ञाकरणादेव प्रतिपत्तव्यः ॥

1. 'ધર્મિસંબંધ' એટલે ધર્મી સાથે [ હેતુનો ] સંબંધ; અર્થાત્ ધર્મીમાં હેતુનું અસ્તિત્વ. તેની અસિદ્ધિ કે સંદેહને પ્રસંગે 'અસિદ્ધ' નામનો હેત્વાભાસ કહેવાય. [ હેતુનું ધર્મીમાં અસ્તિત્વ ] અસિદ્ધ હોવાથી જ [ તે, ] ધર્મી વિષે [ સાધ્યની ] અપ્રતીતિનો હેતુ બને છે — [ અર્થાત્ ] તે ધર્મી વિષે ન સાધ્ય[ના અસ્તિત્વની પ્રતીતિ]નો, ન તો [ તેનાથી ] વિરુદ્ધ ધર્મ[ના અસ્તિત્વની પ્રતીતિ]નો કે ન તો [ સાધ્યના ] સંશયનો હેતુ થાય છે; માત્ર અપ્રતીતિનો જ હેતુ હોય છે — કારણ કે એમાંથી કશાની પ્રતીતિ થતી નથી. આ વાત તો [ આ હેત્વાભાસને માટે ] 'અસિદ્ધ' એવી [ અન્વર્થ ] સંજ્ઞા કરી હોવાથી જ સમજાઈ જાય છે. (૫૭)

उदाहरणमाह —

**यथा – अनित्यः शब्द इति साध्ये चाक्षुषत्वमुभयासिद्धम् ॥ ५८ ॥**

ઉદાહરણ આપે છે :

**જેમ કે — 'શબ્દ અનિત્ય છે' એ સાધ્ય હોય ત્યારે ચાક્ષુષપણું ઉભય માટે અસિદ્ધ છે. (૫૮)**

1. यथेत्यादि । अनित्यः शब्दः इत्यनित्यत्वविशिष्टे शब्दे साध्ये चाक्षुषत्वं चक्षुर्ग्राह्यत्वं शब्दे द्वयोरपि वादिप्रतिवादिनोरसिद्धम् ॥

1. 'શબ્દ અનિત્ય છે' એટલે કે અનિત્યત્વવિશિષ્ટ શબ્દ સાધ્ય હોય ત્યારે ચાક્ષુષપણું એટલે કે ચક્ષુર્ગ્રાહ્યપણું તે વાદી અને પ્રતિવાદી એ બંનેની દૃષ્ટિએ અસિદ્ધ છે. (૫૮)

**चेतनास्तरव इति साध्ये सर्वत्वगपहरणे मरणं प्रतिवाद्यसिद्धं, विज्ञानेन्द्रियायुर्निरोधलक्षणस्य मरणस्यानेनाभ्युपगमात्तस्य च तरुष्वसंभवात् ॥ ५९ ॥**

**'વૃક્ષો ચેતનરૂપ છે' એ સાધ્ય હોય ત્યારે 'તેની બધી છાલ ઉતરડી નાખતાં થતું મરણ' એ [ હેતુ ] પ્રતિવાદી માટે અસિદ્ધ છે; કારણ કે તે તો વિજ્ઞાન–ઇન્દ્રિય–આયુષના નિરોધરૂપ મરણને જ સ્વીકારે છે; ને તેનો વૃક્ષ વિષે સંભવ નથી. (૫૯)**

1. चेतनास्तरव इति तरूणां चैतन्ये साध्ये । सर्वा त्वक् सर्वत्वक् । तस्या अपहरणे सति मरणं दिगम्बरैरुपन्यस्तं प्रतिवादिनो बौद्धस्यासिद्धम् ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. 'વૃક્ષો ચેતનરૂપ છે' એટલે કે વૃક્ષોનું ચૈતન્ય અત્રે સાધ્ય છે. [ તેની સિદ્ધિ માટે ] 'વૃક્ષોની બધી છાલ ઉતરડી નાખતાં થતું મરણ' દિગંબરો વડે [ હેતુ તરીકે ] રજૂ કરાયું છે; તે બૌદ્ધ પ્રતિવાદીની દૃષ્ટિએ અસિદ્ધ છે.

2. कस्मादसिद्धमित्याह -- विज्ञानं चेन्द्रियं चायुश्चेति द्वन्द्वः । तत्र विज्ञानं चक्षुरादिजनितम् । रूपादिविज्ञानोत्पत्त्या यदनुमितं कायान्तर्भूतं चक्षुर्गोलकादिस्थितं रूपं तदिन्द्रियम् । आयुरिति लोके प्राणा उच्यन्ते । न चागमसिद्धमिह युज्यते वक्तुम् । अतः प्राणस्वभावमायुरिह । तेषां निरोधो निवृत्तिः । स लक्षणं तत्त्वं यस्य तत्तथोक्तम् । तथाभूतस्य मरणस्यानेन बौद्धेन प्रतिज्ञातत्वात् ।

2. "કેમ અસિદ્ધ છે ?" તેનો ઉત્તર 'વિજ્ઞાન..' ઇત્યાદિ શબ્દોથી આપ્યો છે. તેમાં વિજ્ઞાન તે ચક્ષુ વગેરેથી જે જન્મે તે. જ્યારે ઇન્દ્રિય તે કાયાની અંદર આંખના ડોળા વગેરેમાં રહેલું રૂપ[સ્કન્ધભૂતદ્રવ્ય] છે; [ તે પ્રત્યક્ષ નથી, પણ ] તેનું અનુમાન રૂપાદિના વિજ્ઞાનની ઉત્પત્તિને આધારે થાય છે. આયુષ એટલે લોકમાં જેને [ પાંચ ] પ્રાણ કહે છે તે. [ આયુષની બૌદ્ધ આગમમાં જુદી વ્યાખ્યા આપેલી છે, પણ વાદી–પ્રતિવાદી એ ઉભયને સિદ્ધ હકીકતોના જ આશ્રયવાળા વાદમાં ] આગમસિદ્ધ વ્યાખ્યા કહેવી યોગ્ય નથી. તેથી અહીં [ વાદમાં ] આયુષને પ્રાણસ્વરૂપ કહેલ છે. તો આ વિજ્ઞાન, ઇન્દ્રિય અને પ્રાણનો નિરોધ એટલે કે તેમનું નિવર્તવું એ જ મરણનું લક્ષણ એટલે કે તત્ત્વ છે એમ બૌદ્ધનું મંતવ્ય છે.

3. यदि नामैवं, तथापि कथमसिद्धमित्याह -- तस्य च विज्ञानादिनिरोधात्मकस्य तरुष्वसंभवात् । सत्तापूर्वको निरोधः । ततश्च यो विज्ञाननिरोधं तरुष्विच्छेत् स कथं विज्ञानं नेच्छेत् । तस्माद् विज्ञानानिष्टेर्निरोधोऽपि नेष्टस्तरुषु ।

3. [ કદાચ કોઈ પૂછે : ] "પ્રતિવાદીનો આવો મત હોવાથી વાદીએ રજૂ કરેલો હેતુ અસિદ્ધ કઈ રીતે ઠરે ?" આનો ઉત્તર એ કે એવા વિજ્ઞાનાદિના નિરોધરૂપ મરણનો વૃક્ષોમાં સંભવ નથી. [ એમ કેમ તે સમજીએ : ] કોઈ પણ વસ્તુનો [ અમુક સ્થળે ] નિરોધ થવા માટે અગાઉ [ તે સ્થળે તે વસ્તુનું ] અસ્તિત્વ હોવું ઘટે. એટલે જો [ પ્રતિવાદીની મરણની વ્યાખ્યાને અનુસરીને ] વાદી, વૃક્ષોમાં વિજ્ઞાનનો નિરોધ હોવાનું માનવા તૈયાર થાય તો પછી વૃક્ષોમાં [ નાશ પૂર્વે ] વિજ્ઞાન[ના અસ્તિત્વ]ને પણ વાદી કઈ રીતે નકારી શકે ? [ પણ વૃક્ષોમાં વિજ્ઞાન વગેરેનું અસ્તિત્વ અનુભવગમ્ય ન હોઈ વાદી તે સ્વીકારી શકે તેમ નથી. ] તો જો વિજ્ઞાનનું અસ્તિત્વ માનવાનું ઇષ્ટ ન ગણી શકાતું હોય તો પછી તેનો વૃક્ષોમાં નિરોધ માનવાનું પણ ઇષ્ટ ન ગણાય, [ ને તેથી તે શાસ્ત્રીય સ્વરૂપનું મરણ પણ વૃક્ષમાં સ્વીકારી ન શકાય. ]

4. ननु च शोषोऽपि मरणमुच्यते । स च तरुषु सिद्धः । सत्यम् । केवलं विज्ञानसत्तया व्याप्तं यन्मरणं तदिह हेतुः । विज्ञाननिरोधश्च तत्सत्तया व्याप्तो, न शोषमात्रम् । ततो यन्मरणं हेतुः तत्तरुष्वसिद्धम् । यत्तु सिद्धं शोषात्मकं तदहेतुः ।

4. [ વાદી આ દલીલ સામે બચાવ કરે છે : ] "શોષને પણ મરણ કહેવામાં આવે છે; ને તે તો વૃક્ષોમાં સિદ્ધ જ છે [ તો પછી મરણરૂપ હેતુ અસિદ્ધ કઈ રીતે કહેવાય ? ] " [ આનો ઉત્તર : શોષ એ પણ મરણ કહેવાય છે એ ] સાચું, પણ અહીં તો હેતુ તરીકે તેનું જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મરણ ઉલ્લેખી શકાય કે જેની અગાઉ વિજ્ઞાનની સત્તા હોય; અને વિજ્ઞાનનિરોધ[-રૂપ મરણ] જ [પૂર્વે] વિજ્ઞાનની સત્તાથી વ્યાપ્ત હોય છે, શોષમાત્ર[રૂપ મરણ] નહિ. એટલે હેતુ તરીકે કામ લાગી શકે તેવું મરણ વૃક્ષોમાં અસિદ્ધ છે, જ્યારે જે શોષાત્મક મરણ સિદ્ધ છે તે હેતુરૂપ નથી.

5. दिगम्बरस्तु साध्येन व्याप्तमव्याप्तं वा मरणमविविच्य मरणमात्रं हेतुमाह । तदस्य वादिनो हेतुभूतं मरणं न ज्ञातम् । अज्ञानात्सिद्धं शोषरूपम्, शोषरूपस्य मरणस्य तरुषु दर्शनात् । प्रतिवादिनस्तु ज्ञातमतोऽसिद्धम् । यदा तु वादिनोऽपि ज्ञातं तदा वादिनोऽप्यसिद्धं स्यादिति न्यायः ॥

5. [અહીં પૃથક્કરણ કરતાં સમજાય છે કે] દિગંબર વાદીએ સાધ્ય (=વિજ્ઞાનાદિ-રૂપ ચૈતન્ય)થી વ્યાપ્ત મરણ (એટલે કે વિજ્ઞાનાદિના નિરોધરૂપ મરણ) અને સાધ્યથી અવ્યાપ્ત મરણ (= માત્ર શોષરૂપ મરણ) — એ બંનેનું જુદાપણું ધ્યાનમાં લીધા વગર મરણમાત્રને હેતુ તરીકે કહ્યું છે. એટલે આ વાદીને ધર્મીમાં [સાચા] હેતુરૂપ મરણનો નિશ્ચય થયેલો નથી. શોષરૂપ મરણ વૃક્ષોમાં અનુભવાતું હોઈ વાદીએ [તાત્ત્વિક મરણના] અજ્ઞાનથી [એ] શોષરૂપ મરણને [લિંગભૂત મરણરૂપે] સિદ્ધ માન્યું છે; જ્યારે પ્રતિવાદીને તો [તાત્ત્વિક મરણની] ખબર હોવાથી, [વૃક્ષોમાં મરણરૂપ હેતુ] અસિદ્ધ જણાય છે. અને જો વાદીને [ખરી વાત] સમજાય તો તેને પોતાને પણ [પ્રતિવાદીની જેમ વૃક્ષોમાં વિશિષ્ટ મરણરૂપ હેતુ] અસિદ્ધ જ લાગે. આ ન્યાયે [ઉક્ત સ્થળે 'અસિદ્ધ' હેત્વાભાસ કહેલ છે.] (૫૯)

**अचेतनाः सुखादय इति साध्य उत्पत्तिमत्त्वमनित्यत्वं वा साङ्ख्यस्य स्वयं वादिनोऽसिद्धम् ॥ ६० ॥**

**'સુખાદિ અચેતન છે' એવા સાધ્ય માટે ઉત્પત્તિમત્ત્વ કે અનિત્યત્વ [-રૂપ હેતુ] સ્વયં સાંખ્ય વાદી માટે અસિદ્ધ છે. (૬૦)**

1. अचेतनाः सुखादय इति । सुखमादिर्येषां दुःखादीनां ते सुखादयः । तेषामचैतन्ये साध्य उत्पत्तिमत्त्वमनित्यत्वं वा लिङ्गमुपन्यस्तम् ।

1. 'સુખાદિ' એટલે સુખ, દુઃખ અને અન્ય. તેમના અચૈતન્યને સિદ્ધ કરવા [સાંખ્ય વાદીએ] ઉત્પત્તિમત્ત્વ કે અનિત્યત્વ એ લિંગ રજૂ કર્યું છે. [તેમનું પરાર્થાનુમાન નીચે મુજબ ગોઠવી શકાય :]

2. य उत्पत्तिमन्तोऽनित्या वा ते न चेतनाः, यथा रूपादयः । तथा चोत्पत्तिमन्तोऽनित्या वा सुखादयस्तस्मादचेतनाः ।

2. જે ઉત્પત્તિવાળા કે અનિત્ય હોય તે ચેતન હોતા નથી;
જેમ કે રૂપ વગેરે;
અને તે રીતે સુખાદિ ઉત્પત્તિવાળા કે અનિત્ય છે;
માટે તે અચેતન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. चैतन्यं तु पुरुषस्य स्वरूपम् । अत्र चोत्पत्तिमत्त्वमनित्यत्वं वा पर्यायेण हेतुर्न युगपत् । तच्च द्वयमपि सांख्यस्य वादिनो न सिद्धम् ।

3. [ એ યાદ રહે કે સાંખ્ય મતે ] ચૈતન્ય તો પુરુષનું સ્વરૂપ છે, [ પ્રકૃતિનું નહિ.] અહીં ઉત્પત્તિમત્ત્વ કે અનિત્યત્વ તે એકબીજાના વિકલ્પે હેતુરૂપે રજૂ થયેલું ગણવાનું છે; બંને એક સાથે નહિ. હવે તે બંને, [ પરાર્થાનુમાન રજૂ કરતા ] સાંખ્ય વાદીને માટે [ પોતાના શાસ્ત્ર પ્રમાણે ] અસિદ્ધ [ ધર્મો ] છે.

4. परार्थो हि हेतूपन्यासः । तेन यः परस्य सिद्धः स हेतुर्वक्तव्यः । परस्य चासत उत्पाद उत्पत्तिमत्त्वं, सतश्च निरन्वयो विनाशोऽनित्यत्वं सिद्धम् । तादृशं च द्वयमपि सांख्यस्यासिद्धम् ।

4. હવે હેતુની રજૂઆત, પર ( =પ્રતિવાદી ) માટે હોય છે. તેથી જે હેતુ પ્રતિવાદીની દૃષ્ટિએ સિદ્ધ હોય તે જ રજૂ કરાય. હવે [ આ દાખલામાં બૌદ્ધ ] પ્રતિવાદીને મતે જે [ સર્વથા ] અસત્ હોય તેની ઉત્પત્તિરૂપ ઉત્પત્તિમત્ત્વ અને સત્‌ના નિરન્વયવિનાશરૂપ અનિત્યત્વ એ બંને સિદ્ધ છે. પણ બંને તે પ્રકારે સાંખ્ય વાદીને મતે, [ તેમના સત્કાર્યવાદના સિદ્ધાંતને લીધે, ] અસિદ્ધ છે.

5. इहाप्यनित्यत्वोत्पत्तिमत्त्वसाधनाज्ञानात् वादिनोऽसिद्धम् । यदि त्वनित्यत्वोत्पत्तिमत्त्वयोः प्रामाण्यं वादिनो ज्ञातं स्यात्, तदा वादिनोऽपि सिद्धं स्यात् । ततः प्रमाणापरिज्ञानादिदं वादिनोऽसिद्धम् ॥

5. અહીં પણ અનિત્યત્વ કે ઉત્પત્તિમત્ત્વ એ ધર્મોને સાધી આપનાર હેતુના અજ્ઞાનને લીધે [ જ ] તે ધર્મો વાદી માટે અસિદ્ધ છે. તેને બદલે જો [ પ્રતિવાદીને અભિપ્રેત સ્વરૂપનાં ] અનિત્યત્વ અને ઉત્પત્તિમત્ત્વનું પ્રમાણભૂતપણું વાદીની બુદ્ધિમાં ઊતરી જાય તો તે વાદી માટે પણ સિદ્ધ બને; [ ને તો ઉક્ત હેતુ અસિદ્ધ ન રહેતાં યથાર્થ હેતુ બને. ] આમ [ આ બંને હેતુને સ્થાપનારા ] પ્રમાણના બરોબર જ્ઞાનના અભાવે જ આ હેતુ વાદી માટે અસિદ્ધ ગણાય. [ એટલા પૂરતું, પ્રામાણિકતાની દૃષ્ટિએ એ હેતુઓ વાદીથી રજૂ કરી શકાય નહિ. ] ( ૬૦ )

संदिग्धासिद्धं दर्शयितुमाह —

**तथा स्वयं तदाश्रयणस्य वा संदेहेऽसिद्धः ॥ ६१ ॥**

હવે 'સંદિગ્ધાસિદ્ધ' બતાવતાં કહે છે :

**તે રીતે સ્વયં [ હેતુના ] કે તેના આશ્રયણના સંદેહ-પ્રસંગે પણ 'અસિદ્ધ' [ હેત્વાભાસ ]. ( ૬૧ )**

1. स्वयमिति हेतोरात्मनः संदेहेऽसिद्धः । तदाश्रयणस्य वेति तस्य हेतोराश्रयणं आश्रीयतेऽस्मिन्हेतुरित्याश्रयणं हेतोर्व्यतिरिक्त आश्रयभूतः साध्यधर्मी कथ्यते । तत्र हि हेतुर्वर्तमानो गमकत्वेनाश्रीयते । तस्याश्रयणस्य संदेहे संदिग्धः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. 'સ્વયં' એટલે હેતુના પોતાના વિષે સંદેહને પ્રસંગે, અથવા તો તેના આશ્રયણ વિષેના [ સંદેહ-પ્રસંગે ] 'અસિદ્ધ' હેત્વાભાસ કહેવાય. [ મૂળમાં 'આશ્રયણ' શબ્દ આ + શ્રિ ધાતુ પરથી બન્યો છે; એથી ] 'આશ્રયણ' એટલે જેમાં હેતુનો આશ્રય લેવાય તે; અર્થાત્ હેતુથી જુદો એવો, [ અનુમિતિના ] આશ્રયરૂપ સાધ્યધર્મી. તેમાં રહેલા હેતુનો [ સાધ્યના ] સાધન તરીકે આશ્રય લેવાય છે માટે [ તેને 'આશ્રયણ' કહે છે ]. તો તે આશ્રયણના વિષે સંદેહ હોય ત્યારે પણ સંદિગ્ધાસિદ્ધ હેત્વાભાસ કહેવાય. ( ૬૧ )

आत्मना संदिह्यमानमुदाहर्तुमाह —

**यथा बाष्पादिभावेन संदिह्यमानो भूतसंघातोऽग्निसिद्धावुपदिश्यमानः संदिग्धासिद्धः ॥ ६२ ॥**

[ ઉપર કહેલા બે પ્રકારમાંથી હેતુ ] પોતે જ જ્યાં સંદેહનો વિષય હોય તેના ઉદાહરણરૂપે કહે છે :

**જેમ કે – બાષ્પાદિ તરીકે સંદિગ્ધ લાગતો ભૂતસંઘાત અગ્નિની સિદ્ધિ માટે રજૂ કરાય તો તે સંદિગ્ધાસિદ્ધ. ( ૬૨ )**

1. यथेति । बाष्प आदिर्यस्य स बाष्पादिः । तद्भावेन बाष्पादित्वेन संदिह्यमानो भूतसंघात इति भूतानां पृथिव्यादीनां 'संघातः' समूहः । 'अग्निसिद्धौ' अग्निसिद्ध्यर्थमुपादीयमानोऽसिद्धः ।

1. બાષ્પાદિ તરીકે એટલે બાષ્પરૂપે વા [ તેવા ] અન્ય કોઈ રૂપે. 'ભૂતસંઘાત' એટલે પૃથ્વી વગેરે ભૂતોનો સમુદાય. જો બાષ્પ (=વરાળ) વગેરે રૂપે સંદિગ્ધ લાગતા ભૂતસમુદાયને અગ્નિની સિદ્ધિ માટે રજૂ કરવામાં આવે તો તે અસિદ્ધ હેત્વાભાસ કહેવાય.

2. एतदुक्तं भवति — यदा धूमोऽपि बाष्पादित्वेन संदिग्धो भवति तदाऽसिद्धः, गमकरूपानिश्चयात् । धूमतया निश्चितो वह्निजन्यत्वाद्गमकः । यदा तु संदिग्धस्तदा न गमक इति असिद्धताख्यो दोषः ॥

2. કહેવાનો ભાવ આવો છે : જ્યારે ક્યાંક ખરેખર ધુમાડો હોય છતાં તેને વિષે વરાળ વગેરેનો સંદેહ થાય ત્યારે તે હેતુ પણ અસિદ્ધ કહેવાય; કારણ કે [ સાધ્યનો ] બોધ કરાવે તેવા તેના [ ધૂમરૂપ ] સ્વરૂપનો નિશ્ચય થયો હોતો નથી. જ્યારે તે ધુમાડારૂપે નિશ્ચિત થયો હોય ત્યારે [ જ ] તે અગ્નિજન્ય હોવાથી [ અગ્નિરૂપ સાધ્યનો ] સાધક બને છે, પણ જ્યારે [ તેનું પોતાનું સ્વરૂપ જ ] સંદિગ્ધ હોય ત્યારે [ તેના અસ્તિત્વના અનિશ્ચયને લીધે ] સાધક બનતો નથી, ને તેથી 'અસિદ્ધ' નામનો દોષ થાય છે. ( ૬૨ )

आश्रयणासिद्धमुदाहरति —

**यथेह निकुञ्जे मयूरः केकायितादिति ॥ ६३ ॥**

આશ્રયણાસિદ્ધનું ઉદાહરણ આપે છે :

**જેમ કે – 'આ નિકુંજમાં મોર છે; કારણ કે [ ત્યાં ] કેકારવ [ સંભળાય ] છે.' ( ૬૩ )**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. यथेति । इह निकुञ्जे इति धर्मी । पर्वतोपरिभागेन तिर्यङ्निर्गतेन प्रच्छादितो भूभागो निकुञ्जः । मयूर इति साध्यम् । केकायितादिति हेतुः । केकायितं मयूरध्वनिः ॥

1. નિકુંજ તે ધર્મી છે. જ્યારે પર્વત ઉપરનો ભાગ આડો લંબાયો હોય ત્યારે તેને લીધે ઢંકાયેલો પ્રદેશ તે 'નિકુંજ' કહેવાય. મોર અહીં સાધ્ય છે. કેકારવ તે હેતુ છે. કેકારવ એટલે મોરનો ટહૂકાર. ( ૬૩ )

कथमाश्रयणासिद्ध इत्याह —

**तदापातदेशविभ्रमे ॥ ६४ ॥**

આ આશ્રયણાસિદ્ધ કઈ સ્થિતિમાં તે કહે છે :

**તેના આપાતપ્રદેશનો વિભ્રમ થાય ત્યારે. ( ૬૪ )**

1. तदापात इति । तस्य केकायितस्यापात आगमनं, तस्य देशः स उच्यते यस्माद्देशादागच्छति केकायितम् । तस्य 'विभ्रमे' व्यामोहे सत्याश्रयणासिद्धः । निरन्तरेषु बहुषु निकुञ्जेषु सत्सु यदा केकायितापातनिकुञ्जे विभ्रमः – किमस्मान्निकुञ्जात्केकायितमागतमाहोस्विदस्मात् इति, तदायमाश्रयणासिद्ध इति ॥

1. 'તેના' એટલે કેકારવના 'આપાતપ્રદેશ' એટલે આગમન(=ઉત્પત્તિ)નો પ્રદેશ, એટલે કે જ્યાંથી કેકારવ આવતો હોય તે પ્રદેશ. તો એ આપાતપ્રદેશ અંગે વિભ્રમ અર્થાત્ વ્યામોહ (=અનિર્ણય, સંદેહ) હોય ત્યારે તે આશ્રયણાસિદ્ધ હેત્વાભાસ થાય. એક સાથે અનેક નિકુંજો આવેલા હોય તે સંજોગોમાં કેકારવની ઉત્પત્તિના નિકુંજ વિષે, 'શું આ નિકુંજમાંથી કેકારવ આવ્યો કે બીજા નિકુંજમાંથી' એવો સંદેહ હોઈ શકે. ત્યારે આ આશ્રયણાસિદ્ધ હેત્વાભાસ થાય. ( ૬૪ )

धर्मिणोऽसिद्धावप्यसिद्धत्वमुदाहरति —

**धर्म्यसिद्धावप्यसिद्धो यथा — सर्वगत आत्मेति साध्ये सर्वत्रोपलभ्यमानगुणत्वम् ॥ ६५ ॥**

ધર્મી[ના પોતાના અસ્તિત્વ]ની અસિદ્ધિને લીધે સંભવતા અસિદ્ધત્વનું પણ ઉદાહરણ આપે છે :

**ધર્મીની અસિદ્ધિને લીધે પણ અસિદ્ધ [હેત્વાભાસ સંભવે]; જેમ કે – 'આત્મા સર્વગત છે' એવા સાધ્ય માટે રજૂ કરેલો 'સર્વત્ર ઉપલબ્ધ થતા ગુણવાળા હોવું' તે હેતુ. ( ૬૫ )**

1. यथेति । सर्वस्मिन् गतः स्थितः सर्वगतो व्यापीति यावत् । व्यापित्व आत्मनः साध्ये सर्वत्रोपलभ्यमानगुणत्वं लिङ्गम् । सर्वत्र देश उपलभ्यमानाः सुखदुःखेच्छाद्वेषादयो गुणा यस्यात्मनस्तस्य भावस्तत्त्वम् । न गुणा गुणिनमन्तरेण वर्तन्ते । गुणानां गुणिनि समवायात् । निष्क्रियश्चात्मा । ततश्च यदि व्यापी न भवेत्, कथं दक्षिणापथ उपलब्धाः सुखादयो मध्यदेश उपलभ्येरन् । तस्मात् सर्वगत आत्मा ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. સર્વમાં ગયેલો એટલે કે રહેલો તે ' સર્વગત ' — જેને ' વ્યાપક ' પણ કહે છે. આત્માના વ્યાપકત્વ રૂપ સાધ્ય માટે ' બધે ઉપલબ્ધ થતા ગુણવાળા હોવું ' તે લિંગ છે. આત્માના સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ આદિ ગુણો સર્વત્ર ઉપલબ્ધ થતા હોય છે [ એ હકીકતનો અહીં હેતુ તરીકે ઉપયોગ છે. ] હવે ગુણો ગુણી વગર રહે નહિ; કારણ કે ગુણોનો ગુણી સાથે સમવાય[-સંબંધ] હોય છે. હવે બીજી બાજુ આત્મા તો [ ગતિ વગેરે બધી ] ક્રિયાથી રહિત હોય છે. તો જો તે વ્યાપક ન હોય તો દક્ષિણાપથમાં ઉપલબ્ધ થયેલા સુખાદિ ગુણો મધ્ય-દેશમાં કઈ રીતે ઉપલબ્ધ થાય? માટે આત્મા સર્વગત છે [ એમ અવશ્યપણે માનવું પડે ].

2. तदिह बौद्धस्यात्मैव न सिद्धः, किमुत सर्वत्रोपलभ्यमानगुणत्वं सिध्येत् तस्य, इत्यसिद्धो हेत्वाभासः । पूर्वमाश्रयणसंदेहेन धर्मिणि संदेह उक्तः । संप्रति त्वसिद्धो धर्म्युक्त इत्यनयोर्विशेषः ।

2. હવે આ વાદમાં બૌદ્ધ [ પ્રતિવાદી ] માટે આત્મા[-રૂપ ધર્મી ] જ સિદ્ધ નથી તો પછી ' બધે ઉપલબ્ધ થતા ગુણવાળા હોવું ' એવો તેનો [ હેતુભૂત ] ધર્મ તો ક્યાંથી સિદ્ધ થાય? આમ [ પ્રતિવાદીને મતે હેતુનો આશ્રય ] અસિદ્ધ હોવાથી [ 'અસિદ્ધ' ] હેત્વાભાસ છે. પૂર્વના પ્રભેદમાં [ હેતુના ] આશ્રય વિષે સંદેહ હોવાથી ધર્મી વિષે **સંદેહ** કહેવાયો છે, જ્યારે આ પ્રકારમાં તો ધર્મી[નું પોતાનું અસ્તિત્વ ] **અસિદ્ધ કહ્યું** છે; [ માત્ર સંદિગ્ધ નહિ. ] આ બંનેની ભિન્નતા છે.

3. तदेवमेकस्य रूपस्य धर्मिसंबद्धस्यासिद्धावसिद्धो हेत्वाभासः ॥

3. તો આ રીતે, ધર્મી સાથે સંબંધિત પ્રથમ રૂપની [ વિવિધ રીતે જણાતી ] અસિદ્ધિને કારણે સંભવતો ' અસિદ્ધ ' હેત્વાભાસ [ તેના વિવિધ પ્રભેદો સાથે સમજાવાયો ]. ( ૬૫ )

**तथैकस्य रूपस्यासपक्षेऽसत्त्वस्यासिद्धावनैकान्तिको हेत्वाभासः ॥ ६६ ॥**

**તે જ રીતે લિંગના, ' અસપક્ષમાં અસત્ત્વ ' તે રૂપની અસિદ્ધિથી ' અનૈકાન્તિક ' હેત્વાભાસ. ( ૬૬ )**

1. तथाऽपरस्यैकस्य रूपस्य असपक्षेऽसत्त्वाख्यस्यासिद्धावनैकान्तिको हेत्वाभासः ।

1. તે રીતે અન્ય એક રૂપ — અસપક્ષે **અસત્ત્વ** — ની અસિદ્ધિને લીધે ' અનૈકાન્તિક ' હેત્વાભાસ કહેવાય.

2. एकोऽन्त एकान्तो निश्चयः । स प्रयोजनमस्येत्यैकान्तिकः । नैकान्तिकोऽनैकान्तिकः । यस्मान्न साध्यस्य न विपर्ययस्य निश्चयोऽपि तु तद्विपरीतः संशयः । साध्येतरयोः संशयहेतुरनैकान्तिक उक्तः ॥

2. [ 'અનૈકાન્તિક' શબ્દનું વિશ્લેષણ કરીએ: ] એક અન્ત તે ' એકાન્ત ' **અર્થાત્** નિશ્ચય. જે એકાન્ત એટલે કે નિશ્ચયને લક્ષે તે ' ઐકાન્તિક ' અને જે ઐકાન્તિક ન હોય તે 'અનૈકાન્તિક '. જે હેતુથી સાધ્ય કે તેના વિરુદ્ધ [ ધર્મના અસ્તિત્વનો ] નિશ્ચય ન થતાં, તેથી વિપરીત એવો સંશય થાય તે અનૈકાન્તિક હેતુ. આમ સાધ્ય કે સાધ્યાભાવના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંશય (='અનેકાન્ત' કિંવા અનિશ્ચય)ના કારણરૂપ હોવાથી તેને અનૈકાન્તિક [હેત્વાભાસ] કહ્યો છે. (૬૬)

तमुदाहरति --

**यथा शब्दस्यानित्यत्वादिके धर्मे साध्ये प्रमेयत्वादिको धर्मः सपक्षविपक्षयोः सर्वत्रैकदेशे वा वर्तमानः ॥ ६७ ॥**

આનાં ઉદાહરણ આપે છે:

**જેમ કે — શબ્દ વિષે અનિત્યત્વ-આદિ ધર્મ સાધ્ય હોય ત્યારે પ્રમેયત્વ-આદિ ધર્મ [રૂપ હેતુ,] સપક્ષ અને વિપક્ષ એ બંનેમાં, સર્વત્ર અથવા તો એકદેશમાં, હાજર હોય છે. (૬૭)**

1. यथेत्यादिना । अनित्यत्वमादिर्यस्यासावनित्यत्वादिको धर्मः । आदिशब्दादप्रयत्नानन्तरीयकत्वं प्रयत्नानन्तरीयकत्वं नित्यत्वं च परिगृह्यते । प्रमेयत्वमादिर्यस्य स प्रमेयत्वादिकः । आदिशब्दादनित्यत्वं पुनरनित्यत्वममूर्तत्वं च गृह्यते । शब्दस्य धर्मिणोऽनित्यत्वादिके धर्मे साध्ये प्रमेयत्वादिको धर्मोऽनैकान्तिकः । चतुर्णामपि हि विपक्षेऽसत्त्वमसिद्धम् ।

1. અનિત્યત્વ ઉપરાંત 'આદિ' શબ્દથી અપ્રયત્નાનન્તરીયકત્વ (=પ્રયત્ન સાથે અવિનાભાવી ન હોવાપણું), પ્રયત્નાનન્તરીયકત્વ (= પ્રયત્ન સાથે અવિનાભાવિત્વ) અને નિત્યત્વ — એટલાં [અન્ય વૈકલ્પિક સાધ્યધર્મો] અભિપ્રેત છે. [તે રીતે] પ્રમેયત્વ ઉપરાંત 'આદિ' શબ્દથી [ઉપલાં સાધ્યોમાંનાં છેલ્લાં ત્રણના અનુસંધાનમાં અનુક્રમે] અનિત્યત્વ, વળી પાછું અનિત્યત્વ અને અમૂર્તત્વ અભિપ્રેત છે. [તો સમગ્ર વાક્યાર્થ આમ થયો:] શબ્દરૂપ ધર્મી વિષે અનિત્યત્વાદિ ધર્મ સાધ્ય હોય ત્યારે પ્રમેયત્વાદિ [હેતુભૂત] ધર્મો 'અનૈકાન્તિક' છે; કારણ કે ચારે [હેતુઓ]નું વિપક્ષમાં અસત્ત્વ અસિદ્ધ છે.

2. तथाहि – अनित्यः शब्दः प्रमेयत्वाद्घटवदाकाशवदिति प्रमेयत्वं सपक्षविपक्षव्यापि ।

2. દરેકને [પ્રયોગરૂપે] જોઈએ:

૧. શબ્દ અનિત્ય છે;
કારણ કે તે પ્રમેય છે;
ઘડાની જેમ અને આકાશની જેમ.

– આમાં 'પ્રમેયત્વ' રૂપ હેતુ [ઘટાદિ] સપક્ષમાં અને [આકાશાદિ] વિપક્ષમાં એમ બંનેમાં [સર્વત્ર] વ્યાપેલ છે.

3. अप्रयत्नानन्तरीयकः शब्दोऽनित्यत्वाद्विद्युदाकाशवद्घटवच्चेत्यनित्यत्वं सपक्षैकदेशवृत्ति – विद्युदादावस्ति नाकाशादौ; विपक्षव्यापि – प्रयत्नानन्तरीयके सर्वत्र भावात् ।

3. ૨. શબ્દ અપ્રયત્નાનન્તરીયક છે;
કારણ કે તે અનિત્ય છે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીજળી ને આકાશની જેમ અથવા તો
ઘડાની જેમ.

— આમાં અનિત્યત્વરૂપ હેતુ સપક્ષના એક ભાગમાં [ જ ] ( = સપક્ષનાં કેટલાંક ઉદાહરણોમાં જ ) — જેમ કે વીજળી–આદિમાં — છે, ને [ અન્ય સપક્ષો, જેમ કે ] આકાશઆદિમાં નથી; અને પ્રયત્નાનન્તરીયક એવા [ ઘટાદિ ] સર્વ વિપક્ષોમાં છે.

4. अनित्यत्वात्प्रयत्नानन्तरीयकः शब्दो घटवद्विद्युदाकाशवच्चेत्यनित्यत्वं विपक्षैकदेशवृत्ति — विद्युदादावस्ति नाकाशादौ । सपक्षव्यापि, सर्वत्र प्रयत्नानन्तरीयके भावात् ।

4. ૩. શબ્દ પ્રયત્નાનન્તરીયક છે;
કારણ કે તે અનિત્ય છે;
ઘડાની જેમ કે વીજળી ને આકાશની જેમ.

— આમાં અનિત્યત્વરૂપ હેતુ વિપક્ષના એકદેશમાં જ છે — જેમ કે [ વિપક્ષનાં ] વીજળી ઇત્યાદિ ઉદાહરણોમાં છે ને [ વિપક્ષનાં ] આકાશાદિ ઉદાહરણોમાં નથી, જ્યારે સપક્ષમાં એટલે કે પ્રયત્નાનન્તરીયક [ ઘટાદિ ] પદાર્થોમાં બધે જ જોવા મળે છે.

5. नित्यः शब्दोऽमूर्तत्वादाकाशपरमाणुवत्कर्मघटवच्चेत्यमूर्तत्वमुभयैकदेशवृत्ति — उभयोरेकदेश आकाशे कर्मणि च वर्तते । परमाणौ तु सपक्षैकदेशे, घटादौ च विपक्षैकदेशे न वर्तते । मूर्तत्वाद्घटपरमाणुप्रभृतीनाम् ।

5. ૪. શબ્દ નિત્ય છે.
કારણ કે તે અમૂર્ત છે;
આકાશ અને પરમાણુની જેમ અથવા
તો કર્મ અને ઘડાની જેમ.

— આમાં અમૂર્તત્વરૂપ હેતુ સપક્ષ અને વિપક્ષ બંનેનાં કેટલાંક ઉદાહરણોમાં છે : [ સપક્ષ એવા ] આકાશમાં અને [ વિપક્ષ એવા ] કર્મમાં છે. [ તેથી ઊલટું, ] સપક્ષના એકદેશ એવા પરમાણુમાં તેમ જ વિપક્ષના એકદેશ એવા ઘટાદિમાં [ તે હેતુ ] નથી: કારણ કે ઘટ, પરમાણુ વગેરે મૂર્ત છે; [ અમૂર્ત નથી. ]

6. नित्यास्तु परमाणवो वैशेषिकैरभ्युपगम्यन्ते । ततः सपक्षान्तर्गताः ।

6. [ આ ચોથા અનુમાનના અનુસંધાનમાં એટલો ખુલાસો ઉમેરવો જોઈએ કે ] વૈશેષિકો વડે પરમાણુઓ નિત્ય મનાયા છે; તેથી [ તેમની દૃષ્ટિએ ] સપક્ષરૂપ છે. [ બૌદ્ધ દૃષ્ટિએ તેઓ અનિત્ય મનાયા હોઈ વિપક્ષ ગણાશે. ]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7. अस्य चतुर्विधस्य पक्षधर्मस्यासत्त्वमसिद्धं विपक्षे । ततोऽनैकान्तिकता ॥

7. આ ચારે ય પક્ષધર્મ (=હેતુ)નું [પ્રત્યેક] વિપક્ષમાં [આવશ્યક એવું] અસત્ત્વ અસિદ્ધ છે. તેથી તેમનામાં અનૈકાન્તિકપણું છે. (૬૭)

**तथा अस्यैव रूपस्य संदेहेऽप्यनैकान्तिक एव ॥ ६८ ॥**

**તે રીતે આ જ રૂપના સંદેહના પ્રસંગે પણ અનૈકાન્તિક જ. (૬૮)**

1. यथा चास्य रूपस्यासिद्धावनैकान्तिकस्तथा अस्यैव विपक्षेऽसत्त्वाख्यस्य रूपस्य संदेहेऽनैकान्तिकः ॥

1. જેમ આગળ કહ્યું કે [વિપક્ષમાં અસત્ત્વ એ] રૂપની અસિદ્ધિના પ્રસંગે અનૈકાન્તિક [હેત્વાભાસ કહેવાય,] તેમ આ જ એટલે કે વિપક્ષમાં અસત્ત્વ એ રૂપના સંદેહ વખતે પણ અનૈકાન્તિક જ કહેવાય. (૬૮)

तमुदाहरति —

**यथाऽसर्वज्ञः कश्चिद्विवक्षितः पुरुषो रागादिमान्वेति साध्ये वक्तृत्वादिको धर्मः संदिग्धविपक्षव्यावृत्तिकः ॥ ६९ ॥**

તેને ઉદાહરણથી સમજાવે છે :

**જેમ કે – 'કોઈ વિવક્ષિત પુરુષ અસર્વજ્ઞ કે રાગાદિવાળો છે' એવા સાધ્ય પ્રત્યે વક્તૃત્વાદિ ધર્મ [– રૂપ હેતુ] સંદિગ્ધ એવી વિપક્ષવ્યાવૃત્તિવાળો ગણાય. (૬૯)**

1. यथेति । असर्वज्ञ इत्यसर्वज्ञत्वं साध्यम् । कश्चिद् विवक्षित इति वक्तुरभिप्रेतः पुरुषो धर्मी । रागा आदिर्यस्य द्वेषादेः स रागादिः । स यस्यास्ति स रागादिमानिति द्वितीयं साध्यम् । वाग्रहणं रागादिमत्त्वस्य पृथक्साध्यत्वख्यापनार्थम् । ततोऽसर्वज्ञत्वे रागादिमत्त्वे वा साध्ये प्रकृते वक्तृत्वं वचनशक्तिस्तदादिर्यस्योन्मेषनिमेषादेः स वक्तृत्वादिको धर्मोऽनैकान्तिकः ।

1. અસર્વજ્ઞત્વ એ [એક] સાધ્ય છે. કોઈક વિવક્ષિત કે વક્તાને અભિપ્રેત પુરુષ તે ધર્મી છે. રાગાદિ એટલે રાગદ્વેષ વગેરે. તો રાગાદિવાળો [પણ] એ બીજું સાધ્ય છે. [વિકલ્પ-વાચક] 'કે'ના પ્રયોગથી રાગાદિમત્ત્વ તે જુદું સાધ્ય છે તેમ સૂચવાય છે. આમ અસર્વ-જ્ઞત્વ કે રાગદિમત્ત્વ સાધ્ય હોય ત્યારે વક્તૃત્વાદિક ધર્મ તે અનૈકાન્તિક હેત્વાભાસ છે. 'વક્તૃત્વ' એટલે વચનશક્તિ. 'આદિ' શબ્દથી ઉન્મેષ, નિમેષ વગેરે ધર્મો પણ સૂચવાય છે.

2. संदिग्धा विपक्षाद्व्यावृत्तिर्यस्य स तथोक्तः । असर्वज्ञत्वे साध्ये सर्वज्ञत्वं विपक्षः । तत्र वचनादेः सत्त्वमसत्त्वं वा संदिग्धम् । अतो न ज्ञायते किं वक्ता सर्वज्ञ उतासर्वज्ञ इत्यनैकान्तिक वक्तृत्वम् ॥

2. અહીં હેતુની વિપક્ષમાંથી વ્યાવૃત્તિ અંગે સંદેહ થાય છે. અસર્વજ્ઞત્વ સાધ્ય હોય ત્યારે સર્વજ્ઞત્વ તે વિપક્ષ કહેવાય. [કોઈ પણ ધર્મી વિષે સર્વજ્ઞત્વ પોતે સંદિગ્ધ હોઈ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વજ્ઞત્વ સાથે વચનાદિનાં સત્ત્વ કે અસત્ત્વ વિષે સંદેહ રહે છે. આથી નિશ્ચય ( = એકાન્ત ) સધાતો નથી કે વક્તા [ હોવાથી ઉક્ત વ્યક્તિ ] સર્વજ્ઞ છે કે અસર્વજ્ઞ છે. આમ [ અહીં ] વક્તૃત્વ[–રૂપ હેતુ ] એકાન્ત( = નિશ્ચય )ને લક્ષતો નથી; [ માટે અનૈકાન્તિક હેત્વાભાસ ઠરે છે. ] ( ૬૯ )

ननु च सर्वज्ञो वक्ता नोपलभ्यते, तत्कथं वचनं सर्वज्ञे संदिग्धम् ? अत एव –

**' सर्वज्ञो वक्ता नोपलभ्यते ' इत्येवंप्रकारस्यानुपलम्भस्यादृश्यात्मविषयत्वेन संदेहहेतुत्वात् । ततोऽसर्वज्ञविपर्ययाद्वक्तृत्वादेर्व्यावृत्तिः संदिग्धा ॥ ७० ॥**

[ અહીં કોઈને સહજ પૂછવાનું મન થાય : ] "સર્વજ્ઞ એવા વક્તાની [ ક્યાંય ] ઉપલબ્ધિ થતી નથી; તો પછી સર્વજ્ઞ વ્યક્તિ વિષે વચન [ સંભવે તેવા ] સંદેહને અવકાશ જ ક્યાં છે ?" [ તેનો જવાબ : ] આ [ નીચે બતાવેલા ] કારણથી જ :

**' સર્વજ્ઞ વક્તા ઉપલબ્ધ થતો નથી ' – આ પ્રકારની અનુપલબ્ધિ અદૃશ્યાત્મવિષયક હોઈ સંદેહના કારણરૂપ હોય છે; તેથી અસર્વજ્ઞના વિપર્યયમાંથી વક્તૃત્વાદિની વ્યાવૃત્તિ સંદિગ્ધ હોય છે. ( ૭૦ )**

1. ' सर्वज्ञो वक्ता नोपलभ्यते ' इत्येवंप्रकारस्यैवंजातीयस्यानुपलम्भस्य संदेहहेतुत्वात् । कुत इत्याह । अदृश्य आत्मा विषयो यस्य तस्य भावोऽदृश्यात्मविषयत्वं तेन संदेहहेतुत्वम् । ततोऽदृश्यविषयोऽनुपलम्भः संदेहहेतुर्न निश्चयहेतुस्ततोऽसर्वज्ञविपक्षात्सर्वज्ञाद् वक्तृत्वादेर्व्यावृत्तिः संदिग्धा ॥

1. ' સર્વજ્ઞ વક્તા ઉપલબ્ધ થતો નથી ' એવા પ્રકારની અનુપલબ્ધિ સંદેહના કારણરૂપ હોય છે. " કેમ ? " એ પ્રશ્નનો જવાબ [ સૂત્રમાં ] આપ્યો છે [ તે જોઈએ : ] અદૃશ્ય એવો [ અન્યનો ] આત્મા જેનો વિષય છે તે ' અદૃશ્યાત્મવિષયક ' કહેવાય; એને કારણે [ આ અનુપલબ્ધિ ] સંદેહનું કારણ બને છે. આવું એટલા માટે કે [ અગાઉ અનુપલબ્ધિરૂપ હેતુની ચર્ચાને પ્રસંગે સ્પષ્ટ કરેલું તેમ ] જે અનુપલબ્ધિનો વિષય અદૃશ્ય હોય તે અનુપલબ્ધિ સંદેહનો હેતુ હોય છે, નિશ્ચયનો હેતુ નહિ. [ માત્ર દૃશ્યાનુપલબ્ધિ જ અસત્ત્વનિશ્ચય કરાવે છે. ] તેને લીધે અસર્વજ્ઞના વિપક્ષ એવા સર્વજ્ઞમાંથી વક્તૃત્વાદિ [ –રૂપ હેતુ ]ની વ્યાવૃત્તિ સંદિગ્ધ રહે છે. ( ૭૦ )

**वक्तृत्वसर्वज्ञत्वयोर्विरोधाभावाच्च यः सर्वज्ञः स वक्ता न भवतीत्यदर्शनेऽपि व्यतिरेको न सिध्यति । संदेहात् ॥ ७१ ॥**

**વળી, ' જે સર્વજ્ઞ તે વક્તા ન હોય ' એવું દર્શન ભલે ન થાય, છતાં [ વક્તૃત્વ અને સર્વજ્ઞત્વ વચ્ચે સ્વભાવભૂત વિરોધ માનીને ] વ્યતિરેક સિદ્ધ કરવાનું પણ, વક્તૃત્વ અને સર્વજ્ઞત્વ વચ્ચે [ તેવા ] વિરોધના અભાવને કારણે, બની શકશે નહિ; કારણ કે સંદેહ રહે છે. ( ૭૧ )**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. नानुपलम्भात् सर्वज्ञे वक्तृत्वमसद्ब्रूमः अपि तु सर्वज्ञत्वेन सह वक्तृत्वस्य विरोधात् । एतन्न । सर्वज्ञत्ववक्तृत्वयोर्विरोधो नास्ति । विरोधाभावाच्च कारणाद् व्यतिरेको न सिध्यतीति संबन्धः ।

1. [ કદાચ પૂર્વપક્ષ સ્વપક્ષસિદ્ધિ માટે આમ કહે : ] " અમે કાંઈ [ સર્વજ્ઞમાં વક્તૃત્વની ] અનુપલબ્ધિને આધારે નહિ, પણ સર્વજ્ઞત્વ સાથે વક્તૃત્વના [ સ્વભાવભૂત ] વિરોધને આધારે સર્વજ્ઞ વિષે વક્તૃત્વ અસત્ હોવાનું કહીએ છીએ." આ વાત પણ બરોબર નથી; [ કારણ કે ] સર્વજ્ઞત્વ અને વક્તૃત્વનો વિરોધ જણાતો નથી. 'વિરોધના અભાવને કારણે વ્યતિરેક સિદ્ધ કરવાનું બની શકશે નહિ ' એવો [ સૂત્રના વાક્યનો ] અન્વય છે.

2 व्याप्तिमन्तं व्यतिरेकं दर्शयति – यः सर्वज्ञ इति । साध्याभावरूपं सर्वज्ञत्वमनूद्य स वक्ता न भवतीति साधनस्य वक्तृत्वस्याभावो विधीयते । तेन साध्याभावः साधनाभावे नियतत्वात् साधनाभावेन व्याप्त उक्त इति ।

2. [ પૂર્વપક્ષને ઇષ્ટ એવો ] **વ્યાપ્તિવાળો** વ્યતિરેક ' જે સર્વજ્ઞ હોય તે વક્તા ન હોય' એ વાક્યમાં કહેવાયો છે. તેમાંના ' જે સર્વજ્ઞ હોય ' એ શબ્દોમાં મૂળ [ અન્વયવ્યાપ્તિના અસર્વજ્ઞત્વરૂપ ] સાધ્યના અભાવનો એટલે કે સર્વજ્ઞત્વનો અનુવાદ કરીને, ' તે વક્તા ન હોય ' એ શબ્દોમાં [ અન્વયવ્યાપ્તિના ] વક્તૃત્વરૂપી હેતુના અભાવનું (= અવક્તૃત્વનું ) વિધાન કરવામાં આવ્યું છે. આમ સાધ્યાભાવ તે સાધનાભાવ વિષે નિયતપણે સંબદ્ધ હોઈ તેનાથી વ્યાપ્ત કહેવાયો છે.

3. व्याप्तिमानीदृशो व्यतिरेको विरोधे सति वक्तृत्वसर्वज्ञत्वयोः सिध्येत् । न चास्ति विरोधः । तस्मान्न सिध्यतीति । कुत इत्याह – संदेहात् । यतो विरोधाभावः, तस्मात् संदेहः । संदेहाद्व्यतिरेकासिद्धिः ॥

3. હવે આવો **વ્યાપ્તિવાળો** વ્યતિરેક, જ્યારે વક્તૃત્વ અને સર્વજ્ઞત્વ વચ્ચે [ સ્વભાવભૂત ] વિરોધ હોય ત્યારે, [ જરૂર ] સિદ્ધ થાય. પણ એ બંને વચ્ચે [ એવો ] વિરોધ તો છે નહિ. તેથી [ એ વ્યતિરેક ] સિદ્ધ થતો નથી. " એમ કેમ ?" તો [ કહે છે ] : ' કારણ કે સંદેહ રહે છે. ' [ અર્થાત્ ] વિરોધાભાવ છે, માટે સંદેહ છે, ને સંદેહને લીધે વ્યતિરેક અસિદ્ધ રહે છે. ( ૭૧ )

कथं विरोधाभावः ?

**द्विविधो हि पदार्थानां विरोधः ॥७२॥**

[ પ્રશ્ન : ] " વિરોધાભાવ કેમ ?" [ આનો ઉત્તર આપવા વિરોધનું શાસ્ત્ર સ્પષ્ટ કરે છે : ]

**કારણ કે પદાર્થોનો વિરોધ દ્વિવિધ હોય છે. ( ૭૨ )**

1. हीति यस्माद्द्विविध एव विरोधो नान्यः तस्मान्न वक्तृत्वसर्वज्ञत्वयोर्विरोधः ॥

1. કારણ કે વિરોધ બે જ પ્રકારનો હોય છે, અન્ય કોઈ પ્રકારનો નહિ. [ અને એ બેમાંથી એક પણ પ્રકારનો વિરોધ વક્તૃત્વ અને સર્વજ્ઞત્વ વચ્ચે લાગુ પડતો નથી, ] તેથી વક્તૃત્વ અને સર્વજ્ઞત્વ વચ્ચે વિરોધ નથી. ( ૭૨ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कः पुनरसौ द्विविधो विरोध इत्याह —

**अविकलकारणस्य भवतोऽन्यभावेऽभावाद्विरोधगतिः ॥ ७३ ॥**

"તો વિરોધ દ્વિવિધ કઈ રીતે?" – [ આના ઉત્તરમાં તેનો પ્રથમ પ્રકાર ] કહે છે:
**અવિકલ કારણવાળો [ અને તેથી ] અસ્તિત્વ ધરાવતો [ કોઈ પદાર્થ ] અન્ય [ પદાર્થ ]ના ભાવના સંદર્ભમાં અભાવને પામે ત્યારે [ તે બંને વચ્ચે ] વિરોધનો બોધ થાય છે. (૭૩)**

1. अविकलकारणस्येति । अविकलानि समग्राणि कारणानि यस्य स तथोक्तः । यस्य कारण-वैकल्यादभावो, न तस्य केनचिदपि विरोधगतिः । तदर्थमविकलकारणग्रहणम् ।

1. 'અવિકલ' એટલે સમગ્ર. [ અસ્તિત્વ ધરાવતા પદાર્થ માટે ] 'અવિકલ કારણવાળો' એવું વિશેષણ વાપરીને કહેવા એ માગે છે કે જે પદાર્થનો અભાવ [ અન્યના અસ્તિત્વ માત્રને આભારી ન હોતાં ] કારણની વિકલતા ( = અસમગ્રતા)ને આભારી હોય, તેના કોઈ પણ પદાર્થ સાથેના વિરોધનો બોધ થતો નથી.

2. ननु च यस्यापि कारणसाकल्यं तस्यापि निवृत्तिरशक्यया केनचिदपि कर्तुम् । तत्कुतो विरोधगतिः ? एवं तर्हि अविकलकारणस्यापि यत्कृतात् कारणवैकल्यादभावः तेन विरोधगतिः ।

2. [ અહીં કોઈ અવશ્ય પૂછશે : ] "પણ જેનાં સકળ કારણો હોય તેવા કાર્યને તો કોઈ પણ અભાવગ્રસ્ત ન કરી શકે તેનું શું? ને [ જો તેનો અભાવ જ ન સંભવે ] તો પછી [ તેના અન્ય સાથેના ] વિરોધનો ખ્યાલ પણ કઈ રીતે આવે?" [ આનું સમાધાન કરીએ : ] તમારું કહેવું એમ હોય તો [ એને ખોટું તો નહિ કહી શકાય; પણ અમારું કહેવાનું એટલું જ છે કે ] પદાર્થ [ આમ બીજી રીતે તો ] અવિકલ–કારણવાળો જ હોય, તેમ છતાં જે [ અન્ય ] પદાર્થે ઊભી કરેલી કારણની વિકલતાને કારણે પેલા પદાર્થનો અભાવ સધાતો હોય તેની સાથેના તેના વિરોધનો બોધ થાય છે.

3. तथा च सति यो यस्य विरुद्धः स तस्य किंचित्कर एव । तथा हि – शीतस्पर्शस्य जनको भूत्वा शीतस्पर्शान्तरजननशक्तिं प्रतिबध्नन् शीतस्पर्शस्य निवर्तको विरुद्धः । तस्माद्धेतुवैकल्य-कारी विरुद्धो जनक एव निवर्त्यस्य । सहानवस्थानविरोधश्चायम् । ततो विरुद्धयोरेकस्मिन्नपि क्षणे सहावस्थानं परिहर्तव्यम् । दूरस्थयोर्विरोधाभावाच्च निकटस्थयोरेव निवर्त्यनिवर्तकभावः ।

**( પ્રસ્તુત વિરોધ તે તત્ત્વતઃ કાર્યકારણભાવનો જ પ્રકારવિશેષ : )**

3. આમાંથી એ વાત ફલિત થાય છે કે જે જેનો વિરોધી હોય તે તેની ઉપર કશીક અસર તો પાડે જ છે; તે આ રીતની : [ઉષ્ણસ્પર્શ અને શીતસ્પર્શનું ઉદાહરણ લઈને વાત કરીએ તો :] વિરોધી [ એવો ઉષ્ણસ્પર્શ તે શીતસ્પર્શના સંપર્કમાં આવે ત્યારે પ્રથમ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીતસ્પર્શને ઉત્પન્ન કરનારો થઈ ને, અન્ય શીતસ્પર્શને જન્માવવાની [ તેની ] શક્તિને રોકીને [ છેવટે ] શીતસ્પર્શનો નિવર્તક બને છે. એટલે વિરોધી પદાર્થ નિવર્તનારા પદાર્થના કારણની વિકલતા સાધનારો [ હોઈ, પ્રથમ ક્ષણે ] તે પદાર્થને ઉત્પન્ન કરનારું કારણ-[-ઘટક ] જ બની રહે છે. વળી [ આના અનુસંધાનમાં સ્પષ્ટ કરવું જોઈએ કે ] આ સહાનવસ્થાનરૂપ ( = વિરુદ્ધ ધર્મો એક સાથે ન રહી શકે તેવો ) વિરોધ છે એટલે વિરુદ્ધ ધર્મોનું એક પણ ક્ષણ સહ-અવસ્થાન માનવાને અવકાશ નથી. [ અહીં એટલું સ્પષ્ટ કરવું જોઈએ કે ] એકબીજાથી દૂર રહેલા ધર્મોની વચ્ચે વિરોધ સંભવતો ન હોઈ નિકટ રહેલા વિરુદ્ધ ધર્મો વચ્ચે જ નિવર્ત્યનિવર્તકભાવ[-રૂપ વિરોધ ] સંભવી શકે.

4. तस्माद्यो यस्य निवर्तकः स तं, यदि परं, तृतीये क्षणे निवर्तयति । प्रथमे क्षणे सन्निपतन्नसमर्थावस्थाधानायोग्यो भवति । द्वितीये विरुद्धमसमर्थं करोति । तृतीये त्वसमर्थे निवृत्ते तद्देशमाक्रामति ।

4. આમ [ વિરોધી અન્ય પર કશી અસર પાડીને જ તેનો નિવર્તક બનતો ] હોવાને લીધે, જે ભાવ અન્ય ભાવનો નિવર્તક હોય છે તે બહુમાં બહુ તો ( =વહેલામાં વહેલા ) ત્રીજી ક્ષણે તેને નિવૃત્ત કરે છે; [ તે આ રીતે : [વિરોધી ] પહેલી ક્ષણમાં [ અન્ય પદાર્થના ] સંપર્કમાં આવતી વખતે [ તે પદાર્થમાં સ્વસદશ ક્ષણની ઉત્પત્તિ માટે ] અસમર્થ એવી અવસ્થાનું આધાન કરવા માટે [ જ ] યોગ્ય ( = સમર્થ ) હોય છે. બીજી ક્ષણમાં તે વિરુદ્ધને અસમર્થ કરે છે. ત્રીજી ક્ષણ, કે જ્યારે અસમર્થ [ એવો શીતસ્પર્શ ] નિવૃત્ત થાય છે ત્યારે [ ઉષ્ણસ્પર્શ પોતે ] તે સ્થાન પર કબજો જમાવે છે.

5 तत्रालोको गतिधर्मा क्रमेण जलतरङ्गन्यायेन देशमाक्रामन् यदाऽन्धकारनिरन्तरमालोकक्षणं जनयति, तदाऽऽलोकसमीपवर्तिनमन्धकारमसमर्थं जनयति । ततोऽसामर्थ्यं तस्य; यस्य समीपवर्त्यालोकः । असमर्थे निवृत्ते तद्देशो जायत आलोक इत्येवं क्रमेणालोकेनान्धकारोऽपनेयः । तथोष्णस्पर्शेन शीतस्पर्शो निवर्तनीयः ।

## ( દ્વિવિધ આલોકના અંધકાર સાથેના વિરોધનું દૃષ્ટાંત : )

5. આ સ્થિતિમાં, [ અંધકારને નિવર્તાવનારા ગતિશીલ પ્રકાશના અને ત્યાં જ ઉત્પન્ન થનાર પ્રકાશના વ્યાપારને તપાસીએ તો : ] ગતિશીલ હોય તેવો પ્રકાશ ક્રમશઃ પાણીના તરંગના ન્યાયે કોઈ સ્થળ પર આગળ વધતાં, જ્યારે અંધકાર પછી તરત આવતી પ્રકાશની ક્ષણ જન્માવે છે, ત્યારે [ પ્રથમ તો ] પોતાની નજીક આવેલા [ અન્ય અંધકાર-ક્ષણ જન્માવવા ] અસમર્થ એવા અંધકારને જન્માવે છે. એટલે જે અંધકારની નજીકમાં પ્રકાશ [ પહોંચ્યો ] હોય તે [ જ ] અંધકારમાં અસામર્થ્ય ઉત્પન્ન થાય છે. અસમર્થ એવો અંધકાર નિવૃત્ત થાય છે, ત્યારે પ્રકાશ તે સ્થાન ગ્રહણ કરે છે. આમ પ્રકાશ ક્રમે કરીને [ જ ] અંધકારને દૂર કરવાનો. તે રીતે [ જ ] ઉષ્ણસ્પર્શ શીતસ્પર્શને નિવારી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

6. यदा त्वालोकस्तत्रैवान्धकारदेशे जन्यते तदा यतः क्षणादन्धकारदेशस्थालोकस्य जनकः क्षण उत्पद्यते तत एवान्धकारोऽन्धकारान्तरजननासमर्थ उत्पन्नः । ततोऽसमर्थावस्थाजनकत्वमेव निवर्तकत्वम् ।

6. હવે, જ્યારે પ્રકાશ અંધકારના પ્રદેશમાં જ ઉત્પન્ન કરાતો હોય ત્યારે જે ક્ષણમાંથી અંધકારના [ જ ] પ્રદેશમાં મૂર્ત થનાર પ્રકાશને જન્મ આપનાર ક્ષણ ઉત્પન્ન થાય છે, તે જ ક્ષણમાંથી અન્ય અંધકારને જન્માવવા અસમર્થ એવો અંધકાર ઉત્પન્ન થયો હોય છે. એટલે [ પ્રકાશનું, અંધકારમાં અન્ય અંધકાર ઉત્પન્ન કરવા માટે ] અસમર્થ એવી અવસ્થા જન્માવવાપણું તે જ [ તેનું અંધકાર પ્રત્યેનું ] નિવર્તકપણું સમજવું.

7. अतश्च यस्मिन् क्षणे जनकस्ततस्तृतीये क्षणे निवृत्तो विरुद्धो, यदि शीघ्रं निवर्तते ।

7. અને આથી [ પ્રકાશ આદિ વિરોધી, અંધકાર–આદિને ] જે ક્ષણમાં ઉત્પન્ન કરે છે તે ક્ષણથી, વહેલામાં વહેલો, ત્રીજી ક્ષણે [ અંધકાર–આદિ વિરુદ્ધ પદાર્થ નિવર્તે છે.

8. जन्यजनकभावाच्च संतानयोर्विरोधो न क्षणयोः । यद्यपि च न संतानो नाम वस्तु, तथापि संतानिनो वस्तुभूताः । ततोऽयं परमार्थः – न क्षणयोर्विरोधः । अपि तु बहूनां क्षणानाम् । यतः सत्सु दहनक्षणेषु प्रवृता अपि शीतक्षणा निवृत्तिधर्माणो भवन्तीति सन्तानयोर्निवर्त्यनिवर्तकत्वनिमित्ते च विरोधे स्थिते, सर्वेषां परमाणूनां सत्यप्येकदेशावस्थानाभावे न विरोध इतरेतरसंतानानिवर्तनात्तेषाम् ।

## ( ક્ષણસંતતિ વચ્ચે જ પ્રસ્તુત વિરોધીની પારમાર્થિક સત્તા : )

8. [ ઉપર વર્ણવ્યું તેમ કોઈપણ બે ક્ષણ વચ્ચે વિરોધસંબંધ નહિ પણ ] જન્યજનકભાવ હોવાને લીધે વિરોધ બે ક્ષણો વચ્ચે નહિ પણ બે સંતાનો ( = ક્ષણપરંપરાઓ ) વચ્ચે જ હોય છે. જો કે સંતાન એ કોઈ વાસ્તવિક પદાર્થ નથી હોતો, તો પણ એ સંતાનમાંની ક્ષણો તો વાસ્તવિક જ હોય છે. [ એટલે સંતાનનો અર્થ ' અનેક ક્ષણોની હારમાળા ' એવો સમજીને ઉક્ત વિરોધ ઘટાવી શકાશે. ] તેથી તાત્ત્વિક રીતે આમ કહી શકાય : બે ક્ષણ વચ્ચે વિરોધ હોતો નથી. પરંતુ અનેક ક્ષણો વચ્ચે વિરોધ હોય છે. [ દા. ત. ] અગ્નિ ( કે ઉષ્ણતા )ની ક્ષણો પ્રવર્તે છે ત્યારે શીતક્ષણો [ અગાઉથી ] પ્રવૃત્ત હોવા છતાં પણ નિવૃત્તિરૂપ સ્વભાવવાળી જોવા મળે છે તે જ બતાવે છે કે [ શીતક્ષણસંતાન અને ઉષ્ણક્ષણ–સંતાન એ બે ] સંતાનો વચ્ચે નિવર્ત્યનિવર્તકભાવ હોવાની રૂએ વિરોધ અવશ્ય છે : જ્યારે [ અન્ય સહાવસ્થાન ન કરતી ક્ષણસંતતિઓ એવી પણ છે કે જેમની વચ્ચે નિવર્ત્ય-નિવર્તકભાવ ન હોઈ વિરોધ હોવાનું પણ ન કહી શકાય; દા. ત. ] પરમાણુઓ [ એકબીજાને આઘાત પહોંચાડી શકે તેવા અર્થાત્ મૂર્ત હોઈ ] એક જ સ્થાનમાં કોઈ પણ બે પરમાણુ સહ–અવસ્થાન કરી શકતા નથી, તેમ છતાં [ સહઅવસ્થાન ન કરવાની બાબતમાં તેમને મળતા આવતા પ્રકાશ અને અંધકારની વચ્ચે હોય છે તેવો ] વિરોધ તેમની વચ્ચે હોતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, કારણ કે એકબીજાના સંતાનને નિવર્તાવવાપણું તેમનામાં હોતું નથી. [ આ જ બતાવે છે કે વિરોધ એ પણ સ્વતંત્ર પદાર્થ છે, ને તે જે બે ક્ષણપરંપરા વચ્ચે સંભવે તે બે વચ્ચે જ નિવર્ત્યનિવર્તકભાવ હોય છે, અન્ય વચ્ચે નહિ. ]

9. गतिधर्मा ह्यालोको यां दिशमाक्रामति तद्दिग्वर्तिनो विरोधिसंतानानिवर्तयति । ततोऽपवरकैकदेशस्था प्रदीपप्रभाऽन्धकारनिकटवर्तिन्यपि नान्धकारं निवर्तयति । अन्धकाराक्रान्तायां दिश्यालोकक्षणान्तरजननासामर्थ्यात् ।

## ( પ્રકાશ દ્વારા થતા અંધકારૈકદેશના નિવર્તનનો ખુલાસો : )

9. ગતિરૂપ સ્વભાવવાળો પ્રકાશ જે દિશામાં આગળ વધે છે તે દિશામાં રહેલા વિરોધી [ એવા અંધકાર ]ના સંતાનોને અટકાવે છે. તેથી ઓરડાના એક ભાગમાં રહેલી દીવાની પ્રભા [ અન્ય દિશા કે દેશના ] અંધકારની નિકટ હોવા છતાં [ તે ] અંધકારને અટકાવતી નથી; કારણ કે અંધકારથી છવાયેલી [ અન્ય ] દિશામાં [ ગતિ કરીને ] અન્ય પ્રકાશક્ષણો જન્માવવાની શક્તિ તે પ્રભામાં હોતી નથી.

10. कारणासामर्थ्यहेतुत्वकृतं संताननिष्ठमेव विरोधं दर्शयता भवत इति कृतम् । भवतः प्रबन्धेन वर्तमानस्य शीतस्पर्शसंतानस्याभावोऽन्यस्योष्णसंतानस्य भावे सतीति ।

## ( સહાનવસ્થાનરૂપ વિરોધનો સાચો અર્થ : )

10. [ સદૃશ ક્ષણ ઉત્પન્ન કરવામાં ] કારણભૂત [ એવી અંધકારાદિ પ્રતિયોગીની ક્ષણ ]માં, [ સદૃશ ક્ષણ ઉત્પન્ન કરવાનું ] અસામર્થ્ય જન્માવવાના હેતુ બનવું તે જ [ પ્રકાશાદિ વિરોધીમાં સ્થિત ] વિરોધ; એનો અર્થ એ કે વિરોધ સંતાનની અપેક્ષાએ જ કહેવાય [ બે ક્ષણની અપેક્ષાએ નહિ ] — આ વાત સૂચવવા માટે [ અભાવને પામનાર પદાર્થ માટે સૂત્રમાં ] 'અસ્તિત્વ ધરાવતો' ( એટલે કે વિરોધીના આવવામાત્રથી તત્ક્ષણ અભાવગ્રસ્ત નહિ થનાર ) એવો શબ્દ પ્રયોજ્યો છે. એ દ્વારા કહેવાનો ભાવ એ થયો કે અસ્તિત્વ ધરાવતા, એટલે કે સાતત્યથી પ્રવર્તતા શીતસ્પર્શ [ વગેરે ]નો અભાવ અન્ય એટલે ઉષ્ણ [–સ્પર્શ આદિ ]નો સંતાન અસ્તિત્વમાં આવવાને કારણે સધાય છે.

11. ये त्वाहुः – न विरोधो वास्तव इति, त इदं वक्तव्याः – यथा न निष्पन्ने कार्ये, कश्चिज्जन्यजनकभावो नाम द्विष्ठोऽस्ति कारणपूर्विका तु कार्यप्रवृत्तिः । अतो वास्तवः एव । तद्वन्न निवृत्ते वस्तुनि कश्चिद्द्विष्ठो नाम विरोधोऽस्ति । दहननिमित्तं तु शीतस्पर्शस्य क्षणान्तरजननासामर्थ्यम् । अतो विरोधोऽपि वास्तव एव ॥

## ( ઉક્ત વિરોધનો અસ્વીકાર કરનારને પ્રત્યુત્તર : )

11. હવે જે લોકો એમ કહે છે [ બે ક્ષણસંતતિ વચ્ચે ] વિરોધ [ નામનો સંબંધ ] એ વાસ્તવિક નથી હોતો, તેમને આમ જવાબ વાળી શકાય : જે રીતે કાર્ય નિષ્પન્ન થયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદ, [કારણનો વિલય થવાને લીધે,] જન્યજનકભાવ[-રૂપ સંબંધ કારણભૂત અને કાર્ય-ભૂત એવા] બે પદાર્થોમાં [એક કાળે] સ્થિત હોવાનું જણાતું નથી [એ વાત સાચી,] છતાં કારણ પૂર્વે હોય તો જ કાર્ય થવાપણું રહે છે તેમ હોવાથી, [એ જન્યજનકભાવને બધા વાદીઓ દ્વારા] વાસ્તવિક જ ગણવામાં આવે છે, તે રીતે [શીતસ્પર્શાદિ] પદાર્થ નિવૃત્ત થયા બાદ કોઈ વિરોધ [નામનો સંબંધ] બે પદાર્થોમાં હોવાનું જણાતું નથી [એ સાચું,] પણ અગ્નિને કારણે જ શીતસ્પર્શમાં [સ્વસમાન શીતસ્પર્શની] અન્ય ક્ષણો જન્માવવાનું અસામર્થ્ય સંભવતું હોઈ વિરોધને પણ વાસ્તવિક માનવો પડશે. (૭૩)

उदाहरणमाह --

**शीतोष्णस्पर्शवत् ॥ ७४ ॥**

ઉદાહરણ આપે છે :

**શીતોષ્ણસ્પર્શની જેમ. (૭૪)**

1. शीतश्चोष्णश्च तावेव स्पर्शौ, तयोरिव । शीतोष्णस्पर्शयोर्हि पूर्ववद्विरोधो योजनीयः ॥

1. શીત અને ઉષ્ણરૂપ જે સ્પર્શો, તેમની જેમ; અર્થાત્ શીતસ્પર્શ અને ઉષ્ણસ્પર્શનો વિરોધ આગલા સૂત્રમાં કહ્યા મુજબ ઘટાવવો. (૭૪)

द्वितीयमपि विरोधं दर्शयितुमाह —

**परस्परपरिहारस्थितलक्षणतया वा भावाभाववत् ॥ ७५ ॥**

હવે બીજા પ્રકારના વિરોધને પણ રજૂ કરે છે :

**અથવા [બે વસ્તુઓનું] લક્ષણ પરસ્પરપરિહારથી સ્થિર થવાપણાને લીધે [પણ તેમની વચ્ચે 'વિરોધ'નો વ્યવહાર થતો હોય છે;] જેમ કે –[જે તે વસ્તુના] ભાવ અને અભાવ. (૭૫)**

1. परस्परस्य परिहारः परित्यागस्तेन स्थितं लक्षणं रूपं ययोस्तद्भावः परस्परपरिहारस्थित-लक्षणता तया ।

1. પરસ્પરનો 'પરિહાર' એટલે પરિત્યાગ. તેના દ્વારા [કોઈ બે વસ્તુઓનું] લક્ષણ એટલે કે સ્વરૂપ સ્થિર થતું હોય, તેને કારણે [પણ તે બે વચ્ચે વિરોધનો વ્યવહાર થાય છે].

2. इह यस्मिन् परिच्छिद्यमाने यद् व्यवच्छिद्यते तत् परिच्छिद्यमानमवच्छिद्यमानपरिहारेण स्थित-रूपं द्रष्टव्यम् । नीले च परिच्छिद्यमाने तादूप्यप्रच्युतिरवच्छिद्यते, तदव्यवच्छेदे नीलापरिच्छेदप्रसङ्गात् । तस्मात् वस्तुनो भावाभावौ परस्परपरिहारेण स्थितरूपौ ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. આ લોકમાં કોઈ વસ્તુનો પરિચ્છેદ ( = સ્વરૂપનો નિશ્ચિત બોધ ) કરવાની પ્રક્રિયામાં [ તેનાથી અન્ય પદાર્થોના સ્વરૂપનો ] વ્યવચ્છેદ ( = નિષેધ ) થતો હોય છે. આમાં વ્યવચ્છેદ પામતી [ અન્ય વસ્તુઓના સ્વરૂપ]ના પરિહાર વડે જ પેલી પરિચ્છેદ પામનારી વસ્તુ-[-નું સ્વરૂપ જ્ઞાતાના મનમાં ] સ્થિર થાય છે એ બાબત ધ્યાનપાત્ર છે; [ દા. ત. ] નીલનો સુનિશ્ચિત સ્વરૂપબોધ થતો હોય ત્યારે નીલના સ્વરૂપનો અભાવ [ આપોઆપ ] પરિહરાય છે; જો તેમ ન થતું હોય તો નીલનો સ્વરૂપબોધ ન થયા બરાબર ગણાય. તેથી કોઈ પણ વસ્તુનો ભાવ અને અભાવ એ બંને એકબીજાનો પરિહાર કરવા વડે જ પોતાના સ્વરૂપમાં સ્થિર થયેલા હોય છે.

3. नीलात्तु यदन्यद्रूपं तन्नीलाभावाव्यभिचारि । नीलस्य दृश्यस्य पीतादावुपलभ्यमानेऽनुपलम्भादभावनिश्चयात् । यथा च नीलं स्वाभावं परिहरति तद्वदभावाव्यभिचारि पीतादिकमपि । तथा च भावाभावयोः साक्षाद्विरोधः, वस्तुनोस्तु अन्योन्याभावाव्यभिचारित्वाद्विरोधः ।

## ( કોઈ પણ બે નિયત પદાર્થ વચ્ચે પણ ઉક્ત વિરોધનું અસ્તિત્વ : )

3. [ " નીલનો તેના અભાવ સાથે વિરોધ હોય છે તો શું તેનો પીતાદિ સાથે વિરોધ નથી હોતો ?" – આવો પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય. એનો ખુલાસો કરીએ : ] નીલથી જે [ કોઈ ] અન્ય રૂપ હોય છે તે નીલના અભાવનું અવ્યભિચારી ( = નિયત સહચારી ) હોય છે. [ " આનું પ્રમાણ શું ? " એ પ્રશ્નનો ઉત્તર એ છે કે ] જ્યારે પીત વગેરે [ નીલેતર પદાર્થો ] ઉપલબ્ધ થાય છે ત્યારે તેમનામાં દશ્ય એવા નીલની અનુપલબ્ધિ-[-રૂપી લિંગ ]થી [ નીલના ] અભાવનો નિશ્ચય થાય છે. [ આ ઉપરથી નીલનો પીતાદિ સાથે પણ વિરોધ ફલિત થશે; કારણ કે ] જેમ નીલ પોતાના અભાવને પરિહરે છે, તેવી રીતે [ પોતાના ] અભાવના અવ્યભિચારી એવા પીતાદિને પણ પરિહરે છે. એટલે આમ [ કોઈ વસ્તુના ] ભાવ અને અભાવનો વિરોધ સીધેસીધો [ કળાય ] છે, જ્યારે બે વસ્તુઓ વચ્ચેનો વિરોધ તો, તે બંને એકબીજાના અભાવના નિયત સહચારી હોવાથી [ આડકતરી રીતે ફલિત થાય ] છે.

4. कस्य चान्यत्राभावावसायः ? यो नियताकारोऽर्थः, तस्य । न त्वनियताकारः, क्षणिकत्वादिवत् । क्षणिकत्वं हि सर्वेषां नीलादीनां स्वरूपात्मकम् । अतो न नियताकारम् । यतः क्षणिकत्वपरिहारेण न किंचिद्दृश्यते ।

## ( પરસ્પરપરિહારલક્ષણ વિરોધની ક્ષેત્રમર્યાદા : )

4. [ હવે પ્રશ્ન થાય : ] " કોના અન્યત્ર અભાવનો નિશ્ચય થાય ? " [ એનો ઉત્તર : ] જે નિયત વસ્તુના આકાર( = સ્વરૂપ )રૂપ હોય તેનો, અને નહિ કે અનિયત વસ્તુના આકારરૂપ હોય તેનો; જેમ કે ક્ષણિકત્વ વગેરે [ અનિયત એટલે કે સર્વ વસ્તુના આકારરૂપ હોઈ, તેના અભાવનો નિશ્ચય અન્યત્ર નહિ થાય ]; કારણ કે ક્ષણિકત્વ એ નીલ આદિ સર્વ-( =અનિયત )ના સ્વરૂપ( = આકાર )રૂપ હોય છે, એથી નિયતના આકારરૂપ ન કહેવાય; કારણ કે ક્ષણિકત્વને પરિહરનારી કોઈ પણ વસ્તુ જોવામાં આવતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

5. यद्येवमभावोऽपि न नियताकारः । कथमनियताकारो नाम ? यावता वस्तुरूपविविक्ताकारः कल्पितोऽभावः । ततो दृष्टं कल्पितं वा नियतं रूपमन्यत्रासदवसीयते, नानियतम् । एवं नित्यत्वपिशाचादिरपि नियताकारः कल्पितो द्रष्टव्यः ।

5. [કોઈક પૂછે છે :] "જો એવું હોય તો, અભાવ પણ નિયતના આકારરૂપ હોતો નથી; [તેથી ભાવમાં અભાવની પ્રતીતિનો પણ પરિહાર નહિ થાય.]" [આના ઉત્તરમાં વળતો પ્રશ્ન પૂછીએ :] જ્યારે [કોઈ વસ્તુનો] અભાવ [તે] વસ્તુ[ના સ્વરૂપ]-ને પરિહરનારા આકારવાળો (અર્થાત્ સર્વ કિંવા અનિયતના નહિ પણ નિયતના આકારરૂપ) કલ્પાયો છે, ત્યારે [અભાવને] અનિયતના આકારરૂપ કઈ રીતે કહી શકાય ? એવું હોય છે તેથી જ તો દૃષ્ટ એવું રૂપ અથવા તો [દૃશ્યરૂપ] કલ્પેલું એવું નિયત રૂપ જ, અને નહિ કે અનિયત રૂપ અન્ય સ્થળે અસત્ હોવાનો નિશ્ચય બંધાય છે. આની જેમ નિત્યત્વ, પિશાચત્વ વગેરે [પદાર્થો] પણ [પ્રત્યક્ષની નહિ તો] કલ્પનાની મદદથી નિયતના આકારરૂપ મનાવા જોઈએ. [ને તેથી તેમનો પણ અન્ય પદાર્થો વિષે અભાવ કળાતાં તેમનો તે પદાર્થો સાથે પરસ્પરપરિહારલક્ષણ વિરોધ કળાશે.]

6. एकात्मकत्वविरोधश्चायम् । ययोर्हि परस्परपरिहारेणावस्थानं तयोरेकत्वाभावः ।

## (પ્રસ્તુત વિરોધની પ્રતીતિનું વ્યવહારુ ફળ :)

6. આ [બીજા પ્રકારનો] વિરોધ [કોઈ પણ બે નિયતાકાર પદાર્થોના] એકાત્મત્વનો [નિષેધ ફલિત કરનારો] વિરોધ છે; કારણ કે જે બે પદાર્થો[ના સ્વરૂપ]નું [જ્ઞાતાના મનમાં] સ્થિર થવાપણું એકબીજા[ના સ્વરૂપના] પરિહાર વડે હોય તે બંને પદાર્થોના એકત્વનો અભાવ [અનુભવાતો] હોય છે.

7. अत एव लाक्षणिकोऽयं विरोध उच्यते । लक्षणं रूपं वस्तूनां प्रयोजनमस्येति कृत्वा । विरोधेन ह्यनेन वस्तुतत्त्वं विभक्तं व्यवस्थाप्यते । अतएव दृश्यमाने रूपे यन्निषिध्यते तत् दृश्यमेवाभ्युपगम्य निषिध्यते । तथा हि – अभावोऽपि पिशाचोऽपि यदा पीते निषेद्धुमिष्यते तदा दृश्यात्मतया निषेध्य इति दृश्यत्वमभ्युपगम्य दृश्यानुपलब्धेरेव निषेधः । तथा च सति रूपे परिच्छिद्यमान एकस्मिंस्तदभावो दृश्यो व्यवच्छिद्यते । यच्च तदभाववन्नियताकारं रूपं तदपि दृश्यं व्यवच्छिद्यते । ततः स्वप्रच्युतिवत् प्रच्युतिमन्तोऽपि व्यवच्छिन्ना इति ये परस्परपरिहारस्थितरूपाः सर्वे तेऽनेन निषिद्धैकत्वा इति । सत्यपि चास्मिन्विरोधे सहावस्थानं स्यादपि ।

## (ઉક્ત વિરોધ તે ઉભયના જ્ઞાત લક્ષણભેદ પર જ નિર્ભર :)

7. આથી જ આને 'લાક્ષણિક' વિરોધ કહેવામાં આવે છે; કારણ કે 'લક્ષણ' અર્થાત્ વસ્તુઓના સ્વરૂપ[નું વ્યવસ્થાપન] એ તેનું પ્રયોજન હોય છે; આ વિરોધ-[ની પ્રતીતિ] પ્રત્યેક વસ્તુના તત્ત્વ(= સ્વરૂપ)ના પૃથક્પણાને સ્થાપી આપે છે. આથી જ દૃશ્યમાન [એવી વસ્તુ]ના સ્વરૂપમાં કોઈ પણ [વસ્તુના સ્વરૂપ]નો નિષેધ, તેને દૃશ્ય કલ્પીને જ કરાય છે; જેમ કે જ્યારે પીત પદાર્થ વિષે [પીતના] અભાવનો અથવા તો પિશાચનો પણ નિષેધ કરવાનું ઇષ્ટ હોય ત્યારે, અભાવ કે પિશાચના દૃશ્ય (= અનુભવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્ય ) સ્વરૂપને અવલંબીને જ નિષેધ કરવાનું શક્ય હોવાને લીધે, તે [ અભાવ કે પિશાચ ]ને દશ્ય કલ્પીને, દશ્ય [ મનાયેલા ] એવા તેમની [ પીત વિષે થતી ] અનુપલબ્ધિ - [ રૂપ લિંગ ] વડે જ તેમનો નિષેધ કરવામાં આવે છે. આમ હોવાથી એક રૂપનો પરિચ્છેદ કરાતો હોય છે ત્યારે દશ્ય ( = પરિચ્છિન્ન ) એવો [ જ ] તેનો અભાવ વ્યવચ્છેદ ( = નિષેધ ) પામે છે. વળી [ તે રૂપના પરિચ્છેદને પ્રસંગે ] તે રૂપના અભાવવાળું અન્ય, નિયતના આકારસ્વરૂપ રૂપ પણ દશ્ય [ ગણાઈને જ ] વ્યવચ્છેદ પામે છે. આ [ દશ્યત્વની કલ્પના ] ને લીધે જ [ કોઈ વસ્તુના પરિચ્છેદ વખતે, તે વસ્તુના ] પોતાના અભાવની જેમ [ તેના પોતાના ] અભાવવાળી [ અન્ય વસ્તુઓ ] પણ વ્યવચ્છેદ પામે છે. આ પ્રમાણે જે કોઈ પદાર્થો એક બીજા[ના સ્વરૂપ]નો પરિહાર કરીને પોતાના સ્વરૂપને ધારણ કરી રહ્યા હોય છે [ તેમને વિષે થતા પારસ્પરિક ] વિરોધ[ના વ્યવહાર]માંથી તેમના [ સ્વરૂપગત ] એકત્વનો નિષેધ ફલિત થાય છે, [ સહાવસ્થાનનો નિષેધ નહિ; કારણ કે ] આ પ્રકારનો વિરોધ [ જે પદાર્થો વચ્ચે ] હોય તેમનું પણ, [ લૌકિક રીતે એક ગણાતા પ્રદેશમાં, ] સહાવસ્થાન તો હોઈ પણ શકે.

8. ततो भिन्नव्यापारौ विरोधौ । एकेन विरोधेन शीतोष्णस्पर्शयोरेकत्वं वार्यते अन्येन सहावस्थानम् ।

## ( બંને વિરોધપ્રકારનાં કાર્ય અને વિષયનો ભેદ : )

8. આ પરથી ખ્યાલ આવશે કે [ સહાનવસ્થાનરૂપ અને પરસ્પરપરિહારરૂપ એ બે ] વિરોધોનાં કાર્ય ( = વ્યાપાર ) જુદાં છે. એક ( = પરસ્પરપરિહારરૂપ ) વિરોધ વડે શીત-સ્પર્શ અને ઉષ્ણસ્પર્શનું [ સ્વરૂપગત ] એકત્વ નિષેધાય છે, અન્ય ( = સહાનવસ્થાનરૂપ ) વડે તેમનું [ એકપ્રદેશગત ] સહઅસ્તિત્વ નિષેધાય છે.

9. भिन्नविषयौ च । सकले वस्तुन्यवस्तुनि च परस्परपरिहारविरोधः । वस्तुन्येव कतिपये सहानवस्थानाविरोधः ।

9. તે બંનેના વિષયો ( = કાર્યપ્રદેશો ) પણ જુદા છે : પરસ્પરપરિહારરૂપ વિરોધ સર્વ વસ્તુ અને અવસ્તુ વિષે હોઈ શકે, જ્યારે સહાનવસ્થાનરૂપ વિરોધ [ અવસ્તુમાં તો નહિ જ, પણ વસ્તુઓમાં ય સર્વત્ર નહિ પણ ] કેટલીક વસ્તુઓ વચ્ચે જ સંભવી શકે.

10. तस्माद्भिन्नव्यापारौ भिन्नविषयौ च । ततो नानयोरन्योन्यान्तर्भाव इति ॥

10. આ રીતે બંને વિરોધનાં કાર્ય જુદાં છે ને કાર્યપ્રદેશ પણ જુદા છે. તેથી તેઓ એકબીજામાં અન્તર્ભાવ પામી શકે તેમ નથી. ( ૭૫ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स च द्विविधोऽपि विरोधो वक्तृत्वसर्वज्ञत्वयोर्न संभवति ॥ ७६ ॥**

**તે દ્વિવિધ એવો પણ વિરોધ વક્તૃત્વ અને સર્વજ્ઞત્વ વચ્ચે સંભવતો નથી. (૭૬)**

1. स चायं द्विविधोऽपि विरोधो वक्तृत्वं च सर्वज्ञत्वं च तयोर्न संभवति । न ह्यविकलकारणस्य सर्वज्ञत्वस्य वक्तृत्वभावादभावगतिः । सर्वज्ञत्वं ह्यदृश्यम् । अदृष्टस्य चाभावो नावसीयते । ततो नानेन विरोधगतिर्भवति ।

1. આ દ્વિવિધ એવો પણ વિરોધ વક્તૃત્વ અને સર્વજ્ઞત્વ વચ્ચે સંભવતો નથી; કારણ કે અવિકલકારણવાળું સર્વજ્ઞત્વ વક્તૃત્વના ભાવને પ્રસંગે અભાવ પામે છે તેવું જોવામાં આવ્યું નથી; કારણ સર્વજ્ઞત્વ તો અદૃશ્ય છે. અને અદૃષ્ટ પદાર્થના અભાવનો નિશ્ચય થઈ શકતો નથી. તેથી [ સર્વજ્ઞત્વના ] આની ( = વક્તૃત્વની ) સાથેના [ સહાનવસ્થાનરૂપ ] વિરોધનું ગ્રહણ થતું નથી.

2. न च वक्तृत्वपरिहारेण सर्वज्ञत्वमवस्थितम् । काष्ठादयो हि वक्तृत्वपरिहृताः । तेषामपि सर्वज्ञत्वप्रसङ्गात् । नापि सर्वज्ञत्वपरिहारेण वक्तृत्वम् । काष्ठादीनामपि वक्तृत्वप्रसङ्गात् ।

2. [ એ બંને વચ્ચે પરસ્પરપરિહારરૂપ વિરોધની શક્યતા તપાસીએ : ] વક્તૃત્વનો પરિહાર કરીને સર્વજ્ઞત્વ[નું સ્વરૂપ] સ્થિર થતું હોય એવું પણ નથી; કારણ કે તો કાષ્ઠ વગેરેમાં વક્તૃત્વનો પરિહાર હોઈ તેમનું સર્વજ્ઞત્વ માનવું પડે. વળી સર્વજ્ઞત્વનો પરિહાર કરીને વક્તૃત્વ[નું સ્વરૂપ] સ્થિર થતું હોય એવું પણ નથી; કારણ કે તો તે કાષ્ઠાદિમાં સર્વજ્ઞત્વનો પરિહાર હોઈ તેમને વિષે વક્તૃત્વ માનવું પડે.

3. तत एवाविरोधाद्वक्तृत्वविधेर्न सर्वज्ञत्वनिषेधः ॥

3. આમ [ બંને વચ્ચે એક પણ પ્રકારનો ] વિરોધ ન સંભવતો હોઈ વક્તૃત્વના અસ્તિત્વના કથનથી સર્વજ્ઞત્વનો અભાવ સિદ્ધ થતો નથી. (૭૬)

स्यादेतत् – यदि नास्त्येव विरोधो घटपटयोरिव, स्यादपि तयोः सहावस्थितिदर्शनम् । सहावस्थित्यदर्शनात्तु विरोधगतिः । विरोधाच्चाभावगतिरित्याशङ्क्याह --

**न चाविरुद्धविधेरनुपलब्धावप्यभावगतिः ॥ ७७ ॥**

[ કોઈકને કદાચ ] આમ [ પ્રશ્ન ] થાય : "ઘટ અને પટ વચ્ચે વિરોધ નથી તેમ જો સર્વજ્ઞત્વ અને વક્તૃત્વ વચ્ચે પણ વિરોધ ન હોય તો [ ઘટ અને પટની જેમ ] તે બંનેના સહાવસ્થાનનું દર્શન [ કદીક તો ] થાય; પરંતુ તેમાં તેવું સહાવસ્થાન જોવા મળતું નથી, તેથી તે બંને વચ્ચે વચ્ચેનો વિરોધ સમજાય છે. અને બંને વચ્ચે [ આમ] વિરોધ હોવાથી [ તેમાંનું એક હોય ત્યાં બીજાના] અભાવનો નિશ્ચય થઈ શકે છે."—આવી શંકા કલ્પીને [ ઉત્તરરૂપે ] કહે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અને [બંનેના સહાનવસ્થાનની] અનુપલબ્ધિ હોવા છતાં, [સર્વજ્ઞત્વ પ્રત્યે] વિરુદ્ધ નહિ [સિદ્ધ થયેલા] એવા [વક્તૃત્વ]ના સત્ત્વકથનથી [સર્વજ્ઞત્વના] અભાવનો નિશ્ચય બંધાતો નથી. (૭૭)**

1. न चाविरुद्धविधेरिति । अनुपलब्धावपि नायं विरुद्धविधिः । यद्यपि च सहावस्थानानुपलम्भस्तथापि न तयोर्विरोधः यस्मान्न सहानुपलम्भमात्राद्विरोधः, अपि तु द्वयोरुपलभ्यमानयोर्निवर्त्यनिवर्तकभावावसायात् । तस्मादनुपलब्धावपि न वक्तृत्वविधेर्विरुद्धविधिः । अतोऽस्मान्नान्यस्याभावगतिः ॥

1. [સર્વજ્ઞત્વ અને વક્તૃત્વના સહાવસ્થાનની] અનુપલબ્ધિ હોવા છતાં આ [વક્તૃત્વનું સત્ત્વકથન] તે [સર્વજ્ઞત્વના] વિરુદ્ધ ધર્મનું સત્ત્વકથન બની રહેતું નથી. [બીજી રીતે કહીએ તો :] જો કે [એ સાચું કે સર્વજ્ઞત્વ અને વક્તૃત્વના] સહ-અવસ્થાનની અનુપલબ્ધિ [અનુભવાતી] હોય છે, તો પણ તે બંનેનો વિરોધ [સિદ્ધ થતો] નથી; કારણ કે [બે વસ્તુની] સહ-ઉપલબ્ધિના અભાવમાત્રથી તેમનો વિરોધ [ફલિત થતો] નથી, પરંતુ ઉપલબ્ધ થતી બે વસ્તુઓ વચ્ચે નિવર્ત્ય-નિવર્તકભાવના નિર્ણયથી ફલિત થાય છે. [પણ વક્તૃત્વ અને સર્વજ્ઞત્વ બાબત તેવો નિર્ણય થયેલો નથી.] તેથી [વક્તૃત્વ સાથે સર્વજ્ઞત્વની] અનુપલબ્ધિ હોવા છતાં વક્તૃત્વના વિધાનથી [સર્વજ્ઞત્વના] વિરુદ્ધ ધર્મનું વિધાન થયું ન ગણાય. આથી આ [વક્તૃત્વના સત્ત્વકથન]થી અન્ય(=સર્વજ્ઞત્વ)ના અભાવનો નિશ્ચય થતો નથી. (૭૭)

तथा न वक्तृत्वाद्रागादिमत्त्वगतिः । यतो यदि वचनादि रागादीनां कार्यं स्याद्वचनादे रागादिगतिः स्यात् । रागादिनिवृत्तौ वचनादिनिवृत्तिः स्यात् । न च कार्यम् । कुतः ? —

**रागादीनां वचनादेश्च कार्यकारणभावासिद्धेः ॥ ७८ ॥**

તે રીતે [કોઈ વ્યક્તિના] વક્તૃત્વને આધારે [તેના] રાગાદિવાળા હોવાનું સિદ્ધ થતું નથી; કારણ કે વચનાદિ જો રાગાદિનું કાર્ય હોય તો વચનાદિને કારણે રાગાદિનો નિશ્ચય થાય અને રાગાદિ નિવર્તતાં વચનાદિની નિવૃત્તિ[નો નિશ્ચય] થાય. પણ વચનાદિ કાંઈ રાગાદિનું કાર્ય તો છે નહિ. "કેમ?" [એવું પૂછો તો કહેવાનું કે –]

**વળી રાગાદિ અને વચનાદિ વચ્ચે કાર્યકારણભાવ પણ અસિદ્ધ છે. (૭૮)**

1. रागादीनां वचनादेश्च कार्यकारणभावस्यासिद्धेः कारणान्न कार्यम् । अतोऽस्मान्न गतिः ॥

1. રાગાદિ અને વચનાદિ વચ્ચે કાર્યકારણભાવ અસિદ્ધ હોવાથી [વચનાદિ તે રાગાદિનું] કાર્ય ગણી નહિ શકાય. આથી [વચનાદિ પરથી રાગાદિનો] નિશ્ચય થતો નથી. (૭૮)

मा भूद्रागादिकार्यं वचनं, सहचारि तु भवति । ततो रागादौ सहचारिणि निवृत्ते निवर्तते वचनमित्याशङ्क्याह—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अर्थान्तरस्य चाकारणस्य निवृत्तौ न वचनादेर्निवृत्तिः ॥७९॥**

"વચન એ રાગાદિનું કાર્ય ભલે ન હોય, પણ રાગાદિનું સહચારી તો હોઈ શકે. તેથી સહચારી એવા રાગાદિ નિવર્તતાં વચન [પણ] નિવૃત્ત થાય." આવી આશંકા કરીને તેના સમાધાનરૂપે કહે છે :

**અને અકારણ એવા અર્થાન્તરના નિવર્તવાથી વચનાદિની નિવૃત્તિ [માનવી આવશ્યક] નથી. (૭૯)**

1. अर्थान्तरस्य चाकारणस्य निवृत्तौ सहचारित्वदर्शनमात्रेण नान्यस्य वचनादेर्निवृत्तिः । अतो वक्तृत्वं भवेद्रागादिविरहश्च ॥

1. [વચનાદિનું] જે કારણ નથી એવા [રાગાદિરૂપ] અર્થાન્તરની નિવૃત્તિ થતાં, [રાગાદિ અને વચનાદિના] સહચારિત્વનું [અગાઉ] દર્શન થયું તેટલાથી જ અન્ય એટલે કે વચનાદિની નિવૃત્તિ થાય તેમ હોતું નથી. આથી વક્તૃત્વ હોવા છતાં રાગાદિનો અભાવ પણ હોઈ શકે. (૭૯)

**इति संदिग्धव्यतिरेकोऽनैकान्तिको वचनादिः ॥८०॥**

**આમ વચનાદિ[-રૂપ હેતુ] સંદિગ્ધ વ્યતિરેકવાળો હોઈ અનૈકાન્તિક છે. (૮૦)**

1. इतिशब्दस्तस्मादर्थे । तस्मादसर्वज्ञत्वविपर्ययाद्विपक्षात् सर्वज्ञत्वाद्रागादिमत्त्वविपर्ययादरागादिमत्त्वात् संदिग्धो व्यतिरेको वचनादेः । अतोऽनैकान्तिको वचनादिः ॥

1. 'આમ' એટલે કે આથી. અસર્વજ્ઞત્વ[-રૂપ સાધ્ય]થી વિપરીત એવા સર્વજ્ઞત્વથી કે રાગાદિમત્ત્વ [-રૂપ સાધ્ય]થી વિપરીત એવા વીતરાગાદિમત્ત્વથી વચનાદિ[-રૂપ હેતુ]નો વ્યતિરેક (= અસ્તિત્વનો અભાવ) સંદિગ્ધ રહે છે. આથી વચન(= વક્તૃત્વ)-આદિરૂપ હેતુ તે [અસર્વજ્ઞત્વાદિ સાધ્ય પરત્વે] અનૈકાન્તિક છે. (૮૦)

एवमेकैकरूपादिसिद्धिसंदेहे हेतुदोषानाख्याय द्वयोर्द्वयो रूपयोरसिद्धिसंदेहे हेतुदोषान्वक्तुकाम आह—

**द्वयो रूपयोर्विपर्ययसिद्धौ विरुद्धः ॥८१॥**

આમ [હેતુના પ્રથમ અને તૃતીય એ] એક એક રૂપની અસિદ્ધિ કે સંદેહના પ્રસંગે થતા હેતુદોષો કહીને બે બે રૂપની અસિદ્ધિ કે સંદેહના પ્રસંગે થતા હેતુદોષો બતાવે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બે રૂપનો વિપર્યય સિદ્ધ થતાં 'વિરુદ્ધ' [હેત્વાભાસ]. (૮૧)**

1. द्वयो रूपयोर्विपर्ययसिद्धौ सत्यां विरुद्धः ॥

1. બે રૂપનો વિપર્યય સિદ્ધ થયો હોય ત્યાં 'વિરુદ્ધ' [હેત્વાભાસ ગણાય]. (૮૧)

त्रीणि च रूपाणि सन्ति । ततो विशेषज्ञापनार्थमाह --

**कयोर्द्वयोः ? ॥ ८२ ॥**

[હેતુનાં] ત્રણ રૂપો છે, તેથી [અહીં અભિપ્રેત બે રૂપોની] વિશેષ વિગત જણાવવા [પૂર્વભૂમિકા રૂપે] પૂછે છે :

**કયાં બેનો ? (૮૨)**

1. कयोर्द्वयोरिति ॥

(ટીકા નથી.) (૮૨)

विशिष्टे रूपे दर्शयति —

**सपक्षे सत्त्वस्यासपक्षे चासत्त्वस्य । यथा कृतकत्वं प्रयत्नानन्तरीयकत्वं च नित्यत्वे साध्ये विरुद्धो हेत्वाभासः ॥ ८३ ॥**

હવે એ બે વિશિષ્ટ રૂપો કહે છે :

**સપક્ષે સત્ત્વ અને અસપક્ષે અસત્ત્વનો; જેમ કે – નિત્યત્વરૂપ સાધ્ય માટે કૃતકત્વ કે પ્રયત્નાનન્તરીયકત્વ તે 'વિરુદ્ધ' હેત્વાભાસ છે. (૮૩)**

1. सपक्षे सत्त्वस्यासपक्षे चासत्त्वस्य विपर्ययसिद्धाविति संबन्धः । कृतकत्वमिति स्वभावहेतुः । प्रयत्नानन्तरीयकत्वमिति कार्यहेतुः । प्रयत्नानन्तरीयकशब्देन हि प्रयत्नानन्तरं जन्म ज्ञानं च प्रयत्नानन्तरीयकमुच्यते । जन्म जायमानस्य स्वभावः । ज्ञानं ज्ञेयस्य कार्यम् । तदिह प्रयत्नानन्तरं ज्ञानं गृह्यते । तेन कार्यहेतुः ।

1. સપક્ષે સત્ત્વ અને અસપક્ષે અસત્ત્વ [એ બે]નો વિપર્યય સિદ્ધ થાય ત્યારે [વિરુદ્ધ હેત્વાભાસ] – એવું વાક્ય અભિપ્રેત છે. [બંનેમાંથી] 'કૃતકત્વ' તે સ્વભાવહેતુ છે અને 'પ્રયત્નાનન્તરીયકત્વ' તે કાર્યહેતુ છે. 'પ્રયત્નાનન્તરીયકત્વ' એટલે કાં તો જેની ઉત્પત્તિ કે કાં તો જેનું જ્ઞાન પ્રયત્નની અનન્તર (=તરત પછી) સંભવે તે. [હવે આમાંથી 'પ્રયત્નની તરત પછી જન્મનાર' એ પહેલો અર્થ તપાસીએ તો :] જન્મ એ જન્મનારનો સ્વભાવ હોય છે. [તેથી 'પ્રયત્નાનન્તરીયક'નો આ અર્થ લઈએ તો તે નિત્યત્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યે સ્વભાવહેત્વાભાસ થાય. જ્યારે તેનો 'પ્રયત્ન પછી જેનું જ્ઞાન થાય તે' એવો અર્થ લઈએ તો : ] જ્ઞાન એ જ્ઞેયનું કાર્ય હોઈ [ ઉક્ત હેતુ તે કાર્યહેતુનો આભાસ બને. હવે અહીં કૃતકત્વ એ સ્વભાવહેતુ હોઈ આ બીજો હેતુ તે કાર્યહેતુ તરીકે અભિપ્રેત હોઈ ] અહીં 'પ્રયત્નની તરત પછી [ જેનું ] જ્ઞાન થાય તે' એ અર્થ સમજવાનો છે. એ રીતે તે કાર્યહેતુ છે.

2. एतौ हेतू नित्यत्वे साध्ये विरुद्धौ हेत्वाभासौ ॥

2. આ બંને હેતુઓ નિત્યત્વ સિદ્ધ કરવા માટે 'વિરુદ્ધ' હેત્વાભાસરૂપ છે. (૮૩)

कस्मात्पुनरेतौ विरुद्धावित्याह —

**अनयोः सपक्षेऽसत्त्वमसपक्षे च सत्त्वमिति विपर्ययसिद्धिः ॥ ८४ ॥**

આ બંને હેતુઓ કેમ વિરુદ્ધ હેત્વાભાસરૂપ છે તે કહે છે :

**આ બંનેનું સપક્ષમાં અસત્ત્વ અને અસપક્ષમાં સત્ત્વ હોઈ [ તેમનાથી સાધ્યના ] વિપર્યયની સિદ્ધિ થાય છે. (૮૪)**

1. अनयोरिति । सपक्षे हि नित्ये कृतकत्वप्रयत्नानन्तरीयकत्वयोरसत्त्वमेव निश्चितम् । अनित्ये विपक्षे एव सत्त्वं निश्चितमिति विपर्ययसिद्धिः ॥

1. સપક્ષમાં એટલે કે નિત્ય [ વસ્તુ ]માં કૃતકત્વ અને પ્રયત્નાનન્તરીયકત્વ એમાંથી એકેનું અસ્તિત્વ ન હોવાનું જ નિશ્ચિત છે અને વિપક્ષમાં અર્થાત્ અનિત્યમાં જ તે બંનેનું અસ્તિત્વ નિશ્ચિત છે. આમ વિપર્યયની સિદ્ધિ થાય છે. (૮૪)

कस्मात्पुनर्विपर्ययसिद्धावप्येतौ विरुद्धावित्याह —

**एतौ च साध्यविपर्ययसाधनाद्विरुद्धौ ॥ ८५ ॥**

"પણ આમ વિપર્યયની સિદ્ધિ થાય છે તેટલા પરથી આ બંને 'વિરુદ્ધ' [ હેત્વાભાસ ] કેમ કહેવાય છે ?" – આ [ શક્ય પ્રશ્નના ઉત્તરરૂપે ] કહે છે :

**અને આ બંને સાધ્યના વિપર્યયને સિદ્ધ કરતા હોઈ 'વિરુદ્ધ' છે. (૮૫)**

1. एतौ च साध्यस्य नित्यत्वस्य विपर्ययम् अनित्यत्वं साधयतः । ततः साध्यविपर्ययसाधनाद्विरुद्धौ ॥

1. વળી આ બંને [ હેતુ ] સાધ્ય એટલે કે નિત્યત્વના વિપર્યયને એટલે કે અનિત્યત્વને સિદ્ધ કરે છે. આમ સાધ્યનો વિપર્યય (=વિરુદ્ધ ધર્મ) સાધતા હોઈ 'વિરુદ્ધ' કહેવાય છે. (૮૫)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदि साध्यविपर्ययसाधनाद्विरुद्धावेतौ, उक्तं च परार्थानुमाने साध्यं न त्वनुक्तं, इष्टं चानुक्तम् । अतोऽन्य इष्टविघातकृदाभ्यामिति दर्शयन्नाह —

**ननु च तृतीयोऽपीष्टविघातकृद्विरुद्धः ॥ ८६ ॥**

જો આ [ સ્વભાવહેતુ અને કાર્યહેતુ એ ] બે, સાધ્યનો વિપરીત ધર્મ સાધતા હોવાથી વિરુદ્ધ હેત્વાભાસરૂપ ગણાય, તો [ આ બંને ] પરાર્થાનુમાનમાં સાધ્ય ઉક્ત [ હોવું જોઈએ ]; અનુક્ત નહિ. જ્યારે [ ઘણી વાર વાદીને જે સાધ્ય ગર્ભિત રીતે ] ઇષ્ટ હોય તે તો અનુક્ત હોય છે. તેથી આ બે હેતુથી 'ઇષ્ટવિઘાતકારક' [ પ્રકારનો વિરુદ્ધ હેત્વાભાસ ] જુદો ( =ત્રીજા પ્રકારરૂપ) ગણાય તેવું બતાવવા માગનાર [ જિજ્ઞાસુ પોતાની અપેક્ષા ] કહે છે :

**ઇષ્ટવિઘાતકારક હોય એવો ત્રીજો પણ વિરુદ્ધ [ હેત્વાભાસ ] ગણાવવો પડશે ને ? ( ૮૬ )**

1. ननु च तृतीयोऽपि विरुद्ध उक्तः । उक्तविपर्ययसाधनौ द्वौ । तृतीयोऽयमिष्टस्य शब्देनानुपात्तस्य विघातं करोति विपर्ययसाधनादिति इष्टविघातकृत् ।।

1. ત્રીજા [ પ્રકારનો ] વિરુદ્ધ હેત્વાભાસ પણ [ અન્ય દ્વારા ] કહેવાયો છે ને ? [ હમણાં ગણાવ્યા તે ] ઉક્ત [ સાધ્ય]ના વિપર્યયને સાધનારા બે, અને શબ્દશઃ ન ઉલ્લેખાયેલા એવા ઇષ્ટ સાધ્યના વિપર્યયને સાધીને તેનો વિઘાત કરનારો તે ત્રીજો પ્રકાર [ થશે ] ને ? ( ૮૬ )

तमुदाहरति —

**यथा परार्थाश्चक्षुरादयः संघातत्वाच्छयनासनाद्यङ्गवदिति ।। ८७ ।।**

એ [ ઇષ્ટવિઘાતકારક હેતુ ]નું ઉદાહરણ આપે છે :

**જેમ કે —**

**ચક્ષુ વગેરે પરાર્થ છે; કારણ કે તે સંઘાતરૂપ છે; જેમ કે શયન–આસન-આદિ અંગો – એ [ અનુમાન ]. ( ૮૭ )**

1. यथेति । चक्षुरादय इति धर्मी । परोऽर्थः प्रयोजनं परार्थः प्रयोजकः संस्कार्य उपकर्तव्यो येषां ते परार्थाः – इति साध्यम् । संघातत्वात् संचितरूपत्वादिति हेतुः । चक्षुरादयो हि परमाणुसंचितिरूपाः । ततः संघातरूपा उच्यन्ते ।.

1. ચક્ષુ–આદિ તે ધર્મી છે. 'પરાર્થત્વ' તે સાધ્ય છે. પર ( =અન્ય વસ્તુ) જેનો અર્થ એટલે કે પ્રયોજન, પ્રયોજક, સંસ્કારવા લાયક કે ઉપકાર કરવા લાયક છે તે 'પરાર્થ' કહેવાય. 'સંઘાતરૂપ હોવું' અર્થાત્ સંચિત થયેલા રૂપવાળા હોવું તે હેતુ છે. અત્રે, ચક્ષુ વગેરે પરમાણુના સંચયરૂપ છે તેનો ઉલ્લેખ છે; એથી તેમને સંઘાતરૂપ કહ્યાં છે.

2. शयनमासनं चादिर्यस्य तच्छयनासनादि । तदेवाङ्गं पुरुषोपभोगाङ्गत्वात् । अयं व्याप्तिप्रदर्शनविषयो दृष्टान्तः । अत्र हि पारार्थ्येन संहतत्वं व्याप्तम् । यतः शयनासनादयः संघातरूपाः पुरुषस्य भोगिनो भवन्त्युपकारका इति परार्था उच्यन्ते ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. શયન–આસન–આદિ પુરુષનાં ઉપભોગનાં અંગો હોઈ તેને અહીં 'અંગો' કહ્યાં છે. આ, [ પ્રસ્તુત અનુમાનના પાયામાં રહેલી ] વ્યાપ્તિને બતાવનાર વિષય કિંવા દૃષ્ટાન્ત છે. આ ઉદાહરણમાં પરાર્થપણાથી સંઘાતરૂપ હોવાપણું વ્યાપેલું છે. સંઘાતરૂપ શયનાસનાદિ ઉપભોક્તા પુરુષનાં ઉપકારક હોઈ 'પરાર્થ' કહેવાયાં છે. ( ૮૭ )

कथमयमिष्टविघातकृदित्याह --

**तदिष्टासंहतपारार्थ्यविपर्ययसाधनाद्विरुद्धः ॥ ८८ ॥**

આ [ અનુમાનમાંનો હેતુ ] કઈ રીતે ઇષ્ટવિઘાતકારક છે તે બતાવે છે :

**ઉપર્યુક્ત હેતુ તેને ઇષ્ટ એવા અસંહતપારાર્થ્યથી વિપરીત [ સાધ્ય ]ને સિદ્ધ કરતો હોવાથી વિરુદ્ધ [ હેત્વાભાસરૂપ ] છે. ( ૮૮ )**

1. तदिष्टासंहतपारार्थ्यविपर्ययसाधनादिति । असंहते विषये पारार्थ्यमसंहतपारार्थ्यम् । तस्य सांख्यस्य वादिन इष्टमसंहतपारार्थ्यं तदिष्टासंहतपपारार्थ्यम् । तस्य विपर्ययः संहतपारार्थ्यं नाम । तस्य साधनाद् विरुद्धः ।

1. 'અસંહતપારાર્થ્ય' એટલે અસંહત ( સંઘાતરૂપ ન હોય તેવા ) વિષય (=વસ્તુ) પ્રત્યે પારાર્થ્ય (=ઉપકારકપણું). 'તેને' એટલે કે સાંખ્યવાદીને [ગર્ભિત રીતે] અસંહતપારાર્થ્ય એ [સાધ્ય તરીકે] ઇષ્ટ છે. તેનાથી વિપરીત એટલે સંહતપારાર્થ્ય. ઉક્ત હેતુથી એ વિપરીતની સિદ્ધિ થતી હોઈ વિરુદ્ધ હેત્વાભાસ છે.

2. आत्माऽस्तीति ब्रुवाणः सांख्यः, कुत एतदिति पर्यनुयुक्तो बौद्धेनेदमात्मनः सिद्धये प्रमाणमाह । तस्मादसंहतस्यात्मन उपकारकत्वं साध्यं चक्षुरादीनाम् । अयं तु हेतुर्विपर्ययव्याप्तः । यस्माद्यो यस्योपकारकः स तस्य जनकः । जन्यमानश्च युगपत् क्रमेण वा भवति संहतः । तस्मात् परार्थाश्चक्षुरादय संहतपरार्था इति सिद्धम् ॥

2. [ સાંખ્યવાદીના આ અનુમાનનો સંદર્ભ તપાસીએ : ] "આત્મા છે" એમ બોલતા સાંખ્ય વાદીને બૌદ્ધવાદીએ "શાથી ?" એવો પ્રશ્ન કર્યો, તેથી [ ઉપર્યુક્ત અનુમાન વડે ] આત્માની સિદ્ધિનું પ્રમાણ રજૂ કરે છે. એટલે 'ચક્ષુ વગેરે, **સંઘાતરૂપ નહિ એવા** આત્માના ઉપકારક છે' એવું સાધ્ય [ તેમના મનમાં ] છે. પણ અહીં [ 'સંઘાતરૂપ હોવું' એ ] હેતુ તો [સાધ્યથી] વિપરીત [ ધર્મ ] વડે વ્યાપ્ત છે; કારણ કે જે જેનો ઉપકારક હોય તે તેનો જનક હોય છે. હવે જે જન્મ પામતો હોય તે એક સાથે કે ક્રમે કરીને સંઘાતરૂપ બને છે. તેથી પરાર્થ એવા ચક્ષુ વગેરે **સંહત** એવા પરના ઉપકારક જ હોઈ શકે, [ અસંહતના ઉપકારક નહિ, ] એ સિદ્ધ થાય છે. [ એટલે ચક્ષુ–આદિને આધારે તેમના ઉપકાર્ય તરીકે **નિરવયવ** આત્માની સિદ્ધિ થઈ શકે નહિ. ] ( ૮૮ )

अयं च विरुद्ध आचार्यदिङ्नागेनोक्तः --

**स इह कस्मान्नोक्तः ॥ ८९ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[એક સહજ પ્રશ્ન થાય :] હવે આચાર્ય દ્ઙ્નાગે આને વિરુદ્ધ[ના એક જુદા પ્રકાર] તરીકે કહ્યો છે, તો —

**"તે અહીં કેમ નથી કહ્યો ?" (૮૯)**

1. स कस्माद्वार्तिककारेण सता त्वया नोक्तः ? ॥

1. "તે પ્રકાર તમે [તેમના ગ્રંથના] વાર્તિકકાર હોવા છતાં કેમ નથી કહ્યો ?" (૮૯)

इतर आह —

**अनयोरेवान्तर्भावात्** ॥ ९० ॥

[પ્રશ્નકારથી] જુદા [એવા વાર્તિકકાર અર્થાત્ આ ગ્રંથના કર્તા પોતે જ] કહે છે :

**કારણ કે આ બે પ્રકારમાં જ સમાવેશ થઈ જાય છે. (૯૦)**

1. अनयोरेव साध्यविपर्ययसाधनयोरन्तर्भावात् ॥

1. [અન્ય મતે ઇષ્ટવિઘાતકારક એવો જે ત્રીજો પ્રકાર છે, તેનો] આ બેમાં જ એટલે કે [શબ્દ દ્વારા ઉક્ત] સાધ્યના વિપર્યયને સાધનારાં [સ્વભાવહેતુ અને કાર્યહેતુ]માં જ સમાવેશ થતો હોવાથી [જુદા પ્રકાર તરીકે કહેલ નથી]. (૯૦)

ननु चोक्तविपर्ययं न साधयति । तत्कथमुक्तविपर्ययसाधनयोरेवान्तर्भाव इत्याह —

**न ह्ययमाभ्यां साध्यविपर्ययसाधनत्वेन भिद्यते** ॥ ९१ ॥

[હજી પ્રશ્નકાર પૂછે છે :] "[આ પ્રકાર,] **ઉક્ત** એવા [સાધ્ય]નો **વિપર્યય** નથી સાધતો, [પણ માત્ર ઇષ્ટ એવા અર્થાત્ **અનુક્ત** સાધ્યનો વિપર્યય સાધે છે.] તો પછી તેનો ઉક્તવિપર્યયને સાધનારા બે પ્રકારોમાં સમાવેશ કઈ રીતે ?" આ અંગે કહે છે :

**કારણ કે આ, પેલા બંનેથી સાધ્યના વિપર્યયને સાધવાની બાબતમાં જુદો પડતો નથી. (૯૧)**

1. न ह्ययमिति । हीति यस्मादर्थे । यस्मादयमिष्टविघातकृदाभ्यां हेतुभ्यां साध्यविपर्ययस्य साधनत्वेन न भिद्यते । यथा तौ साध्यविपर्ययसाधनौ तथाऽयमपीति । उक्तविपर्ययं तु साधयतु वा मा वा, किमुक्तविपर्ययसाधनेन । तस्मादनयोरेवान्तर्भावः ॥

1. આ એટલે કે ઇષ્ટવિઘાતકારક [હેતુ], પેલા બંને હેતુઓથી, સાધ્યના વિપર્યયને સાધનાર હોવાની બાબતમાં જુદો પડતો ન હોવાથી [જુદા પ્રકારરૂપે કહેવાયો નથી]. એટલે કે પેલા બંનેની જેમ આ પણ સાધ્યના વિપર્યયને [જ] સાધે છે. હવે એ વિપર્યય ઉક્ત એવા સાધ્યનો હોય કે ઉક્ત નહિ એવા સાધ્યનો, [તેથી શો ફેર પડવાનો છે ?] એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉક્ત એવા જ સાધ્યનો વિપર્યય [હોવો જોઈએ તેવો વિશેષ આગ્રહ] શા માટે? એટલે [તત્ત્વતઃ, આ ત્રીજાનો] એ બેમાં જ સમાવેશ ગણાય. (૯૧)

ननु चोक्तमेव साध्यं, तत्कथं साध्यविपर्ययसाधनत्वेनाभेद इत्याह --

**न हीष्टोक्तयोः साध्यत्वेन कश्चिद्विशेष इति ॥ ९२ ॥**

[પુનઃ પ્રશ્ન :] "પણ [પેલા બંનેમાં તો] સાધ્ય ઉક્ત જ છે [ને આમાં અનુક્ત છે; આ ભેદ છે, તો પછી] સાધ્યવિપર્યય સાધવા–માત્રથી [ત્રીજાનો, પ્રથમ બે પ્રકાર સાથે] અભેદ કઈ રીતે?" એટલે કહે છે :

**[સાધ્ય] ઇષ્ટ હોય કે ઉક્ત, તેથી તેના સાધ્યપણામાં કોઈ ભિન્નતા સધાતી નથી. (૯૨)**

1. नहीति । यस्मादिष्टोक्तयोः परस्परस्मात् साध्यत्वेन न कश्चिद् विशेषो भेदः इति । तस्मात् अनयोरेवान्तर्भाव इत्युपसंहारः ।

1. ઇષ્ટ કે ઉક્ત સાધ્ય વચ્ચે સાધ્યપણાની બાબતમાં પરસ્પર કોઈ ભેદ હોતો નથી. તેથી [ઇષ્ટવિઘાતકારક હેતુનો] પેલા બંનેમાં જ સમાવેશ થઈ જાય છે એમ ઠરે છે.

2. प्रतिवादिनो हि यज्जिज्ञासितं तत् प्रकरणापन्नम् । यच्च प्रकरणापन्नं तत् साधनेच्छया विषयीकृतं साध्यमिष्टमुक्तमनुक्तं वा । न तूक्तमात्रमेव साध्यम् । तेनाविशेष इति ॥

2. [ઉક્ત કે અનુક્ત સાધ્ય વચ્ચે કોઈ પાયાનો ભેદ નથી એના સમર્થનમાં આટલું ઉમેરીએ : પરાર્થાનુમાન એ વાદી દ્વારા પ્રતિવાદીની જિજ્ઞાસા સંતોષવા પ્રયોજાય છે. હવે] પ્રતિવાદીને જે બાબત અંગે જિજ્ઞાસા હોય છે [અને તેથી તેને મન જે વાદી પાસેથી જાણવા યોગ્ય સાધ્ય છે] તે ચાલુ પ્રકરણ પરથી જ [તેના મનમાં] સ્થાન પામેલું હોય છે [– ભલે ને નામ પાડીને ન કહેવાય,] હવે જે પ્રકરણમાંથી જ ફલિત થતું હોય તેને સિદ્ધ કરવાની ઇચ્છાથી [અનુમાનનો] વિષય બનાવાય, ત્યારે તે સાધ્ય તરીકે ઇષ્ટ તો છે જ, પછી તે ભલે ને ઉક્ત હોય કે અનુક્ત; માત્ર ઉક્ત જ હોય તે સાધ્ય – એવું કંઈ નથી. તેથી બંનેની વચ્ચે કોઈ ભેદ નથી. (૯૨)

**द्वयो रूपयोरेकस्यासिद्धावपरस्य च संदेहेऽनैकान्तिकः ॥ ९३ ॥**

**[હેતુનાં] બે રૂપોમાંથી એક અસિદ્ધ હોય અને બીજાની બાબતમાં સંદેહ હોય ત્યારે 'અનૈકાન્તિક' [હેત્વાભાસ]. (૯૩)**

1. द्वयो रूपयोर्विपर्ययसिद्धौ विरुद्ध उक्तः । तयोस्तु द्वयोर्मध्ये एकस्यासिद्धावपरस्य च संदेहेऽनैकान्तिकः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. બે રૂપના વિપર્યય સિદ્ધ થતા હોય તે સંજોગમાં 'વિરુદ્ધ' હેત્વાભાસ થાય તે વાત કહેવાઈ; હવે તે બંનેમાંથી [ જ ] એક અસિદ્ધ હોય અને બીજી બાબત અંગે સંદેહ હોય ત્યારે 'અનૈકાન્તિક' હેત્વાભાસ ગણાય. (૯૩)

कीदृशोऽसावित्याह —

**यथा वीतरागः कश्चित्सर्वज्ञो वा, वक्तृत्वादिति । व्यतिरेकोऽत्रासिद्धः । संदिग्धोऽन्वयः ॥ ९४ ॥**

તે કેવો હોય તે [ ઉદાહરણથી ] કહી બતાવે છે :

**જેમ કે :**

**કોઈ એક વ્યક્તિ વીતરાગ છે અથવા સર્વજ્ઞ છે; કારણ કે [ તેનામાં ] વક્તાપણું છે. — આમાં વ્યતિરેક અસિદ્ધ છે અને અન્વય સંદિગ્ધ છે. (૯૪)**

1. यथेति । विगतो रागो यस्य स वीतराग इत्येकं साध्यम् । सर्वज्ञो वेति द्वितीयम् । वक्तृत्वादिति हेतुः । व्यतिरेकोऽत्रासिद्धः इति । स्वात्मन्येव सरागे चासर्वज्ञे च विपक्षे वक्तृत्वं दृष्टम् । अतोऽसिद्धो व्यतिरेकः । संदिग्धोऽन्वयः ॥

1. વીત્યો (=દૂર થયેલો) છે રાગ જેનો તે વીતરાગ. આ એક સાધ્ય છે. 'સર્વજ્ઞ' તે બીજું સાધ્ય છે. વક્તાપણું તે હેતુ છે. હવે અહીં [ સરાગ કે અસર્વજ્ઞરૂપ વિપક્ષમાંથી વક્તૃત્વરૂપ હેતુના નિયત અભાવરૂપ ] વ્યતિરેક અસિદ્ધ (=અયથાર્થ તરીકે સિદ્ધ થયેલ) છે; [ કારણ કે અન્ય વ્યક્તિરૂપ વિપક્ષમાં નહિ તો પણ ] સરાગ અને અસર્વજ્ઞ એવી **પોતાની** જાતરૂપી વિપક્ષમાં [ તો ] વક્તૃત્વ જોવા મળ્યું છે. આથી વ્યતિરેક [ તે એક દાખલાથી પણ ] અસિદ્ધ ઠરે છે. અને વક્તૃત્વનો [ સર્વજ્ઞત્વ કે વીતરાગત્વ સાથેનો ] અન્વય સંદિગ્ધ છે. (૯૪)

कुत इत्याह —

**सर्वज्ञवीतरागयोर्विप्रकर्षाद्वचनादेस्तत्र सत्त्वमसत्त्वं वा संदिग्धम् ॥ ९५ ॥**

[ અહીં અન્વયનો સંદેહ ] કેમ થાય છે તે સ્પષ્ટ કરે છે :

**સર્વજ્ઞ અને વીતરાગના વિપ્રકર્ષને લીધે વચનાદિનું તેને વિષે સત્ત્વ કે અસત્ત્વ સંદિગ્ધ છે. (૯૫)**

1. सपक्षभूतयोः सर्वज्ञवीतरागयोर्विप्रकर्षादित्यतीन्द्रियत्वाद्वचनादेरिन्द्रियगम्यस्यापि तत्र अतीन्द्रिययोः सर्वज्ञवीतरागयोः सत्त्वमसत्त्वं वा संदिग्धम् । ततश्च न ज्ञायते किं वक्तृत्वात् सर्वज्ञ उत नेत्यनैकान्तिक इति ॥

1. સપક્ષ એવા સર્વજ્ઞ અને વીતરાગ પુરુષોના 'વિપ્રકર્ષ'ને લીધે (= દૂરપણાને લીધે) અર્થાત્ અતીન્દ્રિયપણાને લીધે. ઇન્દ્રિયગ્રાહ્ય એવા પણ વચનાદિ [ –રૂપ હેતુ]નું સત્ત્વ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસત્ત્વ સર્વજ્ઞ અને વીતરાગ વ્યક્તિમાં હોવાનું સંદિગ્ધ જ રહે છે. આમ [ અન્વય–]વ્યાપ્તિનો નિશ્ચય ન થવાથી ] અમુક વ્યક્તિ વક્તાપણાને લીધે સર્વજ્ઞ છે કે નહિ તે નક્કી થઈ શકતું નથી. આમ [ એકાન્ત એટલે કે નિશ્ચય સિદ્ધ થતો ન હોવાથી આ હેતુ ] 'અનૈકાન્તિક' કહેવાય છે. ( ૯૫ )

संप्रति द्वयोरेव संदेहेऽनैकान्तिकं वक्तुमाह —

**अनयोरेव द्वयो रूपयोः संदेहेऽनैकान्तिकः ॥ ९६ ॥**

હવે બંનેનો સંદેહ હોય ત્યારે સધાતા અનૈકાન્તિક હેત્વાભાસને કહે છે :

**આ જ બંને રૂપના સંદેહથી [ પણ ] અનૈકાન્તિક. ( ૯૬ )**

1. अनयोरेव – अन्वयव्यतिरेकरूपयोः संदेहात् संशयहेतुः ॥

1. આ બંને એટલે કે અન્વય અને વ્યતિરેક એ બે રૂપોના સંદેહથી સંશયને અવકાશ મળે છે; [ તેથી પણ અનૈકાન્તિક હેત્વાભાસ સધાય છે. ] ( ૯૬ )

उदाहरणम् —

**यथा सात्मकं जीवच्छरीरं प्राणादिमत्त्वादिति ॥ ९७ ॥**

ઉદાહરણ :

**જેમ કે :**

**જીવતું શરીર આત્માવાળું હોય છે; કારણ કે તેમાં પ્રાણાદિમત્ત્વ હોય છે. ( ૯૭ )**

1. यथेति। सहात्मना वर्तते सात्मकमिति साध्यम् । शरीरमिति धर्मी । जीवद्ग्रहणं धर्मिविशेषणम् । मृते ह्यात्मानं नेच्छति ।

1. આત્માવાળા હોવું તે સાધ્ય છે. શરીર ધર્મી છે. જીવતું" એ ધર્મી એવા શરીરનું વિશેષણ છે; કારણ કે [ વાદીને ] મૃત શરીરમાં આત્માનું અસ્તિત્વ અભિપ્રેત નથી.

2. प्राणाः श्वासादय आदिशब्दस्योन्मेषनिमेषादेः प्राणिधर्मस्य स प्राणादिः । स यस्यास्ति तत् प्राणादिमत् जीवच्छरीरम् । तस्य भावस्तत्त्वम् । तस्मादित्येष हेतुः ।

2. 'પ્રાણાદિ' એટલે શ્વાસાદિ પ્રાણો, ઉન્મેષ, નિમેષ વગેરે પ્રાણિધર્મો; તે ધર્મોવાળું જીવતું શરીર 'પ્રાણાદિમંત્' કહેવાય. તે પ્રાણાદિમત્ત્વ અહીં હેતુ છે.

3. अयमसाधारणः संशयहेतुरुपपादयितव्यः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. [ માત્ર પક્ષમાં જ રહેનાર એટલે કે સપક્ષ કે વિપક્ષ એકેમાં ન રહેનાર એવો આ ] અસાધારણ હેતુ [ અન્ય વાદી કહે છે તેમ અપ્રતિપત્તિ એટલે કે કશી પ્રતીતિના અભાવનો હેતુ જ ન હોતાં ] સંશયનો હેતુ છે તે બાબત ધ્યાનમાં લેવા જેવી છે, [ જે નીચેની ચર્ચાથી સ્પષ્ટ થશે : ]

4. पक्षधर्मस्य च द्वाभ्यां कारणाभ्यां संशयहेतुत्वम् – संशयविषयौ यावाकारौ ताभ्यां सर्वस्य वस्तुनः संग्रहात्, तयोश्च व्यापकयोराकारयोरेकत्रापि वृत्त्यनिश्चयात् । याभ्यां ह्याकाराभ्यां सर्वं वस्तु न संगृह्यते तयोराकारयोर्न संशयः । प्रकारान्तरसंभवे हि पक्षधर्मो धर्मिणमवियुक्तं द्वयोरेकेन धर्मेण दर्शयितुं न शक्नुयात् । अतो न संशयहेतुः स्यात् ।

4. પક્ષધર્મ [–રૂપ હેતુ ] બે કારણોને લીધે સંશયનો હેતુ બને છે : (૧) [ જે તે હેતુના પક્ષમાં હોવાથી તે પક્ષ વિષે સાધ્ય તરીકે ગણી શકાય તેવા ] જે બે આકારોને વિષય કરીને સંશય થતો હોય તે આકારો [ જગતની ] તમામ વસ્તુઓને આવરી લેતા હોય અને વળી (૨) તે આકારોમાંથી અમુક એક જ આકાર સાથે [ હેતુના ] અસ્તિત્વનો નિશ્ચય ન થતો હોય; કારણ કે [ કોઈ હેતુના પક્ષધર્મત્વથી ] જે બે [ સાધ્યરૂપ ] આકારો [ મનમાં ઉપસ્થિત થતા ] હોય તે આકારોથી જો જગતની બધી વસ્તુઓ આવરી લેવાતી ન હોય તો તે સ્થળે [ **તે સાધ્યોમાંથી** જ એક યા બીજું હોવાની પ્રતીતિરૂપ ] સંશય નહિ થાય; કારણ કે તે સંજોગોમાં અન્ય (=ત્રીજા) પ્રકાર[ના સાધ્ય]નો સંભવ હોવાથી, પક્ષધર્મ [–રૂપ હેતુ ], 'તે પક્ષ (=ધર્મી) [ શક્ય એવા ] બે [ સાધ્યરૂપ ] ધર્મોમાંથી ગમે તે એક સાથે સંકળાયેલો હશે જ' એવું બતાવવા શક્તિમાન નહિ થાય. આથી તે સંશયનું કારણ નહિ બને.

5. द्वयोः धर्मयोरनियतं भावं दर्शयन् संशयहेतुः । द्वयोस्त्वनियतमपि भावं दर्शयितुमशक्तोऽप्रतिपत्तिहेतुः । नियतं तु भावं दर्शयन् सम्यग् हेतुर्विरुद्धो वा स्यात् ।

5. [ હેતુના પક્ષમાં અસ્તિત્વની પ્રતીતિના પ્રસંગે સાધ્ય અંગેની શક્ય એવી વિવિધ પ્રતીતિઓ એક સાથે જોઈએ તો : ] હેતુ જો બે ધર્મોમાંથી [ એક હોવાનું તો સૂચવે જ પણ બેમાંથી ] એક નિયત ધર્મ હોવાનું ન સૂચવે તો તે સંશયનો હેતુ કહેવાય. તેને બદલે હેતુ જો બેમાંથી અનિયતપણે ય ગમે તે એકના અસ્તિત્વને ન બતાવી શકે [ અને તે બે સિવાયના અન્ય ધર્મના અસ્તિત્વની શક્યતાને પણ ઊભી રાખે તો ] તે અપ્રતીતિનું કારણ બને છે (અર્થાત્ બે નિશ્ચિત શક્યતાઓ વચ્ચે જ મર્યાદિત એવુ જ્ઞાન એટલે કે સંશયજ્ઞાન પેદા કરતો નથી. ) અને જો હેતુ [ શક્ય ધર્મોમાંથી ] નિયત ધર્મને જ બતાવે તો તે [ જો પ્રતિજ્ઞાત સાધ્યને બતાવે તો ] સમ્યગ્ હેતુ હોય અથવા [ જો પ્રતિજ્ઞાત સાધ્યના વિપર્યયને બતાવે તો ] 'વિરુદ્ધ' [ હેત્વાભાસરૂપ ] હોય.

6. तस्माद्याभ्यां सर्वं वस्तु संगृह्यते तयोः संशयहेतुर्यदि तयोरेकत्रापि सद्भावनिश्चयो न स्यात् । सद्भावनिश्चये तु यद्येकत्र नियतसत्तानिश्चयो, हेतुर्विरुद्धो वा स्यात् ।

6. એટલે આમ [ હેતુના પક્ષમાં અસ્તિત્વને આધારે ત્યાં જે બે ધર્મોના અસ્તિત્વની સંભાવના થતી હોય તે ] ધર્મો વડે જો જગતના બધા પદાર્થો આવરી લેવાતા હોય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી જો તે હેતુ તે ધર્મોમાંથી કયાની સાથે હશે તે નક્કી ન થતું હોય તો તે હેતુ સંશયનું કારણ બને છે. એને બદલે જો [એ શકય લાગતાં સાધ્યોમાંથી] નિયત એવા સાધ્યનો જ નિશ્ચય હેતુ વડે થતો હોય તો તે, હેતુ (= સમ્યગ્ હેતુ) અથવા વિરુદ્ધ [હેત્વાભાસરૂપ] હોય.

7. अनियतसत्तानिश्चये तु साधारणानैकान्तिकः, संदिग्धविपक्षव्यावृत्तिकः, संदिग्धान्वयोऽसिद्धव्यतिरेको वा स्यात् । एकत्रापि तु वृत्त्यनिश्चयादसाधारणानैकान्तिको भवति ॥

7. કોઈ પક્ષધર્મરૂપ હેતુથી ઉક્ત પક્ષમાં [સાધ્યની] સત્તાનો નિશ્ચય નિયતપણે ન થતો હોય તો, [સપક્ષ અને વિપક્ષ ઉભયમાં હોવાથી] 'સાધારણ અનૈકાન્તિક' [કહેવાતો] એવો તે હેતુ કાં તો [વિપક્ષની અતીન્દ્રિયતાને લીધે] સંદિગ્ધ એવી વિપક્ષવ્યાવૃત્તિવાળો હશે, કાં તો [સપક્ષના અતીન્દ્રિયપણાને લીધે] સંદિગ્ધ એવા અન્વયવાળો અને વળી [ભલે બધા નહિ તો કેટલાક વિપક્ષોમાં વ્યાવૃત્તિના અભાવના અનુભવને લીધે] અસિદ્ધ ઠરેલા વ્યતિરેકવાળો હશે. એને બદલે [કોઈ હેતુ માત્ર પક્ષમાં જ રહેતો હોય તથા જગત્ના સર્વ પદાર્થોને આવરી લે તેવા બે જ સાધ્યાકારોમાંથી કોઈ એક પણ સાથે તે સંકળાયેલો હોવાનું પ્રતીત થયું હોય તે સંજોગોમાં, જો તે હેતુનો નિયત] સંબંધ તે બેમાંથી એક યા બીજા સાધ્ય સાથે સ્થાપી શકાતો ન હોય તો તે અસાધારણ અનૈકાન્તિક [હેત્વાભાસ] ઠરે છે. (૯૭)

ततोऽसाधारणानैकान्तिकस्यानैकान्तिकत्वे हेतुद्वयं दर्शयितुमाह —

**न हि सात्मकनिरात्मकाभ्यामन्यो राशिरस्ति यत्रायं प्राणादिर्वर्तेत ॥ ९८ ॥**

એટલે હવે અસાધારણ અનૈકાન્તિક હેતુની અનૈકાન્તિકતા માટે [હમણાં જ વૃત્તિમાં નિર્દેશેલા] બે હેતુ દર્શાવવા માટે સૂત્રકાર [હવે પછીનાં કેટલાંક સૂત્રો] કહે છે:

**સાત્મક અને નિરાત્મક સિવાય અન્ય રાશિ [શકય] નથી, જ્યાં આ પ્રાણાદિ રહી શકે; (૯૮)**

1. न हीति । सहात्मना वर्तते सात्मकः । निष्क्रान्त आत्मा यस्मात्स निरात्मकः । ताभ्यां यस्मान्नान्यो राशिरस्ति । किंभूतः ? यत्रायं वस्तुधर्मः प्राणादिर्वर्तेत । तस्मादयं तयोर्भवति संशयहेतुः ॥

1. આત્મા સહિતનું હોય તે 'સાત્મક' અને જેમાં આત્મા અનુપસ્થિત હોય તે 'નિરાત્મક' કહેવાય. [જગતની સર્વ વસ્તુઓને વર્ગીકૃત કરવા માટે] તે બંને સિવાય અન્ય રાશિ (= વર્ગ) નથી — [પ્રશ્નકાર વચ્ચે પૂછે છે:] "કેવો ?" [ઉત્તર અપાય છે:] — કે જ્યાં આ વસ્તુધર્મ [અને તેથી સર્વમાં સમાઈ જનાર] એવા પ્રાણાદિ રહી શકે. માટે આ હેતુ [પક્ષધર્મ હોવાની રૂએ] તે બંનેમાંથી કોઈ એકના [અસ્તિત્વ અંગેના] સંશયનો હેતુ બને છે. (૯૮)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कस्मादन्यराश्यभाव इत्याह—

**आत्मनो वृत्तिव्यवच्छेदाभ्यां सर्वसंग्रहात् ॥ ९९ ॥**

"અન્ય રાશિનો અભાવ કેમ છે?" એના જવાબરૂપે કહે છે :

**કારણ કે આત્માનાં વૃત્તિ કે વ્યવચ્છેદ[ના વિકલ્પો ] વડે સર્વનો સંગ્રહ થાય છે. (૯૯)**

1. आत्मनो वृत्तिः सद्भावो व्यवच्छेदोऽभावः । ताभ्यां सर्वस्य वस्तुनः संग्रहात् क्रोडीकरणात् । यत्र ह्यात्माऽस्ति तत् सात्मकम् । अन्यन्निरात्मकम् । ततो नान्यो राशिरस्तीति संशयहेतुत्वकारणम् ॥

1. આત્માની વૃત્તિ એટલે સત્તા, અને તેનો વ્યવચ્છેદ એટલે અભાવ. તે બંને [શક્યતાઓ]માં સર્વ કોઈ વસ્તુનો સંગ્રહ એટલે કે સમાવેશ થઈ જાય છે; કારણ કે જે વસ્તુમાં આત્મા હોય તે સાત્મક કહેવાય અને બાકીનું [બધું જ] નિરાત્મક હોવાનું. તે બંને સિવાય કોઈ અન્ય [ધર્મવાળો] રાશિ (=વર્ગ) શક્ય નથી. [જીવતા શરીરમાં પ્રાણાદિની સત્તા] સંશયનો હેતુ બને છે તેમાં આ પરિબળ ભાગ ભજવે છે. (૯૯)

प्रकाराभ्यां सर्ववस्तुसंग्रहं प्रतिपाद्य द्वितीयमाह --

**नाप्यनयोरेकत्र वृत्तिनिश्चयः ॥ १०० ॥**

બે પ્રકારોમાં સર્વ વસ્તુઓના સંગ્રહ [-રૂપ પ્રથમ કારણ]નું પ્રતિપાદન કરીને બીજું [સંશયનું કારણ] કહે છે :

**વળી આ બંનેમાંથી એક વિષે [હેતુની] વૃત્તિનો નિશ્ચય પણ નથી; (૧૦૦)**

1. नाप्यनयोः सात्मकानात्मकयोर्मध्य एकत्र सात्मकेऽनात्मके वा वृत्तेः सद्भावस्य निश्चयोऽस्ति । द्वावपि राशी त्यक्त्वा न वर्तते प्राणादिः, वस्तुधर्मत्वात् । ततश्चानयोरेव वर्तते इत्येतावदेव ज्ञातम् । विशेषे तु वृत्तिनिश्चयो नास्तीत्ययमर्थः ॥

1. આ બંનેમાંથી એટલે સાત્મક અને અનાત્મક એમાંથી એકમાં, એટલે કે [માત્ર] સાત્મક વિષે કે માત્ર અનાત્મક વિષે [પ્રાણાદિમત્ત્વરૂપ હેતુની] વૃત્તિ કિંવા સત્તાનો નિશ્ચય પણ નથી. હવે પ્રાણાદિ વસ્તુધર્મ હોઈ [વસ્તુમાત્રને આવરી લેતા] બંને ય રાશિઓને છોડીને અન્યત્ર રહી શકે એમ નથી. એથી આ બેમાંથી એક સાથે જ તે રહે છે એટલું જ [પાકે પાયે] જાણી શકાયું છે; પણ [એ બેમાંથી નક્કી એક એવા] વિશેષ [રાશિ] વિષે હેતુની સત્તાનો નિશ્ચય નથી—એવું [એકંદર] તાત્પર્ય છે. (૧૦૦)

तदाह --

**सात्मकत्वेनानात्मकत्वेन वा प्रसिद्धे प्राणादेरसिद्धेः ॥ १०१ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ વાત [વધુ સ્ફુટ રીતે] કહે છે :

**કારણ કે સાત્મક તરીકે કે અનાત્મક તરીકે પ્રસિદ્ધ હોય એવા કશામાં પ્રાણાદિની [સત્તા] સિદ્ધ થયેલી નથી. (૧૦૧)**

1. सात्मकत्वेनानात्मकत्वेन वा विशेषेण युक्ते प्रसिद्धे निश्चिते वस्तुनि प्राणादेर्धर्मस्य सर्ववस्तुव्यापिनोः प्रकारयोरेकत्र नियतसद्भावस्यासिद्धेरनैकान्तिकः, अनिश्चितत्वात् ।

1. 'સાત્મક' કે 'અનાત્મક' એવા વિશિષ્ટ રૂપે પ્રસિદ્ધ એટલે કે નિશ્ચિત થયેલી વસ્તુમાં, [અર્થાત્] સર્વવસ્તુવ્યાપી એવા એ બે પ્રકારોમાંથી એકમાં જ પ્રાણાદિની નિયત સત્તાની અસિદ્ધતાને કારણે [તે હેતુ] અનૈકાન્તિક છે; કારણ કે તે, [સાધ્યની સત્તા બાબત] અનિશ્ચિત (= અનિશ્ચાયક) છે.

2. तदेवमसाधारणस्य धर्मस्यानैकान्तिकत्वे कारणद्वयमभिहितम् ॥

2. આમ [માત્ર પક્ષવ્યાપી એવા અર્થાત્] અસાધારણ ધર્મના અનૈકાન્તિકપણા પાછળનાં બે પરિબળો [સૂત્રકારે પોતે જ] કહ્યાં. (૧૦૧)

पक्षधर्मश्च भवन् सर्वः साधारणोऽसाधारणो वा भवत्यनैकान्तिकः । तस्मादुपसंहारव्याजेन पक्षधर्मत्वं दर्शयति —

**तस्माज्जीवच्छरीरसंबन्धी प्राणादिः सात्मकादनात्मकाच्च सर्वस्माद् व्यावृत्तत्वेनासिद्धेस्ताभ्यां न व्यतिरिच्यते ॥ १०२ ॥**

જે કોઈ હેતુ પક્ષના ધર્મ તરીકે હોય અને સાથે કાં તો [સપક્ષ અને વિપક્ષ વિષે] સાધારણ સત્તાવાળો હોય, કે [તે ઉભયમાં અવ્યાપી હોય એટલે કે માત્ર પક્ષમાં] અસાધારણ રૂપે રહેલો હોય તો તે અનૈકાન્તિક હોય છે. આથી ઉપસંહારને બહાને, [પ્રાણાદિ પણ] પક્ષધર્મરૂપ છે તે તરફ ધ્યાન દોરે છે :

**તેથી જીવતા શરીર સાથે સંબંધ ધરાવતા પ્રાણાદિ, બધા સાત્મક અને વળી અનાત્મકમાંથી વ્યાવૃત્ત હોવાનું સિદ્ધ થયું ન હોવાથી તે બે પ્રકારોથી અલગ [સિદ્ધ] થઈ શકે એમ નથી. (૧૦૨)**

1. तस्मादित्यादिना । जीवच्छरीरस्य संबन्धी, पक्षधर्म इत्यर्थः । यस्मात्तयोरेकत्रापि न निवृत्तिनिश्चयस्तस्मात्ताभ्यां न व्यतिरिच्यते ।

1. 'જીવતા શરીર સાથે સંબંધ ધરાવતા' એટલે કે [જીવતા શરીરરૂપ] પક્ષના ધર્મ એવા [પ્રાણાદિ]. તે બે(=સાત્મક અને અનાત્મકરૂપ રાશિ)માંથી એકમાં પણ પ્રાણાદિના [નિયત] અભાવનો નિશ્ચય થયો ન હોઈ પ્રાણાદિ તે બંનેથી ય (=બંનેમાંથી કોઈ એક નિશ્ચિત વર્ગથી) વ્યાવૃત્ત કહી શકાય નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

2. वस्तुधर्मो हि सर्ववस्तुव्यापिनोः प्रकारयोरेकत्र नियतसद्भावो निश्चितः प्रकारान्तरान्निवर्तेत । अत एवाह – सात्मकादनात्मकाच्च सर्वस्माद् वस्तुनो व्यावृत्तत्वेनासिद्धेरिति । प्राणादिस्तावत् कुतश्चिद् घटादेर्निवृत्त एव । तत एतावदवसातुं शक्यम् – सात्मकादनात्मकाद्वा कियतो निवृत्तः । सर्वस्मात्तु निवृत्तो नावसीयते । ततो न कुतश्चिद्व्यतिरेकः ॥

2. કહેવાનો ભાવ એ છે કે સર્વવસ્તુવ્યાપી એવા બે પ્રકારોમાંથી એક પ્રકારમાં જ નિયત થયેલી સત્તાવાળો વસ્તુધર્મ હોય તો બીજા પ્રકારમાંથી [ અવશ્ય ] નિવૃત્ત ઠરે. આ [ નિયમ ]-ના અનુસંધાનમાં જ [ સૂત્રમાં ] 'બધા સાત્મક અને વળી ( =અથવા ) [ બધા ] અનાત્મક-માંથી વ્યાવૃત્ત હોવાનું સિદ્ધ થયું ન હોવા'ની હકીકત ઉલ્લેખી છે; [ ને તે દ્વારા પ્રાણાદિરૂપ હેતુ, એ નિયમની શરત પૂરી કરી શકતો નથી એ વાત તરફ ધ્યાન દોર્યું છે. ] અલબત્ત, એટલું ખરું કે પ્રાણાદિ ઘડો વગેરે કેટલી ચીજોમાંથી [ વ્યક્તિગત રીતે ] તો અવશ્ય નિવૃત્ત [ હોવાનું સિદ્ધ ] છે. તે પરથી માત્ર એટલું જ નક્કી થઈ શકે છે કે પ્રાણાદિ કાં તો સાત્મક કાં તો અનાત્મક એવા **કેટલાક પદાર્થોથી [ વ્યક્તિગત રીતે ]** નિવૃત્ત છે; પરંતુ **સર્વ** [ સાત્મક કે સર્વ અનાત્મક ]થી નિવૃત્ત હોવાનું નક્કી થઈ શકતું નથી. તેથી તે બેમાંથી અમુક [ એક આખા વર્ગ ]થી તેનો વ્યતિરેક [ સિદ્ધ થઈ શકતો ] નથી. ( १०२ )

यद्येवमन्वयोऽस्तु तयोर्निश्चित इत्याह ––

**न तत्रान्वेति ॥ १०३ ॥**

[ કોઈ વળી કદાચ કહે : ] "જો એમ હોય, તો તે બેમાંથી [ એક સાથે પ્રાણાદિનો ] અન્વય તો નિશ્ચિત હોઈ શકે." આથી કહે છે :

**તેની સાથે અન્વય [ પણ ] નથી. ( १०३ )**

1. न तत्र सात्मकेऽनात्मके वाऽर्थेऽन्वेति – अन्वयवान् प्राणादिः ॥

1. પ્રાણાદિનો તેની સાથે, એટલે કે કાં તો સાત્મક, કાં તો અનાત્મક પદાર્થો સાથે અન્વય પણ [ નિશ્ચિત થયેલો ] નથી. ( १०३ )

कुत इत्याह ––

**एकात्मन्यप्यसिद्धेः ॥ १०४ ॥**

"કેમ ?" તો કહે છે :

**કારણ કે એકાત્મકની અંદર પણ સિદ્ધિ થઈ નથી. ( १०४ )**

1. एकात्मन्यपीति । एकात्मनि सात्मकेऽनात्मके वाऽसिद्धेः कारणात् । वस्तुधर्मतया तयोर्द्वयोरेकत्र वा वर्तेत इत्यवसितः प्राणादिः । न तु सात्मक एव निरात्मक एव वा वर्तते इति कुतोऽन्वयनिश्चयः ॥

1. એકાત્મક( =એક નિશ્ચિત સ્વરૂપવાળા એટલે કે એક જ પ્રકારના)ની અંદર એટલે કે કાં તો સાત્મક, કાં તો અનાત્મક [ એમ **એક નિશ્ચિત** રાશિ ] વિષે [ પ્રાણાદિનું અસ્તિત્વ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધ થયું નથી; એ કારણે [અન્વય પણ નક્કી થતો નથી.] પ્રાણાદિ વસ્તુધર્મ કોઈ [સમગ્ર વસ્તુને આવરી લેતા એવા] તે બે રાશિમાં કે એક રાશિમાં છે એટલું નક્કી થયું છે; પણ તે સાત્મકમાં જ છે કે નિરાત્મકમાં જ છે એવું નિશ્ચિત થયું નથી. એટલે પછી [પ્રાણાદિના તે બેમાંથી અમુક સાથેના જ] અન્વયનો નિશ્ચય ક્યાંથી થાય ? (૧૦૪)

ननु च प्रतिवादिनो न किंचित् सात्मकमस्ति । ततोऽस्य हेतोर्न सात्मकेऽन्वयो न व्यतिरेक इत्यन्वयव्यतिरेकयोरभावनिश्चयः सात्मके, न तु सद्भावसंशय इत्याशङ्क्याह —

**नापि सात्मकादनात्मकाच्च तस्यान्वयव्यतिरेकयोरभावनिश्चयः ।। १०५ ।।**

બૌદ્ધોના અનાત્મવાદની સહજ યાદ આવતાં કોઈ જિજ્ઞાસુ પૂછે છે :] "[બૌદ્ધ] પ્રતિવાદીની દૃષ્ટિએ તો [જગતમાં] કોઈ વસ્તુ સાત્મક જ નથી. તેથી પ્રાણાદિરૂપ હેતુનો [અવસ્તુ એવા] સાત્મક સાથે અન્વય કે વ્યતિરેક [હોવાનો પ્રશ્ન જ થતો] નથી. એટલે [એમની દૃષ્ટિએ તો] પ્રાણાદિના સાત્મક સાથેના અન્વય કે વ્યતિરેકના **અભાવનો** જ **નિશ્ચય** થાય છે; [અન્વય કે વ્યતિરેકના] **સદ્ભાવ** (= અસ્તિત્વ) બાબતનો **સંશય નહિ.**" આ આશંકા કલ્પીને કહે છે :

**અને ન તો સાત્મકમાંથી કે ન તો અનાત્મકમાંથી તેના અન્વય-વ્યતિરેકના અભાવનો પણ નિશ્ચય થાય છે. (૧૦૫)**

1. नापि सात्मकाद् वस्तुनस्तस्य प्राणादेरन्वयव्यतिरेकयोरभावनिश्चयः । नापि च निरात्मकात् । सात्मकादनात्मकादिति च पञ्चमी व्यतिरेकशब्दापेक्षया द्रष्टव्या ।।

1. ન તો સાત્મક વસ્તુમાંથી તેના અર્થાત્ પ્રાણાદિના અન્વય-વ્યતિરેકના અભાવનો નિશ્ચય થાય છે, ન તો નિરાત્મક વસ્તુમાંથી. 'સાત્મકમાંથી' અને 'નિરાત્મકમાંથી' એમ પંચમી વિભક્તિ ['અન્વયવ્યતિરેક' એ સમાસમાંના 'અન્વય' શબ્દ સાથે બંધબેસતી નથી તે સાચું, પણ તે તો] 'વ્યતિરેક' શબ્દની અપેક્ષાથી વાપરી છે તે ધ્યાનમાં લેવું; [અન્વયના અનુસંધાનમાં 'સાત્મક કે નિરાત્મક સાથે' એમ તૃતીયાનો અધ્યાહાર કરવો.] (૧૦૫)

कथमन्वयव्यतिरेकयोर्नाभावनिश्चय इत्याह —

**एकाभावनिश्चयस्यापरभावनिश्चयनान्तरीयकत्वात् ।। १०६ ।।**

[પ્રાણાદિના સાત્મક કે અનાત્મક પ્રત્યેના] અન્વય-વ્યતિરેકના અભાવનો નિશ્ચય કેમ નથી થતો તે સ્પષ્ટ કરે છે :

**કારણ કે એકના અભાવનો નિશ્ચય તે અન્યના ભાવનિશ્ચયનો નિયત સહચારી હોય છે. (૧૦૬)**

1. एकस्यान्वयस्य व्यतिरेकस्य वा योऽभावनिश्चयः सोऽपरस्य द्वितीयस्य भावनिश्चयनान्तरीयकः भावनिश्चयस्याव्यभिचारी । तस्य भावस्तत्त्वं तस्मात् । यत एकाभावनिश्चयोऽपरभावनिश्चयनान्तरीयकः, तस्मात् न द्वयोरेकत्राभावनिश्चयः ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. [ કોઈ એક ધર્મના કોઈ નિશ્ચિત ધર્મી પ્રત્યેના ] અન્વય કે વ્યતિરેકનો જે અભાવ-નિશ્ચય હોય છે તે [ તે એમાંથી બાકી એવા ] અન્યના ભાવનિશ્ચયનો નિયત સહચારી હોય છે. આમ, [ અન્વયવ્યતિરેકમાંથી ] એકના અભાવનો નિશ્ચય અન્યના ભાવનિશ્ચયનો નિયત સહચારી હોવાને કારણે [ કોઈક ધર્મના કોઈ અન્ય ધર્મ સાથેના સંબંધરૂપ ] એક જ સંદર્ભને અનુલક્ષતા અન્વય અને વ્યતિરેક એ બંનેયના અભાવનો નિશ્ચય [ એક સાથે ] ન થઈ શકે. ( ૧૦૬ )

कस्मात्पुनः एकस्याभावनिश्चयोऽपरसद्भावनिश्चयाव्यभिचारीत्याह —

**अन्वयव्यतिरेकयोरन्योन्यव्यवच्छेदरूपत्वात् । तत एवान्वयव्यतिरेकयोः संदेहादनैकान्तिकः ।। १०७ ।।**

[ વળી કોઈ પૂછે :] "[ અન્વયવ્યતિરેકમાંથી ] એકનો અભાવનિશ્ચય તે અન્યના ભાવ-નિશ્ચય સાથે અવ્યભિચારી ( =નિયતસહચારી ) કેમ હોવો જોઈએ ? " એટલે કહે છે :

**એનું કારણ એ કે અન્વય–વ્યતિરેક અન્યોન્યના વ્યવચ્છેદરૂપ હોય છે. તેથી જ અન્વય–વ્યતિરેક અંગે સંદેહ રહેતાં અનૈકાન્તિક [ હેત્વાભાસ સર્જાય છે ]; ( ૧૦૭ )**

1. अन्वयव्यतिरेकयोरन्योन्यव्यवच्छेदरूपत्वादिति । अन्योन्यस्य व्यवच्छेदोऽभावः, स एव रूपं ययोस्तयोर्भावस्तत्त्वं तस्मात् कारणात् ।

1. અન્વય અને વ્યતિરેક તે પરસ્પરના વ્યવચ્છેદરૂપ એટલે કે અભાવરૂપ હોય છે.

2. अन्वयव्यतिरेकौ भावाभावौ । भावाभावौ च परस्परव्यवच्छेदरूपौ । यस्य व्यवच्छेदेन यत् परिच्छिद्यते तत् तत्परिहारेण व्यवस्थितम् । स्वाभावव्यवच्छेदेन च भावः परिच्छिद्यते । तस्मात् स्वाभावव्यवच्छेदेन भावो व्यवस्थितः ।

2. (અહીં) અન્વય અને વ્યતિરેકનો અર્થ [ અનુક્રમે, એ વસ્તુનો સાથે ] ભાવ અને [ એ વસ્તુનો સાથે ] અભાવ, એમ સમજવાનો છે. હવે ભાવ અને અભાવ એ પર-સ્પરના વ્યવચ્છેદ(=પરિહાર)રૂપ હોય છે. કોઈ પદાર્થનો સ્વરૂપનિશ્ચય ( ='પરિચ્છેદ' ) જેના વ્યવચ્છેદ(=સ્વરૂપનિષેધ)થી થતો હોય, તેનો પરિહાર કરીને તે પદાર્થ [ પોતાના સ્વરૂપમાં ] વ્યવસ્થિત થતો હોય છે. [ તે રીતે જોતાં ] ભાવ તે પોતાના અભાવનો વ્યવચ્છેદ કરીને પરિચ્છેદ પામે છે અને તે દ્વારા વ્યવસ્થિત થતો હોય છે.

3. अभावो हि नीरूपो यादृशो विकल्पेन दर्शितः । नीरूपतां च व्यवच्छिद्य रूपमाकारवत् परिच्छिद्यते । तथा च सत्यन्वयाभावो व्यतिरेकः, व्यतिरेकाभावश्चान्वयः ।

3. [ અભાવ સ્વરૂપહીન હોય છે ને તેથી ભાવ દ્વારા તેનો વ્યવચ્છેદ ન થઈ શકે તેવી શંકા કરવી પણ જરૂરી નથી ; ] કારણ કે અભાવ, કે જે રૂપથી રહિત હોય છે, [ તે સ્વભાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે નિયત આકાર વગરનો હોય છે એમ નથી સમજવાનું;] તે વિકલ્પથી નક્કી થતા આકારવાળો હોય છે. તો [એવી નિશ્ચિત સ્વરૂપવાળી અને તેથી વ્યવચ્છેદ પામવા યોગ્ય એવી] નીરૂપતા(નિરાકારતા)ને બાકાત રાખીને [નિયત] આકારવાળું રૂપ પરિચ્છેદ પામે છે. આમ હોવાથી [તથા અન્વય અને વ્યતિરેક એ પરસ્પરના અભાવરૂપ હોવાથી] અન્વયનો અભાવ [જ] વ્યતિરેક હોઈ શકે ને વ્યતિરેકનો અભાવ [જ] અન્વય.

4. ततोऽन्वयाभावे निश्चिते व्यतिरेको निश्चितो भवति । व्यतिरेकाभावे च निश्चितेऽन्वयो निश्चितो भवति ।

4. તેથી [કોઈ બે ભાવો વચ્ચે] અન્વયાભાવ નિશ્ચિત થાય ત્યારે [જ તે ભાવોના] વ્યતિરેકનો નિશ્ચય થાય અને વ્યતિરેકાભાવ નિશ્ચિત થાય ત્યારે [જ] અન્વયનો નિશ્ચય થાય છે.

5. तस्मात् यदि नाम सात्मकमवस्तु निरात्मकं च वस्तु, तथापि न तयोः प्राणादेरन्वय-व्यतिरेकयोरभावनिश्चयः । एकत्र वस्तुन्येकवस्तुनो युगपद्भावाभावविरोधात् तयोरभावनिश्चयायोगात् ।

5. આ ન્યાયે, ધારો કે [બૌદ્ધ પ્રતિવાદી માને છે તેમ] સાત્મક અવસ્તુ હોય અને નિરાત્મક વસ્તુરૂપ (=સત્યરૂપ) હોય તો પણ તે બંને[માંથી ગમે તે] વિષે પ્રાણાદિના અન્વય અને વ્યતિરેકનો [એક સાથે] અભાવનિશ્ચય થઈ ન શકે. એક જ વસ્તુમાં અન્ય વસ્તુનો ભાવ અને અભાવ એક સાથે માનવામાં વિરોધ હોઈ અન્વય અને વ્યતિરેકનો [એક સાથે] અભાવનિશ્ચય શક્ય નથી.

6. न च प्रतिवाद्यनुरोधात् सात्मकानात्मके वस्तुनी सदसती, किन्तु प्रमाणानुरोधात् । इत्युभे संदिग्धे । ततस्तयोः प्राणादिमत्त्वस्य सदसत्त्वसंशयः ।

6. અને [સાચી ને મુદ્દાની વાત તો એ છે કે] પ્રતિવાદી [શું માને છે એ]ને ધ્યાનમાં લઈને સાત્મક વસ્તુ તે અસત્ અને અનાત્મક તે સત્ એવું [સિદ્ધ થઈ જતું] નથી; એનો નિર્ણય તો પ્રમાણથી જ થઈ શકે. એટલે [જ્યાં સુધી વાદ સાથે લેવાદેવા છે ત્યાં સુધી] બંને (=સાત્મકત્વ અને અનાત્મકત્વ) સંદેહગ્રસ્ત [જ] છે. અને તેને કારણે તે બંને[માંથી કોઈ]માં [પણ] પ્રાણાદિમત્ત્વના [નિયત] સત્ત્વ કે અસત્ત્વ અંગે સંશય [જ] રહે છે.

7. यत एव क्वचिदन्वयव्यतिरेकयोर्न भावनिश्चयो नाप्यभावनिश्चयः, तत एवान्वयव्यतिरेकयोः संदेहः ।

7. [આમ સાત્મક કે અનાત્મક એ બેમાંથી] એકેયની પણ સાથે [પ્રાણાદિના] અન્વય-વ્યતિરેકના અસ્તિત્વનો કે અનસ્તિત્વનો નિર્ણય થઈ શકતો ન હોઈને તે અન્વય-વ્યતિરેક વિશે સંદેહ જ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

8. यदि तु क्वचिदप्यन्वयव्यतिरेकयोरेकस्याप्यभावनिश्चयः स्यात्, स एव द्वितीयस्य भावनिश्चय इत्यन्वयव्यतिरेकसंदेह एव न स्यात् । यतश्च न क्वचिद्भावाभावनिश्चयस्तत एवान्वयव्यतिरेकयोः संदेहः । संदेहाच्चानैकान्तिकः ॥

8. હા, જો [ કોઈ બે પદાર્થો વચ્ચેના ] અન્વય કે વ્યતિરેક એ બેમાંથી એકના પણ અભાવનો નિશ્ચય થઈ જાય તો તે જ અન્યના ભાવનિશ્ચયરૂપ બની જશે , અને તેથી અન્વય-વ્યતિરેક અંગેનો સંદેહ જ નહિ થાય. પણ [ પ્રસ્તુત ઉદાહરણમાં, 'પ્રાણાદિનો, સાત્મક કે અનાત્મક એ બેમાંથી ] કોઈ પણ અધિકરણ વિષે [ અન્વય કે વ્યતિરેક કિંવા ] ભાવ કે અભાવ હોય તેવો નિશ્ચય ન થતો હોવાથી અન્વય-વ્યતિરેક અંગેનો સંદેહ રહે છે, ને તેથી [ હેતુ ] અનૈકાન્તિક બની રહે છે. ( ૧૦૭ )

कस्मादनैकान्तिकः इत्याह —

**साध्येतरयोरतो निश्चयाभावात् ॥ १०८ ॥**

આ હેતુ અનૈકાન્તિક શા માટે છે તે સ્પષ્ટ કરે છે :

**કારણ કે આને લીધે સાધ્ય કે તેના અભાવનો નિશ્ચય થતો નથી. ( ૧૦૮ )**

1. साध्यस्य इतरस्य च विरुद्धस्य अतः संदिग्धान्वयव्यतिरेकान्निश्चयाभावात् । सपक्षविपक्षयोर्हि सदसत्त्वसंदेहे न साध्यस्य न विरुद्धस्य सिद्धिः । न च सात्मकानात्मकाभ्यां परः प्रकारः संभवति । ततः प्राणादिमत्त्वाद् धर्मिणि जीवच्छरीरे संशय आत्मभावाभावयोरित्यनैकान्तिकः प्राणादिरिति ॥

1. 'આને લીધે' એટલે કે સંદિગ્ધ અન્વય-વ્યતિરેકવાળા [ હેતુ ]ને લીધે સાધ્ય કે સાધ્યાભાવ એ એકેયનો નિશ્ચય થઈ શકતો નથી. સપક્ષ અને વિપક્ષમાં [ હેતુના પોતાના ] સત્ત્વ કે અસત્ત્વનો સંદેહ હોય ત્યારે સાધ્ય કે તેથી વિરુદ્ધ ધર્મની સિદ્ધિ થઈ શકતી નથી. વળી [ કોઈ પણ વસ્તુ ] સાત્મક કે અનાત્મક સિવાય ત્રીજા કોઈ પ્રકારની હોઈ શકતી નથી; [ એથી સંશયને બદલે નર્યા બોધાભાવની શક્યતા પણ રહેતી નથી. ] આ રીતે પ્રાણાદિમત્ત્વરૂપ હેતુના અસ્તિત્વ પરથી જીવતા શરીરરૂપ ધર્મી વિષે આત્માના અસ્તિત્વ કે અનસ્તિત્વ વિષે **સંશય** જ રહે છે. આથી પ્રાણાદિ તે અનૈકાન્તિક હેતુ છે. ( ૧૦૮ )

त्रयाणां रूपाणामसिद्धौ संदेहे च हेतुदोषानुपपाद्योपसंहरन्नाह —

**एवमेषां त्रयाणां रूपाणामेकैकस्य द्वयोर्द्वयोर्वा रूपयोरसिद्धौ संदेहे वा यथायोगमसिद्धविरुद्धानैकान्तिकास्त्रयो हेत्वाभासाः ॥ १०९ ॥**

ત્રણ રૂપો[માંના એકેક કે બબ્બે ]નાં અસિદ્ધત્વ કે સંદેહના પ્રસંગે થતા હેતુદોષો નિરૂપીને ઉપસંહાર કરે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આમ આ ત્રણ રૂપોમાંનાં એક-એક કે બે-બેનાં અસિદ્ધત્વ કે સંદેહથી યથાયોગ અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક એ ત્રણ હેત્વાભાસ સંભવે છે. ( ૧૦૯ )**

1. एवमित्यनन्तरोक्तेन क्रमेण एषां मध्ये एकैकं रूपं यदाऽसिद्धं संदिग्धं वा भवति, द्वे द्वे वाऽसिद्धे संदिग्धे वा भवतः, तदाऽसिद्धश्च विरुद्धश्चानैकान्तिकश्च ते हेत्वाभासाः । यथायोगमिति । यस्यासिद्धौ सन्देहे वा यो हेत्वाभासो युज्यते स तस्यासिद्धेः संदेहाच्च व्यवस्थाप्यत इति यस्य यस्य येन येन योगो यथायोगमिति ॥

1. 'આમ' એટલે અગાઉ કહેલા ક્રમે. આ રૂપોમાંથી એકેક રૂપ કે બે-બે રૂપ જ્યારે અસિદ્ધ કે સંદિગ્ધ હોય ત્યારે અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક – એ હેત્વાભાસો સંભવે છે. 'યથાયોગ' શબ્દથી એ કહેવા માગે છે કે જે રૂપના અસિદ્ધત્વ કે સંદેહથી જે હેત્વાભાસ સધાય છે તેને તે રૂપના અસિદ્ધત્વ કે સંદેહ સાથે સાંકળવામાં આવે છે. 'યથાયોગ' એટલે જેનો જેનો જેની જેની સાથે યોગ હોય [ તે રીતે ]. ( ૧૦૯ )

**विरुद्धाव्यभिचार्यपि संशयहेतुरुक्तः स इह कस्मान्नोक्तः ॥ ११० ॥**

**'વિરુદ્ધાવ્યભિચારી' પણ સંશય કરાવનારા હેતુ તરીકે કહેવામાં આવ્યો છે; તે અહીં કેમ નથી કહ્યો ? ( ૧૧૦ )**

1. ननु च आचार्येण विरुद्धाव्यभिचार्यपि संशयहेतुरुक्तः । हेत्वन्तरसाधितस्य विरुद्धं यत् तन्न व्यभिचरतीति विरुद्धाव्यभिचारी । यदि वा विरुद्धश्चासौ साधनान्तरसिद्धस्य धर्मस्य विरुद्धसाधनाद्व्यभिचारी च स्वसाध्याव्यभिचाराद् विरुद्धाव्यभिचारी ॥

1. [ કોઈ જિજ્ઞાસુ પૂછે છે : ] "આચાર્યે 'વિરુદ્ધાવ્યભિચારી' હેતુને પણ સંશય કરાવનાર [ હેત્વાભાસ તરીકે ] કહ્યો છે. [ એ હેતુનું સ્વરૂપ શબ્દવ્યુત્પત્તિને આધારે આમ સમજી શકાય : ] જે હેતુ [ એક જ પક્ષ વિષે ] અન્ય હેતુથી સિદ્ધ કરાતા ધર્મથી વિરુદ્ધ એવા ધર્મનો અવ્યભિચારી ( = નિયત સિદ્ધિ કરનારો ) હોય તે 'વિરુદ્ધાવ્યભિચારી' કહેવાય. અથવા તો [ 'વિરુદ્ધ અને વળી અવ્યભિચારી' એવો વિગ્રહ કરીને અર્થ કરીએ તો : ] જે હેતુ અન્ય હેતુથી સિદ્ધ એવા ધર્મથી વિરુદ્ધને સાધનો હોવાથી [ લક્ષણા દ્વારા ] 'વિરુદ્ધ' [કહેવાય] છે અને પોતાના સાધ્યને નિયત રીતે સાધનારો હોઈ અવ્યભિચારી છે તે 'વિરુદ્ધાવ્યભિચારી'. ( ૧૧૦ )

सत्यम् । उक्त आचार्येण । मया त्विह नोक्तः । कस्मादित्याह --

**अनुमानविषयेऽसंभवात् ॥ १११ ॥**

[ આનો સૂત્રકારને અભિપ્રેત ઉત્તર : ] "એ સાચું છે કે આચાર્યે [ આ હેત્વાભાસ ] કહ્યો છે. છતાં મેં અહીં કહ્યો નથી." આનું કારણ કહે છે :



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કારણ કે અનુમાનના કાર્યક્ષેત્રમાં [ તેનો ] સંભવ નથી; ( ૧૧૧ )**

1. अनुमानस्य विषयः प्रमाणसिद्धं त्रैरूप्यम् । यतो ह्यनुमानसंभवः सोऽनुमानस्य विषयः । प्रमाणसिद्धाच्च त्रैरूप्यादनुमानसंभवः । तस्मात् तदेवानुमानविषयः । तस्मिन् प्रक्रान्ते न विरुद्धाव्यभिचारिसंभवः । प्रमाणसिद्धे हि त्रैरूप्ये प्रस्तुते स एव हेत्वाभासः संभवति . यस्य प्रमाणसिद्धं रूपम् । अतो न विरुद्धाव्यभिचारिणः प्रमाणसिद्धमस्ति . रूपम् । अतो न संभवः । ततोऽसंभवात् नोक्तः ॥

1. પ્રમાણસિદ્ધ એવું [ લિંગનું ] ત્રિરૂપપણું તે અનુમાનનું કાર્યક્ષેત્ર છે. [ અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે : ] જેના હોવાથી અનુમાન કરવાનું શક્ય બને તે અનુમાનનું કાર્યક્ષેત્ર કહેવાય. [ એ દષ્ટિએ ] પ્રમાણસિદ્ધ એવા [ લિંગના ] ત્રૈરૂપ્યથી અનુમાન કરવાનું શક્ય બને છે, તેથી તેને (=પ્રમાણસિદ્ધ ત્રૈરૂપ્યને ) જ અનુમાનનું કાર્યક્ષેત્ર ગણ્યું છે. તો, એ અનુમાનના કાર્યક્ષેત્રનો જ સંદર્ભ હોય ત્યારે ' વિરુદ્ધાવ્યભિચારી ' હેતુ સંભવી શકે નહિ; કારણ કે પ્રમાણસિદ્ધ ત્રૈરૂપ્ય જ જ્યાં પ્રસ્તુત હોય ત્યાં તે જ હેત્વાભાસ સંભવી શકે કે જે [ કોઈ ને કોઈ ] પ્રમાણસિદ્ધ રૂપ સાથે ( અર્થાત્ તેના ભંગ સાથે ) સંકળાયેલો હોય. જ્યારે વિરુદ્ધાવ્યભિચારી હેત્વાભાસને કોઈ પ્રમાણસિદ્ધ રૂપ[ ના ભંગ ] સાથે લેવાદેવા નથી. માટે તે અનુમાનના ક્ષેત્રમાં ન સંભવે; એથી જ અમે કહ્યો નથી: ( ૧૧૧ )

कस्मादसंभवः इत्याह —

**न हि संभवोऽस्ति कार्यस्वभावयोरुक्तलक्षणयोरनुपलम्भस्य च विरुद्धतायाः ॥ ११२ ॥**

કેમ અસંભવ છે તે સ્પષ્ટ કરે છે :

**કારણ કે ઉક્તલક્ષણ એવા કાર્ય અને સ્વભાવ [-રૂપ હેતુ]ના અન્વયે કે અનુપલબ્ધિ [ રૂપ હેતુ]ના અન્વયે વિરુદ્ધતાનો સંભવ હોતો નથી. ( ૧૧૨ )**

1. न हीति । यस्मान्न संभवोऽस्ति विरुद्धतायाः । कार्यं च स्वभावश्च तयोरुक्तलक्षणयोरिति ।

1. જ્યારે કાર્ય અને સ્વભાવ ઉક્ત લક્ષણવાળા હોય ત્યારે વિરુદ્ધતાનો સંભવ ન હોવાથી [ અનુમાનના ક્ષેત્રમાં વિરુદ્ધાવ્યભિચારી હેત્વાભાસ ન સંભવે ].

2. कार्यस्य कारणाज्जन्मलक्षणं तत्त्वम् । स्वभावस्य च साध्यव्याप्तत्वं तत्त्वम् । यत् कार्यं यश्च स्वभावः स कथमात्मकारणं व्यापकं च स्वभावं परित्यज्य भवेद् येन विरुद्धः स्यात् ।

2. [ અહીં કાર્ય અને સ્વભાવ ' ઉક્તલક્ષણ ' કહ્યાં છે; તે સમજીએ : ] કારણમાંથી ઉત્પન્ન થવું તે કાર્યનું સ્વરૂપ છે અને સ્વભાવનું [ પોતાના નિયત સહચારી સ્વભાવરૂપ ] સાધ્યથી વ્યાપ્ત હોવું તે સ્વરૂપ છે. હવે જે [ ખરેખર જ ] કાર્ય કે સ્વભાવરૂપ હોય તે [ અનુક્રમે ] પોતાના કારણને કે [ સહચારી અન્ય ધર્મરૂપ ] સ્વભાવને ત્યજીને રહી શકે જ, કઈ રીતે કે જેથી [ તેના પક્ષમાં તેના સાધ્યથી ] વિરુદ્ધ એવા ધર્મને અવકાશ રહે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3. अनुपलम्भस्य च उक्तलक्षणस्येति । दृश्यानुपलम्भत्वं चानुपलम्भलक्षणम् । तस्यापि वस्त्वभावाव्यभिचारित्वान्न विरुद्धत्वसंभवः ॥

3. 'અનુપલબ્ધિ' સાથે પણ 'ઉક્તલક્ષણ' વિશેષણ સમજવું. [એટલે અનુપલબ્ધિનું પણ લક્ષણ યાદ કરીએ તો અત્રે] દૃશ્યની અનુપલબ્ધિ તે અનુપલબ્ધિ [એ લક્ષણ ધ્યાનમાં આવશે.] તો તેવી અનુપલબ્ધિ પણ, [જે તે દૃશ્ય] વસ્તુના અભાવની અવ્યભિચારી હોય છે; એથી [તેના સાધ્યથી] વિરુદ્ધ એવા ધર્મના અસ્તિત્વને અવકાશ નથી રહેતો. (११२)

स्यादेतत् – एतेभ्योऽन्यो भविष्यतीत्याह –

**न चान्योऽव्यभिचारी ॥ ११३ ॥**

છતાં [કદાચ કોઈનું કહેવાનું] આમ થાય : "આ [ત્રણ પ્રકારના હેતુ]થી જુદો એવો કોઈ હેતુ હોઈ શકે." આના અનુસંધાનમાં કહે છે :

**અને અવ્યભિચારી એવો અન્ય ન હોઈ શકે. (११३)**

1. न चान्य एतेभ्योऽव्यभिचारी त्रिभ्यः । अत एवैष्वेव हेतुत्वम् ॥

1. આ ત્રણ હેતુથી જુદો એવો કોઈ હેતુ પણ [સાધ્યનો] અવ્યભિચારી હોઈ શકે નહિ. આથી આ ત્રણ પ્રકારમાં જ હેતુપણું રહે છે. (११३)

क्व तर्ह्याचार्यदिङ्नागेनायं हेतुदोष उक्त इत्याह ––

**तस्मादवस्तुदर्शनबलप्रवृत्तमागमाश्रयमनुमानमाश्रित्य तदर्थविचारेषु विरुद्धाव्यभिचारी साधनदोष उक्तः ॥ ११४ ॥**

"તો પછી આચાર્ય દિઙ્નાગે આ હેતુદોષ કયા સંદર્ભમાં કહ્યો છે ?" [જિજ્ઞાસુના] આવા [પ્રશ્નના] સંદર્ભમાં કહે છે :

**આથી વસ્તુદર્શનથી પ્રવૃત્ત નહિ એવા આગમાશ્રિત અનુમાનના સંદર્ભમાં તત્સંબંધી પદાર્થોના વિચારને પ્રસંગે [થતો] 'વિરુદ્ધાવ્યભિચારી' નામનો હેતુદોષ કહેવાયો છે; (११४)**

1. यस्मात् वस्तुबलप्रवृत्तेऽनुमाने न संभवति तस्माद् आगमाश्रयमनुमानम् आश्रित्य विरुद्धाव्यभिचार्युक्तः । आगमसिद्धं हि यस्यानुमानस्य लिङ्गत्रैरूप्यं तस्यागम आश्रयः ।

1. વસ્તુબલથી પ્રવર્તતા અનુમાનમાં 'વિરુદ્ધાવ્યભિચારી'નો સંભવ ન હોઈ આગમાશ્રિત અનુમાનના સંદર્ભમાં એ હેત્વાભાસ ઉલ્લેખાયો છે. [અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે] જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમાનનું લિંગત્રૈરૂપ્ય આગમની દૃષ્ટિએ જ સિદ્ધ થતું હોય છે, [ વસ્તુના સાક્ષાત્ અનુભવને આધારે નહિ, ] તે અનુમાનનો આશ્રય [ માત્ર ] આગમ ( = શાસ્ત્ર ) કહેવાય.

2. ननु चागमसिद्धमपि त्रैरूप्यं प्रमाणसिद्धमित्याह – अवस्तुदर्शनबलप्रवृत्तमिति । अवस्तुनो दर्शनं विकल्पमात्रं तस्य बलं सामर्थ्यम् । ततः प्रवृत्तम् – अप्रमाणाद् विकल्पमात्राद् व्यवस्थितं त्रैरूप्यमागमसिद्धमनुमानस्य । न तु प्रमाणात् ।

2. [ કોઈ કદાચ કહે : ] "આગમસિદ્ધ એવું પણ લિંગત્રૈરૂપ્ય પ્રમાણસિદ્ધ જ હોય છે ને ?" આથી 'વસ્તુદર્શનથી પ્રવૃત્ત નહિ' એમ કહે છે. તે વસ્તુના દર્શનના બલથી નહિ [ પણ ] કેવળ વિકલ્પના સામર્થ્યથી જ પ્રવર્તતું હોય છે. માત્ર અપ્રમાણરૂપ વિકલ્પ ( = રૂઢ માન્યતા ) વડે જ અને નહિ કે પ્રમાણ વડે સિદ્ધ કરાતું અનુમાનનું ત્રૈરૂપ્ય આગમાશ્રિત હોય છે.

3. तत् तर्ह्यनुमानमागमसिद्धत्रैरूप्यं क्वाधिकृतमित्याह – तदर्थेति । तस्यागमस्य योऽर्थोऽतीन्द्रियः प्रत्यक्षानुमानाभ्यामविषयीकृतः सामान्यादिस्तस्य विचारेषु प्रक्रान्तेषु आगमाश्रयमनुमानं संभवति । तदाश्रयो विरुद्धाव्यभिचार्युक्त आचार्येणेति ॥

3 આગમથી જેનું ત્રૈરૂપ્ય સિદ્ધ થતું હોય તેવા અનુમાનનો આશ્રય કઈ બાબતમાં લેવાય છે તે 'તત્સંબંધી પદાર્થોના વિચારને પ્રસંગે' એ શબ્દોથી સ્પષ્ટ કરાયું છે. તે આગમાશ્રિત પદાર્થો એટલે પ્રત્યક્ષ કે અનુમાનથી અગ્રાહ્ય એવા અતીન્દ્રિય પદાર્થો – જેમ કે [ વૈશેષિકોનો ] સામાન્ય પદાર્થ. આવા પદાર્થોની વિચારણાના સંદર્ભમાં આગમાશ્રિત અનુમાન સંભવે. તેવા અનુમાનને આશ્રયે આચાર્યે 'વિરુદ્ધાવ્યભિચારી' હેત્વાભાસ કહ્યો છે. ( ૧૧૪ )

कस्मात्पुनरागमाश्रयेऽप्यनुमाने संभव इत्याह –

**शास्त्रकाराणामर्थेषु भ्रान्त्या विपरीतस्वभावोपसंहारसंभवात् ॥ ११५ ॥**

"પણ આગમાશ્રિત અનુમાનમાં પણ એ હેત્વાભાસ કઈ રીતે શક્ય બને ?" આવા [ પ્રશ્નના ] સંદર્ભમાં કહે છે :

**કારણ કે શાસ્ત્રકારો પદાર્થો વિષે ભ્રાન્તિને લીધે વિપરીત સ્વભાવનો ઉપસંહાર કરે તેવો સંભવ રહેતો હોય છે. ( ૧૧૫ )**

1. शास्त्रकृतां विपरीतस्य वस्तुविरुद्धस्य स्वभावस्योपसंहारो ढौकनमर्थेषु । तस्य संभवाद्विरुद्धाव्यभिचारिसंभवः । 'भ्रान्त्या' इति विपर्यासेन । विपर्यस्ता हि शास्त्रकाराः सन्तमसन्तं स्वभावमारोपयन्ति इति ॥

1. 'વિપરીત સ્વભાવ' એટલે વસ્તુ[ના ખરેખરા સ્વરૂપથી ] વિરુદ્ધ એવા સ્વભાવ. 'ઉપસંહાર' એટલે [ કલ્પનાથી ] આણવું ( =આરોપવું ). તો શાસ્ત્રકારો પદાર્થો વિષે વસ્તુવિરુદ્ધ સ્વભાવનું આરોપણ કરે તે શક્યતા હોવાથી વિરુદ્ધાવ્યભિચારી હેત્વાભાસ સંભવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ભ્રાન્તિથી' એટલે વિપરીત સમજણને લીધે. [ભ્રાન્તિનો ખાસ ઉલ્લેખ કરવાનું] કારણ એ કે પૂર્વગ્રહયુક્ત શાસ્ત્રકારો કોઈ વસ્તુમાં હોય કે ન હોય તેવા સ્વભાવને પણ આરોપતા હોય છે. (૧૧૫)

यदि शास्त्रकृतोऽपि भ्रान्ताः, अन्येष्वपि पुरुषेषु क आश्वास इत्याह —

**न ह्यस्य संभवो यथावस्थितवस्तुस्थितिष्वात्मकार्यानुपलम्भेषु ॥ ११६ ॥**

[જિજ્ઞાસુનો પ્રશ્ન :] "જો શાસ્ત્રકારો પણ ભ્રાન્ત હોઈ શકે તો બીજા [સામાન્ય] પુરુષોનો તો શો ભરોસો ? [એટલે પ્રત્યક્ષયોગ્ય વિષયોને લગતાં અનુમાનોમાં પણ આ હેત્વાભાસ સંભવે ને તેથી તેના સંદર્ભમાં પણ તે કહેવો જોઈએ.]" આનું સમાધાન કરતાં કહે છે :

**યથાવસ્થિતવસ્તુસ્થિતિવાળા આત્મરૂપ, કાર્યરૂપ કે અનુપલબ્ધિરૂપ [હેતુઓ]ના પ્રયોગમાં આનો સંભવ નથી (૧૧૬)**

1. न हीति । न हेतुषु कल्पनया हेतुत्वव्यवस्था अपि तु वस्तुस्थित्या । ततो यथावस्थितवस्तुस्थितिष्वात्मकार्यानुपलम्भेष्वस्य संभवो नास्ति ।

1. [પ્રત્યક્ષયોગ્ય વિષયોના ક્ષેત્રમાં] માત્ર કલ્પનાથી કોઈ બાબત હેતુ તરીકે નિર્ણીત થતી નથી, પરંતુ [સાક્ષાત્ અનુભવી શકાય તેવી] વસ્તુસ્થિતિને આધારે નિર્ણીત થાય છે. આને કારણે યથાવસ્થિત વસ્તુસ્થિતિ(=વસ્તુપ્રતિપાદન)વાળા આત્મા(=સ્વભાવ)રૂપ, કાર્યરૂપ અને અનુપલબ્ધિરૂપ હેતુઓમાં આનો (=ભ્રમનો) સંભવ નથી.

2. अवस्थितं परमार्थसद्वस्तु, तदनतिक्रान्ता यथावस्थिता वस्तुस्थितिर्व्यवस्था येषां ते यथावस्थितवस्तुस्थितयः । ते हि यथा वस्तु स्थितं तथा स्थिताः, न कल्पनया । अतस्तेषु न भ्रान्तेरवकाशोऽस्ति येन विरुद्धाव्यभिचारिसंभवः स्यात् ॥

2. જે અવસ્થિત એટલે કે પરમાર્થસત્ વસ્તુની મર્યાદા ન ઓળંગે તે 'યથાવસ્થિત' કહેવાય: જેમાં યથાવસ્થિત એટલે કે સત્ વસ્તુને અનુસરનાર એવી વસ્તુસ્થિતિ અર્થાત્ [વસ્તુની] વ્યવસ્થા [કિંવા ઉક્તિ કે પ્રતિપત્તિ] હોય છે તે હેતુઓને યથાવસ્થિત વસ્તુસ્થિતિવાળા કહેવામાં આવે છે; કારણ કે વસ્તુ ખરેખર જેવી હોય તેવા સ્વરૂપમાં તેઓ સ્થિર થયા હોય છે; માત્ર કલ્પના પર આધારિત હોતા નથી. આથી એવા હેતુઓના પ્રયોગમાં ભ્રાન્તિને અવકાશ નથી કે જેથી વિરુદ્ધાવ્યભિચારી હેત્વાભાસ પણ સંભવે. (૧૧૬)

तत्र विरुद्धाव्यभिचारिणि उदाहरणम् —

**तत्रोदाहरणं यत्सर्वदेशावस्थितैः स्वसंबन्धिभिर्युगपदभिसंबध्यते तत्सर्वगतम् । यथाऽऽकाशम् । अभिसंबध्यते च सर्वदेशावस्थितैः स्वसंबन्धिभिर्युगपत्सामान्यमिति ॥ ११७ ॥**

હવે વિરુદ્ધાવ્યભિચારી હેતુનું ઉદાહરણ આપે છે :

**તેનું ઉદાહરણ :**

**જે સર્વદેશાવસ્થિત એવા સંબંધીઓ જોડે એક સાથે સંબંધ ધરાવે તે સર્વગત હોય; જેમ કે આકાશ;**

**'સામાન્ય' પણ સર્વદેશાવસ્થિત એવા સ્વ-સંબંધીઓ જોડે એકસાથે સંબંધ ધરાવતું હોય છે. (૧૧૭)**

1. यत् सर्वस्मिन्देशेऽवस्थितैः स्वसंबन्धिभिर्युगपदभिसंबध्यते इति सर्वदेशावस्थितैरभिसंबध्यमानत्वं सामान्यस्यानूद्य सर्वगतत्वं विधीयते । तेन युगपदभिसंबध्यमानत्वं सर्वगतत्वे नियतं तेन व्याप्तं कथ्यते ।

1. 'જે સર્વદેશાવસ્થિત એવા સ્વસંબંધીઓ જોડે એકસાથે સંબંધ ધરાવે' એ શબ્દો દ્વારા [પક્ષ એવા] સામાન્યના સર્વદેશમાં રહેલા સંબંધીઓ સાથે સંબંધ ધરાવવાપણારૂપ ધર્મનો અનુવાદ કર્યો છે, અને પછી તેના સર્વગતત્વનું વિધાન કર્યું છે. આમ એકસાથે [સર્વદેશાવસ્થિત પદાર્થો જોડે] સંબંધ ધરાવવાપણું તે સર્વગતત્વ સાથે નિયત [ પણે સંબદ્ધ ] અને તેથી એ સર્વગતત્વ વડે વ્યાપ્ત કહેવાયું છે.

2. इह सामान्यं कणादमहर्षिणा निष्क्रियं दृश्यमेकं चोक्तम् । युगपच्च सर्वैः स्वैः संबन्धिभिः समवायेन संबद्धम् ।

2. આ વિષયમાં કણાદમહર્ષિનું કથન ધ્યાનમાં લઈએ તો, તેમના મતે 'સામાન્ય' તે નિષ્ક્રિય, દૃશ્ય અને એક છે. વળી એકસાથે તે પોતાના બધા સંબંધી [એવી વ્યક્તિઓ] સાથે સમવાયથી સંબદ્ધ છે.

3. तत्र पैलुकेन कणादशिष्येण व्यक्तिषु व्यक्तिरहितेषु च देशेषु सामान्यं स्थितं साधयितुं प्रमाणमिदमुपन्यस्तम् । यथाऽऽकाशमिति व्याप्तिप्रदर्शनविषयो दृष्टान्तः । आकाशमपि हि सर्वदेशावस्थितैर्वृक्षादिभिः स्वसंयोगिभिर्युगपदभिसंबध्यमानं सर्वगतं च । अभिसंबध्यते च सर्वदेशावस्थितैः स्वसंबन्धिभिरिति हेतोः पक्षधर्मत्वप्रदर्शनम् ॥

3. આના અનુસંધાનમાં પૈલુક (=પીલુપાકવાદી) એવા કોઈ કણાદશિષ્ય દ્વારા વ્યક્તિરહિત દેશોમાં પણ સામાન્યના અસ્તિત્વને સિદ્ધ કરવા આ [અનુમાનરૂપ] પ્રમાણ રજૂ કરાયું છે. તેમાં આકાશ તે વ્યાપ્તિપ્રદર્શનના વિષયરૂપ દૃષ્ટાન્ત છે. આકાશ પણ સર્વદેશમાં રહેલા અને પોતાની સાથે સંયોગસંબંધ ધરાવતા એવા વૃક્ષાદિ જોડે એકસાથે સંબંધ પણ ધરાવતું હોય છે અને સર્વગત પણ હોય છે. '[સામાન્ય પણ] સર્વદેશાવસ્થિત એવા સ્વ-સંબંધીઓ સાથે સંબંધ ધરાવતું હોય છે' તે વિધાનમાં હેતુ તે પક્ષધર્મ છે તે કહી બતાવાયું છે. (૧૧૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अस्य स्वभावहेतुत्वं योजयितुमाह —

**तत्संबन्धिस्वभावमात्रानुबन्धिनी तद्देशसंनिहितस्वभावता ॥ ११८ ॥**

આને સ્વભાવહેતુ તરીકે ઘટાવતાં કહે છે :

**તત્સંબંધિસ્વભાવમાત્ર સાથે તદ્દેશસંનિહિતસ્વભાવતાનો અનુબંધ હોય છે. (૧૧૮)**

1. तत्संबन्धीति । तेषां सर्वदेशावस्थितानां द्रव्याणां संबन्धी सामान्यस्य स्वभावः । स एव तत्संबन्धिस्वभावमात्रम् । तदनुबध्नातीति तदनुबन्धिनी । कासावित्याह – तद्देशसंनिहितस्वभावता । तेषां संबन्धिनां देशस्तद्देशः । तद्देशे संनिहितः स्वभावो यस्य तत् तद्देशसंनिहितस्वभावम् । तस्य भावस्तत्ता ।

1. તત્સંબંધિસ્વભાવમાત્ર [ એટલે તેમની સાથે સંબંધ ધરાવનારો સ્વભાવમાત્ર; વધુ સ્પષ્ટ કરીએ તો : ] તે એટલે કે સર્વદેશમાં રહેલાં દ્રવ્ય [ ઉપરાંત ગુણ, ક્રિયા આદિ ] ની સાથે સંબંધ ધરાવનારો એવો જે સામાન્યનો માત્ર સ્વભાવ – તે. તેની સાથે શેનો અનુબંધ છે? [તો જવાબ છે : તદ્દેશસંનિહિતસ્વભાવતાનો, અર્થાત્ ] તે દેશમાં સંનિહિત ( = ઉપસ્થિત ) સ્વભાવ હોવાપણાનો. [ આમાં ] ' તે દેશ ' એટલે સંબંધી [ એવાં દ્રવ્ય, ગુણ આદિ ]નો દેશ.

2. यस्य हि येषां संबन्धी स्वभावः तन्नियमेन तेषां देशे संनिहितं भवति । ततस्तत्संबन्धित्वानुबन्धिनी तद्देशसंनिहितता सामान्यस्य ॥

2. કહેવાનો ભાવ એ છે કે જે વસ્તુનો સ્વભાવ જે પદાર્થો સાથે સંબંધ ધરાવતો હોય તે વસ્તુ તેમના અસ્તિત્વના સ્થળે ઉપસ્થિત હોય છે. એટલે સામાન્ય તેમની ( =દ્રવ્યાદિની ) સાથે સંબંધ ધરાવતું હોઈ તેમના પ્રદેશમાં ઉપસ્થિત રહેનારું હોય છે. (૧૧૮)

ननु च गवां संबन्धी स्वामी । न च गोदेशे संनिहितस्वभावः । तत्कथं तत्संबन्धित्वात्तद्देशत्वमित्याह —

**न हि यो यत्र नास्ति स तद्देशमात्मना व्याप्नोतीति स्वभावहेतुप्रयोगः ॥ ११९ ॥**

[ શંકાકાર શંકા ઉઠાવે છે : ] "ગાયોનો સંબંધી તેનો માલિક હોય છે, પણ તે કાંઈ ગાયો હોય તે પ્રદેશમાં જ [ નિત્ય ] ઉપસ્થિત સ્વભાવવાળો હોતો નથી. તો પછી કોઈ વસ્તુ જે તે પદાર્થ સાથે સંબંધ ધરાવે તેટલા માત્રથી તે પદાર્થના દેશમાં હોય જ એવું કેવી રીતે કહી શકાય ? [ માટે તમારો સિદ્ધાંત યોગ્ય નથી. ]" આના અનુસંધાનમાં કહે છે :

**કારણ કે જે જ્યાં ન હોય તે તદ્દેશીય પર પોતે વ્યાપતું નથી. આ રીતે આ સ્વભાવહેતુનો પ્રયોગ છે. (૧૧૯)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. न हीति । यो यत्र देशे नास्ति स देशो यस्य स तद्देशः, तं न व्याप्नोति आत्मना स्वरूपेण ।

1. 'तद्देशीय' એટલે તે પ્રદેશમાં રહેલો [ કોઈ પણ પદાર્થ ]. 'પોતે' એટલે પોતાના સ્વરૂપ વડે. જે વસ્તુ જે દેશમાં ન હોય તે વસ્તુ તે દેશના પદાર્થને સ્વરૂપથી વ્યાપી ન વળે.

2. इह सामान्यस्य तद्वतां च समवायलक्षणः संबन्धः । स चाभिन्नदेशयोरेव । तेन यत्र यत् समवेतं तत् तदात्मीयेन रूपेण क्रोडीकुर्वत् समवायिरूपदेशे स्वात्मानं निवेशयति । तद्देशरूप-निवेशनमेव तत्क्रोडीकरणम् । ततस्तत्समवायः ।

2. આ [ વૈશેષિક ] શાસ્ત્ર મુજબ, સામાન્ય અને તદ્યુક્ત [ એવી વ્યક્તિઓ ] વચ્ચે સમવાયરૂપ સંબંધ હોય છે. અને તે સંબંધ, તે ઉભય અભિન્ન દેશમાં હોય તો જ [ શક્ય ] બને છે. તો જે ભાવ જેમાં સમવેત ( =સમવાય સંબંધથી સંકળાયેલો ) હોય તે ભાવ તેને પોતાના રૂપમાં સમાવે છે (=તેને પોતાના સ્વરૂપથી વ્યાપે છે) અને [ તેથી જ ] સમવાયી સ્વભાવવાળા પદાર્થના પ્રદેશમાં પોતાના સ્વરૂપને સ્થાપે છે. [ અને ] તે પદાર્થને પોતાનામાં સમાવવો ( =ઓતપ્રોત કરવો ) તેનો અર્થ જ એ કે તે પદાર્થના સ્થળમાં, [ તેને સમાવનારે ] પોતાના સ્વરૂપને સ્થાપવું. તે દ્વારા જ તે પદાર્થ સાથે સમવાય સંબંધ સંભવે છે.

3. तस्माद्यत्र समवेतं तत्तद् द्रव्यं व्याप्नुवदात्मना तद्देशे संनिहितं भवति ।

3. એટલે [ આટલું સ્પષ્ટ થયું કે ] જે વસ્તુ જે દ્રવ્ય વિષે સમવેત હોય, તે વસ્તુ તે દ્રવ્યને વ્યાપતાં પોતે તે સ્થળે હાજર રહે છે

4. तदयमर्थः – तद्देशस्थवस्तुव्यापनं तद्देशसत्तया व्याप्तम् । तद्देशसत्ताऽभावे तद्व्यापना-भावाद् व्यापनलक्षणः समवायसंबन्धो न स्यात् । अस्ति च व्यापनम् । अतस्तद्देशे संनिहितत्वमिति । तदयं स्वभावहेतुः ॥

4. આમ અહીં અર્થ આવો થયો : [ કોઈક ભાવ દ્વારા થતી ] જે તે સ્થળમાં રહેલી વસ્તુને વ્યાપવાની ક્રિયા તે સ્થળે [ તે જ ભાવના ] પોતાના અસ્તિત્વથી વ્યાપ્ત હોય છે. તે દેશમાં જો તેના અસ્તિત્વનો અભાવ હોય તો તે [ અન્ય વસ્તુ ]ને વ્યાપવાપણું પણ બની શકતું નથી, અને તેથી તેની સાથે વ્યાપનરૂપ સમવાયસંબંધ પણ ન થઈ શકે. પણ વ્યાપન તો છે. માટે તે દેશમાં [ સામાન્યની ] ઉપસ્થિતિ પણ હોય જ. આમ આ સ્વભાવહેતુ છે. ( ૧૧૯ )

पैठरप्रयोगं दर्शयन्नाह—

**द्वितीयोऽपि प्रयोगो यदुपलब्धिलक्षणप्राप्तं सन्नोपलभ्यते न तत्तत्रास्ति । तद्यथा क्वचिदविद्यमानो घटः । नोपलभ्यते चोपलब्धिलक्षणप्राप्तं सामान्यं व्यक्त्यन्तरालेष्विति । अयमनुपलम्भः स्वभावश्च परस्परविरुद्धार्थसाधनादेकत्र संशयं जनयतः ॥ १२० ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'પઠર' (= પિઠરપાકવાદી) એવા કોઈ [પ્રતિવાદી]નો [વિરુદ્ધધર્મસાધક એવા અનુમાનનો] પ્રયોગ દર્શાવતાં કહે છે :

**બીજો પ્રયોગ પણ [આમ છે] :**

**જે [વસ્તુ] ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત હોવા છતાં [ક્યાંક] ઉપલબ્ધ ન હોય તો ત્યાં તે ન હોવી જોઈએ; જેમ કે — ક્યાંક ન હોનારો ઘડો;**

**ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત એવું સામાન્ય પણ વ્યક્તિઓના અંતરાલોમાં ઉપલબ્ધ થતું નથી.**

**— આ અનુપલબ્ધિ [-રૂપ હેતુ] અને આગલો સ્વભાવ [-હેતુ] એ બંને એક જ ધર્મી વિષે એકબીજાથી વિરુદ્ધ અર્થને સાધતા હોવાથી સંશય જન્માવે છે. (૧૨૦)**

1. द्वितीयोऽपीति । यदुपलब्धेर्लक्षणतां विषयतां प्राप्तं, दृश्यमित्यर्थः । एतेन दृश्यानुपलब्धिमनूद्य 'न तत्तत्रास्ति' इत्यसद्व्यवहार्यत्वं विहितम् । ततो व्याप्यदृश्यानुपलब्धेर्व्यापकमसद्व्यवहार्यत्वं दर्शितम् । तद्यथेति क्वचिदसन्घटो दृष्टान्तः । पक्षधर्मत्वं दर्शयितुमाह – नोपलभ्यते चेति ।

1. 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત' એટલે ઉપલબ્ધિનો વિષય બનવાને લાયક, અર્થાત્ દૃશ્ય. આ શબ્દથી દૃશ્યાનુપલબ્ધિને વિધાનનું ઉદ્દેશ્ય બનાવ્યું છે. 'ત્યાં તે ન હોવું જોઈએ' એ શબ્દોથી અસદ્વ્યવહારયોગ્યતાનું વિધાન કરાયું છે. આમ દૃશ્યાનુપલબ્ધિરૂપ વ્યાપ્યનું વ્યાપક અસદ્વ્યવહારયોગ્યત્વ છે એમ બતાવવામાં આવ્યું છે. ક્યાંક ન હોનારો ઘડો તે દૃષ્ટાંત છે. 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત એવું સામાન્ય પણ...' ઇત્યાદિ શબ્દોથી હેતુનું પક્ષધર્મત્વ બતાવાયું છે.

2. व्यक्त्यन्तरालं व्यक्त्यन्तरं च व्यक्तिशून्यमाकाशं च । दृश्यमपि कस्यांचिद्व्यक्तौ गोसामान्यमश्वादिषु व्यक्त्यन्तरेषु व्यक्तिशून्ये चाकाशे नोपलभ्यते । तस्मान्न तेष्वस्तीति गम्यते ।

2. 'વ્યક્તિઓના અંતરાલ' એટલે અન્ય વ્યક્તિઓ તેમ જ વ્યક્તિશૂન્ય એવું આકાશ; [દા. ત.] ગોસામાન્ય કોઈક વ્યક્તિમાં દૃશ્ય[રૂપે અનુભવાયેલું] હોવા છતાં અશ્વાદિ અન્ય વ્યક્તિઓમાં અને વ્યક્તિરહિત આકાશમાં ઉપલબ્ધ થતું નથી. તેથી તે સર્વમાં તે નથી તે સમજાય છે.

3. अयमनुपलम्भः पूर्वोक्तश्च स्वभावः परस्परस्य विरुद्धौ यावर्थौ तयोः साधनात् तावेकस्मिन् धर्मिणि संशयं जनयतः । न ह्येकोऽर्थः परस्परविरुद्धस्वभावो भवितुमर्हति । एकेन चात्र व्यक्त्यन्तरेषु व्यक्तिशून्ये चाकाशे सत्त्वम्, अपरेण चानुपलम्भेनासत्त्वं साध्यते । न चैकस्यैकदैकत्र सत्त्वमसत्त्वं



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च युक्तं, तयोर्विरोधात् । तदागमसिद्धस्य सामान्यस्य सर्वगतत्वासर्वगतत्वयोः साध्ययोरेतौ विरुद्धाव्यभिचारिणौ जातौ । यतः सामान्यस्यैकस्य युगपत्सर्वदेशावस्थितैरभिसंबन्धित्वं चाभ्युपगतं दृश्यत्वं च । ततः सर्वसंबन्धित्वात्सर्वगतत्वं दृश्यत्वादन्तरालादनुलम्भादसर्वगतत्वम् । ततः शास्त्रकारेणैव विरुद्धव्याप्तत्वमपश्यता विरुद्धव्याप्तौ धर्मावुक्त्वा विरुद्धाव्यभिचार्यवकाशो दत्त इति । न च वस्तुन्यस्य संभवः ।

3. આ અનુપલબ્ધિ[-રૂપ હેતુ] અને પૂર્વોક્ત સ્વભાવ[-રૂપ હેતુ] એક જ ધર્મી વિષે પરસ્પર વિરુદ્ધ એવા અર્થોને સાધતા હોઈ ધર્મી[ના સ્વરૂપ] અંગે સંશય જન્માવે છે; કારણ કે એક પદાર્થ પરસ્પર વિરુદ્ધ એવા સ્વભાવવાળો હોઈ શકતો નથી: આમાંનો એક [સ્વભાવરૂપ] હેતુ અન્ય વ્યક્તિઓ અને વ્યક્તિરહિત આકાશમાં [પણ સામાન્યનું] સત્ત્વ સ્થાપે છે અને અન્ય અનુપલબ્ધિરૂપ [હેતુ સામાન્યનું] અસત્ત્વ સ્થાપે છે. હવે, એક જ પદાર્થનું એક જ સમયે અમુક સ્થળે સત્ત્વ અને અસત્ત્વ બંને હોઈ શકે નહિ; કારણ કે તે બંને બચ્ચે [પરસ્પરપરિહારલક્ષણ] વિરોધ હોય છે. આમ આ બંને હેતુઓ વડે, [અનુભવસિદ્ધ નહિ પણ] શાસ્ત્રસિદ્ધ એવા 'સામાન્ય' [નામના પદાર્થ]નાં સર્વગતત્વ અને અસર્વગતત્વરૂપ સાધ્ય [સ્થપાતાં હોઈ, તે] પરત્વે તે બંને વિરુદ્ધાવ્યભિચારી હેતુઓ બની જાય છે; કારણ કે સામાન્યને એક કલ્પીને તેનું એકસાથે સર્વ દેશમાં અવસ્થિત પદાર્થો જોડે સંબંધ-ધરાવવાપણું પણ [મૂળ શાસ્ત્રકર્તાએ] માન્યું અને વળી દશ્યત્વ પણ. આમ સામાન્યના સર્વસંબંધિત્વ [- રૂપ એક ધર્મને હેતુ બનાવી તે]ને આધારે [એક વાદીએ તેનું] સર્વગતત્વ સિદ્ધ કર્યું અને [બીજાએ મૂળ શાસ્ત્રમાં જ કહેલા] દશ્યત્વને આધારે અંતરાલમાં સામાન્યની અનુપલબ્ધિરૂપ હેતુ વડે સામાન્યનું અસર્વગતત્વ સ્થાપ્યું. આમ [મૂળ] શાસ્ત્રકારે જ, [એક સામાન્યરૂપ ધર્મી] વિરુદ્ધ ધર્મોથી વ્યાપ્ત હોવાનું [માનવું પડશે] તેનો વિચાર કર્યા વગર જ [સામાન્યમાં] વિરુદ્ધથી વ્યાપ્ત તેવા ધર્મો કહ્યા ને તે દ્વારા વિરુદ્ધાવ્યાભિચારીરૂપ હેતુદોષને અવકાશ આપ્યો. પણ એક વસ્તુમાં [વિરુદ્ધ ધર્મ અવ્યભિચારી હોય] એ શક્ય નથી.

4. इत्युक्ता हेत्वाभासाः ॥

4. આમ હેત્વાભાસોની વાત પૂરી થઈ. (૧૨૦)

ननु च साधनावयवत्वाद्यथा हेतव उक्तास्तत्प्रसङ्गेन च हेत्वाभासाः, तथा साधनावयवत्वाद्दृष्टान्ता वक्तव्यास्तत्प्रसङ्गेन च दृष्टान्ताभासाः । तत्कथं नोक्ता इत्याह —

**त्रिरूपो हेतुरुक्तः । तावता चार्थप्रतीतिरिति न पृथग्दृष्टान्तो नाम साधनावयवः कश्चित् । तेन नास्य लक्षणं पृथगुच्यते । गतार्थत्वात् ॥ १२१ ॥**

[જિજ્ઞાસુ :] "અનુમાનના અવયવ તરીકે હેતુઓની ચર્ચા કરી ને તેના અનુસંધાનમાં હેત્વાભાસો પણ નિરૂપ્યા, તો પછી દષ્ટાન્ત પણ અનુમાનનો અવયવ હોય તેની તથા તેના અન્વયે દષ્ટાન્તાભાસની ચર્ચા પણ કરવી જોઈએ; તેમની ચર્ચા કેમ કરાઈ નથી ?" આ અંગે કહે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**હેતુ ત્રિરૂપ [હોવાનું] કહ્યું. અને તેટલાથી જ [સાધ્યરૂપ] અર્થની પ્રતીતિ થાય છે; એટલે દૃષ્ટાન્ત એ કોઈ અનુમાનનો અલગ અવયવ નથી. તેથી આનું લક્ષણ જુદું કહેવામાં આવતું નથી; કારણ કે તે ગતાર્થ છે. (૧૧૧)**

1. त्रिरूपो हेतुरुक्तः, तत्किं दृष्टान्तैः ।

1. હેતુ ત્રિરૂપ [હોવાનું] કહ્યું. તો પછી દૃષ્ટાન્ત[ની ચર્ચા]ની શી જરૂર ?

2. स्यादेतत् – तावता नार्थप्रतीतिरित्याह – तावता चेति । उक्तलक्षणेनैव हेतुना भवति साध्यप्रतीतिः । अतः स एव गमकः । ततस्तद्वचनमेव साधनम् । न दृष्टान्तो नाम साधनस्यावयवः । यतश्चायं नावयवः, तेन नास्य दृष्टान्तस्य लक्षणं हेतुलक्षणात्पृथगुच्यते ।

2. કદાચ કોઈ કહે : "[હેતુ ત્રિરૂપ હોય] તેટલા માત્રથી [સાધ્યરૂપ] પદાર્થની પ્રતીતિ ન થઈ શકે." એના જવાબરૂપે [સૂત્રમાં] કહે છે : "તેટલાથી જ [સાધ્યરૂપ] અર્થની પ્રતીતિ થાય છે." એટલે કે ઉક્ત લક્ષણવાળા હેતુથી [જ] સાધ્યની પ્રતીતિ થઈ જાય છે – આથી તે જ સાધ્યસિદ્ધિ કરી આપે છે. માટે ત્રિરૂપ હેતુનું કથન જ સાધન બની રહે છે. એટલે દૃષ્ટાન્ત એ અનુમાનનું [જુદું] અંગ નથી. અને તેથી જ હેતુના લક્ષણથી પૃથગ્ એવું દૃષ્ટાન્તનું લક્ષણ કહેવામાં આવતું નથી.

3. कथं तर्हि हेतोर्व्याप्तिनिश्चयो यद्यदृष्टान्तको हेतुरिति चेत् । नोच्यते हेतुरदृष्टान्तकः एव । अपि तु न हेतोः पृथग् दृष्टान्तो नाम । हेत्वन्तर्भूत एव दृष्टान्तः । अतः एवोक्तं नास्य लक्षणं पृथगुच्यत इति । न त्वेवमुक्तं – नास्य लक्षणमुच्यत इति ।

3. [પ્રશ્ન થાય :] "જો દૃષ્ટાન્ત વગરનો હેતુ હોય તો પછી હેતુની વ્યાપ્તિનો નિશ્ચય કઈ રીતે થાય ?" [આના જવાબમાં કહેવાનું કે] હેતુ દૃષ્ટાંત વગર જ [કહેવાય] એવું અમારું કહેવાનું નથી; અમારે તો દૃષ્ટાન્ત એ હેતુથી પૃથક્ [એવું અનુમાનઘટક] નથી એટલું જ કહેવાનું છે. એટલે કે દૃષ્ટાન્ત હેતુનો જ અંતર્ગત ભાગ છે. આથી જ 'આનું લક્ષણ અલગ કહેવામાં આવતું નથી' એમ કહ્યું છે; 'આનું લક્ષણ કહેવામાં [જ] આવતું નથી' એમ કહ્યું નથી.

4. यद्येवं हेतूपयोगिनोऽपि लक्षणं वक्तव्यमेवेत्याह – गतार्थत्वात् । गतः अर्थः प्रयोजनमभिधेयं वा यस्य दृष्टान्तलक्षणस्य । तत्तथा । तस्य भावः तत्त्वं, तस्मात् ।

4. [તો કોઈ કહે :] "જો આટલું તમે સ્વીકારતા હો તો પછી હેતુને જે ઉપયોગી છે તે [દૃષ્ટાન્ત]નું લક્ષણ પણ અવશ્ય રૂપે કહેવું જોઈએ." આના અનુસંધાનમાં સૂત્રમાં કહ્યું છે : 'તે (=દૃષ્ટાન્તલક્ષણ) ગતાર્થ છે.' આમાં 'અર્થ' શબ્દનો અર્થ 'પ્રયોજન' એવો લઈ શકાય, અથવા તો 'વાચ્યાર્થ' એવો પણ લઈ શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

5. दृष्टान्तलक्षणं ह्युच्यते दृष्टान्तप्रतीतिर्यथा स्यात् । दृष्टान्तश्च हेतुलक्षणादेवावसितः । ततो दृष्टान्तलक्षणस्य यत् प्रयोजनं दृष्टान्तप्रतीतिस्तद् गतं निष्पन्नम् ।

5. [ આમાંથી પ્રથમ અર્થ મુજબ કહેવાનો ભાવ આમ સમજી શકાય : ] દૃષ્ટાન્તનું લક્ષણ કહેવાનું પ્રયોજન દૃષ્ટાન્ત[ના સ્વરૂપ ]ની પ્રતીતિ થાય તે હોઈ શકે. હવે દૃષ્ટાન્તનો સ્વરૂપબોધ તો હેતુલક્ષણમાંથી જ થઈ જાય છે. એટલે દૃષ્ટાન્ત [ ના સ્વરૂપ ] ની પ્રતીતિરૂપ પ્રયોજન 'ગત' અર્થાત્ સિદ્ધ થઈ જ ગયું છે; [ એથી તેના **અલગ** લક્ષણની આવશ્યકતા રહેતી નથી. ]

6. अभिधेयं वा गतं ज्ञातं दृष्टान्ताख्यम् ॥

6. અથવા તો [ જો 'તેનો વાચ્યાર્થ ગત છે' એવો બીજો અર્થ લઈએ તો : ] 'દૃષ્ટાન્ત શબ્દનો વાચ્યાર્થ [ અને તેથી તેનો સ્વરૂપબોધ પણ, તે વ્યવહારપ્રસિદ્ધ હોઈને ] 'ગત' એટલે કે જ્ઞાત થઈ જ ગયો છે; [ એથી લક્ષણ કહેવામાં પિષ્ટપેષણ જ થાય. ] ( ૧૨૧ )

कथं गतार्थत्वमित्याह —

**हेतोः सपक्ष एव सत्त्वमसपक्षाच्च सर्वतो व्यावृत्ती रूपमुक्तमभेदेन । पुनर्विशेषेण कार्यस्वभावयोरुक्तलक्षणयोर्जन्मतन्मात्रानुबन्धौ दर्शनीयावुक्तौ । तच्च दर्शयता यत्र धूमस्तत्राग्निः, असत्यग्नौ न क्वचिद्धूमो यथा महानसेतरयोः, यत्र कृतकत्वं तत्रानित्यत्वम्, अनित्यत्वाभावे कृतकत्वासंभवो यथा घटाकाशयोरिति दर्शनीयम् । न ह्यन्यथा सपक्षविपक्षयोः सदसत्त्वे यथोक्तप्रकारे शक्ये दर्शयितुम् । तत्कार्यतानियमः कार्यलिङ्गस्य, स्वभावलिङ्गस्य च स्वभावेन व्याप्तिः । अस्मिंश्चार्थे दर्शिते दर्शित एव दृष्टान्तो भवति । एतावन्मात्ररूपत्वात्तस्य ॥ १२२ ॥**

[ દૃષ્ટાન્ત ] ગતાર્થ કઈ રીતે છે તે સ્પષ્ટ કરે છે :

**હેતુનું સ્વરૂપ અભેદથી 'સપક્ષમાં જ સત્ત્વ અને સર્વ અસપક્ષમાંથી વ્યાવૃત્તિ' એમ કહ્યું. પછી [ હેતુનું આ સામાન્ય રૂપે કહેલું લક્ષણ જેમને લાગુ પડે છે તેવાં ] કાર્ય અને સ્વભાવ પૈકી કાર્યના [ સાધ્યમાંથી જ થતા ] જન્મની હકીકત, અને સ્વભાવના પોતાના હોવા માત્રથી [ સાધ્યના ] અનુબંધની હકીકત, [ તે કાર્ય અને સ્વભાવ તે હેતુરૂપ છે તેની ખાતરી કરાવવા ] ચીંધી બતાવવા જેવી હોવાનું પણ વિશેષરૂપે કહેવાયું. તે ચીંધવા માટે : (૧) 'જ્યાં ધૂમ ત્યાં અગ્નિ – જેમ કે રસોડામાં; અને કોઈ સ્થળે અગ્નિ ન હોય તો ધુમાડો પણ ન જ હોય – જેમ કે [ રસોડાની વિરુદ્ધ પ્રકારના જળાશયાદિ ] અન્ય સ્થળે' તેમ, તથા ( ૨ ) 'જ્યાં કૃતકપણું ત્યાં અનિત્યત્વ – જેમ કે ઘડામાં, અને જ્યાં અનિત્યત્વનો અભાવ હોય ત્યાં કૃતકત્વનો પણ અસંભવ હોય – જેમ કે આકાશમાં' – આમ [ દૃષ્ટાન્તરૂપ નિયત પ્રમાણ દ્વારા ] દર્શાવવું પડે; એ સિવાય હેતુનું સપક્ષમાં સત્ત્વ અને વિપક્ષમાં અસત્ત્વ – તે બંને યથોક્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રકારનાં હોવાનું ન બતાવી શકાય. કાર્યરૂપ લિંગનો તેના (=કારણના) [જ] કાર્ય હોવાનો નિયમ હોય છે અને સ્વભાવલિંગની [સાધ્યરૂપ] સ્વભાવ વડે વ્યાપ્તિ હોય છે. આ વસ્તુ બતાવતાં દૃષ્ટાંત પણ દર્શાવાઈ જ જાય છે; કારણ કે આટલામાં જ તેનું સ્વરૂપ આવી જાય છે. (૧૨૨)**

1. हेतो रूपमुक्तमभेदेन सामान्येन । साधारणं कार्यस्वभावानुपलम्भानामेतल्लक्षणमित्यर्थः । किं पुनस्तत् । सपक्ष एव यत् सत्त्वं, विपक्षाच्च सर्वस्मात् व्यावृत्तिर्या । रूपद्वयमेतदभेदेनोक्तम् ।

1. હેતુનું સ્વરૂપ અભેદથી અર્થાત્ સામાન્યરૂપે કહ્યું. કાર્ય, સ્વભાવ અને અનુપલબ્ધિ [એ હેતુપ્રકારો]ને તે સમાન રીતે લાગુ પડે છે એવું તાત્પર્ય છે. એ સ્વરૂપ કયું ? સપક્ષમાં જ જે સત્ત્વ અને સર્વ વિપક્ષમાંથી જે વ્યાવૃત્તિ તે. [હેતુના સ્વરૂપનાં] આ બે પાસાં સામાન્યરૂપે કહ્યાં.

2. न च सामान्यमुक्तमपि शक्यं ज्ञातुम् । अतस्तदेव विशेषनिष्ठं वक्तव्यम् । अतः पुनरपि विशेषेण विशेषवन्तौ जन्मतन्मात्रानुबन्धौ दर्शनीयावुक्तौ ।

2. પણ કોઈ વાત સામાન્યરૂપે જ કહેવાથી સમજાઈ જતી નથી. આથી તે જ [સામાન્ય લક્ષણ] વિશેષ પ્રકારોમાં રહેલું બતાવવાનું જરૂરી બને છે. આથી [કોઈ પણ ધર્મને હેતુ તરીકે સ્થાપવા માટે] વિશેષરૂપે એટલે કે [હેતુના સંભવિત] વિશેષ [આકારો] રૂપે, કાં તો તેનો [કારણમાંથી] જન્મ બતાવવો જોઈએ; અથવા તે હેતુના હોવા માત્ર સાથે [સાધ્યનો] અનુબંધ બતાવવો જોઈએ – આ વાત પણ [અગાઉ] કહેવાઈ.

3. कार्यस्य जन्म ज्ञातव्यमुक्तम् । जन्मनि हि ज्ञाते कार्यस्य सपक्ष एव सत्त्वं विपक्षाच्च सर्वस्माद्व्यावृत्तिर्ज्ञाता भवति । स्वभावस्य तन्मात्रानुबन्धो दर्शनीय उक्तः । 'तत्' इति साधनम् । तदेव तन्मात्रं साधनमात्रम् । तस्यानुबन्धोऽनुगमनं साधनमात्रस्य भावे भावः साध्यस्य । तन्मात्रभावित्वमेव हि साध्यस्य तादात्म्यम् । साधनस्य यदा स्वभावो ज्ञातो भवति, तदा स्वभावहेतोः सपक्ष एव सत्त्वं विपक्षाच्च सर्वस्माद्व्यावृत्तिर्ज्ञाता भवति ।

3. કોઈ પણ કાર્યરૂપ ભાવનો [તેના નિશ્ચિત કારણમાંથી જ] જન્મ થાય છે એ હકીકત જાણવા જેવી ગણાવાઈ; કારણ કે તે જાણવાથી [જ], એ કાર્ય [રૂપ પદાર્થ]નાં સપક્ષ (= કારણના ભાવવાળા સ્થળ)માં જ સત્ત્વ અને સર્વ વિપક્ષ (= કારણના અભાવવાળાં સ્થળ)માંથી વ્યાવૃત્તિ (= અનુપસ્થિતિ) જ્ઞાત થાય છે. તે જ રીતે કોઈ પણ સ્વભાવ [ભૂત ધર્મ] અંગે, [સાધ્યનો] તન્માત્રાનુબંધ ચીંધવા જેવો મનાયો છે, [જેથી તે સ્વભાવના હેતુત્વની પ્રતીતિ થાય. 'તન્માત્રાનુબંધ' શબ્દનો અર્થ સમજીએ :] તદ્ એટલે સાધન (= હેતુ). તન્માત્ર એટલે માત્ર સાધન; તેનો અનુબંધ એટલે [સાધ્ય] તેને અનુસરે તે (= નિયત સહચાર). એટલે એકંદરે એ શબ્દનો અર્થ થયો : સાધનના અસ્તિત્વમાત્રથી સાધ્યનું અસ્તિત્વ. આ રીતે સાધ્યમાં જે તન્માત્રભાવિત્વ (=સાધનમાત્રના અસ્તિત્વને કારણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાનું હોવું તે) હોય છે, તે જ સાધ્યનું [ હેતુ સાથેનું ] તાદાત્મ્ય કહેવાય. જ્યારે સાધનનો [ સાધ્યરૂપ ] સ્વભાવ જ્ઞાત થાય છે ત્યારે જ [ તે સાધન કિંવા ] સ્વભાવહેતુનાં સપક્ષમાં જ સત્ત્વ અને સર્વ વિપક્ષમાંથી વ્યાવૃત્તિની પ્રતીતિ થાય છે.

4. तदेवं सामान्यलक्षणं विशेषात्मकं ज्ञातव्यम् नान्यथा । ततो विशेषलक्षणमुक्तम् ।

4. આ રીતે સામાન્યલક્ષણને વિશેષો રૂપે (= વિશેષો વિષે) જાણવું જોઈએ; એ સિવાય [ સામાન્યલક્ષણ જાણી શકાય ] નહિ. એટલે [ હેતુના યથાર્થ આકલન માટે હેતુના શક્ય એવા ] વિશેષોનું લક્ષણ પણ કહ્યું.

5. किमतो यदि नामैवमित्याह – तच्च सामान्यलक्षणं दर्शयितुकामेन विशेषलक्षणं दर्शयतैवं दर्शनीयमिति संबन्धः ।

5. " આમ [ હેતુનું સામાન્યલક્ષણ સ્વરૂપ સમજવા વિશેષલક્ષણ જ્ઞાનની આવશ્યકતા ] હોય તે વાતનો [ દૃષ્ટાન્તના અલગ લક્ષણની ચર્ચા સાથે ] શો સંબંધ ? " આ પ્રશ્નના ઉત્તર રૂપે [ સૂત્રમાં ] ' તે ચીંધવા માટે ' અર્થાત્ સામાન્યલક્ષણ સમજાવવા વિશેષલક્ષણ ચીંધવા માટે 'આમ દર્શાવવું પડે' [ એ મુખ્ય વાક્યવાળું લાંબું વાક્ય ] કહ્યું છે.

6. यत्र धूमस्तत्राग्निरिति कार्यहेतोर्व्याप्तिर्दर्शिता । व्याप्तिश्च कार्यकारणभावसाधनात्प्रमाणात् निश्चीयते । ततो यथा महानस इति दर्शनीयम् ।

6. ' જ્યાં ધુમાડો ત્યાં અગ્નિ ' એ વાક્યમાં કાર્યહેતુની [ અન્વય–] વ્યાપ્તિ બતાવી છે. હવે [ આ સામાન્ય ] વ્યાપ્તિ કાર્યકારણભાવ સિદ્ધ કરતા [ વિશેષ દૃષ્ટાંતરૂપ ] પ્રમાણથી જ નિશ્ચિત થાય. એટલે [ ઉક્ત વ્યાપ્તિકથન સાથે અનિવાર્ય રૂપે ] ' જેમ કે રસોડામાં ' એવું [ વ્યાપ્તિસાધક પ્રમાણ ] બતાવવું જ પડે.

7. असत्यग्नौ न भवत्येव धूम इति व्यतिरेको दर्शितः । स च यथेतरस्मिन्निति दर्शनीयः । वह्निनिवृत्तिर्हि धूमनिवृत्तौ नियता दर्शनीया । सा च महानसादितरत्र दर्शनीया ।

7. ' અગ્નિ ન હોય તો ધુમાડો ન જ હોય ' એ વાક્યમાં વ્યતિરેક [–વ્યાપ્તિ ] કહેવાઈ છે. એની પ્રતીતિ પણ 'જેમ કે [ રસોડાથી ] અન્ય એવા [ જળાશયાદિ ] સ્થળમાં ' [ એવા પ્રમાણથી ] કરાવવી પડે; કારણ કે અગ્નિની અનુપસ્થિતિનો ધુમાડાની અનુપસ્થિતિ સાથેનો નિયત સંબંધ બતાવવો જરૂરી હોય છે. એ સંબંધ રસોડા સિવાયના અન્ય સ્થળ વિષે બતાવવો પડે. [ નહિ તો વ્યતિરેકનો નિયમ અપ્રતીત જ રહે. ]

8. यत्र कृतकत्वं तत्रानित्यत्वमिति स्वभावहेतोर्व्याप्तिर्दर्शिता । अनित्यत्वाभावे न भवत्येव कृतकत्वमिति व्यतिरेको दर्शितः । व्याप्तेश्च साधकं प्रमाणं साधर्म्यदृष्टान्ते दर्शनीयम् । प्रसिद्धव्याप्तिकस्य च हेतोः साध्यनिवृत्तौ निवृत्तिर्नियता दर्शनीया । तदवश्यं यथा घटे, यथाकाशे चेति दर्शनीयम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

8. 'જ્યાં કૃતકત્વ ત્યાં અનિત્યત્વ' એમાં સ્વભાવ-હેતુની [ અન્વય- ]વ્યાપ્તિ બતાવાઈ છે. 'અનિત્યત્વનો અભાવ હોય તો કૃતકત્વ ન જ હોય' એમાં વ્યતિરેક [ -વ્યાપ્તિ ] બતાવી છે. વળી [ અન્વય- ] વ્યાપ્તિનું સાધક પ્રમાણ સાધર્મ્યદૃષ્ટાન્તરૂપે બતાવવું જોઈએ; અને જેની [ સાધ્ય સાથે ] વ્યાપ્તિ પ્રસિદ્ધ છે તેવા હેતુનો સાધ્યાભાવ સાથે નિયત એવો અભાવ પણ [ વૈધર્મ્યદૃષ્ટાન્તથી ] બતાવવો જોઈએ. એટલે [ અન્વયવ્યાપ્તિ અને વ્યતિરેકવ્યાપ્તિ માટે અનુક્રમે ] ઘડો અને આકાશ એ દૃષ્ટાંત પણ આપવાં જ પડે.

9. कस्मादेवमित्याह – न हीति । यस्मादन्यथा सामान्यलक्षणरूपे सपक्षविपक्षयोः सदसत्त्वे यथोक्तप्रकारे इति नियते – सपक्ष एव सत्त्वं विपक्षेऽसत्त्वमेवेति नियमो यथोक्तप्रकारः – ते न शक्ये दर्शयितुम् । विशेषलक्षणे हि दर्शिते यथोक्तप्रकारे सदसत्त्वे दर्शिते भवतः । न च विशेषलक्षणमन्यथा शक्यं दर्शयितुम् ।

9. આનું કારણ [ સૂત્રમાં ] આગળ સ્પષ્ટ કરે છે. એ સિવાય ( = દૃષ્ટાંત આપ્યા સિવાય ) હેતુનું સપક્ષમાં [ જ ] સત્ત્વ અને [ સર્વ ] વિપક્ષમાંથી વ્યાવૃત્તિ, એવાં જે લક્ષણ સામાન્ય રૂપે કહ્યાં છે તે બંને યથોક્ત પ્રકારે એટલે કે નિયત રૂપનાં – સપક્ષમાં જ સત્ત્વ, વિપક્ષમાં અસત્ત્વ જ એવા નિયમવાળાં – બતાવવાં શક્ય નથી; કારણ કે વિશેષ પ્રકારોનાં ચીંધવાથી જ ઉપર કહ્યાં તેવાં [ **નિયમબદ્ધ** ] સત્ત્વ અને અસત્ત્વની પ્રતીતિ કરાવી શકાય. [ જો આટલું સ્પષ્ટ થયું હોય તો સાથે સાથે એ પણ ઉમેરવું જોઈએ કે : ] એ વિશેષ પ્રકારોનું લક્ષણ પણ પાછું અન્ય રીતે ( =દૃષ્ટાન્તો સિવાય ) પ્રતીતિકારક ન બનાવી શકાય. [ આમ હેતુના સ્વરૂપની યથાર્થ સમજણના અંગરૂપે જ દૃષ્ટાંતનો સ્વરૂપબોધ થઈ જાય છે. ]

10. तस्य साध्यस्य कार्यं तत्कार्यं धूमः । तस्य भावस्तत्कार्यता । सैव नियमो, यतः तत्कार्यतया धूमो दहने नियतः । सोऽयं तत्कार्यतानियमो विशेषलक्षणरूपोऽन्यथा दर्शयितुमशक्यः । स्वभावलिङ्गस्य च स्वभावेन साध्येन व्याप्तिर्विशेषलक्षणरूपा न शक्या दर्शयितुम् । यस्मात् कार्यकारणभावस्तादात्म्यं च महानसे घटे च ज्ञातव्यं, तस्माद् व्याप्तिसाधनं प्रमाणं दर्शयता साधर्म्यदृष्टान्तो दर्शनीयः ।

10. [ કાર્યરૂપ લિંગનો, ] તેના જ એટલે કે [ કારણરૂપ ] સાધ્યના જ કાર્ય હોવાનો નિયમ હોય છે; કારણ કે [ લિંગભૂત ] ધુમાડો અગ્નિનું [ જ ] કાર્ય હોવાથી અગ્નિ સાથે નિયત સંબંધવાળો છે. હવે આ 'તેના જ કાર્ય હોવાનો નિયમ' કે જે હેતુના એક વિશેષ પ્રકારરૂપ છે, તે અન્ય રીતે ( = દૃષ્ટાન્ત સિવાય ) સમજાવી શકાતો નથી. તે જ રીતે સ્વભાવ-હેતુની સ્વભાવરૂપ સાધ્ય સાથેની વિશિષ્ટ વ્યાપ્તિ પણ [ દૃષ્ટાન્ત સિવાય ] બીજા કોઈ ઉપાયે નિરૂપી શકાતી નથી. [ એટલે એકંદરે જોઈએ તો ] કાર્યકારણભાવ અને તાદાત્મ્ય-સંબંધ રસોડા અને ઘટ [ જેવાં ] દૃષ્ટાંતો વડે જ પ્રતીત થઈ શકતો હોવાથી કોઈ પણ [ અન્વય- ] વ્યાપ્તિના સાધનરૂપ પ્રમાણ તરીકે સાધર્મ્યદૃષ્ટાંત બતાવવું જ પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

11. वैधर्म्यदृष्टान्तस्तु प्रसिद्धे तत्कार्यत्वे कारणाभावे कार्याभावप्रतिपत्त्यर्थम् । तत एव नावश्यं वस्तु भवति । कारणाभावे कार्याभावो वस्तुन्यवस्तुनि वा भवति । ततो वस्त्ववस्तु वा वैधर्म्यदृष्टान्त इष्यते ।

11. [ તે રીતે વૈધર્મ્યદૃષ્ટાન્ત પણ આપવાનું જરૂરી બને; જેમ કે – જો કોઈ હેતુ એ ] સાધ્યના [ જ ] કાર્યરૂપે પ્રસિદ્ધ હોય તો [ તે જ વાતની પુષ્ટિ વ્યતિરેકવ્યાપ્તિથી થાય તે માટે ] કારણાભાવથી કાર્યાભાવનું પ્રતિપાદન કરવા વૈધર્મ્યદૃષ્ટાન્ત કહેવું પડે. હવે આમ [ અહીં બે **અભાવોનું** સાહચર્ય પ્રતિપાદિત કરવાનું ] હોવાથી જ [ વૈધર્મ્યદૃષ્ટાન્ત ] અવશ્ય વસ્તુરૂપ જ હોય એવું હોતું નથી; કારણાભાવ હોય ત્યાં કાર્યાભાવ વસ્તુ કે અવસ્તુમાં [ પ્રતીત ] થઈ શકે. એટલે વૈધર્મ્યદૃષ્ટાંત વસ્તુરૂપ કે અવસ્તુરૂપ ( = કાલ્પનિક વસ્તુરૂપ ) હોઈ શકે.

12. तस्माद् दृष्टान्तमन्तरेण हेतोरन्वयो व्यतिरेको वा न शक्यो दर्शयितुम् । अतो हेतुरूपाख्यानादेव हेतोर्व्याप्तिसाधनस्य प्रमाणस्य दर्शकः साधर्म्यदृष्टान्तः, प्रसिद्धव्याप्तिकस्य साध्याभावे हेत्वभावप्रदर्शनाद् वैधर्म्यदृष्टान्त उपादेय इति च दर्शितं भवति ।

12. આમ દૃષ્ટાંત વિના હેતુનો [ સાધ્ય સાથે ] અન્વય કે [ સાધ્યાભાવને પ્રસંગે] વ્યતિરેક, ( = અભાવ ) બતાવવાનું શક્ય નથી. આથી હેતુનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં જ હેતુની સાધ્ય વડે] વ્યાપ્તિને સાધનારું પ્રમાણ બતાવતું સાધર્મ્યદૃષ્ટાન્ત અને જેની સાધ્ય સાથે વ્યાપ્તિ સિદ્ધ હોય તેવા હેતુનો સાધ્યાભાવના પ્રસંગમાં અભાવ દર્શાવતાં તેના પ્રમાણ રૂપ ] વૈધર્મ્યદૃષ્ટાંત – [ એ બંને ] બતાવવાં પડે એમ કહેવાઈ જાય છે.

13. अस्मिंश्चार्थे दर्शिते दर्शित एव दृष्टान्तो भवति । योऽयमर्थो व्याप्तिसाधनप्रमाणप्रदर्शनः कश्चिदुपादेयो निवृत्तिप्रदर्शनश्चेत्यस्मिन्नर्थे दर्शिते दर्शितो दृष्टान्त इत्याह – एतावन्मात्रं रूपं यस्य तस्य भावस्तत्त्वं, तस्मादिति । एतावदेव हि रूपं दृष्टान्तस्य, यदुत व्याप्तिसाधनप्रमाणप्रदर्शकत्वं नाम साधर्म्यदृष्टान्तस्य, प्रसिद्धव्याप्तिकस्य च साध्यनिवृत्तौ साधननिवृत्तिप्रदर्शकत्वमित्येतद्वैधर्म्यदृष्टान्तस्य । एतच्च हेतुरूपाख्यानादेवाख्यातमिति किं दृष्टान्तलक्षणेन ॥

13. 'આ વસ્તુ બતાવતાં દૃષ્ટાંત પણ દર્શાવાઈ જ જાય છે' એનો અર્થ એ કે વ્યાપ્તિને સાધનાર પ્રમાણ બતાવનાર કોઈ [ દૃષ્ટાંત ] અને [ સાધ્યના અભાવે સાધનનો ] અભાવ બતાવનાર એવું કોઈ દૃષ્ટાંત ઉપાદેય ( = રજૂ કરવા લાયક ) વસ્તુ હોય છે તે રજૂ કરતાં જ દૃષ્ટાંત[નું લક્ષણ ] દર્શાવાઈ જાય છે, એ [ સ્પષ્ટ કરતાં ] કહે છે : ' એટલામાં જ તેનું સ્વરૂપ આવી જાય છે.' [ આને સમજીએ તો : ] દૃષ્ટાંતનું આ જ સ્વરૂપ છે એટલે કે, [ વિગતે કહીએ તો, ] સાધર્મ્યદૃષ્ટાંતનું સ્વરૂપ વ્યાપ્તિના સાધક પ્રમાણને બતાવવું તે અને વૈધર્મ્યદૃષ્ટાન્તનું સ્વરૂપ પ્રસિદ્ધ વ્યાપ્તિવાળા હેતુનો સાધ્યાભાવના પ્રસંગે અભાવ [ બતાવનાર પ્રમાણ ] બતાવવું તે હોય છે. હવે [ બંને દૃષ્ટાંતનું ] આ સ્વરૂપ તો હેતુના સ્વરૂપના નિરૂપણ દરમિયાન જ [ આડતકરી રીતે ] સ્પષ્ટ થઈ જાય છે. એથી [ અલગ રૂપે ] દૃષ્ટાન્તલક્ષણની શી જરૂર છે ? ( ૧૨૩ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एतेनैव दृष्टान्तदोषा अपि निरस्ता भवन्ति ॥ १२३ ॥**

**આનાથી જ દૃષ્ટાન્તના દોષોનું પણ નિરસન થઈ જાય છે. (૧૨૩)**

1. एतेनैव च हेतुरूपाख्यानाद् दृष्टान्तत्वप्रदर्शनेन दृष्टान्तदोषा दृष्टान्ताभासाः कथिता भवन्ति । तथाहि – पूर्वोक्तसिद्धये य उपादीयमानोऽपि दृष्टान्तो न समर्थः स्वकार्यं साधयितुं स दृष्टान्तदोष इति सामर्थ्यादुक्तं भवति ॥

1. 'આનાથી જ' એટલે હેતુના સ્વરૂપના કથન વડે જ દૃષ્ટાંતનું સ્વરૂપ સ્પષ્ટ કરવાથી. તેનાથી દૃષ્ટાંતદોષો એટલે કે દૃષ્ટાંતાભાસો કહેવાઈ જાય છે; તે આ રીતે : આગળ કહેલી બાબત સિદ્ધ કરવા (= તદુત્પત્તિ કે તાદાત્મ્યનું પ્રમાણ દર્શાવવા) માટે રજૂ કરવામાં આવેલું જે દૃષ્ટાંત પોતાનું કાર્ય સાધવામાં સમર્થ ન હોય તે, [ સાચું દૃષ્ટાંત નહિ, પણ ] દૃષ્ટાંતદોષ ગણાય – એમ આપોઆપ ફલિત થાય છે. (૧૨૩)

दृष्टान्ताभासानुदाहरति —

**यथा नित्यः शब्दोऽमूर्तत्वात् । कर्मवत्परमाणुवद्घटवदिति एते दृष्टान्ताभासाः साध्यसाधनधर्मोभयविकलाः ॥ १२४ ॥**

દૃષ્ટાંતાભાસોનાં ઉદાહરણો [ હવે પછીનાં કેટલાંક સૂત્રોમાં ] આપે છે :

જેમ કે :

**શબ્દ નિત્ય છે; કારણ કે તે અમૂર્ત છે; કર્મ, પરમાણુ કે ઘડાની જેમ – આ [ અનુક્રમે ] સાધ્યરહિત, સાધનરહિત અને ઉભયરહિત એવા દૃષ્ટાંતાભાસો છે. (૧૨૪)**

1. यथा नित्यः शब्द इति शब्दस्य नित्यत्वे साध्येऽमूर्तत्वादिति हेतुः । साधर्म्येण कर्मवत्परमाणुवद्घटवदित्येते दृष्टान्ता उपन्यस्ताः । एते च दृष्टान्तदोषाः । साध्यं च साधनं चोभयं चेति । तैर्विकलाः । साध्यविकलं कर्म, तस्यानित्यत्वात् । साधनविकलः परमाणुः, मूर्तत्वात्परमाणूनाम् । असर्वगतं द्रव्यपरिमाणं मूर्तिः । असर्वगताश्च द्रव्यरूपाश्च परमाणवः । नित्यास्तु वैशेषिकैरिष्यन्ते । ततो न साध्यविकलः । घटस्तूभयविकलः, अनित्यत्वान्मूर्तत्वाच्च घटस्येति ॥

1. અહીં શબ્દનું નિત્યત્વ તે સાધ્ય છે અને અમૂર્તત્વ તે હેતુ છે. કર્મ, પરમાણુ અને ઘડો – એ [ અહીં આપેલાં ] દૃષ્ટાન્તો સાધર્મ્યવાળાં છે. આ આભાસી દૃષ્ટાન્તો છે; સાધ્ય, સાધન કે ઉભયથી વિકલ છે. આમાં કર્મ એ સાધ્યરહિત છે; કારણ કે તે અનિત્ય હોય છે. પરમાણુ સાધનરહિત છે; કારણ કે તે મૂર્ત હોય છે. [ તેના મૂર્તત્વનો ખુલાસો એ કે ] સર્વ-વ્યાપી ન હોય એવું દ્રવ્યનું પરિમાણ તે મૂર્તિ (= મૂર્તત્વ) કહેવાય ; અને પરમાણુઓ પણ અસર્વગત અને વળી દ્રવ્યરૂપ હોય છે. વૈશેષિક મતે તે નિત્ય મનાયા છે, એથી [ એમની દૃષ્ટિએ ] સાધ્યરહિત નથી. જ્યારે ઘડો અનિત્ય અને અમૂર્ત હોઈ [ સાધન અને સાધ્ય એ ] ઉભયથી રહિત છે. (૧૨૪)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा संदिग्धसाध्यधर्मादयश्च । यथा – रागादिमानयं वचनाद्रथ्यापुरुषवत् । मरणधर्माऽयं पुरुषो रागादिमत्त्वाद्रथ्यापुरुषवत् । असर्वज्ञोऽयं रागादिमत्त्वाद्रथ्यापुरुषवदिति ॥ १२५ ॥

તે રીતે સંદિગ્ધ એવા સાધ્યાદિધર્મોવાળાં [ દૃષ્ટાંતો પણ ]; જેમ કે –

( ૧ ) આ પુરુષ રાગાદિવાળો છે; કારણ કે તે વચનયુક્ત છે; જેમ કે રસ્તા ઉપરનો કોઈ [ અમુક ] પુરુષ ·

( ૨ ) આ પુરુષ મરણશીલ છે; કારણ કે તે રાગાદિવાળો છે; જેમ કે રસ્તા ઉપરનો કોઈ [ અમુક ] પુરુષ.

( ૩ ) આ પુરુષ અસર્વજ્ઞ છે; કારણ કે તે રાગાદિવાળો છે; જેમ કે રસ્તા ઉપરનો કોઈ [ અમુક ] પુરુષ. ( ૧૨૫ )

1. तथा संदिग्धः साध्यधर्मो यस्मिन् स संदिग्धसाध्यधर्मः । स आदिर्येषां ते तथोक्ताः । संदिग्धसाध्यधर्मः । संदिग्धसाधनधर्मः । संदिग्धोभयः ।

1. જેમાં સાધ્યધર્મ સંદેહયુક્ત હોય તે સંદિગ્ધ સાધ્યધર્મવાળું [ દૃષ્ટાન્ત ] કહેવાય. અહીં 'આદિ' શબ્દથી સંદિગ્ધ–સાધનધર્મવાળું તથા સંદિગ્ધ એવા ઉભયધર્મવાળું [ એમ બીજાં બે દૃષ્ટાન્તો પણ ] સમજવાનાં છે.

2. उदाहरणं – रागादिमानिति रागादिमत्त्वं साध्यं । वचनादिति हेतुः । रथ्यापुरुषवदिति दृष्टान्ते रागादिमत्त्वं संदिग्धम् ।

2. [ સંદિગ્ધ સાધ્યધર્મવાળા ] પ્રથમ ઉદાહરણમાં રાગાદિમત્ત્વ તે સાધ્ય છે. 'વચનયુક્તતા' તે હેતુ છે. હવે તે માટે આપેલા રસ્તા પરના કોઈ પુરુષરૂપ દૃષ્ટાન્તમાં રાગાદિમત્ત્વ [ – રૂપ સાધ્યધર્મ ] સંદિગ્ધ છે.

3. मरणं धर्मोऽस्येति मरणधर्मा । तस्य भावो मरणधर्मत्वं साध्यम् । अयं पुरुषः इति धर्मी । रागादिमत्त्वादिति हेतुः । रथ्यापुरुषे दृष्टान्ते संदिग्धं साधनम् । साध्यं तु निश्चितं मरणधर्मत्वमिति ।

3. [ સંદિગ્ધ–સાધનધર્મવાળા બીજા ઉદાહરણમાં ] મરણશીલતા તે સાધ્ય છે. 'આ પુરુષ' તે ધર્મી છે. રાગાદિમત્ત્વ તે હેતુ છે. રસ્તા પરનો પુરુષ—એ દૃષ્ટાન્તમાં [ રાગાદિમત્ત્વરૂપ ] સાધન ( = હેતુ ) સંદિગ્ધ છે. મરણશીલતારૂપ સાધ્ય તો [ તે પુરુષ વિષે ] નિશ્ચિત છે.

4. असर्वज्ञ इति । असर्वज्ञत्वं साध्यम् । रागादिमत्त्वादिति हेतुः । तदुभयमपि रथ्यापुरुषे दृष्टान्ते संदिग्धम् । असर्वज्ञत्वं रागादिमत्त्वं चेति ॥

4. [ જેમાં સાધન ને સાધ્ય ઉભય સંદિગ્ધ છે તેવા ત્રીજા ઉદાહરણમાં ] અસર્વજ્ઞત્વ સાધ્ય છે. રાગાદિમત્ત્વ તે હેતુ છે. રસ્તા ઉપરના પુરુષરૂપ દૃષ્ટાન્તમાં એ બંને સંદિગ્ધ છે – અસર્વજ્ઞત્વ અને રાગાદિમત્ત્વ, બંને. ( ૧૨૫ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तथाऽनन्वयोऽप्रदर्शितान्वयश्च । यथा — यो वक्ता स रागादिमान्, इष्टपुरुषवत् । अनित्यः शब्दः कृतकत्वाद् घटवदिति ॥ १२६ ॥**

**તે રીતે અન્વય વગરનું કે અપ્રદર્શિત-અન્વયવાળું દૃષ્ટાંત : જેમ કે —**

**(૧) જે વક્તા હોય તે રાગાદિવાળો હોય; જેમ કે અમુક [જ્ઞાત] પુરુષ.**
**(૨) શબ્દ અનિત્ય છે; કારણ કે તે કૃતક છે; જેમ કે ઘડો. (૧૨૬)**

1. तथाऽनन्वय इति । यस्मिन्दृष्टान्ते साध्यसाधनयोः संभवमात्रं दृश्यते, न तु साध्येन व्याप्तो हेतुः सोऽनन्वयः । अप्रदर्शितान्वयश्च – यस्मिन्दृष्टान्ते विद्यमानोऽप्यन्वयो न प्रदर्शितो वक्त्रा सोऽप्रदर्शितान्वयः ।

1. જે દૃષ્ટાંતમાં સાધ્ય અને હેતુનું [આકસ્મિક] સહઅસ્તિત્વ જ પ્રતીત થાય, પરંતુ તેમાં રહેલો હેતુ તે સાધ્યથી વ્યાપ્ત (= સાધ્ય સાથે નિયતપણે સંબદ્ધ) સિદ્ધ ન હોય તે અન્વયરહિત દૃષ્ટાંત કહેવાય. અને જે દૃષ્ટાંત અન્વયવાળું હોય ખરું, પણ વક્તાએ તે અન્વય [વ્યાપ્તિવાક્ય વડે] પ્રદર્શિત કર્યો ન હોય, તે અપ્રદર્શિત અન્વયવાળું કહેવાય.

2. अनन्वयमुदाहरति – यथेति । यो वक्तेति वक्तृत्वमनूद्य स रागादिमानिति रागादिमत्वं विहितम् । ततो वक्तृत्वस्य रागादिमत्त्वं प्रति नियमः । तेन व्याप्तिरुक्ता । इष्टपुरुषवदिति । इष्टग्रहणेन प्रतिवाद्यपि संगृह्यते वाद्यपि । तेन वक्तृत्वरागादिमत्त्वयोः सत्त्वमात्रमिष्टे पुरुषे सिद्धम् । व्याप्तिस्तु न सिद्धा । तेनानन्वयो दृष्टान्त इति ।

2. અન્વયરહિત દૃષ્ટાંતનું ઉદાહરણ જોઈએ તો તેમાં [વ્યપ્તિવાક્યમાં] વક્તૃત્વનો અનુવાદ કરીને રાગાદિમત્ત્વનું વિધાન કરવામાં આવ્યું છે. આમ વક્તૃત્વની રાગાદિમત્ત્વ સાથે પ્રતિબદ્ધતા બતાવી છે. આમ અહીં વ્યાપ્તિ [તો] કહી છે. 'અમુક (= જ્ઞાત) પુરુષ' એ શબ્દ દ્વારા પ્રતિવાદી અને વાદી ઉભય[થી જ્ઞાત અને પરીક્ષિત પુરુષ]નો નિર્દેશ છે. અહીં તે પુરુષમાં વક્તૃત્વ અને રાગાદિમત્ત્વનું [સહ–]અસ્તિત્વ છે ખરું, પણ [તે આકસ્મિક રીતે જ; સર્વ વક્તામાં રાગાદિમત્ત્વની] વ્યાપ્તિ સિદ્ધ નથી. આથી દૃષ્ટાંત અન્વયરહિત છે [અને તેથી અનુમાનસાધક બનતું નથી.]

3. अनित्यः शब्द इत्यनित्यत्वं साध्यम् । कृतकत्वादि हेतुः । घटवदिति दृष्टान्ते न प्रदर्शितोऽन्वयः ।

3. [બીજું ઉદાહરણ લઈએ તો તેમાં :] શબ્દનું અનિત્યત્વ સાધ્ય છે. કૃતકત્વ તે હેતુ છે. ઘડો તે દૃષ્ટાંત છે. [તેની સાથે સંકળાયેલો] અન્વય (= વ્યાપ્તિવાક્ય) વક્તા વડે અપ્રદર્શિત છે.

4. इह यद्यपि कृतकत्वेन घटसदृशः शब्दस्तथापि नानित्यत्वेनापि सदृशः प्रत्येतुं शक्यतेऽतिप्रसङ्गात् । यदि तु कृतकत्वमनित्यत्वस्वभावं विज्ञातं भवत्येवं कृतकत्वादनित्यत्वप्रतीतिः स्यात् । तस्माद् यत् कृतकं तदनित्यमिति कृतकत्वमनित्यत्वे नियतमभिधाय नियमसाधनायान्वयवाक्यार्थप्रति-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पत्तिविषयो दृष्टान्त उपादेयः । स च प्रदर्शितान्वय एव । अनेन त्वन्वयवाक्यमनुक्त्वैव दृष्टान्त उपात्तः । ईदृशश्च साधर्म्यमात्रेणैवोपयोगी । न च साधर्म्यात् साध्यसिद्धिः ।

4. [ અહીં ખરેખર વિષયગત દોષ નહિ, પણ વક્તાની રજૂઆતનો જ દોષ છે તે સમજીએ : ] આ ઉદાહરણમાં કૃતકત્વ [ એ હેતુ ]ની બાબતમાં શબ્દ [ દૃષ્ટાંત એવા ] ઘડાને મળતો છે એ સાચું. તો પણ [ તેટલામાત્રથી ] શબ્દ અનિત્યત્વ [ એ સાધ્યના સત્ત્વ ]ની બાબતમાં પણ ઘડા જેવો હોવાની પ્રતીતિ [ આપોઆપ ] થવી શક્ય નથી; કારણ કે [ બે વસ્તુઓ એક બાબતમાં સરખી હોય તેટલામાત્રથી બીજી બાબતમાં પણ સરખી હોય ] એવું માનવું એ વધારે પડતું ગણાય. હા, જો કૃતકત્વનો સ્વભાવ અનિત્વરૂપ હોવાનું પણ જાણવામાં આવ્યું હોય તો જરૂર કૃતકત્વને આધારે અનિત્યત્વની પ્રતીતિ થાય. એટલે અહીં વક્તાએ ' જે કૃતક હોય તે અનિત્ય હોય ' એ પ્રકારે કૃતકત્વ અનિત્યત્વ સાથે નિયત હોવાનું કહીને પછી [ જ ] એ નિયતસંબંધ સિદ્ધ કરવા માટે અન્વયવાક્યના અર્થની પ્રતીતિના વિષય [–રૂપ પ્રમાણોના એક પ્રતીક ] તરીકે દૃષ્ટાંત રજૂ કરવું જોઈએ. એવું કર્યું હોય તો તે દૃષ્ટાંત પ્રદર્શિત–અન્વયવાળું જ કહેવાય. પણ અહીં તો [ ઉક્ત અનુમાન રજૂ કરનારાએ ] અન્વયવાક્ય કહ્યા વગર જ દૃષ્ટાંત રજૂ કર્યું છે. આ રીતે રજૂ કરેલુ દૃષ્ટાંત તો [ સાધ્ય-ધર્મીના દૃષ્ટાન્ત સાથેના ] સાધર્મ્યમાત્ર [ને પ્રદર્શિત કરવા]માં જ ઉપયોગી થાય; પણ એ સાધર્મ્યમાત્રથી [ સાધ્યધર્મીમાં ] સાધ્ય સિદ્ધ થતું નથી.

5. अतोऽन्वयार्थो दृष्टान्तस्तदर्थश्चानेन नोपात्तः । साधर्म्यार्थश्चोपात्तो निरुपयोग इति वक्तृदोषादयं दृष्टान्तदोषः । वक्त्रा ह्यत्र परः प्रतिपादयितव्यः ।

5. એટલે દૃષ્ટાંત [ માત્ર સાધ્યધર્મીના પોતાની સાથેના સાદૃશ્યને બતાવવા નહિ, પણ સાધનના સાધ્ય સાથેના ] અન્વય[ ને પ્રદર્શિત કરવા ] માટે હોય છે. પણ અહીં વક્તાએ તે રીતે દૃષ્ટાન્ત રજૂ કર્યું નથી. માત્ર સાધર્મ્ય દર્શાવવા રજૂ કરેલું દૃષ્ટાંત નિરુપયોગી હોય છે. આમ અહીં વક્તાના દોષથી આ દૃષ્ટાન્તદોષ થયો છે– કારણ કે વક્તાએ અહીં પરવાદી પ્રત્યે [ કહેવા જરૂરી એવા અન્વયનું પણ ] પ્રતિપાદન કરવું જોઈતું હતું; [ છતાં તેમ કર્યું નથી. ]

6. ततो यदि नाम न दुष्टं वस्तु तथापि वक्त्रा दुष्टं दर्शितमिति दुष्टमेव ॥

6. એટલે ભલે અહીં રજૂ કરવાની બાબત પોતે દૂષિત ન હોય, તો પણ વક્તાએ દૂષિત રીતે ( =અપૂરતી રીતે કે અવિચિસર ) રજૂઆત કરી હોઈ [ વ્યવહારમાં ] દૃષ્ટાંત દૂષિત જ થઈ જાય છે; [માટે તેને દૃષ્ટાંતાભાસ કહ્યો છે. ] ( ૧૨૬ )

**तथा विपरीतान्वयः – यदनित्यं तत् कृतकमिति ॥ १२७ ॥**

**તે રીતે વિપરીત–અન્વયવાળું દૃષ્ટાંત પણ; જેમ કે – 'જે અનિત્ય હોય તે કૃતક હોય' [ એવા અન્વયવાક્ય સાથે રજૂ કરાતું દૃષ્ટાંત ]. ( ૧૨૭ )**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1. तथा विपरीतोऽन्वयो यस्मिन्दृष्टान्ते स तथोक्तः । तमेवोदाहरति – यदनित्यं तत्कृतकमिति । कृतकत्वमनित्यत्वनियतं दृष्टान्ते दर्शनीयम् । एवं कृतकत्वादनित्यत्वगतिः स्यात् । अत्र त्वनित्यत्वं कृतकत्वे नियतं दर्शितम् । कृतकत्वं त्वनियतमेवानित्यत्वे । ततो यादृशमिह कृतकत्वमनियतमनित्यत्वे दर्शितं तादृशान्नास्त्यनित्यत्वप्रतीतिः । तथा हि – यदनित्यमित्यनित्यत्वमनूद्य तत् कृतकमिति कृतकत्वं विहितम् । अतोऽनित्यत्वं नियतमुक्तं कृतकत्वे, न तु कृतकत्वमनित्यत्वे ।

1. વિપરીત-અન્વયવાળા દૃષ્ટાંતનું ઉદાહરણ આપે છે : 'જે અનિત્ય હોય તે કૃતક હોય. [હવે ખરેખર] તો [આથી ઊલટું, અર્થાત્] કૃતકત્વ તે અનિત્યત્વ વિષે નિયત છે તેવું દૃષ્ટાંતમાં સીધી બતાવવું જોઈએ. એ રીતે કૃતકત્વથી અનિત્યત્વની સિદ્ધિ શક્ય બને. પણ અહીં [દૃષ્ટાંત સાથે રજૂ કરેલા અન્વયવાક્યમાં] તો અનિત્યત્વ તે કૃતકત્વ વિષે નિયત બતાવ્યું છે, [એથી] કૃતકત્વ તો અનિત્યત્વ વિષે અનિયત હોવાનું જ [ફલિત થાય] છે. એટલે અહીં કૃતકત્વ અનિત્યત્વ વિષે જેવું અનિયત જ બતાવ્યું છે તેથી કૃતકત્વમાંથી અનિત્યત્વની પ્રતીતિ થઈ શકતી નથી. [દૃષ્ટાંત સાથેના અન્વયવાક્યને] તપાસીએ તો તેમાં અનિત્યત્વનો અનુવાદ કરીને કૃતકત્વનું વિધાન કર્યું છે. એનો અર્થ એ કે અનિત્યત્વને કૃતકત્વ વિષે નિયત બતાવ્યું છે; કૃતકત્વને અનિત્યત્વ વિષે નિયત નહિ.

2. ततो यथाऽनित्यत्वादनियतात्प्रयत्नानन्तरीयकत्वे न प्रयत्नानन्तरीयकत्वप्रतीतिः, तद्वत् कृतकत्वादनित्यत्वप्रतिपत्तिर्न स्याद्, अनित्यत्वेऽनियतत्वात् कृतकत्वस्य ।

2. એટલે, જેમ પ્રયત્નસાધ્યતા વિષે અનિયત એવા અનિત્યત્વ પરથી પ્રયત્નસાધ્યતાની પ્રતીતિ થઈ શકતી નથી, તે જ રીતે કૃતકત્વ ઉપરથી અનિત્યત્વની પ્રતીતિ પણ નહિ થઈ શકે; કારણ કે [ઉક્ત દૃષ્ટાંત સાથેના અન્વયવાક્ય મુજબ] કૃતકત્વ તે અનિત્યત્વ વિષે અનિયત ઠરે છે.

3. यद्यपि च कृतकत्वं वस्तुस्थित्याऽनित्यत्वे नियतं तथाप्यनियतं वक्त्रा दर्शितम् । अतः स्वयं न दुष्टमपि वक्तृदोषात् दुष्टम् ।

3. અલબત્ત, વસ્તુસ્થિતિમાં કૃતકત્વ તે અનિત્યત્વ વિષે નિયત જ હોય છે, પરંતુ અહીં વક્તાએ તો તેને [વિપરીત અન્વયવાક્યની રજૂઆતને કારણે] અનિયત બતાવ્યું છે. એટલે દૃષ્ટાંતમાં પોતાનામાં દોષ ન હોવા છતાં વક્તાના [રજૂઆતસંબંધી] દોષને કારણે તેમાં દોષ ઊભો થાય છે.

4. तस्माद् विपरीतान्वयोऽपि वक्तुरपराधात्, न वस्तुतः । परार्थानुमाने च वक्तुरपि दोषश्चिन्त्यते इति ।।

4. એટલે વિપરીતાન્વય [નામનો દૃષ્ટાંતદોષ] પણ વક્તાના અપરાધને કારણે સધાય છે, વસ્તુના પોતાના દોષને કારણે નહિ. [વક્તાના દોષથી દૃષ્ટાંતને દૂષિત ગણવાનું કારણ એ કે] પરાર્થાનુમાનમાં વક્તાના દોષનો પણ વિચાર કરાતો હોય છે. (૧૨૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**साधर्म्येण दृष्टान्तदोषाः ॥ १२८ ॥**

**[ આ ] સાધર્મ્યથી આપેલા દૃષ્ટાંતના દોષો. ( ૧૨૮ )**

साधर्म्येण नव दृष्टान्तदोषा उक्ताः ॥

સાધર્મ્યદૃષ્ટાંતના નવ દોષો કહ્યા. ( ૧૨૮ )

वैधर्म्येणापि नव दृष्टान्तदोषान्वक्तुमाह —

**वैधर्म्येणापि – परमाणुवत् कर्मवद् आकाशवदिति साध्याद्यव्यतिरेकिणः ॥ १२९ ॥**

હવે વૈધર્મ્યથી [ કહેવાયેલા ] દૃષ્ટાંતના પણ નવ દોષો કહેવા માંડે છે :

**વૈધર્મ્યથી [ આપેલા દૃષ્ટાંતના દોષો ] પણ – ' પરમાણુની જેમ ', ' કર્મની જેમ ' અને ' આકાશની જેમ ' એમ [ કહેવાયેલાં, ] સાધ્યાદિના વ્યતિરેક વગરનાં [ દૃષ્ટાંતો ]. ( ૧૨૯ )**

1. नित्यत्वे शब्दस्य साध्ये हेतावमूर्तत्वे परमाणुर्वैधर्म्यदृष्टान्तः साध्याव्यतिरेकी । नित्यत्वात्परमाणूनाम् । कर्म साधनाव्यतिरेकि, अमूर्तत्वात्कर्मणः । आकाशमुभयाव्यतिरेकि, नित्यत्वादमूर्तत्वाच्च ।

1. અહીં શબ્દનું નિત્યત્વ તે સાધ્ય છે અને અમૂર્તત્વ તે હેતુ છે. પરમાણુ તે [ ત્રણમાંનું પહેલું ] વૈધર્મ્યવાળું દૃષ્ટાંત છે. તેમાં [ નિત્યત્વરૂપ ] સાધ્યના વ્યતિરેકનો ( = અભાવનો ) અભાવ છે; કારણ કે પરમાણુઓ નિત્ય હોય છે. [ બીજા વૈધર્મ્ય–દૃષ્ટાંત તરીકે રજૂ કરેલું ] કર્મ તે [ અમૂર્તત્વરૂપ ] સાધનના વ્યતિરેક વિનાનું છે; કારણ કે કર્મ અમૂર્ત છે. જ્યારે [ ત્રીજા વૈધર્મ્યદૃષ્ટાંત તરીકે અભિપ્રેત ] આકાશ એ [ સાધ્ય અને સાધન એ ] ઉભયના વ્યતિરેક વિનાનું છે; કારણ કે તે નિત્ય પણ છે અને અમૂર્ત પણ છે.

2. साध्यमादिर्येषां तानि साध्यसाधनोभयानि । तेषामव्यतिरेको निवृत्त्यभावः । स येषामस्ति ते साध्याद्यव्यतिरेकिणः । ते चोदाहृताः ॥

2. આમ સાધ્યાદિ અર્થાત્ સાધ્ય, સાધન અને તે ઉભયના અવ્યતિરેક અર્થાત્ તેમની નિવૃત્તિના અભાવવાળાં [ દૂષિત દૃષ્ટાંતો ] ઉપલાં ઉદાહરણોથી સમજાવ્યાં છે. ( ૧૨૯ )

अपरानुदाहर्तुमाह —

**तथा संदिग्धसाध्यव्यतिरेकादयः । यथाऽसर्वज्ञाः कपिलादयोऽनाप्ता वा अविद्यमानसर्वज्ञताप्ततालिङ्गभूतप्रमाणातिशयशासनत्वादिति । अत्र वैधर्म्योदाहरणं – यः सर्वज्ञ आप्तो वा स ज्योतिर्ज्ञानादिकमुपदिष्टवान् । यथा ऋषभवर्धमानादिरिति । तत्रासर्वज्ञतानाप्ततयोः साध्यधर्मयोः संदिग्धो व्यतिरेकः ॥ १३० ॥**

[ વૈધર્મ્યયુક્ત દૃષ્ટાંતના ] અન્ય [ દોષો ]નાં ઉદાહરણો આપતાં કહે છે :

**તે રીતે સાધ્યાદિના સંદિગ્ધ–વ્યતિરેકવાળાં [ દૃષ્ટાંતો ]; જેમ કે [ સાધ્યવ્યતિરેકના સંદિગ્ધ–અભાવવાળા દૃષ્ટાંતનું ઉદાહરણ ] :**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કપિલ વગેરે અસર્વજ્ઞ અથવા તો અનાપ્ત છે;

કારણ કે તેમના શાસનમાં સર્વજ્ઞતા કે આપ્તતાના લિંગરૂપ પ્રમાણાતિશય જોવા મળતો નથી.

– આને માટે વૈધર્મ્યવાળું ઉદાહરણ છે :

જે સર્વજ્ઞ કે આપ્ત હોય તેણે જ્યોતિષ્ વગેરેનું જ્ઞાન ઉપદેશ્યું હોય છે;

જેમ કે – ઋષભ, વર્ધમાન આદિએ.

— આ ઉદાહરણમાં અસર્વજ્ઞતા અને અનાપ્તતા એ સાધ્યધર્મોનો વ્યતિરેક સંદિગ્ધ છે. (૧૩૦)

1. तथेति । साध्यस्य व्यतिरेकः साध्यव्यतिरेकः । संदिग्धः साध्यव्यतिरेको यस्मिन् स संदिग्धसाध्यव्यतिरेकः । स आदिर्येषां ते तथोक्ताः ।

1. જેમાં સાધ્યનો વ્યતિરેક સંદિગ્ધ હોય તેવા ઉપરાંત [માત્ર સાધન અને સાધન–સાધ્ય ઉભયનો વ્યતિરેક સંદિગ્ધ હોય એવાં] અન્ય [વૈધર્મ્યયુક્ત દૃષ્ટાંતના દોષો ક્રમશઃ કહે છે].

2. संदिग्धसाध्यव्यतिरेकमुदाहर्तुमाह – यथेति । असर्वज्ञा इत्येकं साध्यम् । अनाप्ता अक्षीणदोषा इति द्वितीयम् । कपिलादय इति धर्मी । अविद्यमानसर्वज्ञतेत्यादि हेतुः ।

2. સંદિગ્ધ એવા સાધ્યવ્યતિરેકવાળા દૃષ્ટાંતનું ઉદાહરણ [આ સૂત્રમાં] આપ્યું છે. 'અસર્વજ્ઞ' શબ્દથી એક સાધ્ય કહેવાયું છે. જેમના દોષ ક્ષીણ નથી થયા એ અર્થના 'અનાપ્ત' શબ્દમાં બીજું સાધ્ય છે. કપિલ વગેરે તે ધર્મી છે. 'કારણ કે તેમના શાસનમાં' ઇત્યાદિ શબ્દોમાં હેતુ કહ્યો છે.

3. सर्वज्ञता च आप्तता च, तयोर्लिङ्गभूतः प्रमाणातिशयो लिङ्गात्मकः प्रमाणविशेषः । अविद्यमानः सर्वज्ञताप्ततालिङ्गभूतः प्रमाणातिशयो यस्मिंस्तत्तथोक्तं शासनम् । तादृशं शासनं येषां ते तथोक्ताः । तेषां भावः तत्त्वं, तस्मात् । प्रमाणातिशयो ज्योतिर्ज्ञानोपदेश इहाभिप्रेतः । यदि हि कपिलादयः सर्वज्ञा आप्ता वा स्युस्तदा ज्योतिर्ज्ञानादिकं कस्मात् नोपदिष्टवन्तः ? न चोपदिष्टवन्तः । तस्मात् न सर्वज्ञा आप्ता वा ।

3. [એ વિશિષ્ટ હેતુને સમજીએ તો :] તેમના શાસનમાં (=ઉપદેશમાં) સર્વજ્ઞતા અને આપ્તતાના લિંગ(=પુરાવા)રૂપ પ્રમાણાતિશય અર્થાત્ પ્રમાણવિશેષ જોવા મળતો નથી. આમાં 'પ્રમાણાતિશય' શબ્દથી મુખ્યત્વે જ્યોતિષ્–આદિ [ગૂઢ વિષયો]ના જ્ઞાનનો ઉપદેશ અભિપ્રેત છે. [કહેવાનો ભાવ એવો છે કે] જો કપિલ વગેરે સર્વજ્ઞ કે આપ્ત હોય તો તેમણે જ્યોતિષ્ વગેરેના જ્ઞાનનો ઉપદેશ કેમ ન કર્યો ? એમણે એવો ઉપદેશ કર્યો ન હોવાથી તેઓ સર્વજ્ઞ કે આપ્ત નથી.

4. अत्र प्रमाणे वैधर्म्योदाहरणं – यः सर्वज्ञ आप्तो वा स ज्योतिर्ज्ञानादिकं सर्वज्ञताप्ततालिङ्गभूतमुपदिष्टवान् । यथा ऋषभो वर्धमानश्च तावादी यस्य स ऋषभवर्धमानादिर्दिगम्बराणां शास्ता सर्वज्ञ आप्तश्चेति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

4. આ બાબતમાં પ્રમાણુ તરીકે વૈધર્મ્યવાળું ઉદાહરણ આપ્યું છે. [ તેના પાયામાં રહેલી વ્યતિરેકવ્યાપ્તિ જોઈએ : ] જે સર્વજ્ઞ કે આપ્ત હોય તેણે સર્વજ્ઞતા અને આપ્તતાના લિંગરૂપ જ્યોતિષ્ વગેરે જ્ઞાન ઉપદેશ્યું હોય છે. દૃષ્ટાંતરૂપે ઋષભ, વર્ધમાન આદિ દિગંબરોના શાસ્તાને સર્વજ્ઞ ને આપ્ત તરીકે નિર્દેશ્યા છે.

5. तदिह वैधर्म्योदाहरणाद् ऋषभादेरसर्वज्ञत्वस्यानाप्ततायाश्च व्यतिरेको व्यावृत्तिः संदिग्धा । यतो ज्योतिर्ज्ञानं चोपदिशेद् असर्वज्ञश्च भवेद् अनाप्तो वा । कोऽत्र विरोधः । नैमित्तिकमेतज्ज्ञानं व्यभिचारि न सर्वज्ञत्वमनुमापयेत् ॥

5. હવે, આ વૈધર્મ્યદૃષ્ટાંત રૂપ ઋષભ વગેરેમાં [ મૂળ અનુમાનના સાધ્ય એવા ] અસર્વજ્ઞત્વ કે અનાપ્તત્વનો વ્યતિરેક સંદિગ્ધ છે; કારણ કે તેઓ જ્યોતિષ્–જ્ઞાન ઉપદેશતા હોવા છતાં ( એટલે કે તેમનામાં સાધનાભાવ હોવા છતાં ) તેઓ અસર્વજ્ઞ અને અનાપ્ત હોય ( અર્થાત્ સાધ્યાભાવ ન હોય ) તે પણ પૂરેપૂરું શક્ય છે; [ કારણ : સર્વજ્ઞતા કે આપ્તતા તેમનામાં હતી તે જાણવું શક્ય નથી. ] એટલે [ એ સંજોગમાં જ્યોતિર્જ્ઞાન અને અનાપ્તતા કે અસર્વજ્ઞતા વચ્ચે ] વિરોધ[નો દોષ] બતાવી શકાય એમ નથી. આ નિમિત્તઆધારિત ( = જ્યોતિષ્ અંગેનું ) જ્ઞાન [ સર્વજ્ઞતા સાથે ] નિયત સહચાર વગરનું હોઈ સર્વજ્ઞત્વનું [ નિશ્ચિત ] અનુમાન ન કરાવી શકે. ( ૧૩૦ )

**संदिग्धसाधनव्यतिरेको यथा — न त्रयीविदा ब्राह्मणेन ग्राह्यवचनः कश्चिद्विवक्षितः पुरुषो, रागादिमत्त्वादिति । अत्र वैधर्म्योदाहरणं – ये ग्राह्यवचना न ते रागादिमन्तः । तद्यथा गौतमादयो धर्मशास्त्राणां प्रणेतार इति । गौतमादिभ्यो रागादिमत्त्वस्य साधनधर्मस्य व्यावृत्तिः संदिग्धा ॥ १३१ ॥**

**સંદિગ્ધ એવા સાધનવ્યતિરેકવાળું [ વૈધર્મ્યદૃષ્ટાંત પણ દૂષિત ગણાય ]; જેમ કે —**

**કોઈ વિવક્ષિત પુરુષ ત્રયીવિદ્ બ્રાહ્મણ માટે ગ્રાહ્ય-વચન નથી;**
**કારણ કે તે રાગાદિવાળો છે.**
**—આને માટે વૈધર્મ્યનું દૃષ્ટાંત આપ્યું છે :**
**જે ગ્રાહ્યવચન હોય તે રાગાદિવાળો ન હોય;**
**જેમ કે ધર્મશાસ્ત્ર રચનાર ગૌતમ વગેરે.**

**— અહીં ગૌતમ વગેરેમાં રાગાદિમત્ત્વ એ હેતુભૂત ધર્મનો અભાવ સંદિગ્ધ છે. ( ૧૩૧ )**

1. संदिग्धः साधनव्यतिरेको यस्मिन् स तथोक्तः । तमुदाहरति – यथेति । ऋक्सामयजूंषि त्रीणि त्रयी, तां वेत्तीति त्रयीवित् । तेन न ग्राह्यं वचनं यस्येति साध्यम् । विवक्षित इति कपिलादि धर्मी । रागादिमत्त्वादिति हेतुः ।

1. જેમાં સાધન( હેતુ )નો વ્યતિરેક સંદિગ્ધ હોય એવા દૃષ્ટાંતનું ઉદાહરણ આપ્યું છે. ત્રયી એટલે ઋક્–સામ–યજુષ્નો સમુદાય. તેને જાણનાર તે ત્રયીવિદ્. 'ગ્રાહ્યવચન' એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહણ કરવા યોગ્ય ( = માનવા યોગ્ય ) છે વચન જેનું. [ આમ ] ત્રયીવિદ્ વડે અગ્રાહ્યવચન હોવું તે સાધ્ય થયું. 'કોઈ વિવિક્ષિત પુરુષ' એ શબ્દોથી અભિપ્રેત કપિલ વગેરે અહીં ધર્મી છે. રાગાદિમત્ત્વ તે હેતુ છે.

2. अत्र प्रमाणे वैधर्म्योदाहरणं – साध्याभावः साधनाभावेन यत्र व्याप्तो दश्यंते तद् वैधर्म्योदाहरणम् । ग्राह्यं वचनं येषां ते ग्राह्यवचना इति साध्यनिवृत्तिमनूद्य न ते रागादिमन्त इति साधनाभावो विहितः ।

2. આના પ્રમાણ તરીકે વૈધર્મ્યયુક્ત દૃષ્ટાંત આપ્યું છે. જેમાં સાધ્યાભાવ તે સાધનાભાવ વડે વ્યાપ્ત બતાવાય તે વૈધર્મ્યદૃષ્ટાંત કહેવાય. [ વૈધર્મ્યદૃષ્ટાંત સાથે અહીં આપેલી વ્યતિરેકવ્યાપ્તિમાં, 'અગ્રાહ્યવચન' એ ] જે સાધ્ય, તેના અભાવને એટલે કે ગ્રાહ્યવચનને – ગ્રાહ્ય છે વચન જેમનું તેવી વ્યક્તિઓને — વિધાનનું ઉદ્દેશ્ય બનાવીને, 'તેઓ રાગાદિવાળા ન હોય' એ શબ્દોથી [ 'રાગાદિવાળા' એ ] જે સાધન, તેના અભાવનું વિધાન કર્યું છે.

3. गौतम आदिर्येषां ते तथोक्ता मन्वादयो धर्मशास्त्राणि स्मृतयः तेषां कर्तारः । त्रयीविदा हि ब्राह्मणेन ग्राह्यवचना धर्मशास्त्रकृतो वीतरागाश्च त इतीह धर्मी व्यतिरेकविषयो गौतमादय इति ।

3. 'ગૌતમ વગેરે' એ શબ્દોથી, મનુ ઇત્યાદિ, ધર્મશાસ્ત્ર કિંવા સ્મૃતિઓના જે કર્તાઓ છે તે સૂચવાયા છે. આ ધર્મશાસ્ત્રકારો ત્રયીવિદ્ બ્રાહ્મણને માટે ગ્રાહ્ય–વચનવાળા પણ છે અને વળી તેઓ વીતરાગ પણ છે એવો ભાવ હોઈ [ એ ધર્મશાસ્ત્રકારો કિંવા ] ગૌતમાદિ ધર્મી તે [ પ્રતિપાદકની દૃષ્ટિએ ] વ્યતિરેકવ્યાપ્તિના પ્રમાણરૂપ દૃષ્ટાંત છે.

4. गौतमादिभ्यो रागादिमत्त्वस्य साधनस्य निवृत्तिः संदिग्धा । यद्यपि ते ग्राह्यवचनास्त्रयीविदस्तथापि किं सरागा उत वीतरागा इति संदेहः ॥

4. [ પરંતુ ] ગૌતમ વગેરેમાં રાગાદિમત્ત્વરૂપ હેતુનો અભાવ ( અર્થાત્ વીતરાગતાનું અસ્તિત્વ ) સંદિગ્ધ છે. એટલે તે ભલે ત્રયીવિદ્ માટે ગ્રાહ્ય વચનવાળા હોય, તો પણ તે સરાગ છે કે વીતરાગ એ બાબતમાં સંદેહ રહે છે. ( ૧૩૧ )

**संदिग्धोभयव्यतिरेको यथाऽवीतरागाः कपिलादयः, परिग्रहाग्रहयोगादिति । अत्र वैधर्म्योदाहरणं – यो वीतरागो न तस्य परिग्रहाग्रहौ यथा ऋषभादेरिति । ऋषभादेरवीतरागत्वपरिग्रहाग्रहयोगयोः साध्यसाधनधर्मयोः संदिग्धो व्यतिरेकः ॥ १३२ ॥**

**જેમાં ઉભયનો વ્યતિરેક સંદિગ્ધ હોય [ તેવું દૃષ્ટાંત ]; જેમ કે —**
**કપિલાદિ અવીતરાગી છે;**
**કારણ કે એમનામાં 'પરિગ્રહ' અને 'આગ્રહ'નો યોગ છે.**
**— આ માટે વૈધર્મ્યદૃષ્ટાંત [ આપતાં ] કહે છે :**
**જે વીતરાગ હોય તેનામાં પરિગ્રહ અને આગ્રહનો યોગ ન હોય; જેમ કે ઋષભ-આદિમાં.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**— અહીં ઋષભ આદિમાં અવીતરાગત્વ એ સાધ્યધર્મનો અને પરિગ્રહ અને આગ્રહના યોગરૂપી સાધનધર્મનો વ્યતિરેક સંદિગ્ધ છે. (૧૩૨)**

1. संदिग्ध उभयोर्व्यतिरेको यस्मिन् स तथोक्तः । तमुदाहरति – यथेति । अवीतरागा इति रागादिमत्त्वं साध्यम् । कपिलादय इति धर्मी । परिग्रहो लभ्यमानस्य स्वीकारः प्रथमः । स्वीकारादूर्ध्वं यद् गार्ध्यं मात्सर्यं स आग्रहः । परिग्रहश्च आग्रहश्च, ताभ्यां योगात् । कपिलादयो लभ्यमानं स्वीकुर्वन्ति स्वीकृतं न मुञ्चन्तीति ते रागादिमन्तो गम्यन्ते ।

1. સાધ્ય અને સાધન ઉભયનો વ્યતિરેક જે દૃષ્ટાંતમાં સંદિગ્ધ હોય તેનું ઉદાહરણ આપ્યું છે. અહીં 'અવીતરાગી' શબ્દથી રાગાદિમત્ત્વ સાધ્ય તરીકે અભિપ્રેત છે. કપિલાદિ તે ધર્મી છે. 'પરિગ્રહ' એટલે જે કંઈ [દ્રવ્યાદિ] મળતું હોય તેનો પ્રથમ તો સ્વીકાર; અને 'આગ્રહ' એટલે સ્વીકાર બાદ જે લોભ [કિંવા] માત્સર્ય હોય તે. આ બેનો સંયોગ તે હેતુ છે. [એટલે પરિગ્રહ અને આગ્રહના યોગનો એકંદર અર્થ એ કે] કપિલાદિ મળે તે લઈ લે છે અને તે મળેલાને છોડતા નથી. એથી તેઓ રાગાદિવાળા હોવાનું અનુમિત થાય છે.

2. अत्र प्रमाणे वैधर्म्योदाहरणं – यत्र साध्याभावे साधनाभावो दर्शयितव्यः । यो वीतराग इति साध्याभावमनूद्य, न तस्य परिग्रहाग्रहाविति साधनाभावो विहितः । यथा ऋषभादेरिति दृष्टान्तः ।

2. આને માટેના પ્રમાણ તરીકે વૈધર્મ્યદૃષ્ટાંત આપ્યું છે; તેમાં સાધ્યાભાવ સાથે સાધનાભાવ હોવાનું બતાવવું પડે. [દૃષ્ટાંત સાથે વ્યતિરેકવાક્ય પણ સ્પષ્ટતા માટે રજૂ કર્યું છે; તે જોઈએ તો –] 'જે વીતરાગ હોય' એ શબ્દથી સાધ્યાભાવનો અનુવાદ કર્યો છે અને 'તેનામાં પરિગ્રહ અને આગ્રહ ન હોય' એ શબ્દો દ્વારા સાધનાભાવનો વિધિ કર્યો છે. ઋષભ-આદિ તે દૃષ્ટાંતરૂપ છે.

3. एतस्मादृषभादेर्दृष्टान्तादवीतरागत्वस्य साध्यस्य परिग्रहाग्रहयोगस्य च साधनस्य निवृत्तिः संदिग्धा । ऋषभादीनां हि परिग्रहाग्रहयोगोऽपि संदिग्धो वीतरागत्वं च । यदि नाम तत्सिद्धान्ते वीतरागाश्च निष्परिग्रहाश्च पठ्यन्ते तथापि संदेह एव ॥

3. હવે આ દૃષ્ટાંતરૂપ ઋષભ-આદિમાં અવીતરાગત્વરૂપ સાધ્યનો અભાવ અને પરિગ્રહ તથા આગ્રહના યોગરૂપી સાધનનો અભાવ સંદિગ્ધ છે; અર્થાત્ ઋષભાદિમાં પરિગ્રહ તથા આગ્રહના યોગ [નો અભાવ] પણ સંદિગ્ધ છે અને વીતરાગતા પણ સંદિગ્ધ છે; ભલે ને તેમના (= જૈનોના) શાસ્ત્રમાં તેઓ વીતરાગ અને અપરિગ્રહી કહેવાતા, છતાં સંદેહ રહે જ છે. (૧૩૨)

अपरानपि त्रीनुदाहर्तुमाह —

**अव्यतिरेको यथाऽवीतरागोऽयं वक्तृत्वात् । वैधर्म्योदाहरणं – यत्रावीतरागत्वं नास्ति, न स वक्ता । यथा – उपलखण्ड इति । यद्यप्युपलखण्डादुभयं व्यावृत्तं तथापि सर्वो वीतरागो न वक्तेति व्याप्त्या व्यतिरेकासिद्धेरव्यतिरेकः ॥ १३३ ॥**

[સાધર્મ્યદૃષ્ટાન્તદોષોને મળતા] અન્ય ત્રણ [વૈધર્મ્યદૃષ્ટાન્તદોષો]નાં ઉદાહરણ આપે છે:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યતિરેકરહિત [ વૈધર્મ્યદૃષ્ટાંત ]; જેમ કે —
આ અવીતરાગ છે; કારણ કે તે વક્તા છે.

— આનું વૈધર્મ્યથી ઉદાહરણ :

જેનામાં અવીતરાગપણું નથી હોતું તે વક્તા નથી હોતો; જેમ કે પથ્થરનો ટુકડો.

— જો કે પથ્થરમાં [ સાધન અને સાધ્ય એ ] બંનેનો અભાવ હોય છે, તો પણ 'સર્વ વીતરાગો અવક્તા હોય છે' એ રીતે વ્યાપ્તિથી વ્યતિરેક અસિદ્ધ હોવાથી દૃષ્ટાંત વ્યતિરેકરહિત છે. (૧૩૩)

1. अविद्यमानो व्यतिरेको यस्मिन् सोऽव्यतिरेकः ।

1. જેમાં વ્યતિરેક[–વ્યાપ્તિનો ટેકો ] ન હોય તેવું વૈધર્મ્યદૃષ્ટાંત તે વ્યતિરેકરહિત કહેવાય.

2. अवीतराग इति रागादिमत्त्वं साध्यम् । वक्तृत्वादिति हेतुः । इह व्यतिरेकमाह – यत्रावीतरागत्वं नास्तीति साध्याभावानुवादः । तत्र वक्तृत्वमपि नास्तीति साधनाभावविधिः । तेन साधनाभावेन साध्याभावो व्याप्त उक्तः । दृष्टान्तो यथोपलखण्ड इति ।

2. 'અવીતરાગ' શબ્દથી રાગાદિમત્ત્વ તે સાધ્ય નિર્દેશ્યું છે. વક્તૃત્વ તે હેતુ છે. [ આ સાથે ] આની [ જે ] વ્યતિરેક[–વ્યાપ્તિ ] કહી બતાવી છે, તેમાં 'જેનામાં અવીતરાગપણું નથી હોતું' એ શબ્દોથી સાધ્યાભાવનો અનુવાદ કર્યો છે. 'તેનામાં વક્તૃત્વ પણ હોતું નથી' એ શબ્દોથી સાધનાભાવનું વિધાન કર્યું છે. આમ સાધનાભાવથી સાધ્યાભાવ વ્યાપ્ત કહ્યો છે. પથ્થરનો ટુકડો તે દૃષ્ટાંત છે.

3. कथमयमव्यतिरेको यावतोपलखण्डादुभयं निवृत्तम् ? किमतः ? यद्यप्युपलखण्डादुभयं व्यावृत्तं सरागत्वं च वक्तृत्वं च, तथापि व्याप्त्या व्यतिरेको यस्तस्यासिद्धेः कारणादव्यतिरेकोऽयम् ।

3. [ કોઈને પ્રશ્ન થાય :] "પથ્થરના ટુકડામાંથી [ સાધ્ય અને સાધન એ ] ઉભય નિવૃત્ત છે, તો પછી દૃષ્ટાંત વ્યતિરેકરહિત કઈ રીતે કહેવાય ?" [ આના જવાબમાં સામે પૂછવાનું કે ] તેટલામાત્રથી શું ? પથ્થરના ટુકડામાંથી સરાગતા [ એ સાધ્ય ] અને વક્તૃત્વ [ એ સાધન ] એ ઉભય વ્યાવૃત્ત છે એ ખરું, પરંતુ [ પથ્થરમાં છે તેવો સાધ્ય-સાધનનો ] વ્યતિરેક વ્યાપક (= સાર્વત્રિક ) રૂપે ( એટલે કે સર્વ દૃષ્ટાંતોમાં ) અસિદ્ધ હોવાથી [ આકસ્મિક રીતે સિદ્ધ ઉભયવ્યતિરેકવાળું આ દૃષ્ટાંત ] વ્યતિરેકરહિત છે, [ ને તેથી, સદોષ છે. ]

4. कीदृशी पुनर्व्याप्तिरित्याह – सर्वो वीतराग इति साध्याभावानुवादः । न वक्तेति साधनाभावविधिः । तेन साध्याभावः साधनाभावनियतः ख्यापितो भवतीति । ईदृशी व्याप्तिः । तया व्यतिरेको न सिद्धः । अस्य चार्थस्य प्रसिद्धये दृष्टान्तः । तत् स्वकार्याकरणात् दुष्टः ॥

4. એ [ વ્યતિરેક– ]વ્યાપ્તિ કેવી છે તે [ સૂત્રમાં ] કહેવામાં આવ્યું છે. તેમાં 'સર્વ વીતરાગો' એ શબ્દથી સાધ્યાભાવનો અનુવાદ કરાયો છે અને 'અવક્તા હોય છે' એ શબ્દોથી સાધનાભાવનું વિધાન કરેલું છે. આમ સાધ્યાભાવ તે સાધનાભાવ વિષે નિયત બતાવાયો છે. આ પ્રકારે [ વ્યતિરેક– ]વ્યાપ્તિ છે. પરંતુ તેવી વ્યાપ્તિથી વ્યતિરેક અત્રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધ નથી. દૃષ્ટાંત તો આવા [ વ્યાપ્તિવાળા વ્યતિરેકરૂપી ] તથ્યનો નિશ્ચય કરાવવા જ અપાય છે. એટલે અહીં દૃષ્ટાંત [ વ્યતિરેકવ્યાપ્તિનો નિશ્ચય કરાવવાનું ] પોતાનું કાર્ય કરતું ન હોવાથી દૂષિત છે. ( ૧૩૩ )

**अप्रदर्शितव्यतिरेको यथा – अनित्यः शब्दः, कृतकत्वादाकाशवदिति वैधर्म्येण ॥ १३४ ॥**

**અપ્રદર્શિત વ્યતિરેકવાળું [ વૈધર્મ્યદૃષ્ટાંત ]; જેમ કે —**
**શબ્દ અનિત્ય છે; કારણ કે તે કૃતક છે; જેમ કે આકાશ.**
**— એ વૈધર્મ્યવાળું [ દૂષિત દૃષ્ટાંત ] છે. ( ૧૩૪ )**

1. अप्रदर्शितो व्यतिरेको यस्मिन् स तथोक्तः । अनित्यः शब्द इत्यनित्यत्वं साध्यम् । कृतकत्वादिति हेतुः । आकाशवदिति वैधर्म्येण दृष्टान्तः ।

1. જેમાં વ્યતિરેક દર્શાવ્યો ન હોય તેવા દૃષ્ટાંતાભાસનું ઉદાહરણ આપ્યું છે. અહીં શબ્દનું અનિત્યત્વ તે સાધ્ય છે. કૃતકત્વ તે હેતુ છે. આકાશ તે અહીં વૈધર્મ્યવાળું દૃષ્ટાંત છે.

2. इह परार्थानुमाने परस्मादर्थः प्रतिपत्तव्यः । स शुद्धोऽपि स्वतः, यदि परेणाशुद्धः ख्याप्यते, स तावत् यथा प्रकाशितस्तथा न युक्तः । यथा युक्तस्तथा न प्रकाशितः । प्रकाशितश्च हेतुः ।

2. અહીં પરાર્થાનુમાનમાં અન્ય વ્યક્તિ પાસેથી તથ્યનું [ અનુમાન- ]જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય છે. હવે જો [ આવી રીતે વક્તા દ્વારા અનુમાનથી રજૂ કરાતી ] બાબત સ્વતઃ શુદ્ધ હોય, છતાં જો વક્તા દ્વારા અશુદ્ધ રૂપે રજૂ કરાય તો તે બાબત જે રીતે રજૂ કરી હોય છે તે રીતે તો યોગ્ય ન જ ગણાય. જે રીત યોગ્ય હોય છે તે રીતે તેમાં રજૂઆત કરાઈ હોતી નથી. તેમ છતાં હેતુ રજૂ તો કર્યો જ હોય છે; [ પરંતુ તેની રજૂઆત વિસંવાદી હોય છે. ]

3. अतो वक्तुरपराधादपि परार्थानुमाने हेतुर्दृष्टान्तो वा दुष्टः स्यादपि । न च सादृश्यादसादृश्याद्वा साध्यप्रतिपत्तिः, अपि तु साध्यनियताद्धेतोः । अतः साध्यनियतो हेतुरन्वयवाक्येन व्यतिरेकवाक्येन च वक्तव्यः । अन्यथा गमको नोक्तः स्यात् । स तथोक्तो दृष्टान्तेन सिद्धो दर्शयितव्यः । तस्माद् दृष्टान्तो नामान्वयव्यतिरेकवाक्यार्थप्रदर्शनः । न चेह व्यतिरेकवाक्यं प्रयुक्तम् । अतो वैधर्म्यदृष्टान्त इहासादृश्यमात्रेण साधक उपन्यस्तः । न च तथा साधकः । व्यतिरेकविषयत्वेन स साधकः । न च तथोपन्यस्त इति अयमप्रदर्शितव्यतिरेको वक्तुरपराधाद् दुष्टः ॥

3. એટલે પરાર્થાનુમાનમાં વક્તાના અપરાધથી પણ હેતુ કે દૃષ્ટાંત દૂષિત હોઈ શકે. [ સાધ્યધર્મીના સાધર્મ્યદૃષ્ટાંત કે વૈધર્મ્યદૃષ્ટાંત સાથેના અનુક્રમે ] સાદૃશ્ય કે અસાદૃશ્યથી જ કાંઈ સાધ્યસિદ્ધિ થતી નથી; તે તો ખરેખર સાધ્ય વિષે નિયત એવા હેતુ વડે જ થાય છે. આથી અન્વયવાક્યથી [ સીધી રીતે ] કે વ્યતિરેકવાક્યથી [ આડકતરી રીતે ] હેતુ સાધ્યનિયત હોવાનું બતાવવું જોઈએ. નહિ તો તે [ પરોક્ષ અર્થનો ] પ્રકાશક [ હેતુ ] કહ્યો ન ગણાય. એ પ્રકારનો [ સાધ્યનિયત ] હેતુ દૃષ્ટાંત વડે સિદ્ધ હોવાનું બતાવવું જોઈએ. આમ દૃષ્ટાંત ખરેખર તો અન્વયવાક્ય કે વ્યતિરેકવાક્યના અર્થને [ વિશેષ પ્રમાણ દ્વારા ] પ્રતીતિકર બનાવનાર[-માત્ર ] હોય છે. હવે અહીં રજૂ કરેલા દૃષ્ટાંત સાથે વ્યતિરેકવાક્ય બતાવ્યું નથી. એટલે અહીં તો [ જાણે કે ] વૈધર્મ્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટાંત [ સાધ્યધર્મી સાથેના ] અસાદૃશ્યમાત્રથી સાધ્ય સિદ્ધ કરવા રજૂ કરાયું છે; પણ તેમ તે સાધ્યસિદ્ધિ કરી શકતું નથી. તે તો માત્ર વ્યતિરેકવાક્યના [ એક નમૂનારૂપ વિશિષ્ટ પ્રમાણ કિંવા ] વિષય તરીકે જ સાધ્ય સિદ્ધ કરી શકે છે. પણ અહીં તેમ ( = વ્યતિરેક સાથે ) રજૂ થયું નથી. એટલે અહીં રજૂ કરેલું દૃષ્ટાંત વ્યતિરેક સાથે અપ્રદર્શિત હોવાથી વક્તાના અપરાધે દૂષિત ગણાય. ( ૧૩૪ )

**विपरीतव्यतिरेको यथा — यदकृतकं तन्नित्यं भवतीति ।। १३५ ।।**

**વિપરીત–વ્યતિરેકવાળું [ દૂષિત દૃષ્ટાંત : ] જેમ કે —**

**" જે અકૃતક હોય તે નિત્ય હોય ",**

**[ — એવી વ્યતિરેક-વ્યાપ્તિ સાથે રજૂ કરેલું કોઈ દૃષ્ટાંત. ] ( ૧૩૫ )**

1. विपरीतो व्यतिरेको यस्मिन् वैधर्म्यदृष्टान्ते स तथोक्तः । तमुदाहरति — यथा यदकृतकमित्यादि ।

1. જે વૈધર્મ્યદૃષ્ટાંત સાથે વિપરીત [ રૂપે ] વ્યતિરેક [ કહ્યો ] હોય તેનું ઉદાહરણ આપ્યું છે.

2. इहान्वयव्यतिरेकवाक्याभ्यां साध्यनियतो हेतुर्दर्शयितव्यः । यदा च साध्यनियतो हेतुर्दर्शयितव्यस्तदा व्यतिरेकवाक्ये साध्याभावः साधनाभावे नियतो दर्शयितव्यः । एवं हि हेतुः साध्यनियतो दर्शितः स्यात् । यदि तु साध्याभावः साधनाभावे नियतो नाख्यायते, साधनसत्तायामपि साध्याभावः संभाव्येत । तथा च साधनं साध्यनियतं न प्रतीयेत । तस्मात् साध्याभावः साधनाभावे नियतो वक्तव्यः ।

2. અનુમાનમાં અન્વય અને વ્યતિરેકના કથન વડે સાધ્યનિયત હેતુ બતાવવાનો હોય છે. વળી જ્યારે હેતુને સાધ્યનિયત બતાવવો હોય ત્યારે [ અન્વયવાક્યની સાથે સાથે તેની સત્યતાની પ્રતીતિ કરાવવા ] વ્યતિરેકવાક્યમાં સાધ્યાભાવને સાધનાભાવ વિષે નિયત બતાવવો જોઈએ. તો જ હેતુ સાધ્યનિયત હોવાનું પ્રદર્શિત કર્યું ગણાય. અને જો સાધ્યાભાવ એ સાધનાભાવ વિષે નિયત હોવાનું ન બતાવાય તો સાધન હોવા છતાં સાધ્યાભાવ સંભવે; ને તો સાધન તે સાધ્યનિયત હોવા[રૂપ અન્વય પણ ] પ્રતીત ન થાય. એટલે સાધ્યાભાવ તે સાધનાભાવ વિષે નિયત કહી બતાવવો જોઈએ.

3. विपरीतव्यतिरेके च साधनाभावः साध्याभावे नियत उच्यते न साध्याभावः साधनाभावे । तथा हि — यदकृतकमिति साधनाभावमनूद्य तन्नित्यमिति साध्याभावविधिः ।

3. પરંતુ વ્યતિરેકના વિપરીત [ કથન ]માં સાધનાભાવ તે સાધ્યાભાવ વિષે નિયત બતાવાયો હોય છે, સાધ્યાભાવ સાધનાભાવ વિષે નિયત નહિ. એ મુજબ [ સૂત્રમાં રજૂ કરેલા વિપરીત વ્યતિરેકમાં પણ ] ' જે અકૃતક હોય ' એ શબ્દ દ્વારા [ કૃતકત્વરૂપ ] સાધનના અભાવનો અનુવાદ કરીને ' તે નિત્ય હોય છે ' એ શબ્દથી સાધ્યાભાવનું વિધાન કર્યું છે.

4. ततोऽयमर्थः — अकृतको नित्य एव । तथा च सति अकृतकत्वं नित्यत्वे साध्याभावे नियतमुक्तं, न नित्यत्वं साधनाभावे । ततो न साध्यनियतं हेतुं व्यतिरेकवाक्यमाह । तथा च विपरीतव्यतिरेकोऽपि वक्तुरपराधाद् दुष्टः ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

4. એટલે [ આ મુજબ તો ] અર્થ આમ થાય : જે અકૃતક હોય તે નિત્ય જ હોય. એટલે આ રીતે અકૃતકત્વ [ એ સાધનાભાવ ] તે નિત્યત્વ એ સાધ્યાભાવ વિષે નિયત કહ્યો છે; [ સાધ્યભાવરૂપ ] નિત્યત્વ તે સાધનાભાવ[ રૂપ અકૃતકત્વ ] વિષે નિયત નહિ. એટલે આ [ વિપરીત એવું ] વ્યતિરેકવાક્ય હેતુ સાધ્યનિયત હોવાનું બતાવતું નથી. એટલે [ વૈધર્મ્ય-દૃષ્ટાંત સાચું હોય છતાં ] વ્યતિરેક વિપરીત રીતે વક્તાના અપરાધથી પણ કહેવાયો હોય તો દૃષ્ટાંત દૂષિત જ ગણાય. ( ૧૩૫.)

दृष्टान्तदोषानुदाहृत्य दुष्टत्वनिबन्धनत्वं दर्शयितुमाह –

**न ह्येभिर्दृष्टान्ताभासैर्हेतोः सामान्यलक्षणं सपक्ष एव सत्त्वं विपक्षे च सर्वत्रासत्त्वमेव निश्चयेन शक्यं दर्शयितुं विशेषलक्षणं वा । तदर्थापत्त्यैषां निरासो वेदितव्यः ॥ १३६ ॥**

દૃષ્ટાંતદોષોનાં ઉદાહરણ આપીને એમની દૂષિતતાના કારણનું સ્વરૂપ દર્શાવતાં કહે છે :

**આ દૃષ્ટાંતાભાસો વડે 'સપક્ષમાં જ સત્ત્વ અને સર્વ વિપક્ષમાં અસત્ત્વ જ' એવું હેતુનું સામાન્યલક્ષણ કે [ તદુત્પત્તિ આદિ ] વિશેષલક્ષણ પણ બતાવવું શક્ય હોતું નથી. એટલે અર્થાપત્તિ વડે જ એમનો નિરાસ સમજી લેવો. (૧૩૬)**

1. न ह्येभिरिति । साध्यनियतहेतुप्रदर्शनाय हि दृष्टान्ता वक्तव्याः । एभिश्च हेतोः सपक्ष एव सत्त्वं विपक्षे च सर्वत्रासत्त्वमेव यत् सामान्यलक्षणं तत् निश्चयेन न शक्यं दर्शयितुम् ।

1. હેતુ સાધ્યનિયત છે તેમ બતાવવા દૃષ્ટાંતો કહેવાવાં જોઈએ. પરંતુ આ દૂષિત દૃષ્ટાંતો વડે 'સપક્ષમાં જ સત્ત્વ અને સર્વ વિપક્ષમાં અસત્ત્વ જ' એવું હેતુનું સામાન્ય લક્ષણ નિશ્ચયપૂર્વક બતાવવું શક્ય નથી.

2. ननु च सामान्यलक्षणं विशेषनिष्ठमेव प्रतिपत्तव्यं न स्वत एवेत्याह – विशेषलक्षणं वा । यदि विशेषलक्षणं प्रतिपादयितुं शक्येत, स्यादेव सामान्यलक्षणप्रतिपत्तिः । विशेषलक्षणमेव तु न शक्यमेभिः प्रतिपादयितुम् ।

2. [ અહીં કોઈ જિજ્ઞાસુ સહજભાવે પૂછે છે : ] " કોઈ પણ વસ્તુનું સામાન્ય લક્ષણ, તે વસ્તુના [ તે તે ] વિશેષો(=પ્રકારો )માં પ્રતિબિંબિત સ્વરૂપે જ જાણવું શક્ય હોય છે, સ્વતઃ નહિ; [ તો પછી હેતુનો તે તે પ્રકાર પણ આવાં દૃષ્ટાંત દ્વારા ન બતાવી શકાય એમ પણ કહેવું જોઈએ ને ? ] " આ [ વાજબી પ્રશ્ન ] ને ધ્યાનમાં રાખીને જ સૂત્રમાં [ હેતુના ] ' વિશેષલક્ષણ '-નો પણ ઉલ્લેખ કર્યો છે. જો કદાચ [ આ દૃષ્ટાંતોથી હેતુના તદુત્પત્તિ આદિ પ્રકારોમાંથી કોઈ ને કોઈ ] પ્રકારનું લક્ષણ પ્રતિપાદિત થઈ શકતું હોય, તો પછી હેતુના સામાન્ય લક્ષણનું પ્રતિપાદન પણ [ એમાંથી આપોઆપ ] થઈ જાય; [ ને તો આ દૃષ્ટાંતો દૂષિત ન ઠરે. ] પરંતુ આ દૃષ્ટાંતો [ તે તે પ્રસંગે ] હેતુના [ સ્વભાવનિયતત્વ કે કારણનિયતત્વરૂપ ] વિશેષ પ્રકારના લક્ષણને જ સ્થાપિત કરી શકતાં નથી.

3. तस्मादर्थापत्त्या सामर्थ्येन एषां निराकरणं द्रष्टव्यम् ।

3. આમ [ પોતે સર્વ રીતે સ્વકાર્યમાં અસમર્થ હોવાની હકીકતને આધારે ઉદ્ભવતી ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાપત્તિથી, એટલે કે [ એ હકીકતના ] સામર્થ્યથી [ જ ] આવાં [ આભાસી ] દૃષ્ટાંતોનું [ દૃષ્ટાંત તરીકે ] નિરાકરણ ( એટલે કે તેમનું દૃષ્ટાંતાભાસપણું ) ફલિત થાય છે તેમ સમજવું.

4. साध्यनियतसाधनप्रतीतये उपात्ताः । तदसमर्था दुष्टाः, स्वकार्याकरणादिति असामर्थ्यम् ।

4. [ એ અર્થાપત્તિ કે સામર્થ્ય આમ પ્રવર્તે :] ઉક્ત દૃષ્ટાંતો સાધ્યનિયત એવા સાધનની પ્રતીતિ માટે રજૂ કરાયાં છે. પણ તેમ કરવામાં અસમર્થ હોઈ દૂષિત છે; કારણ કે તેઓ સ્વકાર્ય કરી શકતાં નથી. આમ તેમનામાં અસામર્થ્ય રહેલું છે.

5. इयता साधनमुक्तम् ॥

5. અહીં સુધીની ચર્ચાથી [ એકંદરે તો] હેતુની [સમગ્ર] ચર્ચા [ જ ] થઈ છે. ( ૧૩૬ )

दूषणं वक्तुमाह —

**दूषणा न्यूनताद्युक्तिः ॥ १३७ ॥**

[ પ્રતિવાદી દ્વારા કરાતા હેતુ–]દૂષણનું સ્વરૂપ કહે છે :

**દૂષણા એટલે ન્યૂનતા–આદિની ઉક્તિ. ( ૧૩૭ )**

1. दूषणा का द्रष्टव्या ? न्यूनतादीनामुक्तिः । उच्यतेऽनयेत्युक्तिर्वचनं न्यूनतादेर्वचनम् ॥

1. દૂષણા ( = દૂષણ ) કોને કહેવાય ? ન્યૂનતા આદિની ઉક્તિને. ' ઉક્તિ ' એટલે જેનાથી [ મનની વાત ] કહેવાય તે, અર્થાત્ વચન. એટલે ન્યૂનતા આદિનું વચન તે દૂષણા. ( ૧૩૭ )

दूषणं विवरीतुमाह —

**ये पूर्वं न्यूनतादयः साधनदोषा उक्तास्तेषामुद्भावनं दूषणम् । तेन परेष्टार्थसिद्धिप्रतिबन्धात् ॥ १३८ ॥**

દૂષણના સ્વરૂપનું વિવરણ કરે છે :

**જે ન્યૂનતા વગેરે સાધનદોષો પૂર્વે કહ્યા છે, તે [ પરના વક્તવ્યમાં ] ચીંધી બતાવવા તે દૂષણ; કારણ કે તેનાથી પરને ઇષ્ટ એવા અર્થની સિદ્ધિ બાધિત થાય છે. ( ૧૩૮ )**

1. ये पूर्वं न्यूनतादयोऽसिद्धविरुद्धानैकान्तिका उक्तास्तेषामुद्भावनं यद् वचनं यत् तद् दूषणम् ।

1. પૂર્વે જે [ હેતુના કોઈ ને કોઈ રૂપની ] ન્યૂનતા આદિ સાધનદોષો એટલે કે અસિદ્ધ, વિરુદ્ધ કે અનૈકાન્તિક હેત્વાભાસો કહ્યા છે તે [ પરવાદીની દલીલમાં ] ચીંધી બતાવનારું જે વચન, તે ' દૂષણ ' કહેવાય.

2. ननु च न्यूनतादयो न विपर्ययसाधनाः । तत् कथं दूषणमित्याह — तेन न्यूनतादिवचनेन परेषामिष्टश्चासावर्थश्च तस्य सिद्धिः निश्चयस्तस्याः प्रतिबन्धात् । नावश्यं विपर्ययसाधनादेव दूषणं विरुद्धवत् । अपि तु परस्याभिप्रेतनिश्चयविबन्धात् निश्चयाभावो भवति निश्चयविपर्यय इत्यस्त्येव विपर्ययसिद्धिरिति । उक्ता दूषणा ॥

2. [ કોઈ પૂછે : ] "ન્યૂનતા વગેરે દોષો વિપરીત અર્થની સિદ્ધિ તો કરતા નથી, તો પછી તે બતાવવા તે દૂષણ કઈ રીતે કહેવાય ?" આના સમાધાનરૂપે કહે છે : એ ન્યૂનતા આદિના વચન વડે પરવાદીને ઇષ્ટ એવા અર્થની સિદ્ધિમાં એટલે કે નિશ્ચયમાં બાધા ઊભી કરાય છે. [ અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે ] વિરુદ્ધ [ હેત્વાભાસ ]ની જેમ કાંઈ વિપરીત ધર્મની સિદ્ધિ થયે જ દૂષણ સધાય એવું નથી. ભલે ને દૂષણ, [ વિરુદ્ધ ધર્મની સિદ્ધિ ન કરતાં માત્ર ] પરવાદીને અભિપ્રેત એવા નિશ્ચયને જ બાધિત કરે; તેથી જે નિશ્ચયાભાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધ થાય છે એ પણ નિશ્ચયનો વિપર્યય જ છે ને ? આ રીતે [ ન્યૂનતાદિ દોષો બતાવવાથી પણ ] વિપર્યયસિદ્ધિ [ એક યા બીજી રીતે ] થાય જ છે. દૂષણની ચર્ચા પૂરી થઈ. ( ૧૩૮ )

**दूषणाभासास्तु जातयः ॥ १३९ ॥**

**જ્યારે દૂષણાભાસ તે 'જાતિ' કહેવાય. ( ૧૩૯ )**

1. दूषणाभासा इति । दूषणवदाभासन्त इति दूषणाभासाः । के ते । जातय इति । जातिशब्दः सादृश्यवचनः । उत्तरसदृशानि जात्युत्तराणि । उत्तरस्थानप्रयुक्तत्वादुत्तरसदृशानि जात्युत्तराणि ।

1. જે, દૂષણ ( = પરવાદીની દલીલનો દોષ બતાવનાર વચન ) જેવું દેખાય [ પણ ખરેખર દૂષણ ન હોય ] તે દૂષણાભાસ કહેવાય. એનો [ વધુ પ્રચલિત ] પર્યાય કયો ? તો કહે 'જાતિ'. 'જાતિ' શબ્દ [ અહીં ] સાદૃશ્યવાચક સમજવાનો છે. [ દૂષણાભાસને 'જાતિ' એટલા માટે કહે છે કે ] તે ઉત્તર( = દૂષણ )ની સદૃશ ( = ઉપરઉપરથી મળતા આવનાર ) હોય છે. [ દૂષણાભાસો કિંવા ] જાત્યુત્તરોને [ પરવાદીની દલીલના ] ઉત્તરને સ્થાને પ્રયોજ્યા હોય છે તેથી [ જ ] ઉત્તર જેવા [ કહેવાયા ] છે. ( ૧૩૯ )

तदेवोत्तरसादृश्यमुत्तरस्थानप्रयुक्तत्वेन दर्शयितुमाह –

**अभूतदोषोद्भावनानि जात्युत्तराणीति ॥ १४० ॥**

**॥ तृतीयपरिच्छेदः समाप्तः ॥ ॥ न्यायबिन्दुः समाप्तः ॥**

[ જાતિઓનો ] પ્રયોગ ઉત્તરને સ્થાને થયો હોઈ તેનું ઉત્તર ( = દૂષણ ) સાથે સાદૃશ્ય બતાવે છે :

**ન હોય તે દોષના ઉદ્ભાવક તે જાત્યુત્તર. ( ૧૪૦ )**

**( તૃતીય પરિચ્છેદનાં સૂત્રો સમાપ્ત ) ( 'ન્યાયબિંદુ' સમાપ્ત )**

1. अभूतस्यासत्यस्य दोषस्य उद्भावनानि । उद्भाव्यत एतैरिति उद्भावनानि वचनानि । तानि जात्युत्तराणि । जात्या सादृश्येनोत्तराणि जात्युत्तराणीति ॥

1. [ પરવાદીના સાધનમાં ] ન હોય તેવા એટલે અસત્ દોષના ઉદ્ભાવક [ તે જાત્યુત્તર ]. જેનાથી [ દોષનો ] ઉદ્ભવ કરાય ( = ચીંધી બતાવાય ) તે વચનને 'ઉદ્ભાવક' કહેવાય. તે જાત્યુત્તર [ કહેવાય ] છે. [ 'જાત્યુત્તર' શબ્દની વ્યુત્પત્તિ જોઈએ તો: ] જાતિથી એટલે કે [ સાચા દૂષણ કે સાચા ઉત્તર સાથે ] સાદૃશ્ય લાગે તે રીતે જે ઉત્તર રજૂ કર્યા હોય તે જાત્યુત્તરો કહેવાય. ( ૧૪૦ )

कतिपयपदवस्तुव्याख्यया यन्मयाप्तं कुशलममलमिन्दोरंशुवन्न्यायबिन्दोः ।
पदमजरमवाप्य ज्ञानधर्मोत्तरं यज्जगदुपकृतिमात्रव्यापृतिः स्यामतोऽहम् ॥

( સમાપ્તિનું મંગલવચન : )

'ન્યાયબિંદુ'નાં કેટલાંક પદો અને વસ્તુઓ( =વિચારો )ના વિવરણ વડે જે ચંદ્રનાં કિરણ જેવું નિર્મળ કુશલ ( = પુણ્ય ) મને પ્રાપ્ત થયું છે, તેના વડે, જ્ઞાન અને ધર્મથી ઉત્કૃષ્ટ એવું જે અજર પદ [ ને સાથેસાથે જ્ઞાનયુક્ત ધર્મોત્તરનું જે પદ ] તેને પામીને હું માત્ર જગતના ઉપકારમાં સક્રિય રહું.

**आचार्यधर्मोत्तरविरचितायां न्यायबिन्दुटीकायां तृतीयः परिच्छेदः समाप्तः ॥**

**॥ समाप्तेयं न्याय बिन्दुटीका ॥**

**આચાર્યધર્મોત્તરરચિત 'ન્યાયબિંદુટીકા'માંનો ત્રીજો પરિચ્છેદ સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ન્યાયબિંદુ : ટિપ્પણ

## પ્રથમ પરિચ્છેદ : પ્રત્યક્ષ

( ધ૦પ્ર૦ : ધર્મોત્તરની ટીકા પર દુર્વેકની धर्मोत्तरप्रदीप અનુટીકા )

**સૂત્ર ૧ :**

ધર્મોત્તરની સૂત્રવિવેચનશૈલીની મુખ્ય લાક્ષણિકતાઓ તપાસવા માટે આ સૂત્ર પરની ટીકા નમૂનારૂપ છે.

અહીં ટીકામાં નિર્દેશેલી અભિધેય–આદિ અનુબંધ ઉલ્લેખવાની ભારતીય શાસ્ત્રોની પ્રથા, શાસ્ત્રોનું કેન્દ્ર જીવન છે ( સરખાવો : सर्वस्य लोचनं शास्त्रम् । ) એ બાબત બહુ સમર્થ રીતે ફલિત કરી આપે છે.

9 : મૂળમાં व्याख्यातॄणां ( वचनं ) – એવો પાઠ છે. આનો અર્થ શ્ચેરબાટ્સ્કી writers of romance એવો ( અર્થાત્ કથાકારો ) કરે છે. દુર્વેક 'ટીકાકાર' અર્થ કરતા જણાય છે; જો કે તેમણે व्याख्यातृનો પર્યાય નથી આપ્યો. વળી व्याख्यातॄणांના પાઠાન્તર તરીકે आख्यातॄणां टीकाकाराणां हि એવો પાઠ B હસ્તપ્રતમાં મળે છે એ પણ ધ્યાનપાત્ર છે. આમ છતાં ટીકાકારો 'ગમ્મત ખાતર' ( क्रीडाद्यर्थम् ) જુદું વિધાન કરે એ વાત જલદી ગળે ઊતરતી નથી. એ દૃષ્ટિએ શ્ચે૦ 'કથાકારો' એ અર્થ તરફ ખેંચાયા હોય. અહીં ધર્મોત્તરનો આશય ચિંત્ય છે.

12 : સૌત્રાન્તિક અને યોગાચાર એ ઉભય મતને અનુકૂળ સમ્યગ્‌–જ્ઞાનનું લક્ષણ –'સાંવૃતિક' લક્ષણ.

17 : મૂળમાં विकल्पનાં બે વિશેષણો છે : अलिङ्गेन, नियामकमदृष्ट्वा प्रवृत्तेन. તે બંને દ્વારા અનુક્રમે અનુમાનરૂપ વિકલ્પ અને પ્રત્યક્ષજનિત વિકલ્પનો ઉલ્લેખ કર્યો જણાય છે. આ બે વિશેષણોમે માત્ર અનુમાનપરક ગણનારા મતો પણ છે. એવા બે મતો આ બંને વિશેષણોથી અહીં અનુમાનજ્ઞાનના જ અપ્રામાણ્યનો નિરાસ જુએ છે. તો પ્રત્યક્ષજ્ઞાનના અપ્રામાણ્યના નિરાસનું શું ? એનો નિરાસ તેઓ 'પ્રમાણ અનધિગતાર્થગન્તૃ હોય છે' એ ચર્ચાના 'અધિકારથી' સિદ્ધ ગણે છે ( જુઓ ધ૦ પ્ર૦ ). કહેવાનો આશય એવો છે કે વિકલ્પ લિંગજનિન કે અર્થજનિત ન હોય તો અનિયત અર્થ જ બતાવે ને તેથી અપ્રમાણ જ ઠરે.

23 : મૂળમાં અહીં નિર્દેશેલ બે જ્ઞાન માટે અનુક્રમે अर्थक्रियानिर्भासम् અને अर्थ-क्रियासमर्थे प्रवर्तकम् એવા શબ્દો છે. તેમાંનું પ્રથમ જ્ઞાન એટલે પિપાસાશમન આદિ અર્થક્રિયા કિંવા પુરુષાર્થસિદ્ધિનો પોતાનો જ અનુભવ ( = બોધ ) અને દ્વિતીય જ્ઞાન એટલે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના હેતુરૂપ જ્ઞાદિનું જ્ઞાન; તેમાંથી સૂત્રમાં ઉલ્લેખાયેલું જ્ઞાન તે દ્વિતીય. સમગ્ર પરિચ્છેદની વિવક્ષા એ છે કે આ શાસ્ત્રનો ઉદ્દેશ્ય વ્યક્તિનાં ધ્યેયો કે અભિલાષોનાં સમ્યક્ત્વ–અસમ્યક્ત્વના પરીક્ષણનો નથી, પરંતુ તે ધ્યેયો કે અભિલાષોની સિદ્ધિ માટે જરૂરી એવાં સાધનોના જ્ઞાનના સમ્યક્ત્વ–અસમ્યક્ત્વના પરીક્ષણનો છે.

26 : લાઘવ અર્થે ગ્રંથકારે પદાર્થોના હેય, ઉપાદેય ને ઉપેક્ષણીય એવા ત્રણ વર્ગોની જગાએ પ્રથમ બે જ વર્ગોની કલ્પના પર્યાપ્ત માની છે.

27 : પુરુષાર્થસિદ્ધિ એટલે વ્યક્તિના તત્તત્પદાર્થવિષયક હાન કે ઉપાદાનરૂપ પ્રયોજનનું અમલી સ્વરૂપ.

28 ; 'સર્વ' શબ્દ હાન કે ઉપાદાન એ બંને વર્ગોને માત્ર સામાન્ય રૂપે જ આવરી લેતો નથી, પણ બંને વર્ગોના એકેએક વિશેષને આવરી લે છે.

29 : મિથ્યાજ્ઞાનથી વ્યક્તિ પ્રવર્તી શકે ખરી, પરંતુ તેના ફળરૂપે અર્થસિદ્ધિ થાય તો તે જ્ઞાનથી પ્રદર્શિત અર્થ કરતાં અન્ય અર્થની જ સિદ્ધિ થશે. એટલે એ જ્ઞાને બતાવેલા અર્થની સિદ્ધિ તો ન જ થઈ ગણાય. વળી જે અન્ય અર્થ સિદ્ધ થાય તેની પણ તરત પૂર્વે મિથ્યાજ્ઞાનનો નિરાસ કરનારું સમ્યગ્ જ્ઞાન ઉપજે તે આવશ્યક ગણાય. એટલે તે અન્ય અર્થની સિદ્ધિ મૂળ મિથ્યાજ્ઞાનથી નહિ, પણ પછી થયેલા સમ્યગ્જ્ઞાનથી જ પ્રયુક્ત ગણાય. પુરુષાર્થસિદ્ધિમાત્ર માટે સમ્યગ્જ્ઞાનની અનિવાર્યતાની વાત એટલે જ આચારશાસ્ત્ર માટે તત્ત્વવિદ્યાની અનિવાર્યતાનું પ્રતિપાદન.

**સૂત્ર ૨ :**

(મૂળ અને અનુવાદ બંનેમાં પરિચ્છેદ–ક્રમાંક 1 અને 2 નાખી દેવા.)

2 ; સમ્યગ્જ્ઞાનનું સામાન્ય લક્ષણ કહેવાનું કેમ શક્ય નથી તે ધર્મોત્તરે સ્પષ્ટ કર્યું નથી. તેમણે જ આગલા સૂત્રની ટીકામાં अविसंवादकं ज्ञानं सम्यग्ज्ञानम् એમ સામાન્ય લક્ષણ આપ્યું છે તેનું શું ? આનો ઉત્તર દુર્વેકે ધ૦પ્ર૦માં આપવા પ્રયત્ન કર્યો છે. તેઓ ઉપર્યુક્ત સામાન્ય લક્ષણ આપવાનું શક્ય હોવાનું સ્વીકારીને પણ સૂત્રકાર દ્વારા તે ન અપાયાનાં બે વૈકલ્પિક કારણો આપે છે : १. ज्ञानानां तत्प्रातिस्विकं रूपं प्रवृत्तिकामानां प्रवृत्त्युपयोगि तदुपलक्षणं नास्ति.. । (બધાં જ્ઞાનોનું એવું સર્વસાધારણ સ્વરૂપ, કે જે પ્રવર્તવા ઇચ્છનારાને પ્રવૃત્તિમાં ઉપયોગી થાય, તે ચીંધવું શક્ય નથી.) २. विप्रतिपत्तिनिराकरणप्रवणं यत्साधारणं लक्षणं तन्नास्ति । (જ્ઞાનમાત્રનું તેવું સાધારણ લક્ષણ કે જે અન્ય મતોનું નિરસન કરે તેવું હોય તે કહી શકાય તેમ નથી.) અતિપ્રસિદ્ધ એવા સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા આપવાથી વિશેષ અર્થ ન સરે એવો આનો ધ્વનિ જણાય છે. વિનીતદેવ આ પ્રશ્ન છેડતા જ નથી. શ્ચેરબાટ્સ્કીને પણ ધર્મોત્તરનું કથન ગળે ઊતરતું નથી. જો કે તેઓ પણ દુર્વેકની જેમ ધર્મોત્તરના એ કથનને ન્યાય કરવા કહે છે કે કદાચ તેમને ઉક્ત વ્યાખ્યા શાબ્દિક લાગી હોય.

**સૂત્ર ૩ :**

1 : 'પ્રત્યક્ષ'નો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ 'અક્ષ (=ચક્ષુથી ઉપલક્ષિત ઇન્દ્રિયમાત્ર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર આશ્રિત' જ્ઞાન. પછી તેનો લક્ષણા દ્વારા 'પદાર્થનું સાક્ષાત્કારિ જ્ઞાન' એવો અર્થ વિકસ્યો. મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચે એકાર્થસમવાય-સંબંધ છે, એટલે કે 'અક્ષાશ્રિતત્વ' એ મુખ્યાર્થ અને 'અર્થસાક્ષાત્કારિત્વ' એ લક્ષ્યાર્થ – એ બંને વિશદત્વધર્મથી વિશિષ્ટ એવા ઇન્દ્રિયજ્ઞાનમાં સમવાયસંબંધે રહે છે.

સૂત્ર ૪ :

2 : ધર્મોત્તર મુજબ ઉક્ત સૂત્રમાં 'પ્રત્યક્ષ'નો પદાર્થ તો પ્રસિદ્ધ હોઈ આ સૂત્રનો ઉદ્દેશ્ય તે પ્રસિદ્ધ પદાર્થના ધર્મોનું યથાર્થ પૃથક્કરણ કરી આપવાનો છે. અલબત્ત, આપણે એટલું ઉમેરી શકીએ કે આ સૂત્રથી 'પ્રત્યક્ષ' જ્ઞાન કોને કહેવું તે અંગેની સમજ પરિમાર્જિત થતાં પ્રત્યક્ષ વિષેના ભ્રાન્ત વ્યવહારથી બચવાનું બને. 'પ્રત્યક્ષ' તરીકે લોકવ્યવહારમાં ઓળખાતું બધું જ કાંઈ યથાર્થ રીતે પ્રત્યક્ષજ્ઞાન હોતું નથી.

5 : 'કલ્પનારહિત' (कल्पनापोढ) એટલે પોતે કલ્પનારૂપ ન હોય તે – એવો અર્થ છે, 'જેને વિષે કલ્પનારૂપ અન્ય ભાવનો સંયોગ નથી થયો' એવો અર્થ નહિ. નહિ તો કલ્પનારૂપ સવિકલ્પ પ્રત્યક્ષ પોતે અન્ય કલ્પનાના સંયોગવાળું ન હોઈ તે પણ कल्पनापोढ ઠરે.

6 : 'सन्निवेशोपाधिवर्णात्मक એવા વસ્તુરૂપ વિષે ભ્રમ નહિ ધરાવનાર જ્ઞાન તે પ્રત્યક્ષજ્ઞાન' – આ લક્ષણમાંથી જન્મતા પ્રશ્નની ચર્ચા દુર્વેક સવિસ્તર કરે છે. 'પરમાણુ જ જો પારમાર્થિક રીતે બાહ્ય વસ્તુ હોય તો પ્રત્યક્ષજ્ઞાનમાં વસ્તુ સ્થૂલ રૂપે કેમ દેખાય છે?' એવી શંકાનું તેમણે કરેલું સમાધાન કંઈક અસ્પષ્ટ, કંઇક અપ્રતીતિકર લાગે છે. પ્રશ્ન ઘણો તાત્ત્વિક છે.

8 : ज्ञानान्तरादेव तु वृक्षादिरर्थोऽवाप्यते । : 'અન્ય જ્ઞાનને જ આભારી' એટલે તે સ્થળે પહોંચ્યા બાદ થતા સ્થિર વૃક્ષના પ્રતિભાસને આભારી (ધ०પ્ર०). તેમાં વિશેષમાં ઉમેર્યું છે: ચાલતા વૃક્ષનું મિથ્યાજ્ઞાન પ્રયોજનવાળા પુરુષની પ્રવૃત્તિનો જ હેતુ છે, વૃક્ષપ્રાપ્તિનો હેતુ નહિ.

10 : સૂત્રમાંના 'अभ्रान्त' પદ અંગે છેલ્લે વિશેષ સ્પષ્ટતા કરે છે. અહીં ધર્મોત્તરના મનમાં વિનીતદેવનું ભિન્ન અર્થઘટન હોવાનું સ્પષ્ટ જણાય છે. વિનીતદેવની પ્રસ્તુત સૂત્ર પરની ટીકામાં अविसंवादकलक्षणम् अभ्रान्तत्वम् એવા શબ્દો છે. આ અર્થ મુજબ તો અનુમાન વિનીતદેવની દૃષ્ટિએ ભ્રાન્ત ન ગણાય; કારણ કે તે સંવાદક જ્ઞાન છે. ધર્મોત્તરને અનુમાનજ્ઞાનની અવિસંવાદકતા અમાન્ય નથી. પરંતુ પ્રસ્તુત સૂત્રમાં 'अभ्रान्त' પદનો જે અર્થ વિનીતદેવે કરેલો છે તે અંગે તેમણે લીધેલો વાંધો ઘણો વાજબી અને વિશદરૂપે રજૂ કરાયેલો છે. પ્રત્યેક સૂત્રમાં કંઇક નવું કહેવાવું જોઈએ એ ન્યાયે એ વાંધો એમણે રજૂ કર્યો છે. એથી 'અભ્રાન્ત'નો અર્થ સૂત્રકારને 'અર્થક્રિયાક્ષમ વસ્તુરૂપમાં અવિપરીત' એવો અભિપ્રેત હોવો ઘટે તેવી ધર્મોત્તરની રજૂઆત છે. એ અર્થમાં તો 'અભ્રાન્ત' પદથી પણ અનુમાનનો નિરાસ થાય છે — જેમ 'કલ્પનારહિત' પદથી થાય છે તેમ. જ્યારે વિનીતદેવ પોતે સ્વીકારેલા અર્થઘટનના સંદર્ભમાં કહે છે કે સૂત્રમાંના 'કલ્પનારહિત' શબ્દથી અનુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનની વ્યાવૃત્તિ થાય છે અને 'અભ્રાન્ત' શબ્દથી તિમિરરોગી આદિના વિસંવાદી જ્ઞાનની વ્યાવૃત્તિ. ધર્મોત્તર મુજબ આ સૂત્ર દ્વારા અનુમાનથી પ્રત્યક્ષની અત્યંત વિલક્ષણતા તો પ્રતિપાદિત થઈ જ છે, પણ વિશેષે તો પ્રત્યક્ષ જ્ઞાન અંગેના લોક તેમ જ શાસ્ત્રકારોના પણ ખોટા ખ્યાલો સાફ કરવાનો અત્રે આશય છે.

અનુમાન વ્યવહારમાં ઉપયોગી હોવા છતાં તત્ત્વદષ્ટિએ ભ્રાંત છે એવું કથન પણ નિર્વિકલ્પક પ્રકૃતિ ધરાવતા પ્રત્યક્ષની જ પારમાર્થિકતા દ્યોતિત કરે છે. (સરખાવો : सा चेयं प्रमितिः प्रत्यक्षपरा । – ન્યા૦ સૂ૦ ૧. ૧. ૩ પરનું વાત્સ્યાયનભાષ્ય.)

**સૂત્ર ૫ :**

**અવતરણિકા** : અત્રે થયેલા कीदृशी कल्पना એ પ્રયોગના સંદર્ભમાં 'ન્યાયબિંદુટીકા' પરની तात्पर्यनिबन्धनटिप्पन આમ કહે છે : આવું પૂછવા પાછળ કાં તો કલ્પનાનું સ્વરૂપ સમજવાની નરી સહજ જિજ્ઞાસા કામ કરતી હોઈ શકે અથવા કલ્પનાના સ્વરૂપ અંગે શંકાકાર અનેક મતો જાણે છે, તેમાંથી કયા મત અનુસારની કલ્પના અત્રે અભિપ્રેત છે એવો પરિપ્રશ્ન અત્રે અભિપ્રેત હોય. વૈભાષિક અને યોગાચાર એ બે મતે કલ્પનાનું કેવું સ્વરૂપ છે તે પણ આ ટિપ્પન તેમ જ न्यायबिन्दुटीकाटिप्पणी માં નિર્દેશેલ છે. આમાંના બીજા ગ્રંથમાં કંઈક સરલરૂપે એ બે મતો આમ નિર્દેશ્યા છે : तथा हि वैभाषिका इन्द्रियविज्ञान वितर्कविचारचैतसिकसंप्रयुक्तं कल्पनामिच्छन्ति । योगाचारमतेन तु तथागतज्ञानमद्वयं मुक्त्वा सर्वज्ञानं ग्राह्यग्राहकत्वेन विकल्पितं कल्पना । (અર્થ : તો વૈભાષિકો વિતર્ક અને વિચારરૂપ ચૈતસિકથી યુક્ત ઇન્દ્રિયજ્ઞાનને કલ્પના માને છે, જ્યારે યોગાચારમતે દ્વૈતરહિત તથાગતના જ્ઞાન સિવાય ગ્રાહ્ય અને ગ્રાહક – એ રૂપના વિકલ્પથી યુક્ત સર્વ જ્ઞાન કલ્પના છે.) ઉપરાંત એક ત્રીજો મત તેમાં નોંધ્યો છે : जात्यादिसंसृष्टं तु मनोज्ञानं कल्पनेत्यन्ये कल्पयन्ति । (અર્થ : જાતિ-આદિના સંસર્ગવાળું મનોજ્ઞાન તે કલ્પના – એમ બીજા માને છે.)

બૌદ્ધ અધ્યાત્મશાસ્ત્રમાં 'કલ્પના'ની વિભાવના અત્યંત અગત્યની હોઈ, આ ન્યાયશાસ્ત્રમાં પણ તેની આ સૂત્રરૂપે વિશેષ સ્પષ્ટતા કરાઈ છે. ન્યાયશાસ્ત્ર વ્યવહારની ઉપપત્તિ કરીને ય છેવટે અધ્યાત્મશાસ્ત્રનું પ્રવેશદ્વાર બની રહેવાનું છે – એવું અહીં ગૃહીત લાગે છે. સંસાર કલ્પનાશ્રિત છે અને નિર્વાણ કલ્પનામુક્તિરૂપ છે. ધર્મોત્તરની ટીકામાં આપેલું બાળકના વિકલ્પનું ઉદાહરણ પણ જાતિ–જરા–મરણના વિષયકનું અને તેની ભ્રાન્તિનિર્ભરતાનું સૂચન કરે છે.

7 : અહીંથી શરૂ થતી ટીકાનો આશય સમજીએ : પ્રસ્તુત સૂત્રનો પ્રતિપાદ્ય વિષય આમ થયો — પદાર્થનું તેના વાચક શબ્દ સહિતનું જ્ઞાન તે કલ્પના. બીજી રીતે કહીએ તો વાચ્ય–વાચક ઉભયનું સાથે ગ્રહણ કરતું જ્ઞાન તે કલ્પના. તો આમાંથી પ્રશ્ન થાય કે કેવળ વાચ્યગ્રાહી જ્ઞાન કે કેવળ વાચકગ્રાહી જ્ઞાન કલ્પના કહેવાય ? જવાબ છે : ના. દા. ત. ઘટપટાદિ પદાર્થો 'ઘટ', 'પટ' આદિ વાચક શબ્દોના વાચ્ય અર્થો છે ખરા, પણ જ્યારે તે વાચ્ય પદાર્થોનું જ નર્યું જ્ઞાન થાય ત્યારે ભલે વ્યાહિત માણસ એ પદાર્થોને 'વાચ્ય' કહે, પરંતુ એ જ્ઞાન સંવેદતી વ્યક્તિ તો એમને માત્ર તે તે પદાર્થોરૂપે જ ઝીલશે; કશાક વાચકના વાચ્યરૂપે નહિ. તે રીતે 'ઘટ', 'પટ' એવા વાચકોનું શ્રવણ પણ માત્ર શબ્દ કે ધ્વનિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપે જ થાય ત્યારે તે કશાકના 'વાચક' છે એવું ભાન થતું નથી. તેથી તે જ્ઞાન પણ કલ્પનારૂપ નથી; નિર્વિકલ્પક છે.

આ ચર્ચામાં કોઈ પૂર્વપક્ષીએ 'ક્રમ-સે-ક્રમ શ્રોત્રજ્ઞાન તો નિર્વિકલ્પક ન હોઈ શકે' એવી જે ઉપરછલ્લી દલીલ કરી છે તેનો ઉલ્લેખ કરાયો છે. એનો જવાબ ધર્મોત્તરે ટૂંકમાં પણ પ્રતીતિકારક રૂપે આપ્યો છે.

**સૂત્ર ૭ :**

**અવતરણિકા** : આના અનુસંધાનમાં ધ૦પ્ર૦ના ખુલાસા આવા છે : (૧) ઇન્દ્રિયને દ્રષ્ટા કલ્પનારા પોતાના (=બૌદ્ધ) જ જૂથના વૈભાષિકોની દલીલ એવી છે કે જ્ઞાન જો દ્રષ્ટા હોય તો જ્ઞાન અપ્રતિઘ (વ્યવધાનથી પણ પ્રતિઘાત ન પામનારું) હોઈ વ્યવહિત વિષયનું પણ ગ્રહણ કરશે. આ આપત્તિમાંથી ઊગરવા ઇન્દ્રિયમાં દ્રષ્ટાપણું માનવું, જ્ઞાનમાં નહિ. (૨) માનસપ્રત્યક્ષના લક્ષણ સામે ઉઠાવેલો દોષ (=વાંધો) તે ગૃહીતના ગ્રહણમાંથી પ્રસવતા અપ્રામાણ્યનો દોષ. વળી માનસપ્રત્યક્ષનું લક્ષણ અદોષ સમજીને ધારો કે એ પ્રકારનું પ્રત્યક્ષ સ્વીકારીએ તો યે અંધબધિરાદિના અભાવનો દોષ પણ ઊભો રહેશે — આ દલીલ પણ અહીં ગર્ભિત સમજવાની છે. (મૂળ : लक्षणग्रहणस्योपलक्षणत्वात् मानसप्रत्यक्षाभ्युपगमेऽपि यो दोषोऽन्धबधिराद्यभावलक्षणः सोऽपि द्रष्टव्यः ।) (૩) સ્વસંવેદનનો અસ્વીકાર કરનાર મીમાંસકો અને નૈયાયિક-વૈશેષિકોએ જ્ઞાન પોતાની ઉપર ક્રિયા ન કરી શકે એવો વાંધો લીધો છે. (૪) ચાર્વાકો અને મીમાંસકો યોગીના અસ્તિત્વને જ ન સ્વીકારતા હોઈ તેમણે યોગિજ્ઞાનનો અસ્વીકાર કર્યો છે.

**સૂત્ર ૮ :**

1 : ધ૦પ્ર૦ની નોંધ જુઓ : સૂત્રગત 'ઇન્દ્રિયજ્ઞાન' શબ્દ તે ષષ્ઠી-તત્પુરુષ સમાસ છે તેમ કહીને 'ઇન્દ્રિયરૂપ જ્ઞાન' એવો કર્મધારય સમાસ ન સમજવો તેમ નિર્દેશ્યું છે. એ દ્વારા ઇન્દ્રિયના જ્ઞાનને બદલે ખુદ ઇન્દ્રિયને જ પ્રમાણરૂપ માનનારા મીમાંસકમતનું નિરસન કરીને ધર્મોત્તરે ધર્મકીર્તિના અભિપ્રાયની સ્પષ્ટતા કરી છે. વળી 'ઇન્દ્રિયનું જ્ઞાન' એનો પણ અર્થ 'ઇન્દ્રિયને વિષય બનાવનારું અનુમાનજ્ઞાન' એવો ન સમજાઈ જાય માટે તે ષષ્ઠી વિભક્તિ 'ઇન્દ્રિય પર આશ્રિત' એ અર્થમાં છે તેમ સ્પષ્ટ કર્યું છે. ટૂંકમાં, જે જ્ઞાનને ઉત્પન્ન કરવામાં ઇન્દ્રિય પણ એક અનિવાર્ય નિમિત્ત બને તે જ્ઞાન તે ઇન્દ્રિયજ્ઞાન.

**સૂત્ર ૯ :**

3 : સૂત્રગત લક્ષણમાં ઇન્દ્રિયજ્ઞાન માટે વાપરેલા 'સમનન્તરપ્રત્યય' શબ્દ, [અન્ય વ્યક્તિના] ઇન્દ્રિયજ્ઞાનને આલંબીને થનારા યોગિજ્ઞાનને 'મનોવિજ્ઞાન' કહેવાનો પ્રસંગ ન આવે તે માટે છે. ધર્મોત્તરની પૂર્વે થયેલા વિનીતદેવના મતે 'સમનન્તરપ્રત્યય' શબ્દ અંધબધિરાદિ-અભાવ-પ્રસંગ નિવારવા માટે છે. ધર્મોત્તર અહીં એ મત ધ્યાનમાં રાખીને ખંડન કરતા લાગે છે. એમણે આગળ કહ્યું છે તેમ ઉક્ત પ્રસંગનું નિવારણ તો 'ઇન્દ્રિય-જ્ઞાનથી જન્મેલું' એ શબ્દોથી જ થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સમનન્તરપ્રત્યય' : બૌદ્ધો કાર્યકારણભાવની પોતાની વિભાવના 'પ્રતીત્ય-સમુત્પાદ' શબ્દ વડે પ્રગટ કરે છે. 'અમુકમાંથી અમુક ઉત્પન્ન થાય છે' એમ ન કહેવાય; 'અમુક ભાવ છે તો અમુક અન્ય ભાવ અનુભવગોચર બને છે' એમ કહેવાય. આ મતને અનુસરીને કારણનાં વિવિધ ઘટકો માટે તેઓ 'પ્રત્યય' શબ્દ વાપરે છે. 'સમનન્તરપ્રત્યય' શબ્દના વિશિષ્ટ અર્થ બાબત ધ૦પ્ર૦ કહે છે : 'સમાન એવી અવ્યવહિત [ પૂર્વક્ષણ ]રૂપ પ્રત્યય' – એવી આ શબ્દની વ્યુત્પત્તિ હોવા છતાં બાહ્ય પદાર્થની ધારાની પૂર્વક્ષણ નહિ પણ માત્ર વિજ્ઞાનધારાની જ સમાન પૂર્વ ક્ષણ વિષે તે શબ્દ રૂઢ છે. એટલે કે જ્ઞાન-ક્ષણની પૂર્વેની સ્વસમાનજાતીય ક્ષણ તે સમનન્તરપ્રત્યય. એમાં અભિધર્મકોશની વ્યાખ્યા પણ ટાંકી છે : चित्तचैत्ता अचरमा उत्पन्नाः समनन्तरः । ( અર્થ : ઉત્પન્ન થયેલાં તે જ્ઞાનો કે સુખાદિ સંવેદનો કે જે પોતાના જેવી ક્ષણ પછી ન જન્માવે તેમ નથી તે સમનન્તર-પ્રત્યય. ) ( અ૦કો૦ ૨.૬૨ ) ( આથી ભિન્ન રજૂઆત જુઓ : बौद्धानां मते समनन्तरप्रत्ययेति उपादानकारणमुच्यते । – टि० )

સમનન્તરપ્રત્યયથી ભિન્ન એવો आलम्बनप्रत्यय એટલે કોઈ જ્ઞાનરૂપી કાર્યનું વિષયરૂપી કારણ.

7 : દુર્વેક ધ૦પ્ર૦માં એક ટૂંકી ચર્ચા એવી કરે છે કે માનસપ્રત્યક્ષ તે કેવળ ચક્ષુ-વિજ્ઞાનનું નહિ પણ પાંચે ય ઇન્દ્રિયવિજ્ઞાનોનું માનવું જોઈએ; નહિ તો અભિધર્મકોશનું 'पञ्च बाह्या द्विविज्ञेयाः' ( ૨.૪૮ ) ( અર્થ : પાંચ બાહ્યાર્થો બે વડે વિજ્ઞેય છે ) એ વિધાન ખોટું ઠરે. દુર્વેક શબ્દજ્ઞાનજનિત માનસપ્રત્યક્ષની કલ્પના સમજાવવાની મુશ્કેલી સ્વીકારીને તેની પણ કોઈક રૂપે ઉપપત્તિ કરે છે.

## સૂત્ર ૧૦ :

1 : 'ચિત્ત' એટલે વિજ્ઞાન કે પદાર્થબોધ અને 'ચૈત્ત' એટલે વિજ્ઞાનના જ વિશેષ સુખ, દુઃખ ઇત્યાદિ આકારો. દુર્વેક શાસ્ત્રવચન ટાંકે છે : ૧. तत्रार्थदृष्टिर्विज्ञानम् । ( વિજ્ઞાન = ચિત્ત ) ( અર્થનું દર્શન તે વિજ્ઞાન ) ૨. तद्विशेषे तु चैतसाः । ( चैतस = चैत्त ) (જ્ઞાનના વિશેષો તે ચૈતસો. )

## સૂત્ર ૧૧ :

2 : 'ભૂતાર્થની ભાવના' એ મૂળમાંના भूतस्य भावनाનો અર્થપરક અનુવાદ છે. મૂળમાં ભૂતાર્થસ્યને બદલે भूतस्य શબ્દ છે તે અંગે હસ્તપ્રતનું નિપુણ નિરીક્ષણ કરનારા દુ૦મિ૦ કહે છે : ( ૧ ) અર્થદૃષ્ટિએ भूतस्य ને સ્થાને भूतार्थस्य એમ પાઠ જોઈએ. ( ૨ ) પરંતુ મૂળ પાઠની દૃષ્ટિએ વિચારીએ તો भूतस्यને બદલે तस्य પાઠ હશે, કારણ કે भूतार्थभावना એ આખા સમાસમાંના भूतार्थनो અર્થ આગળ કહી દીધો, તેથી भूतार्थ માટે तस्य એવું સર્વનામ વાપરીને જ સમાસ સમજાવવાનું સામાન્ય રીત પ્રમાણે સહજ લાગે છે. હવે અગાઉના भूत શબ્દના સાન્નિધ્યને કારણે લહિયાએ પ્રમાદથી तस्य એ મૂળ પાઠની આગળ भू ઉમેરીને ભ્રાંતિથી भूतस्य કરી નાંખ્યું હશે.

2 : यावद्धि स्फुटाभत्व...नास्ति प्रकर्षगतिः । ' અહીં તાર્કિક અસંગતિ જણાય છે. ભાવનાપ્રકર્ષના 'પર્યન્ત'ની અવસ્થાએ સ્ફુટાભત્વ સહેજ અસંપૂર્ણ રહે એનો અર્થ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે એ અપૂર્ણતા દૂર કરવા હજી થોડું પ્રકર્ષગમન બાકી રહે છે. તો પછી સ્ફુટાભત્વની ક્ષણે ભાવનાપ્રકર્ષનો ‘પર્યન્ત’ એટલે કે છેડો આવ્યો એમ કહેવું કઈ રીતે વાજબી ગણાય ? આવી શંકાને ચ૰મ૰માં વાચા મળી છે : ननु प्रकर्षस्य पर्यन्तः स युज्यते यस्मिन् सति प्रकर्षो निवर्त्तते । तच्च सम्पू(र्ण)मेव स्फुटाभत्वम् , तत्कथमुच्यते कथञ्च पर्यन्तजं योगिज्ञानं, न तु तदेव पर्यन्त इति... । ( અર્થ : “ પ્રકર્ષનો પર્યન્ત તો તેને માનવો ઠીક ગણાય કે જેના અસ્તિત્વથી પ્રકર્ષ અટકી જાય. તેવી અવસ્થા એટલે તો સ્ફુટાભત્વ સંપૂર્ણ થયું હોય તે જ અવસ્થા. તો પછી ‘ યોગિજ્ઞાન તે પર્યન્તમાંથી જન્મે છે ’ એવું શા માટે કહ્યું છે ને શી રીતે યોગ્ય છે ? તેને બદલે ‘ યોગિજ્ઞાન પોતે જ પર્યન્ત છે ’ એમ શા માટે નથી કહ્યું ? ” ) આ શંકાનો જવાબ તેઓ यावद्धि स्फुटाभत्वमपरिपूर्णं तावत् तस्य प्रकर्षगमनम्...એ ધર્મોત્તરના વાક્યમાં જુએ છે. પણ આમાં પ્રશ્નનું સમાધાન થતું લાગતું નથી.

એટલે અહીં રજૂઆત–દોષ તો જરૂર લાગે છે. પણ જ્યારે મૂળ સૂત્રમાં જ આ પ્રકારનું કથન પડેલું છે ત્યારે ધર્મોત્તરની ચર્ચામાં પૂરી વિશદતાનો અભાવ એટલે કે શૈલીદોષ છે તેમ માનીને ધર્મકીર્તિના આ કથન પાછળનો ભાવ સમજવો રહ્યો. બૌદ્ધ ક્ષણભંગવાદને આધારે તે ખુલાસો આ મુજબ શક્ય છે : ઉક્ત વાદ પ્રતિક્ષણનો નિરન્વય વિનાશ માને છે. માત્ર બે કે વધુ અવ્યવહિત ક્ષણો વચ્ચે સાદૃશ્યના અનુભવ ( ‘ કલ્પના ’ )ને આધારે ‘ સદૃશ ક્ષણસંતતિ ’ એવું આરોપણ અને વિસદૃશતાના અનુભવ( ‘ કલ્પના ’ )ને આધારે ‘ વિસદૃશ ક્ષણસંતતિ ’ એવું આરોપણ કરાતું હોય છે. બાકી દરેક ક્ષણ સંપૂર્ણપણે નષ્ટ જ થાય છે ને તેને સ્થાને કહેવાતી ‘ સદૃશ ’ કે ‘ વિસદૃશ ’ ક્ષણ આવી શકે છે. એટલે સ્ફુટાભત્વ ‘ ઈષત્ અસંપૂર્ણ ’ હોય ત્યારે ‘ સદૃશ ’ ક્ષણસંતતિની છેલ્લી ક્ષણ હોય છે અને પછી ‘ વિસદૃશ ’ એવી અનન્તર ક્ષણ તેને સ્થાને જન્મે છે – જેને ‘ યોગિજ્ઞાન ’ કહીએ છીએ. એની પૂર્વની ભાવનાપ્રકર્ષપર્યન્તની ક્ષણથી અનેક રીતે વિલક્ષણ અને અપૂર્વ એવી આ યોગિજ્ઞાનની ક્ષણ છે. એટલે એમાં અગાઉના ઈષત્ અપૂર્ણ સ્ફુટાભત્વનું ઈષત્ પ્રકર્ષગમન થવાનું ન ભાસતાં, ‘ અલૌકિક ’ કે ‘ અચિંત્યકલ્પ ’ કહેવાતા પ્રતીત્યસમુત્પાદવાદ મુજબ, કોઈ અપૂર્વ ચિત્તનું જ અસ્તિત્વ અનુભવાય છે.

અહીં એ સ્પષ્ટ કરવું જોઈએ કે વાસ્તવમાં તો સ્ફુટાભત્વના આરંભથી તેના ઈષત્ અસંપૂર્ણત્વ સુધીના તબક્કાઓમાં પણ કોઈ એક જ વસ્તુનું પ્રકર્ષ–‘ ગમન ’ તો છે જ નહિ. પરંતુ ત્યાં સુધી નજીક–નજીકની ક્ષણોમાં સાદૃશ્યનો પટુ અનુભવ થતો હોવાથી જાણે સ્ફુટાભત્વ એક જ પદાર્થ હોય ને પ્રતિક્ષણ પ્રકર્ષગમન કરતો હોય એવો આભાસ જ થાય છે; તેની જ અપેક્ષાએ ટીકામાં ‘ પ્રકર્ષગમન ’ પ્રયોગ થયેલ છે. જ્યારે તેને ‘ અનુસરતી ’ યોગિજ્ઞાનરૂપ પ્રથમ ક્ષણ એ વિલક્ષણ હોઈ તેની સિદ્ધિ માટે અગાઉની ક્ષણના સ્ફુટાભત્વનું જ કિંચિત્ પ્રકર્ષગમન થવાપણું અનુભવાતું નથી.( અલબત્ત, અગાઉની એ ક્ષણ સાથે મંદ સાદૃશ્યનો અનુભવ થવાનો, વિરોધીપણાનો નહિ. )

બીજી રીતે કહીએ તો પોતાના ધ્યેયના પુનઃ પુનઃ અનુસંધાન વડે ચિત્તમાં એવા ધર્મની ભૂમિકા રચાય છે, જે અગાઉની પ્રયત્નદશા કરતાં આકાર–પ્રકાર–માત્રાદિમાં અત્યંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિલક્ષણ હોય છે. આ જ કહેવાય ‘ પારંગતતા ’, ‘ વૈશારદ્ય ’ અથવા તો ભગવદ્ગીતાની ‘ યોગારૂઢ ’ની અપૂર્વ અવસ્થા.

દુર્વેકની ટીકામાં અગાઉ કહેલા તેમના નબળા ખુલાસા બાદ પ્રશ્નની સત્યતા સમજીને તેનો ઉત્તર આપવાનો થોડો પ્રયત્ન આ મુજબ થયો છે : ततः स पर्यन्त उच्यते यदनन्तरं प्रकर्ष-(कृष्य)माणेन न भवितव्यम् । न तु यदर्थं येषां प्रकर्षवतामुदय इति । ( અર્થ: આથી પ્રકર્ષનો પર્યન્ત તે કહેવાય, કે જેના પછી જે તે ભાવનો પ્રકર્ષ થવાપણું રહે નહિ; જે અંતિમ ફલ માટે પ્રકર્ષ પામતા જતા પૂર્વના ભાવો ઉદય પામે છે તે અંતિમ ફલરૂપ અવસ્થા તે પ્રકર્ષ નહિ. )

દુર્વેક વધારામાં નોંધે છે કે યોગિજ્ઞાનનાં અનેક પાસાંની વિગતે ચર્ચા ગ્રંથકારે પોતે વિનિશ્ચય અને प्रमाणवार्त्तिक – એ ગ્રંથોમાં કરી હોઈ અહીં તેમાં ન ઊતરતાં યોગિજ્ઞાનના સ્વરૂપમાત્રનો વિચાર કર્યો છે. વિનીતદેવ પ્રકર્ષપર્યન્તના ચાર તબક્કા તથા યોગિજ્ઞાનના સ્વરૂપ અંગે કોઈ પરંપરામાંથી આધારભૂત રીતે કહેતા જણાય છે. યોગજિજ્ઞાસુઓ માટે આ બધું અનુસંધેય છે.

3 : ભાવનાને ઉપનિષદ્ની ‘ મનન ’ અને ‘ નિદિધ્યાસન’ની પ્રક્રિયાઓ સાથે સરખાવી શકાય અને ‘ યોગિજ્ઞાન ’ને ‘ દર્શન ’ સાથે.

## સૂત્ર ૧૨ :

3 : ग्राह्य અને अध्यवसेय વિષય : બૌદ્ધ ક્ષણભંગવાદને અનુસરીને આમ પ્રત્યેક પ્રમાણનો દ્વિવિધ વિકલ્પ કલ્પ્યો છે. એ દ્વારા કહેવાનો ભાવ એ છે કે જ્ઞાનમાં વસ્તુ જે આકારે અનુભવાય છે તે જ આકારે પ્રાપ્ત થતી નથી; તેનાથી જુદે આકારે વસ્તુ પ્રાપ્ત થાય છે. છતાં એ બંનેની ભિન્નતાને અવગણીને, ‘ પ્રમાણથી જેનું જ્ઞાન થાય છે તેની જ પ્રાપ્તિ થાય છે ’ એવું આપણે કહીએ છીએ, અને એમ કોઈ જ્ઞાનને પ્રમાણ કે અવિસંવાદક જ્ઞાનરૂપ માનીએ છીએ. આ રીતે ગ્રંથકારે આપણા વ્યવહારની કલ્પનાશ્રિતતા કિંવા ભ્રાંતતા ગ્રંથમાં સર્વત્ર બતાવી છે.

## સૂત્ર ૧૩ :

આ સૂત્રમાંના सन्निधान અને असन्निधान એ શબ્દોનો અર્થ ધર્મોત્તર અનુક્રમે ‘ નિકટત્વ ’ અને ‘ દૂરત્વ ’ એમ કરે છે. આના અનુસંધાનમા ધ૦પ્ર૦માં એક શંકાકારનો પ્રશ્ન રજૂ કર્યો છે : જે અર્થના નિકટત્વ અને દૂરત્વથી વિષયનો અનુક્રમે સ્ફુટ અનુભવ અને અસ્ફુટ અનુભવ થાય તે સ્વલક્ષણ – એમ સમજતાં સ્પર્શ અને રસરૂપ વિશેષો સ્વલક્ષણ નહિ ઠરે; કારણ કે તેમના [ ઇન્દ્રિયથી ] દૂરત્વના સંજોગમાં તેમનો અસ્ફુટ પ્રતિભાસ પણ નહિ થાય; માત્ર પ્રતિભાસનો અભાવ હશે. વળી વિજ્ઞાનરૂપ વિષયનો બાહ્ય દેશ ન સંભવે તેથી તેનું નિકટત્વ કે દૂરત્વ પણ ન સંભવે; અને દેશ કલ્પો તો યે નિકટનું વિજ્ઞાન સ્ફુટ હોય એવું પણ ન બને. માટે વિજ્ઞાનને પણ સ્વલક્ષણ ગણી નહિ શકાય. આનો જવાબ પણ ધ૦પ્ર૦માં અપાયો છે જરૂર, ( તે આ પ્રમાણે :‘ આ વ્યાખ્યા દ્વારા અન્ય વ્યક્તિમાં અન્વિત ન હોવું અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસાધારણ્ય જ લક્ષિત છે' ઈત્યાદિ), પણ તે સ્વીકાર્ય ન ગણી શકાય. આને બદલે 'સન્નિધાન' એટલે યોગ્ય (=ઈન્દ્રિયગોચર) દેશમાં હોવું અને 'અસન્નિધાન' એટલે અ-યોગ્ય દેશમાં હોવું અથવા સર્વથા સર્વત્ર અસત્ હોવું – એવો વિનીતદેવનો અર્થ સૂત્રાર્થને વધુ સંગત બનાવતો લાગે છે. એ અર્થ લઈએ તો 'જ્ઞાનપ્રતિભાસનો ભેદ' એટલે જ્ઞાનપ્રતિ-ભાસની સત્તા કે અસત્તારૂપ ભેદ – એમ સમજીને સૂત્રાર્થ કરી શકાય. શ્ચેરબાટ્સ્કીએ પણ વિનીતદેવના અર્થઘટનને અહીં વધુ યોગ્ય ગણ્યું છે.

અહીં એક બીજો પ્રશ્ન પણ વિચારણીય છે : વિનીતદેવ ધર્મોત્તરની પૂર્વે થઈ ગયા. તેમની ટીકા ધર્મોત્તરે અનેક સ્થળે ધ્યાનમાં લીધી છે એ વાતના તો દુર્વેકમિશ્ર પણ સાક્ષી છે. તો સૂત્રને ઘટાવતા વિનીતદેવના સાવ જુદા અર્થઘટન તરફ શું ધર્મોત્તરનું ધ્યાન નહિ ગયું હોય? વિનીતદેવથી પોતાની મતભિન્નતા જ્યાં જ્યાં હોય ત્યાં નામ દીધા વગર ધર્મોત્તર બરાબર ચોટથી તેને ઉલ્લેખીને પોતાના મતનો પુરસ્કાર કરે છે. અહીં તેમ કેમ કર્યું નહિ હોય? આ સ્થળે ઉક્ત મતભિન્નતા ઉપેક્ષણીય તો નથી જ. જો કે દુ૦મિ૦ ધ૦પ્ર૦માં નામ દીધા વગર સ્પષ્ટપણે આમ કહે છે તે નોંધપાત્ર છે : सन्निधानासन्निधानशब्दौ निकटदूरावस्थानार्थौ व्याचक्षाणो यदन्यैराख्यात –" असन्निधानं योग्यदेशे सर्वथा वस्तुनोऽभाव " इति तदपाकरोति । (અર્થ : सन्निधान અને असन्निधान શબ્દના અર્થ અનુ૦ 'નિકટ હોવું' અને 'દૂર હોવું' એમ કરીને ટીકાકાર, અન્યોએ असन्निधानનો અર્થ 'ઇન્દ્રિયગોચર પ્રદેશમાં વસ્તુનો સદંતર અભાવ' એવો જે કર્યો છે તેનું ખંડન કરે છે.) તાત્પર્ય૦ પણ આવી શાન્તભદ્રની વ્યાખ્યા નિર્દેશી, તેનું ખંડન અત્રે અભિપ્રેત માને છે.

## સૂત્ર ૧૮થી ૨૧ :

પ્રત્યક્ષપરિચ્છેદનાં આ ચાર સૂત્રો સાથે મળીને પ્રત્યક્ષ અંગે એક મહત્ત્વનું પ્રતિપાદન કરે છે. આ સૂત્રોમાં સૂત્રકારે તો એકંદરે એક જ વાત ઉપસાવવા ધારી છે. પરંતુ તે બાબતના પાયામાં રહેલી એક બીજી બાબત પણ ધર્મોત્તરે આ ચર્ચાના ઉત્તરાર્ધમાં સૂત્ર-કારની સમગ્ર વિચારદિશાને ધ્યાનમાં રાખીને પલ્લવિત કરી છે. એ બાબત પણ ઘણી મહત્ત્વની છે.

આ બે બાબતો નિરૂપતાં પહેલાં એ બંનેના પાયામાં રહેલા મુખ્ય બૌદ્ધ – યોગાચાર અને સૌત્રાન્તિક પરંપરાને અભિમત – સિદ્ધાંતો ધ્યાનમાં લઈએ : (૧) 'કશુંક કશાકમાંથી ઉત્પન્ન થાય છે' એવી સમજણને નકારીને 'કશુંક હોય છે, ને કશુંક થાય છે' એમ નિરૂપતો પ્રતીત્યસમુત્પાદવાદ (= અન્ય પરંપરાઓનો 'કાર્યકારણભાવ'). આ એક પાયાના બૌદ્ધ સિદ્ધાંતનું મૂળ પણ બૌદ્ધ ક્ષણભંગવાદ છે. (૨) વિષયના જ્ઞાનની સાથે જ એ જ્ઞાનનું જ્ઞાન થાય છે એવું આ પ્રત્યક્ષપરિચ્છેદમાં જ પ્રતિપાદિત 'સ્વસંવેદન'રૂપ પ્રત્યક્ષનું કલ્પન.

ઉક્ત સૂત્રોનો પ્રતિપાદ્ય વિષય છે પ્રત્યક્ષજ્ઞાનની પ્રક્રિયા. શું આ પ્રક્રિયામાં સાધનરૂપ અને ફળ (= સાધ્ય)રૂપ ભાગ અલગ અલગ છે ખરા? પહેલાં તો એ નક્કી કરવું જોઈએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે પ્રત્યક્ષજ્ઞાનનું ફળ શું. ફળની વાત કરતાં જ આપણે વ્યાવહારિક જગતનાં સંવેદનોના સ્તરે ઊભા છીએ એ યાદ રહે. એ રીતે ઉક્ત પ્રશ્નનો ઉત્તર અગાઉ ધર્મોત્તરે આ પ્રત્યક્ષ-પરિચ્છેદના પ્રથમ સૂત્રમાં જણાવ્યો જ છે : અર્થક્રિયાકારી વિષયમાં પ્રવર્તન કરાવવા સમર્થ એવું તે વિષયનું સ્પષ્ટ દર્શન થવું એ પ્રત્યક્ષજ્ઞાનનું ફળ છે. એટલે કે પ્રત્યક્ષજ્ઞાન પોતાના 'પ્રત્યક્ષ' નામને લાયક ઠરવા 'પ્રદર્શક' હોવું ઘટે. આ પ્રદર્શકત્વ તે ફળ. હવે મૂળ સવાલ પૂછીએ કે આ જે પ્રત્યક્ષ જ્ઞાન (= પ્રમા કે પ્રમિતિ) છે તેને સિદ્ધ કરનારું ને તેની પૂર્વે સંભવનારું એવું તેનું કારણ — જેને કેટલીક પરંપરાઓ 'પ્રમાણ' (= પ્રમાકરણ) કહે છે — જુદું માનવું જોઈએ ખરું ? શું સમગ્ર પ્રત્યક્ષવ્યાપાર આ પ્રમાણ અને પ્રમા એવાં બે પગથિયાંનો બનેલો છે ? ન્યાય-આદિ કેટલાંક દર્શનોએ એવાં પગથિયાં સ્વીકાર્યાં છે. અત્રે ધર્મકીર્તિ એનો નકારાત્મક જવાબ સૂચવે છે. પ્રત્યક્ષ પોતે જ પ્રમાણ અને પ્રમિતિરૂપ છે — એ એક ક્ષણનો જ બનાવ છે; પ્રથમ ક્ષણ પ્રમાણરૂપ ને પછીની ક્ષણ પ્રમિતિરૂપ — એ પ્રકારે બે ક્ષણનો બનાવ નહિ. હવે એકનું એક પ્રત્યક્ષ એ પ્રમાણ અને પ્રમાણફળ એક સાથે જ કઈ રીતે હોઈ શકે ? ઉત્તર એ છે કે જુદા જુદા દષ્ટિકોણથી તેનો વિચાર કરવાથી (= 'વ્યાવૃત્તિભેદે') તે, તે તે રૂપે વ્યવહારાઈ શકે; જેમ કે એ જ્ઞાનમાં જે તે વિષયનો આકાર પ્રતિબિંબિત હોઈ (= 'સારૂપ્યવશાત્') એ જ્ઞાન 'પ્રમાણ' એટલે કે વિષયના યથાર્થ જ્ઞાનનું સાધન છે. તો બીજી બાજુ એ જ પ્રત્યક્ષ જ્ઞાન વિષયના યથાર્થ બોધરૂપ એટલે કે પ્રમિતિ કે અર્થપ્રતીતિરૂપ હોઈ ફળ પણ ગણાય.

આને બદલે જો પ્રમાણ અને પ્રમિતિને જુદાં માનવામાં આવે તો 'પ્રમાણ'ની અવસ્થામાં વિષયની પ્રતીતિ ન હોવી જોઈએ, જે 'પ્રમિતિ'માં જ સંભવે. હવે જો પ્રમાણ એ પ્રતીતિરૂપ ન હોય તો તે અર્થાધિગતિરૂપી અને પરંપરયા પ્રાપકપણારૂપી આવશ્યક ધર્મથી રહિત થતાં 'પ્રમાણ' કહેવાવા યોગ્ય નહિ રહે.

પહેલાં જ્ઞાન અને પછી જ્ઞપ્તિ, પહેલાં પ્રમાણ અને પછી પ્રમિતિ કે પહેલાં જ્ઞાનક્રિયા અને પછી જ્ઞાનફળ — આવી ક્રમિકતા ધર્મકીર્તિને માન્ય નથી. બીજા શબ્દોમાં : પહેલાં જ્ઞાન અજ્ઞાત હોય અને પછી જ્ઞાન જ્ઞાત થાય એવી કલ્પના જ જ્ઞાનના સ્વભાવથી વિરુદ્ધ છે. વળી બૌદ્ધ સ્વસંવેદનપ્રત્યક્ષની કલ્પના મુજબ પણ જ્ઞાન એ જ્ઞાતરૂપે જ પ્રગટે છે. એ અનુસંધાનમાં જ પ્રસ્તુત સૂત્રની પ્રમાણ અને પ્રમાણફળની અભિન્નતાની વાત આવી પડે છે એમ કહેવું જોઈએ.

બૌદ્ધ કલ્પના મુજબ જ્ઞાન અને જ્ઞાતા જુદા નથી. એમની દૃષ્ટિએ તો જ્ઞાન એટલે જ ચિત્ત; જ્ઞાનથી પૃથક્ એવું કોઈ ચિત્ત કે પૃથક્ એવો કોઈ આત્મા છે જ નહિ. આ સંદર્ભમાં પણ પ્રમાણ અને પ્રમાણફળની અભિન્નતાની વાત સ્વીકારવાનું અનિવાર્ય છે.

પ્રમાણને જો કરણ માનીએ તો એ કરણના પ્રયોક્તા તરીકે આત્મા કલ્પવો પડે, ને એ આત્મા અનેક ક્ષણ દરમિયાન અસ્તિત્વ ધરાવતો કલ્પવો પડે; તો જ તે પ્રમાણ વડે પ્રમા કે બોધ પ્રાપ્ત કરી શકે. ક્ષણભંગવાદી બૌદ્ધ આવા સ્થાયી આત્મતત્ત્વને સ્વીકારતો નથી. તેથી તેના કરણ તરીકે પ્રમાણ પણ શી રીતે કલ્પાય ? પ્રતીત્યસમુત્પાદવાદ મુજબ જ્ઞાનની કહેવાતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણસામગ્રીની ક્ષણની અપેક્ષા રાખી ચિત્ત કે જ્ઞાનની ક્ષણ અસ્તિત્વમાં આવે છે. એ જ્ઞાન પોતે પ્રકાશરૂપ કે બોધરૂપ જ હોય છે. એટલે તે જ્ઞાનને માત્ર દષ્ટિભેદે ઓળખાવવા ખાતર 'પ્રમાણ' કે 'પ્રમાણફળ' એવાં નામે ઉલ્લેખી શકાય. કઠિયારો ફરસીથી લાકડાનો સંપર્ક કરીને લાકડામાં છેદ પેદા કરે એ પ્રકારના ભૌતિક અર્થમાં ઇન્દ્રિયથી વિષયનો સંપર્ક સધાતાં જ્ઞાન પેદા થાય છે તેમ કહેવું બરાબર નથી; કારણ કે આવી ક્રિયા કરનારો અને ફળ પામનારો કોઈ સ્થાયી કર્તા જ હોતો નથી.

ધર્મોત્તર કહે છે કે આ પ્રત્યક્ષ જ્ઞાન પ્રમાણ અને પ્રમાણફળ – ઉભય એકસાથે એટલા માટે છે કે પ્રમાણ અને પ્રમાણફળ – એ બે વચ્ચે અહીં જન્યજનકભાવ નહિ પણ વ્યવસ્થાપ્ય–વ્યવસ્થાપકભાવ છે.

સૂત્રમાં નિરૂપેલા સિદ્ધાંતની ભૂમિકારૂપ એક અન્ય તથ્યનું પલ્લવન સૂત્રવિવેચનના ઉત્તરાર્ધમાં કરાયું છે.

પ્રત્યક્ષજ્ઞાન પોતે તે પ્રમાણફળ અને તેનું અર્થ સાથેનું સારૂપ્ય તે પ્રમાણ – એમ કહેવાયું અને પ્રમાણ તથા પ્રમાણફળ વચ્ચે જન્યજનકભાવ નહિ પણ વ્યવસ્થાપ્ય–વ્યવસ્થાપકભાવ છે એમ પણ કહેવાયું. હવે આ બંને વચ્ચેનો આ સંબંધ નક્કી કરી આપનાર (व्यवस्थापक) તે પ્રત્યક્ષજ્ઞાન પોતે નહિ પણ તેની ઉત્તરક્ષણે પ્રભવતો વિકલ્પપ્રત્યય છે. અર્થાત્ પ્રત્યક્ષજ્ઞાનનું સ્વરૂપ આકારનાર તે વિકલ્પ છે. એ વિકલ્પ પ્રત્યક્ષજ્ઞાનના સ્વરૂપને વ્યવહાર્યરૂપે પ્રગટ કરે છે, જેને લીધે એ જ્ઞાનને બોલી બતાવવાનું તેમ જ એ જ્ઞાનને આધારે કોઈ અર્થક્રિયા સિદ્ધ કરવાનું પણ શક્ય બને. વિકલ્પ વગર એ જ્ઞાનનું વ્યવહારજગતમાં કોઈ ફળ નીપજતું નથી. એ વ્યવહારદષ્ટિએ જ ધર્મોત્તરે વિકલ્પથી નહિ અનુસરાતા જ્ઞાનને असत्कल्पमेव ('ન હોવા બરાબર જ') કહ્યું છે, તત્ત્વદષ્ટિએ નહિ. એ 'તત્ત્વ'ને સ્પષ્ટ કરવા માટે જ આ ચર્ચામાં આગળ ઉમેરવામાં આવ્યું છે કે પ્રત્યક્ષ જ્ઞાન પોતે તો વિકલ્પરહિત જ હોવાનું. એટલે કે પ્રત્યક્ષજ્ઞાનની ઉત્તરક્ષણે જન્મનાર વિકલ્પ પોતે કાંઈ પ્રત્યક્ષજ્ઞાનનો ભાગ નથી. જેમ કોઈ દશ્યની છબી લેનાર કૅમેરા પોતે કાંઈ દશ્યનો ભાગ ગણાય નહિ, તેમ જ વિકલ્પ પ્રત્યક્ષજ્ઞાનને આકારી આપે તેથી કાંઈ પોતે પ્રત્યક્ષજ્ઞાનનો ભાગ ન ગણાય. પ્રત્યક્ષજ્ઞાન એ સત્ એવો ધર્મ છે ને વિકલ્પ એનું ચિત્તવાસના મુજબ અર્થઘટન કરે છે. અહીં બૌદ્ધ દષ્ટિ એ વાત પર ખાસ ભાર મૂકવા માગે છે કે વિકલ્પ દ્વારા પ્રત્યક્ષજ્ઞાનનું જે અર્થઘટન થાય છે તે પ્રત્યક્ષજ્ઞાનની જેમ માત્ર અર્થગ્રાહી ન હોતાં 'આશય' કે ચિત્તમાં રહેલી વાસનાને લીધે તત્ત્વતઃ અનર્થગ્રાહી છે. એટલે કે પ્રત્યક્ષજનિત વિકલ્પ અપૂર્વ પદાર્થનું પણ પૂર્વગ્રહથી ગ્રહણ કરે છે, ને તેથી જ પોતે પ્રમાણ નથી, માત્ર પ્રમાણનું અસત્ વર્ણન છે. છતાં એનાથી, કહેવાતો 'વ્યવહાર' ચાલે છે, માટે આભાસી રીતે પ્રમાણ કે યથાર્થજ્ઞાનરૂપે ભાસે છે.

આ પ્રકારની રજૂઆત દ્વારા સંસાર–વ્યવહારના પાયા કેવા નિર્બળ છે એનું જ ધીર પ્રતિપાદન કરવાનું શાસ્ત્રકારને ઇષ્ટ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દ્વિતીય પરિચ્છેદ : સ્વાર્થાનુમાન

**સૂત્ર ૧ :**

કોઈ પદાર્થનું જ્ઞાન અને તે જ્ઞાનનું અભિધાન એ તદ્દન વિલક્ષણ બાબતો છે તે વાત પર પ્રત્યક્ષની ચર્ચામાં પૂરતો ભાર મુકાયો છે. તે જ દષ્ટિને વશ વર્તીને અહીં જ્ઞાન તરીકે અને વાદાદિમાં રજૂ કરાતી દલીલ તરીકે – એમ બે રૂપે વ્યવહારાતાં અનુમાન અત્યંત વિલક્ષણ છે તે વાત પ્રસ્તુત સૂત્રને નિમિત્તે ધર્મોત્તરે કરી છે તે તો ગ્રંથકારના જ પ્રસ્ફુટ આશયનું નિપુણ અનુસરણમાત્ર છે. ગ્રંથકાર જ્ઞાનસિદ્ધાંત અને વાદવિધિ એ એનાં ક્ષેત્ર અત્યંત ભિન્ન આંકવા ધારે છે. એક અનુમાન માનસિક બનાવ છે, અન્ય 'અનુમાન' વાચિક વ્યવહાર છે. એ બંનેનું એક લક્ષણ કહી શકાય નહિ. આમાંથી એ ધ્વનિ પણ સહજ રીતે નીકળે કે સ્વાર્થાનુમાન એ જ પ્રમાણ છે, પરાર્થાનુમાન તો માત્ર અન્યના ચિત્તમાં સ્વાર્થાનુમાનના ઉદયને સહાય કરવાનો સામાજિક વ્યવહારમાત્ર છે.

**સૂત્ર ૩ :**

त्रिरूपाल्लिङ्गात् : અહીં ધ૰પ્ર૰ નોંધે છે કે અનુમાન એ ત્રિરૂપ લિંગથી જન્મતું જ્ઞાન છે એમ કહીને લિંગના સ્વરૂપ અંગેના અન્ય છ પક્ષોનો નિરાસ ગ્રંથકારને અભિપ્રેત છે.

**સૂત્ર ૪ :**

મૂળમાંના प्रमाणफलव्यवस्था એ સમાસમાં प्रमाणफल અંશ તે દ્વંદ્વ–સમાસ છે અને નહિ કે ષષ્ઠી–તત્પુરુષ, તેમ ધ૰પ્ર૰માં સ્પષ્ટ કરાયું છે, અને ધર્મોત્તરે દેખીતી રીતે તેને ષષ્ઠી–તત્પુરુષ ગણી વિગ્રહ કર્યો છે તેનો બચાવ કરતા ધ૰પ્ર૰ ઉમેરે છે કે એ દ્વારા તો 'અર્થપ્રદર્શન કર્યું છે'. ધર્મોત્તરનો આવો બચાવ અત્રે વાજબી છે ખરો ?

**સૂત્ર ૬ :**

આ ગ્રંથકારે अनुमेय શબ્દ એક સંદર્ભમાં મુખ્યાર્થમાં અને અન્ય સંદર્ભોમાં બે જુદા જુદા લક્ષ્યાર્થોમાં વાપર્યો છે તે નોંધપાત્ર છે. ધર્મોત્તરે આ અંગેની બહુ ઉપયોગી સ્પષ્ટતા કરી છે. ધર્મોત્તરની વાતને વધુ યોગ્ય રીતે રજૂ કરતી નીચેની કારિકા ધ૰પ્ર૰માં છે :

समुदायस्य साध्यत्वात् धर्ममात्रे च धर्मिणि ।
अमुख्येऽप्येकदेशत्वात्साध्यत्वमुपचर्यते ॥

આ કારિકામાં अनुमेयને સ્થાને साध्य શબ્દ વાપર્યો છે તે નોંધવું જોઈએ. અહીં 'साध्य'નો મુખ્યાર્થ ધર્મધર્મીના સમુદાયરૂપ હોવાનું જણાવ્યું છે. જ્યારે મુખ્યાર્થના અંશરૂપ એવા ધર્મરૂપ કે ધર્મિરૂપ અર્થો લક્ષણા( = उपचार )થી પ્રાપ્ત થાય છે. આવી જ અન્ય એક કારિકામાં अनुमेय માટે पक्ष શબ્દ વાપર્યો છે.

આ રજૂઆતની ભૂમિકામાં છે બૌદ્ધો દ્વારા ધર્મધર્મિભેદનો તાત્ત્વિક રૂપે થયેલો અસ્વીકાર. તેથી તાત્ત્વિકરૂપે કે મુખ્યાર્થમાં અનુમાનના સાધ્ય( =અનુમેય )નું સ્વરૂપ ધર્મધર્મિ-સમુદાયરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે જ્યારે મનુષ્ય કોઈ સ્થળ–કાળવિશિષ્ટ અધિકરણ કે ધર્મીને જ્ઞાનનો વિષય બનાવતો હોય છે ત્યારે તેના વિશેષ ધર્મોનું આકલન ઇન્દ્રિયોથી કરવાની સાથેસાથે તે વખતે ઇન્દ્રિયપ્રત્યક્ષ થયેલા એક યા બીજા ધર્મને આધારે 'કલ્પના'વશાત્ તે ધર્મના સામાન્યનું ગ્રહણ કરી પૂર્વગૃહીત સાહચર્યજ્ઞાનજનિત વ્યાપ્તિના સ્મરણ ઈત્યાદિના ક્રમે તે અધિકરણના કોઈ અપ્રત્યક્ષ એવા વિશેષ ધર્મનો બોધ કરે છે. આ વખતે અન્ય અપ્રત્યક્ષ ધર્મનો બોધ કરાવતા પ્રત્યક્ષ ધર્મને એ જ્ઞાતા હેતુ તરીકે જુદો તારવે છે. એ હેતુનું હેતુપણું પેલા અધિકરણનો વિશિષ્ટ બોધ કરાવવામાં હોઈ, એ હેતુની દૃષ્ટિએ અનુમાનજ્ઞાનનો વિષય (='અનુમેય') તે પેલું અધિકરણ પોતે છે; કારણ કે એ અધિકરણના વિશેષ ધર્મનો બોધ એ અધિકરણના જ જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે.

હવે અનુમાનની પાર્શ્વભૂમિકામાં રહેલી વ્યાપ્તિમાં, ઉદાહરણભૂત વિવિધ અધિકરણોમાં રહેલા બે ધર્મોના નિયત સાહચર્યનો વિચાર થાય છે. આથી વ્યાપ્તિની દૃષ્ટિએ અનુમેય તે હેતુથી સિદ્ધ કરાનારો ધર્મ છે. વ્યાપ્તિમાં કોઈ વિશેષ અધિકરણનો ખ્યાલ ન કરાતો હોઈ તેમાં ધર્મી તે પાર્શ્વભૂમિકામાં રહી જાય છે. આમ વ્યાપ્તિની દૃષ્ટિએ ધર્મ એ અનુમેય છે. નીચેની 'ટિપ્પણ'ગત કારિકા અનુમેય શબ્દના સંદર્ભભેદે થતા ઉપર્યુક્ત અર્થભેદનો આમ સંગ્રહ કરે છે :

ज्ञातव्ये पक्षधर्मत्वे पक्षो धर्म्यभिधीयते ।
व्याप्तिकाले भवेद् धर्मः साध्यसिद्धौ पुनर्द्वयम् ॥

( અહીં पक्ष = અનુમેય. )

**સૂત્ર ૭ :**

सपक्ष એ સમાસનો વિગ્રહ समानः पक्षः એમ કર્મધારયરૂપે કરીને सपक्ष એ ઉપચારથી ગણાયેલો પક્ષ જ છે એવી રજૂઆતમાં કલ્પનાગૌરવ જણાય છે એવી લાગણીનો પડઘો દુર્વેકમિશ્ર પાડે છે; પરંતુ ધર્મોત્તરે તેમ કેમ કર્યું તેનો ખુલાસો પણ રજૂ કરે છે. તેમનું વિવેચન આમ છે : सपक्षનો વિગ્રહ બહુવ્રીહિ તરીકે ( समानः पक्षः यस्य એમ ) કરવો તે સરળ રીત છે. આમ છતાં ધર્મોત્તરે જે અટપટી સમજૂતી આપી છે તે ધર્મકીર્તિના प्रमाणविनिश्चय ગ્રંથના નીચેના, પ્રસ્તુત સૂત્રથી સહેજ જ જુદા પડતા શબ્દોના અનુરોધથી : साध्यधर्मसामान्येन **समानः पक्षः** सपक्षस्तदभावोऽसपक्षः । આમ ધર્મકીર્તિને દૃષ્ટાન્તધર્મી (=सपक्ष) તે એક પ્રકારનો પક્ષ હોવાનું અભિપ્રેત છે એ ધ્યાનમાં રાખીને ધર્મોત્તરે ઋજુ માર્ગ છોડીને 'ગૌરવ'વાળો માર્ગ લીધો છે. ધર્મકીર્તિએ सपक्षને એક પ્રકારનો પક્ષ કેમ ગણ્યો તે સ્પષ્ટ થતું નથી. વ્યાકરણશાસ્ત્ર પણ શું सपक्षનો વિગ્રહ समानः पक्षः એવો ગ્રાહ્ય ગણશે ?

**સૂત્ર ૯ :**

વિનીતદેવ આ સૂત્રમાંથી असपक्षના ત્રણ પ્રકારો ફલિત કરીને એનાં ઉદાહરણ આમ આપે છે : (૧) ઉષ્ણસ્પર્શ સાધ્ય હોય ત્યારે અનુષ્ણાશીત દ્રવ્ય તે સપક્ષથી અન્ય એવા

Jain Education International                    For Private & Personal Use Only                    www.jainelibrary.org

અસપક્ષનું દૃષ્ટાંત છે. ( ૨ ) તે જ સાધ્ય માટે શીત દ્રવ્ય એ સપક્ષથી વિરુદ્ધ એવા અ-સપક્ષનું દૃષ્ટાંત છે. ( ૩ ) સૌત્રાંતિક દૃષ્ટિ મુજબ અનિત્યત્વરૂપ સાધ્ય માટે અનિત્યત્વાભાવ એ સપક્ષના અભાવરૂપ અસપક્ષનું દૃષ્ટાંત છે.

વિનીતદેવના આ અર્થઘટન મુજબ જુદાં જુદાં અનુમાનોના સંદર્ભમાં આમ જુદી જુદી કોટિનાં અસપક્ષ શક્ય હોય છે – કોઈકમાં ભાવાત્મક તો કોઈકમાં નર્યા અભાવરૂપ. ભાવાત્મક અસપક્ષોમાં કોઈક પક્ષથી તદ્દન વિરુદ્ધધર્મી ન હોતાં અન્યધર્મી જ હોય ને કોઈક વિરુદ્ધધર્મી. અભાવાત્મક અસપક્ષ એટલે જ અસપક્ષભૂત દૃષ્ટાંતનો નર્યો અભાવ. વિનીતદેવના, 'અસપક્ષ'ના આ અર્થઘટનના સંભવિત આધાર તરીકે વિનીતદેવની 'ન્યાયબિન્દુ' પરની ટીકાના સંપાદક શ્રી મૃણાલકાન્તિ નીચેની પ્રસિદ્ધ કારિકા ટાંકે છે :

तत्सादृश्यमभावश्च तदन्यत्वं तदल्पता ।
अप्राशस्त्यं विरोधश्च नञर्थाः षट् प्रकीर्तिताः ॥

આમાંના ત્રણ અર્થો ( બીજો, ત્રીજો ને છઠ્ઠો ) અત્રે વિનીતદેવે ધ્યાનમાં લીધા છે.
પરંતુ ધર્મોત્તર અહીં ત્રણ પ્રકારનાં અસપક્ષનો ઉલ્લેખ ન જોતાં અસપક્ષમાં થતા ત્રિવિધ પ્રત્યયો જ ઘટાવે છે – જેમાંનો એક પ્રત્યય ( = તદભાવરૂપ ) એ બાકીના બે પ્રત્યયોને સંભવિત બનાવે છે. આ સમજણ વધુ સાચી જણાય છે. પરસ્પરપરિહારલક્ષણ વિરોધનું પૃથક્કરણ પણ આને જ સમર્થન આપે છે.

**સૂત્ર ૧૨ :**

સૂત્રમાંના उपलब्धिलक्षणप्राप्त એ પદનો એકંદર અર્થ સ્પષ્ટ હોવા છતાં તેનાં ઘટકોનો તથા સમગ્ર સમાસનો ગ્રંથકારને અભિપ્રેત એવો અર્થ વિચારણીય છે. આમાં लक्षण શબ્દનું અર્થઘટન એ સૌથી અગત્યની બાબત છે. એનો અર્થ ધર્મોત્તરે जनिका सामग्री (ઉત્પાદક સામગ્રી) કર્યો છે. તેવો અર્થ કરવા પાછળ लक्षण શબ્દની આ પ્રકારની વ્યુત્પત્તિ તેમને અભિપ્રેત લાગે છે : लक्ष्यते ( = उत्पद्यते ) अनेन तद् लक्षणम् । આમાં ધર્મોત્તરને लक्ष्यतेનો અર્થ उत्पद्यते ( = ઉત્પન્ન થાય છે ) અભિપ્રેત હોવાનું અનિવાર્ય લાગે છે. लक्ष्यतेનો આ અર્થ પ્રસિદ્ધ નથી; ज्ञायते ( = જણાય છે ) એવો અર્થ જ વ્યાપક રીતે પ્રસિદ્ધ છે. આમ છતાં ટિ૦એ પણ આ સૂત્રમાંના लक्षण શબ્દનો અર્થ कारणम् આપ્યો છે તે નોંધપાત્ર છે. બીજી બાજુ વિનીતદેવ लक्षणનો અર્થ लक्ष्यते इति ( = જે લક્ષાય તે ) એ શબ્દોથી કરીને વિષયપરક અર્થ નિર્દેશતા જણાય છે. આખા સમાસનો અર્થ તેઓ योग्योपलब्धिविषयः કરે છે તે પરથી લાગે છે કે लक्षणના 'विषय'રૂપ અર્થને विषयता ( વિષયપણું ) એવા ભાવપરક અર્થમાં તેઓ લે છે. એટલે આખા સમાસનો અર્થ 'ઉપલબ્ધિની વિષયતાને પામેલો' એવો ગણીને તેઓ योग्योपलब्धिविषय એવો એકંદર અર્થ આપે છે. આ અર્થઘટન પણ થોડીક ખેંચતાણવાળું જરૂર છે. અહીં लक्ष्यते अनेन એવી ધર્મોત્તરને અભિપ્રેત કરણપરક વ્યુત્પત્તિ સ્વીકારીને लक्ष्यतेનો ज्ञायते અર્થ સમજીને છેવટે 'સ્વભાવ' એવો અર્થ કરવો સૌથી ઉચિત લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

6 : અહીં અન્ય વસ્તુના જ્ઞાન ઉપરાંત એ અન્ય વસ્તુને પણ અનુપલંભરૂપ કહેવામાં શી સાર્થકતા તે સ્પષ્ટ થતું નથી.

**સૂત્ર ૧૩ :**

સૂત્રમાંના स्वभावविशेष એ પ્રયોગને શ્ચેરબાટ્સ્કી presence of an individual entity એ રૂપે અનૂદિત કરે છે તે વ્યાકરણદૃષ્ટિએ તેમ જ સૂત્રાર્થની દૃષ્ટિએ યોગ્ય ગણાય ? અહીં विशेषનો અર્થ 'વિશિષ્ટ' એવો છે. વળી presence માટે મૂળમાં કોઈ શબ્દ નથી કે તેનો અધ્યાહાર પણ શક્ય નથી. એ જ વિદ્વાને ટિપ્પણમાં 'સ્વભાવવિશેષ'નો અર્થ પાશ્ચાત્ય તત્ત્વવિચારક લોકની પરિભાષામાં 'આગવું અસ્તિત્વ' (existence individually distinct) એમ આપ્યો છે. આ અન્ય અર્થ પણ એમના અનુવાદની જેમ જ સ્વીકાર્ય નથી. 'આગવું અસ્તિત્વ' તો પિશાચાદિ અદૃશ્ય ભાવોને વિષે પણ કહી શકાય, તો શું તેને ય સ્વભાવવિશેષ ગણીને ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત ગણવું ? 'સ્વભાવવિશેષ'નો અર્થ છેવટે દૃશ્ય, શક્યદર્શન કે અવિપ્રકૃષ્ટ એવો સ્વભાવ કરવો જોઈએ એવું ખુદ શ્ચેરબાટ્સ્કીએ જ ટાંકેલું વિનીતદેવનું અર્થઘટન જ ન્યાય્ય લાગે છે. એ અર્થઘટન ઉપર્યુક્ત અનુવાદ વખતે કેમ ધ્યાનાર્હ નહિ ગણાયું હોય ?

આ અને પછીના સૂત્રમાં વપરાયેલા स्वभाव શબ્દ દ્વારા સૂત્રકારને 'આગવી (स्व) અવસ્થા (भाव)' અભિપ્રેત જણાય છે. અલબત્ત, અહીં માત્ર 'આગવી અવસ્થા' ઉલ્લેખીને 'એ અવસ્થા ધરાવનાર વસ્તુ' અર્થાત્ ધર્મીનો ઉલ્લેખ પણ — બૌદ્ધ ગુણગુણિના અભેદની દૃષ્ટિ મુજબ — કરાયેલો માની શકાય.

**સૂત્ર ૧૩ :**

આ સૂત્રમાં ઉલ્લેખેલા स्वभावप्रतिबन्धમાંના स्वभाव શબ્દનો અર્થ, 'સ્વભાવહેતુ'-માંના 'સ્વભાવ' શબ્દના અર્થથી જુદો સમજવાનો છે. દુર્વેક સૂચવે છે તેમ અત્રે તેનો અર્થ 'સ્વરૂપ' એવો કરવાનો છે. જ્યારે 'સ્વભાવહેતુ'માં 'સ્વભાવ'નો અર્થ 'કોઈ અન્ય ધર્મ સાથે અવિનાભૂત એવો ધર્મ' એવો છે. માત્ર સ્વભાવહેતુ જ નહિ, કાર્યહેતુ પણ પોતાના સાધ્ય પરત્વે 'સ્વભાવપ્રતિબંધ' ધરાવે છે. 'સ્વભાવપ્રતિબંધ' શબ્દના ઉપયોગ વડે સૂત્રકાર એવું સૂચવતા જણાય છે કે એક દૃષ્ટિએ કાર્યહેતુ એ પણ સ્વભાવહેતુ જ છે — કાર્ય એ કારણરૂપ સ્વભાવવાળું છે માટે કાર્ય પરથી કારણાનુમાન થાય છે. અગાઉ 'અનુપલબ્ધિ'રૂપ હેતુના સંદર્ભમાં 'સ્વભાવવિશેષ' શબ્દ વાપર્યો હતો તે પણ ઉપરના એ પ્રયોગો સાથે તુલનીય છે. તેમાંના 'સ્વભાવ' શબ્દનો અર્થ શ્રી શ્ચેરબાટ્સ્કી સંભવતઃ entity એવો તેમ જ શ્રી મૃણાલકાન્તિ 'object' — એમ કરે છે તે ધર્મધર્મીના અભેદના બૌદ્ધ વલણને ધ્યાનમાં રાખીને — એમ સમજવું જોઈએ. પરંતુ ઉપર બે કિસ્સામાં નોંધેલા ધર્મપરક અર્થમાં જ શું સૂત્ર ૨.૧૩, ૧૪ના 'स्वभावविशेष' પ્રયોગમાં પણ स्वभाव શબ્દ ન વાપર્યો હોઈ શકે ? ધર્મકીર્તિ સર્વત્ર ધર્મધર્મીના અભેદના સિદ્ધાંતને વળગી રહેલા જણાતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સૂત્ર ૨૨, ૨૩ :

અહીં પ્રસ્તુત ચર્ચામાં અનુપલંભહેતુ સાવ વીસરાઈ ગયો હોય એમ લાગે છે. એ પ્રકારના હેતુમાં સ્વભાવપ્રતિબંધ કથા નિમિત્તે એ ક્યાંય સૂત્રકારે કે ધર્મોત્તરે સ્પષ્ટ કર્યું નથી. વિનીતદેવ પણ સ્પષ્ટ કરતા નથી. સૂત્ર ૨.૧૮ ની ધ૦પ્ર૦ ટીકામાં દુર્વેક એક સ્થળે જે વાત કહે છે તે પરથી આ પ્રશ્નનો તેમને અભિપ્રેત ઉત્તર સ્પષ્ટ થાય છે : एवं तु स्वभावहेतावन्तर्भावेऽप्यनुपलम्भस्य ततः पृथक्करणं प्रतिपत्त्रध्यवसायवशादित्यवसेयम् । (આમ અનુપલંભનો સ્વભાવહેતુમાં અંતર્ભાવ છતાં તેને જુદો પાડવાનો હેતુ તે જ્ઞાતાનો વિશિષ્ટ નિશ્ચયાકાર એમ સમજવું.) વિનીતદેવની ટીકાના અંગ્રેજી અનુવાદની ટિપ્પણમાં શ્રી મૃણાલકાન્તિ ગંગોપાધ્યાયે 'પ્રમાણવાર્તિક ભાષ્ય'માંના પ્રજ્ઞાકરના મતને ટાંક્યો છે તે પણ આ જ દિશા બતાવે છે : अनुपलम्भ एव हि प्रतिषेध इति तन्मात्रानुबन्धित्वात्तादात्म्यमेव प्रतिबन्धः । ('અનુપલંભ જ પ્રતિષેધરૂપ હોવાથી અનુપલંભ પ્રતિ પ્રતિષેધ તન્માત્રાનુબંધી હોઈ અહીં પણ પ્રતિબંધનો અર્થ તાદાત્મ્ય જ છે.) આ ઉપરાંત ઉક્ત ટિપ્પણમાં 'ન્યાયમંજરી'માંનો જયંતનો અભિપ્રાય તથા 'હેતુબિંદુટીકા'માંનો અર્ચટનો અભિપ્રાય પણ ટાંકવામાં આવ્યો છે; તે બંને અભિપ્રાયો પણ અનુપલંભ–હેતુને સ્વભાવહેતુરૂપ જ ગણે છે. ધર્મકીર્તિ કે ધર્મોત્તરનું આ બાબતનું મૌન કળી શકાતું નથી.

## સૂત્ર ૨૨ :

2 : અહીં તથા તૃતીય પરિચ્છેદના ૧૮મા સૂત્રની અવતરણિકામાં તથા તેના જ પરિચ્છેદ 2માં આવતા प्रतिज्ञार्थैकदेश શબ્દને ષષ્ઠીતત્પુ૦ ગણ્યો છે

## સૂત્ર ૨૫ :

આ સૂત્રની અવતરણિકા અનુરૂપ લાગતી નથી; કારણ કે આ સૂત્રમાં અદૃશ્યાનુપલંભથી પ્રતિષેધસિદ્ધિ કેમ નથી થતી એવા પ્રશ્નનો જવાબ નથી; એમાં તો પ્રતિષેધસિદ્ધિ દૃશ્યાનુપલંભથી જ થાય એમ ભારપૂર્વકનું કથનમાત્ર છે. એટલે અવતરણિકા આમ હોત તો ઇષ્ટ ગણાત : "શું અદૃશ્યાનુપલંભથી પ્રતિષેધસિદ્ધિ સંભવે ?– એવા પ્રશ્નનો ઉત્તર આપે છે–" આ પ્રમાણે ધર્મોત્તરની ઉક્ત અવતરણિકામાં ઉલ્લેખેલું કારણ તો આની પછીનાં બે સૂત્રોમાં આપ્યું છે. દુર્વેકમિશ્રની આ ભાગની ખંડિત ટીકામાં અવતરણિકાની અનનુરૂપતા પ્રશ્નકારે ચીંધી છે; જો કે દુર્વેક એનો જવાબ આપવા કોશિશ કરે છે. तात्पर्यनिबन्धनटिप्पनમાં પણ આ અંગે ટૂંકો ઊહાપોહ છે.

## સૂત્ર ૨૭ :

1 : સૂત્રારંભના अन्यथा શબ્દનું ધર્મોત્તરનું અર્થઘટન વિવેચ્ય છે. ધર્મોત્તરે કરેલા અર્થઘટનમાં अन्यथा એ શબ્દની આગળ–પાછળ કંઈક જોડ્યું જણાય છે : આગળ अन्यत्र કે अन्यस्मिन् विकल्पे (= અન્ય વિકલ્પમાં) એવા શબ્દો અને પાછળ सति (= હોવાથી) એ પદ. આમ अन्यथा શબ્દમાં આગળ–પાછળ ઉપર્યુક્ત અધ્યાહારો કરીને 'અન્ય પ્રકારમાં એથી ઊલટું હોઈને' એવું એક પેટાવાક્ય એક જ શબ્દમાંથી તારવ્યું છે. સૂત્રના ભાષા–પ્રવાહને પકડીએ તો આવું ક્લિષ્ટ અર્થઘટન કરવાનું કોઈ પણ રીતે યોગ્ય ન ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરેખર તો 'अन्यथा' શબ્દનો અન્વય તરત પછીના વાક્યના ભાગ તરીકે જ કરવાનો છે. એટલે અર્થપ્રવાહ આવો છે : 'એથી ઊલટું અર્થાત્ જ્યારે કોઈ અર્થ અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત કિંવા દેશકાલસ્વભાવવિપ્રકૃષ્ટ હોય ત્યારે ...' ઇત્યાદિ. અક્લિષ્ટ અર્થઘટનની સહજ ફાવટવાળા વિનીતદેવે अन्यथाનો ભાવ યોગ્ય રીતે જ તારવ્યો છે : यदि यथोक्तो विशेषो नाश्रीयते तदा (= જો [ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તની જ અનુપલબ્ધિરૂપ] યથોક્ત વિશેષ[વાળી અનુપલબ્ધિ]નો આશ્રય ન લેવાય તો). ધ૦પ્ર૦ પણ अन्यथा શબ્દના વાક્યરચનાની દૃષ્ટિએ ક્લિષ્ટ અને અશક્ય એવા ધર્મોત્તરકૃત અર્થઘટનને ઉલ્લેખતાં કહે છે : मूले त्वन्यथा चानुपलब्धिलक्षणप्राप्तेष्वित्यैकवाक्यतयैवार्थः संगच्छते । नाप्यशब्दार्थव्याख्या नाप्युत्तरपदव्याख्याने पूर्वपक्षवचना( न )प्रयासः कश्चित् । तथा तु न प्रकान्तं धर्मोत्तरेणेति किमत्र कुर्मः ? (અર્થ : મૂળ સૂત્રમાં તો अन्यथा પદનો ત્યાર પછીના શબ્દો સાથે એક વાક્ય તરીકે જ અર્થ બંધ બેસે છે. અહીં સૂત્રના શબ્દાર્થને છોડીને અર્થાત્ અન્ય શબ્દોનો અધ્યાહાર કરીને અર્થ કરવાની તેમ જ સૂત્રનાં પાછળનાં પદો સમજાવવા માટે વધારામાં કોઈ પૂર્વપક્ષ કે પૂર્વભૂમિકાનું કથન કરવાના પ્રયાસની જરૂર જ નથી. પરંતુ ધર્મોત્તરે તે રીતે અર્થ કર્યો નથી, તો એમાં અમે શું કરીએ ?)

2 : अनुपलब्धिलक्षणप्राप्तेषु देशकालस्वभावविप्रकृष्टेषु — સૂત્રના આ શબ્દોનું ધર્મોત્તરનું અર્થઘટન વિનીતદેવના અર્થઘટનનું જ અનુસરણ જણાય છે. 'અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત' શબ્દથી જ્ઞાન માટેના અન્ય પ્રત્યયોના વૈકલ્યવાળા પદાર્થો સમજવા અને 'દેશ–કાલ–સ્વભાવને લીધે વ્યવહિત બનેલા' એ શબ્દથી સ્વભાવવિશેષરહિત પદાર્થો સમજવા – આવું બંનેનું કહેવું છે. આમ બંને વિશેષણો 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તિ'ની બે જુદી જુદી શરતોનો ભંગ સૂચવતાં ગણાવાયાં છે. બેમાંથી એક શરતના ભંગથી ય પદાર્થ 'અન્–ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત' બની જાય છે. અહીં દેશ, કાળ અને સ્વભાવ એ ત્રણમાંથી ગમે તેના વ્યવધાનવાળા પદાર્થને 'સ્વભાવવિશેષરહિત' તરીકે ગણાવેલા છે તે બાબત સૂત્ર ૨.૨૩માંના 'સ્વભાવવિશેષ' શબ્દપ્રયોગના અર્થઘટનમાં મહત્ત્વની બને છે. 'સ્વભાવ' શબ્દમાં દેશ કે કાળને લગતી હકીકત પણ સમાવિષ્ટ થાય છે એવું આ અર્થઘટનમાંથી ફલિત થાય છે. એ મુજબ 'સ્વભાવ'નો અર્થ 'અવસ્થા', 'દશા' – એવો કરવો પડે.

પણ અહીં મનમાં પ્રશ્ન અવશ્ય ઊઠે છે કે શું 'દેશ' કે 'કાળ'ના વ્યવધાનને 'સ્વભાવ'નું વ્યવધાન કહી શકાય ખરું ? જો એમ હોય તો 'સ્વભાવનું વ્યવધાન' એમ કહેવામાં જ દેશ ને કાળનું વ્યવધાન આવી જ જાય છે. તો પછી તે બેનો જુદો ઉલ્લેખ શા માટે ? એટલે ખરેખર આ સૂત્રનો 'અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત એટલે જ કાં તો દેશ કે કાળથી વ્યવહિત કે કાં તો સ્વભાવથી વ્યવહિત' એમ અર્થ ઘટાવવો યોગ્ય ન ગણાય ? આમ અર્થ ઘટાવીએ તો 'અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત' શબ્દથી ઉભયના (= પ્રત્યયાન્તર અને સ્વભાવવિશેષના) વૈકલ્યવાળા પદાર્થો સામાન્યરૂપે વ્યક્ત થયા ગણાય ને 'દેશ, કાળ કે સ્વભાવના વ્યવધાન'માંનાં પ્રથમ બે વ્યવધાનો એ પ્રત્યયાન્તરસાકલ્યના વ્યવધાનના ઉપલક્ષક

ન્યા. બિ. ૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરીકે અને ત્રીજું (=સ્વભાવનું) વ્યવધાન તે સ્વભાવવિશેષના વ્યવધાનને ઉલ્લેખનારું ગણાય. આમ પ્રથમ સામાન્ય ભાવે અને પછી વિશેષ રૂપે અનુપલબ્ધિલક્ષણપ્રાપ્તિનો ઉલ્લેખ આ સૂત્રમાં થયો છે એમ માનવું યોગ્ય ગણાય.

**સૂત્ર ૨૮ :**

'प्रतिपत्तृप्रत्यक्षस्य निवृत्तिः' — સૂત્રના આ શબ્દોમાં प्रत्यक्ष શબ્દ નામ તરીકે એટલે કે 'પ્રત્યક્ષજ્ઞાન' એ અર્થમાં નહિ પણ 'પ્રત્યક્ષ પદાર્થ' એમ અધ્યાહૃત 'પદાર્થ' પદના વિશેષણ તરીકે છે એમ ધર્મોત્તર માને છે. ને તેથી જ 'નિવૃત્તિ'નો અર્થ 'જ્ઞાનગોચર પ્રદેશમાં ન હોવું' એમ સમજીને 'અનુપલબ્ધિ' એવો એ શબ્દનો પર્યાય આપે છે. વિનીતદેવ પણ એમ જ ઘટાવે છે. વળી અહીં 'પ્રત્યક્ષ' શબ્દ પણ 'પ્રત્યક્ષયોગ્ય' એવો અર્થ ધરાવે છે એ વાત પણ આ ટીકાકારોએ સ્પષ્ટ કરી છે.

5, 6 : આ બે ખંડોનો આશય શો તે વિચારણીય છે. મલ્લવાદી અને દુર્વેકમિશ્રના ખુલાસા જુદા હોઈ તે વચ્ચે તારતમ્ય કરવા જેવું છે. મલ્લવાદીને મતે (અને તેમને અનુસરીને શ્ચેરબાટ્સ્કીના મતે) અહીં શંકાકારનો આશય દૃશ્યાભાવની સિદ્ધિ કરનાર દૃશ્યાનુપલબ્ધિ તે પ્રત્યક્ષ પ્રમાણ જ છે, અનુમાનરૂપ નહિ — એમ કહેવાનો છે. (જુઓ : ननु यथा भूतलग्राहि प्रत्यक्षं घटाभावे प्रमाणं तथाऽभावव्यवहारेऽप्यस्तु, किं दृश्यानुपलम्भेन लिङ्गभूतेन कार्यम् — इति पराकृ(? कृ)तं प्रकटयन्नाह नन्वित्यादि । — મલ્લવાદીની ટીકા) જ્યારે દુર્વેક મુજબ શંકાકાર અહીં આમ દલીલ કરે છે : દૃશ્યાભાવ એ કેવળ દૃશ્યના ઉપલંભાભાવમાત્રથી સિદ્ધ થશે, તે માટે અભાવના અધિકરણભૂત ભાવરૂપ પદાર્થનું ગ્રહણ જરૂરી નથી. (જુઓ : अनेन सविशेषणमेवोपलम्भाभावमात्रं प्रसज्यप्रतिषेधरूपं लिङ्गमस्तु, न तु नञः पर्युदासवृत्त्या तदेकज्ञानसंसर्गि वस्तु, तज्ज्ञानं चेति पूर्वपक्षवादी दर्शयति । — ध० प्र०)

આ બે અર્થઘટનોમાંથી કયું વધારે સ્વીકાર્ય ? ઉક્ત બે ખંડોમાંથી આગલા ખંડનું છેલ્લું વાક્ય (अतो...व्यवहर्तव्यः । એ) જોતાં મલ્લવાદીનું અર્થઘટન સાચું જણાશે, તો બીજી બાજુ એક જ વાક્યનો બનેલો પાછલો ખંડ જોતાં દુર્વેક સાચા જણાય છે. વિચાર કરતાં લાગે છે કે બીજો ફકરો આખી ચર્ચાના સમાપનરૂપ હોઈ તેમાં ઉલ્લેખેલો મુદ્દો જ આખી ચર્ચામાં વિવાદનો વિષય હોવાનું જણાય છે; તે દૃષ્ટિએ દુર્વેકમિશ્રનું અર્થઘટન વધુ લક્ષ્યવેધી માની શકાય. એટલે કે આ સ્થળે 'દૃશ્યાનુપલબ્ધિ'નો અર્થ માત્ર અભાવ-પરક ન લેતાં અન્ય પદાર્થના ભાવરૂપ લેવાનો છે તે મુખ્ય પ્રતિપાદનવિષય છે અને પૂર્વપક્ષની શંકા એને અંગે જ છે. (ખંડ 5ના પહેલા ને છેલ્લા વાક્યમાંનો પ્રથમ दृश्यानुपलम्भ શબ્દ તુચ્છ અનુપલંભરૂપ હોવાનું જણાય છે.)

આમ છતાં એટલું કહેવું જોઈએ કે મલ્લવાદીને મતે અહીં જે વિવાદનો મુદ્દો છે તે અહીં વિવક્ષિત હોય કે ન હોય, પણ ધર્મોત્તરે એ મુદ્દો અન્યત્ર તો સ્પષ્ટપણે છેડ્યો જ છે. એટલે મલ્લવાદી પણ અહીં સાવ ખોટા ઠરતા નથી. અભાવજ્ઞાન એ પ્રત્યક્ષનો વિષય નહિ પણ અનુમાનનો વિષય છે એ ખરેખર વિચારવા લાયક પ્રસ્તાવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7 : ઘટાદિ પદાર્થને 'પ્રત્યક્ષ' એ વિશેષણ જેમ લાગે છે, તેમ કાળદૃષ્ટિએ 'અતીત', 'વર્તમાન' એ વિશેષણો પણ લાગે છે. હવે અસત્ એવા ઘટને લગતું 'પ્રત્યક્ષ' એ વિશેષણ જેમ આરોપિત છે, તેમ ઉપર્યુક્ત બે કાલિક વિશેષણો પણ આરોપિત છે એમ કહેવાનો આશય છે.

8 ; ફરી ફરી આ સૂત્રના કથયિતવ્યને સ્પષ્ટ કરવા ધર્મોત્તર એ વાત ઘૂંટ્યા કરે છે કે દશ્યાભાવનો એટલે કે દશ્ય પદાર્થના અભાવનો પ્રત્યય એ પ્રત્યક્ષસિદ્ધ છે. માત્ર ઘટાદિ પદાર્થની અભાવ-વ્યવહાર – યોગ્યતા એટલે કે અભાવપ્રત્યયની અભાવનિશ્ચાયકતા જ અનુમાનસિદ્ધ છે. આમ ફરી ફરી ઘૂંટીને ધર્મોત્તર અભાવવ્યવહારયોગ્યતાની પણ અનુમેયતા બાબત પોતાનો સૂક્ષ્મ, અભાન અનિશ્ચય વ્યક્ત કરી રહ્યા હોય એવું પણ લાગે છે. અભાવવ્યવહારયોગ્યતાના જ્ઞાનમાં અનુમાનવ્યાપાર માનવો કે કેમ એ ખરેખર વિવાદાસ્પદ પ્રશ્ન છે જ એ આગળ પણ આ ટિપ્પણમાં નિર્દેશ્યું છે. જો અહીં કહ્યું છે તેમ ઘટાદિવિષયક અભાવજ્ઞાન પ્રત્યક્ષસિદ્ધ હોય તો પછી ઘટાદિવિષયક અભાવવ્યવહાર-યોગ્યતા પણ પ્રત્યક્ષસિદ્ધ જ માનવી પડે. છતાં સૂત્રકારનો આશય સાવ ન સમજાય તેવો નથી. ઘટાદિની અનુપલબ્ધિથી પ્રથમ તેના અભાવની જે અનુભૂતિ થાય છે તે એક નિર્વિકલ્પક, 'असत्कल्प' અનુભૂતિ હોય છે. પછી 'જે જે દશ્ય પદાર્થ અનુપલબ્ધ હોય તે તે અભાવ-વ્યવહારયોગ્ય હોય છે' એવી વ્યાપ્તિ તથા અનુપલબ્ધ ઘટાદિની દશ્યતાના સંયુક્ત જ્ઞાનથી તે ઘટાદિની અભાવવ્યવહારયોગ્યતા જ્ઞાત થાય છે. 'જેની ઉપલબ્ધિ થાય તે સત્ છે' એ વ્યાપ્તિની જેમ 'જેની ઉપલબ્ધિ ન થાય તે અસત્ છે' એવી નિરુપાધિક વ્યાપ્તિ સાચી ન હોઈ અનુપલબ્ધ પદાર્થની અભાવવ્યવહારયોગ્યતા તો ઉપર્યુક્ત સોપાધિક (વિશિષ્ટ) વ્યાપ્તિ પર આધારિત અનુમાનથી જ સિદ્ધ થાય છે; કારણ કે જે તે પદાર્થની અનુપલબ્ધિની ક્ષણે તે પદાર્થની દશ્યતાનો નિર્ણય નથી હોતો; તે બોધ સ્મૃતિજન્ય હોઈ પછીની ક્ષણે થાય છે. બીજા શબ્દોમાં : કોઈ પણ પદાર્થની અનુપલબ્ધિ તત્કાળ તો તે પદાર્થ અનુભવગોચર નથી એટલું જ સિદ્ધ કરે છે, પરંતુ તે પરથી તે પદાર્થની વાસ્તવિક અસત્તા તો ઉપર્યુક્ત દશ્યતાના પરામર્શથી જ અવગત થાય છે. તેથી ઊલટું, પદાર્થ ઉપલબ્ધ થાય એટલે તે ભાવવ્યવહારયોગ્ય છે એવું નિશ્ચિત કરવા માટે પ્રત્યક્ષ ઉપરાંત અનુમાનની જરૂર નથી. ઉપલબ્ધિ એ જ સત્તાનું સાક્ષાત્ જ્ઞાન છે, अनु-मान (=पश्चात्-मान અર્થાત્ પાછળથી થતું જ્ઞાન) નથી. પ્રમાણપ્રવૃત્તિ સદ્ય: ભાવવ્યવસ્થાપક છે પણ પ્રમાણનિવૃત્તિ એ તર્ક કે પરામર્શ બાદ જ અભાવ-વ્યવહાર-યોગ્યતાની વ્યવસ્થાપક બને છે એવો ભાવ છે. અભાવવ્યવહારમાં કોનો અભાવ એ પ્રશ્ન થાય છે અને તેમાં સ્મૃતિ-આદિની જરૂર પડે છે.

9 : આમાં 'यस्मादतीते.. मूढो भवति ।' એ પાંચમા વાક્યનો અર્થ અસ્પષ્ટ છે.

12, 13 : આગળ ખંડ 5, 6માં કહેલું કે અભાવનિશ્ચયમાં માત્ર ઉપલંભાભાવ (જેને દુર્વેક प्रसज्यप्रतिषेधरूप અને तुच्छ કહે છે તે) પર્યાપ્ત નથી, પરંતુ જેનો ઉપલંભ ન થતો હોય તે સિવાયની અન્ય વસ્તુનો તે જ સ્થળકાળે ઉપલંભ (જેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एकज्ञानसंसर्गी ઉપલંભ કહ્યો છે તે) પણ આવશ્યક છે; કારણ કે તે ઉપલંભને લીધે જ અભાવસાધક અનુમાન માટેના दृश्यानुपलम्भરૂપ લિંગનો નિશ્ચય થાય છે. ટૂંકમાં : એ બે ખંડોમાં અભાવનિશ્ચયમાં અનુમાનના અંશની આવશ્યકતા ઉપર ભાર મૂકેલો, ત્યારે આ ખંડ 12માં તે જ જ્ઞાનના પાયામાં પ્રત્યક્ષજ્ઞાનનો પણ અંશ છે તે પર ભાર મૂકીને વળી ખંડ 13માં પ્રત્યક્ષ અને અનુમાન એ બંને પ્રમાણોના વ્યાપારની સમાન જરૂર છે એ સમગ્ર સત્ય સ્થાપ્યું છે.

આ ચાર ખંડોની વાતનો સાર આટલો છે : ઇન્દ્રિય દ્વારા કેવળ પ્રદેશનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાનમાં જ ઘટાદિના અભાવનું જ્ઞાન પણ છુપાયેલું છે — 'અત્રે ભૂતલ છે' એવા વિકલ્પમાં 'અત્રે ઘટાદિ ઉપલબ્ધ નથી' એવો અન્યવ્યવચ્છેદ આવશ્યક રીતે સમાયેલો જ છે. પણ 'જે જે પોતાને ઉપલબ્ધ ન થાય તે બધું નથી એવું ન કહી શકાય' એવી સમજવાળો જ્ઞાતા 'અત્રે ઘટાદિ ઉપલબ્ધ નથી' એ પરથી 'અત્રે ઘટાદિ નથી' એ નિશ્ચય કરતાં પહેલાં અભાવના પ્રતિયોગી ઘટાદિની દૃશ્યતાનો નિશ્ચય કરી લિંગપરામર્શરૂપ પ્રક્રિયાથી ઘટનો અભાવ અનુમિત કરે છે.

'જે જે ઉપલબ્ધ થાય છે તે તે છે જ, પણ જે જે અમુક જ્ઞાતાને ઉપલબ્ધ થતું નથી તે તે નથી જ – એમ ન કહી શકાય' – આ સમજણ ઉપર્યુક્ત ચર્ચાના પાયામાં છે. આ રીતે બૌદ્ધો ભલે અનાત્મવાદી કે નિરીશ્વરવાદી હોય, પણ તેઓ ગૂઢવાદ પ્રત્યે અવિરોધી વલણવાળા તો જરૂર છે એનો ચોખ્ખો પુરાવો આમાં મળે છે. આથી તો 'ન્યાયબિન્દુ'માં યોગિપ્રત્યક્ષ પણ સ્વીકારાયું છે.

પ્રસ્તુત ખંડ 12, 13નું વક્તવ્ય રજૂઆતની દૃષ્ટિએ ક્લિષ્ટ જણાય છે. ટીકાકાર સૂત્રકારના આશય બાબત કંઈક મથામણ સાથે પ્રગટ ચિંતન કરતા હોય એવી છાપ પડે છે. અભાવવ્યવહારયોગ્યતાનો નિશ્ચય જો દૃશ્યાનુપલબ્ધિરૂપ લિંગથી સિદ્ધ થતો હોય તો તે 'પ્રત્યક્ષકૃત' કહેવામાં દેખીતો વિરોધ જણાય છે. ખરેખર તો અનુપલબ્ધિ પ્રત્યક્ષસિદ્ધ છે અને અભાવવ્યવહારયોગ્યતાનો નિશ્ચય અનુમાનસિદ્ધ છે એવું કથન જ ન્યાય્ય ગણાય. 'અભાવનિશ્ચય (અભાવવ્યવહારયોગ્યતાનો નિર્ણય) પ્રત્યક્ષ વડે કૃત છે અને અનુપલંભરૂપી લિંગથી પ્રવર્તિત છે' એ છેલ્લું વિધાન પણ આ વદતોવ્યાઘાતથી મુક્ત નથી. કેવલભૂતલગ્રાહી પ્રત્યક્ષ એ ઘટાભાવના અદૃઢ (તુચ્છ) પ્રતિભાસરૂપ જ્ઞાન છે, જ્યારે દૃશ્યાનુપલબ્ધિરૂપ લિંગનો નિશ્ચય કર્યા બાદ પ્રવર્તતું અનુમાન તે ઘટાભાવનું દૃઢીભૂત, વ્યવહાર્ય જ્ઞાન છે.

**સૂત્ર ૩૧ :**

અહીં સ્વભાવનો અર્થ 'પોતાનું અસ્તિત્વ'. શ્ચેર્બાટ્સ્કી પણ આવો અર્થ સમજે છે.

**સૂત્ર ૩૨ :**

4 : आलोकसंज्ञकम् आकाशदेशम् : જુઓ ધ० प्र० – सौत्रान्तिकानामालोकतमः-स्वभाव एवाकाश इति। तन्मतया आलोकसंज्ञकमित्युक्तम्। (અર્થ : સૌત્રાન્તિકોની દૃષ્ટિએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશ એ પ્રકાશ અને અંધકાર રૂપી સ્વભાવવાળું જ છે. તેમની દૃષ્ટિએ અહીં આકાશને આલોકરૂપી સંજ્ઞાવાળું કહ્યું છે.)

આ ખંડમાં વર્ણવેલી પક્ષની સ્થિતિ ધ્યાનમાં લઈએ તો એક પ્રશ્ન થાય : ધુમાડો આંગણાની ભીંતોના ઉપલા છેડાઓ વચ્ચે નથી દેખાતો તો એ ઉપલા છેડાઓ વચ્ચેના **દેખાતા** આકાશભાગમાં જ વહ્નયભાવનો નિશ્ચય થઈ શકે, પણ તે ભાગની નીચેના ન દેખાતા આંગણાના આકાશમાં મંડપાદિથી અવરુદ્ધ ધુમાડો હોવાની શકયતા ઊભી હોવાથી ત્યાં પણ વહ્નયભાવનો નિશ્ચય થઈ શકે ખરો ? ટૂંકમાં, આંગણાના ધરતીતલ કે તેના ઉપરના અપ્રત્યક્ષ થોડા ભાગમાં અપ્રતિબદ્ધ સામર્થ્યવાળા અગ્નિના અભાવના નિશ્ચય માટે પૂરતું કારણ નથી. આ પરથી એક વ્યાપક પ્રશ્ન થઈ શકે : શું પક્ષ વાસ્તવમાં દૃશ્યમાન અને અદૃશ્યમાન એમ બંને પ્રકારના અવયવોનો બનેલો હોઈ શકે ?

**સૂત્ર ૩૩ :**

3 : ધર્મોત્તરે દૃષ્ટાંતમાં બીજા વૃક્ષાચ્છાદિત પ્રદેશનો પણ ઉલ્લેખ માત્ર અન્ય વૃક્ષ-રહિત પ્રદેશથી વિરુદ્ધ પરિસ્થિતિ બતાવવા કર્યો જણાય છે.

આ ખંડના બીજા વાકયમાં दृष्टापि અને पश्यन्नपि એમ બે વાર अपिનો પ્રયોગ ચિંત્ય છે. दृष्टापिનો અર્થ तत्स्थान् वृक्षान् पश्यन्नपि ( = ત્યાં રહેલાં વૃક્ષોને જોતો હોવા છતાં) અભિપ્રેત લાગે છે. તો પછી पश्यन्नपि એ તેના જ પર્યાયરૂપ (તેની પછી इति यावत्‌નો અધ્યાહાર કરીને) સમજી શકાય. આ વાકયમાં शिंशपादिभेदं यो न विवेचयति એમ જે કહ્યું છે તેમાં શિંશપાદિભેદનો અવિવેક તે દૂરદેશસ્થાયિતાને લીધે છે એમ દુર્વેક સમજે છે. આ અવિવેક શિંશપાદિનાં વ્યાવર્તક લક્ષણોના જ્ઞાનના અભાવે પણ સમજી શકાય.

**સૂત્ર ૩૪ :**

અત્રે થયેલા स्वभावविरुद्ध એ શબ્દપ્રયોગમાં विरुद्ध શબ્દથી સહાનવસ્થાનરૂપ વિરોધ નિર્દેશાયો છે. વળી આ પ્રયોગમાં स्वभाव શબ્દના અર્થ કે આવશ્યકતા બાબત પણ વિચાર કરવા જેવો છે; દા. ત. : શ્ચેરબાટ્‌સ્કીએ સૂત્રના ભાષાંતરમાં આ શબ્દની અવગણના કરી છે અને ટીકાના ભાષાંતરમાં તેને માટે presence શબ્દ વાપર્યો છે. એટલે એમ કહી શકાય કે स्वभावविरुद्ध અહીં स्वविरुद्धના જ પર્યાય રૂપે છે. અથવા 'પોતાના અસ્તિત્વથી વિરુદ્ધ' એવો અર્થ પણ લેવાય. એકંદરે જોતાં स्वभाव શબ્દનો ઉપયોગ જ અહીં ટાળ્યો હોત તો ક્લિષ્ટતા ટળી હોત.

**સૂત્ર ૩૫ :**

3 : અહીં પણ ધર્મી વિષેનું વિધાન સૂત્ર ૨.૩૨માંના વિધાન જેવું હોઈ અગાઉ ટિપ્પણમાં કહેલા વાંધાને પાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અનુપલબ્ધિ-પ્રયોગ વિષે એક યોગ્ય વિવેક દુર્વેક કરે છે; તેઓ અહીં વાસ્તવમાં બે અનુમાનો હોવાનું માને છે. તેઓ કહે છે : एतच्चात्यन्ताभ्यासाज्झटिति...... विरुद्धकार्योपलम्भजमेकमनुमानमाचार्येणोक्तमिति द्रष्टव्यम् । अनभ्यासदशाया पुनरज्ञातेऽनुमाने कार्यलिङ्गजविरुद्धोपलम्भजे भवतः । ( અર્થ : પુનઃ પુનઃ અનુમાન કરતા રહેવાને કારણે જ્યારે ઝટ અનુમાન કરાય ત્યારે વિરુદ્ધકાર્યોપલંભમાંથી જન્મતું એક અનુમાન ઉદ્ભવે એમ અહીં સૂત્રકાર આચાર્ય બતાવવા માગે છે તેમ સમજવું. પરંતુ કોઈ માણસને બહુ અનુમાનો કરવાનો મહાવરો ન હોય ત્યારે, ઝટ અનુમાન કરવાની આવડત ન હોય તો કાર્યલિંગમાંથી જન્મેલું અને વિરુદ્ધોપલંભથી જન્મેલું – એમ બે અનુમાનો કરાશે. **નોંધ** : દુર્વેકના ઉપર્યુક્ત ખંડના બીજા વાક્યમાં વપરાયેલો अज्ञाते શબ્દ થોડો અસ્પષ્ટ છે.)

## સૂત્ર ૩૬ :

સૂત્રમાં भूतस्य પછી વાપરેલા अपि શબ્દથી અભૂત ભાવના વિનાશનું અવશ્યંભાવિત્વ પણ નિષેધાયું છે. અહીં અભૂતનો અર્થ ધર્મોત્તરે अजात કર્યો છે, તો શું તે દ્વારા નિત્ય ભાવ તેમને અભિપ્રેત હશે ?

6 : ध्रुवभावित्वम् = नित्यत्वम् અને अध्रुवभावित्वम् = अनित्यत्वम् – આવું ધર્મોત્તરનું સમીકરણ જોઈને દુર્વેક नित्यत्वम् = अवश्यंभावित्वम् અને अनित्यत्वम् = अनवश्यंभावित्वम् એમ ફોડ પાડે છે ને તેના સમર્થનમાં આ સૂત્રની ટીકાના ખંડ 2માં કહેલ ध्रुवमवश्यं भवतीति ध्रुवभावी અર્થ ચીંધે છે. વળી नित्यत्व તે વિનાશના ધર્મ તરીકે અત્રે રજૂ થયેલું હોઈ અત્રે તેના પ્રસિદ્ધ અર્થમાં હોવાની સંભાવના નથી તે ચીંધે છે.

6થી 9 : ધર્મોત્તરની ટીકાના આ ઉત્તરાર્ધના હેતુ બાબત સ્પષ્ટતા જરૂરી છે. શ્રી શ્ચેરબાટ્સ્કીના ભાષાંતર પરથી એવો અર્થ ઊપસે છે કે ધર્મોત્તરે આ ઉત્તરાર્ધમાં વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિપ્રયોગનો અન્તર્ભાવ સ્વભાવાનુપલબ્ધિપ્રયોગમાં કરી શકાય એવું સૂચન કર્યું છે. કદાચ આ વિદ્વાનને અનુસરીને યા સ્વતંત્ર રીતે શ્રીનિવાસશાસ્ત્રીએ 'ન્યાયબિન્દુ–ટીકા'ના પોતાના સંપાદનમાં પૃ૦ ૧૬૬ ઉપરના વિવરણમાં એમ પ્રતિપાદિત કર્યું છે કે આ આખા ઉત્તરાર્ધ દ્વારા ધર્મોત્તર સૂત્રકારે આપેલા વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિના ઉદાહરણની અયોગ્યતા બતાવે છે. એ ઉદાહરણ સ્વભાવાનુપલબ્ધિનું ઉદાહરણ છે તેમ બતાવે છે. વળી તેઓ નોંધે છે કે દુર્વેકમિશ્ર તો ધ૦ પ્ર૦માં સૂત્રકારના ઉદાહરણની યોગ્યતા જ પ્રતિપાદિત કરે છે.

આ ખંડોનું શ્ચેરબાટ્સ્કી અને શ્રીનિવાસશાસ્ત્રીનું આવું અર્થઘટન સમર્થિત થતું લાગતું નથી. ખરેખર તો દુર્વેક આ ખંડો યોગ્ય રીતે સમજ્યા જણાય છે. પણ તેઓ, શ્રીનિવાસશાસ્ત્રીએ માન્યા મુજબ ટીકાકાર ધર્મોત્તરનું ખંડન નહિ પણ ધર્મોત્તરના આશયનું સ્પષ્ટીકરણ જ કરતા જણાય છે. આ ઉત્તરાર્ધમાં ધર્મકીર્તિના ઉદાહરણની ચર્ચા છે જ નહિ. બે ભાવો વચ્ચે સહાનવસ્થાનરૂપ વિરોધનો નિર્ણય કરનારું પ્રમાણ કયું એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજાવનારી પ્રાસંગિક આડચર્ચા કરવાનો જ તેમનો આશય છે. એક ભાવ (દા. ત. શૈત્ય) વિષે અન્ય નિયત ભાવ (દા.ત. ઉષ્ણતા)ની દૃશ્યાનુપલબ્ધિ (= સ્વભાવાનુપલબ્ધિ)ના ભૂયોદર્શન વડે તે બંને ભાવોના ભિન્ન સ્વરૂપનો નિર્ણય અને તે બંને વચ્ચેનો વિરોધ નિશ્ચિત થાય છે. આમ આ વિરોધનિર્ણયનું સાધક પ્રમાણ તે સ્વભાવાનુપલબ્ધિરૂપ પ્રયોગ જ છે એ વાત અહીં કહેવી છે. એક વાર બે ભાવો વચ્ચેનો વિરોધ નક્કી થયો, એટલે એમાંથી એકનો ભાવ તે અન્યનો અભાવ સિદ્ધ કરે છે. હવે જ્યારે કોઈ ભાવના વિરુદ્ધ ભાવની ઉપલબ્ધિ સાક્ષાત્ નહિ પણ તેનાથી વ્યાપ્ત એવા અન્ય ભાવની ઉપલબ્ધિ દ્વારા થાય ત્યારે વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિપ્રયોગને અવકાશ મળે છે. આ રીતે ટીકાનો આ ઉત્તરાર્ધ સમજવાનો છે. જુઓ ધ० प्र० : विरोधप्रतिपत्तिकाले दृश्यानुपलम्भस्य व्यापारात् । तदवगतविरोधेन तु व्याप्तं यत्र दृश्यते विरुद्धव्याप्तोपलम्भादेव विवक्षिताभावप्रतीतिरिति किमत्रायुक्तम् ? (અર્થ : વિરોધના જ્ઞાન વખતે દૃશ્યાનુપલંભનો વ્યાપાર પ્રવર્તે. તે પ્રમાણ દ્વારા જેનો [અન્ય નિયત ભાવ સાથેનો] વિરોધ જાણવામાં આવેલો હોય તેવા ભાવથી વ્યાપ્ત પદાર્થ જ્યાં દેખાય ત્યાં વિરુદ્ધવ્યાપ્તોપલંભથી વિવક્ષિત અભાવની પ્રતીતિ થાય છે. આમાં ક્યાં કશી વિસંગતિ છે ?)

**સૂત્ર ૩૮ :**

ધર્મોત્તરની સમજૂતી મુજબ : નિષેધ્ય એવા તુષારસ્પર્શનું વ્યાપક તે શીતસ્પર્શવિશેષ, વળી તેનું વ્યાપક તે શીતસ્પર્શસામાન્ય અને તેનું વિરુદ્ધ તે અગ્નિ. જો આને માન્ય કરીએ તો આ ઉદાહરણમાં 'વ્યાપકવ્યાપકવિરુદ્ધોપલબ્ધિ'નો પ્રયોગ માનવો ન પડે ? અત્રે શીતસ્પર્શવિશેષ અને શીતસ્પર્શસામાન્ય એમ બે ભેદો ઊભા કરવાથી આ વિસંગતિ ઊભી થાય છે. સૂત્રકારને એ બે ભેદો અત્રે અભિપ્રેત ન હોય એમ માનવું જ સંગત લાગે છે. વિનીતદેવ આ બેનો ભેદ કરતા નથી.

અહીં શીતસ્પર્શના વિરુદ્ધ તરીકે ઉષ્ણસ્પર્શને નહિ પણ અગ્નિને ગણ્યો છે તે તો બૌદ્ધ દૃષ્ટિ મુજબ અગ્નિ એ ઉષ્ણસ્પર્શરૂપ જ છે (= તેથી ભિન્ન નથી) એ વાતને ધ્યાનમાં રાખીને, એમ લાગે છે.

**સૂત્ર ૩૯ :**

ધર્મોત્તરે આ પ્રયોગ માટે પાણીના ધરાની પાર્શ્વભૂમિકા કલ્પી છે. તેને બદલે અંધારી રાત્રીના ખુલ્લા પ્રદેશને લક્ષીને આવું અનુમાન સંભવિત બનાવવું વધારે સહજ લાગે છે — આવી ટીકા દુર્વેક કરે છે. જુઓ ધ० प्र० : अनेन पुनरेवंविधं विषयं परित्यज्यान्यं विषयमुपपादयता किमित्यस्माऽऽश्रित इति न प्रतीमः । (અર્થ : ધર્મોત્તરે આવા પ્રદેશની કલ્પના છોડીને અન્ય પ્રકારનો પ્રદેશ પ્રતિપાદિત કરીને શા માટે ક્લિષ્ટતા વહોરી હશે તેની અમને ખબર પડતી નથી.)

**સૂત્ર ૪૧ :**

અહીં અગિયાર અનુપલબ્ધિપ્રયોગોનું વર્ણન પૂરું થયું દુર્વેક કહે છે કે આ અગિયાર પ્રકારો તો નમૂનાદાખલ કહ્યા છે. આ ઉપરાંતના વ્યાપકવિરુદ્ધકાર્યોપલબ્ધિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્યવિરુદ્ધકાર્યોપલબ્ધિ ઇત્યાદિ પ્રકારો પણ પ્રયોજાવવા શક્ય છે. બીજી બાજુ હેતુબિન્દુમાં સ્વભાવાનુપલબ્ધિ, વ્યાપકાનુપલબ્ધિ અને કારણાનુપલબ્ધિ એમ ત્રણ પ્રયોગો જ સ્વીકાર્યા છે; જ્યારે પ્રમાણવાર્તિકના સ્વાર્થાનુમાન-પરિચ્છેદમાં આઠ પ્રકાર સ્વીકાર્યા છે. બીજી બાજુ, ધર્મકીર્તિના મતો યથાતથ ઉતારનારા જયંતભટ્ટ ન્યાયમંજરીમાં આ અગિયારેય અનુપલબ્ધિ-પ્રયોગો ઉતારે છે. (જુઓ : વિનીતદેવની ટીકાની શ્રી મૃણાલકાન્તિની આવૃત્તિ, પૃ૦ 140 પરની નોંધ 27 અને પૃ૦ 152 પરની નોંધ 32.)

**સૂત્ર ૪૩ :**

પ્રયોગભેદનો અર્થ ધર્મોત્તર 'શબ્દવ્યાપારનો ભેદ' કરે છે. આ અર્થઘટન અપર્યાપ્ત લાગે છે. આ બધામાં શબ્દવ્યાપારના ભેદ તે તો મનોવ્યાપારભેદનું બાહ્ય લક્ષણમાત્ર છે. તેથી પ્રયોગભેદને અત્રે મનોવ્યાપારભેદ તરીકે ઘટાવવા જોઈએ.

**સૂત્ર ૪૪ :**

સૂત્રગત વ્યવચ્છેદપ્રતીતિઃ એ પદનો અર્થ ધર્મોત્તર 'પ્રતિષેધની' પ્રતીતિ એવો કરે છે. અહીં 'પ્રતિષેધ'નો અર્થ 'અભાવ' લેવાનો હોય તે સિવાય અર્થ બંધ બેસતો નથી. 'પ્રતિષેધ'નો અર્થ સામાન્ય રીતે તો કાં તો 'અભાવનું પ્રતિપાદન' અથવા તો 'કોઈ ક્રિયા ન કરવાની આજ્ઞા' એવો થાય. એ દૃષ્ટિએ પ્રતિષેધ એ પ્રતીતિનો વિષય નહિ પણ પ્રતિપાદનનો વિષય છે. આ બધું જોતાં વ્યવચ્છેદપ્રતીતિનો અર્થ 'ભિન્નતાની પ્રતીતિ' કરવો વધુ સહજ ને સરળ લાગે છે. વળી વ્યવચ્છેદ શબ્દથી સૂત્રકારને અભાવ જ અભિપ્રેત હોત તો તેઓ અભાવ-પ્રતીતિઃ — એવો પ્રયોગ જ કરત. અહીં આ એકાદશ પ્રયોગો પાછળ રહેલી ચિત્તવ્યાપારોની ભિન્નતાની પ્રતીતિનો નિર્દેશ સૂત્રકાર કરતા જણાય છે.

આટલું સ્વીકારીએ તો આખા સૂત્રનો અર્થ પણ વધુ સ્પષ્ટ બને છે : અનુમાનના આવા વિવિધ પ્રયોગો એટલે કે આકારોના અનુભવના બાહુલ્યથી અનુમાતાને પોતાને પણ પોતે કરેલાં આવાં વિવિધ અનુમાનો પાછળના ચિત્તવ્યાપારોની ભિન્નતાનું ભાન થાય છે. તાત્પર્ય એ કે આ પ્રયોગોમાં માત્ર કથનરીતિનો જ ભેદ ન હોતાં ચિત્તવ્યાપારોને પણ ભેદ છે; એ ચિત્તવ્યાપારો સુનિશ્ચિત એવી ભિન્નતા ધરાવતા હોય છે.

વિનીતદેવ વ્યવચ્છેદનો પ્રથમ અર્થ તો 'પ્રતિષેધ' જ આપે છે અને પ્રતીતિનો અર્થ, ભાષા સાથે કાંઈક છૂટ લઈ ને, 'પ્રત્યાયન' એવો આપે છે. વળી પ્રતીતિના આ અર્થની અસ્વાભાવિકતાથી સભાન થયા હોય તેમ, પ્રતીતિના સહજ અર્થને ધ્યાનમાં લઈ ને યદ્વા વ્યવચ્છેદપ્રતીતિર્વિશેષપ્રતિપત્તિઃ એમ વૈકલ્પિક અર્થ આપે છે.

શ્રી શ્ચેરબાટ્સ્કી વ્યવચ્છેદપ્રતીતિનો અનુવાદ આવો કરે છે : the distinct conception of what a negative judgment represents internally. આ અર્થ અસ્પષ્ટ જણાય છે; જો કે તેઓ ટિપ્પણમાં 'વ્યવચ્છેદ'નો ઉપર્યુક્ત સ્વાભાવિક અર્થ નોંધ છે ખરા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાનનો ભેદ સ્પષ્ટરૂપે કહીએ તો આવો છે : સ્વાર્થાનુમાન એ અનુમાન પાછળની ચિત્તપ્રક્રિયાની મીમાંસા છે, તો પરાર્થાનુમાન એ અનુમાતાએ પોતે કરેલું અનુમાન અન્ય જિજ્ઞાસુમાં સંક્રાંત કરવા માટેની યોગ્ય કથનરીતિની મીમાંસા છે. અત્રે, સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાનનાં ક્ષેત્રોની ભિન્નતાની તીવ્ર સભાનતા ગ્રંથકાર અનુભવે છે; તેથી જ એકની બાબત બીજામાં પ્રતિપાદિત ન થઈ જાય તે અંગેની તેમની ચીવટ જણાય છે.

**સૂત્ર ૪૫ :**

1 : 'शिष्टेष्वभावः' એ શબ્દો પર ધ० प्र० જુઓ : शिष्टेषु परिशिष्टेषु अभाव इत्यभावोऽपीति द्रष्टव्यम् । न त्वभाव एव, व्यवहारस्यापि साधनात् । ( અર્થ : 'બાકીનામાં અભાવ' એનો અર્થ 'અભાવ પણ' એમ સમજવો; 'માત્ર અભાવ જ' એમ નહિ; કારણ કે તેમાં અભાવવ્યવહારની પણ સિદ્ધિ થતી હોય છે. )

આ સૂત્રમાંના ત્રણ ચકારને ધર્મોત્તર બિનજરૂરી રીતે હેત્વર્થે લે છે. 'ત્રણેની સમુચ્ચયાર્થકતા તો તેમને અભિપ્રેત છે જ' એવી દુર્વેકની સ્પષ્ટતા જરૂર સ્વીકારીએ. પણ તે ઉપરાંત તેમાં હેત્વર્થતા માનવાનું કોઈ વાજબી કારણ જણાતું નથી. આગલા સૂત્ર કરતાં આ સૂત્રનો વિષય જ જુદો હોઈ પ્રથમ ચકારની હેત્વર્થતા માનવાની લાલચ પણ રોકવા જેવી છે. શ્ચેરબાટ્સ્કી પણ આની યોગ્ય રીતે જ ટીકા કરે છે.

**સૂત્ર ૪૬ :**

આ સૂત્રનો विरोधकार्यकारणभावाभावासिद्धेः એ સમાસ ગૂંચવે તેવો છે. તેનું સહજ અર્થઘટન વિનીતદેવના સૂત્રાર્થમાં આપેલું જણાય છે. "( અન્યભાવો સંબંધી ) વિરોધ અને કાર્યકારણભાવ કે તે બંનેના અભાવની સિદ્ધિ (=નિશ્ચય) થઈ શકતી નથી." આ અર્થઘટનમાં બે બાબતો વચ્ચેના બે જ સંબંધો – વિરોધ અને કાર્યકારણભાવ – ઉલ્લેખાયા છે. જ્યારે અગિયાર અનુપલબ્ધિપ્રયોગોમાં આ બે ઉપરાંતનો વ્યાપ્યવ્યાપકભાવરૂપ ત્રીજો સંબંધ પણ ઉપયોગમાં લેવાય છે. એટલે એનો સમાવેશ પણ આ સૂત્રમાં થાય તે ઇષ્ટ ગણાય. પરંતુ વિનીતદેવના ઉપર્યુક્ત અર્થઘટનમાં એનો સમાવેશ દેખીતી રીતે નથી. આથી ધર્મોત્તરે ઉક્ત સમાસના अभाव એ શબ્દ સાથે व्यापकस्य अभावे व्याप्यस्य એ શબ્દો અધ્યાહાર્ય ગણ્યા છે. પણ વાક્યપ્રયોગની સહજતાની દૃષ્ટિએ આ શબ્દોનો અધ્યાહાર અસ્વાભાવિક લાગે છે. તેથી વિનીતદેવનું અર્થઘટન સ્વીકારીને એનું સમર્થન એમ કહીને કરી શકાય કે સૂત્રકાર અત્રે વ્યાપ્યવ્યાપકભાવને કાર્યકારણભાવમાં સમાવિષ્ટ માનતા હોવાનો સંભવ છે. સૂત્રકારના આવા મનોગત ભાવનો પુરાવો આગળ આવનાર સૂ૦૩.૮ની ધર્મોત્તરની ટીકામાં આપેલા હેતુબિન્દુના અવતરણમાં મળે છે. શ્ચેરબાટ્સ્કી પણ વિનીતદેવના અર્થઘટનને ટેકો આપે છે. પણ તેઓ સરતચૂકથી જ વિરોધમાં વ્યાપ્યવ્યાપકભાવનો સમાવેશ કરવાનું સૂચવે છે. ઉપર કહ્યું તેમ કાર્યકારણભાવમાં જ તેનો સમાવેશ કરવાનું શક્ય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સૂત્ર ૪૭ :

विप्रकृष्टविषया ની સમજૂતીમાં અગાઉ જેમ ધર્મોત્તર દેશથી, કાળથી અને સ્વભાવથી – એમ ત્રણ રીતના વિપ્રકર્ષ બતાવે છે. એમાં स्वभावविप्रकर्ष જ તાત્ત્વિક લાગે છે. કોઈ ભાવનો દેશ કે કાલથી વિપ્રકર્ષ એ જે તે સ્થળે તો તે ભાવની અસિદ્ધિ કરે જ છે; સંશય નહિ. અલબત્ત, દૃષ્ટિને અગોચર એવા દેશમાં પણ તેના અસ્ત્વની વાત કરીએ તો જરૂર એની અનુપલબ્ધિ સંશયહેતુ બને છે.

વળી સ્વભાવવિપ્રકૃષ્ટતા પણ સામાન્ય મનુષ્યો માટે હોવા છતાં યોગી–આદિ માટે ન પણ હોઈ શકે. એટલે તે પણ સાપેક્ષ ધર્મ છે, નિરપેક્ષ નહિ.

## સૂત્ર ૪૮ :

આગલા સૂત્રની વાતને આ સૂત્રમાં વધુ સ્પષ્ટ કરી છે. અહીં તત્ત્વજ્ઞાનના ક્ષેત્રની એક ઘણી મહત્ત્વની વાત કરી છે. આ બાબત ભારે વિવાદાસ્પદ પણ છે. પ્રમાણસત્તાથી પ્રમેય–સત્તા સિદ્ધ થાય તો પ્રમાણાભાવથી પ્રમેયાભાવ પણ કેમ સિદ્ધ ન થાય ? – આ એક બહુ પૂછવા જેવો પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉત્તર અન્ય ગૂઢવાદી દર્શનોની જેમ આ ન્યાયગ્રંથમાં પણ ધર્મકીર્તિએ શ્રદ્ધાને અવલંબીને આપ્યો છે. અલબત્ત, એમણે પોતાની વાતનું સમર્થન ન્યાયમાન્ય પદ્ધતિએ કરવાનો દેખાવ કર્યો છે, પણ પ્રચ્છન્ન રીતે તેમાં અતાર્કિકતા જણાય છે, અને તેમાં શ્રદ્ધાનો જ આશ્રય લેવાયો છે. પ્રમાણ પ્રવર્તે નહિ છતાં પ્રમેય હોઈ શકે એવું તાર્કિક વ્યક્તિ માની શકે ? દા.ત. વાચસ્પતિમિશ્રનું न्यायवार्तिकतात्पर्यटीकाમાંનું પેલું પ્રમાણભક્તિ પરક વાક્ય જુઓ : संविदेव हि भगवती वस्तूपगमे नः शरणम् । ( અર્થ : કોઇ પદાર્થનું ગ્રહણ કરવામાં ભગવતી સંવિદ્ એટલે કે પ્રમાણ જ અમારું શરણ છે. ) ( શ્ચેરબાટ્સ્કી નોંધે છે, કે પ્રમાણાભાવે પ્રમેયાભાવની માન્યતા ભારતીય પરંપરાઓમાં નૈયાયિકોની હતી, તેમ જ યુરોપીય વિજ્ઞાનમાં Sigwart સુધી હતી.) બીજી બાજુ અજ્ઞેયવાદી અસહાય ભાવે, તો ગૂઢવાદી ભક્તિભાવે માનવપ્રમાણોની મર્યાદા સ્વીકારતા આવ્યા છે; દા.ત વેદાંતમાં બ્રહ્મનું નિર્ગુણ સ્વરૂપ કલ્પીને, તેની પ્રમાણાગ્રાહ્યતા જ પ્રબોધી છે ( જુઓ પ્રસિદ્ધ ઉપનિષદ્–વાક્ય : यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह । ). ધર્મકીર્તિ ન્યાયશાસ્ત્રનો ગ્રંથ લખે છે. પણ તેઓ નિષ્ઠાથી નૈયાયિક નથી – એમ આ સૂત્ર પરથી કહી શકાય. શું તેઓ પ્રમાણોનું વ્યવહારુ મહત્ત્વ કબૂલીને પણ અંતતોગત્વા પ્રમાણસંન્યાસની આવશ્યકતા જ પ્રબોધવા ધારે છે ? પ્રત્યક્ષના પ્રકારમાં યોગિજ્ઞાનનો સ્વીકાર પણ આ જ દિશા ચીંધે છે. અલબત્ત, સૂક્ષ્મ રીતે જોતાં સામાન્ય મનુષ્ય માટે જે બાબતમાં પ્રમાણાભાવ હોય છે તે બાબતમાં યોગી પાસે તો પ્રમાણ હોય જ છે એમ પણ કહી શકાય. એ રીતે તો 'પ્રમાણાભાવથી પ્રમેયાભાવ સિદ્ધ ન થાય' એવું વિધાન મર્યાદિત અધિકારીને જ ઉદ્દેશીને સાચું ગણી શકાય, સાર્વત્રિક રીતે સાચું નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તૃતીય પરિચ્છેદ : પરાર્થાનુમાન

## સૂત્ર ૧ :

પરાર્થાનુમાન એ કોઈ વ્યક્તિએ પોતે સહજ અનુમાનનું અન્યમાં સંક્રમણ કરવાનો ઉપાયમાત્ર હોઈ તે અન્ય વ્યક્તિમાં અનુમાન નીપજી રહે એટલી જોગવાઈ જ કરે છે – આ બાબતને ધ્યાનમાં લઈને આ સૂત્રનું કથન થયું છે. કોઈ બાબત પક્ષધર્મરૂપ છે ને વળી અન્વય-વ્યતિરેકથી ફલિત થતી વ્યાપ્તિના બળે સાધ્યસાધક છે એટલું ચીંધવા માટે ત્રિરૂપ લિંગનું કથન કરવામાં આવે છે. હવે સામી વ્યક્તિ આવા વિધાનથી કોઈ ધર્મને ત્રિરૂપ લિંગ તરીકે જાણે, એટલે પછી આપોઆપ પોતાના ચિત્તતંત્રના નિયમોને વશ વર્તીને સાધ્યનિશ્ચય તો સ્વયં કરવાનો જ છે, માટે એ સાધ્યનિશ્ચયનું કથન પરાર્થાનુમાનમાં આવશ્યક નથી – આવું સૂચવવા પરાર્થાનુમાનને કેવળ ત્રિરૂપલિંગાખ્યાનરૂપ જ કહ્યું છે.

त्रिरूपलिङ्गाख्यान શબ્દ સમજાવતાં ધર્મોત્તરે आख्यान શબ્દ બાબત आख्यायते प्रकाश्यते अनेन એમ જે કહ્યું છે એની સાર્થકતા દુવેંક આમ બતાવે છે : જે વડે ત્રિરૂપ લિંગ કહેવાય એટલે કે પ્રકાશિત થાય (અર્થાત્ સમજાય) તેવું વાક્ય તે પરાર્થાનુમાન. આનો અર્થ એ કે લિંગનાં ત્રણે રૂપો સાક્ષાત્ ન કહેતાં, બે રૂપોનું સાક્ષાત્ કથન પણ જો શ્રોતામાં ત્રીજા રૂપનો બોધ આડકતરી રીતે કરાવી જાય તો તેવું બે રૂપોનું સાક્ષાત્ કથન પણ ત્રિરૂપલિંગાખ્યાન કહેવાય. દુવેંકની આ સ્પષ્ટતા આવકાર્ય છે; કારણ કે પરાર્થાનુમાનમાં સામાન્યતઃ અન્વયવ્યતિરેકમાંથી અન્વયનું જ કથન અને ઉપરાંત પક્ષધર્મનું કથન એમ બે રૂપોનું જ સાક્ષાત્ કથન થતું હોય છે, છતાં અન્વયકથનમાંથી વ્યતિરેકરૂપી ત્રીજા રૂપનો અર્થ આક્ષિપ્ત થાય છે, તેથી તેને ત્રિરૂપલિંગાખ્યાન જ કહી શકાય. બૌદ્ધ પરાર્થાનુમાન વાણીની કરકસરમાં રાચે છે.

અનુમાતામાં અન્વય-વ્યતિરેકજનિત વ્યાપ્તિજ્ઞાન પ્રથમ થયેલું હોય છે, ત્યાર બાદ જ થયેલું પક્ષધર્મતાનું જ્ઞાન સાધ્યનિશ્ચય કરાવતું હોય છે. આ સ્વાર્થાનુમાનના ક્રમે જ પરાર્થાનુમાન પ્રયોજાય છે : અન્વય-વ્યતિરેકના કથન અને પક્ષધર્મતાના કથનના ક્રમે. દુવેંકે આ બાબત તરફ પણ યોગ્ય રીતે જ ધ્યાન દોર્યું છે; જો કે શ્ચેરબાટ્સ્કી સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાનમાં ત્રણે રૂપોની ઉપસ્થિતિનો ક્રમ એકબીજાથી ઊલટો છે એમ નોંધી પરાર્થાનુમાનની અશાસ્ત્રીયતાની ફરિયાદ કરે છે. આ ફરિયાદ મનોવિજ્ઞાનની એરણ પર ચર્ચવા જેવી છે.

## સૂત્ર ૨ :

પરાર્થાનુમાન એટલે કે અનુમાનના પ્રતિપાદક વચન વિષે પણ મતભેદને અવકાશ છે; કારણ કે તે પ્રતિપાદક વચનનાં કિંવા અનુમાનવાક્યનાં અવયવોની સંખ્યા વધતી–ઓછી કલ્પાઈ છે. આ કારણે પરાર્થાનુમાનની ચર્ચા પણ આવશ્યક છે. શ્રોતા પણ વક્તા જેવું જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમાન કરી શકે એને માટે કેટલા અવયવોવાળું કથન આવશ્યક છે તે લાઘવપ્રેમી કોઈ પણ શાસ્ત્રકારને મન અગત્યનો ચર્ચાવિષય ગણાય. આટલા ખાતર જ પરાર્થાનુમાનની ચર્ચા આવશ્યક ગણાઈ છે.

**સૂત્ર ૫ :**

3 : પ્રથમ પ્રકારના પરાર્થાનુમાનના ઉદાહરણમાં ધર્મોત્તરના तथा च कृतकः शब्दः એ વિધાનમાંના तथा च શબ્દના ઉપયોગ સામે દુર્વેક ખાસ વાંધો લે છે. આ બૌદ્ધ પરંપરામાં નૈયાયિક પરંપરાના उपनय કિંવા उपसंहारवाक्यની જેમ तथा પદનો ઉપયોગ કરવાનું ઇષ્ટ મનાયું નથી. વ્યાપ્તિ કહ્યા બાદ કેવળ પક્ષધર્મતાનું કથન જ ઇષ્ટ અનુમાન કરાવે છે, તેથી तथा પદનો ઉપયોગ વ્યર્થ મનાય છે. ( જુઓ ધ૦ પ્ર૦ : न त्वेव पक्षधर्मो दर्शनीयः । ' कृतकश्च शब्दः ' इत्येतावतैव गतार्थत्वेन ' तथा'शब्दस्य वैयर्थ्यात् ।... इतरथा परेषामिवोपनयप्रयोगः स्यात् । )

**સૂત્ર ૮ :**

1 : અહીં આપેલા ' હેતુબિન્દુ ' ના અવતરણમાં સ્પષ્ટ થાય છે કે નૈયાયિકોની જેમ હેતુ અને સાધ્ય માટે સર્વસામાન્યભાવે ધર્મકીર્તિને અનુક્રમે ' વ્યાપ્ય ' અને ' વ્યાપક ' એ શબ્દો વાપરવાનું અભિપ્રેત છે. એટલે न्या० बि० સૂત્ર ૨.૪૬માં વ્યાપ્યવ્યાપક–ભાવને લગતા શબ્દનો અભાવ સમજી શકાય છે. વ્યાપ્યવ્યાપકસંબંધ અનુપલબ્ધિ–પ્રયોગના નિરૂપણ વખતે ભલે કાર્યકારણભાવ વગેરેથી અલગ સંબંધ તરીકે કહ્યો હોય, પરંતુ કાર્યહેતુ કે સ્વભાવહેતુ એ બધામાં વ્યાપ્યવ્યાપકભાવ વિશાળ અર્થમાં તો તેમને અભિપ્રેત છે જ.

2 : व्याप्तिसाधनस्य प्रमाणस्य विषयः એ પ્રયોગમાં દૃષ્ટાન્તને ' વ્યાપ્તિસાધક પ્રમાણનો વિષય ' કહ્યો છે. એટલે દૃષ્ટાન્તથી વ્યાપ્તિસાધક પ્રમાણ જુદી બાબત તરીકે અભિપ્રેત છે. દૃષ્ટાન્તના સાક્ષાત્કાર વખતે થતો બુદ્ધિવ્યાપાર ( દુર્વેક આ પછીના સૂત્રની ટીકામાં બતાવે છે તેમ અનુમાનરૂપ બુદ્ધિવ્યાપાર ) તે ઉક્ત પ્રમાણ છે – જેના વડે વ્યાપ્તિ બંધાય છે. કેવળ દૃષ્ટાન્તનો સ્થૂળ સાક્ષાત્કાર તે વ્યાપ્તિસાધક નથી. તે સાથે સાધનનું સાધ્યનિયતત્વ સ્થાપવા થતો અનુમાનપ્રધાન બુદ્ધિવ્યાપાર તે વ્યાપ્તિસાધક હોઈ પ્રમાણરૂપ છે. એ પ્રમાણનો વિષય તે દૃષ્ટાન્ત છે. આ પ્રયોગમાં વ્યાપ્તિની સિદ્ધિની પ્રક્રિયાનો લાઘવભર્યો નિર્દેશ ધ્યાનપાત્ર છે. ( આગળ આવનારી ૩.૧૫.2 પરની ટિપ્પણ પણ જુઓ. )

**સૂત્ર ૯ :**

2 : व्याप्तिसाधकस्य प्रमाणस्य એ શબ્દોમાં ઉલ્લેખેલું પ્રમાણ દુર્વેક આમ નિર્દેશે છે : यस्य क्रमाक्रमाऽयोगो, न तस्य क्वचित्सामर्थ्यम् । यथाऽऽकाशकुशेशयस्य । अस्ति चाक्षणिके स इति व्यापकानुपलम्भसम्भवस्यानुमानस्येति द्रष्टव्यम् । આ અનુમાન આમ સમજીએ : જે વસ્તુ પોતાનાથી સંભવનારી અર્થક્રિયાઓ ક્રમશઃ કે એકસાથે એમ એકે રીતે સાધી ન શકે તેનામાં કોઈ અર્થક્રિયાકારિત્વ હોઈ ન શકે. અક્ષણિક વસ્તુમાં એવું જ બને. માટે અક્ષણિક વસ્તુ હોઈ શકે નહિ. માટે સિદ્ધ થયું કે સત્ હોય તે ક્ષણિક જ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૯થી ૧૧ :

સ્વભાવહેતુના સાધર્મ્યવાન્ પ્રયોગની ચર્ચામાં ગ્રંથકારે સ્વભાવહેતુના ત્રણ પ્રકારોનું પ્રતિપાદન કરવાની તક ઝડપી છે. આ ત્રણ પ્રકારોનું સ્વરૂપ કંઈક અસ્પષ્ટ લાગે છે. વળી એ પ્રકારનિરૂપણ પાછળનો આશય પણ વિચારવો પડે તેમ છે.

સંભવતઃ આ ત્રણ પ્રકારો આ રીતના અભિપ્રેત છે : (૧) જ્યારે કોઈ સ્વભાવનું નિર્વિશેષણરૂપે જ કથન કરીને તેમાંથી સાધ્યસિદ્ધિ કરાય ત્યારે તે શુદ્ધ સ્વભાવનો પ્રયોગ કહેવાય. આમાં હેતુભૂત સ્વભાવને વિશેષણરહિતરૂપે કહેવા પાછળ, શ્રોતા પ્રસિદ્ધ વ્યાપ્તિને આધારે અનુમાન સાનમાં સમજી જશે એવી પ્રતિપાદકની શ્રદ્ધા કારણભૂત કહી શકાય. (૨) ખાસ કરીને જ્યારે વ્યાપ્તિ બે અપ્રસિદ્ધ ધર્મો વચ્ચે હોય ત્યારે એક સ્વભાવભૂત ધર્મ અન્ય સાધ્યભૂત ધર્મની સિદ્ધિ કેવી રીતે કરી આપે તે બાબત શંકાને અવકાશ હોઈ શકે. આવે વખતે ઉપાયરૂપે એ હેતુભૂત સ્વભાવથી અભિન્ન એવો અન્ય એ પ્રકારનો ધર્મ એ સ્વભાવહેતુનાં વિશેષણરૂપે ઉલ્લેખાય છે કે જે, શ્રોતાના મનમાં હેતુમાંથી સાધ્યસિદ્ધિ સરળતાથી નિપજાવે છે. આમ હેતુનું વિશેષણ તે હેતુ અને સાધ્ય વચ્ચેની આવશ્યક કડી બની જાય છે. (૩) કેટલીક વાર સ્વભાવહેતુ સાથે અભિન્નપણે સંકળાયેલો છતાં તેના સ્વરૂપના આકલન પૂરતો અન્યાપેક્ષ એવો ધર્મ વિશેષણરૂપે ઉલ્લેખવાથી પણ સાધ્યસિદ્ધિ સરળ રીતે થઈ શકે તેમ બને. એવા અન્યાપેક્ષ ધર્મ માટે અત્રે ઉપાધિ શબ્દ વાપર્યો છે.

ટૂંકમાં, જ્યાં શુદ્ધ સ્વભાવહેતુનું કથન સાધ્યસિદ્ધિ અંગે શ્રોતાના મનમાં શંકાને અવકાશ રહેવા દે ત્યાં સ્વભાવહેતુના સ્વકીય નિયતસહચારી ધર્મનો અથવા તો આગંતુક ધર્મ કિંવા ઉપાધિનો ઉલ્લેખ સ્વભાવહેતુના વિશેષણરૂપે કરાય છે. બીજી રીતે કહીએ તો સ્વભાવહેતુ કાં તો શુદ્ધ રીતે કહેવાય છે કાં તો સંકુલ રીતે (=પોતામાં રહેલા સહજ કે કે આગંતુક ધર્મના પૃથક્કરણ દ્વારા) કહેવાય છે.

સૂત્ર ૧૦ :

3 : ' सैव व्यावृत्तिः...भावस्य उत्पत्तिरिति ।' – આ વાક્યનો ભાવ અસ્ફુટ છે. સૂત્રમાંના 'उत्पत्तिमत्' પદને સમજાવવા માટે આ ભૂમિકારૂપ વાક્ય છે. उत्पत्तिमत् એ અધ્યાહાર્ય એવા भाव (=वस्तु) પદનું વિશેષણ છે. मतुप्–પ્રત્યય સાથે સંકળાયેલી બાબત સામાન્યતઃ मतुप्–યુક્ત પદના વિશેષ્યથી અલગ હોવાનું સૂચવાય છે. એટલે भावથી જાણે उत्पत्ति એ કોઈ ભિન્ન બાબત હોય તેમ मतुप् દ્વારા उत्पत्तिનો भाव સાથેનો સંબંધમાત્ર કહેવાય છે; અભેદ નહિ. उत्पत्तिની ભાવથી કલ્પિત પૃથક્તા બતાવવા ક્યારેક ષષ્ઠી–વિભક્તિનો ઉપયોગ પણ કરાય છે : 'ભાવની ઉત્પત્તિ' એ રૂપે.

ઉક્ત વાક્યમાં व्यावृत्ति શબ્દને ભાવવાચક તરીકે નહિ પણ દ્રવ્યવાચક તરીકે – અર્થાત્ 'ભિન્નતા' એવા અર્થમાં નહિ પણ 'ભિન્ન વર્ગ' એવા અર્થમાં લેવો જોઈએ. તે મુજબ व्यावृत्त्यन्तरનો અર્થ પણ 'અન્ય ભિન્ન વર્ગ' લેવો પડશે. તે રીતે જ સમગ્ર સંદર્ભમાં બંધ બેસે તેવો આ વાક્યનો અર્થ કરી શકાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આના આગલા વાક્ય સાથે આ વાક્યને લેતાં સમગ્ર તાત્પર્ય એ જણાય છે કે કેટલાક સ્વભાવહેતુઓ નિર્વિશેષણ સ્વરૂપે ન પ્રસ્તુત કરાતાં સાધ્યસિદ્ધિ માટે તે હેતુના સ્વભાવભૂત અન્ય ધર્મને, તે અલગ કે આગંતુક હોય તેમ ઘડીક કલ્પનાથી અલગ તારવીને રજૂ કરવામાં આવે છે. હવે, તે મૂળ સ્વભાવહેતુરૂપ ભાવથી વાસ્તવમાં ભિન્ન નહિ એવા ધર્મનું આવું પૃથક્કરણ બે રીતે થઈ શકે તે આ બે વાક્યમાં બતાવ્યું છે : (૧) તે ધર્મને, સ્વભાવહેતુના વિશેષણ રૂપે, એ સ્વભાવહેતુના વાચક પદની પૂર્વે મૂકવામાં આવે છે; દા.ત. 'ઉત્પત્તિમાન્ એવો ભાવ' એ પ્રયોગમાં ભાવ કે સત્નું ક્ષણિકત્વ સિદ્ધ કરવા ઉત્પત્તિમત્ત્વ, કે જે બૌદ્ધ દષ્ટિએ 'સત્' કે 'ભાવ'-માત્રથી અભિન્ન છે, તેને વિશેષણરૂપે કહેલ છે. આમાં 'ઉત્પત્તિમાન્' એ પદથી 'અનુત્પત્તિમાન્' ભાવથી જુદા વર્ગનો નિર્દેશ થાય છે. એટલે એમાં આડકતરી રીતે ઉત્પત્તિમત્ત્વરૂપ ધર્મ એ જાણે કે 'ભાવ'થી ભિન્ન કે આગંતુક હોય તેવું સૂચવાય છે. (૨) જો સ્વભાવહેતુના જે તે અભિન્ન ધર્મને અન્ય વ્યાવૃત્ત વર્ગથી નિરપેક્ષરૂપે નિર્દેશાવો હોય, તો તે સ્વભાવહેતુના વાચક પદને ષષ્ઠીમાં નિર્દેશીને તેના વિશેષણને તે પદ પછી ભાવવાચક નામ દ્વારા નિર્દેશાવામા આવે છે – દા.ત. 'ભાવની ઉત્પત્તિ'. આ બંને પ્રયોગોમાં ધર્મ તે જાણે કે સ્વભાવહેતુથી ભિન્ન હોય તે રીતે નિર્દેશાયો છે.

ઉદાહરણમાં, उत्पत्ति એ भाव( કે सत् )થી અભિન્ન હોવા છતાં કલ્પનાથી ભિન્ન મનાય છે, ત્યારે જેમ मतुप् ( =मत् ) પ્રત્યયવાળા વિશેષણના પ્રયોગમાં તેમ 'ભાવની ઉત્પત્તિ' એવા ષષ્ઠીપ્રયોગમાં પણ उत्पत्तिરૂપ ધર્મની 'ભાવ'થી ભિન્નતા સ્પષ્ટ ઊપસી આવે છે.

અહીં શ્ચેરબાટ્સ્કીના મતે એ બૌદ્ધદષ્ટિ તરફ ગ્રંથકાર ખાસ ધ્યાન દોરવા માગે છે કે उत्पत्ति એ પરમાર્થતઃ भावમાત્રથી અભિન્ન છે. તેથી उत्पत्तिमत् પદથી કરાતી भावની વ્યાવૃત્તિ કલ્પિત છે; કારણ કે अनुत्पन्न એવો કોઈ भाव વસ્તુતઃ નથી. સૂત્રમાં વાપરેલા स्वभावभूत પદમાંથી આવો અર્થ જ ફલિત કરવો પડે.

શ્ચેરબાટ્સ્કીનું સમગ્ર સૂત્રાર્થને લગતું ઉપલું મંતવ્ય તો સ્વીકાર્ય જણાય છે, પરંતુ ઉપર્યુક્ત વાક્યનું એમનું ભાષાંતર સ્વીકાર્ય જણાતું નથી; કારણ કે તેમાં व्यावृत्त्यन्तर પદનું અર્થઘટન કૃત્રિમ જણાય છે; જુઓ તેમનું ભાષાંતર : when we wish to give expression to a contrast independent from any other ( real ) contrast, ( a contrast limted to expression ), it is called apparent contrast, as e.g. " the beginning of existence .." આમાં કૌંસમાં મૂકેલા શબ્દો અર્થઘટનની કૃત્રિમતા સૂચવે છે. વળી व्यतिरेकिणी इवનું 'apparent contrast' એવું અર્થઘટન પણ યોગ્ય કહી શકાય નહિ.

દુર્વેકમિશ્ર व्यावृत्त्यन्तर પ્રયોગને महत्त्वादि પદથી સમજાવે છે તે પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ ઉપર્યુક્ત વાક્યનો અર્થ જુદો સમજે છે; તે આવો : 'भाव' રૂપ વિશેષ્યની ઉત્પત્તિમત્ત્વરૂપ ધર્મથી એક વાર વ્યાવૃત્તિ કર્યા બાદ જ્યારે 'ઉત્પત્તિમાન્ ભાવ' એ પ્રયોગથી સૂચવાતા સમગ્ર વર્ગના એકદેશનો પુનઃ પરિચ્છેદ 'મહત્ત્વ' ઇત્યાદિ ધર્મોથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

('મહત્ એવો ઉત્પત્તિમાન્ ભાવ' એ આકારે) કરવાનું અપેક્ષિત ન હોય ત્યારે 'ભાવની ઉત્પત્તિ' એવો પ્રયોગ પણ કરી શકાય છે. દુર્વેકના આ વાક્યનો અર્થ આવો હોય તો સંદર્ભને ધ્યાનમાં ન લઈએ તો યે તે બંધ ન બેસે તો સંદર્ભદૃષ્ટિએ તો અનુપપન્ન જ લાગે.

ધર્મોત્તરની ક્લિષ્ટ શૈલી અહીં એમને અભિપ્રેત અર્થ બાબત આપણને મૂંઝવણમાં મૂકી દે છે. છતાં સંદર્ભદૃષ્ટિએ અગાઉ કરેલું અર્થઘટન સ્વીકારવા જેવું લાગે છે. શું દુર્વેકની સૂક્ષ્મેક્ષિકા અહીં મૂંઝાઈ ?

**સૂત્ર ૧૧ :**

આમાં વાપરેલા 'उपाधि' શબ્દનો ભાવ કંઈક અસ્પષ્ટ છે. 'उपाधिः विशेषणम्' એવું પર્યાયકથન ધર્મોત્તર અને વિનીતદેવ એ બંને આપે છે. उपाधियुक्त સ્વભાવહેતુને માટે વિનીતદેવ 'अनभिव्यक्तविशेषण:' એવી ઓળખ આપે છે, એમાં उपाधिનો એમને અભિપ્રેત અર્થ વધારે સ્પષ્ટ થાય છે. ધર્મોત્તર એને સ્થાને व्यतिरिक्तविशेषणः શબ્દ વાપરે છે. ધર્મોત્તરને અનુસરીને શ્ચેરબાટ્સ્કી उपाधिનો અર્થ accidental qualification કરે છે. વિનીતદેવે પોતાનું અર્થઘટન સૂત્રમાં આપેલા કૃતકત્વના ઉદાહરણને લક્ષીને ઉપજાવ્યું લાગે છે. 'કૃતકત્વ' એ અનભિવ્યક્ત એવું વિશેષણ છે; કારણ કે એનો પરંપરાગત અર્થ વ્યાકરણ-જ્ઞાનને આધારે સમજવો પડે છે.

આમ છતાં उपाधिનું સ્વરૂપ સમજાવવા માટે ધર્મોત્તરે આપેલું વ્યવહારુ ઉદાહરણ (चित्रगवीविशिष्टः) એ 'उपाधि' શબ્દના એમના મનમાં રહેલા ચોક્કસ અર્થનો નિર્દેશ કરે છે. એ ઉપરથી તેમને उपाधि શબ્દથી 'અન્ય વસ્તુ સાથેના સંબંધને આધારે કહેવાતું વિશેષણ' એવો અર્થ અભિપ્રેત જણાય છે.

આમ स्वभावभूतधर्म તે વસ્તુનો અન્યનિરપેક્ષ ધર્મ અને उपाधि તે વસ્તુનો અન્ય સાથેના સંબંધને આધારે ફલિત થતો ધર્મ – એવું તારણ નીકળે.

2 : उपाधिभेदेन એ સૂત્રપદમાંના भेदेन એ અંશનું અર્થઘટન ધર્મોત્તરે આગલા સૂત્રના स्वभावभूतधर्मभेदेन એ પદથી જુદી રીતે કર્યું છે. ત્યાં 'भेदेन' ને હેતુતૃતીયા ગણી છે, જ્યારે આ સૂત્રમાં 'उपाधिभेदेन'માંના 'भेदेन' એ નામપદને उपाधिના વિશેષણ તરીકે લીધું છે : भिन्नेन उपाधिना विशिष्टः (स्वभावः). વળી આ ટીકાગત भिन्नेन પદને પણ દુર્વેક એ રીતે સમજાવે છે : (૧) (વિશેષ્યથી) ભિન્ન એવા વિશેષણથી વિશિષ્ટ, (૨) (આગલા સૂત્રમાં કહેલા વિશેષણથી) ભિન્ન એવા વિશેષણથી વિશિષ્ટ (पूर्वस्मादन्यादशेन). ધર્મોત્તરે અહીં પણ 'भेदेन'નો અર્થ આગલા સૂત્રની જેમ भेदं हेतूकृत्य એમ આપ્યો હોત તો સહજ લાગત; અર્થાત્ उपाधिभेदेन એટલે 'उपाधिરૂપી ભિન્નતાને નિમિત્ત કરીને' એવું અર્થઘટન સહજ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સૂત્ર ૧૩ :

4 : ' वाचकभेदान्मा भूत्कस्य...व्यामोह इति । ' : ધર્મોત્તર અત્રે સ્પષ્ટ કરે છે કે ક્યારેક વ્યાપ્તિમાં સ્વભાવહેતુ પરંપરાગત રીતે ( હુવેંકના શબ્દોમાં : शास्त्रोक्तस्वभावहेतुના આકારે કિંવા નિર્વિશેષણરૂપે ) ન પણ કહ્યો હોય; એને બદલે તે પ્રસિદ્ધ હેતુને કોઈ વિ-શેષણથી વિશિષ્ટ રીતે વ્યાપ્તિમાં રજૂ કર્યો હોય એવું બને. તો પણ તેને સ્વભાવહેતુ જ માનવો. પરંપરાગત નિર્વિશેષણ ( = શુદ્ધ ) સ્વભાવહેતુને જ્યારે વિશેષણ ઉમેરીને વ્યાપ્તિ-માં કહેવામાં આવે, ત્યારે એ હેતુને સ્વભાવહેતુ માનવા બાબત સંશય ઉત્પન્ન થવાનું કારણ તે સ્વભાવહેતુના શાસ્ત્રોક્ત લક્ષણમાં પડ્યું છે. જે ધર્મ પોતાના અસ્તિત્વમાત્રથી જ સાધ્યસિદ્ધિ કરે તે ' સ્વભાવહેતુ ' કહેવાયો છે ( જુઓ न्या० बि० સૂત્ર ૨.૧૫ ). હવે જો એવા પ્રસિદ્ધ સ્વભાવહેતુને વ્યાપ્તિમાં સવિશેષણરૂપે રજૂ કરવામાં આવે તો એનો અર્થ એ થયો કે તે હેતુ પોતાની સત્તા સાથે વધારામાં કોઈક વ્યાવૃત્તિસૂચક વિશેષણની પણ અપેક્ષા રાખીને જ સાધ્યસિદ્ધિ કરે છે. આવા હેતુને સ્વભાવહેતુનું ઉપર્યુક્ત શાસ્ત્રોક્ત લક્ષણ લાગુ ન પડી શકે; કારણ કે તેવો હેતુ સ્વસત્તામાત્રથી નહિ, પણ સ્વસત્તા ઉપરાંત સાથે કોઈક વધારાના ધર્મની સત્તાથી જ સાધ્યસિદ્ધિ કરે છે; દા.ત. ' જે સત્ તે અનિત્ય ' એ શુદ્ધ સ્વભાવહેતુને બદલે ' જે ઉત્પત્તિવાળું ( સત્ ) તે અનિત્ય ' – એમ કહેવાથી શુદ્ધ સ્વભાવ-હેતુનું લક્ષણ બંધ બેસતું ન હોય તેમ લાગે છે. પરંતુ આમ લાગતું હોવા છતાં આને ઉક્ત શુદ્ધ સ્વભાવહેતુના લક્ષણથી રહિત અન્ય અયોગ્ય હેતુ એટલા માટે માનવો ન જોઈએ કે તેમાં ઉમેરેલું વિશેષણ ( उत्पत्तिमत् ) તે સત્નો નિયતસહચારી ધર્મ ( બૌદ્ધ દૃષ્ટિએ ) છે. એટલે આ નવી વ્યાપ્તિ એ પેલી શુદ્ધ વ્યાપ્તિનો વ્યાઘાત ન કરતાં, પેલા વિશેષણથી એને વધારે વિશદ કરે છે.

આ વાતને સમર્થન આપતાં શ્ચેરબાટ્સ્કી કહે છે કે ઘણી વાર બીજા ધર્મને સિદ્ધ કરતાં પ્રથમ ધર્મની સાથે, નિયત રીતે, કોઈ ત્રીજો ધર્મ પણ હોવાનું કાળક્રમે કરાયેલા વિશેષ અવલોકનને આધારે સિદ્ધ થાય છે. તેથી પેલા પ્રથમ ધર્મ સાથે નવો સિદ્ધ થયેલો સહભાવી તૃતીય ધર્મ ઉલ્લેખવામાં આવે તો તેથી મૂળ વ્યાપ્તિ ખોટી નથી ઠરતી; માત્ર નવસંસ્કાર પામે છે; તૃતીય ધર્મથી વધારે વિશદ બને છે. વિજ્ઞાનમાં હમેશાં પદાર્થના નવા નવા ધર્મો નિપુણ અવલોકનને લીધે સમજાતા જાય છે. તે મુજબ જૂની વ્યાપ્તિઓ નવસંસ્કરણ પામતી જાય છે. અગાઉ જે ધર્મ કોઈ દ્રવ્ય સાથે આકસ્મિક રીતે સંકળાયેલો મનાતો હોય તે અનુભવે એ દ્રવ્યના લક્ષણનો અનિવાર્ય ભાગ હોવાનું પણ સિદ્ધ થાય. તે મુજબ જૂની વ્યાપ્તિઓને નવી સંકુલ રીતે કહેવામાં આવે છે. વિજ્ઞાનમાં અનુભવે આગંતુક ધર્મો એ આવશ્યક ધર્મો તરીકે સિદ્ધ થયા જ કરતા હોય છે. આમ વિજ્ઞાન સતત પરિ-વર્તનશીલ હોય છે. અનુભવ જ તેમાં પ્રમાણ બને છે.

## સૂત્ર ૧૪ :

સૂત્ર ૯થી ૧૩ માં જે સ્વભાવહેતુવાળી વ્યાપ્તિઓ આપી છે તેને શબ્દની અનિત્યતા ( = ક્ષણિકતા ) સિદ્ધ કરવાના સંદર્ભમાં રજૂ કરી છે તે અહીં સ્પષ્ટ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આના અનુસંધાનમાં શબ્દના સ્વરૂપ અંગેના વિવાદ અંગેની શ્ચેરબાટ્સ્કીની નોંધનો સાર આપવો યોગ્ય ગણાશે : પ્રાચીન મીમાંસકો શબ્દને આકાશ સાથે અનુસ્યૂત એવો નિત્ય ધર્મ માને છે અને સંયોગ કે વિભાગથી થતા વાયુના પીડનથી તે નિત્યશબ્દ માત્ર આવિર્ભાવ જ પામે છે, ઉત્પત્તિ નહિ. ન્યાયસૂત્ર અને વૈશેષિક સૂત્ર – એ બંનેમાં આ મતનું ખંડન થયેલું છે, જેમાં ત્રણ મુખ્ય દલીલો છે : (૧) શબ્દની ઉત્પત્તિ કિંવા સકારણતા વસ્તુસત્ છે, આભાસી નહિ. (૨) અન્યત્ર ઉત્પન્ન થયેલો શબ્દ અન્યત્ર સંભળાય છે એ પણ પ્રદેશભેદે ઉત્પન્ન થતા નવા નવા ક્ષણિક શબ્દોની ઉત્પત્તિ સૂચવે છે. (૩) આ વિવિધ શબ્દોની સંતતિની તીવ્રતા પણ બદલાતી જાય છે. એનો અર્થ એ કે વચગાળામાં ઉત્પન્ન થનો આ દરેક શબ્દ વિરુદ્ધધર્મસંસર્ગના ન્યાયે પૃથક્ છે. આ અને અન્ય દલીલોને વધારે શાસ્ત્રીય ક્રમે બૌદ્ધ પરંપરા ઉલ્લેખે છે. એ મુખ્ય દલીલો તે અગાઉનાં સૂત્રોમાં ઉલ્લેખાયેલી પાંચ : (૧) સત્ત્વ, (૨) ઉત્પત્તિમત્ત્વ, (૩) કૃતકત્વ, (૪) પ્રત્યયભેદભેદિત્વ અને (૫) પ્રયત્નાનન્તરીયકત્વ. આમાંની પ્રથમ દલીલમાં જ ખરેખર બાકીની ચાર દલીલો સમાઈ જાય છે; કારણ કે આમાંના પ્રથમ ધર્મ સાથે જ નિયતસહચારી તરીકે પાછલા ચાર ધર્મો સંકળાયેલા છે.

**સૂત્ર ૧૫ :**

2 : 'स्वभावहेतूनां च बहुभेदत्वात् ... बहुवचननिर्देशः ।' : આમાં 'बहुभेदत्वात्' એ શબ્દપ્રયોગ મૂંઝવે તેવો છે. અહીં શું સ્વભાવહેતુના અગાઉ ગણાવેલા ત્રણ ભેદો અભિપ્રેત છે ? ખરેખર તો, 'बहुत्वात्' એમ જ કહેવું જોઈતું હતું, જેથી વ્યક્તિગત સ્વભાવહેતુની અનેકતા ઉલ્લેખાત અને પ્રત્યેક સ્વભાવહેતુ પોતપોતાના આગવા પ્રમાણથી સાધ્યપ્રતિબદ્ધ સિદ્ધ થાય છે એવો સુગમ અર્થ ફલિત થાત. સ્વભાવહેતુના પ્રકારનું બહુત્વ જ કાંઈ એનો સાધ્યપ્રતિબંધ સિદ્ધ કરનારાં પ્રમાણોના બહુત્વનું કારણ છે એમ ન કહી શકાય. એવા પ્રકારો ન હોત તો પણ કેવળ સ્વભાવહેતુના બહુત્વથી જ પ્રમાણબહુત્વ સિદ્ધ થઈ શકત. આમ 'बहुभेदत्वात्' એવો પ્રયોગ અનાવશ્યક જણાય છે. કદાચ આ વિસંગતિને ધ્યાનમાં લઈને જ શ્રી શ્ચેરબાટ્સ્કી भेद શબ્દને અવગણીને 'since the reasons...are many' એવું ભાષાંતર કરે છે.

અહીં प्रमाणानि बहूनि એવો ઉલ્લેખ પણ સ્પષ્ટીકરણ માગે છે. દુર્વેક નોંધે છે : व्यक्तिभेदविवक्षया बहूनीत्युक्तम् । આ દ્વારા પ્રકારભેદની વિવક્ષાએ અહીં બહુત્વનો ઉલ્લેખ નથી થયો એવું કથન ફલિત થાય છે, કારણ કે પ્રમાણો તો બૌદ્ધ દૃષ્ટિએ બે જ પ્રકારના છે.

સ્વભાવહેતુની સાધ્યપ્રતિબદ્ધતા સિદ્ધ કરનાર એટલે કે વ્યાપ્તિ સિદ્ધ કરનાર પ્રમાણો અહીં કયાં અભિપ્રેત હશે ? ગ્રંથકારે એ અંગે પૂરી સ્પષ્ટતા કરી નથી. અલબત્ત, એમણે આ પ્રમાણોમાંનું એક તે બાધક પ્રમાણ હોઈ શકે તે અન્યત્ર સ્પષ્ટ કર્યું છે. અગાઉ ત્રિરૂપ લિંગના સંદર્ભમાં ઉલ્લેખેલાં सपक्षे एव सत्वम् અને असपक्षे चासत्त्वमेव – એ બે રૂપો સિદ્ધ કરનાર પ્રત્યક્ષાદિ પ્રમાણો પણ સામાન્યતઃ વ્યાપ્તિસાધક પ્રમાણ ગણાવી શકાય. પરંતુ यत् सत् तद् अनित्यम् ઇત્યાદિ જેવી વ્યાપ્તિઓ સામાન્ય પ્રમાણોથી સિદ્ધ ન થઈ શકે, પરંતુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાત્માઓના 'અનાસ્રવજ્ઞાન ' વડે જ સિદ્ધ થઈ શકે એવી प्रमाणवार्तिकालङ्कारમાંની પ્રજ્ઞાકરગુપ્તની રજૂઆત સ્વીકાર્ય ગણી શકાય. Rgyal–thsab પણ આવા અનુમાનમાં સાધારણ બુદ્ધિથી સિદ્ધ વ્યાપ્તિને પ્રમાણભૂત ગણતા નથી (જુઓ શ્ચેરબાસ્ટ્સ્કી, B. L., Vol. II, પૃ૦ ૧૩૦).

ભારતીય ન્યાયપરંપરામાં વ્યાપ્તિસિદ્ધિની પ્રક્રિયાનો સીધો વિચાર ઓછો થયેલો છે; અહીં પણ આ બાબત વધારે પ્રકાશ પડતો નથી. (અગાઉની ૨.૮.2 પરની ટિપ્પણ જુઓ.)

4 : 'न हेतुः ... योग्यतया गमकः' : આમાં योग्यतयाનો દુર્વેકે આપેલો અર્થ (तथाशक्यतया) કંઈક અંશે અસ્પષ્ટ છે. એમાં तथाનો અર્થ 'સ્વરૂપ' કે 'સ્વસત્તામાત્ર' એવો લઈને 'સ્વસત્તામાત્રની શક્તિ વડે' એવો સમગ્ર અર્થ કરી શકાય.

5 : 'बाधकेन प्रमाणेन' : અહીં प्रमाण શબ્દનો અર્થ શ્ચેરબાટ્સ્કી 'દૃષ્ટાન્ત' લે છે. અહીં 'બાધક પ્રમાણ વડે'નો અર્થ 'બાધક પ્રમાણ શોધવાના પ્રયત્નને અંતે તેવા પ્રમાણની થતી અનુપલબ્ધિ વડે' એવો અભિપ્રેત છે. અથવા 'હેતુનો સાધ્ય સાથે અપ્રતિબંધ કલ્પવાની વિરુદ્ધ મળતા બાધક પ્રમાણ[ના સમુદાય] વડે' એવો ભાવ પણ લઈ શકાય. ભૂમિતિમાં કેટલાંક પ્રમેયો સિદ્ધ કરવા આ બાધક પ્રમાણના પ્રતિપાદનની પદ્ધતિનો ઉપયોગ જાણીતો છે.

6 : 'विशिष्टस्य ... स्मरणमनुमानज्ञानम् ।' : અનુમાનવાક્યનું પક્ષધર્મોપદર્શનરૂપ દ્વિતીય અવયવ પણ સ્મરણરૂપ હોવાની રજૂઆત વિલક્ષણ ગણાય. વ્યાપ્તિ(સ્મરણ)રૂપ પ્રથમ અવયવ તો સ્પષ્ટરૂપે સ્મરણરૂપ છે જ, પરંતુ પક્ષધર્મતા રજૂ કરતું બીજું અવયવ તે સ્મરણરૂપ ગણવું કે પ્રત્યક્ષરૂપ? હેતુની પક્ષધર્મતાનું જ્ઞાન તો અનુમાનકાળે જ થતું હોય છે, અનુમાનની પૂર્વે નહિ. તેથી અનુમાનકાળે તે જ્ઞાનનું સ્મરણ થવાનું કઈ રીતે માની શકાય? એટલે ઉપર્યુક્ત વાક્યનું નીચે મુજબ ભાષાંતર કરીને જ 'સ્મરણ' શબ્દની પ્રાસંગિક ઉપયોગિતા બતાવી શકાય : 'શબ્દગત વિશિષ્ટ કૃતકત્વ પણ અનિત્યત્વરૂપ સ્વભાવવાળું હોય એવું [વ્યાપ્તિને કારણે] સ્મરણ થવું તે અનુમાનજ્ઞાન.' હેતુની પક્ષધર્મતાનું જ્ઞાન પણ સામાન્ય ભાવે સ્મરાયેલી વ્યાપ્તિના વિશિષ્ટ સંદર્ભમાં કરેલા પુનઃ સ્મરણથી અનુસ્યૂત જ હોય છે – એવો ભાવ ગ્રંથકારના મનમાં લાગે છે. સામાન્યરૂપે કરેલું વ્યાપ્તિસ્મરણ પણ હેતુની પક્ષધર્મતાના જ્ઞાન વખતે વિશેષરૂપે તાજું થવું તે જ અનુમાનજ્ઞાનનું તાત્કાલિક નિમિત્ત છે એવું આ 'સ્મરણ' શબ્દથી સૂચવાતું લાગે છે. અનુમાનજ્ઞાન એ વ્યાપ્તિનું વિશિષ્ટ સ્મરણ જ છે એવું અત્રે થતું સૂચન મનોવિજ્ઞાનની રીતે ઘણું અનુરૂપ છે.

**સૂત્ર ૧૬ :**

આ સૂત્રની અવતરણિકાના 'निश्चितः मृग्यते' એ શબ્દને શ્ચેરબાટ્સ્કી 'निश्चितोऽपि मृग्यते' એવા અર્થમાં સમજ્યા છે તે યોગ્ય લાગતું નથી; તેઓ અવતરણિકાનો સમગ્ર ભાવ જુદો જ સમજ્યા લાગે છે. આમાં તેઓ સ્વભાવહેતુની વ્યર્થતાની શંકા વાંચે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સૂત્રાર્થમાં એ શંકાનું સમાધાન થતું નથી એવી ફરિયાદ કરે છે. ખરેખર તો ઉપર્યુક્ત શબ્દોનો સ્વાભાવિક અર્થ निश्चितरूपः इष्यते ( એટલે કે ' નિશ્ચિત કરવાનું ઇષ્ટ મનાય છે ' ) એવો લાગે છે. તે અર્થ લેતાં સૂત્રાર્થ સાથે અવતરણિકાના વિસંવાદને અવકાશ રહેતો નથી. સાધ્યધર્મનો સાધનધર્મમાત્ર સાથેનો અનુબંધ સ્વભાવહેતુના પ્રયોગકાળે નિશ્ચિત થવો કેમ આવશ્યક છે એ પ્રશ્ન અત્રે ઉલ્લેખાયો છે.

સૂત્ર ૧૭ :

આ સૂત્રની ધર્મોત્તરની અવતરણિકા અને સૂત્રનું તેમણે કરેલું અર્થઘટન સંતોષકારક જણાતાં નથી; કારણ કે અગાઉ સાધ્યને સાધનનો સ્વભાવ કહ્યો છે, જ્યારે ધર્મોત્તરે આ સૂત્રના કરેલા અર્થમાં હેતુને ( = સાધનને ) સ્વભાવરૂપ કહ્યો છે. તો શું એમ માનવું કે સાધ્ય અને સાધન બંને એકબીજાના સ્વભાવ છે ? તો બંનેની સમવ્યાપ્તિ માનવી પડે. પરંતુ હંમેશાં એવું બનતું નથી; દા૦ત૦ વૃક્ષત્વ એ શિંશપાત્વનો સ્વભાવ છે, પણ શિંશપાત્વ એ વૃક્ષત્વનો સ્વભાવ નથી. વિનીતદેવનું અર્થઘટન પણ આ પ્રકારનું જ છે.

આ સૂત્રનો સાચો ભાવ કયો ? આ સૂત્રમાં રહેલો ચકાર ધ્યાનમાં લેતાં એમ લાગે છે કે આગલા સૂત્ર અને આ સૂત્રમાં ગણીને એક જ પ્રશ્નનો જવાબ અપાયો છે અને તે પ્રશ્ન તે સૂત્ર ૩.૧૬ની ધર્મોત્તરની અવતરણિકામાંનો પ્રશ્ન : " સાધ્ય તે સાધન-ધર્મમાત્રાનુબંધી જ કેમ હોવું જોઈએ ? " આગલા સૂત્રમાં ઉત્તર આપવાની શરૂઆત કરી એનું સમાપન આ સૂત્રમાં કર્યું જણાય છે. આગલા સૂત્રમાં ઉક્ત પ્રશ્નનો જવાબ એટલો આપ્યો કે ' તેવા અનુબંધવાળું સાધ્ય જ સાધનનો સ્વભાવ હોઈ શકે, અન્ય નહિ. ' હવે એ દલીલનો ઉત્તરાર્ધ આ સૂત્રમાં આપ્યો લાગે છે : " અને [ સાધનધર્મમાં ] હેતુપણું [ તેના પોતાના ] સ્વભાવ [ એવા સાધ્ય ]ના સંદર્ભમાં જ હોઈ શકે તેથી. " આ સમગ્ર પરિસ્થિતિને કારણે જ સાધ્ય તે સાધનધર્મમાત્રાનુબંધી હોવાનું આવશ્યક મનાયું છે. આમ આ સૂત્ર ૩.૧૭નું આખું વાક્ય આ પ્રકારનું અભિપ્રેત જણાય છે : [ साधनधर्मे ] स्वभावस्य ( = स्वभावं प्रति ) [एव] हेतुत्वात् : આમાં ' स्वभावस्य ' એ પદની ષષ્ઠી વિભક્તિ हेतुत्वના અધિકરણના અર્થમાં સંબંધષષ્ઠી ન લેતાં પ્રતિયોગિતાસંબંધે ષષ્ઠી ગણી છે. અને हेतुत्वનું અધિકરણ સાધનધર્મને ગણ્યું છે. તો ઉપર્યુક્ત વિસંગતિ દૂર થાય અને ગ્રંથકારનું કથયિતવ્ય સ્પષ્ટ થાય. આ સૂત્રની વૃત્તિના બીજા વાક્યમાંના स्वभाव एवની સંધિ ' स्वभावः ' એમ ન છોડતાં ' स्वभावे ' એમ છોડીએ તો તેનો અર્થ स्वभावं प्रति લઇને કદાચ ધર્મોત્તરમાંથી પણ આ અર્થ જ તારવી શકાય. અલબત્ત, આ રીતની અન્વયકલ્પના ક્લિષ્ટ જરૂર લાગે છે. એટલે આ સૂત્રનો સાચો અર્થ શોધવો જ રહ્યો.

' स्वभाव ' શબ્દની ક્યારેક સાધ્ય સાથે તો ક્યારેક હેતુ સાથે અભિન્નતા સૂત્રમાં સાધી છે તે અર્થઘટનની મુશ્કેલી જન્માવે છે તે હકીકત તરફ શ્ચેરબાટ્સ્કી એમના અનુ-વાદના પૃ૦ ૧૩૬ની ટિપ્પણમાં ધ્યાન દોરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સૂત્ર ૧૯ :

સૂત્ર ૩.૧૫ની ટીકામાં ઉલ્લેખાયેલા બાધક પ્રમાણનો ઉપયોગ કરીને સ્વભાવહેતુના સ્વરૂપનો પાકો નિશ્ચય કરાયો છે. બાધક પ્રમાણનો ઉપયોગ નિર્ણાયક હોય છે તે સત્યને આધારે આ સૂત્ર રચાયું છે.

## સૂત્ર ૯થી ૨૦ની રચના પાછળનો આશય :

સ્વભાવહેતુના આ પ્રકરણમાં સ્વાર્થાનુમાન-પરિચ્છેદમાંની સ્વભાવહેતુની ચર્ચાની કેટલીક બાબતોની વિશેષ પુષ્ટિ કરાઈ છે ને સ્વભાવહેતુના પ્રકારોની બાબત નવી ઉમેરાઈ છે. સ્વાર્થાનુમાન કે પરાર્થાનુમાનના વિષયભેદનો સ્પષ્ટ ખ્યાલ હોવા છતાં, પ્રાસંગિક રીતે, ઔચિત્ય જોઈને, સૂત્રકાર એક પ્રકરણના વિષયવસ્તુની ચર્ચા અન્ય પ્રકરણમાં પણ ઉમેરે છે. સૂત્ર ૩.૧૫ની ટીકામાં દુર્વેક જે જણાવે છે તે આ આખા પ્રકરણને વત્તેઓછે અંશે લાગુ પડે છે : एतच्चोक्तमपि स्वार्थानुमानेऽधिकाभिधानार्थं पुनरुक्तमिहेति द्रष्टव्यम् । (અર્થ : આ બાબત સ્વાર્થાનુમાન-પ્રકરણમાં કહી હોવા હોવા છતાં કંઈક વિશેષ કહેવા માટે અહીં ફરી કહી છે તેમ સમજવું.)

## સૂત્ર ૨૩ :

સૂત્ર ૩.૮માં અનુપલબ્ધિરૂપ હેતુનો સાધર્મ્યવાન્ પ્રયોગ હતો. તે જ અનુમાનને વૈધર્મ્યવાન્ પ્રયોગથી કઈ રીતે કહી શકાય તે આ સૂત્રમાં બતાવ્યું છે. બંનેમાં પ્રયોગભેદ છે; સાધન કે સાધ્યનો ભેદ નહિ. અહીં વ્યતિરેકમુખે વ્યાપ્તિ કહીને તેને અનુરૂપ એવું દૃષ્ટાન્ત આપ્યું છે. તે દૃષ્ટાન્તધર્મીથી સાધ્યધર્મીનું હેતુના સત્ત્વની બાબતમાં વૈધર્મ્ય છે. દૃષ્ટાંતધર્મીમાં સાધ્યાભાવ માટે અનિવાર્ય એવી સાધનાભાવની જે શરત પળાય છે, તે શરત સાધ્યધર્મી કિંવા પક્ષમાં નથી પળાતી તે વૈધર્મ્ય જ આવા પ્રયોગમાં પક્ષ વિષે સાધ્યની સિદ્ધિ કરાવી આપે છે; માટે આને 'વૈધર્મ્યવાળો' પ્રયોગ કહે છે.

## સૂત્ર ૨૪, ૨૫ :

આ બંનેમાં વૈધર્મ્યવ્યાપ્તિ સાથે વૈધર્મ્યદૃષ્ટાન્ત આપ્યાં નથી, જ્યારે આ અગાઉના સૂત્રમાં અનુપલબ્ધિ-હેતુના વૈધર્મ્યવાન્ પ્રયોગના ઉદાહરણમાં દૃષ્ટાન્ત આપેલ છે. અગાઉ પરાર્થાનુમાનના બે પ્રકાર — સાધર્મ્યવત્ અને વૈધર્મ્યવત્ — નું પ્રતિપાદન કરતા સૂત્ર ૩.૫ ની વ્યાખ્યામાં, સાધર્મ્યવાળા અને વૈધર્મ્યવાળા પ્રકાર દૃષ્ટાન્તધર્મી અને સાધ્યધર્મીના હેતુકૃત સાધર્મ્ય કે વૈધર્મ્યથી પડે છે તેવી સ્પષ્ટતા ધર્મોત્તરે કરી છે, તે દૃષ્ટિએ આ પ્રકારોના દૃષ્ટાન્તરૂપ અનુમાનવાક્યમાં દૃષ્ટાન્તધર્મીનો ઉલ્લેખ આવશ્યક ગણાય. તે દૃષ્ટિએ આ બે સૂત્રોમાં પણ દૃષ્ટાન્તધર્મીનો અધ્યાહાર કરવો જોઈએ. અથવા કદાચ સૂત્રકારને વ્યાપ્તિવાક્ય અને પક્ષધર્મોપસંહારવાક્યનું જ વૈધર્મ્ય કે સાધર્મ્ય અભિપ્રેત હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૨૬ :

સૂત્રગત 'अर्थात्' પદનો અર્થ ધર્મોત્તર 'सामर्थ्यात्' એવો કરે છે. અન્વયવ્યાપ્તિમાંથી વ્યતિરેકવ્યાપ્તિ (કે તેથી ઊલટું) કયા સામર્થ્યથી ફલિત થાય તે અંગે દુર્વેક સ્પષ્ટતા કરે છે : ...स्वभावहेतुजानुमानबलादितरप्रतीतिर्न त्वन्यथाऽनुपपत्तिलक्षणार्थापत्तिरनेनोच्यत इति । (અર્થ : સ્વભાવહેતુમાંથી જન્મતા અનુમાનના બળથી અન્યની પ્રતીતિ થાય છે; અહીં, એક હકીકત બીજી હકીકત વગર સંભવે નહિ એવા તર્ક પર આધારિત 'અર્થાપત્તિ'–પ્રમાણનું સામર્થ્ય આમને અભિપ્રેત નથી.) મીમાંસકોનું અર્થાપત્તિ–પ્રમાણ બૌદ્ધોને અમાન્ય હોઈ 'सामर्थ्यात्' એ પદનો સામાન્ય રીતે કરાતો અર્થાપત્તિપરક અર્થ અહીં કરવાનો નથી એવી સ્પષ્ટતા અહીં કરાઈ છે. મીમાંસકસંમત અર્થાપત્તિનો અન્તર્ભાવ સ્વભાવહેતુકૃત અનુમાનમાં થાય છે એવું સૂચન અહીં વાંચી શકાય.

સૂત્ર ૩૧ :

**ટીકાનું છેલ્લું વાક્ય :** આમાં અગાઉનું સૂત્ર ૨.૨૧ આખું ઉદ્ધૃત કર્યું છે. પ્રશ્ન એ થાય છે કે એ સૂત્રમાં સ્વભાવપ્રતિબંધના બે પ્રકારો નથી કહ્યા, પરંતુ લિંગ અને સાધ્યમાંથી કોનો પ્રતિબંધ કોના વિષે હોય છે તે એટલે કે તે બેમાંથી પ્રતિબદ્ધ કોણ અને પ્રતિબંધવિષય કોણ એ કહેલું છે. જ્યારે અહીંનું કથન એવો ભાસ કરાવે છે કે એ સૂત્રમાં સ્વભાવપ્રતિબંધના બે પ્રકારો કહ્યા છે. શ્ચેરબાટ્સ્કી આ વિસંગતિ ન જણાય તેવી રીતે ભાષાંતર કરે છે — તેઓ આ વાક્યમાં આ બે પ્રકારનો પ્રતિબંધ કોણ કોના પ્રત્યે ધરાવે છે તે વધારાની સ્પષ્ટતા કરતા અગાઉના સૂત્રનો ઉલ્લેખ જુએ છે. તેઓ તેમાં આડકતરી રીતે અન્વય અને વ્યતિરેકની એકાર્થકતાનું કારણ ચીંધાયેલું માને છે.

અહીં એ નોંધવું જોઈએ કે આ સૂત્ર (૩.૩૧)ની અગાઉનાં સૂત્રોમાં અન્વયવાક્ય અને વ્યતિરેકવાક્ય એકબીજામાંથી અનિવાર્ય રીતે ફલિત થાય છે એ પ્રકરણ ચાલે છે; તેના સંદર્ભમાં લિંગના સાધ્ય વિષેના સ્વભાવપ્રતિબંધના બે પ્રકારોની આ સૂત્રની વાત અપ્રસ્તુત લાગે છે. ધર્મોત્તર એનાથી સભાન લાગે છે. એથી જ આ સૂત્રની ટીકામાં, અંતે, અગાઉના બે પ્રકારના પ્રતિબંધને લગતા સૂત્ર (૨.૨૪) અગાઉ આવતા અન્ય સૂત્ર (૨.૨૧)નો ઉલ્લેખ કરીને વધારે પ્રસ્તુત એવી વાત ગમે તે ભોગે ઉમેરે છે — તે વાત છે લિંગનો પ્રતિબંધ સાધ્ય વિષે હોવાની. તેને લીધે જ અન્વયવાક્ય અને વ્યતિરેકવાક્ય એકબીજામાંથી ફલિત થઈ શકે છે તે વાત પાકી થાય છે. અલબત્ત. મૂળ સૂત્રમાં તો પ્રતિબંધના બે પ્રકાર અંગેનું જ અગાઉનું સૂત્ર ૨.૨૨ કે ૨.૨૪ નિર્દેશાયું જણાય છે; સૂત્ર ૨.૨૧ નહિ. એટલે વિસંગતિનો આરોપ વહોરીને પણ મૂળ સૂત્રની પ્રકરણ સાથેની અસંબદ્ધતાનો પરિહાર કરવાનું ટીકાકારે સાહસ કર્યું લાગે છે. સૂત્રકારે આ સૂત્ર કેમ મૂક્યું હશે તે પ્રશ્ન તો રહે જ છે.

સૂત્ર ૩૨ :

સૂત્રમાંના दर्शनीय પદને ધર્મોત્તરે અને અન્યોએ પ્રેરકનું વિધ્યર્થ કૃદંત (અર્થાત્ 'બતાવવા લાયક' એવા અર્થમાં) લીધું છે તેમાંથી તેમના વિવેચનમાં કંઈક અંશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વદતોવ્યાઘાત નીપજે છે ( ખાસ કરીને પરિચ્છેદ 2માં ). આમાંથી બચવા दर्शनीय પદને પ્રેરકનું નહિ પણ મૂળ ક્રિયાનું વિધ્યર્થ ગણી 'प्रतिबन्धो दर्शनीयः'નો અર્થ '[ એક ભાવનો અપર ભાવ સાથેનો ] નિયતસંબંધ જોઈ લેવો જરૂરી છે ' એમ કરવો ઘટે. તે જ રીતે प्रतिबन्धोपदर्शनમાં પણ उपदर्शनને સાદી ક્રિયાનું ભાવવાચક નામ લઈ સમગ્ર અર્થ ' નિયતસંબંધનું આકલન ' એમ કરવો ઉચિત છે. આ પરથી સમગ્ર સૂત્રાર્થ એ થશે કે સાધ્યાભાવના સંજોગમાં સાધનનો અભાવ પ્રતિપાદિત કરનારે સાધનનો સાધ્ય પ્રત્યેનો પ્રતિબંધ ( = નિયતસંબંધ ) જોયો હોય તે અનિવાર્ય છે. તેથી જ અભાવપ્રતિબંધના આપ્તપુરુષકૃત કથનમાંથી ભાવપ્રતિબંધ અવશ્ય ફલિત થાય છે, જેથી કહી બતાવવાની જરૂર નથી. તે રીતે ભાવપ્રતિબંધનું કથન તે અભાવપ્રતિબંધને આક્ષિપ્ત કરશે.

**સૂત્ર ૩૪ :**

**સૂત્રગત ' पक्षनिर्देश ' શબ્દ** : અહીં સાધ્યવિશિષ્ટ ધર્મીનો ઉલ્લેખ કરતા વાક્યના અર્થમાં આ શબ્દ છે. અહીં पक्ष એટલે વાદીનો પોતાનો પક્ષ ; અનુમાન દ્વારા વાદીએ રજૂ કરેલો પોતાનો મત. ન્યાયદર્શનમાં આ અર્થમાં पक्षनिर्देश પ્રતિજ્ઞારૂપ પ્રથમ અવયવમાં અને પુનઃ નિગમનરૂપ પંચમ અવયવમાં થતો હોય છે. ધર્મોત્તરે पक्षनिर्देशનો साध्य-निर्देश એવો પર્યાય આપ્યો છે.

આગળ ઉપર આ ' पक्ष ' શબ્દના વિવિધ અર્થો અંગે ધર્મોત્તર સ્પષ્ટતા કરવાના છે. ન્યાયપરંપરામાં જેમાં સાધ્યસિદ્ધિ ઇષ્ટ હોય તેવા અધિકરણને ' પક્ષ ' કહે છે.

' पक्ष ' શબ્દનો મૂળ અર્થ તો પાંખ. તે પરથી પાસું, પડખું, મત એ અર્થો ફલિત થાય છે. એમાંથી અન્ય અર્થો પલ્લવિત થયા. એક જ ગ્રંથમાં પણ એક નો એક શબ્દ જુદા જુદા અર્થોમાં વપરાતો હોય છે એનું આ ઉદાહરણ છે. તેથી અર્થ સમજવામાં થોડી ગૂંચવણ જરૂર થાય છે. શાસ્ત્રની વિભાવનાઓ હજી વિકાસદશામાં હોય ત્યારે પરિભાષાની આવી અરૂઢતા અનેક શાસ્ત્રોના ઇતિહાસમાં જોવા મળે છે.

1 : સૂત્રગત नावश्यं पक्षनिर्देशः શબ્દને ધર્મોત્તર पक्षोऽवश्यमेव न निर्देश्यः એ શબ્દોથી સમજાવે છે તે અંગે દુર્વેક નોંધે છે કે આવું અર્થઘટન કરીને ધર્મોત્તર स्वयूथ्य એવા, કહેવાતા વિદ્વાનો વડે ( विद्वस्यमानैः ) રજૂ કરાયેલા નીચેના અર્થઘટનનું ખંડન કરે છે : " પક્ષનિર્દેશ અવશ્ય ન કરવો એનો અર્થ એ કે ક્યારેક કરવો, ક્યારેક નહિ. " ધર્મોત્તરને મતે પક્ષનિર્દેશ એટલે કે ન્યાયપરંપરામાં જેને સ્થાનભેદે પ્રતિજ્ઞાવાક્ય અને નિગમનવાક્ય કહે છે તેનો નિર્દેશ કદી પણ ન થવો જોઈએ. દુર્વેક वादन्यायના આને મળતા મતને પણ નિર્દેશે છે. ધર્મોત્તર પરની तात्पर्यनिबन्धन ટીકા પણ આ વાત નિર્દેશે છે.

પક્ષનિર્દેશ ન કરવાનો આ આગ્રહ લાઘવ ખાતર, પિષ્ટપેષણ અટકાવવા માટે લાગે છે. સાધ્યધર્મીમાં સાધનધર્મીનું દર્શન પણ વ્યાપ્તિનું વિશિષ્ટ સ્મરણ જ છે તેવું અગાઉ ધર્મોત્તરે સૂત્ર ૨.૧૫ની ટીકામાં કરેલું કથન પણ આડકતરી રીતે પક્ષનિર્દેશની અનાવશ્યકતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચીંધે છે. સાધ્યધર્મીમાં વ્યાપ્તિવિશિષ્ટ સાધનધર્મનું સત્ત્વકથન અનિવાર્ય રીતે શ્રોતાને સાધ્યધર્મીમાં સાધ્યધર્મ હોવાનું તરત જ ભાન કરાવે છે. માનવચિત્તની તાત્પર્યબોધની સહજ શક્તિ જોતાં, જે વાત આપોઆપ સમજાઈ જાય તે વાક્યથી ન કહેવી, તેવો આ લાઘવપ્રેમી શાસ્ત્રકારોનો આગ્રહ જણાય છે. ( સૂત્ર ૩.૪૫ પરની ટિપ્પણ પણ જુઓ. )

## સૂત્ર ૩૮ :

પક્ષની આ ચર્ચાનું મહત્ત્વ સમજી લેવું જોઈએ. ‘ પક્ષ ’નો અર્થ સાદી ભાષામાં ‘ હેતુ દ્વારા રજૂ કરેલું મંતવ્ય ’ એવો કરી શકાય. આવું મંતવ્ય કોઈ વિવાદાસ્પદ બાબત અંગે કોઈ સિદ્ધ હેતુના આધારે જ રજૂ કરાય છે. એવું મંતવ્ય રજૂ કરતી વેળા પ્રતિવાદીની સામી દલીલ ઝીલવાની તૈયારી હોય છે. એટલે કે એ ચર્ચા માટે ખુલ્લું મુકાય છે, એ વિવાદાસ્પદ બાબત છે તેવો પ્રામાણિક સ્વીકાર કરાય છે. ટૂંકમાં, કોઈ વિવાદાસ્પદ બાબત અંગે વ્યક્તિએ પોતે પ્રમાણપુરઃસર જે મત સ્વીકાર્યો હોય, તેનો અન્ય વિચારકો પ્રત્યે કરાતો સીધો કે આડકતરો અસંદિગ્ધ પુરસ્કાર તે પક્ષ કહેવાય. તેવો પક્ષ જ વાદનું માન્ય, વિધિપૂત અંગ ગણાય, અને वादे वादे जायते तत्त्वबोधः એ ન્યાયે સમ્યગ્જ્ઞાનનું નિમિત્ત બની શકે.

આ જ બાબત સ્પષ્ટ કરવા આ સૂત્રમાં આપેલા લક્ષણવાક્યના પ્રત્યેક પદથી પરિહરાતી અન્ય ભળતી બાબતો એ પછીનાં સૂત્રોમાં ચીંધી બતાવાઈ છે.

2 : ‘ असाध्य ’ केचित् ..प्रतिपन्नाः । ’ : આના અનુસંધાનમાં શ્ચેરબાટ્સ્કી નોંધે છે કે અહીં ગ્રંથકારના મનમાં ન્યાયસૂત્ર ૧.૧.૩૩માંની प्रतिज्ञा( = पक्ष = साध्य )ની વ્યાખ્યા ( साध्यनिर्देशः प्रतिज्ञा । ) છે. એ સૂત્રમાંની પ્રતિજ્ઞાની વ્યાખ્યાની શબ્દપસંદગી ગેરસમજ ઊભી કરે એવી છે. તે મુજબ તો, અસિદ્ધ એવો હેતુ કે જે સિદ્ધ કરવા લાયક હોય તે પણ ‘ પક્ષ ’ ( = સાધ્ય = પ્રતિજ્ઞા ) કહેવાય. આ ઉપરાંત માધ્યમિક શાખાની પ્રાસંગિક અને સ્વાતંત્રિક એ બંને પરંપરામાં અબુદ્ધિગ્રાહ્ય વિધાનોને પણ પક્ષ માન્યાં છે તેનો નિર્દેશ પણ આ સ્થળે કદાચ ધર્મોત્તર કરવા માગે છે. દિઙ્નાગે પક્ષના પરંપરાગત લક્ષણની આ મીમાંસા આરંભી હતી.

## સૂત્ર ૪૦ :

આ સૂત્રની વાત દુર્વેક આમ સ્પષ્ટ કરે છે : साध्यत्वेनेष्टोऽपि यदा साधनत्वेनोक्तस्तदाऽपक्ष इत्येवमर्थं एवशब्द इति समुदायार्थः । ( અર્થ : જે અર્થ સાધ્યરૂપે ઇષ્ટ હોવા છતાં સાધનરૂપે કહ્યો હોય તે અર્થ તે સંજોગમાં પક્ષ નથી એવું સૂચવવા ‘ પક્ષ ’ના લક્ષણમાં ‘ एव ’ શબ્દ છે એમ સમગ્ર સૂત્રનો અર્થ છે. ) અહીં એ સ્પષ્ટ કરવું જોઈએ કે જે અસિદ્ધ ધર્મ સાધનરૂપે પણ રજૂ થયો હોય તે રજૂ કરનારને તો સાધનરૂપે જ અભિપ્રેત હોય છે. જ્યારે એ સાધ્ય તરીકે પણ ઇષ્ટ તો પ્રતિવાદીની અપેક્ષાએ જ ગણાય; કારણ કે પ્રતિવાદી રજૂ થયેલા આવા હેતુમાં રહેલા અસિદ્ધાદિ હેત્વાભાસ બતાવીને તે સ્વયં સાધ્ય હોવાનું પ્રગટ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સૂત્ર ૪૨ :**

આમાં स्वयं એ 'નિપાત'નો आत्मनः એમ ષષ્ઠયન્ત અર્થ વિકલ્પે આપ્યો છે. એ અર્થમાં स्वयम्‌નો પ્રયોગ દુર્લભ ગણાય. 'ન્યાયબિન્દુ'ના એક અન્ય ટીકાકાર આવો પ્રયોગ સમજાવવા દાખલો આપે છે : नाशं स्वयमिच्छतीत्यादौ आत्मनो नाशमिच्छतीत्यर्थः । આ સ્થળે પણ आत्मना એવો તૃતીયાપરક અર્થ સહજ રીતે લઈ શકાય એમ છે.

**સૂત્ર ૪૪ :**

પક્ષની ચર્ચાનો ઉત્તમ અંશ આ સૂત્રમાં જોવા મળે છે. કોઈ વાદ, વ્યક્તિ કે શાસ્ત્રની કંઠી ન બાંધવાની બુદ્ધની વાતનું જ અવતરણ અહીં ન્યાયશાસ્ત્રમાં કરાયું છે. ધર્મોત્તર આની ટીકામાં, કોઈ વ્યક્તિ કોઈ શાસ્ત્રનો અંગીકાર ઘણી વાર મોહવશ થઈને કરે છે તે વાત 'आहोपुरुषिकया क्वचिच्छास्त्रे स्थितः' એ શબ્દો દ્વારા નિર્દેશે છે. ગમે તે સ્થિતિમાં પણ શાસ્ત્રે પ્રબોધેલા પદાર્થધર્મોનો અંગીકાર સ્વયં વિચારીને જ કરવો અને વાદમાં પણ તેનો જ આગ્રહ રાખવો એ વાત પક્ષલક્ષણના स्वयं પદમાં ગર્ભિત છે તેમ અહીં કહેવાયું છે. न धर्मो धार्मिकैर्विना એ ન્યાયે કોઈ પણ શાસ્ત્રપરંપરા પણ તેનો વિચારપૂર્વક અંગીકાર કરનાર વિવેકી જનો વડે જ વિકસે છે. ઉપકારક શાસ્ત્ર એ નિત્ય વિકસ્વર હોય, રૂઢિબદ્ધ ન હોય. શ્ચેરબાટ્સ્કી નોંધે છે કે આ આખી વાત નૈયાયિકોની ચુસ્ત શાસ્ત્રપરકતાને ઉદ્દેશીને કહેવાઈ છે. ન્યાયપરંપરામાં કોઈ શાસ્ત્ર અંગીકાર કરતી વ્યક્તિ પોતાના તે શાસ્ત્રના સિદ્ધાંતોની વિરુદ્ધનું પ્રતિજ્ઞાવાક્ય ઉચ્ચારે તો તે તેનું 'નિગ્રહસ્થાન' ગણાય છે. શાસ્ત્ર પ્રત્યેના ભ્રાન્ત અનુરાગ સામે વિચારકોએ સતત વિવેકદીપ ધરતા રહેવું જોઈએ તે આ આખી ચર્ચામાંથી ફલિત થાય છે. મનુષ્ય માટે શાસ્ત્ર છે, શાસ્ત્ર માટે મનુષ્ય નહિ.

**સૂત્ર ૪૫ :**

સૂત્ર ૩.૩૪માં 'પરાર્થાનુમાનમાં પક્ષનિર્દેશ અવશ્ય ન કરવો' એમ કહ્યું છે. સૂત્ર ૩.૩૮-માં પક્ષલક્ષણમાં इष्टः પદની સમજૂતી આપતાં ધર્મોત્તરે કહ્યું છે : नोक्त एवापि त्विष्टोऽपीत्यर्थः । અને આ સૂત્રમાં છેલ્લે ધર્મોત્તર કહે છે : यद्यपि परार्थानुमाने उक्त एव साध्यो युक्तः ... તો સૂત્ર ૩.૩૪માં કરાયેલા પક્ષનિર્દેશના નિષેધ છતાં સૂત્ર ૩.૩૮ અને આ સૂત્ર (૩.૪૫)માં તથા તેની ટીકામાં અનુક્રમે પક્ષનિર્દેશ વિકલ્પે થઈ શકે તેમ જ પક્ષ-નિર્દેશ કરવો 'યુક્ત' છે – એવું કથન કેમ થયું હશે? તો શું સૂત્ર ૩.૩૪માંના नावश्यं पक्षनिर्देशः એ શબ્દોનો અર્થ કેવળ નિષેધપરક ન કરતાં વિકલ્પપરક કરવો? તો દુર્વેક એ સૂત્રની ધર્મોત્તરની ટીકાનો અર્થ ઘટાવતાં જે એમ કહે છે કે આ ટીકામાં ધર્મોત્તર દ્વારા પક્ષનિર્દેશ વિકલ્પે કરવો એવા આ સૂત્રના અન્ય અર્થઘટનનો પરિહાર કરાયો છે – એ વાત અયોગ્ય ઠરે.

**સૂત્ર ૪૭ :**

આમાં ઉદાહરણરૂપે આપેલી સાંખ્ય દલીલ 'સાંખ્યકારિકા' કા૦ ૧૭માં संघातपरार्थत्वात् એ શબ્દોમાં મળે છે. સંઘાતનો અર્થ દુર્વેક अनेकरूपत्व આપે છે; તે જ રીતે શ્ચેરબાટ્સ્કી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

composite substances અર્થ કરે છે. વિજ્ઞાન પણ સંઘાતરૂપ કઈ રીતે કહેવાય તે વિચારવું જોઈએ. દલીલ કરનાર સાંખ્ય છે માટે અહીં 'વિજ્ઞાન'નો તેને સંમત અર્થ લેવો તે જ સહજ ગણાય. હવે સાંખ્યદૃષ્ટિએ વિજ્ઞાન એ પુરુષનું (=આત્માનું) સ્વરૂપ છે. તેથી અહીં વિજ્ઞાન શબ્દ એ અર્થમાં ન હોઈ શકે, પરંતુ પુરુષ માટે જે હોય છે તે બુદ્ધિ (અથવા શ્ચે० કહે છે તેમ મન કે અન્તઃકરણ)ના અર્થમાં લેવો પડે. આ બુદ્ધિ પ્રકૃતિજ વિકાર હોઈ સંઘાતરૂપ છે. માટે તે પણ શયનાસનાદિની જેમ પરાર્થ હોઈ શકે. ધર્મોત્તરના ટીકાકારોમાં દુર્વેક અહીં વિજ્ઞાનની પરાર્થતા પ્રતિવાદી એવા બૌદ્ધને સંમત અર્થમાં બતાવે છે. બૌદ્ધ દૃષ્ટિએ 'વિજ્ઞાન' એ ક્ષણિક ચૈતન્યની સંતતિરૂપ છે, એટલે સમકાલે નહિ પણ ક્ષણભેદે તેની સંઘાતરૂપતા સમજવી. જુઓ ધ० પ્ર० : संघातत्वादनेकरूपत्वात् । कालविशेषानपेक्षं चैतद् द्रष्टव्यम् । तेन क्रमेण युगपद् वा संहृतं तदिति संहतरूपं विज्ञानमपि क्रमेणानेकरूपमतस्तत्रापि संघातत्वं... । (અર્થ : 'સંઘાતપણાને લીધે' એટલે અનેકરૂપતા-ને લીધે. આ ધર્મ કાલવિશેષની અપેક્ષા વિના સમજવો. તેથી વિજ્ઞાનની સંઘાતરૂપતા ક્રમે કે એક કાળે હોઈ શકે, એ દૃષ્ટિએ સંઘાતરૂપ ગણાતું વિજ્ઞાન પણ ક્રમે અનેકરૂપવાળું હોઈને જ સંઘાતરૂપ સમજવું...) તો બીજા એક ટીકાકાર (જુઓ પં० શ્રી દલસુખ માલવણિયા-સંપાદિત ધ०પ્ર०વાળી ન્યા० બિ०ની આવૃત્તિ, પૃ० ૧૮૧, પાદટીપ ૬) બૌદ્ધ મતે વિજ્ઞાનની પરમાણુરૂપતાનું પ્રતિપાદન કરે છે : बौद्धानां मते परमाणुरूपं ज्ञानमतः संघातरूपत्वम् । આ સાંખ્ય દલીલની નબળાઈ પ્રસંગોપાત્ત આગળ સૂત્ર ૩. ૮૮માં બતાવાઈ છે.

1 : અત્ર પ્રમાણેમાં પ્રમાણનો અર્થ 'પરાર્થાનુમાન' સમજવો જોઈએ; શ્ચેરબાટ્સ્કી કહે છે તેમ દૃષ્ટાન્ત નહિ. (જુઓ શ્રીનિવાસશાસ્ત્રીના ન્યા०બિ०ના હિન્દી સંપાદન, પૃ० ૨૪૫ પરની નોંધ.)

સૂત્રગત 'शयनासनाद्यङ्ग' શબ્દમાંનો 'अङ्ग' શબ્દ સમજાવતાં ધર્મોત્તર વચ્ચે શબ્દા-ધ્યાહાર કરે છે : (पुरुषोपभोग–) अङ्ग એમ. આને બદલે अङ्ग શબ્દ अङ्गिन्‌ના અર્થમાં લઈ શકાય – 'સંઘાત કે અનેકાવયવ પદાર્થ' એ અર્થમાં. 'अङ्ग'નો 'अङ्गिन्' એવો અર્થ પાણિનિના પ્રસિદ્ધ સૂત્ર 'येनाङ्गविकारः ।' માં પણ છે. વિનીતદેવ પણ અહીં अङ्गिन् અર્થ જ સમજતા જણાય છે.

**સૂત્ર ૪૯ :**

પ્રત્યક્ષનિરાકૃત પક્ષના આ ઉદાહરણને ઉદ્યોતકર ન્યાયવાર્તિકમાં અયોગ્ય ગણાવે છે (જુઓ ન્યા० સૂ० ૧.૧.૩૩ પર ન્યાયવાર્તિક). તે अश्रावणःનો અર્થ 'શ્રવણવૃત્તિરહિત' એવો કરે છે, અને શ્રવણવૃત્તિ એ અતીન્દ્રિય હોઈ તેને માત્ર અનુમેય ગણે છે. એટલે તેઓ આને અનુમાનનિરાકૃત પક્ષ ગણે છે. તેઓ 'વહ્નિ અનુષ્ણ છે' એવું પ્રત્યક્ષનિરાકૃત પક્ષનું ઉદા० આપે છે. આ મંતવ્યનું દુર્વેક ખંડન કરે છે. અહીં 'અશ્રાવણ' શબ્દથી શબ્દના શ્રુતિગ્રાહ્યરૂપનો જ નિષેધ છે, અન્યનો નહિ. તેથી તે પ્રત્યક્ષનિરાકૃત પક્ષ છે તેમ તેઓ તારવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સૂત્ર ૫૦

દિઙ્નાગે આવા પક્ષને 'આગમવિરુદ્ધ પક્ષ' કહ્યા છે. પોતાના શાસ્ત્રે સ્વીકારેલા સિદ્ધાન્તથી વિરુદ્ધ પક્ષ તે આગમવિરુદ્ધ પક્ષ કહેવાય. આગમને વધારે પડતું મહત્ત્વ આપતા આ મંતવ્યની ઉદ્યોતકરે ટીકા કરી છે. અને દાખલા તરીકે ઉમેર્યું છે કે વૈશેષિકો શબ્દની અનિત્યતા આગમને આધારે નહિ પણ તર્કપુરઃસર સિદ્ધ કરે છે. આ ટીકા બુદ્ધની શાસ્ત્રગ્રંથિમુક્ત બુદ્ધિની દૃષ્ટિએ પણ યોગ્ય ગણાય. ધર્મકીર્તિએ સંભવતઃ આ આલોચનાને વાજબી ગણીને આગમવિરુદ્ધ પક્ષને સ્થાને અનુમાનનિરાકૃત પક્ષનો પ્રકાર પુરસ્કાર્યો છે. (જુઓ B.L. II, પૃ૰ 163, પા૰ટી૰ 1.)

**સૂત્રગત પાઠાંતર** : વિનીતદેવના સૂત્રપાઠમાં नित्यः शब्दः ને સ્થાને घटो नित्यः એવો પાઠ છે. શ્ચેરબાટ્સ્કીને મતે આ પાઠનું ઉદા૰ વધુ સ્વાભાવિક છે. शब्दः नित्यः એ પક્ષ તો બૌદ્ધ સિદ્ધાન્તની અપેક્ષાએ જ ખોટો ઠરે; જો કે બૌદ્ધ ગ્રંથકાર પોતાની પ્રતીતિને અનુસરીને આ દૃષ્ટાન્ત આપે એ અસંભવિત નથી. છતાં અહીં ઉદાહરણો સાવ દેખીતી રીતે ખોટા પક્ષનાં આપ્યાં છે તે દૃષ્ટિએ તેમ જ પ્રમાણચર્ચામાં પ્રમેયગત આગ્રહોથી મુક્ત એવી ધર્મકીર્તિની દૃષ્ટિને કારણે ઘટનું ઉદાહરણ વધુ સહજ લાગે છે. ઘટનું નિત્યત્વ એ કૃતકત્વાદિ સાધનોથી સિદ્ધ અનુમાનથી બાધિત જણાય છે. (જુઓ B. L. II, ઉપર્યુક્ત સ્થળે.)

## સૂત્ર ૫૧ :

દિઙ્નાગે આ પ્રકારને 'લોકપ્રસિદ્ધિવિરુદ્ધ પક્ષ' કહેલો. વિનીતદેવનો સૂત્રપાઠ અહીં 'प्रसिद्धिनिराकृत' એ શબ્દવાળો છે. આ પ્રકારનો અંતર્ભાવ અન્ય પ્રકારોમાં થઈ જાય તેમ ઉદ્યોતકર કહે છે. શ્ચેરબાટ્સ્કીના મતે કદાચ ધર્મકીર્તિને 'પ્રતીતિનિરાકૃત' પાઠ જ અભિપ્રેત હશે. ધર્મોત્તર પણ 'प्रतीते' પાઠ સ્વીકારીને એનો અર્થ પ્રસિદ્ધિપરક ન કરતાં તેને સ્વભાવહેતુ તરીકે ઘટાવે છે. આ રીતે જોતાં તો તે અનુમાનનિરાકૃતનો જ પ્રકાર ઠરે. પ્રતીતિનિરાકૃત પ્રકાર એ વાચસ્પતિમતે સ્વસંવેદનપ્રત્યક્ષનિરાકૃતમાં ને નૈયાયિક–મતે માનસપ્રત્યક્ષનિરાકૃતમાં સમાઈ જાય. વિનીતદેવ प्रसिद्धि પાઠ લઈને પ્રસિદ્ધિને લોકપ્રસિદ્ધિરૂપ ગણીને આ પ્રકારને સરળ રીતે સમજાવે છે : કોઈ પણ શબ્દ કોઈ પણ વસ્તુ માટે 'સંકેત'ની સહાયથી વાપરી શકાય. આથી 'શશી તે ચન્દ્ર નથી' એવું ન કહી શકાય એમ તેઓ કહે છે.

આ પ્રકારના અયોગ્ય પક્ષનો નિર્દેશ એકંદરે લૌકિક પરંપરાઓનો અનાદર ન કરવાનો બોધ આપે છે. प्रतीतिनिराकृत પાઠ હોય તો યે તેને 'લોકપ્રતીતિથી નિરાકૃત' – એમ ઘટાવી શકાય. ટૂંકમાં, જે ખ્યાલ વ્યાપકરૂપે લોકમાનસમાં રૂઢ હોય તેને અનુચિત આઘાત આપે તેવા મંતવ્યનું જાહેર પ્રતિપાદન કરવું ઉચિત નથી. તે રીતે કોઈ વસ્તુ માટે લોકમાનસમાં અમુક જ શબ્દ રૂઢ થયો હોય તો તે શબ્દ તે વસ્તુ માટે અયોગ્ય છે એ જાતનું અભિનિવેશયુક્ત પ્રતિપાદન પણ યોગ્ય નથી. પ્રતિપાદ્ય મંતવ્યો એવાં હોવાં જોઈએ કે જે સરવાળે લોક માટે સ્વીકાર્ય હોય, લોકનું પ્રેમથી ઘડતર કરે તેવાં હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પક્ષની આ સમગ્ર ચર્ચાને પરાર્થાનુમાનનાં અવયવોની ચર્ચા સાથે ખાસ સંબંધ નથી. પણ વ્યાપક રૂપે કેવાં મંતવ્યોનું અનુમાનથી પ્રતિપાદન કરવું પથ્ય છે તેનું નિરૂપણ સમગ્ર પરાર્થાનુમાન સાથે સંકળાયેલું ગણાય. મંતવ્યોનું પ્રતિપાદન લોકની આરાધના માટે જ હોય. બુદ્ધિહીન મંતવ્યો કે શ્રોતાને અનુચિત આઘાત આપનારાં મંતવ્યોનું પ્રતિપાદન યોગ્ય નથી. પરમાં સ્વમંતવ્યનું સંક્રમણ મનોવિજ્ઞાનની દૃષ્ટિએ શક્ય હોય ત્યારે જ પરાર્થાનુમાન પ્રયોજાય એ આ ચર્ચાનો સાર જણાય છે. શાસ્ત્રકારોની પણ કેવી વ્યવહારુ દૃષ્ટિ હોવી જોઈએ તે વાત અહીં સમજાય છે.

અહીં એટલું ઉમેરવું જોઈએ કે ધર્મકીર્તિએ आगमविरुद्धની જગાએ अनुमानविरुद्ध-ને સ્થાપીને તેમ જ प्रतीतिनिराकृतમાં પ્રતીતિને ( ધર્મોત્તરનું અર્થઘટન સાચું માનીએ તો ) નિયત શબ્દોના પ્રયોગને ઉપપન્ન બનાવનાર સ્વભાવહેતુ ગણીને આખી પક્ષની ચર્ચાને શાસ્ત્ર કે લોકની આમન્યાના ક્ષેત્રમાંથી ઉઠાવીને શુદ્ધ બૌદ્ધિક કક્ષાએ સ્થાપી છે.

સૂત્ર ૫૨ :

આ સૂત્રમાં નિરૂપાયેલો પક્ષાભાસ એ અન્ય ત્રણ પક્ષાભાસો કરતાં વિલક્ષણ છે. અન્ય ત્રણ પ્રકારમાં પક્ષના દૂષણનો નિર્ણય પક્ષવાક્યથી અન્ય એવા પ્રમાણ દ્વારા સિદ્ધ બાબત લાવીને મૂકયા બાદ જ થાય છે, જ્યારે આ પ્રકારમાં પક્ષ એ સ્વપ્રતિપાદક વાક્યના પ્રયોગથી જ દૂષિત થાય છે. અહીં વક્તા જે વાણીનો આધાર લઈને પોતાનો પક્ષ નિરૂપે છે એ વાણીની જ સાધનતાનો અપલાપ કરે છે. આમ અનિવાર્ય એવા સાધનના અપલાપ વડે જ સ્વ-સાધ્યસિદ્ધિની શકયતાને તોડી પાડે છે; પોતે જ પોતાની આશ્રયરૂપ ડાળને કાપે છે. કોઈ પણ શાસ્ત્રકારો કમ-સે-કમ વદતોવ્યાઘાત થાય તેવા સિદ્ધાન્તના પ્રતિપાદનથી તો દૂર જ રહેવું જોઈએ એવી વિવાદાતીત છતાં કહેવા જેવી બાબત કહેવા માટે આ પ્રકાર નિરૂપાયો છે. આ પક્ષાભાસ એ સૌમાં ઊતરતો ગણી શકાય.

અહીં ઉદાહૃત પક્ષમાં અનુમાનની પ્રમાણતા નિષેધાઈ છે. સ્વાભાવિક રીતે જ, ગ્રંથકારની સામે ચાર્વાક વાદી હોવાનું સ્ફુટ થાય છે. અન્ય શાસ્ત્રોની અને વિશેષતઃ આન્વીક્ષિકીવિદ્યાની પ્રતિષ્ઠા અનુમાનપ્રમાણ પર થયેલી છે. અલબત્ત, પ્રમાણમૂર્ધન્યતા તો પ્રત્યક્ષમાં જ વસે છે. પરંતુ સામાન્ય મનુષ્ય માટે તત્કાલ પ્રત્યક્ષયોગ્ય નહિ એવાં વિવિધ પ્રમેયો ચીંધવા માટે જ શાસ્ત્રો ખપનાં હોઈને અને પ્રત્યક્ષની પ્રવૃત્તિ થંભેલી હોય તેટલા પૂરતું અનુમાન જ શરણરૂપ હોઈ અનુમાનનો અપલાપ કરવો શક્ય નથી. આ દૃષ્ટિએ ગ્રંથકારે આ પક્ષાભાસનું ઉદાહરણ ધીટતાથી પસંદ કર્યું છે.

અલબત્ત, અનુમાનના પ્રામાણ્યનો વિરોધ તો 'नैषा तर्केण मतिरापनेया' જેવાં ઉપનિષદ્-વચનોમાં પણ અનેક સ્થળે જોવા મળે છે. ખુદ ધર્મકીર્તિ-આદિ બૌદ્ધો પણ અનુમાનનો ગ્રાહ્ય વિષય અસત્ હોવાનું તો સ્વીકારે જ છે. પરંતુ એ મંતવ્યોની ચરિતાર્થતા તો પારમાર્થિક સત્યના સાક્ષાત્કારના અંતિમ તબક્કે જ સધાય છે. તત્કાલ તો સાંવૃતિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્યનો વિચાર જ પ્રાપ્ત છે. તે માટે અનુમાનનો જ સવિશેષ ખપ છે. એ અનુમાન જ્ઞાત સત્યોની કે પ્રતિષ્ઠિત મંતવ્યોની મર્યાદાનો યોગ્ય ખ્યાલ રાખે એટલે બસ.

આ સૂત્રમાં આપેલા ઉદાહરણમાં એક અન્ય બૌદ્ધ મત પણ અંતર્હિત છે – શબ્દ-પ્રમાણ તે અનુમાનવિશેષ જ હોવાનો મત. ધર્મકીર્તિએ न्या० बि०માં અન્યત્ર ક્યાંય આ ચર્ચા કરી નથી. અહીં પ્રાસંગિક ઉદાહરણમાં જ આનો નિર્દેશ થયેલો છે.

સ્વવચનનિરાકૃત પક્ષ અને અનુમાનનિરાકૃત પક્ષ વચ્ચે ઘણું સામ્ય કિંવા નજીકપણું છે. છતાં બંને વચ્ચે નિશ્ચિત ભેદરેખા છે. સ્વવચનનિરાકૃત પક્ષ વસ્તુતઃ પ્રત્યક્ષનિરાકૃત અને અનુમાનનિરાકૃત પક્ષ – એ બંને વચ્ચેની એક પૃથક્ કોટીમાં સ્થાન પામે છે. સ્વવચન-નિરાકૃત પ્રકારના પાયામાં જે પ્રમાણનો અપલાપ છે તેને કદાચ આપણે મીમાંસક–કલ્પિત અર્થાપત્તિ–પ્રમાણ કહી શકીએ. અલબત્ત, અર્થાપત્તિને ઘણાખરા વાદીઓએ અનુમાનાન્ત-ર્ગત જ માની છે. પણ અનુમાન કરતાં અર્થાપત્તિમાં થોડી વિલક્ષણતા છે. અનુમાનને માટે વ્યાપ્તિસિદ્ધિ એ પૂર્વશરત છે. એ વ્યાપ્તિની સિદ્ધિ પણ સ્વતંત્ર પ્રમાણોથી થાય છે. વ્યાપ્તિ ખોટી કે અર્ધસત્યરૂપ પણ હોય. હવે અર્થાપત્તિના પાયામાં જો વ્યાપ્તિ માનવામાં આવે તો યે તે સ્વતઃસિદ્ધ જ હોય છે. એટલે અર્થાપત્તિ એક પ્રકારનું અવ્યવહિત, અસંદિગ્ધ, પ્રત્યક્ષકલ્પ પ્રમાણ બનીને અનુમાનથી વિલક્ષણ બની રહે છે. પશ્ચિમમાં ક્યારેક આ પ્રકારના અનુમાનને immediate inference કહે છે.

ધર્મોત્તરે ટીકામાં સ્વવચનનિરાકૃત પક્ષનું ઉદાહરણ કઈ રીતે સ્વવચનથી નિરાકૃત થાય છે તે યુક્તિપૂર્વક બતાવ્યું છે. ત્યાર બાદ અન્ય ટીકાકારોએ આ સિદ્ધ કરવા રજૂ કરેલી સહેજ જુદી યુક્તિને પૂર્વપક્ષરૂપે કહીને તેનો પ્રતિવાદ કર્યો છે. આ પૂર્વપક્ષનો તથા તેના ઉત્તરપક્ષનો (પરિચ્છેદ 5થી 8નો) આશય સમજીને તે બંને પક્ષોનું સમતોલ મૂલ્યાંકન કરવું જરૂરી લાગે છે.

શ્ચેરબાટ્સ્કી આના અનુવાદની એક નોંધમાં કહે છે કે જે વાત વિનીતદેવે ટૂંકમાં અને સરળ રીતે સમજાવી છે તે ધર્મોત્તરે બિનજરૂરી રીતે ગૂંચવી નાખી છે. તો વળી પાછળ ધર્મોત્તરે જ્યાં પૂર્વપક્ષના ખંડનના ભાગરૂપે શબ્દપ્રયોગનાં બે શક્ય કારણો – કલ્પિત અને વાસ્તવ – જુદાં તારવ્યાં છે ત્યાં પાદનોંધમાં તેઓ એમ કહે છે કે વિનીત-દેવ આ બે કારણોનો ભેદ સમજી શક્યા નથી. આ વિધાન એમના વિનીતદેવના અર્થઘટન વિષેના આગલા વિધાન સાથે વિસંગત લાગે છે. વળી વિનીતદેવની આ સૂત્રની ટીકા જોતાં તેમાં શબ્દપ્રયોગનાં આવાં કારણનો કે કારણોનો કોઇ ઉલ્લેખ જ થયો જણાતો નથી. તેથી ગેરસમજને અવકાશ જ ક્યાંથી રહે ?

અહીં अन्ये तु શબ્દોથી ક્યા ટીકાકારો સમજવાના છે એ અંગે तात्पर्यनिबन्धनटिप्पन કહે છે : अन्ये त्विति शान्तभद्रादयः । ( અર્થ : 'અન્ય' એટલે શાન્તભદ્ર વગેરે. )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પૂર્વપક્ષમાં વપરાયેલા 'અભિપ્રાય' શબ્દનો અર્થનો બરોબર ખ્યાલ કરવો એ સૌથી પાયાની બાબત છે. ચ૦ પ્ર૦માં આ શબ્દને આ રીતે સમજાવ્યો છે : स्वस्योच्चारयितुम-भिप्रायो वक्तुकामता... । આ મુજબ અહીં 'अभिप्राय'નો અર્થ 'विवक्षा' ઠરે. ધર્મોત્તરે પોતે જ આ પૂર્વપક્ષની રજૂઆતમાંના अभिप्राय શબ્દનો અર્થ સ્પષ્ટ કરવા એક જુદું વાક્ય મૂક્યું જણાય છે. सदर्थमिच्छतः शब्दप्रयोगः । — આ વાક્યમાં એક-બે શબ્દોનો અધ્યાહાર કરવો પડે એમ છે. એ અધ્યાહાર્ય અંશના ક્રમ-સે-ક્રમ બે વિકલ્પ પ્રાથમિક રૂપે સૂઝે છે : (૧) सदर्थं [वक्तुम्] इच्छतः शब्दप्रयोगः । (૨) सदर्थं [ज्ञानं वक्तुम्] इच्छतः शब्दप्रयोगः । (જુઓ न्या० बि०ના ડૉ० શ્રીનિવાસશાસ્ત્રીકૃત હિન્દી અનુવાદની ટિપ્પણ પૃ० ૨૫૫.) આમાંના પ્રથમ અર્થઘટનમાં सदर्थं શબ્દ કર્મધારય સમાસ તરીકે સમજવાનો છે ('सत् એવો અર્થ' એમ); જ્યારે બીજામાં બહુવ્રીહિ તરીકે ('सत् છે અર્થ જેનો તેવું' એમ) અધ્યાહૃત 'જ્ઞાન'ના વિશેષણરૂપે સમજવાનો છે. (આનો એક ત્રીજો વિકલ્પ પાછળ રજૂ કર્યો છે.) દુર્વેક તું આ વાક્ય અંગેનું નર્યું મૌન અકળાવે છે. આમાંનું પ્રથમ અર્થઘટન સીધું ને પ્રસ્તુત લાગે છે. આ રીતે જોતાં ઉપલા વાક્યને આધારે अभिप्राय એટલે વિવક્ષા એવો ઉપર્યુક્ત દુર્વેકકથિત અર્થ જ નીપજે. આ દૃષ્ટિએ अभिप्राय શબ્દ-ને નૈયાયિકોની सिसाधयिषा કે प्रतिपिपादयिषाનો અથવા તો તાત્પર્યનો પર્યાય જ ગણવો પડે. વળી આ રીતે अभिप्राय શબ્દથી સકર્મક ક્રિયા સૂચવાતી હોઈ એ કર્મનો એના અર્થમાં સમાવેશ કરવો પડે. તે રીતે सदर्थविवक्षा કે सदर्थसिसाधयिषा ઇત્યાદિ રૂપે 'अभिप्राय' શબ્દનું અર્થઘટન થઈ શકે.

આ દૃષ્ટિએ પૂર્વપક્ષની યુક્તિ આમ સમજાય છે : 'અનુમાન પ્રમાણ નથી' એવા મતવાદીએ આ મત દર્શાવવા જે વાક્યનો પ્રયોગ કર્યો તે સત્ એવા અમુક અર્થના પ્રતિ-પાદનની ઇચ્છાને કારણે કર્યો છે. એ દૃષ્ટિએ એનું વાક્ય કાર્ય છે અને અભિપ્રાય (= સદર્થવિવક્ષા) એનું કારણ છે. એનું એ વાક્ય અનુમાનનું અપ્રામાણ્ય કહે છે, પરંતુ એ અપ્રામાણ્યનું જ્ઞાન મેળવવા માટે એનું વાક્ય જ સાધન છે. હવે, એ વાક્યને આધારે એની અનુમાન-અપ્રામાણ્ય-વિવક્ષા તો કાર્ય ઉપરથી કારણના જ્ઞાનરૂપ અનુમાનથી જ સમજાય છે ! આમ 'અનુમાન અપ્રમાણ છે' એવા અર્થની સિદ્ધિ કરવા શ્રોતાએ અનુ-માનપ્રમાણનો જ ઉપયોગ કરવો પડે છે. બીજી રીતે કહીએ તો વાદી કહે છે કે અનુમાન અપ્રમાણ છે એનું જ્ઞાન તમે મારા વાક્યરૂપી લિંગથી જન્મેલા અનુમાન-પ્રમાણથી કરો ! આમાં સ્વતોવિરોધ છે; કારણ કે અનુમાન અપ્રમાણ હોય તો એના અપ્રામાણ્યનું જ્ઞાન વાક્યજનિત અનુમાનથી થઈ જ ન શકે.

આ યુક્તિનું ધર્મોત્તરકૃત ખંડન જોઈએ. તેઓ કહે છે કે અભિપ્રાય એ શબ્દપ્રયોગનું વાસ્તવિક કારણ છે; તે અહીં ધ્યાનમાં લેવાનું નથી. તેને બદલે અર્થ કે જે શબ્દ-પ્રયોગનું કલ્પિત (એટલે કે કલ્પનાસિદ્ધ) કારણ છે તે અહીં સમજવાનું છે. દુર્વેકની ટીકા જોઈએ : न वास्तवमिति ब्रुवतो यदीदं वास्तवमनुमानं स्यात्तदानुमाननिराकृतोदाहरणान्न पृथगुच्येतेति । (અર્થ : 'અહીં વાસ્તવિક કારણ નથી લેવાનું' એમ કહેવા પાછળ એ આશય છે કે જો અહીં વાસ્તવિક અનુમાન ધ્યાનમાં લેવાનું હોત તો અનુમાનનિરાકૃત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પક્ષના ઉદાહરણથી આ ઉદાહરણ જુદું કહેવાત નહિ.) દુર્વેકનું આ કથન વિચારણીય છે. જો શબ્દોચ્ચારણને અભિપ્રાયનું કાર્ય ગણીએ તો શબ્દને આધારે તરત જ આપણા ચિત્તમાં ના અભિપ્રાયની ઉપસ્થિતિ થાય. એટલે શબ્દ પરથી થતું અભિપ્રાયનું જ્ઞાન એ અનુમાનજ્ઞાન જ હોઈ 'અનુમાન એ પ્રમાણરૂપ છે' તેવા ઉક્ત વાક્યના વક્તાના મતનું અનુમાન કરીશું. આમ વક્તાએ અનુમાનને અપ્રમાણ કહ્યું હોવા છતાં એ અપ્રામાણ્ય-બોધક વાક્યને આધારે વિચારતાં આપણને અનુમાનનું તેણે માનેલું પ્રામાણ્ય અનુમાનથી સમજાય છે. આ રીતે શબ્દોચ્ચાર પરથી અભિપ્રાયના બોધને પ્રસંગે, ઉક્ત પક્ષનું નિરાકરણ આપણે કરેલા અન્ય અનુમાનને આધારે થશે, પણ વાદીના 'અનુમાન અપ્રમાણ છે' એવા વાક્યને અધારે સાક્ષાત્ નહિ; માટે તે પક્ષ સ્વવચનનિરાકૃત નહિ કહેવાય. દુર્વેકના કથનને સંભવતઃ આ રીતે ઘટાવી શકાય.

ખંડ 7માં ખંડ 6ના વિધાનની પાછળનું કારણ બતાવેલું જણાય છે. જો શબ્દને અભિપ્રાયનું કાર્ય માનવામાં આવે તો તે હકીકતનો સ્વીકાર કરવાનો ઉક્ત વાદી ના પણ પાડે; કારણ કે તે અનુમાનના પ્રામાણ્યનો નિષેધ કરતો હોઈને બે અર્થોના અવ્યભિચારી સંબંધનો પણ નિષેધ કરે છે. એટલે પોતાનું ચાલે ત્યાં સુધી તો એવા દરેક અનિવાર્ય સંબંધનો તે નિષેધ કરશે. તેથી શબ્દપ્રયોગના અનિવાર્ય કારણ તરીકે અભિપ્રાય(= વિવક્ષા)ને નહિ સ્વીકારે. 'વિવક્ષા વગર પણ વાક્યપ્રયોગ હોઈ શકે' એમ કહેશે. પરંતુ પોતાના વાક્યના કારણ તરીકે પોતાની વિવક્ષાને ભલે તે નકારે, પણ પોતાના વાક્યનું કારણ નથી એમ તો એનાથી નહિ જ કહી શકાય. બે વસ્તુના અનિવાર્ય સંબંધનો સર્વત્ર નિષેધ કરવા ધારતો એ વાદી પણ અહીં નિષેધ કરી નહિ શકે; કારણ કે તો પોતાના વાક્યથી પોતે જે સત્ અર્થ કહેવા ધારે છે તે ય નહિ કહી શકે. માટે જો શબ્દના કલ્પનોત્થ કારણ એવા અર્થને આપણે વાદીની સામે રજૂ કરીશું તો તેનાથી એનો નિષેધ નહિ થઈ શકે. ને તેથી એના પોતાના સિદ્ધાંતનો એના પોતાના વચનથી જ વિરોધ થાય છે તે બતાવી શકાય.

अभिप्राय શબ્દનો અર્થ, ઉપર મુજબ સદર્થવિવક્ષા લેવા જતાં જો વાદી માટે અભિપ્રાયનો નિષેધ અશક્ય જણાય તો અભિપ્રાયનો સામાન્ય અર્થ 'પ્રયોજન' કે 'તાત્પર્ય' પણ લઈ શકાય. અથવા નીચે મુજબ બે વિશિષ્ટ અર્થો પણ કરી શકાય:

(૧) अभिपाय શબ્દથી અહીં 'ભાષાની અર્થાભિધાયકતા અંગેનું વક્તાનું મંતવ્ય' એટલે કે 'શબ્દશક્તિમાં વક્તાની શ્રદ્ધા' એવો એક અર્થ લઈ શકાય. આ અર્થ માટે ટેકો મેળવવા सदर्थमिच्छतः शब्दप्रयोगः — એ વાક્યને આમ (ત્રીજી રીતે) પૂર્ણ વાક્યમાં ઢાળી શકાય: [स्वकीयं शब्दप्रयोगं] सदर्थम् इच्छतः (= मन्यमानस्य) [वक्तुः] शब्दप्रयोगः। અહીં 'सदर्थ' શબ્દને બહુવ્રીહિ સમાસ ગણવો. આ અર્થમાં 'अभिप्राय' શબ્દ લઈએ તો ખંડ 7 માંની વાત શક્ય બને. એટલે કે પોતાના વાક્યના કારણરૂપે પોતાનો अभिप्राय એટલે કે પોતાની શબ્દશક્તિગત આસ્થા હોવાની વાત ઉક્ત વાદી જરૂર (ઉપરટપકે) નકારી શકે. (અલબત્ત, આ અંગે વધારે ઉલટતપાસ કરતાં એણે ભાષા અંગેની આસ્થા સ્વીકારવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો પડશે જ.) (૨) અભિપ્રાય એટલે જે તે વાક્યથી વર્ણનીય એવા વિષય અંગેનું પોતાનું અંગત મંતવ્ય કિંવા દૃષ્ટિબિંદુ. ઉક્ત વાદી પોતાના વાક્યના કારણ તરીકે પોતાનું જે તે વિષય અંગેનું દૃષ્ટિબિંદુ ભાગ ભજવતું હોવાની વાતને નકારી શકે. એ એમ કહેશે કે વસ્તુમાંથી મારું વાક્ય પ્રવૃત્ત છે, મારે જે તે વસ્તુ અંગેનું આ કે તે દૃષ્ટિબિંદુ હોય એવું કશું છે જ નહિ; તે મારા વાક્યના કારણરૂપ નથી. હું તો વસ્તુ જોઈ તેવી કહું છું, ભલે તેને તમે તે વસ્તુ અંગેનું મારું દૃષ્ટિબિંદુ કહો. વક્તા સામાન્યત: પોતે એમ માનતો હોય છે કે હું વસ્તુ જેવી જોઈ તેવી કહું છું, એમાં મારું અંગત કશું હું ઉમેરતો નથી

સૂત્ર ૫૫ :

'साधनाभास' શબ્દ સમજાવવા ધર્મોત્તર सदृशं साधनस्य – એમ કહે છે તે અંગે દુર્વેક ઠીક કહે છે : सदृशं साधनस्येत्यर्थकथनमेतद् । व्युत्पत्तिस्त्वाभासनमाभासः प्रतिभासः साधनस्येवाभासः प्रतिभासोऽस्येति तथा । (અર્થ : 'સાધનની સદૃશ' એમ કહીને તો साधनाभास શબ્દનો એકંદર અર્થ જ કહ્યો છે; એ શબ્દની વ્યુત્પત્તિ તો આમ થાય : आभास એટલે આભાસ થવાની ક્રિયા અર્થાત્ પ્રતિભાસ; ને साधनाभास એટલે 'સાધનના જેવો આભાસ એટલે કે પ્રતિભાસ છે જેનો તે'.)

2 : 'त्रयाणां रूपाणां न्यूनता नाम साधनदोषः ।' : આ વાક્ય ચર્ચતાં દુર્વેક આવો પૂર્વપક્ષ રજૂ કરે છે : "જો કોઈ સાધનનાં ત્રણે રૂપ હોય પણ એમાંથી કોઈ કહ્યાં ન હોય તો તે કાંઈ સાધનનો દોષ નથી, પણ વક્તાનો દોષ છે; તો વક્તાના દોષને કેમ સાધનદોષ કહ્યો?" આનો જવાબ એવો આપ્યો છે કે અહીં साधन શબ્દથી લિંગ નહિ પણ લિંગ-પ્રતિપાદક વાક્ય સમજવાનું છે. એથી વક્તાના દોષને લીધે પ્રતિપત્તાને અનુમાન સમજાતું નથી તેથી તે દોષ.

સૂત્ર ૫૭ :

ધર્મોત્તર કહે છે કે असिद्ध હેત્વાભાસથી ન સાધ્યની, ન વિરુદ્ધ (=સાધ્યાભાવ)ની કે ન તો સંશયની પ્રતિપત્તિ થાય છે; માત્ર અપ્રતિપત્તિ થાય છે. અહીં ધર્મોત્તરે સંશયની પણ અપ્રતીતિ કેમ કહી હશે? જો હેતુનું ધર્મીમાં સત્ત્વ સંદિગ્ધ હોય તો શું સાધ્ય અંગે સંશય થશે નહિ? આ શંકાનો ઉત્તર સંભવત: આવો છે : હેતુ ધર્મીમાં હોય કે ન હોય તે બંને સ્થિતિમાં ય હેતુનાં सपक्षे सत्त्व ઇત્યાદિ અન્ય રૂપોના નિશ્ચય વિના વાત આગળ વધવાની નથી. વળી આ તબક્કે પ્રતિપત્તા પ્રતિપાદનના વિષય બાબત ઉદાસીનકલ્પ હોય છે. એટલે જિજ્ઞાસાના અભાવે તે સંશય ન અનુભવતાં, 'સાધ્ય સિદ્ધ થતું નથી' એટલો જ પ્રતિભાવ મનમાં અનુભવશે. સંશયનો હેતુ તો અનૈકાન્તિક હેત્વાભાસ બનશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૫૮ :

ઉભયાસિદ્ધના જ આ પ્રકારમાં (હેતુ સાધ્યના અધિકરણથી અન્યત્ર હોય તેવો) વ્યાધિકરણાસિદ્ધ, વિશેષણાસિદ્ધ તેમ જ વિશેષ્યાસિદ્ધ – આ પ્રકારો પણ સમાવિષ્ટ માનવા. (જુઓ પ્ર૦પ્રા૦.)

સૂત્ર ૫૯ :

1 : 'दिगम्बर' શબ્દ અંગે દુર્વેક નોંધે છે : दिश एवाम्बरं येषामिति व्युत्पत्त्या दिगम्बराः क्षपणका उच्यन्ते । (અર્થ : 'દિશાઓ જ જેમનું વસ્ત્ર છે' એવી વ્યુત્પત્તિ દ્વારા 'દિગંબરો' એટલે ક્ષપણકો – એમ અર્થ સમજવાનો છે.) ભાસના प्रतिज्ञायौगन्धरायण, अविमारक ઇત્યાદિમાં, मृच्छकटिकમાં, मुद्राराक्षसमां क्षपणकના ઉલ્લેખો આવે છે તે પણ શું દિગંબર ? જૈન ?

2 : आगमसिद्धम् : શ્ચેરબાટ્સ્કી નોંધે છે કે સામાન્યત: બૌદ્ધગ્રંથોમાં आगम શબ્દથી મૂળ બૌદ્ધ સૂત્રો અને શાસ્ત્રગ્રંથો એ બધું સમજાય છે. પરંતુ અહીં લોક અને આગમનો ભેદ કરાયો છે તે સંદર્ભમાં आगम એટલે મૂળ સૂત્રગ્રંથો. દુર્વેક ઉક્ત આગમમાંની आयुः-ની વ્યાખ્યા આમ નોંધે છે : जीवितेन्द्रियम् आयुः । આ आयुः તે (अभिधर्मकोश મુજબ) એક चित्तविप्रयुक्तसंस्कार (अभि० २.३५) (ચિત્તથી અલગ એવો સંસ્કાર) છે એમ શ્ચે૦ નોંધે છે.

સૂત્ર ૬૦ :

2 : रूपादयः પદ બાબત શ્ચે૦ સ્પષ્ટતા કરે છે કે અહીં રૂપ વગેરે ઇન્દ્રિયવિષયો (રૂપાયતનાદિ) સમજવાના છે, અને નહિ કે બૌદ્ધકલ્પિત રૂપાદિ સ્કંધો; કારણ કે તેમાંના પ્રથમ સ્કંધ સિવાય અન્ય સચેતન મનાય છે.

3 : શ્ચેરબાટ્સ્કી નોંધે છે કે સત્કાર્યવાદ મુજબ દરેક ઉત્પત્તિ અને વિનાશ એ ખરેખર તો એક જ સત્‌ના પરિણામો છે આવિર્ભાવ છે. તેથી બૌદ્ધ ક્ષણભંગવાદ મુજબનાં ઉત્પત્તિવિનાશ સાંખ્યને માટે અસિદ્ધ છે. છતાં સુખાદિ, કે જેને તે પ્રકૃત્યન્તર્ગત માને છે અને તેથી અચેતન માને છે તેમનું અચૈતન્ય સિદ્ધ કરવા પ્રતિવાદી બૌદ્ધની ઉત્પત્તિ અને વિનાશની કલ્પના સભાનપણે કે અભાનપણે ઘડીક ઉછીની લઈ લે છે. જો એ જાતનાં ઉત્પત્તિ ને વિનાશને સુખાદિના ધર્મરૂપે સ્વીકારે તો નિત્ય ઉચ્છેદવિનાશને કારણે જ સ્મૃતિ–આદિ ચૈતન્યધર્મો ન સંભવે.

સૂત્ર ૬૧ :

**અવતરણિકા** : હવે પછીના અસિદ્ધ પ્રકારોને સંદિગ્ધાસિદ્ધ કહે છે તે રીતે અગાઉ નિરૂપાયેલા અસિદ્ધના પ્રકારોને 'નિશ્ચિતાસિદ્ધ' જેવું કોઈક ભેદક નામ આપવું યોગ્ય ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1 : આમાં आश्रयण એ સૂત્રપદની વ્યુત્પત્તિ आश्रीयतेऽस्मिन् हेतुः એ દ્વારા ધર્મોત્તરે આપી છે. વળી તેનું સમર્થન આ પરિચ્છેદના 'तत्र हि हेतु' થી આરંભાતા ચોથા વાક્યથી કર્યું છે. આમાંના आश्रीयते પદનું અર્થઘટન દુ૦ साधनत्वेनोपादीयते — એમ કરે છે તે યોગ્ય જ છે. પરંતુ શ્રીનિવાસશાસ્ત્રી તે પદને કર્મણિ પ્રયોગનું નહિ પણ કર્તરિ પ્રયોગનું રૂપ ગણીને 'जिसमें हेतु आश्रित होता है' એમ અનુવાદ કરે છે તે વ્યાકરણની કસોટીએ નભે એમ નથી. શ્ચે૦ પણ 'it is a place where it is found' એવો અનુવાદ કરીને એ જ દોષ કરે છે.

નોંધપાત્ર બાબત એ છે કે ધર્મોત્તર आश्रयण શબ્દની પોતે આપેલી વ્યુત્પત્તિ બાબત કંઈક દ્વિધા અનુભવતા હોય તેમ हेतोः ... आश्रयभूतः એમ બીજી સહજ વ્યુત્પત્તિ પણ ચીંધતા જણાય છે.

પ્રથમ વ્યુત્પત્તિ અર્થાત્ 'જેમાં રહેલા હેતુનો સાધ્યસિદ્ધિ માટે આશ્રય લેવાય તે आश्रयण' એ ગૌરવદોષથી યુક્ત છે. સરળ વસ્તુને અઘરી બનાવી દેવાનું ધર્મોત્તરનું વલણ અહીં પણ ડોકાય છે. વિનીતદેવને તો આની વ્યુત્પત્તિ આપવાનું જરૂરી લાગતું જ નથી. તેઓ તો તેને માટે अधिकरण એવો પર્યાય જ આપી દેખીતા અર્થને જ પ્રવર્તવા દે છે.

**સૂત્ર ૬૨ :**

દુ૦ નોંધે છે કે આ પ્રકારમાં જ સંદિગ્ધવિશેષણાસિદ્ધ અને સંદિગ્ધવિશેષ્યાસિદ્ધનો સમાવેશ કરવો.

**સૂત્ર ૬૩ :**

1 : સૂત્રના निकुञ्ज શબ્દનો ધર્મોત્તરકથિત અર્થ અસ્પષ્ટ કે અયોગ્ય જણાય છે. દુવેક આની નોંધ લે છે. તે ધર્મોત્તરના અર્થનું સીધું ખંડન ન કરતાં સૌમ્ય રીતે પ્રથમ કહે છે કે પર્વતની ઉપરના બહાર ઝઝૂમતા ભાગથી ઢંકાયેલો ભૂભાગ એ માત્ર 'ઉપલક્ષણ' ('નિકુંજ'ના અનેક અર્થોમાંના એકનું જ કથન) છે. પણ પાછળ વધુ અસંદિગ્ધ રીતે કહી નાખે છે કે ધર્મોત્તરે બતાવેલો પ્રદેશ જ 'નિકુંજ' કહેવાય, અન્ય – નહિ એવું નથી; ખરેખર તો પર્વતનો ગહ્વરદેશ જ 'નિકુંજ' કહેવાય.

**સૂત્ર ૬૫ :**

धर्म्यसिद्ध એટલે જ આશ્રયાસિદ્ધ એ બાબત તરફ દુ૦ ધ્યાન ખેંચે છે.

**સૂત્ર ૭૨ :**

આ દ્વિવિધ વિરોધ તે (૧) સહાનવસ્થાનરૂપ વિરોધ અને (૨) પરસ્પરપરિહાર–સ્થિત-લક્ષણરૂપ વિરોધ. આમાંના પ્રથમને વધ્યઘાતકભાવ પણ કહે છે. વિનીતદેવ આને અનુક્રમે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) વાસ્તવવિરોધ અને (૨) લાક્ષણિક વિરોધ – એવાં વિશદ નામો આપે છે. પાછલું નામ તો ધર્મોત્તરે પણ ટીકામાં ક્યાંક ક્યાંક વાપર્યું છે. ' વાસ્તવ ' એટલે વસ્તુઓનો ભૌતિક વિરોધ અને ' લાક્ષણિક ' એટલે બે વસ્તુનાં બુદ્ધિસ્થ લક્ષણોની ભિન્નતારૂપ અથવા લક્ષણજનિત વિરોધ – એવો ભાવ લાગે છે. આને મળતાં જ નામો શ્ચેરબાટ્સ્કીએ અંગ્રેજી અનુવાદમાં અનુક્રમે આમ આપ્યાં છે : (૧) efficient opposition ( incompatibility ) અને (૨) logical opposition ( = contradiction ).

આ બંને પ્રકારના વિરોધનું સામાન્ય લક્ષણ શું એ પ્રશ્ન થાય. જયન્તની ' ન્યાયમંજરી ' માં ' વિરોધ ' શબ્દનો અર્થ આમ યોજ્યો છે : अयमेव च विरोधार्थों यदेकत्रोभयोरनवस्थानम् । (અર્થ : વિરોધ એટલે બે પદાર્થોનું એક સ્થળ ન હોવું તે. ) ( ન્યા૦મં૦ ) આ વ્યાખ્યા દ્વારા ઉપર્યુક્ત બંને પ્રકારોને આવરી શકાય. આમાંના ' एकत्र ' શબ્દના અર્થો બંને પ્રકાર પરત્વે અનુક્રમે (૧) ' એક સ્થળમાં ' અને (૨) ' એક પદાર્થ વિષે ' – એમ કરી શકાય. આ દૃષ્ટિએ તો બંનેને સહાનવસ્થાનરૂપ વિરોધ જ – જુદા જુદા અર્થોમાં – કહી શકાય.

## સૂત્ર ૭૩ :

આ સૂત્રમાં બૌદ્ધ ક્ષણભંગવાદ અને પ્રતીત્યસમુત્પાદવાદની દૃષ્ટિએ સહાનવસ્થાનરૂપ વિરોધની પ્રક્રિયા ધર્મોત્તરે વિગતે નિરૂપી છે. સૂત્રાર્થમાં ગર્ભિત પડેલી બાબતોને સવિસ્તર સમજાવવાની તેમની રીત અભ્યાસીને સુપરિચિત છે. ઉક્ત બૌદ્ધ વાદોને આધારે એકંદરે તેમનું કહેવાનું એમ થાય છે કે સહાનવસ્થાનરૂપ વિરોધ એ એક પ્રકારનો વિશિષ્ટ જન્યજનકભાવ ( = કાર્યકારણભાવ ) જ છે. ધ૦પ્ર૦માં પણ આ તારણ રજૂ થયું છે. એમાં દુ૦ એક ઠેકાણે પ્રતીત્યસમુત્પાદને ' અચિન્ત્ય ' કહે છે. એ દૃષ્ટિએ, શ્ચે૦ નોંધે છે તેમ, વસ્તુ સજાતીય કે વિજાતીય એમ ઉભય પ્રકારની ક્ષણસંતતિ જન્માવવાની શક્તિ ધરાવે છે. વળી કારણ કાર્ય ત્રીજી ક્ષણે જન્માવે છે એ ભાવાર્થનો त्रिक्षणपरिणामवाद પણ અહીં સ્વીકારાયો છે. પ્રથમ ક્ષણે કારણવિશેષનું અન્ય કારણઘટકોની નિકટ આગમન, દ્વિતીય ક્ષણે એ કારણઘટકોમાં પેલા કારણવિશેષ દ્વારા વિકારાધાન અને તૃતીય ક્ષણે પૂર્વસંતતિના નિવર્તનની સિદ્ધિની સાથે જ નવસંતતિ એટલે કે કાર્યસંતતિનો આરંભ – આ ક્રમ કલ્પાયો છે.

3 : અહીં ઉક્ત ત્રિક્ષણપરિણામવાદનું ટૂંકું વર્ણન કર્યું છે. અહીં એક પ્રશ્ન થાય : જો આ વિરોધને सहानवस्थानविरोध કહેવામાં આવતો હોય તો પ્રથમ બે ક્ષણે અંધકારાદિની ક્ષણો અવસ્થિત હોય છે ત્યારે પ્રકાશાદિની ક્ષણો ક્યા રૂપે હોય છે ? શ્ચે૦ નોંધમાં ઉલ્લેખે છે તેમ આ બે ક્ષણો દરમિયાન પ્રકાશક્ષણો ગુપ્ત ( latent ) રીતે પ્રવર્તે છે. આ જ વાત સહેજ જુદી રીતે દુર્વેક કહે છે કે આ વખતે પણ પ્રકાશક્ષણોનું નિકટાવસ્થાન તો અપરિહાર્ય જ છે ( निकटावस्थानं तु न परिहर्तव्यमिति बुद्धिस्थम् । ). એટલે આ બે વાતોને જોડીને કહી શકાય કે પ્રથમ બે ક્ષણોમાં પ્રકાશાદિની ક્ષણસંતતિ અંધકારાદિની નિકટ જ ગુપ્ત રીતે પ્રવર્તે છે અને પોતાની કિંચિત્કરતા સિદ્ધ કરે છે. એટલે કે આ બે ક્ષણો સંક્રમણમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વપરાય છે. ( આ પ્રશ્નનો ઉત્તર આગળ આ સૂત્રની ટીકાના ખંડ 6માં પણ આપવાનો પ્રયત્ન જણાય છે. જુઓ એને લગતી આગળ આવનારી ટિપ્પણ.) કારણની આગમનક્ષણ, પ્રભાવક્ષણ અને ફલક્ષણ – આ ક્રમ અચાનક બનતા લાગતા બનાવોમાં પણ અનિવાર્ય મનાયો છે. આવી ક્રમિકતા વૈશેષિક આદિ અન્ય પરંપરાઓમાં પણ રૂપાંતરે સ્વીકારાયેલી છે.

5–6 : આ બંને ખંડો કયા મુદ્દાને ઉપસાવવા માટે રચાયા છે તે વિચારણીય છે. દુર્વેક, શ્ચેરબાટ્સ્કી, શ્રીનિવાસશાસ્ત્રી આદિ અભ્યાસીઓ પ્રકાશના પ્રવર્તનના બે પ્રકારોના સંદર્ભમાં આ અંધકારનાશની પ્રક્રિયા શી ભિન્નતા ધરાવે છે તેનું નિરૂપણ આ બે ખંડોમાં જુએ છે : ખંડ 5માં નિશ્ચિત દિશામાં ક્રમશઃ ગતિ કરતા પ્રકાશની પ્રવર્તનપ્રક્રિયાનું અને ખંડ 6માં એકદમ ચોપાસ અંધકાર દૂર કરતા એકદેશસ્થિત પ્રકાશની પ્રવર્તનપ્રક્રિયાનું વર્ણન. દુ૰ અહીં ભૂમિકા બાંધતાં કહે છે : इह कश्चिन्निवर्तक आलोको यामेव दिशमाक्रामति तद्दिग्वर्तिनमेव स्वविरुद्धं गतिक्रमेणैव निवर्तयति । कश्चित्पुनर्विरुद्धावष्टब्धदेशे समुत्पन्नमात्र एवानेकदिग्वर्तिनं विरुद्धं झटिति निवर्तयति । तत्र न ज्ञायते कस्य कथं किञ्चित्करतया निवर्तकत्वमित्याह... । ( અર્થ : અહીં કોઈક અંધકારનિવર્તક પ્રકાશ જે દિશામાં ગતિ કરે તે દિશામાં રહેલા સ્વવિરુદ્ધ અંધકારને જ ગતિક્રમ પ્રમાણે જ નિવારે છે, તો વળી કોઈક પ્રકાશ વિરુદ્ધ એવા અંધકારથી ભરેલા પ્રદેશમાં ઉત્પન્ન થતા વેંત જ અનેક દિશાઓમાં રહેલા વિરોધી અંધકારને ઝટ નિવારે છે. તો હવે એ ખબર પડતી નથી કે આમાંનો કયો પ્રકાશ કેવી રીતે અંધકાર પર કશી ક્રિયા દ્વારા તેને નિવારે છે – એવા પ્રશ્નને ધ્યાનમાં લઈને કહે છે ..) મલ્લવાદી પણ સંભવતઃ આવો આશય જુએ છે.

આ જાતનો આ ખંડોનો આશય સ્વીકારવામાં નીચેના પ્રશ્નોનો સંતોષકારક જવાબ મળતો નથી : (૧) પ્રકાશમાત્ર સ્થિતિશીલ ન હોતાં ગતિશીલ જ હોય છે તે દૃષ્ટિએ પ્રકાશના આવા બે ભેદો કલ્પવા ન્યાય્ય છે ? (૨) વળી કોઈ પ્રકાશ ધીમે ફેલાય ને કોઈ ઝટ ફેલાય એવો ભેદ પણ અનુભવાશ્રિત નથી. પ્રકાશ નિશ્ચિત ગતિએ આગળ વધે છે એવું આજના વિજ્ઞાને તો સ્થાપિત કરેલું જ છે. એ વાતની પ્રાચીન ભારતીયોને પણ ખબર હોવી જોઈએ. (૩) એક દિશામાં ગતિ કરનારો પ્રકાશ અને અનેક દિશામાં ગતિ કરનારો પ્રકાશ — એવા ભેદો પણ વિજ્ઞાનસ્વીકૃત છે ! ખરેખર તો કોઈ પણ પ્રકાશ દરેક દિશામાં સાથે જ ગતિ કરે છે અને દરેક દિશામાં સીધી લીટીએ ગતિ કરે છે. શ્ચે૰ એક દિશામાં પ્રવર્તતા પ્રકાશના ઉદાહરણરૂપે બેટરીનો પ્રકાશ અને અનેક દિશામાં પ્રવર્તતા પ્રકાશના ઉદાહરણરૂપે દીવાનો પ્રકાશ ઉલ્લેખે છે તે યોગ્ય છે ? બેટરીનો પ્રકાશ માત્ર ગોળા સાથેના આવરણને વશ થઈને જ એક દિશામાં જતો દેખાય છે. બાકી તે પણ દીવા જેવો જ સર્વદિગ્ગામી પ્રકાશ છે. (૪) એવા બે પ્રકારના પ્રકાશોના પ્રવર્તનમાં એવી કઈ ભિન્નતા છે કે જેથી ખંડ 4માં પ્રકાશમાત્રને લાગુ પડતી પ્રવર્તનક્રિયા વર્ણવ્યા બાદ તથાકથિત બે પ્રકારોની પ્રક્રિયા વળી પાછી જુદી જુદી વર્ણવવી પડે ? બંનેમાં તૃતીય ક્ષણે પ્રકાશ દ્વારા અંધકારનું નિવર્તન તો સામાન્યભાવે સ્વીકારવું જ પડશે. (૫) આવા બે પ્રકારના પ્રકાશના વાચક એવા સ્પષ્ટ શબ્દો આ બે ખંડોની અગાઉ કે આ ખંડમાં પણ કયા ગણાય ? ધર્મોત્તર તો બહુ વિશદ નિરૂપણ કરનાર શાસ્ત્રકાર છે. ખંડ 5માં आलोको गतिधर्मा એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવા દ્વારા શું ગતિશીલ – આલોક – રૂપ એક પ્રકાર સૂચવાયેલ માનવો ઠીક છે ? તો ખંડ 6માં ગતિધર્માથી સ્પષ્ટપણે વિરુદ્ધ એવો સ્થિતિધર્મા કે એવો કોઈ શબ્દ વાપર્યો હોત; પણ એમ થયું નથી. અલબત્ત, તત્રૈવ जन्यते શબ્દોથી ગતિધર્માથી વિરુદ્ધ પ્રકારનો પ્રકાશ સૂચવાયાનું ઉક્ત અભ્યાસીઓ સમજ્યા જણાય છે. પણ તો યે ઉપર કહેલા પ્રથમ બે પ્રશ્નો તો ઊભા જ રહેશે. વસ્તુતઃ તો દરેક પ્રકાશને માટે ગતિધર્મા વિશેષણ વાપર્યું જણાય છે. આગળ ખંડ 9ને આરંભે પણ ગતિધર્મા વિશેષણ વાપરેલું જ છે. જો એ સ્થિતિધર્માથી વિરુદ્ધ પ્રકાર સૂચવવા વાપર્યું હોત તો એ ખંડમાં પણ એ બીજા પ્રકારની ચર્ચા જુદી હોત; પણ એમ નથી.

ઉક્ત ખંડોના અભ્યાસીઓના ઉક્ત અર્થઘટન સંબંધે ઉપર્યુક્ત મુશ્કેલીઓ જોતાં આ ખંડોની ચરિતાર્થતા શી તેનો નવેસરથી વિચાર જરૂરી છે.

આ અગાઉના બે ખંડોમાં પ્રકાશાદિ એ અંધકારાદિના નિવર્તક કયા ક્રમે બને છે તે સ્પષ્ટ કરાયું છે. એ પ્રક્રિયાનાં જ કેટલાંક પાસાં અંગેની સ્પષ્ટતા ખંડ 5, 6 માં થયેલી જણાય છે.

અગાઉના ખંડમાં એક પ્રદેશવિશેષમાં જ અંધકારને પ્રકાશ કઈ રીતે દૂર કરે છે તેટલું જ જણાવેલું છે. ખંડ 5માં પ્રકાશ કોઇ સ્થળવિશેષના વિવિધ પ્રદેશોમાં કયે ક્રમે અંધકારનિવૃત્તિ કરે છે તે સ્પષ્ટ કરાયું છે. પ્રકાશ જેમ એક નિયત પ્રદેશમાં પોતાની ક્ષણસંતતિ પ્રવર્તાવે છે તેમ નિકટના અન્ય પ્રદેશોમાં પણ પ્રકાશની ક્ષણસંતતિઓ ક્રમશઃ જન્માવે છે, એમ પ્રકાશ કાળમાં અને સ્થળમાં એમ ઉભય રીતે વિસ્તરે છે. એટલે આ ખંડમાં ખાસ એ કહેવાયું છે કે એક પ્રદેશવિશેષમાં ઉત્પન્ન થયેલો પ્રકાશ પોતાના નિકટના અવ્યવહિત પ્રદેશોમાં પણ એકસાથે નહિ, પણ ક્રમશઃ પ્રકાશ ફેલાવે છે – ભલે આપણી સામાન્ય અનુભવશક્તિથી એ કાળભેદનું ગ્રહણ થતું ન હોય. એ પ્રકાશનો એ દૈશિક વિસ્તાર પણ ઉક્ત ત્રિક્ષણપરિણામના ક્રમે જ થાય છે એ સ્પષ્ટ કરાયું છે.

ખંડ 6ની શબ્દાવલી થોડીક પાંખી હોવાથી એનો આશય પકડવો કંઈક કઠિન છે. છતાં એકંદર ચર્ચાનો પથરાટ જોતાં આમાં અગાઉ ખંડ 3ની ટિપ્પણમાં નિર્દેશ્યા મુજબ એ પ્રશ્નનો ખુલાસો કરાયો લાગે છે કે અંધકારના પ્રદેશમાં જ પ્રકાશ ઉત્પન્ન કરાય છે ત્યારે પ્રથમ બે ક્ષણે એ પ્રકાશ અંધકારના નિવર્તનમાં સફળ થતો નથી, તેથી નિવર્તક કે વિરુદ્ધ કયે આધારે કહેવાય. આના ઉત્તરમાં અહીં અગાઉની ત્રિક્ષણપરિણામવાળી પ્રક્રિયાની જ કેટલીક વિગત ખેવડાવી વધારામાં એમ કહેવાયું છે કે વ્યક્ત રીતે પ્રથમ બે ક્ષણોમાં પ્રકાશ અંધકારનું નિવર્તન ન કરતો હોવા છતાં નિવર્તનસમર્થ તો બની રહ્યો જ છે – એ રીતે : (૧) પોતે તે જ પ્રદેશમાં પ્રવર્તનાર પ્રકાશને જન્મ આપે તેવી અન્ય પ્રકાશક્ષણને જન્મ આપે છે. (૨) પોતે અન્ય અંધકારક્ષણને જન્મ આપવા અસમર્થ એવી પછીની અંધકારક્ષણને જન્મ આપે છે, એટલે કે જન્મવા દે છે. આ રીતે યોગ્યતા કિંવા ગુપ્તશક્તિની દૃષ્ટિએ આ બે ક્ષણે ગુપ્ત રહેનાર પ્રકાશક્ષણને પણ અંધકારની નિવર્તક ક્ષણ કહી શકાય. ટૂંકમાં, આ બે ક્ષણમાં પ્રકાશક્ષણ એના અંધકારક્ષણ પરત્વેના કિંચિત્કરત્વને આધારે નિવર્તક કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પછી ખંડ 7માં આખી ચર્ચાના નિષ્કર્ષરૂપે વિરુદ્ધનિવર્તનની પ્રક્રિયામાં ક્રમ-સે-ક્રમ તૃતીય ક્ષણ સુધી તો ઇષ્ટ ફળ માટે રાહ જોવી તાર્કિક રીતે અનિવાર્ય છે એ વાત ભારપૂર્વક કહેવાઈ છે.

9 : દીવાનો પ્રકાશ ઓરડામાં હંમેશા સર્વત્ર ન ફેલાતાં અમુક હદ સુધી જ ફેલાય છે, તેમ જ ખુદ દીવા તળે પણ અંધકાર હોય છે એનો ખુલાસો અહીં કરાયો છે. ખંડ 5માં પ્રકાશનો જે ક્રમિક દૈશિક પ્રસાર વર્ણવ્યો છે એની મર્યાદા અહીં બતાવાઈ છે. પ્રકાશ પોતાની નિકટના અંધકારને જ દૂર કરી શકે એમ કહ્યું એનો અર્થ એ નહિ કે નિકટના અંધકારને દૂર કરે જ. એ સ્થિતિમાં તો આખા ત્રૈલોક્યમાંથી અંધકાર નાબૂદ થાય. એટલે જે દિશામાં પ્રકાશની ગતિ કરવાની શક્તિ એક યા બીજા કારણે ન હોય તે દિશાના કે પ્રદેશના નિકટ-સ્થિત અંધકારને પણ પ્રકાશ દૂર નહિ કરે એમ અહીં કહેવાયું છે.

11 : ધ૦પ્ર૦ અને 'તાત્પર્યનિબન્ધન' ટીકા મુજબ પૂર્વપક્ષી તે ન્યા૦બિ૦ પર ટીકા લખનાર શાન્તભદ્ર ઇત્યાદિ પૂર્વ ગ્રંથકારો છે.

એ પૂર્વપક્ષીઓના અને ધર્મોત્તરના મંતવ્ય વચ્ચે થોડુંક જ અંતર હોય એમ આ ચર્ચા પરથી લાગે છે. બંને પક્ષો એટલું તો સ્વીકારે છે કે અંધકારક્ષણ અને તે પછી પ્રવર્તનાર પ્રકાશક્ષણ વચ્ચે વિરોધ નથી, જન્યજનકભાવ જ છે. છતાં પ્રકાશક્ષણસમૂહના આરંભના અન્વયે અંધકારક્ષણસમૂહની નિવૃત્તિ થતી હોવાથી ધર્મોત્તર બે સંતતિ વચ્ચેના વિરોધને વાસ્તવિક માને છે, જ્યારે શાન્તભદ્રાદિ તેને કાલ્પનિક જ માને છે ને માટે જ આચાર્યે સૂત્રમાં विरोधगति: ( = વિરોધવ્યવહાર ) શબ્દ વાપર્યો છે એમ કહે છે. લોકમાં એ 'વિરોધ' કહેવાય છે એટલું જ, વાસ્તવમાં વિરોધ છે જ નહિ એવું એમાંથી સૂચવાય છે. ધ૦પ્ર૦માં પૂર્વપક્ષનું જે અવતરણ આપ્યું છે તેમાં આમ કહ્યું છે : "પ્રકાશાદિને પૂર્વે ઉત્પન્ન થયેલા અંધકારાદિ સાથે વિરોધ ન હોઈ શકે; કારણ કે તે અંધકારાદિ પૂર્વોત્પન્ન હોઈ પ્રકાશાદિની ક્ષણે ભૂતકાળગ્રસ્ત છે. વળી પ્રકાશાદિનો હવે પછી ઉત્પન્ન થનારા અંધકાર સાથે ય વિરોધ ન સંભવે; કારણ કે તે અનાગત હોઈ પ્રકાશાદિની પૂર્વક્ષણ પ્રત્યે અસત્ છે. વળી પ્રકાશનો [ દ્વિતીય ક્ષણભાવી ] વર્તમાન અંધકાર સાથે ય વિરોધ નથી; કારણ કે એ અંધકારક્ષણ તો [ નિકટસ્થિત ] પૂર્વપ્રકાશક્ષણમાંથી જન્મે છે; નિવૃત્તિ પામતી નથી. આમ જે બે વચ્ચે વિરોધ માની શકીએ તે બે કદી સહાવસ્થિત ન હોવાથી વિરોધ સંબંધ કે જે 'દ્વિષ્ઠ' અર્થાત્ બે વચ્ચે સંભવે, તે શક્ય બનશે નહિ."

ધર્મોત્તર વિરોધ દ્વિષ્ઠ નથી તેમ તો કબૂલે જ છે, પરંતુ ઉમેરે છે કે કાર્યકારણભાવ જેટલે અંશે વાસ્તવિક માનીએ તેટલે અંશે તો વિરોધને પણ વાસ્તવિક માનવો જ રહ્યો.

અહીં ધર્મોત્તરનો પૂર્વપક્ષી સાથેનો વિરોધ તાત્ત્વિક નહિ પણ શાબ્દિક જ લાગે છે.

## સૂત્ર ૭૫ :

3 : 'यथा च नीलं ... पीतादिकमपीति ।' : વ્યાકરણદૃષ્ટિએ આ વાક્યમાં પરિહરણ-ક્રિયાનું કર્મ स्वाभाव છે તેમ अभावाव्यभिचारि पीतादिक પણ છે. આ સરળ અન્વયને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલે શ્ચેરબાટ્સ્કીએ यथा અને तद्वद् વાળા વાક્યના કર્તા ભિન્ન — અનુક્રમે नील અને पीतादिकने ગણીને ' परिहरति ' એ ક્રિયાપદની અનુવૃત્તિ ઉત્તરાર્ધમાં ન કરતાં ' अभावाव्यभिचारि 'માં ક્રિયાપદ ગર્ભિત માન્યું છે. આવી રચના સ્વીકારી હોઈને તેઓ નોંધમાં કહે છે કે ' अभावाव्यभिचारि ' પદમાં [ પૂર્વાર્ધમાં આવતું ] ' स्वाभाव ' પદ આગળ ઉમેરીને ( અર્થાત્ ' स्वाभावाव्यभिचारि એવું પદ ગણીને ) અર્થ લેવો. આવી વાક્યરચનાની કલ્પના અત્યંત ક્લિષ્ટ હોઈ મૂળ લેખકને અભિપ્રેત હોય તેમ માની શકાતું નથી.

4 : આ અને આ પછીના ખંડમાં વાપરેલા नियताकार અને अनियताकार એ સમાસોનો વિગ્રહ સમગ્ર આશયને ધ્યાનમાં લઈને કઇ રીતે કરવો તે વિચારણીય છે. દુર્વેક આ અંગે પોતાનું મંતવ્ય યુક્તિપૂર્વક આપવા પ્રયત્ન કર્યો છે, જો કે તેઓ પોતાના આ વિગતે અપાયેલા મંતવ્ય બાબત કંઈક દ્વિધાયુક્ત હોઈ પાછળથી બીજો વિગ્રહ પણ સૂચવીને તે મુજબ આખા વિભાગને જુદી રીતે ઘટાવવાની દિશા પણ ચીંધે છે. તેમનો પ્રથમ મત આ સમાસને ષષ્ઠી-તત્પુરુષ સમાસ લેવો તે પ્રકારનો છે. આના ટેકામાં તેઓ ધર્મોત્તરના ' क्षणिकत्वं हि सर्वेषां नीलादिनां स्वरूपात्मकम् ' — એ વાક્યને ટાંકે છે. આપણા અનુવાદમાં આ મતનું અનુસરણ કરાયું છે. પાછળથી દુર્વેક આને બહુવ્રીહિ લઈને પણ સમગ્ર ખંડ ઘટાવી શકાય તેમ ટૂંકમાં ઉમેરે છે. આગળ પ્રત્યક્ષપરિચ્છેદમાં नियतप्रतिभास વગેરે સમાસો ધર્મોત્તરે બહુવ્રીહિ તરીકે પ્રયોજ્યા છે તે જોતાં અહીં પણ બહુવ્રીહિ અભિપ્રેત હોવા સંભવ છે. બંને રીતે લેતાં છેવટનો અર્થ તો અભિન્ન જ રહે છે. અલબત્ત, આ સમાસને જુદી જુદી રીતે ઘટાવતાં તેમાંનાં પદોના અર્થો થોડાક બદલવા પડે છે : (૧) नियतानाम् आकारः એમ ષ૦ત૦ લેતાં ' नियत ' પદથી ' પરિચ્છિન્ન વસ્તુઓ ' એવો દ્રવ્યાત્મક અર્થ લેવો પડે. (૨) नियतः आकार यस्य એમ બહુવ્રીહિ લેતાં ' नियत ' પદ ' પરિચ્છિન્ન ' અર્થમાં ' आकारः ' એ પદનું વિશેષણ બને છે. બંનેમાં ' आकार ' શબ્દ તો ' સ્વરૂપ ' કિંવા ' સ્વભાવ ' અર્થ જ સૂચવશે.

આ ખંડના વક્તવ્યનો ખ્યાલ કરીએ. કેટલાક પદાર્થો એવા હોય છે કે જેમનું લક્ષણ કે સ્વરૂપ નિયત હોતું નથી, તેથી તેમના અભાવની પ્રતીતિ ક્યાંય થતી નથી. આના ઉદાહરણ તરીકે क्षणिकत्व નિર્દેશ્યું છે. અહીં ' क्षणिकत्व ' પદ નૈયાયિકમાન્ય ' ક્ષણિક પદાર્થોની જાતિ ' એવા અર્થમાં ન લઈ શકાય, ' ક્ષણિક એવા પદાર્થ 'નું જ વાચક ગણવું પડે. આ રીતે જોતાં क्षणिकत्व તે જગતના સર્વ પદાર્થોના સ્વરૂપથી અભિન્ન છે; બૌદ્ધ મતે દરેક પદાર્થની સંવિત્‌માં ક્ષણિકત્વની સંવિત્ અનુસ્યૂત છે, અપૃથક્ છે. આથી ક્યાંય ક્ષણિકત્વાભાવની પ્રતીતિ નહિ થાય. માટે ક્ષણિકત્વ એ જગતના સર્વ પદાર્થથી અવિરુદ્ધ જ ઠરશે. ધર્મોત્તરે અહીં બૌદ્ધ કલ્પનાનું ક્ષણિકત્વ ઉદાહરણાર્થ નિર્દેશ્યું છે. ( અહી क्षणिकत्वનો અર્થ શ્ચે૦ ' સ્વલક્ષણ ' લઈને કહે છે કે ' સ્વલક્ષણ ' એ અગાઉ ભલે नियतप्रतिभास કહેવાયું, પણ અહીં ' નિયતત્વ 'ના વ્યવહારુ ખ્યાલને લીધે अनियताकार ગણાયું છે. માટે એના અભાવનું ભાન પણ અન્યત્ર થવું શક્ય નથી. આવો અર્થ સાધાર છે ? ) આવો જ સર્વત્ર અવ્યભિચારી પદાર્થ ન્યાય-વૈશેષિકો માટે ज्ञेयत्व કે अभिधेयत्वરૂપ હોવાનું કહી શકાય. આપણી સર્વ સંવિત્‌માં અનુસ્યૂત જ હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો પદાર્થ કયો એ અંગે મતભેદ હોઈ શકે, પણ વિભિન્ન વાદીઓ આવા પદાર્થના અસ્તિત્વને તો કબૂલશે જ; દા.ત. વેદાંતીઓ બ્રહ્મને આવો પદાર્થ લેખશે.

5 : દૃષ્ટ કે કલ્પિત રૂપ અન્યત્ર અસત્ પ્રતીત થતું હોય છે. એ વિધાનમાં 'કલ્પિત' એટલે કલ્પનાથી માનેલ.

આ ખંડમાં નિત્યત્વનો ઉલ્લેખ અન્ય વાદીના અનુરોધથી કરાયેલો જણાય છે. વૈશેષિકાદિ–મતે આકાશાદિ નિત્ય છે. તેમની નિત્યતા અનુમેય કે આગમસિદ્ધ છે; પ્રત્યક્ષસિદ્ધ નહિ. આમ પિશાચની જેમ નિત્ય પદાર્થ પણ આગમસિદ્ધ હોઈ કલ્પનાજ્ઞાત (= કલ્પિત) પદાર્થ છે, ને તે પણ પિશાચની જેમ નિયતાકાર છે; કારણ કે સર્વ પદાર્થ નિત્ય નથી.

6, 7 : આ આખી ચર્ચાની પાર્શ્વભૂમાં બૌદ્ધ અપોહવાદ જણાય છે. એ મુજબ કોઈ પણ પદાર્થનો ખ્યાલ અનેક ભાવોની વ્યાવૃત્તિથી જ બનેલો હોય છે. વૈશેષિકોના જાતિવાદની સામે આ અપોહવાદ ખડો છે. બૌદ્ધો જાતિરૂપ સ્વતંત્ર ભાવાત્મક પદાર્થ સ્વીકારતા નથી. એ જાતિ એટલે બૌદ્ધમતે અનેક વિસદશ ભાવોનો અભાવ. વસ્તુ તત્ત્વત: અનભિલાપ્ય છે. પરંતુ જ્ઞાતા ઉપસ્થિત પદાર્થને પૂર્વગૃહીત પદાર્થો વચ્ચે મૂકીને અન્યવ્યાવૃત્તિથી તેનું આકલન કરે છે. આવા આકલન પાછળ જ્ઞાતાની 'વાસના' પણ કારણભૂત હોય છે.

આ બંને ખંડોમાં આ પ્રકારના વિરોધની કલ્પનાની સાર્થકતા સમજાવાઈ છે. કોઈ પણ પદાર્થના લક્ષણસ્થાપનના ઉદ્દેશ્યથી આ પ્રકારના વિરોધની કલ્પના ઉદય પામે છે. કોઈ પણ પદાર્થની વિભાવના ત્રૈલોક્યના અન્ય સર્વ પદાર્થની વ્યાવૃત્તિ પર આધારિત છે. એ વ્યાવૃત્તિ દશ્યાનુપલબ્ધિથી સિદ્ધ થાય છે. એ ન્યાયે દશ્ય પદાર્થ વિષે અદશ્ય પદાર્થની વ્યાવૃત્તિ પણ દશ્યાનુપલબ્ધિથી સિદ્ધ થાય છે; તે આમ : જો અન્ય અદશ્ય પદાર્થ પ્રસ્તુત દશ્ય પદાર્થથી અભિન્ન હોત તો પ્રસ્તુત પદાર્થ દશ્ય તરીકે અનુભવાત નહિ, પરંતુ તે તો દશ્ય તરીકે અનુભવાય છે. માટે તે પેલા અદશ્ય પદાર્થથી ભિન્ન છે.

સૂત્ર ૭૬ :

2 : વક્તૃત્વના પરિહારથી સર્વજ્ઞત્વ હોય તો પણ શું કાષ્ઠાદિને સર્વજ્ઞ કહેવાનો પ્રસંગ આવે ? અથવા તેથી ઊલટી સ્થિતિમાં શું કાષ્ઠાદિને વક્તા કહેવાનો પ્રસંગ આવે ? ધર્મોત્તરની વાત સ્વીકાર્ય જણાતી નથી. બે ભાવો સમાન રીતે એક ત્રીજા ભાવના પરિહારથી અવસ્થિત હોય તેટલા–માત્રથી સમાન કહી શકાય નહિ. નીલ અને પીત એ બંને રક્તના પરિહારથી અવસ્થિત હોવા છતાં પરસ્પર અભિન્ન સિદ્ધ થતાં નથી. ધર્મોત્તરની આ રજૂઆતમાં કશી અસ્ખલત જણાય છે. કોઈ પણ વસ્તુ પોતાના અભાવના અવ્યભિચારી અનેક ભાવોના પરિહારથી સ્થિતરૂપ હોય છે, માત્ર એકાદ ભાવના પરિહારથી નહિ. એટલે જ્યાં સુધી બે વસ્તુના બધા પરિહાર્ય ભાવો સરખા ન હોય ત્યાં સુધી તેમને સમ માનવાનું આવી પડતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૮૧ :

આ સૂત્રની અવતરણિકામાંના एकैकरूपादिसिद्धिसन्देहे પદમાં आदि પદ વ્યર્થ જણાય છે. શ્રીનિવાસશાસ્ત્રી પણ આ વાત નોંધે છે. ( જુઓ न्या०बि० : श्रीनि० પૃ० ૨૬૬. )

સૂત્ર ૮૩ :

प्रयत्नानन्तरीयक શબ્દના પ્રસિદ્ધ અર્થ ( प्रयत्नानन्तरं जन्म ) ઉપરાંત બીજો અપ્રસિદ્ધ અર્થ ( प्रयत्नानन्तरं ज्ञानं ) અહીં આપીને આ સૂત્રમાં તે બીજો અર્થ અભિપ્રેત હોવાનું ધર્મોત્તર માને છે. એ અર્થમાં નિત્યત્વની સિદ્ધિ માટે પ્રયત્નાનન્તરીયકત્વ એ આભાસી કાર્યહેતુ તરીકે સૂત્રકારને અભિપ્રેત હોવાનું ધર્મોત્તર કહે છે. કૃતકત્વ એ એક હેતુ આપ્યો, છતાં બીજો પ્રયત્નાનન્તરીયકત્વરૂપ હેતુ આપ્યો તો તે પાછળ કારણ હોવું જોઇએ એવો તર્ક કરીને પ્રથમ હેતુ તે સ્વભાવહેતુ હોઈ દ્વિતીય હેતુ એ અન્ય પ્રકારનો એટલે કે કાર્યહેતુ હોઈ અપાયો છે એવી ધર્મોત્તરની રજૂઆત છે. આ માટે એમણે ' प्रयत्नानन्तरीयक ' શબ્દનો જે અન્ય અર્થ આપ્યો છે તેની યોગ્યાયોગ્યતા વિચારવા જેવી છે. શ્ચે૦ મુજબ અહીં બૌદ્ધ દષ્ટિએ પ્રયત્નથી જેતું જ્ઞાન થાય તે અનિત્ય એટલે કે ક્ષણિક જ હોવું જોઈએ – એ ન્યાયે નિત્યત્વની સિદ્ધિ માટે પ્રયત્નાનન્તરીયકત્વ એ વિરુદ્ધ હેતુ ઠરશે. આવી સમજૂતી કેટલે અંશે આધાર છે તે વિચારણીય છે.

ધર્મોત્તરનો આ અજાણ્યો અર્થ સૂચવવાનો પ્રયત્ન દુર્વેકમિશ્રને પણ ખૂંચ્યો છે. ધર્મોત્તરના આશયને સમજાવવા એમણે શરૂઆતમાં પ્રયત્ન કર્યો છે. પણ પછી ' આચાર્ય '– ( = ધર્મકીર્તિ )ને અહીં શું અભિપ્રેત હોઈ શકે એનો સ્વતંત્ર વિચાર કરતાં તેઓ પોતાનો જુદો મત સ્પષ્ટપણે રજૂ કરે છે. એમની દષ્ટિએ ' પ્રયત્નાન્તરીયકત્વ ' શબ્દ અહીં પણ ' પ્રયત્ન બાદ જન્મ ' એ પ્રસિદ્ધ અર્થમાં જ છે. ઉદાહરણરૂપે બે હેતુ આપવા પાછળનો આશય તેમની મુજબ આવો છે : તેઓ વિરુદ્ધ હેતુનું ઉદાહરણ આપે છે, એથી સપક્ષમાં ક્યાંય ન હોય અને વિપક્ષમાં હોય તેવો હેતુ આપવો જોઈએ. હવે આવો હેતુ સપક્ષમાં તો ક્યાંય ન જ હોય એ વાત કબૂલ, પણ વિપક્ષમાં સર્વત્ર જ હોવો જોઈએ તે જરૂરી નથી. એટલે કે વિપક્ષવ્યાપી ( = વિપક્ષના સર્વદેશને વ્યાપનારો ) હોવો જરૂરી નથી. વિપક્ષના એકદેશમાં હોય તે પર્યાપ્ત છે. આ બતાવવા બે ઉદાહરણ આપ્યાં છે – જેમાં કૃતકત્વ એ વિપક્ષવ્યાપી હેતુ છે ને પ્રયત્નાનન્તરીયકત્વ તે વિપક્ષાવ્યાપી ( = વિપક્ષના એકદેશમાં જ હોનારો ) હેતુ છે. આમ તેમને મતે આ બંને સ્વભાવહેતુઓ જ છે, પણ વિપક્ષમાં વ્યાપની દષ્ટિએ જ તેમાં ભિન્નતા છે. તેઓ ધર્મોત્તરના અર્થઘટનનો વિરોધ કરતાં કહે છે કે જો બે હેતુઓ હેતુના બે પ્રકારોનું ઉદાહરણ પૂરું પાડવા આપ્યા માનીએ તો હેતુનો અનુપલબ્ધિરૂપ ત્રીજો પ્રકાર ઉદાહરણમાંથી બાકાત રાખવાનું પ્રયોજન સમજાવવું પડે. છેવટે દુ૦ પોતાની લાક્ષણિક શૈલીમાં કહે છે : एवं धर्मोत्तरेण कथं न व्याख्यातमिति न प्रतीमः ।

અહીં ધર્મોત્તરના પક્ષમાં એક હકીકત નોંધવી જોઇએ કે દિઙ્નાગે ( हेतुचक्रमां ) વિરુદ્ધ હેત્વાભાસના બીજા ઉદાહરણ તરીકે ધર્મકીર્તિમાં મળતા ઉદાહરણને સહેજ જ જુદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે આમ આપ્યું છે : शब्दो नित्यः । प्रयत्नानन्तरीयकज्ञानोत्पादनात् । શું ધર્મોત્તરના અર્થ-ઘટન પાછળ કોઈ પરંપરાનું પીઠબળ હશે ?

**સૂત્ર ૮૭ :**

1 : परोऽर्थः प्रयोजनं परार्थः प्रयोजकः... ઇત્યાદિ વાક્યમાં ' परार्थ ' એ ત્રીજું પદ વ્યર્થ જણાય છે. ભાષાંતરમાં એ શબ્દ ધ્યાનમાં લેવાયો નથી.

**સૂત્ર ૯૬ :**

વિપક્ષવ્યાવૃત્તિનાં અસિદ્ધિ કે સંદેહથી અનૈકાન્તિક હેત્વાભાસ સંભવે તે ઉપરાંત સ-પક્ષસત્ત્વ અને વિપક્ષવ્યાવૃત્તિ – એ બંનેના સંદેહથી પણ અનૈકાન્તિક હેત્વાભાસ સંભવે તે આ સૂત્રનું કથયિતવ્ય છે.

**સૂત્ર ૯૭ :**

આમાંની આત્મસિદ્ધિ કરનારી દલીલ વૈશેષિકસૂત્ર ૩.૨.૪ ( प्राणापाननिमेषोन्मेषजीवनमनोगतीन्द्रियान्तरविकाराः सुखदुःखेच्छाप्रयत्नाश्चात्मनो लिङ्गानि । ) માં આવે છે. દિઙ્નાગે તેને હેત્વાભાસ કહ્યો છે, જ્યારે ઉદ્યોતકર તેને કેવલવ્યતિરેકી પ્રકારનો સદ્હેતુ કહે છે. બૌદ્ધ દૃષ્ટિએ કેવલવ્યતિરેકી હેતુ અસત્ છે. અસાધારણ અનૈકાન્તિક હેત્વાભાસ ન્યાયપરંપરામાં પણ સ્વીકૃત છે. સામાન્યતઃ એમાં અપાતાં પ્રસિદ્ધ ઉદાહરણો ( ' શબ્દ નિત્ય છે ; કારણ કે તેમાં શબ્દત્વ છે ' ઇ૦ ) માં હેતુ નિશ્ચયે સપક્ષવિપક્ષવ્યાવૃત્ત હોય છે. અહીં આપેલું ઉદાહરણ એથી થોડું ભિન્ન છે અહીં સાત્મકત્વરૂપી સાધ્ય પોતે જ સંદિગ્ધ સ્વરૂપનું હોઈ નિશ્ચિતસાધ્યવાન્ એવું વિપક્ષ કયું કે નિશ્ચિતસાધ્યાભાવવાન્ એવું વિપક્ષ કયું એ નક્કી કરવું મુશ્કેલ છે. આમ અહીં હેતુનું સપક્ષસત્ત્વ કે વિપક્ષાસત્ત્વ સંદિગ્ધ છે. આમ હેતુની ઉભયવ્યાવૃત્તિ અંગે નિશ્ચય નહિ પણ સંશય છે – એમ સૂત્રકારનું કહેવું જણાય છે. જો કે આની સામે આપણે કહી શકીએ કે અહીં ભલે સપક્ષ અને અસપક્ષ કયા તે અંગે સંશય હોય, પરંતુ હેતુ કેવળ પક્ષવ્યાપી હોઈને અન્યત્ર તેની અસત્તા તો નિશ્ચિત જ છે. તેથી અહીં सपक्षे सत्त्व એ એક રૂપની અસિદ્ધિથી જ અસાધારણ હેત્વાભાસ સંભવે છે એમ કહેવું જોઈએ.

આ સૂત્રની ટીકામાં ધર્મોત્તરે સૂત્રગત ઉદાહરણનું વિવેચન કર્યું નથી; કારણ કે એનું વિવેચન પછીના સૂત્રમાં આવે છે. પરંતુ અનૈકાન્તિક હેત્વાભાસમાં સર્વત્ર સંશય એ ફલ હોઈ તેના ' અસાધારણ ' નામના પ્રકારમાં પણ તે ફલ છે જ એમ પ્રતિ-પાદિત કરવા પ્રયત્ન કર્યો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં દુર્વેક નોંધે છે કે 'અસાધારણ અનૈકાન્તિક હેત્વાભાસમાં અપ્રતિપત્તિ એ ફલ છે' તેવા ઉદ્યોતકરના મતનો નિરાસ કરવા માટે ધર્મોત્તરે આ સૂત્રની ટીકામાં પ્રયત્ન કર્યો છે.

અપ્રતિપત્તિ અને સંશય એ બે ફલની ભિન્નતા શી એ વિચારણીય છે. ધર્મોત્તરની દૃષ્ટિએ સંશય એ દ્વિકોટિક જ્ઞાન છે. જે એથી વધારે કોટીમાં અવગાહન કરનારું જ્ઞાન હોય તે સંશયજ્ઞાન ન ગણાય એવું તેમનું મંતવ્ય જણાય છે. એવા જ્ઞાનને તેઓ 'અપ્રતિપત્તિ'ની કોટીમા મૂકતા જણાય છે. પરંતુ અહીં એક પ્રશ્ન એ થાય કે હેતુની પક્ષમાં સત્તાથી જ્યારે સાધ્યધર્મ અંગે નિશ્ચય ન થાય ત્યારે ખરેખર સાધ્યસત્તા કે સાધ્યાભાવ – એ બે કોટીવાળું જ જ્ઞાન થશે. એટલે એથી વધારે કોટીવાળું જ્ઞાન સંભવશે જ નહિ. ને તો પછી અપ્રતિપત્તિરૂપ ફલ ક્યાંય સંભવશે નહિ. અપ્રતિપત્તિમાં કંઈ જ્ઞાન જ હોતું નથી – ઉપેક્ષાને કારણે – એમ કહી આનું સમાધાન કરી શકાય.

અહીં નોંધવું જોઈએ કે 'संशयविषयौ यावाकारौ ताभ्यां सर्वस्य वस्तुनः सङ्ग्रहात्' એ વિધાનને અન્ય રીતે ઘટાવીને : પક્ષમાં હેતુના અસ્તિત્વથી પક્ષ વિષે જે બે શક્ય સાધ્યોનો સંશય થાય તે સાધ્યો હેતુસત્તાનાં સર્વ સ્થળોને આવરી લેતાં હોય ત્યારે દ્વિકોટિક સંશય થાય – આવો અર્થ તારવી શકાય. અહીં 'सर्वस्य वस्तुनः'માં 'सर्व'નો અર્થ અવિશેષે 'જગતનાં સર્વ સ્થળો' નહિ, પણ 'ઉક્ત હેતુની સત્તાવાળાં સર્વ સ્થળો' એવો વિશિષ્ટ અર્થ લીધો છે.

ટિ૦માં અપ્રતિપત્તિરૂપ ફલ પક્ષમાં કેવા હેતુની સત્તાથી સંભવે તે બતાવવા 'शश-विषाणादि' એવું ઉદા૦ આપ્યું છે. આનો અર્થ એ કે જ્યારે અસત્ એવો હેતુ કહ્યો હોય ત્યારે જ અપ્રતિપત્તિ સંભવે. અસિદ્ધ હેત્વાભાસમાં આમ જ બને છે એથી સત્ એવા હેતુના કથનથી સાધ્ય અંગેનો અનિશ્ચય થાય તો તે સંશયરૂપ જ ગણાય એવું તે ગ્રંથ-કારનું મંતવ્ય ફલિત કરી શકાય. પણ ધર્મોત્તરની નિશ્ચય કે સંશયથી અન્ય એવી તૃતીય કોટીની વાતનો અહીં સીધો ખુલાસો મળતો નથી. કદાચ અહીં તૃતીય કોટી તે 'સાધ્ય કે સાધ્યાભાવના નિર્ણયની અપ્રસ્તુતતા' એ પ્રકારની અભિપ્રેત હોય.

ટૂંકમાં અનૈકાન્તિકના સર્વ પ્રકારોમાં અસિદ્ધ કે સંદિગ્ધ એવી વ્યાપ્તિવાળો પરંતુ સ્વરૂપે સત્ એવો પદાર્થ હેતુ તરીકે કહ્યો હોઈને સંશયજ્ઞાન ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય જણાય છે.

**4 :** 'याभ्यां ह्याकाराभ्यां...शक्नुयात् ।' : હેતુ (= પક્ષધર્મ)ની સત્તાથી પક્ષગત શક્ય સાધ્યની બે કોટી જ સંભવે એમ હોય ત્યારે તે દ્વિકોટિક જ્ઞાન થતું હોઈને સંશય-જ્ઞાન થશે. અને એથી વધુ કોટી સંભવે તો તેને અપ્રતિપત્તિનું કારણ ગણવામાં આવ્યું છે – આવું અહીં કહેવાયું છે. પરંતુ આ બે વિધાનનો શ્ચેરબાટ્સ્કીનો અનુવાદ અત્યંત વિસંગત છે. આમાં આવતા 'न संशयः' એ શબ્દોનો અર્થ 'નિશ્ચય થાય છે' તેવો કરે છે; ખરેખર તો 'અપ્રતિપત્તિ પરિણમે છે' એવો એનો અર્થ છે. આગળ–પાછળના સમગ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વક્તવ્યને ધ્યાનમાં લીધા વિના જ આનો અનુવાદ થયેલો જણાય છે. તેથી તો 'पक्षधर्म' શબ્દનો પણ 'હેતુ' ( = middle term ) એવો અર્થ કરવાને બદલે તેઓ 'minor-premise' ( = પક્ષમાં હેતુની સત્તાનું કથન ) અર્થ લે છે અને એ minor-premise પણ વ્યાપ્તિસહિતનું ( major-premise સહિતનું ) કલ્પે છે !

7 : દુ૦ મુજબ પ્રથમ વાક્યમાં હેતુથી સંશયજ્ઞાન થાય તેવાં ત્રણ સ્થળો બતાવ્યાં છે — જેમને અનૈકાન્તિકના જ પ્રકાર ગણી શકાય. ( આ પછીના વિધાનમાં પ્રસ્તુત સૂત્રમાં ઉદાહૃત એવા અસાધારણ અનૈકાન્તિકનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. ) શ્ચે૦ આ વાક્યમાં ચાર વિશેષણોને આધારે ચાર પ્રકારના સંશયકારક અનૈકાન્તિક હેત્વાભાસો તારવે છે. પરંતુ વિચારતાં દુર્વેકનો મત ઠીક લાગે છે. ( શ્ચે૦એ આનાં આપેલાં ઉદાહરણો પણ સદોષ છે. ) એ ત્રણ પ્રકારો આ છે : ૧. સપક્ષ અને વિપક્ષ ઉભયમાં જોવા મળેલો હેતુ તે સાધારણ અનૈકાન્તિક, ૨. જે હેતુ સપક્ષ એવાં ઉદાહરણોમાં જોવા મળ્યો હોય પણ વિપક્ષમાં તે ન જ હોઈ શકે એવો નિશ્ચય ન થતાં તે બાબતમાં સંદેહ રહેતો હોય તેવો સન્દિગ્ધવિપક્ષ-વ્યાવૃત્તિક હેતુ, ૩. જે હેતુનું सपक्षे सत्त्व ( = અન્વય ) સદિગ્ધ હોય પણ विपक्षे असत्त्व ( = વ્યતિરેક ) અસિદ્ધ હોય તેવો सन्दिग्धान्वयोऽसिद्धव्यतिरेको ( ખરેખર અહીં सन्दिग्धान्वयासिद्धव्यतिरेको એવો એક પદવાળો પ્રયોગ ઇષ્ટ જણાય છે. ) આમ આ ત્રણમાંથી પ્રથમ પ્રકાર નિશ્ચિત એવા અન્વય અને નિશ્ચિત એવા વ્યતિરેકાભાવવાળો છે, જ્યારે બાકીના બે પ્રકારોમાં એ બંને અંગે વારાફરતી સંશય રહે છે.

## સૂત્ર ૧૦૨ :

સૂત્રની અવતરણિકા સૂત્રના મુખ્ય વક્તવ્યને લક્ષતી જણાતી નથી. વિનીતદેવ આ સૂત્રના બે ભાગ કરે છે, જેમાંનો પહેલો ભાગ 'प्राणादिः' પદ સુધીનો છે. એ રીતે બનતા પહેલા સૂત્રના ટીકામાં અહીં ધર્મોત્તરે અવતરણિકામાં કહેલો મુદ્દો નિર્દેશ છે, જે એ નાના સૂત્રને અનુરૂપ છે, જ્યારે અહીં તે ગૌણ મુદ્દો છે.

## સૂત્ર ૧૦૫ :

આ સૂત્રની અવતરણિકામાં તાત્ત્વિક પ્રશ્ન રજૂ થયો છે. બૌદ્ધ દૃષ્ટિએ આત્મા જ શશશૃંગવત્ અવસ્તુ છે. તેથી 'સાત્મક' પણ અવસ્તુ છે. અને અવસ્તુ એવા સાત્મક સાથે કશાનો અન્વય કે વ્યતિરેક પણ ન હોઈ શકે; કારણ કે અન્વય માટે બંને અન્વયીઓ સત્ ( = વસ્તુરૂપ ) હોવા ઘટે અને વ્યતિરેક માટે પણ વિશ્લેષ પામનાર ભાવો સત્ હોવા ઘટે. વળી ધર્મોત્તરે રજૂ કરેલા પ્રશ્નનો ઉત્તરાર્ધ પૂરો કરવા એ પણ કહેવું પડે કે જો સાત્મક એ શશશૃંગવત્ અસત્ હોય તો અનાત્મક પણ શશશૃંગાભાવવત્ તુચ્છ અભાવરૂપ બની જાય છે. એથી અનાત્મક સાથે પણ પ્રાણાદિના અન્વય અને વ્યતિરેકની કલ્પના અસત્ છે.

અત્રે રજૂ થયેલો પ્રશ્ન આમ તાત્ત્વિક હોવા છતાં અહીં સૂત્રોમાં એ પ્રશ્નનો જવાબ અપાયો જણાતો નથી. એટલે સૂત્રના પ્રતિપાદન સાથે આ પ્રશ્ન અસંબદ્ધ જ જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનીતદેવની અવતરણિકા આ બૌદ્ધ અનાત્મવાદના ઉલ્લેખ વગરની હોઈ વત્તુ અનુરૂપ છે : ननु तयोस्तत्राभावनिश्चय एव स्यादिति चेत्तत्राह – ( અર્થ : જો 'તે બંનેનો તેમાં અભાવ હોવાનો નિશ્ચય જ થાય' એમ કહો તો તેના જવાબમાં કહે છે – ).

વસ્તુતઃ આ પ્રસંગે સૂત્રકારે બૌદ્ધ અનાત્મવાદને ધ્યાનમાં લીધા વિના પ્રતિવાદીના આત્મવાદને ઘડીભર સ્વીકારી લઈને ચર્ચા કરી લાગે છે. પ્રમાણચર્ચાના સંદર્ભમાં પ્રમેય અંગેનાં મંતવ્યોને ધર્મકીર્તિ બાજુએ રાખે છે. આ વાત ખુદ ધર્મોત્તરે પણ સૂત્ર ૩. ૧૦૭માંની ટીકામાં ખંડ 6માં કરી છે.

## સૂત્ર ૧૦૮ :

અત્રે દુ૦ અસાધારણ અનૈકાન્તિક હેતુ તે સંશયનો નહિ પણ અપ્રતિપત્તિનો હેતુ છે તે ઉદ્યોતકરનો આચાર્ય દિઙ્નાગના ખંડનમાં રજૂ થયેલો મત તેમના જ શબ્દોમાં આપી પછી તેનું ખંડન કરે છે. ઉદ્યોતકરનો મુખ્ય મુદ્દો એ છે કે સાધારણ અનૈકાન્તિક હેતુ એ સપક્ષ અને વિપક્ષ ઉભયમાં દૃષ્ટ હોઈને જ સંશયનો વિષય બને છે. જ્યારે અસાધારણ અનૈકાન્તિક એ સપક્ષ–વિપક્ષ ઉભયમાં અદૃષ્ટ જ છે તેથી સંશયકારક નહિ પણ અપ્રતિપત્તિકારક જ બની રહે છે. છતાં તેઓ કોઈ રીતે આવા હેતુથી સંશયજ્ઞાનનો આકાર નીપજવાનું સ્વીકારતા જણાય છે. તેના ખુલાસારૂપે કહે છે કે શબ્દની નિત્યતા ઇત્યાદિ સિદ્ધ કરવા રજૂ કરેલો શ્રાવણત્વાદિ ( અસાધારણ અનૈકાન્તિક ) હેતુ વસ્તુધર્મરૂપ હોવાથી જ તેના આશ્રયરૂપ પદાર્થના સ્વરૂપ બાબત સંશયનો હેતુ બને છે, સ્વતઃ નહિ. આ આખી દલીલમાં તેઓ કોઈ રીતે આવા હેતુને પણ સંશયહેતુ તરીકે સ્વીકારે છે તે નબળી કડીને ધ્યાનમાં રાખીને દુર્વેક એનું ખંડન કરે છે. તે માટે તેઓ એક સદ્હેતુનું ઉદાહરણ રજૂ કરતાં કહે છે : ધુમાડો અગ્નિનું જ્ઞાન એટલા માટે કરાવે છે કે તે તેમાંથી ઉત્પન્ન થાય છે એટલે એ ન્યાયે તમારી દૃષ્ટિએ તો અગ્નિનું જ્ઞાન ધૂમથી નહિ પણ ધૂમના तदुत्पत्ति રૂપ ધર્મથી થાય છે એમ કહેવું પડશે. જો તમારી દૃષ્ટિએ પણ એવું કહેવું ઠીક નથી તો પછી શ્રાવણત્વ સ્વતઃ નહિ પણ પોતાના વસ્તુધર્મત્વને કારણે જ ઉક્ત અનુમાનમાં સંશય-હેતુ બને છે તેવુ પણ કહેવું વ્યર્થ છે. આખી ચર્ચા રસપ્રદ ને ઉપયોગી છે. છતાં આ વિવાદનો નિર્ણય તટસ્થ રીતે, કેવળ તાર્કિક દલીલોને બાજુએ મૂકીને મનોવૈજ્ઞાનિક રીતે થવો જોઈએ એમ લાગે છે. એ દૃષ્ટિએ કદાચ ઉદ્યોતકરની અપ્રતિપત્તિની વાત ઉચિત ઠરે.

## સૂત્ર ૧૧૦થી ૧૨૦ :

'ન્યાયસૂત્ર'માં જેને प्रकरणसम હેત્વાભાસ કહ્યો છે, પ્રશસ્તપાદે જેને 'अनध्यवसित' હેતુ કહ્યો છે અને જેને પાછળની ન્યાયપરંપરામાં सत्प्रतिपक्ष હેત્વાભાસ કહ્યો છે તેને જ અહીં विरुद्धाव्यभिचारी હેત્વાભાસ કહ્યો છે. જેમ પ્રશસ્તપાદે તેને હેત્વાભાસ તરીકે સ્વીકારવાની ના કહી છે તેમ ધર્મકીર્તિ પણ ના કહે છે. આચાર્ય દિઙ્નાગે આને હેત્વાભાસ કહ્યો હોવા છતાં ધર્મકીર્તિ આ વિષયમાં પોતાનું મનસ્વાતંત્ર્ય જાળવે છે. પ્રમાણના શુદ્ધ ક્ષેત્રને ઉદ્દેશીને જ તેમની ચર્ચા થયેલી છે. પ્રમાણથી ચાતરીને વાદ કરતા શાસ્ત્રકારોની પ્રવૃત્તિની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચર્ચા તેમને શુદ્ધ પ્રમાણશાસ્ત્રમાં ઉપાદેય લાગતી નથી. ન્યાયબિન્દુ એ પ્રમાણશાસ્ત્ર છે, વાદશાસ્ત્ર નહિ. બુદ્ધની બુદ્ધિનિષ્ઠા ધર્મકીર્તિએ પણ પોતાના ગ્રંથોમાં ઉતારી જણાય છે.

નૈયાયિકોના 'બાધિત' હેત્વાભાસનો સમાવેશ ધર્મકીર્તિએ પક્ષની ચર્ચામાં કરી લીધો છે. અનૈકાન્તિકના અનુપસંહારી પ્રકારનો ક્યાં ય સમાવેશ થયો નથી તે નોંધવું જોઈએ. તે રીતે અસિદ્ધનો નૈયાયિકસ્વીકૃત વ્યાપ્યત્વાસિદ્ધ પ્રકાર પણ ઉલ્લેખાયો નથી. તે દૃષ્ટાન્ત-દોષ તરીકે સૂત્ર ૩.૧૨૭માં ગણાવાયો જણાય છે. તેનો પૃથક્ સ્વીકાર ન કરવાની જે પરંપરા છે તે નરવી લાગે છે.

**સૂત્ર ૧૨૨ :**

આમાં કાર્યહેતુ તથા સ્વભાવહેતુની વ્યાપ્તિપ્રદર્શનની પ્રક્રિયામાં સાધર્મ્યદૃષ્ટાન્ત કે વૈધર્મ્યદૃષ્ટાન્ત બતાવવું કઈ રીતે અનિવાર્ય છે તે બતાવાયું છે, પરંતુ અનુપલબ્ધિરૂપ હેતુના સંદર્ભમાં આ બતાવાયું નથી. અનુપલબ્ધિરૂપ હેતુને ધર્મકીર્તિ સ્વભાવહેતુમાં સમાવિષ્ટ ગણતા લાગે છે. (જુઓ અગાઉના સૂત્ર ૨.૨૨,૨૩ પરની ટિપ્પણ પૃ૦ ૨૧૬.) દૃશ્યની અનુપલબ્ધિ એ દૃશ્યની અભાવવ્યવહારયોગ્યતાના સ્વભાવરૂપ છે એમ એને સ્વભાવહેતુ તરીકે ઘટાવી શકાય. આ હેતુને સ્વભાવહેતુથી પૃથક્ નિર્દેશવા પાછળ 'ગોબલીવર્દન્યાય' અપનાવાયો લાગે છે. અભાવવ્યવહાર્યતા તે અનુમાનસિદ્ધ છે, પ્રત્યક્ષસિદ્ધ નહિ – એ બતાવવા ઉક્ત ન્યાયને અવલંબીને એનું પૃથક્ કથન થયું લાગે છે. દુ૦ આ સૂત્રની ચર્ચામાં આ અંગે નોંધે છે : अनुपलब्धेश्चानयोरेवान्तर्भावान्न पृथक् विशिष्टलक्षणाभिधानमित्यवसेयम् । (અર્થ : અનુપલબ્ધિરૂપ હેતુનો આ બંને હેતુઓમાં જ સમાવેશ થતો હોવાથી એના વિશિષ્ટ લક્ષણનું કથન અલાયદું કરાયું નથી એમ સમજવું.) તેમણે આ બંને પ્રકારમાંથી અનુપલબ્ધિનો શેમાં અંતર્ભાવ થાય તે કહી બતાવ્યું નથી. કદાચ તેમને બંનેમાંથી ગમે તેમાં અંતર્ભાવ કરવાનું ઇષ્ટ હોય. એ દૃષ્ટિએ [દૃશ્યની] અનુપલબ્ધિને અભાવવ્યવહાર્યતાનું કાર્ય ગણીને તેને કાર્યહેતુ તરીકે પણ ઘટાવી શકાય.

વ્યાપ્તિના પ્રત્યાયનમાં દૃષ્ટાન્ત કેટલું અગત્યનું છે તે તો એ હકીકત પરથી બતાવી શકાય કે ન્યાયપરંપરામાં પંચાવયવી વાક્યમાંનું ત્રીજું અવયવ તે 'उदाहरण' નામે ઓળખાય છે, 'વ્યાપ્તિ' નામે નહિ. એક કાળે આ સ્થળે કેવળ વ્યાપ્તિપ્રદર્શક ઉદાહરણ અપાતું હશે, વ્યાપ્તિ નહિ એવો તર્ક શ્રી બોડસ 'तर्कसंग्रह'ની તેમની ટિપ્પણમાં કરે છે.

વ્યાપ્તિનું પ્રત્યાયન માત્ર વ્યાપ્તિવાક્ય કહેવાથી નથી થતું, અનુકૂળ દૃષ્ટાંતથી જ થાય છે એ આખી ચર્ચાનું તારણ છે. વિશેષ વિના સામાન્ય પ્રતીતિ થઈ શકે નહિ.

આ સૂત્રની ચર્ચામાં દુ૦ નોંધે છે કે અન્વયવ્યાપ્તિ કે વ્યતિરેકવ્યાપ્તિ એ બેમાંથી એક કહેવાથી બીજી કહેવાઈ જ જતી હોવાથી દૃષ્ટાન્ત પણ તદનુરૂપ જ – એટલે કે અન્વયવ્યાપ્તિ કહી હોય તો સાધર્મ્યદૃષ્ટાન્ત જ અને વ્યતિરેકવ્યાપ્તિ કહી હોય તો વૈધર્મ્યદૃષ્ટાન્ત જ – કહેવું આવશ્યક છે; બંને નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સૂત્ર ૧૨૬ :**

અનન્વય અને અપ્રદર્શિતાન્વય એ બે દૃષ્ટાન્તદોષો ચીંધીને ગ્રંથકાર દૃષ્ટાન્તના વિવેકયુક્ત ઉપયોગ પર ભાર મૂકે છે. કેવળ દૃષ્ટાંતબળે અનુમાન કરી શકાય નહિ. સાધનનો સાધ્ય-પ્રતિબંધ નક્કી કરવાના સાધન તરીકે જ દૃષ્ટાન્તનો ઉપયોગ થવો જોઈએ. એ પ્રતિબંધ કેમ નક્કી કરવો તે ચર્ચા અત્રે કરાઈ નથી. એ વિષય કાર્યકારણભાવ અને પદાર્થધર્મોનું પૃથક્કરણ કરનારાં તે તે વિજ્ઞાનોનો છે એમ માની એની વિગતનો વિચાર કરવાનું અનુચિત માન્યું જણાય છે. નૈયાયિકોએ આ પ્રતિબંધ નક્કી કરનારી પ્રક્રિયાના ભાગરૂપે જ 'સામાન્ય-લક્ષણ અલૌકિક સન્નિકર્ષ'ની કલ્પના દ્વારા વ્યક્તિના જ્ઞાન સાથે તેની સમગ્ર જાતિનું જ્ઞાન થવાની હકીકત સમજાવવા પ્રયત્ન કર્યો છે. કોઈ એકાદ દૃષ્ટાંતમાં બે ધર્મોના સાહચર્યદર્શનથી જ સાહચર્યનિયમ નક્કી કરી ન શકાય. વળી ખરેખર કોઈ સાધનનો કોઈ સાધ્ય સાથે પ્રતિબંધ સિદ્ધ હોય છતાં પરાર્થાનુમાન પ્રયોજનાર વ્યક્તિ એ પ્રતિબંધ વ્યક્ત રીતે કહ્યા વગર જ પક્ષ દૃષ્ટાંતની જેમ સાધનયુક્ત છે તેથી સાધ્યયુક્ત હોય જ તેમ બતાવવા કોશિશ કરે તો તેથી શ્રોતાને વિધિપૂર્વક સાધ્યનું અનુમાન કરવામાં પૂરતી મદદ મળતી નથી. અનુમાનવાક્યમાં વ્યાપ્તિનું અકથન એ દોષ એટલા માટે છે કે તેને લીધે અનુમાનના આધારો વિષેની વક્તાની અધૂરી સમજણ વ્યક્ત થાય છે. ને તેને લીધે શ્રોતા પણ પૂરતા આધારો વગર અનુમાન કરવાની ટેવનો ભોગ બને છે. અલબત્ત, ધર્મકીર્તિએ પોતાના ગ્રંથમાં ઉદાહરણાર્થ જે અનુમાનો આપ્યાં છે તે બધાંમાં વ્યાપ્તિ અવશ્ય આપી હોય તેમ જોવા મળતું નથી. પણ સુજ્ઞ શ્રોતાને ધ્યાનમાં રાખીને તેમ કર્યું છે તેમ માનવું રહ્યું.

(વ્યાપ્તિસાધક પ્રક્રિયા અંગે અગાઉ સૂત્ર ૩.૮,૯ ની ટિપ્પણમાં પણ થોડો વિચાર કર્યો છે )

અહીં ઉમેરવું જોઈએ કે તાત્ત્વિક રીતે બૌદ્ધ મતે વ્યાપ્તિ અને તદાધારિત અનુમાન એ ભ્રાન્તજ્ઞાન છે, છતાં વ્યવહારદષ્ટિએ જ તે બંનેને અત્રે ઉપકારક માનેલાં છે.

**સૂત્ર ૧૨૭ :**

ન્યાયપરંપરામાં જે વ્યાપ્યત્વાસિદ્ધ હેત્વાભાસ ગણાવાયો છે તે અહીં દૃષ્ટાન્તદોષ તરીકે રજૂ કરાયો છે. દેખીતી રીતે આ દૃષ્ટાન્તદોષ નથી પણ વ્યાપ્તિદોષ છે. સૂત્રગત ઉદાહરણમાં કેવળ વિપરીત એવી અન્વયવ્યાપ્તિ રજૂ કરાઈ છે, દૃષ્ટાન્તનો ઉલ્લેખ નથી. આમ છતાં આને દૃષ્ટાંતદોષ કહેવા પાછળ આશય એ બતાવવાનો લાગે છે કે દૃષ્ટાન્તનો ઉપયોગ સતર્ક રીતે કરવો જોઈએ; એમાંના કયા ધર્મનો કયા અન્ય ધર્મ સાથે નિયત પ્રતિબંધ છે તે નિપુણ-તાથી નક્કી કરવું જોઈએ. દૃષ્ટાન્તના બુદ્ધિયુક્ત પૃથક્કરણના અભાવે જ વિપરીતાન્વય રજૂ કરવાનું સંભવે.

શ્ચેરબાટ્સ્કી નોંધે છે કે આમાં આપેલું દૃષ્ટાંતદોષનું ઉદાહરણ કૃતકત્વ અને અનિત્ય-ત્વની લોકપ્રસિદ્ધ વિભાવનાને ધ્યાનમાં રાખીને છે. સૌત્રાન્તિક અને યોગાચાર બૌદ્ધ પરંપરા મુજબ કૃતકત્વ અને અનિત્યત્વ એ સમવ્યાપ્ત હોઈ પરસ્પર પ્રતિબદ્ધ છે. તે દૃષ્ટિએ આ વિપરીતાન્વય ન ગણાય. પરંતુ અગાઉ કહ્યું છે તેમ ધર્મકીર્તિ ન્યાયબિન્દુને પ્રમાણશાસ્ત્રની મર્યાદામાં રાખીને, તેમાં બૌદ્ધ તાત્ત્વિક મંતવ્યોને સ્વીકારીને ચાલતા નથી. પ્રમાણશાસ્ત્ર સર્વ મતોને પરીક્ષ્ય ગણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સૂત્ર ૧૩૦ :

જૈન પરંપરામાં જ્યોતિર્જ્ઞાનનું ખેડાણ વિશિષ્ટરૂપે થયાનાં પ્રમાણો ઉપલબ્ધ ગ્રંથો ઇત્યાદિ પરથી મળે છે. દુર્વેક દિગંબરાચાર્ય અકલંકના सिद्धिविनिश्चय ગ્રંથનું અવતરણ આપી જૈન પરંપરાનો એક કાળનો જ્યોતિર્જ્ઞાન પ્રત્યેનો અનુરાગ ચીંધે છે. એ અવતરણનો સાર આવો છે : "અત્યંત પરોક્ષ એવી સૂક્ષ્મ કે વ્યવહિત વસ્તુના જ્ઞાન વિના અફર એવું જ્યોતિષ્નું જ્ઞાન કઈ રીતે સંભવે ? આમ જ્યોતિર્જ્ઞાન એ સર્વજ્ઞ જ પ્રવર્તાવી શકે. તેથી કોઈ વ્યક્તિના અફર જ્યોતિર્જ્ઞાનને આધારે તેને સર્વજ્ઞ કહેવી જોઈએ." ધર્મકીર્તિ જેમ શુદ્ધ પ્રમાણમાં શ્રદ્ધા ધરાવે છે તેમ રાગાદિના જયમાં જ જ્ઞાનની ચરિતાર્થતા માનતા જણાય છે. એ દષ્ટિએ એમણે અહીં વિશિષ્ટ ઉદાહરણ પસંદ કર્યું જણાય છે

5 : દુ૦ છેલ્લા વાક્યમાંના नैमित्तिक શબ્દનો અર્થ આમ સૂચવે છે : નિમિત્ત એટલે વ્યવહિત ( परम्परया ) કારણ — તેનાથી જન્મેલું [ જ્ઞાન ] ( निमित्तात्परम्परया कारणाद् आगतं એવા મૂળ શબ્દો છે ). એને સ્પષ્ટ કરવા કહે છે : વિષય ( = નિમિત્ત )ને આધારે વિષયી સંબંધે જન્મતું [ જ્ઞાન ].

આ ખંડમાંના 'व्यभिचारि' શબ્દના બે અર્થ તેઓ સૂચવે છે : ૧. उपदेष्टुः सर्वज्ञतां व्यभिचरति इति – [ જ્યોતિષ્નો ] ઉપદેશ દેનારની સર્વજ્ઞતા સાથે નિયત રીતે નહિ સંકળાયેલું એવું [ જ્ઞાન ], અથવા ૨. एतच्च भाविवस्तुव्यतिरेकेण भवेदपि, नावश्यं कारणानि कार्यवन्ति भवन्तीति न्यायात् – અર્થાત્ 'કદીક ખોટું પણ પડે તેવું [ જ્ઞાન ]'.

અહીં નોંધવું જોઈએ કે उत्तराध्ययन ઇત્યાદિ જૈન આગમોમાં પણ જ્યોતિર્જ્ઞાન સામે લાલ બત્તી ધરવામાં આવી છે. એ જ્ઞાન એક બૌદ્ધિક વ્યાસંગ તરીકે સેવનીય હોઈ શકે, પરંતુ એનો લૌકિક સ્તરે વિનિયોગ ન કરવો એવું સ્પષ્ટ કહેવાયું છે. ઈન્દ્રિયજય અને નિષ્કામતા પર ભાર મૂકનારા જિનદર્શનમાં પણ બૌદ્ધદર્શનની જેમ જ્યોતિર્જ્ઞાન તરફનો અહોભાવ વર્જ્ય મનાય તે સ્વાભાવિક છે. શું એક કાળે જૈન પરંપરાએ એ શાસ્ત્રની બોલબાલા કરી હશે તેવો નિર્દેશ આ સૂત્રમાં વાંચી શકાય ?

## સૂત્ર ૧૩૧ :

અગાઉના સૂત્રના ઉદાહરણમાં કપિલાદિ અસર્વજ્ઞ તરીકે ઉલ્લેખાયેલા એ ધ્યાનમાં રાખીને આ સૂત્રમાં ઉલ્લેખાયેલા 'विवक्षितः पुरुषः' તરીકે ધર્મોત્તર કપિલાદિને ઘટાવે છે. न्यायबिन्दुમાં અનેક વાર સાંખ્યદર્શન અને કપિલમુનિના ઉલ્લેખ આવે છે તે સૂત્રકારનો સાંખ્યદર્શનનો ગાઢ પરિચય તો સૂચવે જ છે; ઉપરાંત, હેત્વાભાસની ચર્ચાને આધારે તથા આ છેલ્લાં બે સૂત્રો તેમ જ આ પછીના સૂત્રને આધારે બૌદ્ધ–જૈન આદિ અવૈદિક તેમ જ વૈદિક એમ ઉભય પરંપરામાં કપિલ કઠોર આલોચનાનો વિષય બન્યા હશે એવું સૂચન વાંચી શકાય ?

## સૂત્ર ૧૩૨ :

આ સૂત્રમાં જૈન વાદી દ્વારા વળી લાક્ષણિક રીતે કપિલાદિના વ્યક્તિત્વ પરનો આક્ષેપ ઉદાહરણરૂપે રજૂ થયો છે. એ આક્ષેપ રજૂ કરતા અનુમાનની મર્યાદા ચીંધીને વળી ધર્મકીર્તિ સમદષ્ટિ અને તટસ્થતા પર ભાર મૂકે છે. જૈનદર્શન પર સાંખ્યની અસર ઘણી છે એ જોતાં કપિલ પર જૈન વાદીઓ દ્વારા થતા આક્ષેપો ન્યાય્ય ગણાય નહિ. આ સંદર્ભમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

षड्दर्शनसमुच्चयમાં રજૂ થયેલું આચાર્ય હરિભદ્રનું પ્રસિદ્ધ વિધાન न द्वेषो कपिलादिषु – ઉલ્લેખનીય છે. સાંખ્યદર્શનની અસર તો વેદાંત પર પણ ખાસ્સી છે – ભલે એને અવૈદિક દર્શન કહેવામાં આવે.

3 ; બીજા વાક્યમાં परिग्रहाग्रहयोगोને સ્થાને परिग्रहाग्रहायोगो પાઠ હોવાની વધારે સંભાવના છે; કારણ કે અહીં ઋષભાદિમાં જે ગુણની સંભાવના કરી છે તે જ ગુણ બાબત સંદેહ પ્રગટ કર્યો છે. અને એ સંભાવનાથી સ્વીકારેલો ગુણ તે परिग्रह અને आग्रह એ બંનેનો योग નહિ પણ अयोग છે. આ પાઠકલ્પના એટલા માટે પણ જરૂરી બને છે કે આ પછી અન્ય સંદિગ્ધ બાબત તે वीतरागत्व ગણાવી છે — કે જે ગુણની સંભાવના ઋષભાદિમાં કરાઈ છે.

## સૂત્ર ૧૩૩ :

આ ઉદાહરણ નૈયાયિકમાન્ય કેવલવ્યતિરેકી વ્યાપ્તિ પર આધારિત અનુમાનનું ગણાય. ધર્મકીર્તિને એ પ્રકારનું અનુમાન સ્વીકાર્ય નથી.

## સૂત્ર ૧૩૪–૧૩૫ :

અગાઉ ખૂબ વિશદ રીતે સમજાવાયેલી બાબત પણ વળી અન્ય પ્રસંગે ફરી તે જ વિગતે વિશદ કરી દેવાની ધર્મોત્તરની શૈલી આ બે સૂત્રોની ટીકામાં આપણું વિશેષ ધ્યાન ખેંચે છે.

## સૂત્ર ૧૩૭ :

**न्यूनतादि** — અત્રે લિંગનાં ત્રણ રૂપોમાંથી એક કે વધુની ન્યૂનતા એટલે કે અસિદ્ધિ અને ‘आदि’ પદથી વિપરીતતા કે સંદેહ અભિપ્રેત જણાય છે.

## સૂત્ર ૧૩૮ :

2 : नावश्यं विपर्ययसाधनादेव दूषणं विरुद्धवत् । : આ વાક્યમાં विरुद्धवत् એ પદનો અર્થ અનુવાદમાં ‘વિરુદ્ધ હેત્વાભાસની જેમ’ એ પ્રકારે કર્યો છે તે ધ० પ्र० ટીકાને અનુસરીને. પરંતુ એનો અર્થ ‘વિરુદ્ધધર્મવાળું’ એવો હોવાનું વધુ શક્ય લાગે છે; કારણ કે दूषण તે પૂર્વપક્ષીનો હેતુ સદ્‌હેતુ નહિ પણ તેથી વિપરીત – વિરુદ્ધ – હોવાનું સિદ્ધ કઈ રીતે કરે છે, તે વાત પ્રસ્તુત છે. અર્થાત્ દૂષણ હેતુમાં વિરુદ્ધ ધર્મ સિદ્ધ કરનાર – વિરુદ્ધ ધર્મવાળું હોવું જોઈએ તે વાત ચાલે છે. એને બદલે જો અહીં એ वत् પ્રત્યય ઉપમાવાચક માનીએ તો ઉપમાન તો ઉપમેય એવા दूषणથી ભિન્ન હોવું જોઈએ એ ન્યાયે દૂષણોમાંનું જ એક ‘વિરુદ્ધ હેત્વાભાસ’ ચીંધનારું દૂષણ ઉપમાન તરીકે આપવું સંગત લાગતું નથી.

વળી વાક્યરચનાની દૃષ્ટિએ વિચારીએ તો પણ જો विरुद्धवत् એ પદ ઉપમાવાચક હોત તો नावश्यं પછી તરત જ એ પદ મુકાય તો જ સ્વાભાવિક પદક્રમ જણાય.

## સૂત્ર ૧૩૯ :

1 : અહીં जाति શબ્દનો અર્થ ‘સાદૃશ્ય’ એવો આપ્યો છે તે સાધાર ગણાય ? કદાચ जातिના सामान्य એ મૂળ અર્થમાં અનુસ્યૂત અનેકપદાર્થગત સાદૃશ્યના ધર્મને આધારે એ અર્થ ફલિત કર્યો હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સૂચિ

## (૧) વિષયાંગો

અગ્નિ –નો બૌદ્ધ દષ્ટિએ ઉષ્ણસ્પર્શ સાથે અભેદ ૨૨૩
અદશ્યાનુપલબ્ધિ –ની સંશયજનકતા ૮૫
અધ્યવસાય –ની પ્રત્યક્ષપ્રમાણથી બાધતા ૩૭
અનાત્મવાદ ૨૧૦–૨૧૧, ૨૫૯
અનુપલબ્ધિ –થી સંશયોત્પત્તિ થવામાં સ્વભાવ–વિપ્રકર્ષનું મહત્ત્વ ૨૨૬; –ના નિશ્ચય માટે પદાર્થાન્તરજ્ઞાનની આવશ્યકતા ૪૮–૪૯
અનુપલબ્ધિપ્રયોગ –ના પ્રભેદોના મૂળમાં મનોવ્યાપારભેદ ૨૨૪; –ના પ્રભેદોની ચર્ચાના સ્વાર્થાનુમાનમાં કરેલા સમાવેશનું ઔચિત્ય ૮૦–૮૨; –નો એકાધિક અનુમાનોના મિશ્રણોવાળો પ્રભેદ ૨૨૨; –વૈધર્મ્યથી ૧૦૪–૧૦૫; –ની સંખ્યા ૨૨૩–૨૨૪
અનુપલબ્ધિલક્ષણપ્રાપ્ત –ની અનુપલબ્ધિમાં અભાવનિશ્ચાયકતાનો અભાવ ૬૦–૬૧
અનુપલબ્ધિહેતુ –નું સ્વભાવહેતુત્વ ૨૧૬; –નો સ્વભાવહેતુ કે કાર્યહેતુમાં અંતર્ભાવ ૨૬૧
અનુપલંભ : જુઓ 'અનુપલબ્ધિ'.
અનુબંધચતુષ્ટય –ના કથનનું મહત્ત્વ ૨૦૧; –ના પૂર્વકથનની ઉપકારકતા ૩–૪
અનુમાન –ના આગમાશ્રિત પ્રકારની મર્યાદા ૧૭૧–૧૭૩; –ના વિષયનું સ્વરૂપ ૩૨; –ની દ્વિવિધતા ૩૮; –ની પ્રમાણ–ફલ–વ્યવસ્થા ૩૯–૪૦; –ની ભ્રાંતતા ૨૦૪; –નો પ્રત્યક્ષથી વ્યાપારભેદ ૬
અનુમાન–અપ્રામાણ્ય–વાદ –ની સ્વવચનનિરાકૃતતાના કારણ અંગે મતાંતરો ૨૪૪–૨૪૭; –ને પુરસ્કારનારી પરંપરાઓ અને તેમની મર્યાદા ૨૪૩–૨૪૪
અનૈકાન્તિક (હેત્વાભાસ) –ના સંદિગ્ધ અન્વયવ્યતિરેકવાળા પ્રકારની અનૈકાન્તિકતાનું કારણ ૧૬૮; અસિદ્ધ–વ્યતિરેક અને સંદિગ્ધ–અન્વયવાળો ૧૫૭–૧૫૯; –વિપક્ષે અસત્ત્વના સંદેહવાળો ૧૩૮–૧૩૯; –વિપક્ષે અસત્ત્વની અસિદ્ધિવાળો ૧૩૫–૧૩૮; સંદિગ્ધ અન્વય–વ્યતિરેકવાળો ૧૫૯–૧૬૧
અન્વય –ની વ્યતિરેક સાથે એકરૂપતા ૪૩–૪૪
અન્વયકથન –ની સાથે વ્યતિરેકકથનની અનાવશ્યકતા ૧૦૯–૧૧૧
અપ્રમાણ –રૂપ જ્ઞાનપ્રકારો ૬
અભાવ –ના સાધક પ્રમાણની અભાવ–વ્યવહાર–યોગ્યતાના સાધક પ્રમાણથી ભિન્નતા ૬૪–૬૫
અભાવનિશ્ચય –ને માટે ભાવ–પદાર્થના ગ્રહણની અનિવાર્યતા ૨૧૮; –માં પ્રત્યક્ષ–અનુમાન ઉભયનો સહયોગ ૨૨૦
અભાવવ્યવહાર –ની ત્રિવિધતા ૬૪
અભાવવ્યવહારયોગ્યતા –ના સાધક પ્રમાણની અભાવસાધક પ્રમાણથી ભિન્નતા ૬૪–૬૫; –ને માટે અનુમાનની આવશ્યકતા ૨૧૯
અભિપ્રાય –ના અર્થ અંગે દુર્વેક–ધર્મોત્તર–આદિના મતો ૨૪૫-૨૪૭
અભિલાપસંસર્ગયોગ્યતા ૧૭-૧૮
અભેદ –ની સિદ્ધિ માટે જે તે વસ્તુઓના સમાન પરિહાર્ય ભાવોની અનિવાર્યતા ૨૫૫
અભ્રાન્તત્વ –નું તાત્ત્વિક સ્વરૂપ ૧૬
અશ્રાવણત્વ –નું ગ્રાહક પ્રમાણ કયું ? ૨૪૧
અસપક્ષ –ના ત્રણ પ્રકાર માનવાની યોગ્યા–યોગ્યતા ૨૧૩–૨૧૪
અસપક્ષ –નું લક્ષણ ૪૫–૪૬
અસાધારણ–અનૈકાન્તિક (હેત્વાભાસ) –નું ફળ ૨૫૭–૨૫૯, ૨૬૦; –નો દૂષણહેતુ ૨૫૭
અસિદ્ધ (હેત્વાભાસ) – અન્ય પ્રકારો ૨૪૮; – અસિદ્ધાશ્રય પ્રકાર ૧૩૪–૧૩૫; –ઉભય–વાદિઅસિદ્ધ–પ્રકાર ૧૨૯; –નું અપ્રતિપત્તિ–રૂપ ફળ ૨૪૭; – પ્રતિવાદિ–અસિદ્ધ પ્રકાર ૧૨૯–૧૩૧; –વાદિ–અસિદ્ધ પ્રકાર ૧૩૧–૧૩૨; –સંદિગ્ધ હેતુવાળો પ્રકાર ૧૩૩; –સંદિગ્ધાશ્રય પ્રકાર ૧૩૩–૧૩૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશ –સ્વરૂપ ૨૨૦–૨૨૧
'આગમ' –નો બૌદ્ધ અર્થ ૨૪૮
આત્મસંવેદન : જુઓ 'સ્વસંવેદન'.
આત્મા –ના ગુણોની સર્વત્ર ઉપલબ્ધિ ૧૩૪; –ની સિદ્ધિ માટે એક સાંખ્યોક્ત દૂષિત હેતુ ૧૧૯–૧૨૦, ૧૫૪–૧૫૫
આયુષ્ –નું બૌદ્ધાગમપ્રોક્ત લક્ષણ ૨૪૮
આલંબનપ્રત્યય ૨૦૬
'ઇષ્ટવિઘાતકૃત્' –ને 'વિરુદ્ધ' હેત્વાભાસનો વિશિષ્ટ પ્રકાર ગણાવતો મત ૧૫૪–૧૫૬; –ને 'વિરુદ્ધ' હેત્વાભાસનો સામાન્ય પ્રકાર બતાવતો મત ૧૫૬–૧૫૭
ઉત્પત્તિમત્ત્વ –નું સાંખ્ય દ્વારા નિરસન ૧૩૧–૧૩૨
ઉપનય : જુઓ 'પક્ષધર્મોપદર્શન'.
ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તિ –નાં બે પાસાં ૨૧૭; –નું સ્વરૂપ ૪૯–૫૧
કપિલ – તીવ્ર આલોચનાના વિષય તરીકે ૨૬૩–૨૬૪
કલ્પના –નો બૌદ્ધ પરંપરામાં વિચાર ૨૦૪; –નું સ્વરૂપ ૧૬–૧૭
કલ્પનાપોઢતા –નો અર્થ ૨૦૩; –વાચ્ય/વાચકગ્રાહી જ્ઞાનની ૨૦૪
કારણવિરુદ્ધકાર્યોપલબ્ધિ ૭૭–૭૮
કારણવિરુદ્ધોપલબ્ધિ ૭૬–૭૭
કારણાનુપલબ્ધિ ૭૫–૭૬
કાર્યકારણભાવ –માં વ્યાપ્યવ્યાપકભાવનો અંતર્ભાવ ૨૨૫
કાર્યવિરુદ્ધોપલબ્ધિ ૭૪
કાર્યહેતુત્વ –ની સિદ્ધિ માટે પૂર્વે કાર્યકારણભાવની સિદ્ધિની આવશ્યકતા ૧૦૪
કાર્યહેતુપ્રયોગ –વૈધર્મ્યથી ૧૦૬; – સાધર્મ્યથી ૧૦૩–૧૦૪
કાર્યાનુપલબ્ધિ ૬૭–૬૯
કેવલવ્યતિરેકી (વ્યાપ્તિ/હેતુ) –ની અગ્રાહ્યતા ૨૬૪; –ની બૌદ્ધ મતે હેત્વાભાસતા ૨૫૭
ક્ષણભંગવાદ –ની સત્કાર્યવાદથી વિરુદ્ધતા ૨૪૮
ક્ષણિકત્વ –ની સર્વત્ર અનુસ્યૂતતા ૨૫૪–૨૫૫
ચિત્ત ૨૫, ૨૦૬
ચૈત્ત ૨૫, ૨૦૬
જાતિ ૨૦૦
જાત્યુત્તર : જુઓ 'જાતિ'.
જ્ઞાન –ના પરીક્ષ્ય–અપરીક્ષ્ય પ્રકારો ૨૦૧–૨૦૨; –ની સાથે જ્ઞાતાની અભિન્નતાનો બૌદ્ધ મત ૨૧૦
જ્ઞાનવિષય –ના ગ્રાહ્ય અને અધ્યવસેય પ્રકારોની ભિન્નતા ૨૦૮; –નો સામાન્યલક્ષણ પ્રકાર ૩૧–૩૨; –નો સ્વલક્ષણ પ્રકાર ૨૮
જ્યોતિષ્–જ્ઞાન –નું સર્વજ્ઞતા કે આપ્તતા સિદ્ધ કરવાનું અસામર્થ્ય ૧૯૦–૧૯૨
જ્યોતિષ્–વિદ્યા –ના સેવન અંગે જૈન આગમ દ્વારા નિર્દિષ્ટ મર્યાદા ૨૬૩: –નું જૈન પરંપરામાં ખેડાણ ૨૬૩
ત્રિક્ષણપરિણામવાદ –મુજબ સહાનવસ્થાનવિરોધની પ્રક્રિયા ૨૫૦–૨૫૧
દૂષણ – સ્વરૂપ ૧૯૯–૨૦૦
દૃશ્યાનુપલબ્ધિ –ના અગિયાર પ્રયોગભેદો ૬૬–૭૮; –ના ભવિષ્યસંબંધી પ્રકારની સંદિગ્ધતા ૬૬; – ના ભૂતકાલીન/વર્તમાનકાલીન પ્રકારનું સાધ્ય ૬૧–૬૪
દૃષ્ટાન્ત –ના સ્વરૂપની ચર્ચાનો હેતુસ્વરૂપચર્ચામાં અંતર્ભાવ ૧૮૦–૧૮૪; –ની જુદી ચર્ચા ન કરવા પાછળનું કારણ ૧૭૮–૧૮૦; –નું વ્યાપ્તિપ્રત્યાયનમાં મહત્ત્વ ૨૬૧; –નું સાધ્યપ્રતિબંધનિર્ણયમાં મહત્ત્વ ૨૬૨; – પ્રમાણવિષય તરીકે ૨૪૧
દૃષ્ટાન્તાભાસ –ના વૈધર્મ્યથી નવ પ્રકારનાં ઉદાહરણો ૧૯૦–૧૯૮; –ના સાધર્મ્યથી નવ પ્રકારનાં ઉદાહરણો ૧૮૫–૧૯૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટાન્તાભાસતા –નું કારણ ૧૯૮–૧૯૯
દેશકાળવ્યવધાન (જ્ઞાતા અને વિષય વચ્ચે) –ની સ્વભાવવ્યવધાન સાથે અભિન્નતા માનતા મતનું પરીક્ષણ ૨૧૭–૨૧૮
નિત્યત્વ –નું આગમસિદ્ધ સ્વરૂપ ૨૫૫; –નું સાંખ્ય દ્વારા નિરસન ૧૩૧–૧૩૨
નિર્વિકલ્પકત્વ –યોગિજ્ઞાનનું ૨૦,૨૭–૨૮; – વાચ્ય/વાચક શબ્દનું ૧૯–૨૦
પક્ષ (ધર્મી) –ને અંશભેદે દૃશ્યાદૃશ્ય માનવાની યોગ્યાયોગ્યતા ૨૨૧
પક્ષ (મત) –ના (પુનઃ) નિર્દેશની અનાવશ્યકતા ૨૩૮–૨૩૯; –ના (પુનઃ) નિર્દેશની પરાર્થાનુમાનમાં યોગ્યાયોગ્યતા ૧૧૨–૧૧૩, ૨૪૦; –ના પ્રતીતિનિરાકૃત પ્રકારનું સ્વરૂપ ૨૪૨; –ના સ્વવચન-નિરાકૃત પ્રકારની અનુમાનનિરાકૃત પ્રકારથી ભિન્નતા ૨૪૪; –ના સ્વવચનનિરાકૃત પ્રકારની વિલક્ષણતા ૨૪૩; –ના સ્વીકારમાં શાસ્ત્રની અબાધકતા ૨૪૦–૨૪૨; –નાં ભ્રાંત લક્ષણો ૨૩૯; –ની ચર્ચાનો પરાર્થાનુમાન સાથે સંબંધ ૨૪૩; –ની સ્વરૂપચર્ચા ૧૧૪–૧૨૧; ૧૨૬–૧૨૭; –ને ગ્રાહ્ય બનાવનારાં વિવિધ પાસાં ૨૩૯; –નો અનુમાનનિરાકૃત પ્રકાર ૧૨૨; –નો પ્રતીતિનિરાકૃત પ્રકાર ૧૨૨–૧૨૩; –નો પ્રત્યક્ષનિરાકૃત પ્રકાર ૧૨૧–૧૨૨; –નો સ્વવચનનિરાકૃત પ્રકાર ૧૨૩–૧૨૬
પક્ષધર્મોપદર્શન (ઉપનય) –રૂપ અવયવમાં સ્મરણનો સહયોગ ૨૩૪
પક્ષનિર્દેશ –એટલે ન્યાયદર્શનની 'પ્રતિજ્ઞા' ૨૩૮
પરમાર્થસત્ –નું અર્થક્રિયાસામર્થ્યરૂપ હાર્દ ૩૦–૩૧
પરસ્પરપરિહારલક્ષણ–વિરોધ ૧૪૫–૧૪૮; –ની અપોહાશ્રિતતા ૨૫૫
પરાર્થાનુમાન –થી સ્વાર્થાનુમાનની વિલક્ષણતા ૨૧૨; –ના અવયવોનાં ક્રમ અને સંખ્યા ૨૨૭–૨૨૮; –ના વૈધર્મ્ય-પ્રયોગમાં સાધર્મ્ય-પ્રયોગ ફલિત કરવાની યોગ્યતા ૧૦૮–૧૦૯; –ના વૈધર્મ્યવત્ અને સાધર્મ્યવત્ પ્રભેદમાં સાધ્યની અભિન્નતા ૨૩૬; –ના સાધર્મ્ય-પ્રયોગમાં વૈધર્મ્ય-પ્રયોગ ફલિત કરવાની યોગ્યતા ૧૦૬-૧૦૭; –ના સાધર્મ્ય-વૈધર્મ્ય-પ્રયોગો પાછળ અર્થની અભિન્નતા ૯૦–૯૧; –ની દ્વિવિધતા ૮૮-૯૦; –ની વચનાત્મકતા ૮૭–૮૮; –નો સાધર્મ્યવાળો અનુપલબ્ધિહેતુપ્રયોગ ૯૧–૯૩ –નો સાધર્મ્યવાળો ત્રિવિધ સ્વભાવહેતુપ્રયોગ ૯૩-૯૮; –નો સ્વાર્થાનુમાનથી ક્ષેત્રભેદ ૨૨૫
પુરુષાર્થસિદ્ધિ –ના પ્રભેદો ૯; –ને માટે સમ્યગ્જ્ઞાનની અનિવાર્યતા ૧૦–૧૧
પ્રકાશ –ની અંધકારનિવર્તન કરતી કાલિક–દૈશિક પ્રક્રિયા ૨૫૧–૨૫૩; –ની પ્રવૃત્તિ-મર્યાદા ૨૫૩
પ્રત્યક્ષ –ના અભ્રાન્તત્વનું સ્વરૂપ ૨૦૩–૨૦૪; –ના પ્રકારો સંબંધી વિવિધ મંતવ્યો ૨૦૫; –ના લક્ષણનો ઉદ્દેશ્ય ૨૦૩; –ના વિષયનું સ્વરૂપ ૨૮; –નું અભ્રાન્તત્વ ૧૫–૧૬; –નું ચતુર્વિધત્વ ૨૨; –નું તાત્ત્વિક સ્વરૂપ ૧૪–૧૫; –નો અનુમાનથી ભેદ : ગ્રાહ્ય અને પ્રાપણીય વિષયની દૃષ્ટિએ ૨૮–૨૯; –નો અનુમાનથી વ્યાપાર-ભેદ ૬; –નો ઇન્દ્રિયાશ્રિત પ્રકાર ૨૨
પ્રત્યક્ષજ્ઞાનતા –પરમાર્થકૃત્ એવા પરમાણુના અગ્રાહક જ્ઞાનની ૨૦૩
પ્રદર્શિત–અર્થ –ની પ્રાપણીય અર્થ સાથે એક-રૂપતા ૭
પ્રમાણ –ની ચર્ચાના અન્વયે પ્રમેયગત મતો પ્રત્યે ધર્મકીર્તિનું તાટસ્થ્ય ૨૬૨; –નો તેના ફળ સાથે અભેદ ૩૩–૩૫; –નો તેના ફળ સાથે વ્યવસ્થાપ્ય-વ્યવસ્થાપકભાવ ૩૫–૩૭
પ્રમાણફળ –ની અર્થાધિગમરૂપતા ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણફળ-અભેદ-વાદ –ના પાયામાં રહેલા બૌદ્ધ ગૃહીતો ૨૦૯; –ની વિરુદ્ધ પ્રમાણ-પ્રમા એમ બે પર્ગાથિવાં માનવામાં દોષ ૨૧૦
પ્રમાણાભાવ –થી પ્રમેયાભાવની સિદ્ધિ ન સ્વીકારવા પાછળ ગૂઢવાદની પ્રેરણા ૨૨૬; –નું અર્થાભાવસિદ્ધિ માટેનું અસામર્થ્ય ૮૫–૮૬
'પ્રયત્નાનન્તરીયક' –શબ્દના સંભવિત ભિન્ન અર્થો ૨૫૬, ૨૫૭
પ્રાણાદિ –નું સાત્મકતાના હેતુ તરીકે અસામર્થ્ય ૧૫૯–૧૬૮
પ્રાપણીય-અર્થ –ની પ્રદર્શિત-અર્થ સાથેની એકરૂપતા ૭
બાધક-પ્રમાણ –ની હેતુત્વનિશ્ચયમાં નિર્ણાયકતા ૨૩૬
ભાવના –નો યોગિજ્ઞાનથી ભેદ ૨૦૮
ભ્રમ –ના ઇન્દ્રિયગત પ્રકારનાં કારણો ૨૧
મનોવિજ્ઞાન : જુઓ 'માનસપ્રત્યક્ષ'.
મરણ –ના સ્વરૂપ અંગે દિગંબર અને બૌદ્ધ મતો ૧૨૯–૧૩૧
માનસપ્રત્યક્ષ ૨૨–૨૩; –ના જનક ઇન્દ્રિય-જ્ઞાનની સમનન્તરપ્રત્યયતા ૨૦૫; –નું આગમસિદ્ધત્વ ૨૫; –ને અંગે મીમાંસકોક્ત વાંધાઓનું નિરસન ૨૪; –નો પ્રવર્તનક્રમ ૨૪; –પાંચેય ઇન્દ્રિયવિજ્ઞાનોનું ૨૦૬
મિથ્યાજ્ઞાન –થી થતા અર્થસિદ્ધિના આભાસનો ખુલાસો ૨૦૩; –થી પુરુષાર્થ-સિદ્ધિની અશક્યતા ૨૦૨
યોગિજ્ઞાન ૨૬–૨૭; –નાં વિવિધ પાસાં ૨૦૮; –ની નિર્વિકલ્પકતા ૨૦, ૨૭–૨૮; –ની ભાવનાપ્રકર્ષજન્યતા ૨૦૬–૨૦૮; –નો 'ભાવના'થી ભેદ ૨૦૮
રાગાદિ –ના વચનાદિ સાથેના કાર્યકારણભાવની અસિદ્ધિ ૧૫૦
'રૂપાદિ' –નો બૌદ્ધ અર્થ ૨૪૮
લાક્ષણિક-વિરોધ : જુઓ 'પરસ્પરપરિહાર-લક્ષણ-વિરોધ'.
લિંગ –ના પ્રકારો ૪૬; –ના સ્વરૂપ અંગેના અન્ય મતોનું ખંડન ૨૧૨; –નું ત્રૈરૂપ્ય ૪૦ (જુઓ 'હેતુ' પણ.)
વક્તૃત્વ –નો સર્વજ્ઞત્વ સાથે અવિરોધ ૧૩૯–૧૪૦, ૧૪૯
વક્તૃદોષ –હેતુદોષ તરીકે ૨૪૭
વચન –નાં કલ્પિત અને વાસ્તવિક કારણોની ભિન્નતા ૧૨૫
વચનાદિ –ના રાગાદિ સાથેના કાર્યકારણ-ભાવની અસિદ્ધિ ૧૫૦
વિકલ્પ –ની પ્રમાણજન્ય વ્યવહાર માટે અનિવાર્યતા ૨૧૧; –નું અસત-ગ્રાહીપણું ૨૧૧
વિજ્ઞાન –ની સંઘાતરૂપતા ૨૪૦-૨૪૧
વિરુદ્ધ (હેત્વાભાસ) ૧૫૧–૧૫૩
વિરુદ્ધકાર્યોપલબ્ધિ ૭૦–૭૧
વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ ૭૧–૭૩
વિરુદ્ધાવ્યભિચારી (હેત્વાભાસ) –ના દિઙ્નાગ દ્વારા ઉલ્લેખની ભૂમિકા ૧૭૧–૧૭૩; –નો અનુમાનમાં અસંભવ ૧૬૯–૧૭૧, ૧૭૩, ૨૬૦–૨૬૧
વિરોધ –ના બંને પ્રકારોની તુલના ૧૪૮, ૨૪૯–૨૫૦; –ના બે પ્રકાર ૧૪૧–૧૪૮
વિરોધાદિ (સંબંધ) –ની સિદ્ધિ માટે ભાવોની ઉપલબ્ધિ–અનુલબ્ધિની આવશ્યકતા ૮૨–૮૫
વીતરાગ –ની અદૃશ્યતા ૧૫૮–૧૫૯
વૈધર્મ્યવત્-પ્રયોગ –માં વૈધર્મ્ય કોની વચ્ચે? ૨૩૬
વ્યતિરેક –ની અન્વય સાથે એકરૂપતા ૪૩–૪૪
વ્યતિરેકકથન –ની સાથે અન્વયકથનની અનાવશ્યકતા ૧૦૯–૧૧૧
વ્યતિરેકવ્યાપ્તિ –ની અન્વયવ્યાપ્તિમાંથી સિદ્ધિની પ્રક્રિયા ૨૩૧
વ્યાપકવિરુદ્ધોપલબ્ધિ ૭૪–૭૫
વ્યાપકાનુપલબ્ધિ ૬૯–૭૦
વ્યાપ્તિ –નાં સાધક પ્રમાણો ૨૩૩; –ની સિદ્ધિ કરતી પ્રક્રિયા ૨૨૮; –ની સિદ્ધિમાં બાધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણનું મહત્ત્વ ૨૩૪
વ્યાપ્યત્વાસિદ્ધ (હેત્વાભાસ) –નો દૃષ્ટાન્તદોષમાં અંતર્ભાવ ૨૬૨
વ્યાપ્ય-વ્યાપક-ભાવ –ત્રિવિધ લિંગમાં ૨૨૮
શબ્દ –ના વિવિધ ધર્મો સાધતા હેતુપ્રયોગો ૧૩૬-૧૩૮; –ની અનિત્યતાના સાધક ત્રિવિધ સ્વભાવહેતુઓ ૯૩-૯૮; –ની અનિત્યતાની સિદ્ધિ માટેના હેતુઓ ૨૩૨-૨૩૩; –ની નિત્યતા સાધવા અપાતાં દૂષિત દૃષ્ટાંતો ૧૮૫–૧૯૦
શબ્દપ્રમાણ–નો અનુમાનમાં અંતર્ભાવ ૨૪૪
સત્કાર્યવાદ –નો ક્ષણભંગવાદથી વિરુદ્ધતા ૨૪૮
સત્પ્રતિપક્ષ (હેત્વાભાસ): જુઓ 'વિરુદ્ધાવ્યભિચારી'.
સપક્ષ –નું લક્ષણ ૪૪–૪૫
સમનન્તરપ્રત્યય ૨૩
સમ્યગ્જ્ઞાન –ના પરીક્ષ્ય-અપરીક્ષ્ય પ્રકારો ૮-૯; –ના લક્ષણની શક્યાશક્યતા ૨૦૨; –ની ઉપાદેયતા ૭; –ની દ્વિવિધતા ૧૧–૧૨; –નું પ્રયોજન ૧–૨; –નું સંગ્રાહક લક્ષણ ૨૦૧; –નું સ્વરૂપ ૫; –પુરુષાર્થના વ્યવહિત કારણ તરીકે ૮
સર્વજ્ઞ –ની અદૃશ્યતા ૧૫૮–૧૫૯
સર્વજ્ઞત્વ –થી યુક્ત વક્તાની અદૃશ્યતા ૧૩૯; –થી યુક્ત વક્તાની અનુપલબ્ધિની સંશયકારકતા ૧૩૯; –નો વક્તૃત્વ સાથે અવિરોધ ૧૩૯–૧૪૦, ૧૪૯
સહાનવસ્થાન–વિરોધ ૧૪૧–૧૪૫; –નું સાધક પ્રમાણ ૨૨૨–૨૨૩; –માની વિરોધિતાની વાસ્તવિકતા અંગે મતાંતરો ૨૫૩; –વિશિષ્ટ જન્યજનકભાવ તરીકે ૨૫૦
સાત્મકતા –ની શરીર વિષે સિદ્ધિ કરવા માટે પ્રાણાદિરૂપ હેતુની અસમર્થતા ૧૫૯–૧૬૮
સાધન : જુઓ 'હેતુ' અથવા 'લિંગ'.
સાધ્ય –ની હેતુસ્વભાવરૂપતા ૨૩૫
સાધ્યપ્રતિબંધ –ને સિદ્ધ કરનારાં પ્રમાણોનું બહુત્વ ૨૩૩
'સામાન્ય' –ના સ્વરૂપ વિષે પૈઠર હેતુપ્રયોગ ૧૭૬–૧૭૮; –ના સ્વરૂપ વિષે પૈલુકનો હેતુપ્રયોગ ૧૭૩–૧૭૬
સાંખ્યદર્શન – તીવ્ર આલોચનાના વિષય તરીકે ૨૬૩–૨૬૪
સુખદુઃખાદિ –નું પદાર્થધર્મત્વ સ્વીકારતા મતનું ખંડન ૨૫–૨૬
સ્વભાવત્વ –સાધ્ય સાધનનું પરસ્પર ૨૩૫
સ્વભાવપ્રતિબંધ –થી યુક્ત લિંગનું ત્રૈવિધ્ય ૫૯; –ના બે પ્રકાર ૧૦૯; –ને સાધનારા સંબંધો ૫૬–૫૮
સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ ૭૦
સ્વભાવવ્યવધાન (વસ્તુ અને દૃષ્ટા વચ્ચેનું) –નો દેશકાળ–વ્યવધાનમાં અંતર્ભાવ માનતા મતનું પરીક્ષણ ૨૧૭–૨૧૮
સ્વભાવહેતુ ૫૧–૫૨; –થી અપૃથક્ અન્ય ધર્મની કલ્પિત પૃથક્તા બતાવતા બે નિર્દેશ–પ્રકારો ૨૩૦; –ના આભાસી પ્રકારોનાં વિપક્ષના એકદેશ અને સર્વદેશમાં વ્યાપનાર દૃષ્ટાંતો ૨૫૬; –ના ત્રણે ય પ્રકારમાં સાધ્યના સાધન–ધર્મમાત્રાનુબંધની આવશ્યકતા ૯૮–૧૦૩; –ના 'શુદ્ધ' પ્રકારનો પ્રયોગ ૯૩-૯૪; –ના સવિશેષણ પ્રકારોનું તત્ત્વતઃ શુદ્ધ–સ્વભાવહેતુત્વ ૨૩૨; –ની ત્રૈવિધ્ય–કલ્પના પાછળનો આશય ૨૨૯; –નો 'ઉપાધિ–ભેદથી' પ્રયોગ ૯૫–૯૮; –નો 'સ્વભાવભૂતધર્મભેદથી' પ્રયોગ ૯૪–૯૫; –નો વૈધર્મ્યથી પ્રયોગ ૧૦૫–૧૦૬; –નો સાધર્મ્યથી ત્રિવિધ પ્રયોગ ૯૩–૯૮
સ્વભાવાનુપલબ્ધિ ૬૭; –ની સાથે અન્ય અનુપલબ્ધિપ્રયોગોનો તાત્ત્વિક અભેદ ૭૮–૮૦
સ્વલક્ષણ –નું સ્વરૂપ ૨૯–૩૦
સ્વસંવેદન ૨૫


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાર્થાનુમાન –થી પરાર્થાનુમાનની વિ-લક્ષણતા ૨૧૨; –નું સ્વરૂપ ૩૯; –નો પરાર્થાનુમાનથી ક્ષેત્રભેદ ૨૨૫

હેતુ –ના પક્ષધર્મત્વને સંશયકારક બનાવનાર ત્રણ પરિસ્થિતિઓ ૨૫૯; –ની ત્રૈવિધ્ય-કલ્પનાના આધાર ૫૩–૫૪; –ની પ્રાસંગિક સાધ્યતા પ્રતિવાદીની દૃષ્ટિએ ૨૪૦; –નું હેતુત્વ સ્વભાવ પ્રત્યે જ ૨૩૫

હેતુત્વ –ને માટે સાધ્ય પ્રત્યે સ્વભાવપ્રતિબંધની આવશ્યકતા ૫૪–૫૬

હેત્વાભાસ –ના ન્યાયમાન્ય અન્ય પ્રકારોની ધર્મકીર્તિને માન્ય વ્યવસ્થા ૨૬૧; –ના પ્રકારો ૧૨૭–૧૭૮; –ના પ્રકારોનો લિંગત્રૈરૂપ્ય સાથે સંબંધ ૪૧–૪૩; –નું સ્વરૂપ ૧૨૭-૧૨૮


## (૨) શબ્દાર્થો

(મૂળ, ટીકા તથા ટિપ્પણમાંના)


अङ्ग २४१
अनुमान १३
अनुमेय ४४,२१२–२१३
आग्रह १९४
आश्रयण २४९
इन्द्रियज्ञान २०५
उपलब्धिलक्षणप्राप्त २१४
उपाधि २३१
कृतक ९६–९७
जाति २६४
दिगम्बर २४८
निकुञ्ज २४९
नैमित्तिक २६३
पक्ष २३८
परिग्रह १९४
प्रतीति १२२
प्रत्यक्ष १२–१३, २०२–२०३, २१८
प्रत्ययभेदभेदित्व ९७
प्रयत्नानन्तरीयक २५६, २५७
व्यभिचार १०३
सपक्ष २१३
समनन्तरप्रत्यय २०६
साध्य २१२–२१३
स्वभावप्रतिबन्ध २१५
स्वभावविरुद्ध २२१
स्वभावविशेष २१५
स्वयम् २४०
हेत्वाभास २४७


## (૩) વ્યક્તિનામો

(મૂળ તથા ટીકામાંનાં)


આચાર્ય (દિઙ્નાગ) ૧૬૯,૧૭૨
ઋષભ (– આદિ દિગંબર શાસ્તાઓ) ૧૯૦–૧૯૬
કણાદ ૧૭૬
કપિલ ૧૯૦, ૧૯૧, ૧૯૩, ૧૯૪
ગૌતમ (–આદિ ધર્મશાસ્ત્રકારો) ૧૯૨, ૧૯૩
દિઙ્નાગ ૧૫૫
મનુ (ધર્મશાસ્ત્રકાર) ૧૯૩
વર્ધમાન ૧૯૦,૧૯૧
સુગત ૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શુદ્ધિ-વૃદ્ધિ-પત્રક

( છપાઈ, ટાઇપોની મર્યાદાઓને કારણે રહેલી ભૂલો પૈકી ન સમજી શકાય તેવી ભૂલો જ નીચે સમાવી છે. કેટલીક ભૂલો પ્રૂફવાચન દરમિયાન છૂટી ગયેલી હોય તેવી છે. ગ્રંથની ઉપયોગિતા જળવાઈ રહે તે માટે યાદીને લાંબી થતી રોકી નથી. **ખૂબ મહત્ત્વની ભૂલો * એ નિશાની દ્વારા બતાવી છે.** )

## ન્યાયબિંદુ : સમાલોચના

( પૃષ્ઠ, પંક્તિ, શુદ્ધ પાઠ – એ ક્રમે )

૨૪–૬ – ન્યાયનો; ૨૬–૨૧ – ઉપનિષદ્‌નો; ૩૧–૧૬ – દષ્ટિગોચર; ૩૨–૯ – ગ્રાહ્ય; ૩૩–૧૬ – અભાવવ્યવહારયોગ્યતાને; ૩૪–૧૨ – તેને આધારે; ૩૫–૨૮ – ન થઈ શકે; ૩૯–૧૮ – Vinitadeva's

## ન્યાયબિંદુ : મૂળ અને અનુવાદ

( અંગ્રેજી આંકડા પરિચ્છેદ સૂચવે છે. A = મૂળ સંસ્કૃત, B = અનુવાદ. પંક્તિ પરિચ્છેદની સમજવી. )

| પૃ૦/પરિચ્છેદ | પંક્તિ-ક્ર૦ | શુદ્ધ |
|---|---|---|
| ૧/શીર્ષક | ૧ | શબ્દો ભેગા |
| ૧/1A | ૧ | प्रकरणस्या° |
| ૨/5A | ૩ | वक्तुः |
| ૪/93 | ૯ | ગમ્મત |
| ૬/૧૬A | ૩ | प्राप्तुम° |
| ૭/20A | ૩ | कालान्तर° |
| ૮/21B | ૪ | જ કાળનો પ્રાપ્ત |
| ૮/23B | ૧ | એ સમાસના |
| ૧૧/અવતરણિકા B | ૨ | સમ્યગ્જ્ઞાનની |
| ૧૧–૧૨/સૂત્ર ૨ | – | મૂળ અને અનુવાદ બંનેમાં પરિ૦ ક્ર૦ 1 અને 2 આપો. |
| ૧૨/2A ( સૂત્ર ૩ ) | ૧ | प्रवृत्तिनिमित्तम् |
| ૧૫/8A | ૨ | वृक्षस्तेन |
| ૧૫/8A | ૩ | नावाप्यते |
| ૧૭/3A | ૩ | भवत्येव |
| ૧૮/5A | ૨ | प्रत्यवमृशति |
| ૨૦/9B | ૧ | વાકૃછલવાળી |
| ૨૨/સૂત્ર ૮ | – | મૂળ અને અનુવાદમાં પરિ૦ક્ર૦ 1 આપો. |
| ૨૩/4A | ૧ | अनन्तरश्चासा – व्यवहितत्वेन, स चासौ प्रत्ययश्च हेतुत्वात् |

| પૃ૦/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|
| ૨૫/3A | ૨ | शक्यं |
| ૨૬/3B | ૪ | થતું |
| ,, | ૧૫ | જ્ઞાનરૂપ |
| ૨૮/સૂત્ર ૧૨ની અવતરણિકા B | ૧ | આમ |
| * ૨૯/3B | ૭ | અધ્યવસેય |
| ૩૨/2A (સૂ૦૧૬) | ૩ | ज्ञानप्रतिभासस्य |
| ૩૨/1A ( ,, ૧૭) | ૧ | सर्वनाम्नो |
| ૩૨/1B ( ,, ,, ) | ૧ | ग्राह्य |
| ૩૫/3B | ૨ | નથી. |
| * ૩૬/6B | ૨ | વ્યવસ્થાપક |
| * ૩૭/9B | ૪–૫ | કાટખૂણિયા કૌંસને બદલે ગોળ કૌંસ |
| ૩૭/10A | ૧ | °मादर्शयति |
| ૩૭/10B | ૩ | અધ્યવસાય-સહિતનું |
| ૪૧/1B | પૃષ્ઠારંભથી ૧૬ | લિંગને |
| * ૪૨/2B | પૃષ્ઠારંભથી ૩–૪ | 'અસાધારણ અનૈકાન્તિક' |
| ૪૩/5B | શીર્ષક | એકરૂપતા |
| ૪૪/6B | ૪ | સંબંધવાળો |
| ૪૪/સૂત્ર ૭A | ૧ | समानोऽर्थः |
| ૪૫/2B | ૪ | કરવાનો) |
| * ૪૯/7B | ૧ | 7. |
| ૫૧/2B | પૃષ્ઠારંભથી ૭ | વૈકલ્યવાળા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃ૦/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|
| ૫૧/1B | ૮ | કલો |
| ૫૪/સૂ૦ ૧૯B | ૧ | [ તેમાંથી |
| ૫૪/3A | ૨ | गमकत्वम् |
| ૫૪/સૂ૦ ૨૦A | ૧ | तदप्रतिबद्धस्य |
| ૫૫/1A | ૨–૩ | °प्रतिबन्धविषयस्या० |
| ૫૬/2B | ૭ | પ્રયત્નસાધ્યતારૂપ |
| *૫૭/1B | ૫ | થયું. |
| ૫૯/સૂ૦ ૨૬ની અવતરણિકાA | ૧ | कस्माद्भवतीत्याह |
| *૬૦/સૂ૦ ૨૭ B | ૧ | 'અને' વચ્ચેથી કાઢી વાક્યારંભે મૂકો. |
| ૬૦/1A | ૩ | ० ष्वित्यादि |
| ૬૦/1B | ૫ | 'અને' દૂર કરો. |
| ૬૧/4B | ૩ | ० નિવૃત્તિરૂપ |
| ૬૧/3B (સૂ૦ ૨૮) | ૧ | પ્રતિપત્તૃ૦ |
| ,, ,, | ૨ | અનુપલબ્ધિનો |
| ,, ,, | ૪ | ને એથી |
| ૬૨/5B | ૨ | નિર્ણીત |
| ૬૩/7B | ૬ | [ અતીતત્વાદિ ] |
| ૬૪/9B | ૧ | અભ્રષ્ટ. |
| ,, ,, | ૩ | સ્મૃતિસંસ્કાર અમૂઢ |
| ૬૪/9B | પૃષ્ઠારંભથી ૨ | ભૂતકાળમાં ઘટ–રહિત ભૂતલ-માત્રનું |
| ૬૪/10A | ૩ | अनागताया |
| ૬૪/11A | ૧ | व्यापार |
| ૬૮/4A | ૧ | ०ग्रहोपरि० |
| ,, ,, | ૨ | चालोक° |
| ૬૮/4B | ૪ | [ સૌત્રાન્તિકો |
| ૭૦/સૂ૦ ૩૪B | ૧ | પ્રકાર ] |
| ૭૦/2B (સૂ૦ ૩૪) | ૧ | પ્રયોજાય. |
| ૭૧/4A | ૧ | सर्वोऽ° |
| ૭૧/સૂ૦ ૩૬B | ૨ | હેત્વન્તરની |

| પૃ૦/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|
| ૭૧/2A | ૨ | 'भूतस्यापि भावस्य' |
| ૭૧/2B | ૨ | સાધ્ય |
| ૭૨/4B | ૩ | ભાવિત્વથી |
| ૭૨/5B | ૩ | પર્યાયરૂપ |
| ,, ,, | ૪ | અપેક્ષારૂપ |
| ૭૨/6B | ૫૫ | પરિહારથી |
| ,, ,, | ૭ | સંભવિત |
| ૭૪/1B (સૂ૦ ૩૮) | ૧ | તેનાથી |
| ૭૬/1B | ૬ | સૂચવવા |
| ૭૫,૭૭,૭૯ | પેજફિગર | સ્વાર્થાનુમાન (અન્યત્ર પણ) |
| ૮૧/૧B | ૫ | કારણવાચકની |
| ૮૮ | પેજફિગર | ન્યાયબિન્દુ |
| ૮૯થી ૯૬ | ,, | 'ન્યાયબિન્દુ' અને 'તૃતીય પરિચ્છેદ : પરાર્થાનુમાન' નાં સ્થાન અદલબદલ કરો. |
| ૯૦/1A | ૧ | नानयोरर्थत |
| *૯૧/સૂ૦૮B | ૩ | પ્રદેશ– |
| ૯૨/1A | ૩ | सोऽसद् |
| ૯૩/4B | પૃષ્ઠારંભથી ૨ | સ્થળોએ |
| *૯૪/1B (સૂ૦૯) | ૭ | પ્રકારે સત્ત્વ |
| ૯૪/સૂ૦ ૧૦A | ૧ | यदुत्पत्तिमत्तदनित्यमिति |
| ૯૫/3B | ૫ | પ્રયોગ. |
| ૯૬/3B પૃષ્ઠારંભથી (સૂ૦ ૧૧) | ૧ | એવો |
| ૯૭/3A (સૂ૦૧૨) | ૧ | हेतुभिरित्येतत् |
| ૯૭/1A | ૧ | कृतकशब्द: |
| ''/3A (સૂ૦ ૧૩) | ૧ | प्रयुक्त: । |
| ૯૮/સૂ૦ ૧૫ અવતરણિકાA | ૨ | दर्शयितुमाह |
| ૧૦૦/સૂ૦ ૨૭ અવતરણિકાA | ૧ | साध्ये |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|
| ૧૦૦/13 (સૂ૦ ૧૭) | ૧ | બનાવાય |
| ૧૦૧/સૂ૦ ૧૮B | ૧ | હોય છે; |
| ૧૦૧/1B | ૧ | વસ્તુતઃ |
| ,, ,, | ૪ | સાધ્યભૂત |
| ,, ,, | ૫ | ફલિત |
| * ૧૦૨/2B | ૫ | અભાવ. |
| * ૧૦૪/1B (સૂ૦ ૨૨) | ૧ | કાર્યહેતુમાં પણ. |
| * ૧૦૫/2B | ૩ | તારવી છે : |
| * ,, ,, | ૯ | સાધ્યાભાવ |
| * ૧૦૬/2B | ૨ | [ અત્રે કહેવાયેલી વ્યાપ્તિના ] |
| ૧૦૬/1A (સૂ૦ ૨૫) | ૨ | बहूल्यभावस्याभावे |
| * ૧૦૭/1B (સૂ૦ ૨૬) | ૨ | 'અને તેના અંગ-રૂપી'ને બદલે 'અર્થાત્' મૂકો. |
| ૧૦૭/1A (સૂ૦ ૨૭) | ૧ | तस्मिन् |
| ઉપર મુજબ | ૨ | ०द्वस्यता |
| * ૧૦૮/1B (સૂ૦ ૨૯) | ૨ | હેત્વભાવ [ની |
| ઉપર મુજબ | ૪ | સંભવ |
| ૧૦૯/સૂ૦ ૩૨B | ૨ | પ્રતિબંધનો |
| * ૧૧૦/2B | ૪ | વચ્ચેનો] |
| * ૧૧૧/1B | ૫ | કહેવાયો છે. 'તે... |
| ૧૧૨/સૂ૦ ૩૪A | ૧ | प्रयोगयो° |
| ૧૧૨/1B (સૂ૦૩૪) | ૪ | સાધ્ય હોવાની |
| * ૧૧૨/સૂ૦ ૩૫ની અવતરણિકાB | ૧ | [ ઉદાહરણ |
| * ૧૧૬/1B (સૂ૦ ૪૧) | ૩ | શબ્દ વિષે. |
| ૧૧૭/સૂ૦ ૪૪A | ૧ | तच्छास्त्रकारेण |
| ૧૧૯ | પૃષ્ઠસંખ્યા | ૧૧૯ |
| ૧૨૦/2A | ૪ | पारार्थ्य° |
| ૧૨૧/5A | ૨ | साध्यमित्युक्तम् |
| * ૧૨૧/2B | ૪ | (૪૮) |

| પૃ૦/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|
| ૧૨૪/2A | ૨ | °जमनुमानं |
| ૧૨૫/5B | – | 5 A પહેલાનું શીર્ષક 5B પહેલાં મૂકો. તેમાં 'સ્વવચન-વિરોધિતાની' એમ શબ્દ છે. |
| ૧૨૫/6B | ૬ | અભિપ્રાયકાર્યત્વ |
| ૧૨૬/8A | ૧ | स्वाभिप्राय-निवेदनाय |
| ,, ,, | ,, | बाह्यसत्त्व. प्रतिपादनाय |
| * ૧૨૬/8B | ૧ | 'ઔંસનો શબ્દ રદ. |
| ૧૨૮/2A | ૧ | [३.१] |
| ,, ,, | ૨ | अपिशब्दा- |
| * ,,/2B | ૬ | હોય તે. |
| * ૧૩૪/1B (સૂ૦ ૬૪) | ૧ | કેકારવના. |
| ૧૩૭/5A | ૩ | दूघटपरमाणु° |
| * ૧૩૮/1B (સૂ૦ ૬૯) | ૧ | વિવક્ષિત અર્થાત્ |
| * ૧૪૧/ સૂ૦ ૭૩ની અવતરણિકાB | ૧ | ઉત્તરમાં પહેલાં |
| ૧૪૨/5A | ૨ | °मसमर्थ° जनयति। |
| ૧૪૩/8A | ૨ | बहूनां |
| ૧૪૪/10B | ૩ | સ્થિત] વિરોધ. |
| * ૧૪૮/9A | ૨ | सहानवस्थान-विरोधः |
| * ૧૪૯/સૂ૦ ૭૭ની અવતરણિકાB | ૨ | 'તેમાં' શબ્દ રદ. |
| * ૧૫૪/સૂ૦ ૮૬ ની અવતરણિકાB | ૨ | '[આ બંને]' એ ભાગ રદ. |
| ૧૫૫/1A | ૨ | तदिष्टासंहत-पारार्थ्यम् |
| ૧૫૫/2A (સૂ૦ ૮૮) | ૨ | यस्माद्यो |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃ૦/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|
| ૧૫૯/સૂ૦ ૯૭A | ૧ | °नरत्वादिति |
| * ૧૬૧/7B | ૨ | હોય તો, કાં તો |
| * ,, ,, | ૨–૩ | '[કહેવાતો] એવો તે હેતુ' એટલું રદ કરો. |
| ૧૬૨/1A (સૂ૦ ૧૦૦) | ૩ | वृत्ति° |
| *૧૬૫/સૂ૦ ૧૦૫ની અવતરણિકાB | ૧ | આરંભમાં '[' ઉમેરો. |
| ,, ,, | ૫ | નિશ્ચય |
| *૧૬૯/સૂ૦ ૧૧૦B | ૧ | 'विरुद्धाव्यभि-ચારી' (સર્વત્ર આ રૂપે જ શબ્દ જોઇએ.) |
| *૧૬૯/1A (સૂ૦ ૧૧૦) | ૩ | विरूद्धाव्यभिचारी |
| ૧૬૯/1B (સૂ૦ ૧૧૦) | ૨ | સ્વરૂપ |
| *૧૭૨/3B | ૩ | પ્રત્યક્ષ કે [યથાર્થ] |
| ૧૭૩/2A | ૧ | येषां |
| ૧૭૪/સૂ૦ ૧૧૭B | ૨ | સર્વદેશાવસ્થિત |
| *૧૭૪/2A | ૧ | सर्वैः स्वैः |
| ૧૭૫/સૂ૦ ૧૧૮A | ૧ | तत्संबन्धि° |
| *૧૭૫/1B | ૨ | ગુણ, ક્રિયા]ની |
| * ,, ,, | ૫ | 'સ્વભાવ' પછી '(તેનું પોતાનું અસ્તિત્વ)' એટલું ઉમેરો. |
| ૧૭૭/સૂ૦ ૧૨૦ની અવતરણિકાB | ૧ | પૈઠર |
| ૧૭૭/3A | ૨ | व्यक्त्यन्तरेषु |
| ૧૭૯/4A | ૧ | वक्तव्यमेवे° |
| * ,, /4B | ૪ | છેલ્લે ઉમેરો : 'ગતાર્થ' એટલે ગત (સમજાયેલો) છે અર્થ જેનો તે. |
| *૧૮૦/સૂ૦ ૧૨૨B | ૧૧ | પ્રમાણુવિષય દ્વારા ] |
| ૧૮૧/1A | ૨ | यत् सत्वं |
| ૧૮૨/6A | ૧ | °त्प्रमाणात् |
| ૮૩/9A | ૨ | यथोक्तप्रकारे इति |
| ૧૮૩/10A | ૪ | ज्ञातव्यं |
| *૧૮૪/12B | ૩ | [સાધ્ય વડે] |
| *૧૮૪/13B | ૨ | 'દૃષ્ટાંત'ને સ્થાને 'વસ્તુ' |
| * ,, ,, | ૩ | ઉપર મુજબ |
| *૧૮૫/1B (સૂ૦ ૧૨૩) | ૪ | સમર્થ ન હોય |
| ૧૮૫/1A (સૂ૦ ૧૨૪) | ૪ | द्रव्यपरिमाणं |
| ૧૮૬/3A | ૧ | साध्यम् |
| ૧૮૮/4A | છેલ્લી | °वोपयोगी । |
| ૧૮૮/4B | ૧૦ | 'પ્રમાણોના'ને બદલે 'અધિકરણોના' |
| *૧૯૨/1A | ૩ | कपिलादिः धर्मी |
| ૧૯૨/1B | ૨ | ઋક્ |
| *૧૯૭/3B (સૂ૦ ૧૩૪ | પૃષ્ઠારંભથી ૨–૩ | કાટખૂણિયા કૌંસના શબ્દોને બદલે 'સાધક પ્રમાણના' મૂકો. |
| *૧૯૮/2B | ૫ | 'પ્રકારોમાંથી'ને બદલે 'લક્ષણો-માંથી' |
| ૧૯૮/2B | ૬ | 'પ્રકારનું' શબ્દ રદ. |
| ,, ,, | ૯ | 'પ્રકારના' શબ્દ રદ. |
| ૨૦૦ | છેલ્લે | ઉમેરો : 'આ ન્યાય-બિંદુ–ટીકા સમાપ્ત થઈ'. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ન્યાયબિન્દુ : ટિપ્પણ

( અહીં 'ફકરો' જે-તે પાનાનો સમજવો. ચાલુ ફકરો પણ ગણવો. )

| પૃ૦/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|
| * ૨૦૧/૪ | ૧ | 'સૌત્રાન્તિક' પહેલાં 'કેટલાકને મતે' એમ ઉમેરો. |
| ૨૦૨/૧ ની ઉપર — | | ઉમેરી દેવા. |
| ૨૦૪/૪ | ૧ | અધ્યાત્મશાસ્ત્રમાં |
| * ૨૦૪/૫ | ૨ | નિપુણ પરીક્ષણ |
| * ૨૧૨/૪ | મથાળું | સૂત્ર ૬ |
| * ૨૧૨/૪ | ૪ | च धर्मिणि |
| * ૨૧૩,૨૧૫ | પેજફિગર | દ્વિતીય પરિચ્છેદ : સ્વાર્થાનુમાન |
| * ૨૧૫/૪ | મથાળું | સૂત્ર ૧૯ |
| * ૨૧૬/૧ | ૧૧ | પ્રતિબંધ તાદાત્મ્ય-રૂપ જ છે. ) |
| * ૨૧૬/૧ | છેલ્લે | ઉમેરો : ( જુઓ સૂત્ર ૩.૧૨૨ પરની ટિપ્પણ ) |
| ૨૧૭/૨ | ૩ | જ્ઞાન માટેના |
| ,, ,, | ,, | વૈકલ્યવાળા |
| * ૨૧૭/૨ | ૯ | ૨.૧૩માંના |
| ૨૨૦/૧ | ૨ | નિશ્ચય |
| ૨૨૧/૪ | ૪ | અધ્યાહાર |
| ૨૨૪/૨ | ૨ | મનોવ્યાપારભેદનું |
| ૨૨૪/૩ | ૧ | 'પ્રતિષેધની પ્રતીતિ' |
| * ૨૨૫/૧ | ૨,૩ | 'ની મીમાંસા' એટલું બંને માંથી રદ. |
| ૨૨૫/૨ | ૨ | व्यवहारस्यापि |
| * ૨૨૫/૪ | ૧૩ | 'મળે છે' પછી ઉમેરો : (જુઓ ૩.૮.1 પરની ટિપ્પણ.) |

| પૃ૦/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|
| * ૨૨૭/૪ | ૧ | આરંભે '2:' એમ ઉમેરો. |
| ,, ,, | ૨ | અનુમાનવાક્યના |
| ૨૨૮/૩ | ૧ | અવતરણમાં |
| ,, ,, | ૪ | –પ્રયોગોના |
| ૨૨૮/૫ | ૨ | क्वचित्सा |
| * ૨૨૯/૨ | ૯ | નિપજાવે. |
| * ૨૨૯,૨૩૧ | પેજ-ફિગર | પરાર્થાનુમાન |
| ૨૩૨/૧ | ૨ | શાસ્ત્રોક્ત૦ |
| ૨૩૫/૩ | ૨ | મળીને |
| * ૨૩૭/૨ | ૭ | એ અગાઉના |
| * ૨૪૨/૨ | ૭ | બાધિત છે. |
| ૨૪૩/૫ | ૧ | પ્રામાણ્યનો |
| * ૨૪૪/૬ | ૧ | શરૂમાં '5:' એમ ઉમેરો. |
| * ૨૪૫/૧ | ૫ | વાક્ય (ખંડ 5માં ) મૂક્યું જણાય છે : |
| ૨૪૫/૧ | ૯ | સમજવાનો |
| * ૨૪૬/૧ | ૩ | ચિત્તમાં વક્તાના |
| ૨૪૬/૨ | ૧૨ | સિદ્ધાંતનો એના |
| * ૨૪૭/૧ | ૨ | દૃષ્ટિબિંદુ. |
| * ૨૪૭/૨ | ૧ | આરંભે '2.' ઉમેરો. |
| * ૨૪૭/૪ | ૨ | આરંભે '1.' ઉમેરો. |
| ૨૪૮/૫ | ૨ | પરિણામો છે, |
| ૨૫૦/૨ | ૧ | પ્રશ્ન થાય. |
| * ૨૫૪/૧ | ૫ | स्वभावाभावाव्यभिचारि |
| ૨૫૬/૩ | ૫ | જન્મ' |
| ,, ,, | ૫ | જ છે, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃ૦/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ | પૃ૦/પરિચ્છેદ | પંક્તિ | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| * ૨૫૭/૪ | ૮ | નિશ્ચિતસાધ્ય-વાન્ એવું સપક્ષ | * ૨૫૯/૨ | ૧૨ | વ્યતિરેકાભાવવાળો |
| * ૨૫૭/૪ | ૯ | વિપક્ષાસત્ત્વ | ૨૬૧/૪ | ૨ | વાક્યમાંનો ત્રીજો |
| * ૨૫૮/૩ | ૨ | ઘટાવીને 'પક્ષમાં | ,,/૫ | ૨ | સામાન્યપ્રતીતિ |
| * ૨૫૮/૩ | ૪ | સંશય થાય' | * ,,/૬ | ૨ | તદનુરૂપ |
| ૨૫૯/૧ | ૨ | term | ૨૬૩/૪ | ૩ | ઇન્દ્રિયજય |
| ૨૫૯/૧ | ૪ | major | | | |
| ૨૫૯/૨ | ૧૧ | ઇષ્ટ | | | |

# વૃદ્ધિ

## (૧) પૃ૦ ૨૪૨ : સૂત્ર ૫૦ની ટિપ્પણરૂપે :

અનુમાનનિરાકૃત પક્ષની અગ્રાહ્યતાની આ વાત ચિન્ત્ય છે. જે-તે પક્ષ જે અન્ય અનુમાનથી નિરાકૃત ગણાયો હોય તે અન્ય અનુમાન પોતે સાચું છે એની શી ખાતરી ? કદાચ એવું અનુમાન અત્યંત પ્રસિદ્ધ અને સહજ રીતે ગ્રાહ્ય હોઈ તેને સાચું માનવું તેમ દલીલ થઈ શકે. પણ આ દલીલ નબળી લાગે છે. જે પક્ષને અત્રે આપણે નિરાકૃત ગણીએ છીએ તે પણ એક અનુમાનથી પુષ્ટ હોય છે, આમ બે અનુમાનો સામસામે છે, કોને સાચું ગણવું ? તો નૈયાયિકોનો 'સત્પ્રતિપક્ષ' અર્થાત્ દિઙ્.નાગોક્ત 'વિરુદ્ધાવ્યભિચારી' હેત્વાભાસ ઊભો થયો ગણાય. એટલે પક્ષ એ અનુમાનનિરાકૃત ન હોવો જોઇએ એ આગ્રહ જતો કરવાનું વધુ ન્યાય્ય લાગે છે. હા, એવા પક્ષને હેતુના ત્રૈરૂપ્યની કસોટીથી નબળો ઠેરવી શકાય છે. એટલે એવા પક્ષને પહેલેથી જ રોકી દેવા પાછળ કોઇ ન્યાય લાગતો નથી. આ ઊંડા ઊતરવા જેવી બાબત છે.

## (૨) પૃ૦ ૨૬૧ : સૂત્ર ૧૨૨ની ટિપ્પણરૂપે :

આ સૂત્રની ટીકામાં 'દષ્ટાન્ત' માટે ધર્મોત્તર દ્વારા પ્રાયઃ 'પ્રમાણ' શબ્દ વાપરવામાં આવ્યો છે. પણ ચુસ્ત રીતે તો ધર્મોત્તર દષ્ટાન્તને 'પ્રમાણવિષય' તરીકે ઓળખાવે છે, તેથી અહીં 'પ્રમાણ' શબ્દ 'પ્રમાણવિષય' અર્થમાં જ એમને અભિપ્રેત હશે તેમ માની શકાય. (જુઓ ૩. ૮.2 પરની ટિપ્પણ પૃ૦ ૨૨૮.)

## (૩) પૃ૦ ૨૬૨ : સૂ૦ ૧૨૬ : 6ની ટિપ્પણ

જુઓ પૃ૦ ૧૮૨ પરની ટિપ્પણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org